# આગમસાર



-: લેખક :-

શ્રી રસિકલાલ છગનલાલ શેઠ B.Com.

# આગમસાર



-: લેખક :-

શ્રી રસિકલાલ છગનલાલ શેઠ B.Com.

ગ્રંથમાળા–માતુશ્રી ડાહીબાઈ ગ્રંથમાળા પુષ્પ–૧૨
પ્રકાશક : નટવરલાલ છગનલાલ શેઠ
છગનલાલ ચતુરભાઈ શેઠ પરિવાર વતી.
અંબિકા નિવાસ, કરણસીંહજી રોડ, રાજકોટ–૧
(૨) વીરવાણી પ્રકાશન કેન્દ્ર
C/o નંદલાલ તારાચંદ વોરા
B–૪૫/૪૬, શાંતિનગર, ચોથા માળે.
૯૮, નેપીયન સી. રોડ, વાલકેશ્વર,
મુંબઈ–૬. (૪૦૦૦૦૬). ફોન નં. ૮૨૨ ૮૨૯૨.
પહેલી આવૃત્તિ : પ્રત ૫૦૦૦
પ્રકાશન તિથિ : વિ. સં. ૨૦૪૬, બળેવ. તા. ૬–૮–૧૯૯૦
પ્રાપ્તિસ્થાન : (૧) નિરંજન રસિકલાલ શેઠ
૩૬, સુધનલક્ષ્મી જૈન સોસાયટી નં. ૫
સુભાનપુરા, વડોદરા–૭ (૩૯૦૦૦૭).
(૨) નંદલાલ તારાચંદ વોરા(ઉપર પ્રમાણે)
(૩) રમણલાલ છગનલાલ શેઠ,
વણિક નિવાસ, કામાગલી,
ઘાટકોપર, મુંબઈ (૪૦૦૦૮૬).
(૪) શાહ ધીરજલાલ વૃજલાલ
૨૩, રિદ્ધિશ્વર સોસાયટી,
નવા વાડજ, અમદાવાદ-૧૩.(૩૮૦૦૧૩)
મૂલ્ય : રૂા. ૨૦–૦૦
મુદ્રક : જક્ષણી પ્રિન્ટર્સ એન્ડ ટ્રેડર્સ; ટે.નં. ૪૮૧૦૬૫

---

ખાસ વિનંતિ : આ ગ્રંથ જૈનધર્મશાસ્ત્રો વિષેનો છે. તેની કોઇપણ પ્રકારે આશાતના કરશો નહિ કે થવા દેશો નહિ. આ ગ્રંથના સર્વ હક્ક લેખકને સ્વાધીન છે.

---

## ધર્માનુરાગી પિતાશ્રી
## સ્વ. છગનલાલ ચતુરભાઈ શેઠ



| જન્મ | | સ્વર્ગવાસ |
|---|---|---|
| સંવત : ૧૯૪૨ | | સંવત : ૨૦૨૭ |
| વૈશાખ શુદ ૭ | | ચૈત્ર શુદ ૬ |
| ઈ. સ. ૧૮૮૬ | ને | તા. ૧-૪-૧૯૭૧ |


સમર્પણ

## વાત્સલ્યમૂર્તિ માતુશ્રી
## સ્વ. ડાહીબાઈ છગનલાલ શેઠ



| જન્મ | | સ્વર્ગવાસ |
|---|---|---|
| સંવત : ૧૯૪૭ | | સંવત : ૨૦૨૨ |
| કારતક શુદ ૧૫ | ને | માહ વદ ૧૪ |
| (કાર્તકી પૂનમ) | સમર્પણ | (મહાશિવરાત્રી) |

## નિસ્પૃહ સેવાભાવી
## સ્વ. રમણલાલ છગનલાલ શેઠ



જન્મ
ઈ. સ. ૩-૨-૧૯૨૧

સ્વર્ગવાસ
તા. ૧૩-૫-૧૯૯૦

ધર્માનુરાગી
સ્વ. નિરંજના મનોહરલાલ શેઠ



જન્મ
ઈ. સ. ૩૦-૯-૧૯૩૦

સ્વર્ગવાસ
તા. ૨-૨-૧૯૯૦
વિ. સં. ૨૦૪૬
મહા સુદ-૭

# સમર્પણ

**પરમાર્થથી**

પરમ કલ્યાણકારી મોક્ષદાયી આગમવાણીના અનુપમ પ્રરૂપક
અનંત ઉપકારી

**સર્વજ્ઞ સર્વદર્શી જિનેશ્વર ભગવંતોને**

□

**વ્યવહારથી**

અમને સહુને સારા સંસ્કાર આપનારા ધર્માનુરાગી

**પૂ. પિતાશ્રી છગનલાલ ચતુરભાઈ શેઠને**

વાત્સલ્ય મૂર્તિ

**પૂ. માતુશ્રી ડાહીબાઈ છગનલાલ શેઠને**

આપનું યત્કિંચિત ઋણ ચુકવવા

**નમ્રભાવે સમર્પણ કરીએ છીએ**

**આપનો પરિવાર**

| પુત્રો | પુત્રવધુઓ | પૌત્રો | પૌત્રીઓ |
|---|---|---|---|
| નટવરલાલ | વ્રજકુંવર | ડૉ. ભરત, ડૉ. દિપક | અનસૂયા |
| સ્વ. જયંતિલાલ | લીલાવતી | રજનીકાંત | સ્વ. પુષ્પા |
| રસિકલાલ | સ્વ. મુક્તાગૌરી | ચંદ્રકાંત | ડૉ. કુસુમ |
| સ્વ. રમણલાલ | સુશીલા | નિરંજન, નરેન્દ્ર | વીણા |
| ડૉ. મનહરલાલ | સ્વ. નિરંજના | અશોક, નીતિન | ભારતી |
| હેમતલાલ | કુમુદ | દિનેશ, શૈલેષ | રેણુકા, સુરેખા |
| **પુત્રી** | | શરદ, મનીષ | વિનોદિની |
| કમળા | | રાજુ, કેતન | ઉષ્મા |

# ઋણ સ્વીકાર

આગમસારનું સંપૂર્ણ સંકલન પૂજ્ય સાધુ સાધ્વીજીઓ સાથે કરેલા સ્વાધ્યાયને આભારી છે, પ.પૂ. ગુરૂણીમૈયા તારાબાઈમહાસતીજી લીલાવતી બાઈ મહાસતીજી (સ્વામીબા), કુસુમબાઈ મહાસતીજી આદિ મહાસતીજીઓ સાથે સ્વાધ્યાય કરવાનો જે સતત લાભ મળતો, અને તેના લીધે શાસ્ત્રોની અવગાહના કરવાનું જે થયું, તેની નોંધો મારી ડાયરીઓમાં કરતો ગયો, તે આજે આગમસાર રૂપે પરિપક્વ થઈને ફળીભૂત થયું છે, જે આપ પૂજ્ય સંત સતીજીઓના ચરણ કમળમાં યત્કિંચિંત ઋણ વાળવા રૂપે ધરૂં છું.

આગમસારના ભાવ જેમ જેમ લખાતા ગયા, તેમ તેમ ઘણા સાધુ, સાધ્વીજીના વાંચવામાં આવતા ગયા, તેમણે સહુએ આપણા બત્રીસે સૂત્રોનો સાર આ પ્રમાણે એક જ ગ્રંથમાં હજી સુધી સંકલીત થયેલો ન હોઈ, સ્વાધ્યાય અને પર્યટણા માટે ખૂબ જ ઉપયોગી આ ગ્રંથ નીવડશે, એવો અભિપ્રાય આપેલ. તે મુજબ આ ગ્રંથ ઉપયોગી નીવડશે તો મારો આ પ્રયાસ સાર્થક થશે.

બરવાળા સંપ્રદાયના વર્તમાન આચાર્યશ્રી પૂ. સરદાર મુનિએ પત્ર લખીને નીચે પ્રમાણે શુભ કામના પાઠવી છે. તે બદલ તેમનો ઘણો જ ઋણી છું :–

નમો ગુરવે ભાવનગર

શ્રીમાન ધર્મપ્રેમી સુલેખક શ્રી રસિકભાઈ શેઠ

મુ. વડોદરા

પરમ પૂજ્ય ગુરૂદેવની કૃપાથી અમે સર્વ ઠાણા આનંદમાં છીએ, **"આગમસાર"** ના પાના મળ્યા. વાંચી ખૂબજ આનંદ થયો, તમારો પ્રયાસ પ્રશંસનીય છે. વિદ્વાન સાધુ સાધ્વી તેમજ શ્રાવક શ્રાવિકાઓ પાસે આ લખાણ પ્રમાણ કરાવ્યું તેથી લખાણ વિશ્વસનીય બને છે.

આગમસાર વાંચીને ભવ્ય જીવો આત્મ-કલ્યાણના માર્ગે આગળ વધે એ જ અંતરની શુભ કામના.

**સરદાર મુનિ.**

છેલ્લા પંદરેક વર્ષમાં ઘણા શાસ્ત્રો તથા આધ્યાત્મિક ગ્રંથોનો સ્વાધ્યાય કરવાનો લાભ મળ્યો છે, તે બધા શાસ્ત્રો અને ગ્રંથોના વિદ્વાન લેખકોનો પણ ખૂબ ખૂબ ઋણી છું; અને તેમનો સહુનો આભાર માનું છું.

વડોદરા. **રસિકલાલ છગનલાલ શેઠ**

## બે બોલ

આ ગ્રંથમાં મંગલાચરણ પછી જે પૂર્વભૂમિકા દ્વાદશાંગી આદિ જિનવાણી બાબત લખી છે, તે પ્રસ્તાવના રૂપે હોઇ જુદી પ્રસ્તાવના લખી નથી. ગ્રંથનો બધો સાર તેમાં આવી જાય છે.

આગમસારના ભાવો આલેખવામાં જે કાંઈ સારું જણાય તેનું સઘળું શ્રેય જિનવાણીને જ છે, જેનો સ્વાધ્યાય વર્ષો સુધી સંત સતીજી સાથે કરીને આ ભાવ લખ્યા છે; અને કાંઈ વિપરિત લખાયું હોય તો મારી મતિમંદતાના લીધે છે, એમ સમજી જિનેશ્વર ભગવંતોની અંતરના સાચા ભાવથી ક્ષમા યાચું છું, અને અનંતા સિદ્ધ ભગવંતોની સાખે મિચ્છામિ દુક્કડમ્ લઉં છું. કોઇ ભાવ યથાર્થ ન લખાયા હોય તો તે લખી જણાવવા સુજ્ઞ વાંચકોને વિનંતી કરું છું.

વડોદરા, **રસિકલાલ છગનલાલ શેઠ**

□

# આભારદર્શન

જિનવાણીરૂપ આ અનુપમ કલ્યાણકારી ગ્રંથને શ્રી સંઘો તથા ભાવિકો તરફથી એવોજ અનુપમ સહયોગ મળ્યો છે. આ વખતની વિશેષતા એ છે કે મોટાભાગના ભાવિકોએ ઉદારતાપૂર્વક રકમ મોકલાવીને ૫–૧૦ ગ્રંથ મોકલવાનું જ લખ્યું છે. એ આ મહાનુભાવોની આગમ પ્રત્યેની ભક્તિ બતાવે છે. આવા ઉદારદીલ દાતાઓના નામ નીચે પ્રમાણે છે તે સહુનો ખૂબ આભાર માનું છું.

લેખક શ્રી રસિકલાલ છગનલાલ શેઠની પ્રેરણાથી :–

રૂા. ૨૦૦૦૦ શ્રી છગનલાલ ચતુરભાઈ શેઠ પરિવાર તરફથી. તેમના પિતાશ્રી અને માતુશ્રીના સ્મરણાર્થે

૨૫૦૦ ” સુશીલાબેન હરીભાઈ કોઠારી–મદ્રાસ
૧૫૦૦ ” મધુકરભાઈ મહેતા –બેંગલોર
૧૫૦૦ ” કાંતીલાલ જાદવજી ગાંધી હસ્તે–જમશેદપુર
૫૦૦ શ્રી દશાશ્રીમાળી સ્થા. જૈન સંઘ ”
૫૦૦ ” પ્રફુલ્લભાઈ કામાણી ”
૫૦૦ ” કાંતીલાલ જાદવજી ગાંધી ”
૧૦૦૦ ” કાંતીલાલ સુખલાલ શાહ –મુંબઈ
૧૦૦૦ ” પુષ્કરભાઈ એમ. શાહ –વડોદરા
૧૦૦૦ ” હીંમતભાઈ સામળદાસ શાહ–અમદાવાદ
૧૦૦૦ સ્વ. જયાબેન મંગળદાસ શાહ –સુરેન્દ્રનગર
૧૦૦૦ શ્રી હર્ષકાંતભાઈ એસ. મહેતા –મદ્રાસ
૫૦૦ ” સ્થાનકવાસી જૈન સંઘ –બેંગલોર
૫૦૦ ” બળવંતભાઈ માવાણી –મદ્રાસ
૨૫૧ ” પી. એ. શાહ –વડોદરા
૨૧૦ ” શરદ મહિલા મંડળ હ. સવિતાબેન ખંભાત
૧૫૧ ” ધારેન્દ્ર પી. શાહ –વડોદરા

આગમસાર માટે ઉપરોક્ત રકમો મળવા ઉપરાંત જિનવાણીના પ્રસાર માટે નીચે પ્રમાણે રકમો મળી છે, તે બદલ આ મહાનુભાવોનો પણ આભાર માનું છું.

૨૦૦૦ શ્રી. સજ્જન ભણશાલી એન્ટવર્પ
૧૦૦૦ શ્રી. શશીકાંતભાઈ ફીરચંદ મહેતા રાજકોટ
૧૦૦૦ સ્વ. શ્રી. મોહનલાલ પ્રાગજી કોઠારીના
સ્મરણાર્થે હ. કુમુદચંદ્ર મોહનલાલ કોઠારી—રાજકોટ
૫૦૦ સ્વ. શ્રી. રમણલાલ છગનલાલ શેઠના સ્મરણાર્થે
હ. અશોક રમણલાલ શેઠ ઘાટકોપર—મુંબઈ.

☐

## શ્રી નંદલાલ તારાચંદ વોરા હસ્તક અગાઉથી નોંધાયેલા ભાવિક ગ્રાહકો :—

| પુસ્તક | ભાવિકોના શુભ નામ |
|---|---|
| ૨૫૦ | ,, ભાનુભાઈ કે. ભણસાળી, વાલકેશ્વર, મુંબઈ |
| ૧૫૦ | ,, વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ—માટુંગા ,, |
| ૧૦૧ | ,, પ્રાણ મહિલામંડળ હા. પ્રીતીબેન બાવીસી આકોલા |
| ૧૨૫ | ,, વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, સાયન મુંબઈ |
| | ૧૦૦ વાડીલાલ મોહનલાલ શાહ ,, |
| | ૨૫ શાંતિલાલ દેવજી નંદુ ,, |
| ૧૦૦ | શ્રી નંદલાલ તારાચંદ વોરા—વાલકેશ્વર ,, |
| ૧૦૦ | ,, "જયજીનેન્દ્ર" હા. શ્રી જસુભાઈ વોરા ,, |
| ૧૦૦ | ,, જસવંતલાલ શાંતિલાલ શાહ, સાયન ,, |
| ૧૦૦ | ,, ઝવેરબેન ડુંગરસી વોરા (અમર સન્સ) ,, |
| ૧૦૦ | ,, વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ—વાલકેશ્વર ,, |

૧૦૦ ,, સાવરકુંડલા જૈન વિદ્યાર્થી મુંબઈ
મંડળ–વાલકેશ્વર હા. કાન્તીભાઈ
૧૦૦ ,, નવનીતભાઈ ચુનીલાલ પટેલ
પાર્શ્વનાથ કોરપોરેશન અમદાવાદ
૧૦૦ ,, નારણપુરા સ્થા. જૈન સંઘ પ્રત : ૫૦ ,,
,, બળદેવભાઈ પટેલ. ,, ૫૦ ,,
૧૦૦ ,, ચંપકનગર સ્થા. જૈન સંઘ નવા વાડજ ,,
૧૦૦ ,, ચંદ્રકાંત રતીલાલ બેંકર સીકંદ્રાબાદ
૧૦૦ ,, વર્ધમાન સ્થા. જૈન સંઘ કાંદાવાડી મુંબઈ
૭૫ ,, શેઠ નાનજી ડુંગરશી સ્થા. જૈન સંઘ લીંબડી
૭૫ ,, કોચીન સ્થાનકવાસી જૈન સંઘ કોચીન
૫૧ શ્રી ધીરેન્દ્ર પ્રેમજી સાંગોઈ C. A. માટુંગા મુંબઈ
૫૦ ,, શાંતાબેન જયંતિલાલ ચંદુલાલ મહેતા ,,
વરસીતપ પારણાના શુભ પ્રસંગે
૫૦ ,, ઘાટકોપર સ્થા. જૈન શ્રાવક સંઘ હીંગવાલા લેન મુંબઈ
૫૦ ,, વર્ધમાન ,, ,, આગ્રારોડ,ઘાટકોપર(વેસ્ટ) મુંબઈ
૫૦ ,, વર્ધમાન ,, ,, ,, વીલેપાર્લા ,,
૫૦ ,, વર્ધમાન ,, ,, ,, કાંદીવલી ,,
૫૦ ,, એક સદ્‌ગૃહસ્થ વાડીભાઈ ગોસલીયા,વાલકેશ્વર ,,
૫૦ ,, મોહનલાલ ધનજીભાઈ શાહ ,, ,,
૫૦ ,, કંચનબહેન શાંતિલાલ શાહ ,, ,,
૫૦ ,, લલીતભાઈ ધાનેરાવાળા ,, ,,
૫૦ ,, હસમુખભાઈ શેઠ કલોલવાળા ,, ,,
૫૦ ,, તારાબહેન કાળીદાસ મહેતા, પાલનપુરવાળા ,,
૫૦ ,, રતીલાલ ઓધવજી ગોહિલ, ઘાટકોપર ,,
(પૂજ્ય શ્રી ભાવચંદ્રજી મ. સાહેબની પ્રેરણાથી)

૫૦ ,, ગીરજાશંકર ખીમચંદ શેઠ મુંબઈ
૫૦ ,, મણીભાઈ શામજી વીરાણી, વાલકેશ્વર ,,
૫૦ શ્રી કાંતીલાલ લક્ષ્મીચંદ વોરા, વાલકેશ્વર મુંબઈ
સ્વ. શ્રી. લક્ષ્મીચંદ ચતુરભાઈ વોરાના
સ્મરણાર્થે ,, ,,
૫૦ ,, પ્રવીણભાઈ પ્રાણલાલ મહેતા ,,
૫૦ ,, ધનવંતભાઈ અજમેરા ,,
૫૦ ,, વૃજલાલ નંદલાલ કુંભાણી જેતપુરવાળા, માટુંગા ,,
૫૦ ,, મંગળાબેન અમુલખ શાહ ,,
૭૦ શ્રી નાગપુર સંઘના ભાઈ–બહેનો ,,
હા. પાનાચંદ પોપટલાલ ગોસળીયા નાગપુર
૫૦ ,, વલ્લભદાસ ડાઘા (સુધર્મ પ્રચાર મંડળ) જોધપુર
૨૫ ,, પ્રતાપભાઈ નાનાલાલ ટોળીયા ઘાટકોપર મુંબઈ
૨૫ ,, ભવાનજી વેલસી શાહ (કચ્છ–ગુંદાળા) મલાડ મુંબઈ
૨૫ ,, એસ. કે ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ ,,
હા. વૃજલાલ કપુરચંદ ગાંધી ઘાટકોપર ,,
૨૫ ,, હરખચંદભાઈ છેડા વાલકેશ્વર ,,
૨૫ ,, કે. કે. સંઘવી ,, ,,
૨૫ શ્રીમતિ સુશીલાબેન ચંદ્રકાંત મહેતા વાલકેશ્વર, ,,
૨૫ ,, વસુબેન સુરેશચંદ્ર ભણશાલી પાલનપુરવાળા ,,
૨૫ ,, મધુબેન ઇંદુલાલ ખાટડીયા વાલકેશ્વર ,,
૨૫ ,, ઉમાબેન ભૂપેન્દ્રભાઇ મહેતા ,, ,,
૨૫ ,, પૂર્ણિમાબેન પ્રમોદભાઇ મહેતા ,, ,,
૨૫ ,, ઇંદીરાબેન અમીભાઇ ,, ,,
૨૫ ,, ગાંગબાઇ માવજી (કચ્છ–બીદડાવાળા) ,,
૨૫ સ્વ. લાભકુંવરબેન મગનલાલ સુંદરજી વોરાના
સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી અમરાવતી

૨૫ એક સદ્દગૃહસ્થ–સ્વ. શ્રી નગીનભાઇ
બખાઇના સ્મરણાર્થે હ. કાંતીભાઇ મુંબઇ
૨૫ " વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ "
૨૫ શ્રી કાંદાવાડી ઉપાશ્રયના ભાઇબહેનો
હા. રમણીકલાલ તલસાણીયા મુંબઇ
૨૫ સ્વ. શાંતાબેન વસંતલાલ પારેખના સ્મરણાર્થે "
તેમના પરિવાર તરફથી મુલુંદ
૨૫ શ્રી પ્રીતમલાલ મોહનલાલ દફતરી "
૨૫ " રવીચંદભાઇ સુખલાલ શાહ દાદર "
૨૫ " પ્રેમજી હીરજી ગાલા (કચ્છ કોડાગરા) "
૧૦ " ઇન્ડીયન નેશનલ સ્ટોર્સ
હ. પ્રાગજીભાઇ માટુંગા મુંબઇ
૧૦ " નેમજી કરમસી ગંગર દહીંસર
૫ " ધીરજલાલ એલ. કોઠારી એડવોકેટ રાજકોટ
૬૦ સ્વ. શીવજી માણેક બેદા, કચ્છ
બેરાજાવાળાના સ્મરણાર્થે હા. ઉમરશીભાઈ
ધનાણી–વડાલા મુંબઈ
૫૦ શ્રી, ડૉ. અમુભાઇ ચુનીભાઈ મહેતા
જુનાગઢ નિવાસી સ્વ. ડૉ. ચુનીભાઈ
વાલજીભાઇ મહેતા તથા સ્વ. લીલાવતીબેન
ચુનીભાઇ મહેતાના સ્મરણાર્થે હા. અ.સૌ.
પ્રજ્ઞાબેન મહેતા તથા ડૉ. અમુભાઇ મહેતા જુનાગઢ
શ્રી કલાવતી બહેન શાંતિલાલ મહેતા હસ્તક :–
૩૫૦ સ્વ. ભાણજીભાઈ ગેલાભાઈ ગામ કારાઘોઘા–કચ્છ
૧૫૦ ,, રવજી ગેલાભાઈ " " ".
૨૦૦ ,, પાનબાઈ શામજી છેડા, ,, ભુજપુર ,,
૨૫૦ ,, પાલણ મુરજી ,, બેરાજા ,,

૨૫ શ્રી સ્થા. જૈન સંઘ આંબાવાડી અમદાવાદ
૨૫ ,, વર્ધમાન સ્થા. જૈન સંઘ વાસણા ,,
૨૫ ,, ધનકુમારભાઈ ભોગીલાલ શાહ પાલડી ,,

આ ગ્રંથનું સંપૂર્ણ લખાણ તપાસી જઈને સુચનો કરવા બદલ શાસ્ત્રજ્ઞ શ્રી હીરાલાલ મોહનલાલ તુરખીયાનો ખાસ આભાર માનું છું.

દરેક ગ્રંથની જેમ આ ગ્રંથના પ્રકાશનમાં શ્રી નંદલાલ તારાચંદ વોરા, મુંબઈ, તથા શ્રી ધીરજલાલ વૃજલાલ શાહે, પ્રમુખ શ્રી ચંપકનગર સ્થા. જૈનસંઘ, નવા વાડજ, અમદાવાદ, તન, મન, ધનથી ઘણો સહકાર આપીને આગમભક્તિ બતાવી છે. તે બદલ તેમનો આભાર માનું તેટલો ઓછો છે.

ગ્રંથનું પ્રકાશન ઝડપી અને સુઘડ થાય તે હેતુથી શ્રી ધીરૂભાઈ દર વખતે અમદાવાદ તેડાવીને, સાધર્મિકભક્તિનો લાભ લે છે, અને તેમના શ્રીમતિ લકવાની બીમારીથી વર્ષોથી પથારીવશ હોવા છતાં ખૂબ વાત્સલ્યભાવથી સંભાળ રાખે છે, અને તેમની સુપુત્રી ચિ. કોકિલા ઘર કરતાં પણ વિશેષ સગવડ સાચવે છે, તે બદલ તેમનો સહુનો આભાર માનું છું.

આ ગ્રંથનું પ્રકાશન ખૂબ ઝડપથી, છતાં અતિ સુઘડતાથી કરી દેવા બદલ શ્રી જગદીશભાઈ શાહનો તથા જક્ષણી પ્રિન્ટર્સ એન્ડ ટ્રેડર્સના સર્વ ભાઈઓનો પણ ખૂબ આભાર માનું છું.

તદુપરાંત જેમણે પણ આ મહાકલ્યાણકારી ગ્રંથના પ્રકાશનમાં જે કોઇ પણ રીતે સહકાર આપ્યો હોય તે સર્વનો આભાર માનું છું.

વડોદરા, **રસિકલાલ છગનલાલ શેઠ**

□

# આગમસારની અનુક્રમણિકા

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગ્રંથનું નામ–**આગમસાર** | ૧ |
| માતુશ્રી ડાહીબાઈ ગ્રંથમાળા–ગ્રંથ ૧૨ મો | ૨ |
| સમર્પણ–પૂ.પિતાશ્રી તથા માતુશ્રીને | ૩ |
| ઋણ સ્વીકાર | ૪ |
| લેખકના બે–બોલ–પ્રસ્તાવના | ૫ |
| આભાર દર્શન | ૬ |
| અનુક્રમણિકા | ૧૨ |
| લેખકના અન્ય પુસ્તકો | ૧૫ |
| શુદ્ધિપત્રક | ૧૬ |
| **અનુક્રમણિકા** | |
| મંગલાચરણ | ૧ |
| આગમસાર–પૂર્વભૂમિકા | ૪ |
| –વીતરાગ સાચા છે. | ૪ |
| –સાચી છે જિનવાણી | ૯ |
| –આગમની વ્યુત્પત્તિ | ૧૪ |
| –આગમના વિભાગ–નામ | ૧૫ |
| –આગમનો હેતુ–જીવદયા | ૨૧ |
| –આગમની ભાષા–અર્ધમાગધિ | ૨૩ |
| –જ્ઞાનનો અક્ષયનિધિ–વિષયો | ૨૫ |
| –જિનવાણીનું માહાત્મ્ય | ૨૯ |
| –જિનવાણીનું ફળ | ૩૦ |
| –શ્રુતપુરૂષ–દ્વાદશાંગી | ૩૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| —કાલિક—ઉત્કાલિક સૂત્રોના નામ | ૩૪ |
| —સ્વાધ્યાય કાળ | ૩૪ |
| —સ્વાધ્યાય માટેની તપસ્યા | ૩૬ |
| અધ્યાત્મ જ્ઞાન | ૩૮ |
| **દ્વાદશાંગી—બાર અંગસૂત્ર** | |
| (૧) શ્રી આચારાંગ સૂત્ર—પહેલો શ્રુતસ્કંધ | ૪૨ |
| શ્રી આચારાંગ સૂત્ર—બીજો શ્રુતસ્કંધ | ૯૧ |
| (૨) શ્રી સુયગડાંગ (સૂત્રકૃતાંગ) સૂત્ર | ૯૨ |
| શ્રી સુયગડાંગ સૂત્ર—બીજો શ્રુતસ્કંધ | ૧૦૫ |
| (૩) શ્રી ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્ર | ૧૧૭ |
| (૪) શ્રી સમવાયાંગ સૂત્ર | ૧૨૬ |
| (૫) શ્રી વિવાહ પ્રજ્ઞપ્તિ—શ્રી ભગવતી સૂત્ર | ૧૩૫ |
| (૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર | ૧૮૦ |
| (૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | ૧૯૬ |
| (૮) શ્રી અંતગડદશાંગ—અંતગડદશાઓ | ૨૦૭ |
| (૯) શ્રી અનુત્તરોવવાઈ | ૨૧૩ |
| (૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | ૨૧૬ |
| (૧૧) શ્રી વિપાકસૂત્ર | ૨૩૧ |
| (૧૨) શ્રી દૃષ્ટિવાદ સૂત્ર—વિચ્છેદ ગયું છે. | ૨૩૩ |
| **બાર ઉપાંગ સૂત્ર** | |
| (૧૨) શ્રી ઉવવાઈ સૂત્ર | ૨૩૭ |
| (૧૩) શ્રી રાયપસેણિય સૂત્ર | ૨૪૨ |
| (૧૪) શ્રી જીવાભિગમ સૂત્ર | ૨૪૩ |
| (૧૫) શ્રી પન્નવણા સૂત્ર | ૨૫૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| (૧૬) શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૯૪ |
| (૧૭–૧૮) શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચંદ્ર પ્રજ્ઞપ્તિ | ૩૦૨ |
| (૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર | ૩૦૮ |
| (૨૦) શ્રી કપ્પવડિંસિયા સૂત્ર | ૩૧૦ |
| (૨૧) શ્રી પુપ્ફિયા સૂત્ર | ૩૧૧ |
| (૨૨) શ્રી પુપ્ફચુલીયા સૂત્ર | ૩૧૫ |
| (૨૩) શ્રી વહ્નિદશા સૂત્ર | ૩૧૫ |
| **ચાર મૂળસૂત્ર** | |
| (૨૪) શ્રી દશવૈકાલિક સૂત્ર | ૩૧૬ |
| (૨૫) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | ૩૨૬ |
| (૨૬) શ્રી નંદીસૂત્ર સૂત્ર | ૩૪૭ |
| (૨૭) શ્રી અનુયોગ દ્વાર સૂત્ર | ૩૫૬ |
| **ચાર છેદસૂત્ર** | |
| (૨૮) શ્રી નિશીથસૂત્ર | ૩૬૧ |
| (૨૯) શ્રી વ્યવહાર સૂત્ર | ૩૬૫ |
| (૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર | ૩૭૬ |
| (૩૧) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર | ૩૮૨ |
| (૩૨) શ્રી આવશ્યક સૂત્ર | ૩૯૬ |
| શ્રી તત્ત્વાર્થ સૂત્ર | ૪૦૭ |

# માતુશ્રી ડાહીબાઈ ગ્રંથમાળા

## લેખકના અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ભક્તામર સ્તોત્ર પંચાંગી વિવરણ રૂા. | ૫–૦૦ |
| (૨) | ,, કલ્યાણમંદિર સ્તોત્ર ” ” ,, | ૨–૫૦ |
| (૩) | ” પુરિછસ્સુ ણું ” ” | અલભ્ય |
| (૪) | ” સુબોધ વચનામૃતો | ” |
| (૫) | ” નમસ્કાર મહામંત્ર | ૫–૦૦ |
| (૬) | ” મોટી સાધુવંદણા (બીજી આવૃત્તિ) | અલભ્ય |
| (૭) | ” સવાસો ગાથા વિવરણ | ૭–૦૦ |
| (૮) | ” ભાવના ભવનાશિની | ૭–૦૦ |
| (૯) | આચાર એ જ પરમ ધર્મ | ૫–૦૦ |
| (૧૦) | શ્રી સામયિક ચિંતનિકા | ૫–૦૦ |
| (૧૧) | સમ્યગ્દર્શન યાને મોક્ષનું દ્વાર | ૨૦–૦૦ |

હવે પછી પ્રકાશન કરવાની ભાવના છે :– (૧) જૈનધર્મના જે પારિભાષિક શબ્દો છે, તેનો સંક્ષિપ્ત જ્ઞાનકોષ અને (૨) આવશ્યક ચિંતનિકા સામાયિક ચિંતનિકાની જેમ પ્રતિક્રમણના દરેક આવશ્યકના ભાવો આમાં આલેખવાના ભાવ છે.

સુજ્ઞ વાંચક શ્રી.

આજના અતિવિલાસી ટી. વી. યુગમાં ઉગતી પ્રજાના સંસ્કારો જાળવી રાખવા પરિવારમાં સદ્‌ગ્રંથોનું વાંચન થાય તે ખાસ જરૂરી છે. તે હેતુ લક્ષ્યમાં રાખી આ ગ્રંથમાળા ચાલુ કરી છે. સંસ્કાર જાળવણીના આ શુભ કાર્યમાં આપ આપનો સહયોગ આપશો એજ વિજ્ઞપ્તિ.

—રસિકલાલ છગનલાલ શેઠ

૩૬, સુધનલક્ષ્મી જૈન સોસાયટી નં. ૫
સુભાનપુરા, વડોદરા–૭ (૩૯૦૦૦૭)

# શુદ્ધિપત્રક

| પાનુ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩ | ૧૬ | અનુયોગી | અનુયોગ |
| ૩૬ | ૬ | વર્તમાનમાં પછી ૮ | લખવું. |
| ૪૨ | ૨૦ | હવાઈ | હવઈ |
| ૪૩ | ૨ | નિવવણું–અવબાહં | નિવ્વાણં-અવ્વાબાહં |
| ૬૪ | ૨૫ | ભગવિત | ભગવંત |
| ૮૦ | ૪ | આશાતાં | અશાતા |
| ૮૬ | ૧૮ | બધિદાન | બલિદાન |
| ૧૭૩ | ૨૩ | સ્નાનતક | સ્નાતક |
| ૧૭૭ | ૧૨ | અવાંતર | ૧૨ અવાંતર |
| ૧૮૧ | ૧૮ | મહાસવત્ના | મહાસત્વના |

૧૯૮ ના કોઠામાં પાંચમાં ચૂલણીશતક શ્રાવકને દેવે તેના ત્રણ પુત્રોની ઘાત કર્યા પછી, બધી, સંપત્તિ લઈ જવાની ધમકી આપી છે, પુત્રઘાતથી ન ડગેલો શ્રાવક, પરગ્રિહના મોહને કારણે આ ધમકી સહન કરી શકયો નહિ, તેથી તે પુરૂષને પકડી લેવા દોડયો, પરંતુ દેવ તો આકાશમાં ઉડી ગયો, તેથી તેના હાથમાં થાંભલો આવ્યો. કોલાહલ સાંભળી તેની પત્ની બહુલા જાગી ગઇ. શ્રાવક પાસે આવી બોલી; કે કશું બન્યું નથી, પુત્રો પણ જીવિત છે, તમને ઉપસર્ગ દેવા કોઈ દેવ આવ્યો હશે. તેમાં તમે તમારા વ્રતનો ભંગ કર્યો માટે તેની આલોચના કરી, શુદ્ધ થાવ, શ્રાવકે ત્યાં ને ત્યાં આલોચનો કરી, પ્રાયશ્ચિત લીધું, **અત્રે પુત્રથી પણ પરિગ્રહ વધુ વહાલો હોવાનું બતાવી તે પરિગ્રહની મમતાને છોડવાનું પરમાર્થથી કહ્યું છે.**

ણમો સુયદેવીએ ભગવતીએ

# આગમસાર

## જિન–આગમ યાને સૂત્રસિદ્ધાંત

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લોએ સવ્વસાહુણં

### મંગલાચરણ

(આગમસ્તુતિ–મંદાક્રાન્તા વ્રતમાં)

બોધાગાધં સુપદ–પદવી–નીર–પૂરાભિરામં,
જીવાહિંસા વિરલલહરી–સંગમાગાહ દેહમ્ ।
ચૂલા–વેલં ગુરુગમ–મણી–સંકુલં દૂરપારં,
સારં વીરાગમ–જલનિધિં સાદરં સાધુ સેવે ॥

શબ્દાર્થ : જિનાગમરૂપી આ આગમસાગર (અપાર) જ્ઞાન વડે ગંભીર છે; –સુંદર પદોની રચનારૂપ જિનવાણીના જળના સમૂહ વડે મનોહર છે; અહિંસામય જીવદયાના સિદ્ધાંતોની અવિરલ એટલે કે સતત વહેતી લહરીઓના સંગમ વડે અતિ ગહન છે; ચુલિકારૂપ વેલ અર્થાત્ ભરતી સભર છે; ઉત્તમ આલાપકરૂપી રત્નોથી ભરપૂર છે; અને જેનો સંપૂર્ણ પાર પામવો ઘણો મુશ્કેલ છે, તેવા શ્રેષ્ઠ સારરૂપ

શ્રી વીરપ્રભુના—વર્તમાન શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામીના **"આગમરૂપી મહાસાગરને"** હું આદર ને અહોભાવપૂર્વક રૂડી રીતે સેવું છું.

**પરમાર્થ** :— જેમ મહાસાગર અપાર જળરાશીના કારણે ગંભીર હોય છે, કદાપિ માઝા મૂકતો નથી, અને અગાધ એટલે કે જેનું માપ પણ નીકળી ન શકે તેવો અગાધ હોય છે, તેમ જ જિનાગમ અર્થાત્ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોના જીવાત્માને મહાકલ્યાણકારી એવા વચન પણ અપરિમિત જ્ઞાનયુક્ત હોવાના કારણે અગાધ, ગંભીર અને આત્માને કલ્યાણકારી એવા ગૂઢ રહસ્યમય છે. જેમ અગાધ જળરાશીના કારણે સમુદ્ર મનોહર લાગે છે, સોહામણો દેખાય છે, તેમ અસંખ્ય લલિત પદોની રચનાના કારણે, જિનવાણીરૂપ આગમશાસ્ત્રો પણ **અભિરામ** કહેતાં ચિત્તાકર્ષક લાગે છે. સતત ઉછળતા મોજાં —**લહરીઓ**—ના સંગમના લીધે સમુદ્રમાં પ્રવેશ કરવો જેમ કઠીન છે, તેમ જ **અહિંસા અર્થાત્ છકાયની જીવદયા** વિષયક સૂક્ષ્મ વિચારણાથી પરિપૂર્ણ હોવાના કારણે આગમમાં પ્રવેશ કરવો પણ અત્યંત કઠીન છે. જેમ મહાસાગરને મોટા મોટા કીનારા હોય છે, તેમ આગમ—સાગરને મોટી મોટી ચુલિકાઓ અર્થાત્ પરિ-શિષ્ટો, વૃક્ષને શોભાવતી વેલડીઓ સરખી હોય છે. જેવી રીતે મહાસાગરમાં સાચા મોતી, મણિ, રત્નાદિ અતિ કિંમતી વસ્તુઓ હોય છે, તેવી જ રીતે આગમરૂપી જ્ઞાનસાગરમાં ખૂબ અર્થસભર ગમા, પર્યવ, આલાપક આદિ હોય છે, જિનવાણી એટલી બધી તો સમુદ્ર જેવી ગંભીર અને અગાધ હોય છે, કે સર્વજ્ઞ કથિત એકેક સૂત્રના અનંતગમ અને પર્યવ થતા હોય છે, જેના ભાવ ચૌદ પૂર્વધર એવા શ્રુત-

કેવળી પણ પૂરેપૂરા કહી શકે નહિ. તથા સમુદ્રનો સામો કીનારો જેમ બહુ જ દૂરવર્તી રહેલો છે, તેથી જેમ તેનો પાર પામવો અતિ મુશ્કેલ છે, તે જ પ્રમાણે આગમ સાગરનો પણ પાર પામવો અર્થાત્ પૂર્ણરીતીએ તેનો મર્મ સમજવો બહુ દૂર એટલે કે અત્યંત મુશ્કેલ છે. કોઈ વીરલાજ તેનો પાર પામી શકે એવા ગૂઢ અને વિશાળ આગમ છે. **એવા આગમ સાગરની હું અહોભાવ, આદર ને વિધિપૂર્વક સેવા કરૂં છું.**

□

નમોત્થુ ણં સમણુસ્સ ભગવઓ મહાવીરસ્સ ાા
(શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને
વંદન-નમસ્કાર હો)

# આગમસાર

**સાચા છે વીતરાગ, સાચી છે જિનવાણી;**
**આધાર છે જિનઆજ્ઞા, બાકી બધું ધૂળધાણી.**

સર્વજ્ઞ જિનેશ્વર પ્રણીત આગમ અનુસાર પ્રવર્તમાન અવસર્પિણિકાળના ચરમ તીર્થંકર ભગવંત વીતરાગ પ્રભુ મહાવીર સ્વામીને કોટી કોટી વંદના કરીને, તેઓશ્રીના શ્રીમુખે **"ત્રિપદિ"** સાંભળીને ગણધર ભગવંતોએ ગુંથેલા આગમના સારરૂપી ભાવ કહેવાની શરૂઆત કરું છું.

ઉપરોક્ત દોહરામાં કોઈ અનામી આર્ષદ્રષ્ટા કવિએ યથાર્થ કહ્યું છે કે **"વીતરાગ સાચા છે,"** અર્થાત્ આત્મ-કલ્યાણના અભિલાષી એવા મુમુક્ષુઓ માટે **વીતરાગે પ્રરૂપેલો જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપી મોક્ષમાર્ગ જ જીવને શિવપદ સુધી અર્થાત્ મોક્ષે પહોંચાડનારો છે.** કવિએ અત્રે **"વીતરાગ"**ને **જ** સાચા કહ્યા. કોઈ વ્યક્તિને નહિ. જૈનદર્શનની-સર્વજ્ઞપ્રણીત વીતરાગ ધર્મની જ આ આગવી વિશિષ્ઠતા છે. કારણ કે જૈનદર્શનમાં **"ગુણને જ"** મહત્ત્વ આપ્યું છે. કોઈ વ્યક્તિ વિશેષને નહીં. તે માટે વીતરાગની વ્યાખ્યા સમજવી પડશે. વીત-રાગની સરળ વ્યાખ્યા છેઃ- **જેમણે પોતાના રાગ અને દ્વેષનો સંપૂર્ણપણે ક્ષય કર્યો છે તેમને "વીતરાગ" કહ્યા છે.**

**વીતરાગ જ સાચા કેમ? વીતરાગ થાય કોણ?**

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૩૨માં પ્રભુ કહે છેઃ-

રાગ અને દ્વેષનો સર્વથા ક્ષય કરવાથી, અને અજ્ઞાન અને મોહનો સર્વથા ત્યાગ કરવાથી જ પૂર્ણ જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાનનો પ્રકાશ અંતરમાં પ્રગટે છે, જેના વડે જીવાત્મા એકાંત સુખરૂપ એવા મોક્ષને રૂડી રીતે પામે છે. (૨)

જેવી રીતે ઇંડાની ઉત્પત્તિ પક્ષીથી અને પક્ષીની ઉત્પત્તિ ઇંડાથી થાય છે, તેમ મોહથી તૃષ્ણાની અને તૃષ્ણાથી મોહ ઉત્પન્ન થાય છે. (૬)

**રાગ અને દ્વેષ એ બે કર્મબીજ છે, કર્મમાત્ર મોહથી (મોહનીય કર્મથી જ) પેદા થાય છે, અને કર્મ જ જન્મ-મરણરૂપી સંસારનું મૂળ છે, અને જન્મ-મરણ જ દુઃખ છે.**

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર એ પ્રભુ મહાવીરસ્વામીએ જગત્ જીવોના કલ્યાણ અર્થે સંસારચક્રના અંતિમ સમયે છઠ્ઠ (બે દિવસના ઉપવાસ કરવા) તપ કરીને નિસ્પૃહભાવે ફરમાવેલી દેશના (સદ્બોધ) છે. પ્રભુ કહે છે કે **રાગ અને દ્વેષ જ જન્મ-મરણરૂપી સંસારચક્રનું એકમાત્ર કારણ છે. જેમના રાગ અને દ્વેષ સર્વથા ટળ્યા અર્થાત્ નિર્મૂળ થયા, તે વીતરાગ પરમાત્માના જન્મ-મરણના ફેરા પણ ટળી જાય છે; કાળ અર્થાત્ મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરીને તે જીવાત્મા નિર્વાણ પામી શાશ્વતા મોક્ષસુખને પામે છે.**

જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીની ઉત્કૃષ્ટ ભાવે આરાધના કરીને તીર્થંકર ભગવંતો, સર્વ પ્રથમ પોતે મોહનીય કર્મને સર્વથા ખપાવીને રાગ અને દ્વેષને નિર્મૂળ કરે છે, ત્યારે તીર્થંકર ભગવંત વીતરાગતાને પ્રાપ્ત કરે છે,

વીતરાગ અરિહંત બને છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવે છેઃ આ રીતે સંપૂર્ણ જ્ઞાન અંતરમાં પ્રગટાવીને—આ સત્ય બધા ધર્મો અને હવે તો આજનું વિજ્ઞાન પણ સ્વીકારે છે, આત્મજ્ઞાન તો અંતરમાં જ પડયું છે. એ કાંઇ આજની કોલેજોમાંથી મેળવાતું નથી—પોતે જે મોક્ષપદને પામવાના છે. તે અન્ય જીવો પણ પામે તેવી નિષ્કરણ કરૂણા અંતરમાં લાવીને, તે વીતરાગ પ્રભુ કેવળજ્ઞાનના સંપૂર્ણ અર્કરૂપ—સંપૂર્ણ સારરૂપ માત્ર ત્રણજ પદવાળી **"ત્રિપદિ"—ઉપ્પન્ને ઈ વા, વિગમે ઈ વા, ધુવે ઈ વા"**, ગણધર ભગવંતોને તેમના તત્ત્વ શું છે તેવા પ્રશ્નના ઉત્તરમાં પોતાના શ્રીમુખે સંભળાવે છે. ત્રિપદિના આ ત્રણ પદોને જૈનદર્શનમાં **"અર્થ"** કે **"વચન"** કહ્યા છે. અનાદિકાળથી તીર્થંકર ભગવંતોની અનંત ચોવિસી (પ્રત્યેક ઉત્સર્પિણી અથવા અવસર્પિણીમાં ૨૪—ચોવીસ જ તીર્થંકરો થાય તેથી ચોવીસી કહી છે). થઈ છે, અને આગામી કાળમાં થશે, તે દરેક તીર્થંકર સર્વપ્રથમ કેવળજ્ઞાન પ્રગટાવી આ ત્રિપદિ પોતાના ગણધરોને પોતાના શ્રીમુખે ફરમાવે છે, જે સાંભળતાં વેંત સંપૂર્ણ શાસ્ત્રજ્ઞાનનો ઉઘાડ ગણધર ભગવંતોના અંતરમાં થાય છે, અને દરેક ગણધર ભગવંત, પ્રભુના—વીતરાગના અર્થરૂપ વચનોને દ્વાદશાંગીરૂપ અર્થાત્ બાર અંગ સૂત્રોરૂપ સિદ્ધાંતની ગુંથણી કરે છે કહ્યું છે ને:—

**"અત્થં ભાસઈ અરહા,**
**સુત્તં ગન્થન્તિ ગણહરા નિઉણં।**
**સાસણસ્સ હિયટ્ઠાએ, તઓ સુત્તં પવત્તઇ ॥**

—આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૯૨.
—ધવલા ભાગ—૧ એ ૬૪ તથા ૭૨.

**શબ્દાર્થ** :– "અરિહંત અર્થ એટલે કે ત્રિપદિરૂપ વચન ભાખે, (જે સાંભળીને) ગણધરો કલ્યાણકારી સૂત્ર-સિદ્ધાંતની ગુંથણી અર્થાત્ રચના કરે, ત્યારબાદ તે સૂત્રો શાસનના હિતાર્થે પ્રવર્તાવે."–જેનો આધાર લઈ અનેક ભવ્ય જીવો મોક્ષમાર્ગની આરાધના કરે.

(ત્રિપદિ સાંભળવાથી સંપૂર્ણ શાસ્ત્રજ્ઞાન કેવી રીતે થાય તે માટે જુઓ લેખકનું સમ્યગ્દર્શન ગ્રંથનું સંક્ષેપ રુચિ પ્રકરણ.)

પ્રથમ તીર્થંકર ભગવંત ઋષભદેવની સ્તુતિ કરતાં શ્રી માનતુંગાચાર્યે તેમના પરમ પ્રભાવિક ભક્તામર સ્તોત્ર ગાથા–૨૩માં તેથી જ કહ્યું છે :–

**"ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યુમ્ ।**
**નાન્ય: શિવ: શિવપદસ્ય મુનીન્દ્ર પન્થા ॥૨૩॥**

**શબ્દાર્થ** :– મુનિવરોના પણ ઇંદ્ર એવા હે જિનેશ્વર ! તમને જ સમ્યક્ પ્રકારે મેળવીને અર્થાત્ તમારા મોક્ષમાર્ગની જ રૂડા પ્રકારે આરાધના કરીને મૃત્યુને જીતી શકાય છે. એટલે કે સંસારચક્રના જન્મ–મરણના ફેરાથી જીવને મુક્તિ મળે છે, શિવપદને અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરાવનારો આના સિવાય અન્ય કોઈ કલ્યાણકારી માર્ગ નથી.

આ રીતે તીર્થંકરો માત્ર અર્થરૂપ વચન કહે છે, જે સાંભળીને ગણધરો તેને સૂત્રબદ્ધ કરે છે,જેને 'સૂત્ર સિદ્ધાંત' કહેવાય છે, તેથી જૈન સૂત્રોને તીર્થંકર પ્રણીત કહ્યા છે. તેનો ઉલ્લેખ સૂત્રોમાં ઠેકઠેકાણે **"તસ્સ ણં અયમટ્ઠે પણ્ણત્તે"** અર્થાત્ આ અર્થમાં પ્રભુએ પ્રરૂપ્યું છે.

તીર્થંકર પ્રણીત કહ્યા એટલે એનું મહત્વ કેમ વધારે? એ જ કેમ સાચા? તે બતાવતાં શાસ્ત્રકાર કહે છે :– "તીર્થંકર ભગવંતોને જ પૂર્વ ભવના પ્રબળ પુણ્યોદયે જન્મતાં જ ત્રણ જ્ઞાન (૧) મતિ (૨) શ્રુત અને (૩) અવધિજ્ઞાન હોય છે, પૂર્વના ત્રીજા ભવે **"જગતના સર્વ જીવોને કરૂં શાસનરસી." એવી ભાવના ઉત્કૃષ્ટ ભાવે ભાવી હોય છે. તેના કારણે તીર્થંકર નામ ગોત્ર બંધાયું હોય છે, જેના પ્રભાવે દરેક તીર્થંકર ભગવંત ઉપરોક્ત ત્રણ જ્ઞાન સાથે લઇને જ જન્મ પામે છે,** તેમ છતાં તેઓ સંપૂર્ણ જ્ઞાન અંતરમાં પ્રગટે નહિ ત્યાં સુધી ધર્મોપદેશ કરતાં નથી, સંપૂર્ણજ્ઞાન અર્થાત્ લોકાલોક પ્રકાશક આત્મિક જ્ઞાન જેને જૈનદર્શનમાં **"કેવળજ્ઞાન"** કહ્યું છે, તે પ્રગટાવવા માટે સર્વ પ્રથમ અવસર આવ્યે સિદ્ધ ભગવંતોને વંદણા–નમસ્કાર કરીને સંયમ એટલે કે દીક્ષાને અંગીકાર કરે છે, નિર્ગ્રંથ મુનિ બને છે, પછી રત્નત્રયીરૂપ જ્ઞાન, દર્શનને ચારિત્રની ઉત્કૃષ્ટ ભાવે આરાધના કરીને **રાગ–દ્વેષના જનક એવા મોહનીય કર્મને** સર્વથા ખપાવે છે. મોહનીય કર્મ નષ્ટ થતાં, બાકીના ત્રણે ઘાતી કર્મો (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય અને (૩) અંતરાયને એક સાથે જ ખપાવે છે. આમ ચારે ઘાતી કર્મોને બાળી, પ્રજાળી, રાગ–દ્વેષના મૂળ કારણને નિર્મૂળ કરી વીતરાગ પરમાત્મા બને છે કે તરત જ અંતરમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રગટાવે છે; એટલે વ્યવહાર-નયથી સર્વજ્ઞ અને સર્વદર્શી પ્રથમ પોતે બને છે, ત્યાર પછી જ **જીવાત્માનો પરમાર્થ કે જે મોક્ષ છે તે જેનાથી સધાય તેવા અર્થપૂર્ણ વચનો તેમની પાસે**

**આવેલા ગણધર ભગવંતોને પોતાના શ્રીમુખે સર્વપ્રથમ કહે છે, વીતરાગ બનેલા સર્વજ્ઞ ભગવંતો તે વચનો નિસ્પૃહભાવે જગત્ જીવોના એકાંત હિત માટે કહેલા હોવાથી, તેમાં રાગ કે દ્વેષનો અંશમાત્ર પણ હોતો નથી, તેથી તેમાં કોઇપણ દોષોની કે પૂર્વાપર વિરોધની સંભાવના પણ રહેતી નથી, અને સર્વજ્ઞ થયા પછી કહેલા હોવાથી તેમના અર્થપૂર્ણ વચનોમાં ત્રણે કાળમાં પણ ફેરફાર થતો નથી તેથી જ. તેમના અર્થગંભીર વચનો પરથી જે સૂત્રો ગણધર ભગવંતો ગુંથે છે, તેને "સિદ્ધાંત" કહેવામાં આવે છે, સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલા વચનો,** આ રીતે સૂત્ર સિદ્ધાંતને તીર્થંકર પ્રણીત કહેવાનો મહિમા છે, તેથી જ **"સાચા છે વીતરાગ, સાચી છે જિનવાણી"–એમ કહ્યું,**

જિનેશ્વર તીર્થંકર ભગવંત અને તેમણે પ્રરૂપેલી જિનવાણી એ જ સાચી છે. એમ જ્યારે સિદ્ધ થયું, ત્યારે હવે જે કોઈ જીવાત્માને પોતાનું આત્મકલ્યાણ સાધવું હોય, તેમના માટે તેમનો જ આધાર લેવો, એટલે કે તેમની આજ્ઞાને–**જિનાજ્ઞાને અનુસરીને ચાલવું તે જ એકાંતે કલ્યાણકારી છે, તો જ જન્મ–મરણના ક્લેશ ટળીને માનવ જીવાત્મા પરમાત્મા બની શકે, એટલે "આધાર છે જિન-આજ્ઞા" કહ્યું,** અને માનવભવ પામ્યા પછી પણ જીવાત્મા જો તેમને ન અનુસરે તો તેનો દુર્લભ એવો માનવભવ જે અનેક ભવોના દુઃખો વેઠી વેઠીને પ્રાપ્ત થયેલી પુણ્યરાશીના પ્રભાવે મળ્યો છે, તે બધી પુણ્યરાશીને

ધૂળધાણી કરી નાખવા સમાન નિષ્ફળ છે એમ તે આર્ષ-દૃષ્ટા કવિ આપણા હિતાર્થે યથાર્થ કહે છે.

**તીર્થંકરે ભાખેલા અને ગણધરોએ ગુંથેલા આ સૂત્રોને આગમ કહ્યા છે, તેનો મહિમા અપાર છે. આનાથી ચડિયાતી જીવમાત્રનું રક્ષણ ને કલ્યાણ કરનારી વાણી જગતભરના ધર્મશાસ્ત્રોમાં બીજી કોઇ નથી; એ તેની વિશેષતા છે.**

આ વચનો તીર્થંકર ભગવંતો ગણધર ભગવંતોને કહી સંભળાવે છે, તેથી સૂત્ર-સિદ્ધાંતના બધા જ્ઞાનને શાસ્ત્રમાં **"શ્રુત (સાંભળેલું) જ્ઞાન" કહ્યું છે.**

શ્રી નંદી સૂત્રમાં જ્ઞાનના મૂખ્ય પાંચ ભેદ, ભેદાનુભેદ દરેકની વ્યાખ્યા,સ્વરૂપ આદિ સંપૂર્ણ વિવેચન કરવામાં આવેલ છે, તેમાં જ્ઞાનના પાંચ મૂખ્ય ભેદ અનુક્રમે નીચે પ્રમાણે કહ્યા છે :— (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. હવે જૈનદર્શનમાં અનુક્રમનું ખૂબ જ મહત્વ કહ્યું છે, કોઈ ચોક્કસ હેતુ વગર કાનો, માત્રા, મીંડી, અક્ષર આદિનો પણ જિનવાણીમાં ફેરફાર નહિ કરવાનું ફરમાન કર્યું છે, તેમ કરવાથી જિન-વાણીની એટલે કે શ્રુતજ્ઞાનની અને તેના પ્રરૂપક તીર્થંકર ભગવંતની મહા આશાતના થાય, તેથી મહાદોષ લાગે તેમ કહ્યું છે, તેમ છતાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮મા મોક્ષમાર્ગ અધ્યયન ગાથા ચોથીમાં વીરપ્રભુએ હેતુપૂર્વક શ્રુતજ્ઞાનને પાંચે જ્ઞાનમાં પ્રથમ સ્થાન આપ્યું છે:—

**તત્થ પંચવિહં નાણં, સૂયં આભિણિબોહિયં ।**
**ઓહિનાણં તુ તઈયં, મણનાણં ચ કેવલં ॥**

**શબ્દાર્થ** :– તેમાં જ્ઞાન પાંચ પ્રકારનું છે:– (૧) શ્રુતજ્ઞાન, (૨) મતિજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃ પર્યાય જ્ઞાન અને (૫) કેવળજ્ઞાન,

અનુક્રમ બદલવાનો આમાં હેતુ એ છે કે પાંચે જ્ઞાનમાં આ એક જ જ્ઞાન બોલકું, અર્થાત્ બીજાને કહી સંભળાવાય તેવું બોલકું છે, બીજા ચારે જ્ઞાન મુંગા છે, તે બધા જ્ઞાનનો જીવને અનુભવ થાય પણ તે જ્ઞાન વડે જે જાણ્યું, અનુભવ્યું તે કહેવા માટે કે લખવા માટે વાણી કે અક્ષરજ્ઞાનનો જ ઉપયોગ કરવો પડે, એટલે તેનું નિરૂપણ શ્રુતજ્ઞાન વડે જ થઈ શકે. તીર્થંકર ભગવંત પણ કેવળજ્ઞાન પ્રગટાવ્યા પછી, વીતરાગ કેમ થઈ શકાય, કેવળજ્ઞાન કેમ પ્રગટાવી શકાય અને તેની આરાધના કેવી રીતે થઇ શકે તે બધુ શ્રુતજ્ઞાન વડે જ કહી શકે, તેથી પાંચે જ્ઞાનમાં **મોક્ષદાતા જ્ઞાન શ્રુતજ્ઞાન કહ્યું છે; અને ઉપરોક્ત ૨૮મું અધ્યયન એ મોક્ષમાર્ગનું અધ્યયન છે, તેથી મોક્ષદાતા એવા શ્રુતજ્ઞાનને પાંચે જ્ઞાનમાં મોખરાનું પ્રથમ સ્થાન હેતુપૂર્વક આપ્યું છે.**

વળી આ જ્ઞાન અનાદિકાળથી ગુરૂગમથી જ બહુધા મેળવાય છે. જો કે શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે પુસ્તક આકારે લખાયેલું છે તે દ્રવ્યશ્રુત છે. તેથી ધર્મ શાસ્ત્રો ઋષભદેવ ભગવાનના સમયથી છે, તો પણ પ્રભુ મહાવીર સ્વામીના સમયની વાત લઈએ તો પ્રભુ મહાવીરે જે વચનો "ત્રિપદિ" રૂપે કહ્યા, તે ગણધરોએ અંતરમાં અવધાર્યા, ને બાર અંગસૂત્રોની ગૂંથણી (રચના) પણ પોતાના અંતરમાં જ કરી અને જે શિષ્યો તે જ્ઞાનના અધિકારી જણાયા, તેમને તે જ્ઞાન સૂત્રસિદ્ધાંતરૂપે પણ કંઠસ્થ જ

કરાવ્યું. પછી ગ્રંથસ્થ થયું એવી માન્યતા છે. જૈનદર્શનની બીજી આગવી વિશેષતા એ છે કે શિષ્ય સુપાત્ર અને અધીકારી લાગે તો જ ગુરૂ જ્ઞાન આપે. નહિતર જ્ઞાન ભલે વિચ્છેદ જાય અર્થાત્ નાશ પામે પણ કુપાત્રને ન અપાય, આથી હજાર વર્ષ દરમ્યાન તો દૃષ્ટિવાદ નામનું બારમું મૂખ્ય અંગ સૂત્ર, ચૌદપૂર્વનું જ્ઞાન, તથા બીજા અગીઆરે અંગ સૂત્રોના ઘણા બધા અધ્યયનો વિચ્છેદ ગયા, તે જોઈ અને હવે પછી ધારણા શક્તિ (યાદશક્તિ) દિવસો દિવસ ઘટતી જાય છે. તે જાણી, દેવર્ધિગણી ક્ષમાશ્રમણ નામના આચાર્યે સૌરાષ્ટ્રના વલ્લભીપુર (વળા–હાલનું) નગરે સાધુસાધ્વીઓનું સંમેલન ભર્યું, અને જેમને જે જે યાદ હતું તે બધું લખાવીને કંઠસ્થમાંથી આ જ્ઞાનને ગ્રંથસ્થ કર્યું, જૈન પરિભાષામાં આ સંમેલનને **"વાંચણી"** કહેવામાં આવે છે, વલ્લભીપુર ની વાંચણી પહેલાં આ પ્રકારે ચાર વાંચણી જુદા જુદા સમયે જુદા જુદા સ્થળે થયેલી. તેમ છતાં ત્યાં સુધી એક બીજાએ સાથે વાંચણી કરીને કંઠસ્થ જ્ઞાન મેળવેલ. ગ્રંથસ્થ તો છેવટ બધુ જ્ઞાન સંપૂર્ણ વિચ્છેદ જશે તેવું લાગ્યું ત્યારે જ દેવર્ધિ-ગણી ક્ષમાશ્રમણે ગ્રંથસ્થ કરાવ્યું. ગ્રંથસ્થ થયેલું આ શાસ્ત્ર-જ્ઞાન પૂર્વાચાર્યો કહે છે સાગરમાં બિંદુ સમાન માત્ર બચ્યું છે, તેમ છતાં, જે કંઈ જ્ઞાન આજે જૈન આગમોમાં ઉપલબ્ધ છે; તે પશ્ચિમના મહાવિદ્વાનોની નજર સમક્ષ આવતાં, જગતની સર્વ વિદ્યાપીઠોમાં પ્રાપ્ત થતાં જ્ઞાનની સરખામણીએ સમુદ્ર જેટલું વિશાળ આ આગમજ્ઞાન લાગ્યું છે, એટલું જ નહિ પણ ઉપલબ્ધ શાસ્ત્રો ઝીણવટથી ભાષાજ્ઞાનની દૃષ્ટિએ તપાસતાં, આ બધું જ્ઞાન એક જ વ્યક્તિનું કહેલું છે, તેમ-પણ તેમને જણાતાં આ વિદ્વાનો એ રીતે ચકિત થઇ ગયા

છે કે એક જ વ્યક્તિ એક જ જીંદગીમાં આટલું વિશાળ જ્ઞાન ભણી કે ભણાવી શકે જ નહિ, એ સંભવિત જ નથી. માટે આ વ્યક્તિને સર્વજ્ઞ અર્થાત્ સંપૂર્ણ જ્ઞાની માનીએ તો જ આનું સમાધાન થાય. આ લોજીક–તર્કશાસ્ત્ર વડે તીર્થંકર ભગવંતની સર્વજ્ઞતાનો પશ્ચિમના વિદ્વાનો–સ્વીકાર કરવા લાગ્યા છે. છતાં આપણા પૂર્વાચાર્યો નંદીસૂત્ર આદિ શાસ્ત્રોના આધારે કહે છે કે દરેક અંગસૂત્રમાં પદ વગેરેની જે સંખ્યા બતાવી છે. તેમાંના અંશ માત્ર પદો જ અત્યારે ઉપલબ્ધ છે. તો પછી વીરપ્રભુના સમયનું જિનાગમ, કે શ્રુતજ્ઞાન તો મહાસાગર જેટલું કેટલું બધું વિશાળ અને અગાધ હશે તેની અંતરમાં શ્રદ્ધા કરી તે જ્ઞાન આપણા હૈયામાં પણ અવરાઈને પડેલું છે, તેની રૂડી પ્રકારે આરાધના કરીને તેને આવરણ મુક્ત કરીને પ્રગટાવી શકીએ એવી શક્તિ આપણને પણ પ્રાપ્ત થાય તેવી ભાવના ભાવીએ. તેનો પુરૂષાર્થ કરીએ.

આ શ્રુતજ્ઞાનના પર્યાયવાચક શબ્દો શ્રી અનુયોગી દ્વાર ૪માં નીચે પ્રમાણે નવ નામ કહ્યા છે:– (૧) સૂત્ર, (૨) ગ્રંથ, (૩) સિદ્ધાંત, (૪) પ્રવચન, (૫) આજ્ઞા, (૬) વચન, (૭) ઉપદેશ, (૮) પ્રજ્ઞાપન (૯) આગમ [(૧૦) આપ્ત–વચન, (૧૧) ઐતિહ્ય, (૧૨) આમ્નાય, (૧૩) જિનવચન, અને (૧૪) શ્રુત. આ પાંચ નામ પછી અપાયાં છે.]

ઉપરોક્ત દરેક પર્યાયવાચી શબ્દની તેને અનુરૂપ વ્યાખ્યા સાથેની સમજણ પૂર્વાચાર્યો એ આપી છે જે ગુરૂગમથી જાણવી. તેમાંના **"આગમ" શબ્દની વ્યુત્પત્તિ** આ ગ્રંથનું પ્રયોજન લક્ષમાં રાખી હવે આપીશું.

## "આગમ" ની વ્યુત્પત્તિ

**"આગમ"** શબ્દ **"આ"** ઉપસર્ગ અને **"ગમ્"** ધાતુનો બનેલો છે. **"આ"** નો અર્થ છે "પૂર્ણ" અને **"ગમ્"** નો અર્થ છે **"ગતિ કે પ્રાપ્તિ"** એટલે **"જેના વડે વસ્તુતત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન થાય અર્થાત્ પદાર્થના રહસ્યનું પરિપૂર્ણ જ્ઞાન થાય તે આગમ છે."** પૂર્વાચાર્યોએ સંસ્કૃત ભાષામાં તેની વ્યુત્પત્તિ નીચે પ્રમાણે કરી છે:—

(૧) **"આ=સમન્તાદ્** (એટલે "ચોતરફથી અર્થાત્ બધી બાજુથી), **ગમ્યતે વસ્તુતત્ત્વ–મનેનેત્યાગમ:"** ॥ અર્થાત્ વસ્તુ તત્ત્વની–પદાર્થના રહસ્યની બધી બાજુથી પ્રાપ્તિ એટલે કે જ્ઞાન કરાવે તે આગમ છે.

(૨) શ્રી સિદ્ધસેન ગણીકૃત ભાષ્યાનુસારિણી ટીકા પૃ. ૮૭ કહ્યું છે :—

**"આગચ્છત્યાચાર્ય પરમ્પરયા વાચનાદ્વારેણેત્યાગમ:"** ॥

જે જ્ઞાન આચાર્ય પરંપરાથી વાંચના દ્વારા આવે છે તે "આગમ" છે,"

(૩) સ્યાદ્વાદ મંજરી શ્લોક ૩૮ની ટીકામાં કહ્યું છે :—

**'આપ્તવચનાદાવિર્ભૂતમર્થ સંવેદનમાગમ :"** આપ્તવચનથી ઉત્પન્ન અર્થ (પદાર્થ) નું જ્ઞાન થાય તે આગમ છે.

જેમણે, રાગ–દ્વેષ સંપૂર્ણ જીતી કેવળજ્ઞાન પ્રગટાવી સર્વજ્ઞ બની અર્થ રૂપી વચન કહ્યા છે, તેમને **આપ્તપુરૂષ**

**અને તેમના વચનને આપ્તવચન કહ્યા છે.** શબ્દાર્થ વડે પહેલી ને ત્રીજી વ્યાખ્યા તીર્થંકર ભગવંતોને અનુલક્ષીને પૂર્વાચાર્યોએ આપી હોય તેમ જણાય છે, જ્યારે બીજી વ્યાખ્યાથી ગુરૂ પરંપરાનું બહુમાન કર્યું છે. આ જરૂરી પણ છે, કારણકે તીર્થંકર ભગવંતના વચન સાંભળીને દ્વાદશાંગી અર્થાત્ બાર અંગ સૂત્રોની જ રચના ગણધર ભગવંતો કરે છે; જેમાંનું બારમું મૂખ્ય દૃષ્ટિવાદ નામનું અંગસૂત્ર કે જેમાં ચૌદપૂર્વની વિદ્યા રહેલી છે. તે તો નિયમા સૌથી પ્રથમ વિચ્છેદ જાય છે પછી બીજા નવા નવા શાસ્ત્રો પણ આચાર્ય ભગવંતો રચે છે. તે બધા શાસ્ત્રોને પણ બીજી વ્યાખ્યાથી **"આગમ"** કહ્યા છે.

શ્રી સમવાયાંગ અને અનુયોગદ્વાર સૂત્રોમાં તો માત્ર દ્વાદશાંગીનું જ નિરૂપણ છે, પરંતુ નંદીસૂત્રમાં શાસ્ત્રોના **"અંગ પ્રવિષ્ટ"** અને **"અંગબાહ્ય"** એમ બે ભેદ તો સ્પષ્ટ કહેલા જ છે, એટલું જ નહિ પણ "અંગ બાહ્યના પણ (૧) આવશ્યક (૨) આવશ્યક અતિરિક્ત (૩) કાલિક અને (૪) ઉત્કાલિક રૂપે સંપૂર્ણ ભેદાનુભેદ બતાવ્યા છે (**જે વાત નંદીમાં આપી છે તેજ વાત ઠાણાંગ સૂત્ર ઠા–૨–ઉ–૧માં આપેલ છે.**)

**"અંગ પ્રવિષ્ટ"** એટલે દ્વાદશાંગીરૂપ મૂળ બાર અંગસૂત્રો જે ગણધર ભગવંતો તીર્થંકરપ્રભુના શ્રીમુખે ત્રિપદિ સાંભળીને ગૂંથે છે, અને **"અંગબાહ્ય"** એટલે **અંગસૂત્રોનો આધાર લઇ આચાર્યાદિ ભગવં-તોએ રચેલા શાસ્ત્રો.** તે બધા શાસ્રો શરૂઆતમાં ૮૪ હતા તેમ કહેવાય છે, જે જ્ઞાન વિચ્છેદ જતાં જતાં

**શ્રી નંદી સૂત્રમાં ૭૩ સૂત્રોના નામ છે.** (કાલિક. ૩૧ ઉત્કાલિક-૨૯ અંગપ્રવિષ્ટ—૧૨ આવશ્યક, ૧=૭૩) હાલ ૩૨ (બત્રીસ) રહ્યા છે, તેમ સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરા માને છે, જ્યારે મૂર્તિપૂજક દેરાવાસી પરંપરા તે ૩૨ ઉપરાંત બીજા તેર મળી કુલ ૪૫ આગમને માને છે. દિગંબર પરંપરા ભગવાનના સમયનું જ્ઞાન સંપૂર્ણપણે વિચ્છેદ (નાશ) પામ્યાનું માને છે; તેથી પ્રભુ મહાવીર-સ્વામી નિર્વાણ પામ્યા પછી આશરે છસો વર્ષ પછી થયેલા કુંદકુંદાચાર્ય પ્રમુખ અન્ય દિગંબર આચાર્યોએ રચેલા સમયસાર આદિ શાસ્ત્રોને માને છે.

આ પ્રમાણે દ્વાદશાંગીની રચના થયા પછી બીજા પણ શાસ્ત્રો **ગણધરો** અને સ્થવિરો અર્થાત બીજા આચાર્યોએ રચ્યા. તેથી દેવર્ધિગણી ક્ષમાશ્રમણે તેમનું વર્ગીકરણ દ્વાદશાંગીનું—બાર મૂખ્ય અંગસૂત્રોનું "અંગપ્રવિષ્ટ" અને બીજા સૂત્રોને "અંગ બાહ્ય" કહીને કર્યું.

ત્યારબાદ આચાર્ય આર્યરક્ષિતે સૌપ્રથમ અનુયોગ અનુસાર વિષયની દૃષ્ટિથી બધા સૂત્રોને ચાર વિભાગોમાં નીચે પ્રમાણે વિભક્ત કર્યા :—

**(૧) દ્રવ્યાનુયોગ—દ્રવ્ય અર્થાત્ આત્માને લગતા દૃષ્ટિવાદ** (છ એ દ્રવ્યનું વર્ણન) વિ.

**(૨) ચરણકરણાનુયોગ—** સાધુઓના આચારધર્મને લગતા કાલિક સૂત્રો, મહાકલ્પ, છેદસૂત્રો.

**(૩) ગણિતાનુયોગ—ભૂગોળ, ખગોળ, ગણિતશાસ્ત્ર** ને લગતા સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિવિ.

**(૪) ધર્મકથાનુયોગ—**ધર્મકથા કહીને તત્ત્વના સ્વરૂપને જેમાં સમજાવવામાં આવ્યું છે તેવા શ્રી—ઉત્તરાધ્યયન સૂત્ર વિ.

**અનુયોગ** :–સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ ફરમાવેલા અર્થ (વચન) ને અનુરૂપ જે કથન ગણધર ભગવંતો વિસ્તારથી કહે છે તેને "અનુયોગ" કહેવામાં આવે છે.

ઉપરોક્ત વર્ગીકરણ માત્ર સ્થૂળરૂપનું છે, કેમકે તે વર્ગીકરણના અનુયોગ અનુસાર જ તે તે સૂત્રોમાં કથન છે. તેવું નથી, પણ થોડા જ સૂત્રો જેવા કે સૂર્ય ને ચંદ્ર-પ્રજ્ઞપ્તિ છોડીને બાકીના શાસ્ત્રોમાં ચારે અનુયોગોનું કથન છે. પરંતુ તેમાં જે વિષય મૂખ્ય હોય તે ધ્યાનમાં લઈને ચારે અનુયોગોનું વર્ગીકરણ કરેલું છે. માટે તેમાં મૂખ્ય-તાએ તે વર્ગનો અનુયોગ અને ગૌણતાએ બાકીના ત્રણે અનુયોગ રહેલા છે તેમ સમજવું.

આગમોનું છેલ્લું વર્ગીકરણ વિ.સં. ૧૩૩૪માં રચાયેલ **"પ્રભાવક ચરિત્ર"** માં સર્વપ્રથમ જોવા મળે છે જે નીચે પ્રમાણે છે :–

**(૧) અંગ, (૨) ઉપાંગ, (૩) મૂળને (૪) છેદ,** આ વર્ગીકરણનો ઉપાધ્યાય સમયસુંદર ગણીએ પોતાના સમાચારી શતક પત્ર ૭૬માં ઉલ્લેખ કરેલ છે, અને પછીના આજ-લગીના આચાર્યોએ તેને માન્ય રાખેલ છે. આ વર્ગીકરણમાં દરેક અંગનું અકેક ઉપાંગ છે. અંગસૂત્રોમાં ઘણોજ ગુઢાર્થ રહેલો છે. તેથી તેના સંપૂર્ણ ભાવ સમજવા ખૂબ મુશ્કેલ લાગતા હતા. તેથી તેના ભાવ વધારે સ્પષ્ટ સમજાવવા ઉપાંગોની રચના કરવામાં આવી તેમ ઔપપાતિક ટીકામાં આ પ્રમાણે કહ્યું છે:–**અંગાર્થ સ્પષ્ટબોધવિધાયકાનાં ઉપાંગાની"** ॥ કયાં અંગનો કયો ઉપાંગ છે તે નીચે પ્રમાણે છે :–

| અંગસૂત્ર | ઉપાંગ |
|---|---|
| ૧ આચારાંગ | ઔપપાતિક |
| ૨ સૂત્રકૃતાંગ | રાજપ્રશ્નીય |
| ૩ સ્થાનાંગ | જીવાભિગમ |
| ૪ સમવાયાંગ | પ્રજ્ઞાપના |
| ૫ ભગવતીજી | જંબુદ્વિપપ્રજ્ઞપ્તિ |
| ૬ જ્ઞાતાધર્મકથાંગ | સૂર્ય " |
| ૭ ઉપાસકદશાંગ | ચંદ્ર " |
| ૮ અન્તકૃતદશાંગ | નિરયાવલિકા |
| ૯ અનુત્તરોવવાઈ | કલ્પાવતંસિકા |
| ૧૦ પ્રશ્નવ્યાકરણ | પુષ્પિકા |
| ૧૧ વિપાક | પુષ્પચુલિકા |
| ૧૨ દૃષ્ટિવાદ | વૃષ્ણિદશા. |

બાકીના સૂત્રોમાંથી અમુકને **"મૂળ"** અને અમુકને **"છેદ" સૂત્રો** કહ્યા. જે સૂત્રો સંયમના પાલનમાં મૂળભૂત સહાયરૂપ થતા હતા અને તેથી નવદીક્ષિતને જેનો સૌપ્રથમ સ્વાધ્યાય કરાવવામાં આવતો હતો તેને **"મૂળસૂત્રો"** કહ્યા. તેમાં સાધુના આચાર સંબંધી–મૂળ ગુણ અને ઉત્તર ગુણ સંબંધી, અને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું કથન છે, **તે મૂળ સૂત્રો ચાર માન્યા છે :– (૧) દશવૈકાલિક, (૨) ઉત્તરાધ્યયન, (૩) અનુયોગદ્વાર અને (૪) નંદીસૂત્ર.**

**છેદસૂત્રો** :– ચારિત્ર પાલનમાં સાધુ–સાધ્વીજીને કંઈ અતિચાર (દોષ) લાગી જાય, તો તેના નિવારણ અંગે જે જે પ્રાયશ્ચિત અપાય તેનું વિધાન અને વિધિ જેમાં છે તેને

"છેદસૂત્રો" કહ્યા. તે પણ ચાર છે, :—(૧) નિશીથ, (૨) વ્યવહાર, (૩) બૃહત્કલ્પ અને (૪) દશાશ્રુત સ્કંધ.

ઉપરના બાર અંગસૂત્રોમાંથી બારમું "દૃષ્ટિવાદ" વિચ્છેદ ગયું છે. તેથી ૧૧ અંગ + ૧૨ ઉપાંગ+ ૪ મૂળ અને ૪ છેદસૂત્રો મળી કુલ ૩૧ સૂત્રો થયા અને બત્રીસમું શ્રી **આવશ્યક સૂત્ર છે,** આ પ્રમાણે ૩૨ સૂત્રોને શ્રીસ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાયો તેમના સંપ્રદાયની શરૂઆતથી માન્ય રાખે છે, જેના ભાવ અનુક્રમે પાછળ કહીશું.

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ ઉપરોક્ત ૩૨ સૂત્રોમાં નીચે પ્રમાણે ૧૩ સૂત્રો ઉમેરીને કુલ ૪૫ સૂત્રોને માને છે. અંગ ને ઉપાંગ સૂત્રોને એમ જ માને છે. મૂળસૂત્રોમાં "આવશ્યક સૂત્ર"ને ગણે છે, અને તદુપરાંત "પિંડ નિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તિ ને ઉમેરી છ મૂળસૂત્રો અને છેદસૂત્રોમાં પણ બીજા બે (૧) મહાનિશીથ અને (૨) પંચકલ્પ ને ઉમેરી છને માને છે અને ૧૦ પઇન્ના અર્થાત્ પ્રકરણ ગ્રંથોને ઉમેરીને કુલ ૪૫ આગમ માને છે, દશ પ્રકરણ સૂત્રોના નામ આ પ્રમાણે છે :—(૧) આતુર પ્રત્યાખ્યાન, (૨) ભક્ત પરિજ્ઞા (૩) તન્દુલવૈચારિક (૪) ચંદ્રવેધ્યક, (૫) દેવેન્દ્રસ્તવ, (૬) ગણિવિદ્યા, (૭) મહાપ્રત્યાખ્યાન, (૮) ચતુઃશરણ, (૯) વીરસ્તવ અને (૧૦) સંસ્તારક

શ્રી દિગંબર મત મૂખ્યત્વે (૧) સમયસાર (૨) પ્રવચનસાર (૩) મૂલાચાર, આદિશાસ્ત્રો તેમના આચાર્યોએ રચ્યા છે. તેમને માને છે.

ઉપરોક્ત સૂત્રો ઉપરાંત આચાર્યશ્રી ઉમાસ્વાતિજી

રચિત **"તત્વાર્થ સૂત્ર"** છે. જે જૈનદર્શનના સંક્ષિપ્ત સારરૂપ છે, તેની વિશેષતા એ છે કે બધા ફીરકાઓ તેને માન્ય રાખે છે.

ઉપરોક્ત સૂત્રોની રચના બે પ્રકારે થઈ છે. (૧) **કૃત અને** (૨) **ઉદ્‌ધૃત.** જે આગમોનું નિર્માણ સ્વતંત્રપણે થયું છે જેવા કે અંગ અને ઉપાંગ તે **કૃતસૂત્રો** છે, અને જેની રચના કૃતસૂત્રો કે તેના અધ્યયનોમાંથી ઉદ્‌ધરીને કરવામાં આવી છે તેને **ઉદ્‌ધૃત સૂત્રો** કહ્યા છે. નીચે પ્રમાણે માન્યા છે :

**(૧) આચાર ચૂલા (૨) દશવૈકાલિક, (૩) નિશીથ (૪) દશાશ્રુતસ્કંધ, (૫) બૃહત્કલ્પ, (૬) વ્યવહાર**

**(૧) આચાર ચૂલા :–** શ્રી આચારાંગ સૂત્રના ગંભીર અર્થને સ્પષ્ટ કરવા માટે ચૌદપૂર્વી પહેલાં ભદ્રબાહુ સ્વામીએ "આચાર ચૂલા" રચી.-આચારાંગ નિર્યુક્તિ ગાથા ૨૮૮થી૨૯૧.

**(૨) દશવૈકાલિક સૂત્ર :–** ચૌદપૂર્વધર શ્રી શય્યંભવાચાર્યે જુદા જુદા પૂર્વોમાંથી "દશવૈકાલિક" ની રચના કરી જેમકે ચોથું અધ્યયન આત્મપ્રવાદપૂર્વથી, કર્મપ્રવાદ પૂર્વથી પાંચમું અધ્યયન, સત્યપ્રવાદપૂર્વથી સાતમું અધ્યયન, અને બાકીના બધા સાતે અધ્યયનો પ્રત્યાખ્યાન પૂર્વની તૃતીય (ત્રીજી) વસ્તુથી ઉદ્‌ધૃત કર્યા–**દશવૈકાલિક નિર્યુક્તિ ૧૬/૧૭.**

બીજા મત પ્રમાણે તે જ આચાર્યે તેમના પૂત્ર–શિષ્ય મનક ઋષિના આત્મશ્રેયાર્થે દ્વાદશાંગીમાંથી ઉદ્‌ધૃત કર્યાનું કહે છે,–દશવૈકાલિક નિર્યુક્તિ ગાથા–૧૮, જે નીચે પ્રમાણે છે :–

"બીઓઠવિ અ આખેસો,
ગણિપિડગાઓ દુવાલસંગાઓ ।
એઅં કિર ણિજ્જૂઢં મણગસ્સ
અણુગહટ્ઠાએ ॥ ૧૮ ॥

**૩ થી ૬** :– ચૌદપૂર્વી પહેલા ભદ્રબાહુ સ્વામીએ **"પ્રત્યાખ્યાન"** નામના નવમા પૂર્વની ત્રીજી વસ્તુ કે જે **"આચાર"** છે તેના વીસમા પ્રાભૃતચ્છેદથી **(૩) "નિશીથ" સૂત્ર**, અને સંપૂર્ણ **"પ્રત્યાખ્યાન" પૂર્વમાંથી (૪) દશાશ્રુતસ્કંધ, (૫) બૃહત્કલ્પ, અને (૬) વ્યવહાર સૂત્ર** ઉદ્ધૃત કર્યા છે.

આ સિવાય આગમ સિવાયના અન્ય ગ્રંથો–વિશેષે કરીને છ કર્મગ્રંથોનો ઘણો મોટોભાગ આ કર્મપ્રવાદ પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલો માનવામાં આવે છે.

**અર્થરૂપી વચન પ્રકાશવાનો પરમ હેતુ :-**

શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રના સંવરદ્વારમાં આ હેતુ બતાવતાં મહર્ષિઓએ કહ્યું છે :–

**"સવ્વ જગજીવ રક્ખણ દયટ્ઠયાએ પાવયણં ભગવયા સુકહિયં" ॥**

સર્વ તીર્થંકર ભગવંતો ચારે ઘાતીકર્મ ખપાવી સર્વજ્ઞ–સર્વદર્શી બને. એટલે પોતે તો કૃતકૃત્ય બની જાય છે. આયુષ્ય પૂર્ણ થયે નિર્વાણ પામી અવશ્ય મોક્ષે પધારવાના છે. તેમ છતાં નિષ્કારણ કરૂણાભાવે જે પોતે પામ્યા છે, તે અન્ય જીવો પણ પામે તે ઉદાત્ત હેતુથી પોતે વચન ભાખીને મોક્ષમાર્ગના પથપ્રદર્શક બને છે. તેમ પ્રશ્નવ્યાકરણસૂત્ર આ શબ્દોથી કહે છે :– **"સર્વ જગત્જીવોના કલ્યાણઅર્થે**

**સર્વજીવોની રક્ષા કરવા રૂપ અહિંસામય દયાધર્મની પરૂપણા કરતા (નિર્ગ્રંથ) પ્રવચન રૂડાભાવે કહ્યા."** આજ કારણથી સૂક્ષ્મજીવોની દયા પાળવારૂપ સૂક્ષ્મ અને વ્યાપક અહિંસાધર્મનું અને તેને અનુરૂપ આત્મસાધનાનું જે શ્રેણીબદ્ધ સ્વરૂપ આગમમાં કહેવામાં આવ્યું છે, તેવું વૈજ્ઞાનિક અને ક્રમબદ્ધ કથન અન્ય કોઈપણ ધર્મમાં કે ઈતર સાહિત્યમાં જોવા મળતું નથી. જૈન સૂત્ર–સિદ્ધાંતમાં વિચાર–વાણી અને વર્તનનો, વૃત્તિ, પ્રવૃત્તિ અને નિવૃત્તિનો, ભાવના અને કર્તવ્યનો જે સુમેળ જોવા મળે છે તેવો અન્ય કોઈ દર્શનમાં જોવા મળતો નથી. તેનું મૂખ્ય કારણ જીવ સંબંધી માન્યતાનું અધુરાપણું જણાય છે. કારણ કે અન્ય ધર્મો અહિંસાને જીવદયાને માનવા છતાં વનસ્પતિ, પાણી વગેરેમાં આપણા જીવ જેવો જ જીવ છે તેમ માનતા જ ન હતા. અનાદિકાળથી અનંત તીર્થંકર ભગવંતોએ પાંચે એકેંદ્રિય (૧) પૃથ્વી, (૨) પાણી, (૩) અગ્નિ, (૪) વાયુ અને (૫) વનસ્પતિમાં જીવ છે તેમ કહીને તેમની પણ દયા પાળવાનું કહ્યું છે. તે વાતને આજનું વિજ્ઞાન પણ સમર્થન આપે છે. તેથી તીર્થંકરોની વાત કેટલી સાચી હતી, અને યંત્રોની સહાય વગર જીવોનું આવું સૂક્ષ્મ સ્વરૂપ કેવી રીતે જાણ્યું હશે ? તે વિચારતાં થયા છે અને તેમના આ વિશાળ આત્મજ્ઞાનને સર્વજ્ઞતા ન કહેવાય તો બીજું શું નામ આપી શકાય તેમ પણ વિચારતાં થયા છે. **તીર્થંકરોના સર્વજ્ઞ–સર્વદર્શીપણાની આ અનન્ય સાબિતિ છે. તેથી જ તેમના વચનરૂપી આગમને અનન્ય, અદ્‌ભૂત, અને આત્મકલ્યાણ કરનારા શાસ્ત્રોમાં અણમોલ કહ્યા છે.** તેથી જ મહાયોગી આનંદઘનજી મહારાજ કહે છેઃ–

**"જિનવરમાં સઘળા દર્શન છે,**
**દર્શને જિનવર ભજના રે."**

અર્થાત્ જૈનદર્શન એવું તો સંપૂર્ણ છે કે બીજા સર્વ દર્શનોમાં જે કાંઈ ધર્મસ્વરૂપ કહ્યું છે, તે બધું જૈનધર્મમાં સમાઈ જાય છે, પણ જૈનધર્મમાં તત્વ અને સત્ય અર્થાત્ આત્માનું જે સ્વરૂપ કહ્યું છે, તે અન્ય દર્શનોમાં હોય પણ ખરૂં અને ન પણ હોય.

**આગમની–સૂત્રસિધ્ધાંતની મૂળ ભાષા :–**

શ્રી સમવાયાંગ અને ઔપપાતિક (ઉવવાઇ) સૂત્ર અનુસાર **બધા તીર્થંકર ભગવંતો સદાકાળ માટે અર્ધમાગધિ ભાષામાં જ વચન ભાખે છે, દેશના (બોધ) પ્રકાશે છે:–(૧) "ભગવં ચ ણં અધ્ધમાગહીએ ભાસાએ ધમ્માઇક્ખઇ।"** સમવાયાંગ સૂત્ર. અર્થાત્ તીર્થંકર ભગવંત અર્ધમાગધિ ભાષામાં ધર્મ કહે છે, **(૨) તએણં સમણં ભગવં મહાવીરે………… અધ્ધમાગહીએ ભાસાએ ભાસઇ।।"** ઉવવાઈ સૂત્ર. અર્થાત્ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ, ત્યારબાદ અર્ધમાગધિ ભાષામાં બોધ આપ્યો.

તીર્થંકર ભગવંતો વચન અર્ધમાગધિ ભાષામાં કહી સંભળાવે તેથી ગણધર ભગવંતો પણ સંપૂર્ણ દ્વાદશાંગીની રચના અર્ધમાગધિ ભાષામાં જ કરે છે. આ અનાદિકાળનો નિયમ છે, પરંપરા છે.

વળી આ ભાષા દેવભાષા છે. શ્રી ભગવતીજી સૂત્રમાં ગૌતમસ્વામી મહાવીરસ્વામીને પ્રશ્ન પૂછે છે:—પ્રભુ! દેવો કઈ ભાષામાં બોલે? તેનો જવાબ આપતા પ્રભુ ફરમાવે

**છે:–ગોયમા! દેવાણું અદ્ધમાગહીએ ભાસાએ ભાસંતિ "।** **૫–૪** અર્થાત્ ગૌતમ! દેવો અર્ધમાગધિ ભાષામાં બોલે છે.

શ્રી દશવૈકાલિક સૂત્રની વૃત્તિમાં હરિભદ્રાચાર્યે આ ભાષામાં જ સૂત્ર–સિદ્ધાંત રચવાનો હેતુ સમજાવતાં કહ્યું છેઃ–

**"બાલસ્રીમંદમૂર્ખાણાં નૃણાં ચારિત્રકાંક્ષિણામ્।**
**અનુગ્રહાર્થં સર્વજ્ઞૈઃ સિદ્ધાંત પ્રાકૃતે કૃતઃ॥**

**અર્થ**:– ચારિત્રધર્મની આરાધના ને સાધના કરનાર બાળક, સ્રી, મંદબુદ્ધિવાળા કે મૂર્ખ લોકો ઉપર કૃપા કરીને સર્વજ્ઞ ભગવાન સિદ્ધાંતની પ્રરૂપણા પાકૃતભાષામાં જ કરે છે. પરમાર્થ એ છે કે ભાષા બે પ્રકારની હોય (૧) પંડિતોની અર્થાત્ વિદ્વાનોની અને (૨) પ્રાકૃત અર્થાત્ ગ્રામ્ય લોકોની. પંડિતોની ભાષા **"સંસ્કૃત"** છે, જે સામાન્ય જનસમુદાય માટે સમજવી ને બોલવી કઠીન છે, અને સામાન્યજનો અર્થાત્, બાળક, સ્રી, મંદબુદ્ધિવાળા અને મૂર્ખ લોકો પણ સમજી શકે તેવી સરળ **પ્રાકૃત અર્થાત્ અર્ધમાગધિ ભાષા છે.** તેથી તેવા લોકો ઉપર અનુગ્રહ અર્થાત્ કૃપા કરીને સર્વજ્ઞ તીર્થંકરો અર્ધમાગધિભાષામાં બોધ આપે છે. જેની ગુંથણી કરીને ગણધર ભગવંતો પણ તે જ ભાષામાં શાસ્રો રચે છે, જેથી કરીને તેવા લોકો પણ ચારિત્રધર્મનું રૂડા ભાવથી પાલન કરીને માસતુષ મુનિવરની જેમ પોતાનું આત્મકલ્યાણ વહેલા વહેલા સાધી શકે. **સર્વજ્ઞ તીર્થંકરોનો કેટલો ઉદ્દાત હેતુ છે.**

**અર્ધમાગધિ ભાષામાં માગધિ અને દેશી ભાષાના શબ્દોનું મિશ્રણ છે. તેથી અર્ધમાગધિ ભાષા કહેવાય છે.**

**આગમ–જ્ઞાનનો અક્ષયનિધિ :–**

જિનાગમ જ્ઞાનનો અખૂટ ખજાનો છે. **અધ્યાત્મ-જ્ઞાનનો અનુપમ કોષ છે.** તેમાં જીવાજીવ સંબંધી તત્ત્વચિંતન, આત્મધર્મનો કલ્યાણકારી બોધ, તો અનુપમ છે જ, તદુપરાંત છ શાશ્વતા દ્રવ્ય, લોકાલોકનું સ્વરૂપ, જીવ-શાસ્ત્ર, પરમાણુ પુદ્‌ગલશાસ્ત્ર, ચૌદરાજલોકનું ભૌગોલિક વિવરણ, ખગોળશાસ્ત્ર, ગણિતની અનન્ય વિસ્તૃત છણાવટ; ઈતિહાસ, કર્મસ્વરૂપની વિશદ છણાવટ, ચાર ગતિ અને ચોરાસી લાખ જીવાયોનિનું સ્વરૂપ, કર્મની નિર્જરા રૂપ છ બાહ્ય અને છ આભ્યંતર તપનું સ્વરૂપ, છ લેશ્યાનું સ્વરૂપ, રાવી અને પ્રત્યાખ્યાનનું હિતકારી સ્વરૂપ, ઉપરાંત ભૌતિક વિજ્ઞાન, આયુર્વેદ, સંગીત, નાટક, સમાજશાસ્ત્ર, વગેરે વગેરે વગેરે સાહિત્યના પ્રત્યેક અંગની ઉત્તમ કૃતિઓ અને ટુંકમાં જીવનના પ્રત્યેક પાસાને સ્પર્શનારા દરેક વિભાગનું સંપૂર્ણ વિવરણ તેમાં હતું. તેમાંનું આ કાળ ઉતરતો હોવાથી, ઘણું જ્ઞાન વિચ્છેદ ગયું. તેમ છતાં હાલમાં જે કાંઈ પ્રાપ્ત છે, તે પણ અન્ય દર્શનોની અપેક્ષાએ સાગરસમાન વિશાળ ગણાય છે, તે જ **જિનાગમની મહત્તા છે.**

શ્રી તીર્થંકર ભગવંત પ્રરૂપિત દરેક સૂત્ર અનંતગમ અને અનંત પર્યાયોથી યુક્ત હોય છે. તેથી સર્વજ્ઞ કેવળી ભગવંત સિવાય તેના સંપૂર્ણ ભાવભેદને અન્ય કોઈ કહી શકે નહિ. કેવળી ભગવંત પણ જેટલું જાણે, અનુભવે તેટલું બધું કહી શકે નહિ. કારણ કે કહેવાનું માધ્યમ ભાષા અર્થાત્ શબ્દો છે. જે જડપુદ્‌ગલની બનેલી છે. તેથી ચૈતન્ય સ્વરૂપ આત્મા પોતાના જ્ઞાનમાં જેટલું જાણે, અનુભૂતિ કરે તેટલું કહેવાનું સામર્થ્ય જડ પુદ્‌ગલની બનેલી ભાષાનું ન

હોવાથી શબ્દોથી કહી શકાય નહિ. વળી ભગવંતનું આયુષ્ય મર્યાદિત છે ને કહેવાની વસ્તુ ને ભાવ અનંત છે, તેથી પણ સંપૂર્ણ કહી શકે નહિ. તત્ત્વ કેવળીગમ્ય સમજવું. તે અનુભૂતિ, શબ્દાતીત છે, માત્ર અનુભવગમ્ય છે. એટલે જ પરમાત્માનું સ્વરૂપ અચિંત્ય, અવર્ણનીય, અગમ્ય છે એમ હિંદુધર્મના ધર્મશાસ્ત્ર વેદોએ પણ કહીને એને **"નેતિ નેતિ"ન ઇતિ** અર્થાત્ આત્માનું સ્વરૂપ આવું છે? તો કે ના! આવું તો નથી, તો આવું છે? ફરી કહે ના! આવું પણ નથી. આમ વેદોએ નિષેધાત્મક રીતે અવર્ણનીય શબ્દાતીત કહ્યું.

વળી સર્વજ્ઞ ભગવંતો જેટલું શબ્દો–સૂત્રોથી કહે છે. તેટલું ગણધર ભગવંતો પણ સંપૂર્ણ યથાતથ્ય ભાવ ભેદ સહિત ગ્રહણ કરી શકે નહિ, જેટલું ગ્રહણ કરે તેટલું શબ્દ વડે કથન કરી શકે નહિ. એ પ્રમાણે ગુરૂ–શિષ્ય પરંપરાથી સમજવુ. આવું પાર ન પામી શકાય તેવું અફાટ મહાસાગર જેવું સર્વજ્ઞ પ્રરૂપિત આ શ્રુતજ્ઞાન છે. તેથી જ તેનો પરમ મહિમા શાસ્ત્રકારોએ ઠેર ઠેર બતાવ્યો છે.

**ગમ કે ગમા** એટલે સૂત્રમાં રહેલા "અર્થને જાણવાનો માર્ગ." સૂત્રમાં જે કાંઈ અર્થબોધ રહેલો છે, તેને સ્પષ્ટ કરવામાં જે પ્રયોજનભૂત માર્ગો રહેલા છે, તે બધા **ગમા–ગમ** કહેવાય છે. **અર્થબોધની જે શાબ્દિક શક્તિ તે ગમ.** તે કથન કે લેખન બંને સ્વરૂપે હોય. એકેક સૂત્રના સાત નય આશ્રિત, અસ્તિ–નાસ્તિ આદિ સપ્તભંગ આશ્રિત, ગતિ–ઈંદ્રિય– ઉદ્દેશ, સ્વામિત્વ આદિ માર્ગણા દ્વારોથી

એક જ સૂત્રના અનંત ગમ બની શકે છે જેના સંપૂર્ણ ભાવભેદ કેવળજ્ઞાની ચૌદ પૂર્વધર શ્રુતકેવળી જ યથાર્થ કહી શકે.

તે જ પ્રમાણે પ્રત્યેક સૂત્રના પર્યાય પણ અનંતા છે, **પર્યાય એટલે અવસ્થા.** તેના બે ભેદ છે : (૧) **અનુવૃત્તિ પર્યાય અને (૨) વ્યાવૃત્તિ પર્યાય** એટલે કે (૧) વિધેયાત્મક કે "હકારાત્મક" પર્યાય તે અનુવૃત્તિ અને (૨) નિષેધાત્મક કે "નકારાત્મક" પર્યાય તે વ્યાવૃત્તિ.

**અનુવૃત્તિ પર્યાય** એટલે વસ્તુના સ્વરૂપમાં જે તદ્દરૂપ છે તે જેમકે માટીનો ઘડો, તેમાં માટીપણું ઘડાનાં સ્વરૂપની સાથે તદ્દરૂપ છે. હીરામાં ચમક સ્વાભાવિક તદ્દરૂપ છે. તે અનુવૃત્તિ પર્યાય કહેવાય.

**બીજી "વ્યાવૃત્તિ પર્યાય"** જે નકારાત્મક છે. જેમકે ઘડો સુતરનો નથી. સુતર તો વસ્ત્રની અનુવૃત્તિ છે; પણ માટીના ઘડાની નથી. તેવી નકારાત્મક પર્યાય તે **"વ્યાવૃત્તિ પર્યાય"** કહેવાય છે.

**શંકા :–** માટીપણું એ ઘડાનો પર્યાય સમજી શકાય, પણ સૂતરપણું ઘડાનો પર્યાય કેમ વિચારી શકાય ?

**સમાધાન :–** વસ્તુના સ્વરૂપને દરેક પાસાથી યથાર્થ સમજવાની આ અનન્ય પદ્ધતિ છે, જૈનદર્શનની જ આ આગવી વિશેષતા છે. જે પ્રકારે માટીપણાનું વિધાન ઘડા માટે થાય છે. તે પ્રકારે સૂતરપણાનો નિષેધ પણ ઘડાને બરાબર લાગુ પડે છે. જેમકે માટીનો શું ? તો જવાબ મળે કે "ઘડો". તે જ પ્રમાણે સુતરનું શું નહિ ? તો કે "માટીનો

ઘડો". આ જવાબ "માટીના ઘડા" માટે બરાબર ઘટે છે, આ પ્રમાણે ઘડાની બે અવસ્થા (૧) માટીમય વિધેયાત્મક અને (૨) સૂતરમય નિષેધાત્મક. આ બંને ઘડાની પર્યાય અર્થાત્ અવસ્થા કહેવાય. આમ એક પદાર્થના અનંત પર્યાય ઘટાવી શકાય; એટલે પર્યાય અનંત કહ્યા.

આ પ્રમાણે પ્રત્યેક સૂત્રનું એટલે કે જિનકથીત "અર્થ" કે "વચન"નું વિવરણ સર્વ પ્રકારના ગમ અને પર્યાય વડે થાય, ત્યારે તે સૂત્રનું સંપૂર્ણ વિવરણ થયું ગણાય. તેવું વિવરણ **અનંતજ્ઞાની સિવાય કોણ કરી શકે?"**

આવા અત્યંત આત્મકલ્યાણકારી એકાંતે ઉપકારી આગમનું જ્ઞાન મેળવીને જે મુમુક્ષુ જીવાત્મા **"હેય–જ્ઞેય અને ઉપાદેય" બુદ્ધિથી તત્ત્વને ગ્રહણ કરે છે, તેને જ વિવેકી સમ્યગ્દૃષ્ટિ સમજવા.** જીવાજીવાદિ તત્ત્વોને યથાર્થ જાણવા તે **"જ્ઞેય"**ની આરાધના છે, યથાર્થ જાણીને જીવની અત્યંત વિશુદ્ધ દશા તે પરમાત્મદશાને પ્રાપ્ત કરવામાં, રાગ–દ્વેષ, વિષય–કષાયો આદિ જે બાધક તત્ત્વો છે, તેને સંપૂર્ણપણે છોડવાનો પુરૂષાર્થ કરવો તે **"હેય"**ની આરાધના છે, અને **આત્મસાધનામાં જે ઉપકારી તત્ત્વ છે તેવા સંવર અને નિર્જરા અને મોક્ષ તત્ત્વની** અર્થાત્ સમભાવ કેળવવા માટે સામાયિકાદિ ક્રિયા અનુષ્ઠાનની, જેથી નવા અશુભ કર્મના બંધ અટકે, અને પૂર્વસંચિત કર્મ ભસ્મીભૂત કરવા માટે અણસણ, સ્વાધ્યાય, ધ્યાનાદિ તપ, સંયમ અનુષ્ઠાનની આરાધના કરવી તે **"ઉપાદેય"**ની અર્થાત્ આચરવા યોગ્ય કર્તવ્યોની આરાધના છે.

આવા અનુપમ અર્થગંભીર આગમની સ્તુતિ કરું છું :–

જિનવાણીનું માહાત્મ્ય (સ્રગ્ધરા છંદ)

જે શ્રી તીર્થંકરોના, અનુપમ અતિશયે,
નીકળી કંઠ દ્વારા,
સૌમ્યા સંપૂર્ણ સત્યા, વદન વિવરની,
પુષ્કરાવર્ત ધારા,
શોભે સ્યાદ્વાદ રૂપે, મધુર મૃદુ અતિ,
ભવ્યને તારનારી,
એવી વાણી જિનોની, પરમહિતકારી,
વિશ્વ– આહ્લાદકારી...૧
આજે દુઃખાર્ત આરે, વિષમ સમયમાં,
એક આધાર તારો,
બાકી કલ્પિત ભાખે, નિજમતિ વચને,
એ જ રસ્તો નઠારો,
તારી સુશાંત વાણી, સકલ ભય હરે,
એ જ મૂર્ખો ઉથાપે,
તારી આજ્ઞા અમોને, અતુલ સુખ કરે,
સદ્ય સંસાર કાપે...૨

(૨)

સંસારસાગર તારવા "જિનવાણી" છે નૌકાભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના, એ નાવ પણ તારે નહિં.
આ કાળમાં શુદ્ધ આત્મજ્ઞાની,
સુકાની બહુ બહુ દોહ્યલા,
મુજ પુણ્યરાશી ફળ્યો,
અહો ! સદ્‌ગુરુ સમ નાવિક મળ્યા.

શ્રી શિવકોટી આચાર્ય ભગવતી આરાધનામાં કહે છે :–

**ણિઉણં વિઉલં સુદ્ધં,**
**ણિકાચિદમણુત્તરં સ સવ્વહિદં ।**
**જિણવયણં કલુસહરં,**
**અહો વ રત્તિં પઢિદવ્વં ॥ ૧૦૧ ॥**

હે આત્મન્! **જિનવચન** પ્રમાણને અનુકુળ પદાર્થોને કહેનારા છે તેથી **"નિપુણ"** છે, તથા બહુ "વિપુલ" અર્થાત્ વિસ્તારવાળા જેના અર્થ છે. તેવા છે, પૂર્વાપર વિરોધ રહિત તથા દોષરહિત હોવાથી "શુદ્ધ" છે, અત્યંત **"દઢ"** છે, **"અનુત્તર"** છે, અર્થાત્ એના જેવા અન્ય કોઈ વચન નથી, સર્વ પ્રાણીમાત્રને **હીતકારી** છે, અને **રાગાદિ મેલને**–હરનારા છે, માટે **જિનવાણી રાત્રિદિવસ સ્વાધ્યાય કરવા યોગ્ય છે.** (૧૦૧)

**આદહિદપરિણ્ણાણભાવસંવરોણવણવો ય સંવેગો ।**
**ણિસંપદા તવોભાવણા ય પરદેસિગત્તં ચ ॥૧૦૨॥**

જિનવાણીને ભણવાથી આત્મહિતનું જ્ઞાન થાય છે, સમ્યક્ત્વ આદિ ભાવસંવરની દઢતા થાય છે, મોક્ષાભિલાષી-રૂપી સંવેગ આવે છે, ધર્મમાં નિશ્ચળતા થાય છે, તપ કરવાની ભાવના થાય છે, અને પરને ઉપદેશ દેવાની યોગ્યતા આવે છે. (૧૦૨)

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૩૬।૨૬૧માં ફળ બતાવે છેઃ–

**જિણવયણં અણુરત્તા,**
**જિણવયણ જે કરંતિ ભાવેણ ।**
**અમલા અસંકિલિટ્ઠા,**
**તે હુંતિ પરિત્તસંસારી ॥૨૬૧॥**

જિનવચનનો જે અનુરાગી છે, અને જે ભાવપૂર્વક જિનવચનની અર્થાત્ જિનેશ્વરે કહેલા માર્ગની ભાવપૂર્વક આરાધના કરે છે, તે કર્મમળ રહિત થઈ નિર્મળ થાય છે, રાગ—દ્વેષાદિ—સંકલેશોથી મુક્ત બને છે, અને મર્યાદિત સંસારવાળા થાય છે. અર્થાત્ ટૂંક સમયમાં મોક્ષ પામે છે.

## શ્રુતપુરૂષ

દ્વાદશાંગીને "અંગ" સૂત્રો હેતુપૂર્વક કહ્યા છે. ચૌદ રાજલોકની જેમ જ દ્વાદશાંગીની પણ એક **"શ્રુતપુરૂષ"** હોવાની કલ્પના કરી છે; અને પુરૂષના શરીરમાં જેમ મુખ્ય બાર અંગ હોય છે—બે પગ, બે જાંઘ, બે સાથળ, બે ગાત્રાર્થ (પેટ અને વાંસો), બે હાથ, ગળુ કે કંઠ, અને મસ્તક, તેવી જ રીતે **શ્રુતજ્ઞાનના પણ બાર શાસ્ત્ર રચીને** જાણે શ્રુત પુરૂષના બાર અંગ કેમ ન હોય. તેમ ગણીને **"અંગ"** નામ આપ્યા છે. તે નીચે પ્રમાણે છે. ઉપરાંત કયુ અંગ કયા સૂત્રનું છે તે પણ કહ્યું છેઃ—

| ૧૨ અંગ પુરૂષના | ૧૨ અંગ શ્રુતના | | ૧૨ ઉપાંગ |
|---|---|---|---|
| | મૂળ : પ્રાકૃતમાં | સંસ્કૃતમાં | |
| ૧ જમણો પગ | આયારો | આચારાંગ | ઉવવાઈ |
| ૨ ડાબો પગ | સૂયગડાંગ | સૂત્રકૃતાંગ | રાયપસેણિ |
| ૩ જમણી જાંઘ | ઠાણાંગ | સ્થાનાંગ | જીવાભિગમ |
| ૪ ડાબી જાંઘ | સમવાઓ | સમવાયાંગ | પન્નવણા |
| ૫ જમણો સાથળ | વિવાહપણ્ણત્તિ | ભગવતી | જંબુદ્વીપ પન્નતિ |
| ૬ ડાબો સાથળ | ણાયાધમ્મકહાઓ | જ્ઞાતાધર્મકથા | ચંદ્ર પન્નતિ |
| | | | સૂર્ય ,, |
| ૭ પેટ | ઉવાસકદસાઓ | ઉપાસકદશાંગ | નિરિયાવલિકા |
| ૮ પીઠ (વાંસો) | અંતગડ | અંતઃકૃતદશાંગ | કપ્પવડિંસિયા |
| ૯ જમણો હાથ | અણુત્તરોવવાઈય | અનુત્તરોપપાતિક | પુપ્ફિયા |
| ૧૦ ડાબો હાથ | પણ્હાવાગરણાઈં | પ્રશ્નવ્યાકરણ | પુપ્ફચુલીઆ |
| ૧૧ ગ્રીવા—ગળું | વિવાગસુઅં | વિપાકસૂત્ર | વહ્નિદશા |
| ૧૨ મસ્તક—માથું | દિટ્ઠિવાઓ | દૃષ્ટિવાદ (વિચ્છેદ છે.) | |

ઉપરોક્ત મૂળ બાર અંગ સૂત્રોને "દ્વાદશ" અર્થાત્ બાર (૧૨) અને "અંગ" અર્થાત્ અંગસૂત્ર એમ સમાસ બનાવીને **જૈનદર્શનમાં "દ્વાદશાંગી"** કહી છે. તેમાં પ્રરૂપેલા ભાવ ત્રણે કાળમાં એક સરખા જ હોય છે. **દયામય અહિંસાધર્મના જ હોય છે. તેથી દ્વાદશાંગીને શ્રી સમવાયાંગ સમવાય ૧૪૮માં નીચે પ્રમાણે શાશ્વતી કહી છે :–**

**"દુવાલસંગે ણં ગણિપિડગે ણ કયા વિ ણત્થિ, ણ કયાઇ ણાસિ ણ કયાઈ ણ ભવિસ્સઇ, ભુવિય, ભવતિ ય ભવિસ્સતિ ય, અચલે ધુવ્વે, ણિતિએ, સાસએ, અક્ખએ, અવ્વએ, અવઠ્ઠિએ, ણિચ્ચે."** અર્થાત્ દ્વાદશાંગી રૂપ આ ગણિપિટક, ક્યારેય પણ હતું નહિ, ક્યારેય પણ છે નહિ, અને ક્યારેય પણ હશે નહિ એમ બનતું નથી, અર્થાત્ ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે, અને ભવિષ્યમાં પણ સદાકાળ રહેવાનું છે, તેથી તે અચળ ધ્રુવ, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે."

એ દ્વાદશાંગીને બીજી રીતે **"ગણિપિટક"** પણ શાસ્ત્રમાં કહી છે. તે એ રીતે કે દ્વાદશાંગીમાં મુખ્યત્વે સાધુ–સાધ્વીજીઓના આચાર કેવા હોય, અને તે આચારધર્મને કેવા ઉપયોગપૂર્વક પાળવો તેનું જ મુખ્યત્વે કથન છે, કે જેથી અનંતા તીર્થંકરોએ ઉપદેશેલો **દયામય અહિંસા ધર્મ જતનાપૂર્વક પળાય.** હવે તે આચારધર્મ જે પોતે પાળે અને બીજા સાધુઓ પાસે પળાવે તેને **"ગણિ"** કહેતાં આચાર્ય કહ્યા છે; અને તેમના આચારપાલનના નિયમો જેમાં રહેલાં છે તેવી **"પિટક"** કહેતાં **"પેટી"**

રૂપ તે દ્વાદશાંગી છે. જેમ વસ્ત્રો પેટીમાં ભરાય તેમ સંયમીઓના વ્રત નિયમ પ્રત્યાખ્યાનરૂપી વસ્ત્રો ભરવાની દ્વાદશાંગી જાણે પેટી કેમ ન હોય તેમ ગણીને તેને "ગણિ-પિટક" પણ કહ્યું છે; એટલે કે **આચાર્યની આચાર પાળવાની અને પળાવવાની પેટી.**

**કાલિક સૂત્રો ૨૩ છે:–** શ્રી આચારાંગથી વિપાકસૂત્ર સુધીના (૧૧) અંગસૂત્રો (૧૨) ઉત્તરાધ્યયન, (૧૩) દશાશ્રુત (૧૪) વ્યવહાર, (૧૫) નિશીથ, (૧૬) જંબુદ્વીપ પન્નતિ, (૧૭) ચંદ્રપન્નતિ (૧૮ થી ૨૨) નિરિવલિયા, કપ્પવ-ડિંસિયા, પુપ્ફિયા, પુપ્ફચુલિયા અને વહ્નિદશા–(૨૩) બૃહત્કલ્પ એ બધા મળી કુલ ૨૩.

**ઉત્કાલિક સૂત્રો ૯ છે :–** (૧) દશવૈકાલિક (૨) ઉવ-વાઈ, (૩) રાયપસેણી, (૪) જીવાભિગમ, (૫) પન્નવણા, (૬) નંદીસૂત્ર, (૭) અનુયોગદ્વાર, (૮) સૂર્યપન્નતિ અને (૯) દૃષ્ટિવાદ. આમાં દૃષ્ટિવાદ વિચ્છેદ ગયું છે.

**સ્વાધ્યાય કાળ :–**

૩૨ પ્રકારની નીચેની અસજ્ઝાય ટાળીને કરવો :–

(૧) નજીકમાં હાડકું પડયું હોય.
(૨) નજીકમાં માંસ પડયું હોય.
(૩) નજીકમાં લોહી પડયું
(૪) નજીકમાં વિષ્ટા પડી હોય.
(૫) નજીક સ્મશાનમાં મડદું બળતું હોય.
(૬) ચંદ્રગ્રહણ
(૭) સૂર્યગ્રહણ
(૮) મોટા માણસનું મૃત્યુ થયું હોય.

(૯) લડાઈ આદિનું વિઘ્ન હોય.
(૧૦) નજીકમાં પંચેંદ્રિનું શબ હોય.
(૧૧) તારા ખર્યા હોય.
(૧૨) દશે દિશાઓ રાતી બની હોય.
(૧૩) અકાળે ગાજવીજ થતી હોય.
(૧૪) અકાળે વીજળી થતી હોય.
(૧૫) અકાળે કડાકા થતા હોય.
(૧૬) બીજના ચંદ્રને રોજ ચાર ઘડી.
(૧૭) આકાશમાં યક્ષના ચિહ્ન થતાં હોય.
(૧૮) ધુમસ પડતી હોય.
(૧૯) ઠાર તથા ઝાકળ પડતા હોય.
(૨૦) વાવાઝોડું વાતું હોય.
(૨૧) અષાડ શુદ ૧૫
(૨૨) અષાડ વદ ૧
(૨૩) કારતક શુદ ૧૫
(૨૪) કારતક વદ ૧
(૨૫) ચૈત્ર શુદ ૧૫
(૨૬) ચૈત્ર વદ ૧
(૨૭) ભાદરવા શુદ ૧૫
(૨૮) ભાદરવા વદ ૧
(૨૯) સૂર્યોદય પહેલા અને પછી બે ઘડી
(૩૦) મધ્યાહ્ન પહેલા અને પછી બે ઘડી
(૩૧) સૂર્યાસ્ત પછી અને પહેલા બે ઘડી સુધી
(૩૨) મધરાતે બે ઘડી સુધી.

**નોંધ** :– બે ઘડી આગળની ૧ ઘડી ને પાછળની ૧ ઘડી જેમકે બપોરે ૧૨ વાગે બે ઘડી એટલે ૧૨ વાગ્યા પહેલાની એક ને પછીની એક એમ બે ઘડી ગણવી.

**કાલિક અને ઉત્કાલિક સૂત્રોને** સ્વાધ્યાય કાળ :–

શ્રી ઉત્તરાધ્યયન આદિ કાલિક સૂત્રોનો સ્વાધ્યાય કાળ

દિવસ અને રાત્રિનો પહેલો અને ચોથો પ્રહર કહ્યો છે. ઉત્કાલિક સૂત્રોનો સ્વાધ્યાય કાળ ત્રણ સંધ્યાના કાળ સિવાય અન્ય સર્વ સમયે કરી શકાય. સંધ્યા સવારે ને સાંજે સૂર્યોદય, સૂર્યાસ્ત અને મધ્યાહ્નનો સમય જાણવો.

કાલિક સૂત્રો ઉપર મુજબ ૨૩ છે અને ઉત્કાલીક સૂત્ર વર્તમાનમાં મળી કુલ ૩૧ માન્ય સૂત્રો હાલ છે જેનો સ્વાધ્યાય ૩૨ પ્રકારની અસઝઝાય ટાળીને કાલ પ્રમાણે કરવો, ૩૨માં આવશ્યક સૂત્રને આ દોષ લાગતા ન હોવાથી ગમે ત્યારે ભણી શકાય છે.

**સ્વાધ્યાય શરૂ કરતાં પહેલાં તપસ્યા :–**

સૂત્ર સિદ્ધાંતના સ્વાધ્યાય શરૂ કરતી વખતે દરેક સૂત્ર માટે જુદા જુદા જોગ અર્થાત્ તપસ્યા કરવાનુ ફરમાન કરવામાં આવેલ છે. તે માટે બહુશ્રુત પ. પૂ. સમર્થમલજી મહારાજશ્રીએ તેમનાં "સમર્થ સમાધાન" નામના ગ્રંથમાં પ્રશ્ન ૧૦૩૭માં જણાવ્યું છે કે :–

"સૂત્ર ભણતાં જે આયંબીલ તપ કરાવવામાં આવે છે, તેને **"ઉપધાન"** તપ કહે છે. પ્રવચન સારોદ્ધારની ટીકામાં **"ઉપધાન"** ની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરી છે, **"ઉપ"=સમીપે ધીયતે ક્રિયતે સૂત્રાદિકં યેન તવસા તદુપધાનમ્"** અર્થાત્ જે તપ વડે સૂત્ર–સિદ્ધાંતની વાંચણી સ્વાધ્યાય, આદિની શરૂઆત કરવામાં આવે છે. તેને **"ઉપધાન"** તપ કહેવામાં આવે છે.

તે આયંબિલ તપ કયા કયા સૂત્રો માટે કેટલું કેટલું કરવાનું છે તેની ધારણા નીચે પ્રમાણે છે :– **અંગ સૂત્રો– ૧૧,** (૧) આચારાંગ સૂત્ર–૫૦ (૨) સૂયગડાંગ–૩૦,

(૩) ઠાણુાંગ–૧૮, (૪) સમવાયાંગ - ૩, (૫) ભગવતી સૂત્ર-૧૮૬, (૬) જ્ઞાતાધર્મકથા–૩૩, (૭) ઉપાસકદશાંગ–૧૪, (૮) અંતગડ સૂત્ર–૧૨, (૯) અનુત્તરોવવાઈ–૬, (૧૦) પ્રશ્નવ્યાકરણ–૨૪, (૧૧) વિપાક સૂત્ર–૨૪, કુલ આયંબિલ–૩૯૧.

**ઉપાંગ સૂત્રો–૧૨** :— (૧૨) ઉવવાઇ–૩. (૧૩) રાયપસેણિય–૩, (૧૪) જીવાભિગમ–૩, (૧૫) પન્નવણાજી –૩, (૧૬) જંબુદ્વિપ પન્નતિ–૧૦, (૧૭) ચંદ્ર પન્નતિ–૩, (૧૮) સૂર્ય પન્નતિ–૩ અને (૧૯થી૨૩) નિરયાવલિકાદિ પાંચ સૂત્રો–૭ કુલ ૩૫ આયંબિલ.

**મૂળ સૂત્રો ૪** :–(૨૪) નંદીસૂત્ર–૩, (૨૫) અનુયોગ દ્વાર–૮, (૨૬) ઉત્તરાધ્યયન–૨૯ (૨૭) દશવૈકાલિક સૂત્ર–૧૫, કુલ આયંબિલ ૫૫,

**છેદ સૂત્રો ૪** :– (૨૮) નિશીથ–૧૦, (૨૯) વ્યવહાર-(૩૦) બૃહત્કલ્પ, અને (૩૧) દશાશ્રુત સ્કંધ–એ ત્રણે સૂત્રની મળીને–૨૦, કુલ ૩૦, બધી મળીને કુલ ૫૧૧ આયંબિલ.

આમ ૩૧ સૂત્રો માટે કુલ ૫૧૧ આયંબિલ તપ કરવાનું વિધાન છે, તે તપ સૂત્ર ભણુતી વખતે કરવાનું છે. જ્ઞાનના ૧૪ અતિચારોમાં એક અતિચાર **"જોગહીણં"** છે, જેનો અર્થ "જોગ" કહેતાં **"ઉપધાન તપ"** કર્યો છે; અને "જોગહીણું" કહેતાં ઉપધાન તપ કર્યા વિના સૂત્ર સિદ્ધાંત ભણાયા હોય એમ પણ થાય છે; અને ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૧૧માં **વસે ગુરૂકુલે નિચ્ચં, જોગવં ઉવહાણવં"** અર્થાત્ ઉપધાન તપ કરતો સદા ગુરૂકુળમાં વસે કહીને ત્યાં પણ ઉપધાન તપ કરવાનું કહેલ છે. તો

જેમની છતી શક્તિ હોય તે સાધુ—સાધ્વીજીઓ એ સૂત્રાભ્યાસ શરૂ કરતાં પહેલાં આવશ્યક તપ અવશ્ય કરવું જોઈએ.

**આગમનું જ્ઞાન એ જ અધ્યાત્મ જ્ઞાન છે.**

અધ્યાત્મ જ્ઞાન એટલે આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરીને આત્માના સ્વરૂપને ઓળખાવનારું જ્ઞાન, **"અધ્યાત્મ"** શબ્દ એ સંસ્કૃતભાષાનો સમાસ છે. **"અધિ" એટલે 'જાણવું,'** અને **"આત્મ" એટલે "આત્મા," તેથી "અધ્યાત્મનો અર્થ થયો"** "આત્માને જાણવો" તે "અધ્યાત્મ." અર્થાત્ આત્માના સ્વરૂપને જણાવનારું જે જ્ઞાન તે અધ્યાત્મ જ્ઞાન, અને તેને લગતા શાસ્ત્રો તે અધ્યાતમ શાસ્ત્રો અર્થાત્ આગમ. સર્વ આસ્તિક ધર્મોમાં આ જ વાત છે. હિંદુધર્મ કહે છે, **"આત્માનં વિદ્ધિ"** ખ્રિસ્તીધર્મ કહે છે :—"Know Thyself"—આ બધા વાક્યોનો એક જ અર્થ છે. **"આત્માને જાણો."** જૈન આગમની વિશેષતા માત્ર એટલી જ છે કે તેમાં આત્માના ત્રણે સ્વરૂપની (૧) બહિરાત્મદશા, (૨) અંતરાત્મદશા અને (૩) શુદ્ધ પરમાત્મદશાની બહુ જ ઝીણવટની સાથે જ અત્યંત વિસ્તારથી—જીવાત્માના ઉદ્‌ગમસ્થાન નિગોદ અવસ્થાથી માંડીને અત્યંત વિશુદ્ધ પરમાત્માદશા એવી સિદ્ધદશા સુધીની છણાવટ કરી છે. આ છણાવટ કરીને એમ પ્રતિપાદન કર્યું છે કે સાચું સુખ, સાચી શાંતિ, સાચી સમાધિ—આત્માની પોતાના આત્મામાં જ રહેલી છે. બાહ્ય ભૌતિક પદાર્થોમાંથી સુખશાંતિ કદાપિ જીવાત્માને મળતા નથી. આ રીતે **જૈનદર્શનનો પ્રાણ જ અધ્યાત્મ જ્ઞાન છે.** શરીરમાં જેવું સ્થાન હરપળે ધબકતા હૃદયનું છે; તેવું જ સ્થાન આત્માર્થી સાધકના જીવનમાં **"અધ્યાત્મજ્ઞાનનું"** રહેલું છે.

અધ્યાત્મજ્ઞાનનો મહિમા ગાતા કહે છે :—

**દમસમ સમત્તમિત્તી–સંવેય વિવેય તિવ્વનિવ્વેયા।**
**એએય ગૂઢ અપ્પાવ, બોહબીયસ્સ અંકુરા ॥**

અર્થ :– "દમ" અર્થાત્ પાંચે ઇંદ્રિયોને દમવી તે, "સમ" એટલે ક્રોધમાનાદિ ચાર કષાયોથી નિવૃત્તિ, "સમત્ત" એટલે સમભાવ, "મિત્તી" એટલે સર્વ જીવો પ્રત્યે મૈત્રી-ભાવ,—**"આત્મવત્ સર્વભૂતેષુ"** પ્રાણીમાત્રને પોતાના આત્મા સમાન ગણીને તેમને પીડા **ન** પહોંચાડવી તે "મૈત્રીભાવ" છે. "સંવેગ" એટલે મોક્ષની અભિલાષા, વિવેક એટલે શરીર તે "હું" અર્થાત્ "આત્મા" નથી, અને "આત્મા" તે શરીરથી સાવ નિરાળો છે, એવું જે ભેદ વિજ્ઞાન થાય તે "વિવેક" છે, અને તીવ્ર નિર્વેદ અર્થાત્ ગાઢો વૈરાગ્યભાવ, એટલે સંસાર અને સંસારીભાવોનો અત્યંત કંટાળો–આ બધા આત્માના ગુણો એ **"બોધિબીજ"** ના અર્થાત સમ્યગ્ દર્શનના અંકુરા છે. સમક્તિરૂપી બીજના આ બધા ફણગા અર્થાત્ ગુણ છે; અને સમ્યગ્દર્શન જ પ્રથમ આવવાથી જીવાત્મા અજ્ઞાનરૂપી અનાદિના અંધકાર-માંથી નીકળીને સમ્યક્જ્ઞાનને અર્થાત્ **આત્મહિતકારી અધ્યાત્મજ્ઞાનને** પામે છે; એટલે અધ્યાત્મજ્ઞાનના પણ એ બધા અંકુરા છે; જે વિકાસ પામીને મોક્ષરૂપી ફળને પામે છે.

તેથી જ શ્રી દશવૈકાલિક સૂત્ર અધ્ય, ૪/૧૦માં પ્રભુએ ફરમાવ્યું છે :–**"પઢમં નાણં તઓ દયા"**। અર્થાત્ પ્રથમ જીવાજીવાદિ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરો, પછી જ જીવોની યથાર્થ દયા પાળી શકાશે, બીજા સૂત્રથી **"જ્ઞાન**

**ક્રિયાભ્યાં મોક્ષઃ ॥**" કહ્યું, અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બંનેનો સમન્વય થાય ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થાય તેમ કહ્યું. 'આ રીતે અધ્યાત્મ શાસ્ત્રો બાહ્ય ધાર્મિક ક્રિયા અને અનુષ્ઠાનો જ્ઞાનપૂર્વક એટલે કે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક કરવાથી જ જીવને મોક્ષ પ્રાપ્તિ થાય છે તેમ સ્પષ્ટ કહે છે. અધ્યાત્મજ્ઞાન આ પ્રમાણે ક્રિયા–અનુષ્ઠાનો આત્મલક્ષે અને શુદ્ધ ઉપયોગપૂર્વક કરવાનું કહે છે, જેથી ક્રિયા–અનુષ્ઠાનો વડે આત્માના પરિણામોની વિશુદ્ધિ થાય; અને સાધક ગુણશ્રેણીએ ચડીને કષાય પ્રકૃતિઓને ખપાવતો થકો રાગ–દ્વેષના પરિણામોથી સર્વથા વિમુક્ત બની પોતાની શુદ્ધ વીતરાગતાને પ્રગટાવે, અધ્યાત્મજ્ઞાનનું પ્રયોજન અને કાર્ય જ આ છે. એથી જ્ઞાની સાધકના અંતરમાં "**સવ્વ ભૂયપ્પ ભૂયસ્સ સમ્મં ભૂયાઈ પાસઓ**"। અર્થાત્ જીવમાત્રને પોતાના આત્મા સમાન જ જુએ, પરિણામે પોતાના જીવની જેમ જ અન્ય જીવો પર દયા અને વાત્સલ્યભાવ રાખી શકાય છે.

અધ્યાત્મજ્ઞાનથી આત્માની નિત્યતા, શરીરાદિ જડ પૌદ્ગલિક પદાર્થોની નશ્વરતા, જન્મ–મરણરૂપી સંસારચક્રની ચાર ગતિરૂપ પરિભ્રમણનું કારણ અને તેના નિવારણના હેતુરૂપ જ્ઞાન દર્શન, ચારિત્ર અને તપરૂપી ચાર કારણવાળા મોક્ષ માર્ગનું સ્વરૂપ, કર્મ બંધના હેતુરૂપ (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ, (૩) પ્રમાદ, (૪) કષાય અને (૫) અશુભ યોગનું સ્વરૂપ, અને કર્મબંધથી છુટવા રૂપ સંવર અને નિર્જરા તત્ત્વનું સ્વરૂપ અને સર્વ કર્મ મુક્ત એવી પરમ ઉપાદેય મોક્ષ અવસ્થાનું સ્વરૂપ સમજાય છે. આ પ્રમાણે આત્મ સ્વરૂપનું પ્રથમ યથાર્થ જ્ઞાન થવાથી, સાધકના આત્મામાં અનેક પરિષહો અને ઉપસર્ગો (કષ્ટો) સહન કરીને પણ

તપ સંયમની આરાધના કરવા યોગ્ય શક્તિ પ્રગટ થાય છે, અને પછી આત્માના અત્યંત વિશુદ્ધ સ્વરૂપને—પરમાત્મ સ્વરૂપને પ્રગટાવવા માટે કટીબદ્ધ થઇને ધ્યાનાદિ તપમાં મગ્ન બનીને સર્વથા રાગ—દ્વેષ રહિત એવી પરમ વિશુદ્ધ અસંગ દશાને ભજે છે, અને ભમરી કીટકના ન્યાયે, જીવ જે સ્વરૂપને એકાગ્રપણે આરાધે છે, તે સ્વરૂપને તે જીવ અવશ્ય પામે છે, તે જેમકે ઇયળ ભમરીનું સતત ચિંતન કરવાથી, ઇયળ જેમ ભમરી બની જાય છે, તેમજ જીવાત્મા એકાગ્રપણે અરિહંત સ્વરૂપનું ચિતંન કરવાથી, પોતે મોહનિયાદિ ચારે ઘાતી કર્મોને તત્ક્ષણે પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ ખપાવીને પોતે જ અખંડ, અપ્રતિપાતિ એવું કેવળજ્ઞાન પ્રગટાવી, કેવળીભગવંત અવશ્ય બની જાય છે. આવો મહાન ઉપકાર અધ્યાત્મજ્ઞાન અર્થાત્ શ્રુતજ્ઞાનનો—આગમનો જીવો પર રહેલો છે,

□

## દ્વાદશાંગી અર્થાત્ બાર અંગસૂત્ર

# (૧) શ્રી આચારાંગ સૂત્ર

**શ્રી આચરાંગ સૂત્ર** દ્વાદશાંગીનું પ્રથમ અંગસૂત્ર છે.

તેમાં બે શ્રુતસ્કંધ છે, અને કુલ ૨૫ અધ્યયનો છે.

પ્રથમ શ્રુતસ્કંધમાં ૯ અને બીજામાં ૧૬. અધ્યયનો છે, તેમાં ૮૫ ઉદ્દેશન કાળ, અને તેટલાંજ સમુદ્દેશન કાળ છે, ૧૮૦૦૦ પદ છે એમ સમવાયાંગ અને નંદીસૂત્રમાં કહ્યું છે.

અનાદિ કાળથી અનંતા તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાન પ્રગટાવીને સર્વજ્ઞ કેવળી ભગવંત બન્યા પછી પોતાના ગણધરોને પોતાના શ્રીમુખે અર્થરૂપી ત્રિપદિ સૌ પ્રથમ સંભળાવે છે, જેના પ્રભાવથી ગણધર ભગવંતોને સકળ અધ્યાત્મ શાસ્ત્રોનું જ્ઞાન થાય છે અને મુમુક્ષુ જનોના હિતાર્થે દ્વાદશાંગીરૂપ બાર અંગસૂત્રોની રચના કરે છે. તેમાં સૌથી પ્રથમ અગસૂત્ર **શ્રી આચારાંગ સૂત્ર** નિયમા હોય છે. તેનું કારણ શું ?

આચારાંગ નિર્યુક્તિકાર નિર્યુક્તિની ગાથા ૧૬માં પ્રશ્ન ઉઠાવીને પોતે જ તેનો જવાબ નીચે પ્રમાણે આપે છે:–

**" અંગાણાય કિં સારો ? "**

સર્વ અંગસૂત્રોમાં સારભૂત સૂત્ર કયુ ?

**તસ્સ કિં હવાઇ સારો ?** તે કેમ સારભૂત છે-?

**આણુઉગચ્છો સારં । તસ્સવિય પરૂવણાસારં ।**

**સારં પણ્ણવણાએ ચરણં । તસ્સ વિ હોઈ નિવ્વણં । નિવ્વાણસ્સય સારં અવ્વબાહં જિણાવિંતિ ॥**

આચારાંગ એવી રીતે સારભૂત છે કે તેમાં જિનેશ્વરે ચરણકરણાનુયોગનું અર્થાત્ સાધુના આચારધર્મનું ને ચારિત્રધર્મનું નિરૂપણ કર્યું છે, તેમાં સર્વજ્ઞ ભગવંતની પ્રરૂપણા એ સારભૂત છે, તેથી સૌથી પ્રથમ ચરણ કરણાનુયોગ અર્થાત્ સંયમીના ક્રિયા અને આચારનું પ્રતિપાદન કરવું એ જ સારભૂત છે, કારણ કે કહેવત છે કે " **અન્ન તેવો ઓડકાર** " તેમ જેવા વિચાર, તેવું તે આચરણનું ફળ. મન, વચન, અને કાયાના વિશુદ્ધ આચરણ વગર, મોક્ષરૂપી ફળની, સંપૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ કદાપિ થતી નથી. આચારની વિશુદ્ધિથી નવા અશુભ કર્મ બંધાતા અટકે છે, અને પૂર્વસંચિત બળીને ભસ્મ થઇ જાય છે, એટલે સર્વથા કર્મક્ષય થવાથી નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે. નિર્વાણપદની પ્રાપ્તિથી જીવાત્મા પરમાત્મા બને છે અને મોક્ષના અવ્યાબાધ શાશ્વતા સુખોને પ્રાપ્ત કરે છે, એમ જિનેશ્વરોએ કહ્યું છે. તેથી નિરાબાધ સુખના અભિલાષી જીવોએ સૌથી પ્રથમ પોતાના આચાર અર્થાત્ વર્તનમાં સુધારો કરવાની પરમ આવશ્યકતા જાણી. તીર્થંકર ભગવંતોએ દ્વાદશાંગીમાં " **આચારાંગ** " ને પ્રથમ સ્થાન આપ્યું છે.

આચારાંગ એ સાધુ–સાધ્વીજીના સંયમ જીવનનો પાયો છે. એના ઉપર જ ચારિત્રપાલનનો સઘળો આધાર છે. પાયા વગરની ઇમારત પવનનો સહેજ ઝપાટો આવતા જેમ ઢળી પડે છે, તેમ જ આચારાંગના ભાવને અંતરમાં દૃઢ કર્યા વગરના સંયમજીવન આધુનીકતાનો સહેજ વાયરો

વાતાં જ જગતને સુધારવાને બહાને જુમીનદોસ્ત થઈ જાય છે. તેથી જ પ્રભુ મહાવીર સ્વામીના સમયથી નવ દીક્ષિતોને આચારાંગસૂત્રનું અધ્યયન સર્વપ્રથમ કરાવવામાં આવતું હતું. આ બાબત શ્રી નિશીથસૂત્રની ચૂર્ણિમાં આ પ્રમાણે કહી છે :– " **અંગે જહા અયારો તં અવાએત્તા સુયગડંગં વાએતિ ।** અર્થાત્ અંગસૂત્રોમાં આચારાંગનું અધ્યયન કરીને સુયગડાંગ આદિ સૂત્રોનું અધ્યયન કરવામાં આવે છે, વળી તે જ ચૂર્ણિમાં કહે છે :– "**અહવા બંભચેરાદિ આયારં અવાએત્તા જમ્માણુંઓગં ઇસિભસિયાદિ વાએતિ...**" 'અથવા પ્રથમ શ્રુતસ્કંધના' બ્રહ્મચર્યાદિ અધ્યયનોનું અધ્યયન કર્યા પછી જ ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગનું અધ્યયન કરવું..." આ પ્રમાણે પ્રથમ આચારાંગસૂત્રની વાંચણી લીધા વગર જો કોઈ અન્ય સૂત્રોનું અધ્યયન કરે, તો તેને ચાતુર્માસિક પ્રાયશ્ચિત લાગે એવું વિધાન પણ આ નિશીથસૂત્રમાં આ રીતે કરવામાં આવેલ છે :– **જે ભિક્ખુ ણવ બંભચેરાઇ અવાએત્તા ઉત્તમ સુત્તં વાએઇ, વાએતં વા સાતિજ્જતિ ॥** અર્થાત્ જે કોઇ સાધુ બ્રહ્મચર્યાદિ નવ અધ્યયનની વાંચણી લીધા વગર અન્ય ઉત્તમ સૂત્રો ભણ્યા છે કે ભણે છે, તેને ચાતુર્માસિક પ્રાયશ્ચિત લાગે છે.

વ્યવહારભાસ્યમાં કહ્યું છે :– " આચારાંગ અધ્યયનથી જ શ્રમણ (સાધુ) પિંડકલ્પી અર્થાત્ ભિક્ષા લાવવા યોગ્ય બનતો હતો, અને આચારાંગના શસ્ત્રપરિજ્ઞા અધ્યયનથી જ નવદીક્ષિત સાધુની ઉપસ્થાપના કરવામાં આવતી હતી.

શ્રી દશવૈકાલિક સૂત્રની રચના શ્રી શય્યંભવાચાર્યે કર્યા પછીથી, તેનું અધ્યયન સૌથી પ્રથમ નવદીક્ષિતોને કરાવવામાં આવે છે.

સમવાયાંગના સમવાય સૂત્ર ૮૯ અને નંદીસૂત્ર –૮૦ માં આચારાંગનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે :– "

**" આચરવું તે આચાર છે", અને જ્ઞાનાદિક આસેવનવિધિનું જે સૂત્રમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે " આચારાંગ " છે."**

આચારાંગ સૂત્રમાં સાધુના આચાર, જ્ઞાનાદિ ગોચર, ભિક્ષાગ્રહણવિધિ, વિનય, સ્થાન અર્થાત્ ઉપાશ્રય, ગમન, વિહાર, ચંક્રમણ અર્થાત્ અન્ય ઉપાશ્રયે જવું તે, આહાર-પાણી ઉપકરણ વસ્ત્રાદિનું પ્રમાણ, શૈયા, ઉપધિ, સમિતિ, ગુપ્તિ, યોગ, ઉદ્‌ગમન આદિના ૧૬ દોષ, ઉત્પાત આદિના ૧૬ દોષ અને એષણાના ૧૦ દોષ મળી કુલ ૪૨ દોષરહિત આહારપાણીલેવાનું કથન, ઉત્સર્ગ અને અપવાદ એમ બંને માર્ગનું કથન, વ્રત એટલે મૂળ ગુણ, નિયમ એટલે કે ઉત્તર ગુણ, તપ, ઉપધાન તપ અર્થાત્ શાસ્ત્રવાંચન કરતાં અગાઉ કરવું પડે તે તપ, વગેરે વગેરે સાધુ–સાધ્વીજીના આચારનું જેમાં કથન છે તે આચારાંગ સૂત્ર.

સંક્ષેપમાં સાધુના આચારના પાંચ ભેદ કહ્યા છે :–

(૧) શ્રુતજ્ઞાન વિષે અધ્યયન કાળ આદિનું કથન તે "**જ્ઞાનાચાર**",

(૨) નિઃશંકાદિ આઠ પ્રકારની દૃઢ શ્રદ્ધા તે " **દર્શનાચાર**"

(૩) ૮ પ્રવચનમાતાનું ઉપયોગપૂર્વક પાલન તે '**ચારિત્રાચાર**"

(૪) બાર પ્રકારનું કોઈ તપ કરવું તે "**તપાચાર**" અને

(૫) ઉપરના ચારે આચારમાં વીર્ય ગોપવવું નહિ તે "**વીર્યાચાર**"

**આ આચારપાલન સાધનાનો પ્રાણ છે મુક્તિનો માર્ગ છે.**

**આચારાંગ સૂત્રમાં** બે શ્રુતસ્કંધ છે.

પહેલા શ્રુતસ્કંધમાં અભ્યંતર શુદ્ધિ કેમ કરાય તેના નવ અધ્યયન છે. તેથી તેને નવ બ્રહ્મચર્ય અધ્યયન પણ કહેવામાં આવે છે. બીજા શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયન છે. ઉપરોક્ત ૨૫ અધ્યયનના ૮૫ ઉદ્દેશા કહ્યા છે, દરેક સૂત્રમાં જેટલા ઉદ્દેશન કાળ હોય, તેટલાજ સમુદ્દેશન કાળ સમજવા તેમાં ૧૮૦૦૦ પદ, સંખ્યાતા અક્ષર, અનંત ગમા(અર્થાત્ અર્થ પરિચ્છેદ) અનંત પર્યવ, પરિતા ત્રસ અને અનંતા સ્થાવરના ભેદ કહ્યા છે.

(નોંધ :—ઉદ્દેશાપદ વગેરે જે દરેક સૂત્રના આપ્યા છે તે ભગવાનના સમયમાં જે મૂળ સૂત્રપાઠ હતા તેના છે. તેમાંથી ઘણુંખરૂં જ્ઞાન હાલમાં વિચ્છેદ ગયું છે, તેથી વર્તમાનમાં જે સૂત્રો ગ્રંથસ્થ થયા છે, તેમાં બહુજ અલ્પ જ્ઞાન બચ્યું છે. દરક સૂત્ર માટે આ સમજવું.)

૨૫ અધ્યયનના નામ તથા તેના સંક્ષિપ્ત વિષય જે પ્રશમરતિ પ્રકરણમાં આપેલ છે તે નીચે પ્રમાણે છે :—

**પ્રથમ શ્રુતસ્કંધ :—**

| અધ્યયનનું નામ | સંક્ષિપ્ત વિષય |
|---|---|
| ૧. શસ્ત્ર પરિજ્ઞા | ષડજીવનિકાયની યતના |
| ૨. લોકવિજય | સંસાર સંબંધી મમતાનો ત્યાગ. |
| ૩. શીતોષ્ણીય | ઠંડી—ગરમી (અનુકુળ—પ્રતિકુલ,) વગેરે પરિષહો પર વિજય. |

| | |
|---|---|
| ૪. સમ્યક્ત્વ | તીર્થંકરના વચનમાં અચળ દૃઢ શ્રદ્ધા. |
| ૫. લોક સાર | સંસારથી ઉદ્વેગ–વૈરાગ્યભાવ, |
| ૬. ધૂતાખ્યં | કર્મોને ક્ષીણ કરવાનો ઉપાય. |
| ૭. મહાપરિજ્ઞા (વિચ્છેદ) | વૈયાવૃત્ય (સેવા)નો પ્રયત્ન |
| ૮. વિમોક્ષ | તપની વિધિ. |
| ૯. ઉપધાન શ્રુત | સ્ત્રીસંગનો ત્યાગ,(જ્ઞાન ભણુતા) તપ. |

## બીજો શ્રુતસ્કંધ

| | |
|---|---|
| ૧૦. પિંડૈષણા | વિધિપૂર્વક ભીક્ષાગ્રહણ. |
| ૧૧. શય્ય | સ્ત્રી, પશુ, વગેરે રહિત ઉપાશ્રયાદિ સ્થાનનું સેવન. |
| ૧૨. ઈર્યાંખ્યા | ગતિ શુદ્ધિ એટલે આવવા જવાની શુદ્ધિ. |
| ૧૩. ભાષાસમિતિ | ભાષા શુદ્ધિ. |
| ૧૪. વસ્ત્રૈષણા | વસ્ત્રની એષણા–વસ્ત્ર લેવાનીવિધિ |
| ૧૫. પાત્રૈષણા | પાત્રની એષણા–પાત્ર |
| ૧૬. અવગ્રહ | અવગ્રહ શુદ્ધિ–આજ્ઞા " " |
| ૧૭. ચેષ્ટિકા | સ્થાન શુદ્ધિ–ઉભા રહેવાનો વિધિ |
| ૧૮. નિસીહિ | નિષદ્યા શુદ્ધિ–બેસવાની " |
| ૧૯. ઉચ્ચાર પાસવણ | વ્યુત્સર્ગ શુદ્ધિ–લઘુ નેવડીનીતની |
| ૨૦. શબ્દ | શબ્દાસક્તિ પરિત્યાગ. |
| ૨૧. રૂપાખ્યા | રૂપાસક્તિ પરિત્યાગ. |

| | |
|---|---|
| ૨૨. પ્રક્રિયા | પરક્રિયા વર્જન. |
| ૨૩. અન્યોન્યક્રિયાખ્યા | અન્યોન્ય ક્રિયાવર્જન. |
| ૨૪. ભાવનાખ્યા | મહાવ્રતોની દૃઢતા—૨૫ ભાવનાનું કથન છે. |
| ૨૫. વિમુક્ત | સર્વસંગથી વિમુક્ત—સાધુની ઉપમા આપી છે. |

પ્રથમ શ્રુતસ્કંધના ભાવ સ્પષ્ટ કરવા બીજા શ્રુતસ્કંધની રચના કરવામાં આવી છે. આચારાંગ નિર્યુક્તિમાં બીજા શ્રુતસ્કંધને **આચારચૂલા** કે **આચારાગ્રા** કહેલ છે, આચારચૂલા પાંચ કહી છે. આચારાંગના ૯ અધ્યયનનો વિસ્તાર જ આચારચૂલામાં છે, પ્રવર્તમાન આચારાંગ ૨૫૦૦ ગાથા પ્રમાણ છે.

**પદ** :— ઉપર જે ૧૮૦૦૦ પદ પ્રમાણ મૂળ આચારાંગ સૂત્ર હતું તેમ કહ્યું તે પદનું પ્રમાણ દીગંબર મતની ભગવતી આરાધનામાં' બતાવતાં કહે છે :— ૩૨ અક્ષર પ્રમાણે એક ગાથા (શ્લોક) થાય. તેવી ૧૫૦૮૮૬૮૪૦ ગાથાનું એક "પદ" થાય, એમ શાસ્ત્રકાર કહે છે.

**આચારાંગના ભાવ કેવા છે ?**

શાસ્ત્રકાર કહે છે કે **આચારાંગના ભાવ દ્રવ્યનયથી શાશ્વતા અને પર્યાયનયથી અશાશ્વતા** ભાવ સૂત્રમાં ગૂંથ્યા છે, અને હેતુ તથા ઉદાહરણથી સ્પષ્ટ બતાવ્યા છે. સર્વજ્ઞ જિનેશ્વરોએ પ્રરૂપેલા એ ભાવોને સામાન્યપણે કહેવા, વિશેષપણે કહેવા, ભિન્ન ભિન્ન પ્રકારથી પ્રરૂપવા, ઉપમા આપી સ્પષ્ટ કરવા, ઉપનય અને નૈગમાદિ સાતે નયોથી ઉપદેશવા—આ પ્રમાણે આચારાંગનો જ્ઞાતા, વિજ્ઞાતા, સાધુના ચરણ—કરણનો પ્રરૂપક હોય—તે આચારાંગના ભાવ કહ્યા.

(બીજા દરેક સૂત્રના ભાવ પણ આ પ્રમાણે જ કહેવા. તેથી દરેક સૂત્રમાં ફરી ફરી લખ્યા નથી.)

**તેથી આચારાંગમાં ચાર અનુયોગની દૃષ્ટિએ "ચરણકરણાનુયોગ"નું નિરૂપણ છે. તેમાં સર્વ તીર્થંકરોએ એકજ ભાવ કહ્યા છે કે "છકાય જીવોની હિંસા કરવાથી કર્મબંધ થાય છે, અને તેનાથી વિરમવાથી અર્થાત્ અહિંસામય દયાધર્મ પાળવાથી કર્મબંધ અટકે છે, ને સંપૂર્ણ દયા પાળવાથી, સંસારના ફેરા ટળે છે."**

## પ્રથમ શ્રુતસ્કંધના ૯ અધ્યયનના ભાવ

**શ્રી આચારાંગ** એ આગમનું પહેલું અંગસૂત્ર છે.

**આગમ** એ સર્વજ્ઞ–સર્વદર્શી તીર્થંકર ભગવંતોના સ્વાનુભવસિદ્ધ વચનો સાંભળીને ગણધર ભગવંતોએ ગુંથેલું અધ્યાત્મ જ્ઞાન છે.

**અધ્યાત્મ જ્ઞાન** એ અનાદિ કાળથી અજ્ઞાન અહં-ભાવ અને મિથ્યાત્વથી ઘેરાયેલા જીવાત્માને તેમાંથી બહાર કાઢી પોતાના જ આત્મસ્વરૂપની યથાર્થ ઓળખ કરાવી મુક્તિ મંઝિલનો અનન્ય માર્ગ દેખાડનારૂં અનુપમ જ્ઞાન છે.

**એવું એકાંતે કલ્યાણકારી જ્ઞાન** ગણધર ભગવંતો એ સર્વજ્ઞ તીર્થંકરોના **શ્રીમુખે** સાંભળીને અધ્યાત્મશાસ્ત્રમાં ગુંથેલું જ્ઞાન હોવાથી તેને **"શ્રુતજ્ઞાન"** કહ્યું છે.

**શ્રુતજ્ઞાનની આ સાર્થકતા સિદ્ધ કરવા માટે** દ્વાદ-શાંગીના આ પ્રથમ અંગસૂત્ર શ્રી આચારાંગસૂત્રના પ્રથમ **શસ્ત્ર-**

**પરિજ્ઞા** નામે અધ્યયનના પ્રથમ સૂત્રની શરૂઆત સૂત્રકાર ગણધર ભગવંત સુધર્માસ્વામીએ **"સુયં મે આઉસં ! તેણં ભગવયા એવમક્ખાયં"** ॥ અર્થાત્ તે ભગવાને, એટલે કે આપણા શાસનપતિ ચરમ તીર્થંકર ભગવંત મહાવીર સ્વામીએ, એમ કહેલ છે જે હે આયુષ્યમાન ! (પ્રિય શિષ્ય જંબુ ! ) મેં તેમના શ્રીમુખે કહેતા સાંભળેલ છે, (તે હવે કહું છે જે એકાગ્ર ચિત્તે સાંભળ ! ) " એમ હેતુપૂર્વક કહીને શુભ શરૂઆત કરી છે.

શ્રી નંદીસૂત્રમાં પાંચ જ્ઞાન કહ્યા છેઃ (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. આ પાંચે જ્ઞાનમાં શ્રુતજ્ઞાન સિવાયના બાકીના ચારે જ્ઞાન સ્વ–લક્ષી છે. માત્ર શ્રુતજ્ઞાન જ સ્વ–પરલક્ષી અર્થાત્ કહેનાર ને સાંભળનાર એમ બે વર્ગની અપેક્ષા રાખે છે. તેથી જ જ્ઞાનીઓએ શ્રુતજ્ઞાનને જ બોલકું અને તેથી ઉપકારી કહ્યું છે. બાકીના ચારે જ્ઞાન મુંગા છે. સ્વનું હિત સાધે, પણ પર પ્રત્યે ઉપકાર ન કરી શકે. દા, ત. કેવળી ભગવંત કેવળજ્ઞાન વડે લોકાલોકના પદાર્થોના ભાવ જાણે, અનુભવે પણ તે ભાવો પરના શ્રેયાર્થે ફરમાવે ત્યારે તે શ્રુતજ્ઞાન કહેવાય.

પાંચે જ્ઞાનમાં **શ્રુતજ્ઞાન જ ઉપકારી** કેમ ?

શ્રુતજ્ઞાન જ પાંચે જ્ઞાનમાં સ્વ પર પ્રકાશક હોવાથી. તીર્થંકર ભગવંતોએ જે માર્ગની પોતે પ્રથમ આરાધના કરીને ચારે ઘાતીકર્મોને સર્વથા ખપાવી સર્વજ્ઞ અને સર્વદર્શી બની આત્માનું પરમ લક્ષ્ય એવા પરમાત્મપદની પ્રાપ્તિ કરી. તે મોક્ષમાર્ગનું નિરૂપણ તીર્થંકર ભગવંત જગત-જીવોના કલ્યાણ અર્થે **શ્રુતજ્ઞાન વડે જ કરી શકે છે**

**તેથી તેને ઉપકારી કહ્યું છે.** તેથી જ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮મા મોક્ષ માર્ગ અધ્યયનમાં ભવ્ય જીવાત્માને મોક્ષપુરીએ પહોંચાડવામાં સહાયભૂત એવા આ ઉપકારી જ્ઞાનને પાંચે જ્ઞાનમાં સૌથી પ્રથમ સ્થાન તેની ચોથી ગાથામાં પ્રભુએ હેતુપૂર્વક આપ્યું છે અને એ જ ભાવ ગણધર ભગવંત પોતાના શિષ્ય જંબુ સ્વામીને ઉપલક્ષણે આપણને સહુને **"સુયં મે"** કહીને કહેવા માગે છે.

આપણે અગાઉ જોઈ ગયા કે તીર્થંકર ભગવંતના વચનની ગુંથણી કરનારા ગણધર ભગવંતો છે. જે ગણધર તીર્થંકર ભગવાન નિર્વાણ પામ્યા પછી તેમની પાટે બીરાજે છે, તેમણે રચેલી દ્વાદશાંગી અર્થાત્ અધ્યાત્મ શાસ્ત્રો તે તે તીર્થંકરના શાસનકાળ દરમ્યાન પ્રવર્તે છે. વર્તમાન સમયમાં પ્રભુ મહાવીર સ્વામીની પાટે પાંચમાં ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામી બીરાજ્યા હતા તેથી તેમણે રચેલી દ્વાદશાંગી આ પાંચમા આરા (યુગ)ના ૨૧૦૦૦ વર્ષ સુધી પ્રવર્તવાની છે.

હવે જે ગણધર ભગવંત પોતે ચાર, ચાર જ્ઞાન (કેવળ જ્ઞાન સિવાયના બાકીના ચારે ચાર)ના ધણી છે. વળી પોતે જ જે આગમના રચયિતા છે, અને જેમના રચેલા આગમો એકવીસ એકવીસ હજાર વર્ષ સુધી પ્રવર્તવાના છે તેવા પ્રખર પ્રજ્ઞાવંત શાસ્ત્રકાર શિષ્યને સિદ્ધાંતજ્ઞાન આપવાની શરૂઆત **"સુયં મે"** કહીને કરે છે. એ તેઓશ્રીની પ્રભુ પ્રત્યેની કેવી અગાધ **"વિનવતા"** દર્શાવે છે. **"સુયં મે"** કહીને પોતાની જાતને સંપૂર્ણપણે ગોપવી નાખી પ્રભુ પ્રત્યે અપાર ભક્તિભાવ દર્શાવવા ઉપરાંત શિષ્યને–ઉપલક્ષણે તમામ સાધક વર્ગને મોક્ષમાર્ગની સાધના કરવામાં જે મુખ્ય બાધક તત્ત્વ છે, તે બાધક તત્ત્વને પહેલે ધડાકે જ

દૂર કરવાનું સૂચવતો "ગુરૂનો **પરમ પવિત્ર પરમાર્થ હેતુ "સુયં મે" માં રહેલો છે"**

એ પરમાર્થ હેતુવડે ગણધર ભગવંત એ કહેવા માગે છે કે "હે શિષ્ય ! નરક તિર્યંચ, મનુષ્ય અને દેવગતી એમ ચાર ગતિ અને ૮૪ લાખ જીવાયોનિરૂપ સંસારચક્રના પરિભ્રમણમાં મનુષ્યભવ પામેલો જીવાત્મા જ મોક્ષ માર્ગની રૂડી સાધના કરીને પંચમ મોક્ષગતિને પામીને જન્મમરણના ફેરાને ટાળી શકે છે. તેથી ૮૪ લાખ જીવાયોનિમાં **માનવ ભવને સૌથી શ્રેષ્ટ કહ્યો છે, સંસાર સાગરને પાર ઉતારનારો કાંઠો કહ્યો છે. અને અનંતકાળના સંસારચક્રના પરિભ્રમણ પછી પરાધીનપણે અનંત દુઃખો વેઠી વેઠીને એકઠી કરેલી પુણ્યાઇના પ્રભાવે પ્રાપ્ત થાય તેવો દુર્લભ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં પ્રભુએ બતાવ્યો છે.**

એવો દુર્લભ મનુષ્યભવ પ્રાપ્ત કર્યા પછી પણ મનુષ્ય બહુધા મોક્ષ માર્ગની આરાધના કરતો જોવામાં આવતો નથી તેનું કારણ ઉપરોક્ત "**સુયં મે**" સૂત્ર પુરૂ કરતાં

૧ ૨ ૪ ૩ ૫

સુધર્માસ્વામી કહે છે"–**ઈહમેગેસિં ણો સણ્ણાભવઇ**"॥ અર્થાત્ (૧) આ (સંસારમાં મનુષ્યપણે જન્મ પામ્યા પછી પણ) (૨) કેટલાંકને (એગેસિં) (૩) જ્ઞાન (સણ્ણા) હોતું નથી (૪–૫) "અર્થાત્ પોતાના જ આત્માના સાચા સ્વરૂપનું ઘણાખરા જીવોને જ્ઞાન અને ભાન હોતું નથી. આત્મ સ્વરૂપનું આ **અજ્ઞાન એજ જીવાત્માના સંસારચક્રના પરિભ્રમણનું મુખ્યતયા કારણ છે.**

આ અજ્ઞાન દશા જીવને અનાદિકાળથી વળગેલી છે.

કારણ કે જીવ માનવભવ પામતાં પહેલાં અનંતો કાળ એકેંદ્રિયાદિ યોનિઓમાં ગાળે છે. જ્યાં તેને સાંભળવાની ઇંદ્રિય અર્થાત્ કાન જ હોતા નથી. પંચેંદ્રિયપણું પામ્યા પછી પણ નારકી, અસંજ્ઞી, સંમુર્છિમ આદિ પંચેંદ્રિયોને જિનવચન સાંભળવાનો લાભ મળતો નથી. મનુષ્યાદિ જે જીવોને જિનવચન સાંભળવાનો લાભ મળે છે, તેને પણ સાંભળ્યા પછી તેમાં શ્રદ્ધા બેસતી નથી. પછી જીવનું અજ્ઞાન ટળે કેમ? જ્ઞાની કહે છે **અજ્ઞાનદશા દૂર કરવામાં આ શ્રધ્ધા ગુણ જરૂરી છે. જીવમાં જ્યાં સુધી આ શ્રદ્ધા ગુણ આવતો નથી ત્યાં સુધી તેની અજ્ઞાન દશા જતી નથી.** અજ્ઞાન દશા ટળે નહિ ત્યાં સુધી જીવના અહંતા અને મમતા દૂર થતા નથી. અને અહંતા ને મમતા દૂર ન થાય ત્યાં સુધી જીવ મોક્ષમાર્ગની સાધના કરી શકતો નથી. અને મોક્ષ માર્ગની સાધના ન કરી શકે ત્યાં સુધી તેના જન્મ–મરણના ફેરા રૂપી સંસાર ટળતો નથી. આ રીતે **અજ્ઞાનદશાને કારણે જીવાત્માનું સંસારનું વિષચક્ર ચાલ્યા કરે છે.** તે વિષચક્રને તોડવાની વાત પરમાર્થ ભાવથી શ્રી સુધર્મા સ્વામી આપણને સહુને "**સુયં મે...**" થી કહેવા માગે છે કે "હે જંબુ! હે જીવો! જો તમારે તમારા જ આત્માનું કલ્યાણ કરવું હોય, આત્મ હિત સાધવું હોય તો, અનાદિ કાળથી વળગેલી આ અજ્ઞાન દશા કે જે તમને તમારા પોતાના જ આત્મ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને ભાન થવા દેતી નથી તેને દૂર કરો. તે દૂર કરવા માટે સૌથી પ્રથમ **વિનમ્ર બનો અર્થાત્ વિનયગુણને અંતરમાં પ્રગટાવો, વિનયગુણ પ્રગટાવ્યા વગર જીવના અહંતા અર્થાત્ અહંભાવ હુંપદ કે માન**

**કષાય, અને મમતા અર્થાત્ સંસાર, સ્વજન, ધન વૈભવાદિનો મમત્વ ભાવ જતા નથી. મોક્ષ માર્ગની આત્મકલ્યાણની સાધનામાં આ અહંભાવ જ મુખ્યત્વે માનવીને બાધા રૂપ છે. તેથી તેને સંદતર દૂર કરવાની પાયાની મુખ્ય વાત જ પરમાર્થભાવે 'સૂયં મે...'થી' કહી.**

પરમાર્થ તત્ત્વ સમજાવવાની જૈનદર્શન અને જૈન દાર્શનિકોની આ આગવી વિશિષ્ઠ પદ્ધતિ છે. જે વિષયનું નિરૂપણ કરવાનું હોય, તેનું સંપૂર્ણ સારમય તત્ત્વ પહેલા જ સૂત્રમાં એવી તો અદ્ભૂત રીતે કહી દેવું અને પછી તેનો વિસ્તાર કરવો તે વિશિષ્ઠ પદ્ધતિ અનુસાર જ શ્રુત જ્ઞાનની આચારાંગ સૂત્રની શરૂઆત જ વિનયભાવ કેળવી, અજ્ઞાનદશાને ટાળવા માટે આત્મ સ્વરૂપ અર્થાત્ જીવતત્વ જે જૈન તત્ત્વ જ્ઞાનના સારરૂપ નવ તત્ત્વનું પ્રથમ તત્ત્વ છે, તેના સત્ સ્વરૂપની પૃચ્છાથી કરી છે.

જીવાત્માના અજ્ઞાનની હદ તો જુઓ! પછીના સૂત્રમાં કહે છે "**કે અહમંસિ કે વા ઇઓ ચુઓ ઇહ પેચ્ચા ભવિસ્સામિ ? ॥ ૩ ॥** અર્થાત્ "હું" કોણ હતો ? અહીંથી મૃત્યુ પામી પરલોકમાં હું કયાં જઈશ ? એટલે કે પૂર્વભવમાં હું કોણ હતો ? કયાંથી આવીને અહીં મારો જન્મ થયો છે? માનવ જન્મ પામીને મારે કરવાનું શું છે ? અને કરી રહ્યો છું શું ? અને મૃત્યુ પામીને ફરી કયાં જઈશ અર્થાત્ કઈ ગતિમાં ઉત્પન્ન થઈશ. મારૂં ખરૂં સ્વરૂપ શું છે ? શરીર તે જ હું—આત્મા છું ? કે આત્મા ને દેહ તે સાવ નિરાળા છે ? આની કોઈ સમજ જીવ જયાં સુધી અજ્ઞાનદશામાં હોય ત્યાં સુધી તેને થતી નથી.

અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિથી આ અજ્ઞાનદશા ટળે છે. અને જીવાત્માને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન અને ભાન થાય છે. શ્રુતજ્ઞાનનો અર્થાત્ જિનવચનનો આપણા ઉપર આ મહદ્ ઉપકાર છે.

ટુંકમાં સૂત્રકારે શરૂઆત બે "હું" થી કરી. **પહેલા "હું"ને અર્થાત્ "હુંપદ" ને ઓગાળો, વિનય-ભાવને અંતરમાં પ્રગટાવો, તો જ બીજા "હું"નું અર્થાત્ "આત્મા"ના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન અને ભાન અર્થાત્ પ્રતિતિ તમને થશે.** સંપૂર્ણ આગમ-જ્ઞાનનું મંડાણ જ આ બે "હું" પર છે. "હુંપદ"ને ઓગાળવું એટલે **"માનકુષાય" ઉપલક્ષણે કુષાયોને નિર્મૂળ કરવા. કુષાયો નિર્મૂળ થાય, એટલે જીવના રાગ અને દ્વેષ સર્વથા જાય, અને જે જીવના રાગ દ્વેષ સર્વથા ક્ષય પામે, તે જીવાત્મા વીતરાગ પરમાત્મા બને. આ રીતે વિનય ગુણ જીવાત્માને મૃગાવતી રાણીના દૃષ્ટાંતે પરમાત્માપદે પહોંચાડે. તેથી જ આત્માનું પરમ ધ્યેય "મોક્ષ" તે સાધવા માટે સૌથી પ્રથમ વિનયના પાઠ "સુંય મે"થી સુધર્મા સ્વામી આપણને ભણાવવા માગે છે.**

જૈનદર્શને સમ્યગ્દર્શનને મોક્ષનું દ્વાર કહેલ છે. જિનવચનમાં એટલે કે તીર્થંકર ભગવંતે પ્રરૂપેલા જીવાદિ નવતત્ત્વમાં અતૂટ શ્રદ્ધા રાખવી તેને **વ્યવહાર સમ્યગ્-દર્શન કહ્યું છે.** વ્યવહારમાં તેને **"દેવ-ગુરૂ-ધર્મની" શ્રદ્ધા** પણ કહેવાય છે; અને આત્માને આત્મા વડે આત્માના સ્વરૂપમાં શ્રદ્ધા થવી તેને **"નિશ્ચય સમ્યગ્દર્શન"** કહ્યું છે. "હુંપદને" દૂર કરવાની પહેલા "હુંની" વાતથી વ્યવહાર

સમ્યગ્દર્શનની અને આત્માના શુદ્ધ સ્વરૂપના જ્ઞાન અને પ્રતિતિરૂપી બીજા "હું"ની વાતથી નિશ્ચય સમ્યગ્દર્શનની સિદ્ધિ થાય છે.

**આ રીતે "સુયં મે"થી શરૂઆત કરીને ગણુધર ભગવંતે અધ્યાત્મજ્ઞાનના સંપૂર્ણ સારનો સમાવેશ કરી દીધો છે. આત્માના ત્રણે સ્વરૂપ (૧) બહિરાત્મદશા, અર્થાત્ અજ્ઞાન અને મિથ્યાત્વની દશા, (૨) અંતરાત્મદશા અર્થાત્ સમ્યગદષ્ટિની દશા, અને (૩) પરમાત્મ દશા અર્થાત્ સર્વજ્ઞસર્વદર્શીની સંપૂર્ણ વીતરાગતાની દશાની વાત માત્ર એક જ સૂત્રથી કહી દીધી છે. પછીનું કથન તો તેનો વિસ્તારમાત્ર છે, જે હવે આપણે વિગતથી અનુક્રમે જોશું.**

**"શસ્ત્ર પરિજ્ઞા"** નામથી પ્રથમ અધ્યયનની શરૂઆત કરી છે તેનો શબ્દાર્થ છેઃ– શસ્ત્ર = શસ્ત્ર, પરિ = ચોતરફ અર્થાત્ બધી બાજુ અને જ્ઞા = જાણવું; એટલે શસ્ત્રપરિજ્ઞાનો અર્થ થયો કે આત્માને પરમાત્મા બનવામાં જે શસ્ત્ર અર્થાત્ બાધારૂપ છે તેને સંપૂર્ણ જાણવું; અને તેનો **પરમાર્થ એ છે કે "જ્ઞ" પરિજ્ઞાથી આ શસ્ત્રોની ભયંકરતા–બાધકતા જાણીને, "પ્રત્યાખ્યાન પરિજ્ઞા" વડે તે શસ્ત્રોને સર્વથા દૂર કરવા, ત્યારે જ આત્માનું પરમ ધ્યેય મોક્ષ તે સધાય.**

આ અધ્યયનના સાત ઉદ્દેશા છે. તેમાં પ્રથમ ઉદ્દેશામાં જ **"કે અહમંસિ ?"** ઇત્યાદિથી શરૂઆત કરીને જે આત્મસ્વરૂપની પૃચ્છા કરી છે, તેનો પરમાર્થ આત્માનું અસ્તિત્વ અને નિત્યત્વ સિદ્ધ કરવાનો છે. તેની સિદ્ધિ સૂત્રના

અંતમાં **"સોહં"** અર્થાત્ ત્રણે કાળમાં દિશાવિદિશામાં ગમનાગમન કરનારો જે છે **"તે જ હું (આત્મા) છું."** એમ સ્પષ્ટ જવાબ આપીને સુત્રકારે કરેલ છે. તેનો પરમાર્થ એ છે કે દ્રવ્યથી **"આત્મા" "નિત્ય" છે, ધ્રુવ છે. પણ પર્યાયથી એક યોનિમાંથી બીજી યોનિમાં ગમનાગમન કરનારો હોવાથી "અનિત્ય" છે.** આ પ્રમાણે આત્માના નિત્યાનિત્ય સ્વરૂપને જે જાણે અને તેની શ્રદ્ધા દૃઢપણે કરે તેને સૂત્રકારે **"આયાવાઇ"** અર્થાત્ આત્મવાદી કહ્યા. આત્મા છે અને તેની ગતિ આગતિ પણ છે એવું જે માને તેને જીવોના નિવાસરૂપ લોકને માનવો જ પડે તેથી તેને **"લોયાવાઇ"** અર્થાત્ લોકવાદી કહ્યા, અને લોકવાદી જે છે તેને લોકમાં ગતિઆગતિના કારણરૂપ કર્મબંધને જ માનવો પડે તેથી તેને **"કમ્માવાઇ"** અર્થાત્ કર્મવાદી કહ્યા; અનેકર્મવાદીને બંધ અને મોક્ષના કારણરૂપ ક્રિયા એટલે કે સંવર-નિર્જરા રૂપી તપાદિ વ્રત અનુષ્ઠાનોનો સ્વીકાર કરવો જ પડે તેથી **"કિરિયાવાઇ"** અર્થાત્ ક્રિયાવાદી કહ્યા.

આત્મના જે છ સ્થાન સર્વજ્ઞે કહ્યા છે (૧) અસ્તિત્વ અર્થાત્ આત્મા છે, (૨) નિત્યત્વ અર્થાત્ જુદી જુદી ગતિમાં ઉપજનારો આત્મા પર્યાયથી જુદો ભાસવા છતાં ત્રિકાળી નિત્ય-ધ્રુવ છે, (૩) કર્તૃત્વ-પોતાના કર્મનો કર્તા પોતે જ છે. અર્થાત્ કર્મ કરવામાં પોતે સ્વાધીન છે. (૪) ભોકતૃત્વ-કર્યા કર્મના ફળ ભોગવનારો પણ પોતે જ છે, અર્થાત્ ફળ અવશ્ય ભોગવવા પડે છે. તેમાં પરાધીન છે (૫) અમૃતત્વ અર્થાત્ મોક્ષ છે (૬) મોક્ષ ધર્મથી મળે છે. આત્માના આ છ સ્થાનની જેને શ્રદ્ધા હોય તેને આત્મવાદિ અત્રે કહેલ છે, જેને આપણે વ્યવહાર નયથી **"સમકિતી" "સમ્યક્ત્વી"** કહીએ છીએ.

**"સે આયાવાઈ, લોયાવાઈ, કમ્માવાઈ, કિરિયા-વાઈ"** (૫) સૂત્ર કહીને ગણધર ભગવંતે સંક્ષેપમાં સમગ્ર જૈન તત્વજ્ઞાનના ભાવ કહી દીધા છે, જે આ પ્રમાણેઃ— "આત્માનું" અર્થાત્ જીવનું "યથાર્થ સ્વરૂપ જે જાણે, તેણે "અજીવ"નું સ્વરૂપ પણ જાણવું જ પડે, (૨) લોકનું સ્વરૂપ જાણે, એટલે જિનેશ્વરે જેના વડે લોકસ્વરૂપની વ્યાખ્યા કરી છે. તે છ શાશ્વતા દ્રવ્ય (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશ, (૪) કાળ, (૫) પુદ્ગલ અને (૬) જીવનું સ્વરૂપ પણ જાણવું પડે, (૩) કર્મનું સ્વરૂપ જાણે એટલે આઠે કર્મ પ્રકૃતિઓ (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય અને તે બધાની કુલ ૧૪૮ પ્રકૃતિઓનું, (૧) બંધ, (૨) ઉદય (૩) ઉદીરણા અને (૪) સત્તાના સ્વરૂપથી બધા ભાવ જાણવા પડે અને (૪) બંધ અને મોક્ષરૂપી ક્રિયાનું સ્વરૂપ પુણ્ય–પાપ–આશ્રવ–સંવર–નિર્જરા–બંધ અને મોક્ષ એમ સાતે પર્યાય તત્વોનું સ્વરૂપ જાણવું પડે, એટલે કે **તે આત્મવાદી જીવ–અજીવાદિ નવતત્વનું, છદ્રવ્ય રૂપી લોકનું, શુભાશુભ કર્મબંધથી જીવને મળતી ચતુર્વિધ ગતી અને ૮૪ લાખ જીવાયોનિનું, અને સંસારની આ ચતુર્વિધ ગતિના કારણરૂપ સાંપરાયિક ક્રિયાનું ને તેમાંથી છુટવાના કારણ રૂપ અર્થાત્ જન્મમરણના ફેરા ટાળી, મોક્ષ પ્રાપ્ત કરવારૂપ બાર પ્રકારના તપરૂપ નિર્જરાનું અને વ્રત પ્રત્યાખ્યાન-રૂપ સંવર ક્રિયાનું સ્વરૂપ જાણવું પડે; અર્થાત્ સમગ્ર જૈનતત્વજ્ઞાનને જાણે.**–એમ પહેલા અધ્યયનના

પહેલા ઉદ્દેશાના ભાવ શરૂમાં કહ્યા.

આ પ્રમાણે આત્માદિનું સ્વરૂપ જાણીને, પ્રથમ ઉદ્દેશાના ઉત્તર ભાગમાં કહે છે કે આ અજ્ઞાનદશાને લીધે જીવો માનવ ભવ પામીને પણ પોતાની જીંદગી સુખચેનમાં ટકાવી રાખવા માટે, તથા માન, પ્રતિષ્ઠા વગેરે માટે પાપમય ક્રિયા અનુષ્ઠાનો કરી આરંભ અને પરિગ્રહના પાપને સેવતા હોય છે; તેનાથી સંસાર સાગરને છેક કાંઠે આવીને જીવ ફરી સંસાર પરિભ્રમણ રૂપ દુઃખોની વૃદ્ધિ કરીને દુર્ગતિમાં જાય છે, માટે આત્માર્થી જીવોએ ભગવંતના વચન પર શ્રદ્ધા રાખી પાપમય સાવદ્ય–ક્રિયા અનુષ્ઠાનોને તજી, જ્ઞાન–દર્શન–ચારિત્ર ને તપરૂપ મોક્ષમાર્ગની આરાધના કરવી એ જ મનુષ્ય-ભવ માટે કર્તવ્યરૂપ છે. સાધુ વર્ગે આરંભ પરિગ્રહથી સર્વથા દૂર રહેવું અને ગૃહસ્થીએ અલ્પારંભી અને અલ્પ પરિગ્રહી બનવું તો જ મનુષ્ય ભવની સાર્થકતા થાય, હિંસા અધર્મરૂપ છે, કર્મબંધ કરાવનારી છે, અહિંસા ધર્મરૂપ છે, કર્મબંધ રોકનારી છે, તે જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે, એવી શ્રદ્ધા અને વિવેક રાખી જીવહિંસા ન કરવી તેમ અંતભાગમાં ફરમાવ્યું છે.

ત્યાર પછીના છ ઉદ્દેશામાં અનુક્રમે છ કાયના જીવો (૧) પૃથ્વી (૨) પાણી, (૩) અગ્નિ, (૪) વનસ્પતિ, (૫) ત્રસકાય–આમાં બેઈંદ્રિય; તેઈંદ્રિય ચૌરેન્દ્રિય અને પંચેંદ્રિય જીવોનો સમાવેશ થાય છે, અને (૬) વાયુકાયના જીવોનું સ્વરૂપ બતાવીને શાસ્ત્રકાર સાધક આત્માને એવું જ્ઞાન કરાવે છે કે હે મુની! હે સાધક! આ છકાય જીવોની જે કુલ ૮૪ લાખ જીવાયોનિ સર્વજ્ઞે કહી છે, તે પ્રત્યેકમાં તું એકવાર નહિ પણ અનેક વાર ઉપજીને આ મનુષ્યભવમાં આવ્યો

છું. **"આ ન્યાયે જીવમાત્ર તારા પોતાના સ્વજનો જ છે, તારા પોતીકા છે, કોઇ પરાયા નથી; માટે પ્રાણી માત્રને તારા આત્મા સમાન જ ગણ."** શ્રી દશવૈકાલિક સૂત્રમાં એથી જ પ્રભુ બોલ્યા છે **"સવ્વ ભૂયપ્પ ભૂયસ્સ, સમ્મં ભૂયાઇં પાસઓ"** ! (૪.૯) તેથી જ હિંદુધર્મે પણ ગીતાજીમાં **"આત્મવત્ સર્વ ભૂતેષુ,'**– નો ઉપદેશ આપ્યો.

સર્વ જીવો પોતાના આત્મા સમાન જ છે તેમ જાણીને વિવેકી સંયમી સાધક આરંભના સ્વરૂપને **"જ્ઞ" પરિજ્ઞાથી** જાણી, **"પ્રત્યાખ્યાન પરિજ્ઞા"** થી હિંસાનો ત્યાગ કરી સ્વયં હિંસા કરે નહિ, અન્ય પાસે હિંસા કરાવે નહિ, હિંસાના કરનારાને અનુમોદન આપે નહિ, અને કોઈપણ પ્રકારનું પાપમય કર્મ કરે નહિ, **આરંભથી આત્માનું પતન થાય છે, અનારંભથી–અહિંસાથી આત્માનું ઉત્થાન થાય છે. ધર્મરૂચિ અણગારે કીડીઓના જીવને પોતાના આત્મા સમાન ગણી રક્ષા કરી તો તેમનો આત્મા પરમાત્મપદને પામી ગયો. આમ સમજી જિનવચનમાં શ્રદ્ધા રાખી વિવેકી જન દયામય અહિંસાધર્મનું પાલન કરી છકાયના જીવોની હિંસા કે વિરાધના ન કરે, તેને જ તીર્થંકરોએ સંયમ કહ્યો છે.**

**" ક્રિયાએ કર્મ, પરિણામે બંધ અને ઉપયોગે ધર્મ કહ્યો છે." માટે ક્રિયા–અનુષ્ઠાન મનના પરિણામ શુદ્ધ રાખી ઉપયોગ અર્થાત્ કોઇપણ પ્રકારની જીવહિંસા કે વિરાધના ન થાય તેવી જતના રાખી કરે, તો જ કર્મભારથી હળવા થતાં**

થતાં મોક્ષ પ્રાપ્તિ થઇ શકે. તેથી જ "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ:" કહ્યું છે. જ્ઞાનપૂર્વક ક્રિયા કરવાથી જ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે, એમ દૃઢ શ્રદ્ધા રાખી આરંભ સમારંભના કાર્યો ન કરે ને દયામય અહિંસા ધર્મ પાળે એમ શસ્ત્ર પરિજ્ઞા નામે પ્રથમ અધ્યયનના અંતે પ્રભુએ ફરમાવ્યું છે.

## અધ્યયન બીજું "લોકવિજય" છ ઉદ્દેશા છે.

પહેલા અધ્યયનમાં છકાય જીવોની "દયા પાળવાનું" કહ્યું. જે છકાય જીવોની યથાર્થ દયા પાળે, તે જ સાચો "લોક વિજેતા" અર્થાત્ છકાય જીવોનો નાથ બની શકે."

—આ પ્રમાણે તેનો બીજા અધ્યયન સાથે સંબંધ રહેલો છે.

"લોક" બે પ્રકારે કહ્યો છે (૧) દ્રવ્ય લોક (૨) ભાવ લોક. મનુષ્ય, પશુ, પક્ષી વગેરે તિર્યંચ જે ક્ષેત્રમાં રહે છે તે મનુષ્યક્ષેત્ર અર્થાત્ તિરછો લોકને "દ્રવ્ય લોક" કહ્યો છે, અને ક્રોધમાનાદિ જે કષાયભાવો છે તેને ભાવલોક કહ્યો છે, જો કે અત્રે "લોક" શબ્દને ચતુર્ગતિરૂપ "સંસાર" ના અર્થમાં પ્રયોજેલ છે. તેથી પહેલા ઉદ્દેશાના પહેલા જ સૂત્રમાં કહે છે:—

**"જે ગુણે સે મૂલટ્ઠાણે જે મૂલટ્ઠાણે સે ગુણે"!**

અર્થાત્ "જે શબ્દાદિ વિષયો છે, એ જ સંસારનું મૂળભૂત કારણ છે, અને સંસાર છે તે જ શબ્દાદિ વિષયો છે." એટલે કે પાંચે ઇંદ્રિયોના વિષયોરૂપી જે શબ્દાદિ

કામગુણો—કામ ભોગો છે, તેમાં આસક્ત બની ભોગવવા. તે જ નરક તિર્યંચાદિ સંસાર પરિભ્રમણનું કારણ છે, અર્થાત્ મોહનીયાદિ આઠે કર્મો બંધાવાનું કારણ છે, અને સંસાર વધવાનું જે કારણ છે. તે જ કામ ગુણો છે. માટે સ્ત્રીપુત્રાદિ સ્વજનો કે ધન વૈભવાદિમાં આસક્ત ન થવાનું પરમાર્થથી અત્રે કહ્યું છે.

પોતાના જે કુટુંબ પરિવાર કે શરીરના સુખ સગવડ માટે પોતે અવળો પુરૂષાર્થ કરી જે અશુભ કર્મો બાંધતો હોય છે, તે ભોગવવાનો જ્યારે વારો આવે છે, ત્યારે કોઈ સ્વજન તેમાં ભાગ પડાવવા આવતા નથી તે વાલિયા ભીલ (વાલ્મિકી ઋષિ)ના પ્રસિદ્ધ દૃષ્ટાંતે. તે કર્મો ઉદયમાં આવે ત્યારે તેના કડવા દુઃખો પોતાને એકલાએ જ ભોગવવા પડે છે. કોઈ કોઈને શરણભૂત થતું નથી. તેમજ "હું" જ આ બધાનો આધારભૂત છું. હું ન હોઉં તો બધાનું ન નભે, દુઃખી થાય તેવું વ્યર્થ અભિમાન પણ જીવે કરવું નહિ. કારણ કે દરેક જીવ જન્મતાં જ પૂર્વે આ ભવના આયુષ્યનો બંધ પડયો ત્યારે જ છ બોલ (૧) ગતિ, (૨) જાતિ, (૩) સ્થિતિ—આયુષ્ય કેટલું ભોગવવાનું છે તે, (૪) અવગાહના અર્થાત્ શરીરના રૂપ, રંગ, આકૃતિ વગેરે, (૫) પ્રદેશ—આ ભવમાં કયા કયા કેટલા કર્મ ભોગવવાના છે તે અને (૬) અનુભાગ અર્થાત્ સંસાર, જેમાં (૧) સંપત્તિ; (૨) સંતતિ, (૩) સુખ, (૪) દુઃખ, (૫) સંયોગ અને (૬) વિયોગનો સમાવેશ થાય છે કેવો ભોગવવાનો છે તે સાથે લઈને આવેલ હોય છે. ત્યારે હવે જરા વિચારો તો ખરા કે તમે અન્યનું શું કરી શકવાના હતા? છતાં અજ્ઞાની જીવ મોહદશાના લીધે મારૂં, મારૂં, કરીને મમત્વ ભાવથી કર્મોના થોક બાંધે

છે, જે ઉદયમાં આવતાં ભોગવવા દોહ્યલા થઈ પડે છે ત્યારે સમતા રાખવાને બદલે વલોપાત કરીને નવા અશુભ કર્મ બાંધીને સંસારચક્ર વધારે છે. તેથી સારાયે સંસારને અશરણરૂપ જાણી જે **"ધીર પુરૂષ"** છે, તે એક **ક્ષણનો પણ પ્રમાદ ધર્મકરણી કરવામાં ન કરે -" ધીરો મુહુત્તમવિ ણો પમાયએ ॥૭૦॥** કારણ કે **"વઓ અચ્ચેઈ જોવ્વણં"।** યુવાની (અને આયુષ્ય) દરેક ક્ષણે વીતતું જાય છે. માટે હજી જ્યાં સુધી શરીરની શક્તિ ઘટી નથી, ત્યાં સુધી **પ્રત્યેક પળને અણમોલ જાણી જે વ્રત, તપ, જપ આદિ ધર્મ અનુષ્ઠાનોમાં જ ગાળે છે. તે જ ખરો પંડિત છે અર્થાત્ સાચો સાધુ છે.**

**આમ આ પ્રથમ ઉદ્દેશામાં સંસારનું સાચું સ્વાર્થમય સ્વરૂપ જાણી, અશરણ અને સંસાર ભાવના ભાવીને, એક ક્ષણ માત્રનો પણ વિવેકી જીવે પ્રમાદ ન કરવાનું અને હરક્ષણ ધર્મ ક્રિયામાં ગાળવાનું પરમાર્થથી કહ્યું.**

**પ્રમાદ :–** ધર્મકરણી સિવાયની દરેક પ્રવૃત્તિને તીર્થંકર ભગવંતે પ્રમાદ કહેલ છે.

**આ ભવમાં પ્રમાદ ન કરવાથી જ આવતા ભવના છ બોલ સારા બંધાય છે અને જીવને સુગતિ, સમાધિ, અને છેવટે શાશ્વતા સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.**

બીજા ઉદ્દેશાની શરૂઆત જ **"અરઈ આઉટ્ટે સે મેહાવી, ખણંસિ મુક્કે ॥૭૭॥"** અર્થાત્ જે પ્રજ્ઞાવંત, મેધાવી, સંયમ લઈને પછી ઉપસર્ગ કે પરિષહ આવતાં

સંયમમાં અરતિ નથી લાવતો, પણ દૃઢ રહે છે, તે ક્ષણ વારમાં મોક્ષને પ્રાપ્ત કરી લે છે. તેમ કરી.

ભગવાનની આ સત્ય વાતને પ્રાતઃ સ્મરણીય ગજ-સુકુમાર, અર્જુનમાળી આદિ મુનિવરોએ સિદ્ધ કરી બતાવી છે, તેમને અનુસરી આપણે પણ ભવનો અંત કરીએ.

જે આઠે પ્રકારના મદનો નિગ્રહ–કાબુ કરે છે, તે જ સંયમમાં દૃઢ રહી શકે છે તેમ જાણી, (૧) જાતિમદ, (૨) કુળમદ, (૩) બળમંદ, (૪) રૂપમદ, (૫) તપમદ, (૬) જ્ઞાનમદ (૭) લાભમદ અને (૮) ઐશ્વર્યમદ–આ આઠે પ્રકારના મદ તજી સંયમમાં દૃઢ રહે એમ ત્રીજા ઉદ્દેશાની શરૂમાં કહી, પછી કહ્યું કે જે પરિગ્રહ ઓછો કરે છે, તેજ મદનો નિગ્રહ કરી શકે છે, માટે રાગ–દ્વેષ–કષાયાદિ અભ્યંતર પરિગ્રહ અને માલ મિલ્કત, દાસ–દાસી આદિ બાહ્ય પરિગ્રહ તજવાનું ભગવંતે ફરમાવ્યું. કારણ કે **"સવ્વે પાણા પિયાઉયા, સુહસાયા દુક્ખપડિકૂલા અપ્પિયવહા પિયજીવિણો જીવિઉકામા । સવ્વેસિં જીવિયં પિયં ॥૯૦॥** અર્થાત્ સર્વ જીવોને જીંદગી પ્રિય છે, સુખના કામી છે, દુઃખ કોઈને ગમતું નથી, સર્વને જીવવું પ્રિય છે, મૃત્યુ અપ્રિય છે, એમ જાણી કોઈપણ દાસ–દાસી, પશુ પક્ષી આદિનો પરિગ્રહ ન કરે, તેમજ તેને દુઃખ ન દે, વધ ન કરે, તેમના પ્રાણ લુંટી પોતાના સુખસગવડ ભોગવવાની ઈચ્છા ન રાખે, પરંતુ સર્વ જીવોને પોતાના આત્મા સમાન ગણી દુઃખ ન દે એ જ પોતાના આત્માને સુખ, **શાંતિ અને સમાધિ આપવાનો એક માત્ર ઉપાય છે. આવો શ્રી ભગવંતનો ઉપદેશ છે, તેને શ્રદ્ધાપૂર્વક માની કોઈને પીડા ન પહોંચાડે તેમાં જ મનુષ્યભવની સાર્થકતા છે.**

**ચોથો ઉદ્દેશો :–** મદથી ભોગવેલા ભોગો અંતે રોગાદિ દુઃખોમાં જ પરીણમે છે એમ કહી દુઃખનું સ્વરૂપ બતાવ્યું છે. રોગ આવે ત્યારે સ્વજનો તેનું રક્ષણ કરી શક્તા નથી, અને કોઈવાર—હાલના વિષમકાળમાં તો ઘણીવાર—તેને તજી પણ દે છે, એવું સંસારનું દુઃખમય સ્વરૂપ જાણી, આ બધા રોગો પૂર્વભવે કરેલા કોઈ વેદનીયાદિ કર્મનું ફળ છે માટે સમતા રાખી ભોગવે. તેમાં હર્ષ કે શોક ન રાખે અને કર્મનિર્જરા કરે, સંયમમાં દઢ બને તે જ સાચો નિર્ગંથ મુની છે.

**આ સૂત્ર સાધુના આચારધર્મનું છે, તેથી સાધુને સંબોધીને ભગવંતનો ઉપદેશ છે પણ ગૃહસ્થને પણ તેટલું જ લાગુ પડે છે તેમ સમજી વિવેકી જન તે પાળે.**

ભોગોથી નહિં પણ વિષયોના ત્યાગથીજ સાચુ સુખ મળે છે તેમ કહીને જે ૪૨ દોષ રહિત નિર્દોષ સુઝતા આહાર પાણીજ સંયમના નિભાવ અર્થે—દેહના લાલનપાલન માટે નહિ, ભોગવે છે તેજ સાચો મુની છે એમ પાંચમાં ઉદ્દેશામાં ફરમાવીને, સાધુએ સંસારીના સંગથી **"અલં બાલસ્સ સંગેણ"**! વિરમવાનું અને અસંગદશા કેળવવાનું ફરમાવ્યું, અને દેહને અશુચિમય જાણી તેની બહુ સુશ્રુષા ન કરવાનું કે "કરાવવાનું" કહ્યું.

છઠ્ઠા ને છેલ્લા ઉદ્દેશામાં દેહાદિની સારવાર કરાવવાનો ઉપદેશ પણ હિંસાનું અને દેહાદિના મમત્વભાવનું કારણ છે, એમ માની નિર્ગંથ મુની પોતે દેહાદિના સમસ્ત મમત્વભાવનો ત્યાગ કરે ને કરાવે, ને તેમ કરીને કોઈપણ

પ્રકારનું પાપમયકર્મ પોતે કરે નહિ કે અન્ય પાસે કરાવે નહિ, તેવો દૃઢ સંયમી મુની શુદ્ધ સંયમનું પાલન કરતો થકો આ ઔદારિક શરીરને અનાસક્ત ભાવે તજે, કર્મરજને ખંખેરે, નિરસ લુખાસુકા આહારાદિનું કાકંદીના ધન્ના અણગારની જેમ સેવન કરે તેજ **સાચો સમકિતી છે, અને તેવા શુદ્ધ આચારવાળો મુની જ આ દુષ્તર એવા સંસારસાગરને તરી જાય છે, અને મુક્તાત્મા બને છે, તે લોકવિજેતા બને છે.**

સંક્ષેપમાં બીજા અધ્યયનનો મુખ્ય સાર એ છે કે વૈરાગ્યભાવની અભિવૃદ્ધિ કરવી, સંયમસાધનામાં દૃઢપણે આગળ વધવું, સર્વ પ્રકારના મદને દૂર કરવા, ભોગોની આસક્તિ છોડવી,ભોજનાદિ નિમિત્તે થતાં આરંભ-સમારંભનો ત્યાગ કરવો, રોગોના ઉપદ્રવમાં પણ દેહાદિની મમતા છોડીને સમતાભાવે સંયમપાલનમાં અડગ રહેવું, અને વિષય–કષાયોને જીતી **લોકવિજેતા નિર્ગ્રંથ મુની અનાથી મુની જેમ બનવું.**

## અધ્યયન ત્રીજું "શીતોષ્ણીય"

**સંબંધ** :–જે લોકવિજેતા બને તે મુની "શીત" એટલે **"સાનુકુળ"** અને "ઉષ્ણ" એટલે **"પ્રતિકુળ" પરિષહો અને ઉપસર્ગોને ધૈર્યપૂર્વક સમભાવે ખમે, અને કદાપિ પ્રાણાંતક કષ્ટ આવે તોપણ સંયમ-પાલનમાં અચળ રહે તેવો સંબંધ બીજા સાથે છે.**

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન બીજામાં ૨૨ પરિષહ કહ્યા છે. જેમાંના બે (૧) સ્ત્રી અને (૨) સત્કાર પરિષહ સાનુકુળ કહ્યા છે, બાકીના ૨૦ મુનીને પ્રતિકુળ કહ્યા છે.

હવે સંયમપાલનમાં સદા જાગૃત રહીને જે સમભાવે સહન કરે તે જ સાચો મુનિ છે. તેમ **"સુત્તા અમુણી સયા, મુણિણો સયા જાગરંતિ"** ॥૧૩૫॥ અર્થાત્ અજ્ઞાની અસંયમી જીવો દ્રવ્યથી જાગતા અર્થાત્ આંખો ઉઘાડી હોવા છતાં, મોહ અને મિથ્યાત્વથી સદા ઘેરાયેલા હોવાથી સદાકાળ ભાવ મોહનિદ્રામાં સૂતેલા કહ્યા. જ્યારે સંયમી સાધુ દ્રવ્યથી સૂતા હોય છતાં ભાવથી આત્માર્થી હોવાથી સદા જાગૃત કહ્યા.

**બીજા ઉદ્દેશામાં "સમ્મત્તદંસી ન કરેઇ પાવં"** ॥૧૪૩॥ અર્થાત્ તત્ત્વજ્ઞ સમ્યગ્દૃષ્ટિ સાધક પ્રાણીમાત્રને પોતાના આત્મા સમાન ગણી પોતાના સંયમપાલનમાં સદા ઉપયોગવંત રહે, જેથી પાપકર્મ ન બંધાય તેમ ભગવંતે કહ્યું, ઉપરાંત સંસારી જીવો સાથે સ્નેહસંબંધ ન બાંધે તેમજ હાસ્યવિનોદથી વિરમે, અને ક્રોધાદિ કષાયોથી નરકાદિ અધમગતિની પ્રાપ્તિ થાય છે એમ જાણી કષાયોને તજે, અને જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપરૂપી મોક્ષમાર્ગની સાધનામાં સતત ઉપયોગ રાખી સંયમજીવન સાર્થક બનાવે. આવો સમ્યક્ત્વી સાધક પાપકર્મ બાંધતો નથી માટે સદા જાગૃત–સાવધાન રહે.

પાપકર્મનું ફળ દુર્ગતિ જ છે તેમ જાણી તેનાથી નિવૃત્ત થવાનું કહીને હવે **ત્રીજા ઉદ્દેશામાં**–"જે મુની ગતિ–આગતિના અર્થાત્ જન્મ-મરણના ફેરાના કારણરૂપ **રાગ–દ્વેષ છે તેમ જાણીને તે બંનેને તજતો થકો સમભાવમાં વિચરે છે, તેવા આત્માનું અહિત કરવા ત્રણે લોકમાં કોઈ સમર્થ નથી,** તેમ કહીને એક અતિ

હિતકારી બોધવચન કહે છે. "**પુરિસા! તુમમેવ તુમં મિત્તં" કિં બહિયા મિત્તમિચ્છસિ? ॥૧૫૮॥**

"હે પુરૂષ! (જીવાત્મા!) તું પોતે જ તારો મિત્ર છે, (પછી) બહારના મિત્રને શા માટે ઇચ્છે છે?" પરમાર્થ એ છે કે જીવાત્મા પોતે જ પાપમય વિચારો કે કાર્યો કરીને પોતાના જ આત્માનો દુર્ગતિમાં ધકેલીને તેનો શત્રુ બને છે, અને સારા ભાવો અને સત્કાર્યો કરીને, ધર્મકરણી કરીને પોતાના જ આત્માનો મિત્ર એ રીતે બને છે, કે મિત્રની જેમ એ સદ્દભાવો ને સત્કાર્યો એને સુગતિ પમાડીને પરંપરાએ શાશ્વતા મોક્ષસુખ અપાવે છે. **આવા હિતકારી જિન વચનની શ્રદ્ધા કરી સાધક સદા સદ્દભાવનાઓ ભાવે એમ પરમાર્થથી કહ્યું.**

**ચોથાને છેલ્લા ઉદ્દેશામાં** કષાયોને તજીને સંયમની આરાધનામાં જ લાગી જવું તેજ આત્માર્થી મુની માટે શ્રેયકારી છે એમ ભારપૂર્વક કહીને બે હીતશીક્ષા આવે છે :– "**જે એગં જાણઇ સે સવ્વં જાણઇ, જે સવ્વં જાણઇ સે એગં જાણઇ ॥ ૧૬૩ ॥** અર્થાત્" જે કોઈ સાધક પોતાના એક આત્માને જાણે છે, તે જગતના સર્વ જીવોને તથા અજીવ–જડ પદાર્થોને અને તેની ભૂત–વર્તમાન અને ભાવી પર્યાયોને પણ જાણે છે,, અને જે સર્વ જીવ–અજીવોને તેની ત્રિકાળવર્તી પર્યાયસહિત જાણે છે, તે એક આત્માના-સ્વરૂપને જાણે છે. કારણ કે પ્રત્યેક ભવ્ય જીવ પાસે આત્માના સ્વરૂપને તથા સર્વ જડ પદાર્થોની ત્રણે કાળની પર્યાયને જાણવાની શક્તિ નિશ્ચયનયની અપેક્ષાએ રહેલી છે, પરંતુ વર્તમાનકાળે જ્ઞાનાવરણીયાદિ કર્મોના આવરણના લીધે તે

શક્તિ આપણે પ્રગટાવી શકતા નથી, પરંતુ જ્ઞાની પુરૂષોના સમાગમથી તે શક્તિ ગણધર ભગવંતોની જેમ પ્રગટી શકે છે. ગણધર ભગવંતો સર્વજ્ઞ તીર્થંકર ભગવંતના શ્રીમુખે એક માત્ર ત્રિપદિ **"ઉપ્પન્ને ઇ વા, વિગમે ઈ વા, ધુવેઈ વા ॥"** સાંભળે છે, અને ઉપરોક્ત જિનવચન સાંભળી તેમના અંતરમાં સમસ્ત જડચેતન પદાર્થોનું જ્ઞાન પ્રગટે છે અને દ્વાદશાંગીની રચના કરે છે.

(૨) જ્ઞાનીનો સમાગમ આવો ઉપકારી છે એમ જાણી સાધક હંમેશા અપ્રમત્ત રહે, તેથી ભગવંતે કહ્યું :– **"સવ્વઓ પમત્તસ્સ અત્થિ ભયં, સવ્વઓ અપમત્તસ્સ નત્થિ ભયં" ॥ ૧૬૪ ॥** અર્થાત્ પ્રમાદીને સર્વ બાજુથી ભય છે, અપ્રમાદીને કોઈનો ભય નથી, કારણ કે પ્રમાદી જીવ પાપમય જીંદગી જીવીને ઘણા જીવો સાથે વેર બાંધે છે, તેથી જ્યારે તે અશુભ કર્મોનો ઉદય થાય છે. ત્યારે તે જીવ તેનાથી ભયભીત થાય છે, પણ અપ્રમત્ત સાધક સંયમજીવન જતનાપૂર્વક ગાળી દેહાદિ મમત્વ રહિત રહી, જીવોની હિંસા કરતાં નથી, તેથી વેરના બંધ પડતા નથી એટલે નિર્ભય રહે છે,

આ પ્રમાણે આત્મસ્વરૂપને જાણી અપ્રમત્તભાવે જે સંયમજીવન ગાળે છે, તે સાધક મોહનીય કર્મને જીતે છે, અને જે એક મોહનીય કર્મને જીતે છે, તે સર્વ કર્મોને જીતીને સર્વથા કર્મમૂક્ત બને છે તેમ **"જે એગં નામે સે બહુું નામે"**। અર્થાત્ જે એક મોહનીય કર્મને નમાવે છે, તે બધા કર્મોને નમાવે છે અર્થાત્ નાશ કરે છે. કહ્યું, કારણ કે મોહનીય કર્મ બે ભેદે છે (૧) **દર્શન મોહનીય** જેની મિથ્યાત્વ, મિશ્ર અને સમક્તિ મોહનીય

નામની ૩ પ્રકૃતિ છે. જે સમક્તિને રોકે છે, અને **(૨) ચારિત્ર મોહનીય** તેની ક્રોધાદિ કષાયોની ૧૬ અને હાસ્ય, રતી, અરતી આદિનોકષાયોની ૯ મળી કુલ ૨૫ પ્રકૃતિ છે, જેનાથી રાગ–દ્વેષ થતા હોવાથી વીતરાગતાને રોકે છે. **“ કષ ” એટલે “ સંસાર ” અને “ આય–લાભ ” જેનાથી સંસારનો લાભ અર્થાત્ વૃદ્ધિ થાય તે કષાય.** એક મોહનીય કર્મને જીતવાથી મિથ્યાત્વ નાશ પામે છે, તેથી સમક્તિ આવે છે, અને કષાય નાશ પામવાથી વીતરાગતા આવે છે તેથી સંસારનો અંત આવે છે.

## અધ્યયન ચોથું “સમ્યકત્વ”–ચાર ઉદ્દેશા છે

**સંબંધ** :–ત્રીજામાં પરીષહો ખમીને પણ નિરતિચાર સંયમ પાળવાનું કહ્યું. તેવો સંયમ તો જે **“સમ્યક્ત્વી”** હોય તે જ પાળી શકે. તેથી **સમ્યક્ત્વનું સ્વરૂપ અત્રે** કહે છે.

સમ્યક્ત્વ, સમ્યગ્દર્શન કે સમક્તિ તે પર્યાયવાચી શબ્દો છે.

મોહનીય કર્મની દર્શન મોહનીયની ત્રણ અને ચારિત્ર મોહનીયના અનંતાનુબંધી–કષાયોની ચાર પ્રકૃતિ એમ સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થવાથી (૧) ઉપશમ સમક્તિ, (૨) ક્ષયોપશમ સમક્તિ અને (૩) ક્ષાયિક સમક્તિ અનુક્રમે આવે છે. (વિસ્તૃત સમજણ માટે જુઓ લેખકનું “સમ્યગ્દર્શન” નામે પુસ્તક.”)

સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવતાં સૂત્રકાર કહે છે :–

“જે તીર્થંકરો અતીતકાળમાં થઈ ગયા છે, વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં બીરાજે છે, અને આગામી કાળમાં થવાના

છે, તે સઘળા ભગવંતો એક જ દયામય **અહિંસાધર્મની** પ્રરૂપણા કરીને કહે છે...**સવ્વે જીવા ન હંતવ્વા...** અર્થાત્ કોઈપણ જીવની હિંસા ન કરો, પીડા પણ ન ઉપજાવો. સંપૂર્ણ દયા પાળો. **તીર્થંકરના આ શાશ્વતા વચનમાં દૃઢ શ્રદ્ધા રાખવી તેને "સમ્યક્ત્વ" કહ્યું છે."**

સમ્યક્ત્વનું માહાત્મ્ય એવું છે કે અનાદિકાળની જીવન-યાત્રામાં જીવને તે એકજવાર સ્પર્શી જાય, તો પણ તે જીવ તદ્‌ભવે કે વધુમાં વધુ અર્ધપુદ્‌ગલ—પરાવર્તનકાળમાં અવશ્ય મોક્ષે જાય. **આમ સમક્તિ એ મોક્ષનું દ્વાર છે.**

જિનેશ્વરનો ઉપદેશેલો આવો દયામય ધર્મ જ શુદ્ધ છે, નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે. જગત્જીવોના કલ્યાણ અર્થે તીર્થંકરોએ આ ઉપદેશ આપેલ છે.

પહેલા ઉદ્દેશામાં અહિંસાધર્મની સ્થાપના કરી, બીજામાં જે હિંસાનો ઉપદેશ આપે છે, અને જીવહિંસામાં પાપ નથી તેમ કહે છે તેમને અનાર્ય કહ્યા છે, અને જે પ્રાણી વધ ન કરવાનો ઉપદેશ આપે તેમને આર્ય કહ્યા છે. કારણ કે શુભ ભાવોથી આશ્રવના સ્થાનોને પણ નમિ રાજર્ષિના દૃષ્ટાંતે નિર્જરાના સ્થાન બનાવી શકાય છે, અને અશુભ અધ્ય-વસાયોથી નિર્જરાના (કર્મ ખપાવવાના) સ્થાનોને પણ કંડરીક મુનીની જેમ આશ્રવ (કર્મબંધ)ના સ્થાન બનાવી દે છે. માટે ઉપયોગવંત રહેવું.

ત્રીજા ઉદ્દેશામાં પોતાનો આત્મા આ સંસારમાં એકલો જ આવે છે, અને શુભાશુભ કર્મ બાંધીને એકલો જ વિદાય લે છે, તેનો વિચાર કરીને આત્માને નિર્મળ કરવા તપસ્યા-દિથી શરીરને કૃશ કરે, કાયાની મમતા ઘટાડી કષાયોને પાતળા પાડે, એમ કહીને તપનું માહાત્મ્ય બતાવ્યું છે.

ચોથા ને છેલ્લા ઉદ્દેશામાં સાધક મુનીએ પોતાની શક્તિ અનુસાર તપાદિની આરાધના કરી, અથવા લુખાસુકા આહાર કરી કામવાસનાનો નાશ કરે અને વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળી મોક્ષ સન્મુખ બની. પોતાના આત્માનું કલ્યાણ કરવું એમ ફરમાવ્યું.

## પાંચમું અધ્યયન–"લોકસાર"માં છ ઉદ્દેશા છે.

આ અધ્યયનના આદિ ને મધ્યમાં **"આવંતી"** શબ્દનો ઉપયોગ થયો હોવાથી તેનું બીજું નામ **"આવંતી"** અધ્યયન પણ છે.

પ્રથમ ઉદ્દેશામાં સમગ્ર લોકમાં **સારભૂત તત્ત્વ ધર્મ** બતાવેલ છે. **ધર્મનો સાર જ્ઞાન છે; જ્ઞાનનો સાર સંયમ છે; કહ્યું છે ને "જ્ઞાનસ્ય ફલં વિરતિ"; અને સંયમનો સાર મોક્ષ છે એમ સિદ્ધ કર્યું છે.** હિંદુધર્મે પણ કહ્યું છે ને **"સા વિદ્યા યા વિમુક્તયે"** ॥ હવે જે સમ્યક્ત્વી હોય તે જ સર્વજ્ઞ કથીત **"સંયમધર્મ"**નું નિરતિચાર પાલન કરીને સર્વથા કર્મ ખપાવી શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ જાય એમ છઠ્ઠા ઉદ્દેશામાં પ્રતિપાદન કર્યું છે. તે રીતે આનો ચોથા અધ્યયન સાથે સંબંધ છે.

**પ્રથમ ઉદ્દેશામાં** ભવભ્રમણનું મૂળ કારણ ક્રુર કર્મો છે, એમ કહી જ્ઞાનીએ દેહને નાશવંત જાણી, દેહાભિલાષ અને દેહાભિમાનથી વિરક્ત રહીને પોતાના મન–વચન–કાયાના યોગોને આત્મશ્રેયાર્થે જ પ્રવર્તાવે અને આત્મકલ્યાણ આ માનવભવમાં જ સાધી લે તેમ કહ્યું. પણ અજ્ઞાની જેને જૈન પરિભાષામાં **"બાળજીવો"** કહ્યા છે, તે તો પોતાના દેહના અને પરિવારના સુખાર્થે મોહથી ઘેરાઈને અનેક

પ્રકારના આરંભસમારંભ કરી અનેક જીવોની હિંસા કરે છે, અનેકને પીડા ઉપજાવે છે, તે ક્રુર કર્મોથી વળી નવા અશુભ કર્મો બાંધે છે, અને સમક્તિ ન પામે ત્યાં સુધી જન્મ–મરણરૂપી સંસારચક્રમાં ભમે છે; એમ જાણી આત્માર્થી જીવે આરંભથી દૂર રહેવું.

**બીજા ઉદ્દેશામાં** જે પાપમય પ્રવૃત્તિથી અટકયા છે તે જ સાચા સાધુ છે, અને તેવા સાધક પ્રત્યેક જીવને સુખ પ્રિય છે, તેમ જાણી બ્રહ્મચર્યાદિ પાંચે મહાવ્રતોનું ઉત્કૃષ્ટ ભાવે પાલન કરી જીવહિંસા ન કરે, વળી તેવો મુની બીમારી આવ્યે આ રોગ મારા જ કોઇ પૂર્વભવના અશુભ કર્મનું ફળ છે એમ માની, શરીરની નશ્વરતા સમજી સનત્કુમાર મુનીની જેમ દર્દના દુઃખને સમભાવે સહન કરે, અને કેવળ રત્નત્રયીની આરાધનામાંજ મગ્ન રહે; સઘળા પરિગ્રહને કર્મબંધનું કારણ જાણી તજે અને બ્રહ્મચર્ય વિશુદ્ધ પાળી સંયમમાં પરાક્રમ ફોરવે,

**ત્રીજા ઉદ્દેશાનો** ભાવ છે કે જે સાધક જિતેંદ્રિય છે, તેણે વિષયો ને પરિગ્રહને દ્રવ્ય અને ભાવ એમ બંને પ્રકારથી સર્વથા ત્યાગી પોતાના વિકારો પર વિજય મેળવી, તેની ઇચ્છામાત્ર પણ ન કરે, કેમકે **વિષય–કષાય–તૃષ્ણાદિ અભ્યંતર શત્રુઓ સાથે યુદ્ધ કરવું તે જ આત્મા માટે શ્રેયકારી છે. બહારના બીજા યુદ્ધોથી અશુભ કર્મબંધ સિવાય શું વળવાનું છે? તે પ્રસન્નચંદ્ર રાજર્ષિના દષ્ટાંતે.** અંતરના તે શત્રુઓ સામે યુદ્ધ કરવા જ આ જે **"ઓદારીક અર્થાત્ ઉદાર શરીર–માનવ-દેહ"** મળેલ છે. તેનો પૂરો લાભ લે. કારણ કે તે માનવ દેહ (ભવ) એકવાર હાથમાંથી ગયા પછી ફરીથી મળવો બહુજ

દુર્લભ છે, એમ જાણી ધીર, વીર, ને સમકિતી મુની ઉત્કૃષ્ટ સંયમપાલન કરી કર્મશરીરનો સર્વથા ક્ષય કરે અને સંસારસાગરને તરી જાય છે. **ચોથા ઉદ્દેશામાં સ્વચ્છંદતાના દોષો બતાવી સાચો સાધુ ગુરૂની નિશ્રામાંજ રહે, એકલો ન વિચરે એમ ફરમાવ્યું.** એનો પરમાર્થ હેતુ એ છે કે વય અને જ્ઞાનની દષ્ટિએ જે હજી અપરીપકવ છે, અથવા પરીષહોને ખમવાની હજી પૂરી સહનશક્તી ને સમતા જેનામાં આવી નથી, તેવા સાધુ માટે એકલાવિચરવું તે મુશ્કેલી કે પતનનું કારણ બને છે. તે સુકુમાલિકા આર્યાજીના દષ્ટાંતે.

પણ જે વિશિષ્ઠ જ્ઞાની છે અને દઢચારિત્રી છે, કોઈપણ પરિષહથી ડગે તેમ નથી તેવા ધીર, વીર ને સમકિતી પૂર્વધારી મુની માટે એકલ વિહારીપણું પણ નિર્જરાનું કારણ બને છે, તેમ પ્રભુએ કહ્યું.

અંતભાગમાં સ્રીસંગથી દૂર રહેવા સાધુ માટે ફરમાવ્યું. કારણકે તેથી નરકાદિ દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. માટે સાધકે વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું તે જ હિતકારી છે.

**પાંચમાં ઉદ્દેશામાં** આચાર્યાદિ જે સાધકો નિરતિચાર વિશુદ્ધ આચાર પાળે છે. તેમને નિર્મળા જળાશય સમાન કહ્યા છે. નિર્મળ જળથી ભરપુર જળાશય જેમ સદા શુદ્ધ રહીને બધા જળચર જીવોનું જતન કરે છે, તેજ રીતે આચાર્યાદિ સાધકો પણ જ્ઞાન અને સદ્દગુણરૂપી જળથી પરિપૂર્ણ થઇ, કષાયોને ઉપશાંત કરી, તપસ્યા દ્વારા કર્મની નિર્જરા કરી, અન્ય જીવોને કર્મરહિત થવાનો સદુપદેશ આપે છે અને સ્વ–પરનું કલ્યાણ કરે છે; તે અવશ્ય સમાધિસુખને પામે છે,

શંકાશીલ આત્મા સમાધિ પ્રાપ્ત કરી શકતો નથી, પરંતુ **જિનવચનમાં શ્રદ્ધા રાખવાથી** કેટલાક ભવી જીવો તીર્થંકર કે આચાર્યાદિ ગુરૂની વાણી સાંભળી ઉપદેશ સાંભળી ગૃહસ્થાવાસમાં સમક્તિ પામે છે, તે શ્રેણિક રાજાના દૃષ્ટાંતે, તો કેટલાક સંયમ અંગીકાર કરીને જંબુસ્વામીની જેમ સાધુપણે સમક્તિ પામે છે. (પણ જે કોઈ સમક્તિ પામે છે. તે તો પછી **"તમેવ સચ્ચં ણીસંકં જં જિણેહિં પવેઇયં ॥"** અર્થાત્ જિનેશ્વર ભગવંતે જે પ્રરૂપ્યું છે—જીવાદિ તત્ત્વોનું જે સ્વરૂપ કહ્યું છે, તે જ સત્ય છે, શંકા વગરનું નિઃશંક છે, એવી દૃઢ શ્રદ્ધા જિનવચનમાં રાખે છે,)

કોઇ સાધક મુની પૂર્વકર્મના ઉદયે તત્ત્વજ્ઞ ગુરૂ પાસે રહેતાં છતાં, અને તેમના સમજાવવા છતાં તત્ત્વને ન સમજી શકે તો શું ખેદ ન થાય ?

અવશ્ય થાય, પણ તેવા પ્રસંગે આત્માર્થી સાધકે ખેદ ન કરતાં, જિનેશ્વર દેવે જે કહ્યું છે, તે જ **"તમેવ સચ્ચંણીશંકં જં જિણેહિં પવેઇયં ॥"** અર્થાત્ જિનેશ્વરે જે પ્રરૂપ્યું છે તે જ સત્ય છે, શંકા વગરનું નિઃશંક છે એવી દૃઢ શ્રદ્ધા જિનવચનમાં રાખી ઉપશાંત ભાવે માસતુષ મુનિવરની જેમ પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિરૂપ પ્રવચનમાતામાં ઉપયોગ રાખી સંયમનું પાલન સમ્યક્ પ્રકારે કરતો રહે, આઠ **પ્રવચનમાતાનું શ્રદ્ધાપૂર્વક સેવન કરનાર પણ આરાધક બનીને માસતુષ મુનિવરની જેમ કેવળ પ્રગટાવી ભવનો અંત કરી શકે છે.**

**તીર્થંકર ભગવંત સર્વજ્ઞ બનીને વીતરાગ થયા હોવાથી કદાપિ અસત્ય વચન બોલતા નથી. વળી જે પ્રકારે અન્ય જીવોને પીડા પહોંચાડશો, તે જ પ્રકારે પીડા ભોગવવાનો વારો તમારા જ આત્માને આવશે, તેમ નિશ્ચયથી માની સાધક જીવોએ કોઈપણ જીવને દુઃખ થાય તેવા કાર્યો તેમજ વિચાર સુદ્ધા કરવા નહિ; તે જ સાચો ધર્મ છે,**

અંતમાં **"જે આયા સે વિન્નાયા જે વિન્નાયા સે આયા"**। અર્થાત્ જે આત્મા છે, તે જ વિજ્ઞાતા અર્થાત્ જાણનાર છે, અને જે જાણનાર છે તે જ આત્મા છે, કહીને જ્ઞાન **એ આત્માનો ગુણ છે, અને એ જ્ઞાન આશ્રયી જ આત્માની પ્રતીતિ થાય છે.** જે કોઈ સાધક આત્મા અને જ્ઞાનના આ અભેદ સંબંધને જાણે છે એ જ આત્મવાદી છે, અને આવા જાણકાર સાધકોના સંયમ અનુષ્ઠાનોને જ સમ્યક્ કહ્યા છે.

**છઠ્ઠા અને છેલ્લા ઉદ્દેશામાં** "પ્રજ્ઞાવંત સાધક ગુરૂકુલવાસમાં રહી જિનમાર્ગને યથાર્થ જાણી, ગ્રહણ કરી, સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે, જિન આજ્ઞા અને ગુરૂની આજ્ઞામાં રહી ઉત્કૃષ્ટ ભાવે જિનપ્રણીત અહિંસામય સંયમ ધર્મનું પાલન કરે, સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્રોનું જ અવલંબન લઈ સદા સંયમમાં પરાક્રમ ફોરવે અને સાધુ સમાચારી મુજબ ઉપયોગ રાખી સદા વિચરે. જે ઉત્કૃષ્ટભાવે સંયમ ધર્મ પાળે છે, તે કર્મનો નાશ સર્વથા કરે છે, અને જે સર્વ કર્મ મુક્ત બને છે, તે પોતે જ **સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા બને અને શુદ્ધ, બુદ્ધ અને મુક્ત**

**સિદ્ધ પરમાત્મા થઇ જાય; અને શાશ્વતા સુખો પ્રાપ્ત કરી સિદ્ધક્ષેત્રમાં બીરાજે છે,**

સિદ્ધ પરમાત્માનું તે સ્વરૂપ એવું અગમ્ય છે કે શબ્દો વડે તે વર્ણવી શકાતું નથી, તર્ક થઈ શકતો નથી, બુદ્ધિ ત્યાં પહોંચતી નથી, સર્વથા કર્મમળ રહિત કેવળ વિશુદ્ધ જ્યોતિર્મય તે સ્વરૂપ છે, કેવળ જ્ઞાનમય અને દર્શનમય દશામાં લોકાલોકના સર્વ પદાર્થો તથા જીવ-અજીવાદિની ત્રણે કાળની પર્યાયોના જાણનાર ને દેખનાર છે, અને અનંતા શાશ્વતા સુખમય લોકના અગ્રભાગે અલોકને અડીને સિદ્ધ-ક્ષેત્રમાં બીરાજે છે. તે અરૂપી, અજર અને અમર છે. તેથી તેમનું વર્ણન કરવા માટે આ જગતમાં ઉપમા આપી શકાય તેવો કોઈ પદાર્થ નથી, માટે અનુપમ, અચિંત્ય, અવાચ્ય, શબ્દાતીત એવું એ સ્વરૂપ છે. **તેથી સિદ્ધ દશા માત્ર અનુભવ ગમ્ય જ છે.** '

## છઠ્ઠું અધ્યયન "ધૂતાખ્ય". —પાંચ ઉદ્દેશા છે.

"**ધૂત**" એટલે "ધોયેલું" કોઈપણ મેલી વસ્તુના મેલને ધોઈ તેને ચોકખી ચટ સ્વચ્છ કરવી તે "ધૂત". તેથી આ અધ્યયનમાં આત્મા પર લાગેલા અનાદિકાળના કર્મમળને કેમ ધોઈ નાખવો અને તેના શુદ્ધ સ્વરૂપને કેમ પ્રગટાવવું તે પ્રક્રિયા બતાવેલ છે તેથી "**ધૂત**" કહ્યું.

**સંબંધ** :- પાંચમાં અધ્યયનમાં સંયમથી સર્વ કર્મોનો ક્ષય થાય છે તેમ કહ્યું, તો કેવી ક્રિયાથી કર્મમળ ધોવાઇ જાય તે હવે આમાં કહે છે, તેમ તેનો સંબંધ છે.

સંસારની ચારે ગતિના કર્મવિપાકના લીધે ભોગવવા પડતાં દુઃખોનું સ્વરૂપ વર્ણવી, તે કર્મોનો ક્ષય કરવા વર્ત-

માનકાળે મનુષ્યભવરૂપી અવસર પ્રાપ્ત થયેલ છે, અને કર્મોનો સર્વથા ક્ષય **મનુષ્યભવમાંજ કરી શકાય છે, અન્ય ગતિમાં તેવી સામગ્રી મળતી નથી** એમ વિચારી આત્મહિતાર્થે અહિંસાદિ ધર્મની આરાધના કરી લેવા આત્માર્થીઓએ સદા જાગૃત ને ખંતીલા રહેવું. એમ તીર્થંકર દેવો સર્વજ્ઞ બની સંસારના સ્વરૂપને યથાર્થ જાણ્યા પછી ઉપદેશ આપે છે. પછી કોઈ જીવ ધર્મગુરૂનો યોગ થતાં ધર્મકથા સાંભળી, બોધ પામી, વૈરાગ્યવાસિત બને છે, અને સંસાર તજી સંયમ અંગીકાર કરે છે, પછી બાહ્ય અને આભ્યંતર પરિગ્રહને અને આરંભ–સમારંભના કાર્યોને સર્વથા તજી, જ્ઞાનવૃદ્ધિ કરી ચારિત્રનું ઉત્કૃષ્ટ ભાવથી વિશુદ્ધપણે પાલન કરે છે. વિશુદ્ધ ચારિત્ર સાથે તપનું આરાધન કરી અષ્ટકર્મનો ક્ષય કરવા ઉદ્યમવંત બને છે, અને અપ્રમત્ત ગુણસ્થાનને પ્રાપ્ત કરી મુક્તિપદને યોગ્ય બને છે, પછી સર્વ કર્મક્ષય કરી નિર્વાણ પામી સિદ્ધપદને પ્રાપ્ત કરી મોક્ષના શાશ્વતા અનંતા સુખોને પ્રાપ્ત કરે છે. સર્વજ્ઞના આ સદુપદેશને ગ્રહણ કરી આત્માર્થી જીવે ભવનો અંત કરવા સંત બનવું અર્થાત્ દીક્ષા લઈને મનુષ્યભવને સાર્થક કરવો એવો બોધ છે,

પરાક્રમી સાધક સંયમ લેવા તૈયાર થાય ત્યારે તેના માતાપિતાદિ સ્વજનો તેને રોકે છે, આજ્ઞા દેતાં નથી, અને ઘણીવાર દીક્ષા લીધા પછી પણ પાછા ફરવા વિનંતિ કરે છે પણ તેવા સમયે સ્વજનો પ્રત્યે મોહાસક્ત બનવું નહિ. અને અડગ રહી સંયમ લેવો ને પાળવો એવો પ્રભુનો હિતોપદેશ છે, એમ સુધર્માસ્વામી પ્રથમ ઉદ્દેશામાં શિષ્ય જંબુસ્વામીને કહે છે.

**બીજા ઉદ્દેશામાં** દીક્ષા લીધા પછી, સંયમમાર્ગમાં પરિષહો કે ઉપસર્ગો આવે તોપણ સંયમમાર્ગ છોડયા વગર જે સમભાવે સહન કરે છે. તે ગજસુકુમાર મુનીવરની જેમ નિર્વાણ પદને પ્રાપ્ત કરે છે. પરંતુ જે કાયર બનીને પરાભવ પામી સંયમ છોડી દે છે ને પાછો સંસારમાં આવે છે તે કંડરીકની જેમ સંસારમાં લાંબો સમય ભમે છે, એમ જાણી સંયમનું ઉત્કૃષ્ટ ભાવે પાલન કરે. વળી સંસારના સર્વ સંબંધો મોક્ષમાર્ગની સાધનામાં બંધનરૂપ છે એમ ચીંતવી સંસારીનો સંગ તજે, અને અસંગપણાને ભજી એકત્વ ભાવના ચિંતવતો થકો કર્મક્ષયની એકમાત્ર સાધના-માંજ ઉદ્યમી થાય તેમ કહ્યું.

**ત્રીજા ઉદ્દેશામાં સંયમના પાલન અને નિભાવ અર્થે** પોતાનો જે દેહ તથા અન્ય ઉપકરણો રહેલાં છે તેમાં સંયમી સાધુ મમત્વ ભાવ ન રાખે. તે એમ ન ચીંતવે કે આ કાયા કૃશ બની ગઈ છે તો તેને પુષ્ટ કરૂં, પણ દરેક અવસ્થામાં સમભાવી રહે, કારણકે **જે સમભાવી રહે છે તે વહેલો મુક્તિ પામે છે.**

**ચોથા ઉદ્દેશામાં એમ બોધ આપ્યો કે** જે સંયમ લીધા પછી ગુરૂ પાસેથી જ્ઞાન મેળવી જ્ઞાનમદ કરી ગુરૂને જ કઠોર શબ્દો કહે છે, ગુરૂ શીખામણ આપે તે ન માનતાં શાતાશીલીયા બની શિથીલાચારનું સેવન કરે છે, અને જ્ઞાન ને ક્રિયા બંનેથી ભ્રષ્ટ બને છે, તે અધોગતિનો કામી છે તેમ માની ખરા સાધકે ગુરૂનો વિનય કરી **ત્રણેગારવ (૧) શાતા (૨) રસ અને (૩) ઋદ્ધિનો ત્યાગ કરી જ્ઞાન ને ક્રિયા દ્વારા ઉપયોગપૂર્વક સાધના કરવી.**

**પાંચમાં ઉદ્દેશામાં** નિર્ગ્રંથ મુની ઉપસર્ગાદિને સમભાવે સહન કરી શ્રુતજ્ઞાનમાં પારંગત થઈ રંક કે રાજા, ઉંચ કે નીચ સર્વને સમાનભાવે ધર્મોપદેશ આપે. ઉપદેશ આપતી વખતે અન્યને કે પોતાને આશાતાં ન ઉપજે તેમ ઉપદેશ આપે, અને એમ ધર્મોપદેશ કરતાં પણ વિચરતાં વિચરતાં જ્યારે કાયા જીર્ણ-શીર્ણ થઈ ગયેલી લાગે ત્યારે કાળનો અવસર સમીપ આવ્યો જાણી, સર્વ દેહાસક્તિ તજી સંયમસાધનામાં પ્રબળ પરાક્રમ ફોરવે. દેહ ને આત્માને જડ અને ચૈતન્યને ભિન્ન જાણી પાદોપગમન આદિ સંથારો પચખી આત્મા દેહથી જુદો ન થઇ જાય અર્થાત્ મૃત્યુપર્યંત સમભાવથી આત્મસ્વરૂપની જ ચિંતવણા કરતો થકો, વેદનાના લીધે મૃત્યુ જલદી આવો તેવું ન ઇચ્છતો થકો શુરવીરપણે દેહને તજી દે ને માનવભવને સાર્થક કરે તેમ હું કહું છું.

## સાતમું અધ્યયન–"મહાપરિજ્ઞા" કે "મહાપરિન્ના"

આ અધ્યયન વિચ્છેદ ગયું છે. પણ શ્રી ભદ્રબાહુ-સ્વામીએ તેના પર લખેલી નિર્યુક્તિ આજ પણ ઉપલબ્ધ હોવાથી તેનું સ્વરૂપ જાણવા મળે છે, કે તેમાં સાત ઉદ્દેશા હતા.

આમાં અનેક ચમત્કારિક મંત્રો અને વિશિષ્ટ લબ્ધિઓ પ્રાપ્ત કરાવે તેવી વિદ્યાઓનું કથન હતું. તેથી, ઉત્તરોત્તર હીણો કાળ આવતો જોઇ અનધિકારીને આ વિદ્યા પ્રાપ્ત ન થાય તે ઉમદા હેતુથી પૂર્વાચાર્યોએ આની વાંચણી આપવી બંધ કરી તેથી વિચ્છેદ ગયું એમ મનાય છે.

મહાપરિજ્ઞાના "મહા" અને પરિજ્ઞા નામના બે પદોનું વિશ્લેષણ કરીને નિર્યુક્તિકારે પરિજ્ઞાના ભેદો સમજાવ્યા છે, સાથે

એમ પણ કહ્યું કે સાધકે દેવી, મનુષ્યીણી (સ્ત્રી) અને તિર્યંચીણી (માદા પશુ) નો મન–વચન–કાયાએ કરીને ત્યાગ કરવો જોઇએ. **સ્ત્રીસંગનો આવો ત્યાગ એ જ મહાપરિજ્ઞા છે.** નિર્યુક્તિકારના શબ્દોમાં આ અધ્યયનનો વિષય છે **"મોહજન્ય પરિષહ કે ઉપસર્ગ".** આના ઉપર શ્રી શીલાંકાચાર્યે તેમની વૃત્તિમાં લખ્યું છે કે સંયમી શ્રમણે સાધનામાં વિઘ્ન કરનારા મોહજન્ય પરિષહો ને ઉપસર્ગોને સમભાવે સહન કરવા જોઈએ. સ્ત્રીનો સંસર્ગ પણ મોહજન્ય પરિષહ છે. તેનાથી સાધકે દૂર રહેવું જોઈએ.

## આઠમું અધ્યયન–"વિમોક્ષ કે વિમોહ" ૮ ઉદ્દેશા છે.

બંને નામનો ભાવ સરખો છે **"વિમોક્ષ"** એટલે બધા પ્રકારના સંગથી–આસક્તિથી મુક્ત થવું અને **"વિમોહ"** એટલે મોહથી સર્વથા રહિત થવું. સર્વથા મોહરિહત થાય તે વિમોક્ષ અર્થાત્ મુક્તિ–અસંગદશાજ પામે. એ રીતે આ બંને નામ સમસ્ત ભૌતિક પદાર્થો કે સંસર્ગોના ત્યાગના ભાવમાં લીધા છે. તેથી સમાન ભાવવાળા છે.

સાતમો ઉદ્દેશો વિચ્છેદ ગયો છે તેથી સંબંધકહ્યો નથી.

**પહેલા ઉદ્દેશામાં** હિંસા–પરિગ્રહાદિ અનાચાર છોડવાનું કહીને સાધુની સામાચારી અર્થાત્ આચારધર્મનું પાલન કહ્યું છે. પોતાનાથી ભિન્ન આચારવાળા ને ધર્મવાળા સાધુઓ સાથે આહારપાણી ન કરે, ધર્મના ઉપકરણોનું આદાન પ્રદાન ન કરે, તેમને ભોજનાદિનું નિમંત્રણ ન આપે. તેઓ સામે ચડીને નિમંત્રણ આપે કે કોઈ ચીજવસ્તુ કે

આહારાદિ આપે તો ન સ્વીકારે કે કોઈ પણ જાતનો આરંભ —સમારંભ ન કરે.

**જૈન સાધુ માટે એવો કલ્પ–આચાર છે કે તે સાધર્મિક મુની સાથેજ આહારપાણી કરી શકે; કે કે કરાવી શકે. તે સિવાયના સાથે કરે કે કરાવે તો પ્રાયશ્ચિત લાગે.**

**બીજા ઉદ્દેશામાં** જેમણે અનાચાર છાંડયા છે તેવો મુની કોઈપણ સંજોગોમાં અસુઝતા આહારાદિ ન લે. કોઈ પરાણે આપે તોપણ અમને ન કલ્પે એમ કહીને ન લે. આથી કદાચ કોઈ ગુસ્સે થઈ જાય ને માર પણ મારે કે બળાત્કારે આપવા ઈચ્છે તોપણ મુની તે મારકુટ આદિ સમભાવથી સહન કરે ને પ્રાણ જાય તોપણ અકલ્પનીય ન લે અથવા પોતાનો આચાર શાંતિથી સમજાવે, તેમ છતાં ન સમજે તો **મૌન રહીને સમભાવે સહન કરે.**

**ત્રીજા ઉદ્દેશામાં દેહ સશક્ત હોય ત્યાંસુધીમાંજ ધર્મઆરાધના કરી લેવાનું ફરમાવે છે.** રોગી કે વૃદ્ધ વ્યક્તિ જ્ઞાનધ્યાનતપાદિ નિરોગી જુવાન જેમ કરી શકતા નથી તેમ કહીને કોઈ વખતે અતિ ઠંડીના લીધે શરીર ધ્રુજવા લાગે ત્યારે કોઈ દયાળુ ગ્રહસ્થ પુછે. "તમે કેમ ધ્રુજો છો? શું તમને કામોત્તેજના થઈ છે?" ત્યારે મુનીએ તેની શંકાનું નિવારણ કરતાં કહેવું જોઈએ, કે હે ભદ્ર! મને વિષયની પીડા નથી. પણ મારો દેહ આ ઠંડી સહન ન થવાથી ધ્રુજે છે. તે વારે ગૃહસ્થ તાપણું કરવા સુચવે તો અમને કલ્પે નહિ તેમ કહે ત્યારે ગૃહસ્થ પોતે તાપણું કરી આપવા કહે તોપણ મુની એમજ કહે કે અમને ન કલ્પે.

અમારો ધર્મ તો જે કંઈ પરિષહ (તકલીફ) પડે તે સમભાવે સહન કરવાનો જ છે માટે અમારા નિમિત્તે કોઈ આરંભ-સમારંભ ન કરશો એમ કહી દે.

**ચોથા ઉદ્દેશામાં** સાધુના વસ્ત્રપાત્રાદિની મર્યાદા બતાવી મુની ૩ વસ્ત્ર ને ચોથું પાત્ર રાખે તેમ કહ્યું. વળી કદાપિ ધુવે નહિ, રંગે નહિ ને ગ્રામાંતરે જતી વખતે વસ્ત્રોને ધારણ કરે એમ જે કહ્યું છે, તે તે સમયના જિન-કલ્પી મુનીની અપેક્ષાએ કહ્યું છે. ત્યારપછી વર્તમાન સમયમાં કાળ પ્રમાણે ઘણો ફેરફાર થયો છે.

કદાચિત સ્ત્રીનો અનુકુળ પરિષહ આવી જાય અને વિષયસુખને ભોગવવાની ઈચ્છા થાય ત્યારે પ્રભુ ફરમાવે છે કે **"હે સાધુ! સ્ત્રીનો સ્પર્શ સુદ્ધા તારા માટે વર્જ્ય છે, એમ જાણીને વિષયસુખને ભોગવવાની ઈચ્છાને નિર્મૂળ કરજે. તપ કરજે. તપથી નિર્મૂળ ન થાય શરીરને વધુ કષ્ટ આપવા આતાપના લેજે; તેમ કરવાથી પણ ન શમે, તો છેવટ વિષાદિના પ્રયોગથી શરીરનો અંત આણજે, પણ વ્રતભંગ કરીશ નહિ."**

પાંચે મહાવ્રતોમાં આવી કડક આજ્ઞા બીજા કોઈપણ વ્રતના ભંગ કરતાં **બ્રહ્મચર્યવ્રત રૂપી ચોથા મહાવ્રતના** ભંગ માટે જ ફરમાવી છે. તેનો પરમાર્થ હેતુ સાધુના સંયમજીવનમાં બ્રહ્મચર્યવ્રતનું અત્યંત મહત્ત્વ રહેલું છે. તે બતાવવાનો છે. કારણકે આ એક જ મહાવ્રતના પાલનથી પાંચે મહાવ્રતોનું પરમાર્થ પાલન થાય છે, અને આ એકના

ભંગથી પાંચે મહાવ્રત નાશ પામે છે. (કેમ? તે ગુરૂગમથી સમજવું.)

સામાન્યપણે વિષ વગેરેના પ્રયોગથી આપઘાત કરવો તેને અશુભ કર્મનો હેતુ માનેલ છે, અને તેથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. પરંતુ શીલવ્રતના સંરક્ષણ માટે જ્યારે સાધક તેનો પ્રયોગ કરે છે, તો તેને **"અશુભ કર્મબંધ થતો નથી પણ આગામી ભવમાં પુણ્ય સાથે લઈ જનારૂં તેથી સદ્‌ગતિ દેનારૂં તેમજ મોક્ષના અધિકારી બનવામાં સહાયરૂપ જાણવું એમ હું (પ્રભુ) કહું છું. કારણ કે ચારિત્રના રક્ષણ માટે કરેલ આવા અપમૃત્યુને મુનીઓના માટે અંતસમયના સંલેખના (સંથારા) મૃત્યુ સમાન કહેલ છે, કર્મોનો અંત કરનાર કહેલ છે, વ્રતના રક્ષણ કાજે શરીરનો મોહ તજીને શરીરનો અંત આણે છે તેથી નિર્મોહી કહેલ છે, મોહનો નાશ કરનાર હોવાથી મોક્ષના હેતુરૂપ કહેલ છે, એટલે જ આ અધ્યયનના "વિમોક્ષ" અને "વિમોહ" બંને નામ સાર્થક ઠરે છે.**

**ટુંકમાં પોતાના પ્રાણોનું પણ બલિદાન આપીને બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરવાનું ફરમાવ્યું છે. એમ ફરમાવીને સાધુના જીવનમાં બ્રહ્મચર્યવ્રતનું અત્યંત માહાત્મ્ય સ્થાપ્યું છે. સાધુ બ્રહ્મચારી જ હોય, અર્થાત્ બ્રહ્મ કહેતાં પરમાત્માની સમીપે જ વિચરનારો હોય. પરમાત્મપદની પ્રાપ્તિ સિવાય તેનું બીજું લક્ષ્ય જ ન હોય, અને તે પદની અર્થાત્**

**મોક્ષપ્રાપ્તિ બ્રહ્મચર્યવ્રતનું વિશુદ્ધ પાલન જ કરાવી શકે તેવો તેનો મહિમા જાણી પ્રથમ શ્રુતસ્કંધના આ નવે અધ્યયનોને પરમાર્થથી બ્રહ્મચર્ય–અધ્યયનો કહ્યા છે.**

**પાંચમા ઉદ્દેશામાં** બે વસ્ત્ર અને એક પાત્ર, **છઠ્ઠામાં** એક વસ્ત્ર અને એક પાત્ર; અને **સાતમામાં** અચેલક અર્થાત્ દિગંબર મુની જો લજ્જા પરિષહ સહન ન કરી શકે તો માત્ર કટી વસ્ત્ર (લંગોટી)નો અભિગ્રહ કરનારા મુનીનું કથન છે, જેમણે જે પ્રકારનો અભિગ્રહ લીધો હોય, તેમણે પ્રાણાંતક પરિષહ આવે તોપણ સમભાવે સહન કરીને પોતાના અભિગ્રહોનું યથાતથ્ય પાલન કરવાનું ફરમાવ્યું છે.

આ પ્રમાણે દૃઢ આચાર પાલન કરતાં યથાસમયે શરીર અશક્ત થાય, ગોચરી કરવા પણ સમર્થ ન રહે, ત્યારે સંલેખના (સંથારો) કરીને જીર્ણ થયેલા શરીરનો સમાધિપૂર્વક અંત લાવે. જે તેમ કરે તે મોક્ષમાર્ગનો સાધક છે, અને પુણ્યને સાથે લઈ જવાવાળું તેનું મૃત્યુ થાય છે. પાંચમાંમાં (૧) ભક્ત પ્રત્યાખ્યાન, (૨) છઠ્ઠામાં ઇંગિત અને (૩) સાતમામાં પાદોપગમન સંથારો કરવાનું કહ્યું છે.

**આઠમા ઉદ્દેશામાં** ત્રણે સંથારાનો વિધિ કહ્યો છે:–

(૧) **ભક્ત પ્રત્યાખ્યાન**–ભક્ત એટલે ટંક, અને પ્રત્યાખ્યાન એટલે પચ્ચક્ખાણ અર્થાત્ ભોજન ન કરવાની બાધા; તેથી આ સંથારામાં ચારે પ્રકારના આહારપાણીના જાવજ્જીવ સુધી પચ્ચક્ખાણ કરવાના હોય છે. પણ હરવા ફરવાની ને અન્યની સેવા લેવાની છૂટ હોય છે.

(૨) **બીજા ઇંગિતમાં** અન્યની સેવા ન લેવાય, પણ

જાતે પડખુ ફરવાની છુટ છે, કે મર્યાદા રાખી હોય તેટલી ભૂમિમાં હરી ફરી શકે, પણ ભાવથી ચળે નહિ.

(૩) **ત્રીજા પાદોપગમન સંથારામાં** તો કાષ્ટની જેમ નિષ્ચળ પડી રહેવાનું હોય છે. જે સ્થિતિમાં સંથારો પચખ્યો હોય, તે જ સ્થિતિમાં બીલકુલ હાલ્યાચાલ્યા વગર લાકડાના ઠુંઠાની જેમ મન, વચન અને કાયાના યોગથી, દેહને પ્રાણ (જીવ) ભિન્ન ન થાય અર્થાત્ મૃત્યુ ન આવે ત્યાંસુધી; આત્મસ્વરૂપની ચિંતવણા કરતાં પડી રહેવાનું હોય છે.

આમ ત્રણે સંથારાની ઉત્તરોત્તર ચડીયાતી ને વિશુદ્ધ દશા છે, જીવન અને મરણમાં અનાસક્ત રહેવાનું છે. અંતમાં કહે છે :–**જીવિયં ણાભિકંખેજ્જા, મરણં ણો પિ પત્થએ"**। અર્થાત્ (માન–સન્માન પામવા) વધુ જીવવાની ઈચ્છા ન કરે, કે (વેદના હવે સહન થતી નથી માટે) મૃત્યુ જલદી થાય તેમ પણ ન ઈચ્છે, પણ બંનેમાં સમભાવી રહે તે વહેલો મોક્ષ પામે.

## નવમું અધ્યયન-"ઉપધાન-શ્રુત"-૪ ઉદ્દેશા છે

**સંબંધ :**–પોતાના પ્રાણનું પણ બલિદાન આપીને બ્રહ્મચર્ય વ્રત પાળવાનું આઠમામાં કહ્યું.

સર્વ તીર્થંકર ભગવંતો પ્રથમ પોતે જ પાંચે મહાવ્રત અંગીકાર કરીને વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે, અને પછી જ તે પાળવાનો ઉપદેશ આપે છે, તેના દૃષ્ટાંત રૂપે ચરમ તીર્થંકર આપણા શાસનપતિ પ્રભુ મહાવીરસ્વામીનું ચરિત્ર આમાં ગાથામાં કહ્યું છે.

**"ઉપધાન" એ તપ છે.** જેવી રીતે મેલું વસ્ત્ર શુદ્ધ જળવડે ધોવાથી સ્વચ્છ થાય છે, તેવી જ રીતે તપથી મલિન આત્મા કર્મરૂપી મળ દૂર થવાથી વિશુદ્ધ થાય છે; નિર્મળ થાય છે, સર્વથા કર્મની નિર્જરા કરી કર્મમુક્ત બની મોક્ષ પામે છે. મહાવીર સ્વામીએ દીક્ષા પહેલા ગૃહસ્થાવાસમાં બે વર્ષ અને દીક્ષા પછી, સંયમ અને તપની કેવી કઠોર આરાધના કરી સર્વ કર્મ ખપાવી સિદ્ધગતિના શાશ્વતા સુખોને પ્રાપ્ત કર્યા તેનું રૂડું કથન આ ચારે ઉદ્દેશામાં છે.

**પહેલા ઉદ્દેશામાં સુધર્માસ્વામી કહે છે:**— હે જંબુ! પ્રભુનું ચરિત્ર જેમ સાંભળ્યું છે તેમજ કહીશ. પ્રભુએ દીક્ષા લેતા પહેલાં બે વર્ષ ગૃહસ્થાવાસમાં રહીને પણ સચેત વસ્તુનો ત્યાગ કરીને સાધુમય જીવન ગાળ્યું હતું. પછી ત્રીસમા વર્ષે મોટાભાઈ નંદીવર્ધનની આજ્ઞા લઈ કુંટુંબ પરીવાર, ધનવૈભવાદિ તજી હેમંત ઋતુમાં માગસર શુદ ૧૦ના દીવસે સિદ્ધભગવંતને વંદન નમસ્કાર કરી, સ્વયં સંયમ એકાકીપણે અંગીકાર કર્યો, કરપાત્રી બની અચેલકપણે વિહાર કર્યો.

તીર્થંકરભગવંતને જન્મતાં જ ત્રણ જ્ઞાન (૧) મતીજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, અને (૩) અવધિજ્ઞાન હોય છે, અને સંયમ લેતાં ચોથું મનઃપર્યવજ્ઞાન નિયમા પ્રગટે છે; તે મુજબ ચોથું જ્ઞાન પ્રગટ્યું.

અચેલકપણે વિહાર કર્યો ત્યારે ઇંદ્રે દેવદુષ્ય વસ્ત્ર ઓઢાડ્યું; તેને ભગવંતે ડાંસ આદિના પરિષહથી બચવા નહિ, પણ પૂર્વ તીર્થંકરોની પરંપરા જાળવી રાખવા માટે જ નિર્મમત્વભાવે ધારણ કર્યું, ને તે પણ તેર માસ પછી

જ્યારે કાંટાળા વૃક્ષમાં ભેરવાઈ ગયું, ત્યારે તેની સામું જોયા પણ વગર તજી દીધું, અને વસ્ત્રરહિત પણે જીવન પર્યંત વિચર્યા હતા.

તે પ્રભુ અનુકુળ અને પ્રતિકુળ પરિષહોને સમભાવે સહન કરતા હતા. નિર્દોષ આહાર–પાણી અને તે પણ માત્ર સંયમના નિભાવ અર્થે જ અમુક જ માત્રામાં પારણા વખતે લેતા હતા. પરવસ્ત્રનું સેવન ન કરતા કે પરપાત્રમાં આહાર ન લેતાં, ભીક્ષા લેવા જવામાં લજ્જા ન રાખતા, શરીરના અંગોને ન ખંજવાળતા, દેહાસક્તિ રહીતપણે અપ્રતિબંધ-પણે ધોંસરા (સાડા ત્રણ હાથ) પ્રમાણ ભૂમિ જોતાં થકાં મૌનપણે વિચરતા હતા, ઠંડીમાં પણ બંને હાથ પસારીને ખુલ્લામાં ધ્યાન ધરતા, નિરતિચારપણે સંયમનું પાલન કરતા હતા.

**બીજા ઉદ્દેશામાં** જંબુસ્વામીના પૂછવાથી સુધર્મા સ્વામીએ કહ્યું :– અનુકુળ શાતાકારી સ્થાનની ભગવાન ગવેષણા કરતા નહિ, પણ વિચરતાં જ્યાં ચરમ પોરસીનો સમય થાય, ત્યાં જ રાત્રી ગાળતા. તે કોઈ વખત ખંડેરમાં, ચોરામાં, પાણીની પરબમાં, દુકાનોમાં, લુહારની કોડમાં, ઘાસની બનાવેલી ઝુંપડીમાં, મુસાફરખાનામાં, ઉદ્યાનમાં નગરમાં, સ્મશાનમાં કે સૂના ઘરોમાં, તો કોઈ વખત માત્ર વૃક્ષની નીચે પણ વસતા હતા. તે સમાધિવંત રહી અપ્રમત્ત-પણે કાઉસગ્ગ ધ્યાનમાં જ લીન રહેતા હતા, તેથી નિદ્રા પણ લેતાં ન હતા. સાડાબાર વર્ષ અને એક પખવાડીયાની છદ્મસ્થ અવસ્થાની અંતિમ રાત્રિમાં મુહૂર્તમાત્ર ઝોકું આવી ગયેલ; જેમાં ભગવંતે દશ સ્વપ્ન દીઠાં હતાં. ક્યારેક આંખ

ઘેરાતી તો તુરત જ બેઠા હોય તો ઊભા થઈ જતાં, ઉભા હોય તો પરિભ્રમણ કરવા લાગતા, એમ કરીને નિદ્રાને દૂર કરતાં, ને આમ **પોતાના આત્માને સદા જાગૃત રાખતા.**

આ પ્રમાણે છકાય જીવના રક્ષક એવા વીર મહાવીર સ્વામીએ કોઈપણ પ્રકારની ભૌતિક સુખસગવડની ઈચ્છા માત્ર કર્યા વગર કેવળ મોક્ષાભિલાષી બની સર્વ કઠીન આચારોનું પોતે સ્વેચ્છાપણે પાલન કર્યું. અને **મોક્ષાભિલાષી સાધકોના આચારધર્મની સ્થાપના કરી; કે જેથી તે માર્ગ અનુસરીને ભવી જીવો પોતાનું આત્મકલ્યાણ સાધી શકે.**

**ત્રીજા ઉદ્દેશામાં** પ્રભુએ લાઢ દેશમાં વિચરી આકરા ઉપસર્ગો સહન કર્યાનું કથન છે, ત્યાં અનાર્ય લોકો વસતા હોવાથી કોઈ કુતરાં કરડાવતાં, કોઈ બટકા ભરતાં, લાઠી, ભાલા વિ. મારતાં, કોઈ ભગાડી દેતાં તેવા સમયે જંગલમાં જ રહેવું પડતું, કોઈ શરીરમાંથી માંસ કાપી જતાં, કોઈ ધક્કો મારી પાડી દેતા, કોઈ ધૂળ ઉડાડતાં, કોઈ વાળ ખેંચતાં. વગેરે સર્વ ઉપસર્ગો પ્રભુ સમભાવે સહન કરતાં, તેમનું અનુસરણ સુમુક્ષુ જીવોએ કરવું એમ કહ્યું છું.

**ચોથા ઉદ્દેશામાં વીર પ્રભુની સામાચરીનું ને ઉગ્ર તપશ્ચર્યાનું કથન છે.**

પ્રભુ રોગના અભાવમાં પણ સદા **"ઉણોદરી તપ"** કરતાં. માત્ર અમુક દ્રવ્યો ને અમુક માત્રામાં જ આહાર–પાણી લેતાં. અતિ ઠંડીમાં છાયામાં ખુલ્લા ઉભા રહી **ધર્મ** અને **શુકલધ્યાન** ધરતાં. ઉનાળામાં તડકામાં ઉભા રહી આતાપના લેતાં, આસનો કરતાં. ઘી, તેલ, દહીં આદિ વિગય

રહીત, નિરસ, લુખાસુકા આહાર લેતા. લાઢ દેશમાં સતત આઠ માસ ચોખા, બોરનો ભૂકો તથા અડદના બાકુળા—આ ત્રણ જ દ્રવ્ય આહારમાં લીધા. કેટલીયે વખત અર્ધમાસ, પૂર્ણમાસ, બેમાસ, ચાર માસ અથવા છમાસ પણ ચોવિહારા (નિર્જળા) ઉપવાસનું તપ કરતાં. આહારપાણી ઠંડા જ મળતાં કેમકે પ્રભુ એક જ વાર ત્રીજા પ્રહરમાં ગોચરીએ જતા. છઠ્ઠ, અઠ્ઠમ, ચાર, પાંચ, આદિ ઉપવાસો કરીને પારણું કોઈવાર કરતાં. એ પ્રમાણે તપસ્યા કરતાં ભગવાનને છદ્મસ્થ અવસ્થાના સાડાબાર વર્ષ અને એક પખવાડીયામાં માત્ર ૩૪૯ દિવસ પારણાના આવ્યા હતા તેમાં છેલ્લો છઠ્ઠ (બે ઉપવાસ) ભગવાને કરેલ; અને તેના પારણા પહેલાં જ વૈશાખ સુદ ૧૦ના રોજ ઋજુવાલિકા નદીના મધ્યભાગમાં, જંભક નામના ગામની બહાર, શામક નામના એક ગૃહસ્થના ખેતરમાં શાલવૃક્ષની નીચે ગોદોહાસને બેઠા થકાં, કાઉસગ્ગ ધ્યાનમાં ચારે ઘાતીકર્મોનો એકસાથે ક્ષય કરી **સ્વ—પર પ્રકાશક એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવ્યું. સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા; તીર્થંકર નામગોત્ર સાર્થક કર્યું. તપનું આ ફળ છે, પછી સાધુ—સાધ્વી, શ્રાવક—શ્રાવિકારૂપ તીર્થની અર્થાત્ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી ૩૦ વર્ષ સુધી કેવળી ભગવંત તરીકે વિચરી પ્રભુ ૭૨મા વર્ષે અંતિમ છઠ તપ કરી અપાપાપુરી (હાલનું પાવાપુરી) મધ્યે નિર્વાણ પામ્યા. સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા, મોક્ષે સીધાવ્યા.**

**તીર્થંકર ભગવંતનું આવું સ્વ—પર કલ્યાણક સંયમજીવનચરિત્ર, વાંચી, સાંભળી લક્ષ્યમાં રાખી**

મોક્ષાભિલાષી જીવોએ આરંભ અને પરિગ્રહને જ કર્મના બીજ એવા રાગ-દ્વેષના જનક જાણી, અશુભ કર્મ બંધાવનારા અને ફળસ્વરૂપે અનંતકાળની દુર્ગતિના દેનારા જાણી, તેનાથી દૂર રહી આ મનુષ્યભવમાંજ આત્મસાધના કરી લેવી. દુર્લભ અને અમૂલ્ય એવા માનવભવને સાર્થક બનાવવા આ ભવમાં જ ઉપયોગપૂર્વક દયામય અહિંસા, સંયમ અને તપરૂપી ઉત્કૃષ્ટ ધર્મની આરાધના કરી લેવી એ જ ભગવંત મહાવીર સ્વામીનો પરમાર્થથી નિસ્પૃહભાવે ઉપદેશ છે.

## શ્રી આચારાંગ સૂત્ર-બીજો શ્રુતસ્કંધ
## આચારચુલા

શ્રી આચારાંગનાં પહેલા શ્રુતસ્કંધમાં સાધુના જે આચાર કહ્યા છે તેનું વિસ્તૃત કથન, અને જે નથી કહ્યા તેનું વિશેષ કથન આ બીજા શ્રુતસ્કંધમાં કરેલ છે. આમાં ચુલિકા હોવાથી તેને "**આચારચુલા કે આચારાગ્ર**" પણ કહેવામાં આવે છે; અને સાધુના દયામય નિર્દોષ આચારનું કથન હોવાથી "**સદાચાર**" પણ કહ્યું છે.

આમાં ૧૬ અધ્યયનો અનુક્રમે નીચે પ્રમાણે છે:— (૧) **પિંડૈષણા**—નિર્દોષ આહારપાણી કેમ ગવેષવા, અને વાપરવા વગેરેનું આમાં કથન છે. (૨) **શય્યા**—અર્થાત્ રહેવાનું સ્થળ. સ્થાનકમાં ઉતરવા કરવા આદિનો વિધિ છે. (૩) **ઇર્યાખ્યા**—તેમાં "**ઇરિયા**" અર્થાત્ ગમનાગમન,

વિહાર આદિનો વિધિ છે. (૪) **ભાષા સમિતિ**–કેવું બોલવું, ક્યારે બોલવું, ક્યારે ન બોલવું વગેરેનું કથન છે, (૫) **વસ્ત્રૈષણા**–વસ્ત્ર લેવાની વિધિ વગેરેનું (૬) **પાત્રૈષણ**–પાત્રા ગ્રહણ કરવા આદિનું, (૭) **અવગ્રહ**–આજ્ઞા લેવાની વિધિનું (૮) **ચેષ્ટિકા**–ઉભા રહેવાની વિધિનું, (૯) **નિસીહો**–બેસવાની વિધિનું, (૧૦) **ઉચ્ચાર-પાસવણ**–લઘુનીત–વડીનીત, (ઝાડો–પેશાબ) પરઠવાની વિધિનું, (૧૧) **શબ્દ**–શબ્દ સાંભળવાના વિધિનું, (૧૨) **રૂપાખ્યા**–રૂપ જોવાનો વિધિનું, (૧૩) **પ્રક્રિયા**–ગૃહસ્થી પાસે કામ કરાવવાની વિધિનું, (૧૪) **અન્યોન્યક્રિયાખ્યા**–પરસ્પર ક્રિયા કરવાની વિધિનું (૧૫) **ભાવનાખ્યા**–પ્રભુ મહાવીર સ્વામીના ચારિત્રનું તથા મહાવ્રતની ૨૫ ભાવનાનું કથન છે **અને** (૧૬) **વિમુક્ત** અધ્યયનમાં સાધુની ઉપમાઓનું વર્ણન છે.

**નોંધ**:– વર્તમાન સમયમાં શ્રી દશવૈકાલિક સૂત્ર જે પણ સાધુના આચારધર્મનું છે તે પ્રમાણે આચારધર્મ પળાય છે. તેથી આચારધર્મના ભાવ તેમાં વિસ્તારથી કહેશું.

## ૨–શ્રી સુયગડાંગ (સૂત્રકૃતાંગ) સૂત્ર

આ બીજું અંગસૂત્ર છે. તેમાં મૂળ બે શ્રુતસ્કંધ, ૩૩ ઉદ્દેશા ને ૩૩ સમુદેશ કાળ કહ્યાં છે, ૩૬૦૦૦ પદ હતા, હાલ પહેલા શ્રુતસ્કંધમાં ૧૬ અને બીજામાં ૭ મળી કુલ ૨૩ અધ્યયનો, ૩૨ ઉદ્દેશા અને ૨૧૦૦ શ્લોક પ્રમાણ છે.

**નામની સાર્થકતા** :– જે સૂચવે છે એટલે કે જેમાં સૂચના કરાય છે તે **"સૂત્ર"** કહેવાય છે. આમાં સૂચનાત્મક

તત્વની મુખ્યતા છે, કહ્યું છે કે **"સુચનાત્ ઇતિ સૂત્રમ્"।** એ વ્યુત્પત્તિ પ્રમાણે આનું નામ **"સૂત્રકૃત"** રાખવામાં આવ્યું છે. વળી કહ્યું છે. **"સ્વપરસમયાર્થસૂચનં સૂચા સાઽસ્મિતકૃતેતિ। એતાનિ ચાસ્ય ગુણ નિષ્પન્નાનિ નામાનિ સૂચાકૃતમિતિ ॥** અર્થાત્ **"સ્વમત"** એટલે જિનપ્રણિત મત અર્થાત્ જૈનદર્શન, અને **"પરમત્"** એટલે બૌદ્ધ, સાંખ્ય, ચાર્વાકાદિ અન્ય દર્શનો (ધર્મો)–જેના સ્વરૂપની જેમાં **સૂચના** અર્થાત્ **નિરૂપણ** છે તે **"સૂત્રકૃત"** સૂત્ર, એવા જેના ગુણનિષ્પન્ન નામો છે તે **"સૂત્રકૃતાંગ" સૂત્ર છે.** આમાં મૂખ્ય ભાર **"જ્ઞાનસહિત ક્રિયા કરવા પર મૂકયો છે."** એકલું કોરૂં જ્ઞાન ક્રિયા અર્થાત્ સંયમ–તપ રૂપી ચારિત્ર વગરનું કોરૂં જ્ઞાન, કે જ્ઞાન અર્થાત્ શાસ્ત્રોક્ત વિધિપૂર્વકની સમજણ વિનાની કરાતી ક્રિયાથી મોક્ષ પ્રાપ્તિ થતી નથી, એમ પરમાર્થથી કહીને **"મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન અને ક્રિયા બંનેની આવશ્યકતા છે, એમ ફરમાવ્યું છે. તેથી જ "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ:" કહેલ છે.** કારણકે સમ્યક્ જ્ઞાન મેળવવાથી અજ્ઞાન અને મિથ્યાત્વ રૂપી અનાદિનો અંધકાર ટળી આત્મામાં અંતરાત્મામાં પ્રકાશ થાય છે, તેથી "હેય–ઉપાદેય" **રૂપી, આશ્રવ–સંવર રૂપી ક્રિયા ધર્મનો–ચારિત્રધર્મનો આત્મામાં વિવેક જાગે છે. વિવેક પ્રગટયે ચારિત્રધર્મ અંગીકાર કરી સંવરક્રિયાથી આશ્રવમાર્ગને રૂંધી નવો કર્મબંધ અટકાવી, અને પૂર્વસંચિત કર્મોને તપ દ્વારા બાળી ભસ્મીભૂત કરી સાધક જીવ કર્મથી સર્વથા મુક્ત થઈ નિર્વાણપદ પામે છે.**

**આચારાંગ સાથેનો સંબંધ :-**

આચારાંગમાં સાધુના આચાર ધર્મનું અર્થાત્ **"ચરણ કરણાનુયોગી" રૂપી** પ્રથમ અનુયોગનું નિરૂપણ છે. તેમાં કહ્યું છે :-**"જીવો છક્કાય પરૂવણાય જેસિં વહેણ બંધોતિ"**। અર્થાત્ સર્વજ્ઞે છકાય રૂપી જીવોનું સ્વરૂપ કહ્યું છે, જેનો વધ કરવાથી કર્મબંધ થાય છે અને તેનાથી વિરમવાથી કર્મબંધ અટકે છે. જ્યારે **"સુયગડાંગ"** માં "દ્રવ્યાનુયોગ"નું નિરૂપણ છે. તેની પહેલી જ ગાથામાં પ્રભુએ કહ્યું :- **"બુજ્ઝિજ્જતિ તિઉટ્ટિજ્જા બંધણં પરિજાણિયા"**। અર્થાત્ છકાય જીવોનું સ્વરૂપ જાણીને અને કર્મબંધના (કારણ) જાણીને તેને તોડો. **કર્મબંધના કારણ જીવોની હિંસા અને વિરાધના છે તેમ આચારાંગમાં કહ્યું. તે હિંસા ન કરીને જીવોને અભયદાન દેવું એ જ કર્મબંધ રોકવાનો ઉપાય છે તેમ સુયગડાંગના પહેલાં જ પદમાં કહ્યું. આ તેનો આચારાંગ સાથેનો સંબંધ છે.**

**સુયગડાંગ સૂત્રના ભાવ સમવાયાંગ સૂત્રમાં નીચે પ્રમાણે કહ્યા છે :-**

"સુયગડાંગ" માં સ્વસમય તે જિનમતની સૂચના, પરસમય તે ૩૬૩ અન્યમતોની સૂચના, જીવ, અજીવ, જીવાજીવ, નવતત્ત્વ, લોક, અલોક, લોકાલોકનું કથન છે. તે જેમકે ચેતનાલક્ષણ 'જીવ,' જડ લક્ષણ 'અજીવ,' શુભ કર્મ પુદ્ગલ તે 'પુણ્ય,' અશુભ કર્મપુદ્ગલ તે 'પાપ,' કર્મસંચય તે 'આશ્રવ,' કર્મનિરોધ તે 'સંવર,' દેશથી (અંશે અર્થાત્

થોડા) કર્મ દૂર કરવા તે 'નિર્જરા,' નવા કર્મો બાંધવા તે 'બંધ,' અને કર્મોનો સર્વથા ક્ષય કરવો તે **'મોક્ષ,'** એમ નવતત્ત્વોનું તેમાં નિરૂપણ કરેલું છે,

નવદીક્ષિત, કુશાસ્ત્રોના શ્રવણથી જેની મતિ મૂઢતાને પામી છે, અને જિનમત માટે જેમના મનમાં સંદેહ ઉપજ્યો છે, તેવા સાધુની પાપમય મતિની વિશુદ્ધિ માટે સ્વસમયની અર્થાત્ જિનમતની સ્થાપના કરી છે, અને ૩૬૩ જૈનેતર મતને વિવિધ દૃષ્ટાંતો આપીને નિસ્સાર અર્થાત્ સાર વગરના બતાવીને સ્વમતની અર્થાત્ જિનમતની સ્થાપના કરી છે.

જીવાદિ નવતત્ત્વના વિસ્તાર તે **"વિસ્તારાનુગમ"** અને વસ્તુના સ્વરૂપને સત્યપણે—યથાર્થપણે કહેવું તે **"પરમ સદ્ભાવ"** તે બંને ગુણ વિશિષ્ઠપણે સુયગડાંગ સૂત્રમાં છે. ઉપરાંત મોક્ષનું દેનારૂં એવા રૂડા **'સમ્યગ્-દર્શન'** માં ભવ્ય જીવોને પ્રવર્તાવનારૂં છે, અજ્ઞાનરૂપ અંધકારથી દુઃસાધ્ય એવા **મોક્ષમાર્ગને** બતાવનાર દિપક સમાન છે, સિદ્ધગતિરૂપ મંદિરે ચડવામાં સોપાન (નીસરણી) સમાન છે; તેમજ નવદીક્ષિત સાધુઓ માટે અનુપમ હિત-શીક્ષાઓના ઉપદેશ ભંડાર સમાન છે,"

### પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનોના ભાવ :–

### (૧) 'સ્વસમય પરસમય' અધ્યયન :–

અત્રે 'સમય' 'મત'ના અર્થમાં પ્રયોજ્યો છે. **"સ્વ-સમય"** એટલે "સ્વમત" અર્થાત્ જિનમત કે જૈનદર્શન; અને **"પરસમય"** એટલે "પરમત" અર્થાત્ અન્ય મતને માનનારા દર્શનો કે ધર્મો, જે જૈનશાસ્ત્રોમાં કુલ ૩૬૩

નીચે પ્રમાણે કહ્યા છે– (૧) ક્રિયાવાદીના ૧૮૦ (૨) અક્રિયાવાદીના ૮૪ (૩) અજ્ઞાનવાદીના ૬૭, અને (૪) વિનયવાદીના ૩૨ છે. તે સિવાય પણ બીજા મતો છે. તે બધા મતો એકાંતવાદી છે, તેથી તે બધા મતોનું અધ્યાત્મ-દૃષ્ટિએ યુક્તિપૂર્વક ખંડન કરી, જિનમત કે જે "અનેકાં-વાદી" છે, તેની સ્થાપના કરી છે, **તેના ચાર ઉદ્દેશા છે:–**

(૧) પહેલા ઉદ્દેશામાં **"આરંભ અને પરિગ્રહ" એ બે કર્મબંધના મૂખ્ય હેતુ છે તે કહીને** કર્મ-બંધને કેમ તોડવા તે બતાવ્યું છે. પછી પંચમહાભૂતવાદી સર્વગતવાદી, તજ્જીવતચ્છરીરવાદી, અક્રિયાવાદી, આત્મા-વાદી, અને ક્ષણિકવાદીનું સંક્ષિપ્ત વર્ણન છે. બીજા ઉદ્દેશામાં નિયતિવાદી, અજ્ઞાનવાદી, અને ક્રિયાવાદીના મતનું અને તેના ખંડનનું કથન છે. ત્રીજામાં આધાકર્મી આહારના દોષનું કથન કરી તેવો આહાર સાધુને ન કલ્પે તેમ કહ્યું છે, પછી ઇશ્વરવાદી, દેવવાદી, વિષ્ણુવાદી ઇંડામાંથી લોકની ઉત્પત્તિ, ત્રૈરાશિક, અને કૃતવાદીના મતનું સ્વરૂપ કહીને તેનું ખંડન કર્યું છે. અને ચોથા ઉદ્દેશામાં સાધુ–કુસાધુનું સ્વરૂપ કહીને સાધુના કર્તવ્ય કહ્યા છે અને સાત સમુદ્રનું કથન છે છેલ્લે દયામય અહિંસા ધર્મની પુષ્ટિ, **એવં ખુ ણાણિણો સારં જે ન હિંસઈ કિંચણ।** અર્થાત્ **કોઇ પણ જીવની હિંસા ન કરવી એ જ સર્વ-જ્ઞાનીઓના–ઉપદેશનો સાર છે."** એમ કહીને કરી છે. **સાધુજીવન માટે ભીક્ષાચર્યાને ઉત્તમ કહી છે.**

(૨) **વૈતાલીય :–** પહેલામાં 'સ્વસમયના ગુણ' અને "પરસમયના દોષ" બતાવીને, આ બીજા અધ્યયનમાં

આરંભ કરવાથી અટકીને કર્મને તોડવાનો બોધ આપ્યો છે. તેના ત્રણ ઉદ્દેશા છે. પહેલામાં મોટાભાઈ ભરત ચક્રવર્તીથી પીડા પામીને ભગવાન ઋષભદેવ પાસે ફરીયાદ કરવા આવેલા ૯૮ પુત્રોને સમ્યક્ત્વ પામીને સંયમ લઈને આ ભવમાં જ આત્મકલ્યાણ સાધી લઈને મળેલા દુર્લભ માનવભવને સાર્થક કરી લેવાનો રૂડો બોધ છે. (પ્રભુના રૂડા બોધને માથે ચડાવી સંયમ લીધો તો ભરતની પીડા તો ટળી, પણ ચક્રવર્તી વંદન કરવા લાગ્યા, અને ઉત્કૃષ્ટ ભાવે સંયમ પાળ્યો તો તે જ ભવે મોક્ષ પામી ગયા.) બીજા ઉદ્દેશામાં આઠ મદ અને વિષયોના ત્યાગનો તથા ઉપસર્ગ સહન કરવાનો બોધ છે, અને ત્રીજામાં ધર્મનું માહાત્મ્ય બતાવીને રાત્રીભોજન ન કરવાથી કર્મક્ષય થાય છે તેમ કહ્યું છે. વળી સંસારમાં મૃત્યુ સમયે સ્ત્રી પુત્રાદિ સ્વજનો કે ધનવૈભવાદિ શરણભૂત થશે એવી અજ્ઞાનીની માન્યતા ખોટી છે, તેમ કહીને **બોધિબીજ અર્થાત સમકિતનું મહત્વ બતાવ્યું છે.**

સૂર્યાસ્ત પછી વિહાર કરવાનો સાધુના માટે નિષેધ કર્યો છે; અને સંયમ જીવનમાં આત્મભાવમાં જ રમણતા કરવા પર ભાર મૂકયો છે.

### (૩) ઉપસર્ગ પરિજ્ઞાખ્ય–ચાર ઉદ્દેશા છે :–

કર્મો તોડવામાં જે સમર્થ હોય, તે ઉપસર્ગ–પરિષહોને સહન કરવા શક્તિમાન હોય જ તેમ બીજા સાથે સંબંધ છે,

પહેલાં ઉદ્દેશામાં શ્રી કૃષ્ણ વાસુદેવના અને શિશુપાળના દૃષ્ટાંતે અનુક્રમે વીરતા અને કાયરતાનું દૃષ્ટાંત આપીને ઠંડી

ગરમી આદિ પ્રતિકુળ પરિષહોનું સ્વરૂપ બતાવીને, તેમાં સમભાવી રહો. બીજામાં સ્વજનોના અનુકૂળ પરિષહો મહા આશ્રવરૂપ જાણી સાધુ અડગ રહે અને સંયમપાલનમાં વીરતા ફોરવે. **પ્રતિકુળ પરિષહો કરતાં સાનુકુળ પરિષહો છેતરામણા હોવાથી વધારે ભયંકર છે, અને તેથી વધુ જાગૃતિ માગે છે.** ત્રીજામાં સાધુ આત્મ-વિષાદ ન કરે તેમજ પરમતવાળાના કઠોર વચનો સાંભળીને પણ જરાય ખેદ ન કરે, અને ચોથા ઉદ્દેશામાં નમિ રાજર્ષિ આદિ મહાપુરૂષોના દૃષ્ટાંતે ઉપસર્ગોમાં અડગ રહે, સમિતિ-ગુપ્તિરૂપ સંયમધર્મનું પ્રભુ મહાવીરે કહ્યું છે તેમ પાલન કરે.

### (૪) સ્ત્રી પરિજ્ઞા :– બે ઉદ્દેશા છે :–

જે સાધુ ઉપસર્ગ સહન કરવામાં પરાક્રમી હોય, તે પોતાના **"શીલવ્રતનું"** યથાર્થ પાલન કરે, તેથી પહેલા ઉદ્દેશામાં સ્ત્રીસંગ તજવાનું કહે છે. કારણ કે સ્ત્રીનો સાનુકુળ પરિષહ થવાથી સંયમ નાશનું કારણ બને છે. સ્ત્રીના માયાવી ચરિત્રનું વર્ણન છે. **લાખના ઘડા માટે અગ્નિનો સંગ વિનાશકારી છે; તેમ સાધુના માટે સ્ત્રીસંગ સંયમના નાશનું કારણ બને છે.** એમ કહી બીજા ઉદ્દેશામાં સ્ત્રીની આસક્તિથી કે તેની માયાજાળમાં ફસાવાથી સાધુને પડતાં દુઃખોનું, થતી વિડંબનાઓનું વર્ણન છે. અંતે મન–વચન–કાયાથી સ્ત્રી સંગ વર્જે તેમ ફરમાવ્યું છે,

### (૫) નરક વિભકિત (ણરય વિભત્તી)–બે ઉદ્દેશા છે:–

પંચમહાવ્રતધારી સાધુ બન્યા પછી પણ જે સ્ત્રી સંગાદિ અનાચાર સેવે તે નિશ્ચયથી નરકે જ જાય, તેથી પહેલા ઉદ્દેશામાં નરકની વેદના–દુઃખોનું સ્વરૂપ કહ્યું છે.

નારકીને પરમાધામી દેવો કેવા કેવા દુઃખો આપે છે તેનું કથન છે. બીજામાં પણ નરકની ઘોર વેદના અને નારકોને ભોગવવા પડતાં અસહ્ય શારીરિક દુઃખોનું વર્ણન કરીને, જેમને નરકના દુઃખો ન ભોગવવા હોય તેવા જીવોએ હિંસા ન કરવી, **દયામય અહિંસા ધર્મનું જ સદા પાલન કરવું એમ "એતાણિ સોચ્ચા નરગાણિ ધીરે, ન હિંસતે કંચણ સવ્વલોએ" ॥૨૪॥ કહીને પ્રભુએ ફરમાવ્યું છે,**

## (૬) વીરસ્તવાખ્યમ્ (મહાવીરત્થવો) :–

આપણા શાસનપતિ ચરમ તીર્થંકર ભગવંત મહાવીર સ્વામીના ગુણોનું વિવિધ હૃદયસ્પર્શી યથાર્થ ઉપમાઓ આપીને ગણધર ભગવંત સુધર્માસ્વામીએ રચેલ સ્તવન છે. આ કાળમાં પ્રભુના ગુણોની રચાયેલી આ સ્તુતિ સૌથી પ્રાચીન છે, તેથી આ સ્તુતિનું પઠન–પાઠન સાધુ–સાધ્વી-જીઓ વિશેષે કરતા હોય છે. **"પુચ્છિસુ ણં"** શબ્દથી પ્રભુના ગુણો જાણવાની જંબુસ્વામીએ પૃચ્છા કરી હોવાથી, વ્યવહારમાં **આ સ્તુતિ પણ "પુચ્છિસુ ણં"** નામથી ઓળખાય છે. તેના વિસ્તૃત ભાવો માટે જુઓ લેખકનું **"પુચ્છિસુ ણં વિવરણ"**

## (૭) કુસીલ પરિભાસિય

છઠ્ઠા અધ્યયનમાં પ્રભુના ગુણની સ્તુતિ કરીને પ્રભુને **"સુશીલ"** કહ્યા, તેથી આ અધ્યયનમાં તેના પ્રતિપક્ષરૂપે **"કુશીલ" ના આચારનું વર્ણન છે.**

શરૂઆતમાં જ (૧) પૃથ્વી (૨) પાણી, (૩) અગ્નિ, (૪) વાયુ, (૫) વનસ્પતિ, અને (૬) બેઇદ્રિયથી પંચેન્દ્રિય

સુધીના ત્રસકાયના જીવોની જે હિંસા, વિરાધના કરે છે તે કુશીલ આચરણ છે, તેના વિપાક બહુ કડવા અર્થાત્ નરકાદિ ગતિ જેવા દુઃખદ છે, અને તેવા હિંસક કાર્યો જેમકે પશુનું બલિદાન દેવું વગેરેને ધર્મ કહેનારા કુશીલ ધર્મો છે, **જિનમતથી વિપરિત છે, તેમ કહી જે જિનેશ્વર પ્રરૂપિત સંપૂર્ણ દયામય અહિંસા ધર્મનું જ પાલન કરે છે તે સુશીલ–સાધુ અવશ્ય મોક્ષ પામે છે તેમ અંતમાં કહ્યું છે.**

**(૮) વીર્યાખ્ય (વીરિય) :–**

સુશીલ અને કુશીલના આચાર **"વીર્યાંતર કર્મ"ના ઉદયથી** થાય છે. તેથી આમાં **બાલવીર્ય અને પંડિત-વીર્યનું કથન છે.** તેમાં વીર્યના **"સકર્મક અને અકર્મક"** એવા બે સ્થાનક કહ્યા છે. **તીર્થંકર દેવે "પ્રમાદને" "કર્મ" અને "અપ્રમાદને" "અકર્મ"** કહ્યું છે. પ્રમાદયુક્ત કર્મ જે કરે તે **"બાલવીર્ય"** અને **"પ્રમાદરહિત ધર્મક્રિયા કરવાવાળાને પંડિતવીર્ય વાળા"** કહ્યા છે.

નોંધ :– ધન, સંપત્તિ, સત્તા આદિ મેળવવા જે તનતોડ પ્રયત્નો આપણે સંસારમાં કરીએ છીએ તે બધું બાળવીર્ય છે. **શુદ્ધભાવે દયાધર્મ પાળી ધર્મક્રિયા કરીએ તે પંડિતવીર્ય છે, અને જીવાત્માને તેજ કલ્યાણકારી છે.** બાળવીર્ય દુર્ગતિ ને દુઃખો દેનારૂં છે, તેથી કહ્યું છે :–

**જે ય બુદ્ધા મહાભાગા, વીરા સમ્મત્ત દંસિણો ।**
**સુદ્ધં તેસિં પરક્કંતં, અફલં હોતિ સવ્વસો ॥**

**ભાવાર્થ** :– જે પંડિત મહાભાગ્યશાળી વીર સમ્યગ્ દૃષ્ટિ હોય છે. તેનું પરાક્રમ (પરક્કંતં)–વીર્ય શુદ્ધ હોય છે, તેથી સર્વથા કર્મફળ રહિત હોય છે, અર્થાત્ કર્મબંધ થતો નથી.

કર્મવીર્યમાં આરંભ સમારંભાદિ હિંસાની પ્રધાનતા હોય છે, અકર્મવીર્યમાં સંયમની પ્રધાનતા છે.

**(૯) ધર્મ (ધમ્મે)** :–

જે પંડિતવીર્યવાળા સમ્યક્દૃષ્ટિ સુસાધુ હોય તે જ કેવળી પ્રરૂપિત દયામય ધર્મનું યથાતથ્ય પાલન કરે, તેથી આમાં તે દયામય ધર્મનું સ્વરૂપ બતાવી તેનું નિરતિચાર અર્થાત્ સર્વથા દોષરહિત પાલન કરવા ફરમાવ્યું છે. અહિંસાદિ પાંચે મહાવ્રત રૂપી **મૂળગુણ** અને પાંચે સમિતિના પાલનરૂપ **ઉત્તરગુણોનું** કથન કરી તે ગુણોમાં દોષ ન લગાડવાનું ફરમાવ્યું છે. શ્રમણધર્મના કેટલાક દુષણો જેવા કે છકાયજીવોની હિંસા કરવી, આરંભ–પરિગ્રહ કરવા, જુઠું બોલવું, અદત્ત લેવું, માયા કપટ કરવું, ક્રોધ, માન ને લોભનું સેવન કરવું, નહાવું ધોવું, મનોરંજન કરવું, દાતણ કરવું, સાધુને ઉદ્દેશીને બનાવેલું કે ખરીદેલું લેવું, ઝાડો પેશાબ લીલોતરીવાળી જગ્યાએ પરઠવવો, પૂજા–સત્કાર કરાવવા વગેરે દોષોનું સેવન ન કરે, ભાષાનો વિવેક રાખે; ગૃહસ્થનો સંસર્ગ વર્જે. અને ઉત્કૃષ્ટ ભાવે નિરતિચાર સંયમ પાળે. **કોઈ હણે કે મારે તો ક્રોધ ન કરે અને સમભાવે સહન કરે તે જ ખરો સાધુ છે, અને તે નિશ્ચયથી નિર્વાણપદ પામે છે.**

**(૧૦) સમાધિ (સમાહી)** :–

**ધર્મ સમાધિ વિના પાળી શકાતો નથી,**

તેથી હવે **સમાધિનું** સ્વરૂપ કહે છે, તેમાં **"અંજૂ સમાહિં"** કહીને "જયાં સરળતા છે, ત્યાં જ સમાધિ છે" એમ ભગવાને કહ્યું. જે સાધુ પાંચે ઇંદ્રિયોને કાબુમાં રાખીને છકાય જીવોની હિંસા કરતો નથી, આશ્રવરહિત સંયમ પાળે છે, તેને **"સમાદિવંત"** કહ્યો છે. જે સાધુ નિયાણા રહિત છે. એટલે કે તપના ભૌતિક ફળની ઇચ્છા નથી કરતો, પરિગ્રહ રહિત છે, સાનુકુળ કે પ્રતિકુળ સંયોગોમાં રતિ–અરતિ કરતો નથી, પણ નિર્મમત્વી અને સમભાવી રહે છે, તે સમાધિવંત છે. તેવો અનાસક્ત અને અપરિગ્રહી વેરના અનુબંધ અન્ય જીવો સાથે બાંધતો નથી, તેથી સમાધિવંત રહે છે, પછી તે સમાધિવંત સાધુ પોતાની કાયાને પણ વોસીરાવીને જીવન કે મરણ પત્યે સમાનદૃષ્ટિ રાખી અપ્રતિબદ્ધપણે વિચરે છે; અને જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધનામાં લીન રહી આત્મસમાધિ પામે છે.

## (૧૧) મોક્ષમાર્ગ (મગ્ગે) :–

જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ આત્મસમાધિનું જે યથાર્થ પાલન કરે છે, તે ભાવસમાધિ પામીને મોક્ષ પામે છે, તે મોક્ષમાર્ગનું આમાં કથન છે. સર્વ દુઃખોનો અંત કરાવનાર તે અનુત્તર માર્ગ **અહિંસા ધર્મનું પાલન છે એમ નીચેની ગાથાથી કહે છે :–**

**એવં ખુ ણાણિણો સારં, જં ન હિંસઈ કંચણં ।**
**અહિંસા સમયં ચેવ, એતાવંતં વિજાણિયા ॥૧૦॥**

**શબ્દાર્થ :–** "કોઈપણ જીવની હિંસા ન કરો" એ જ ખરેખર સર્વ જ્ઞાનીઓના બોધનો સાર છે, એવા

અહિંસામય દયાધર્મ અને સમતાધર્મને જાણીને દયાધર્મમાં પ્રવૃત્તિ કરે." તો ફળ સ્વરૂપે **અનંતકાળનું ભવભ્રમણ ટળે અને મોક્ષ મળે,**

તદુપરાંત સાધુના એષણાસમિતિ, ભાષાસમિતિરૂપ આચારધર્મનું, જ્ઞાનાદિ રત્નત્રયીનું, અને અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ સાધુ જે ઉન્માર્ગે ચાલીને દુઃખ પામે છે તેનું કથન છે. પણ જે વીર પ્રભુએ ફરમાવેલા ધર્મમાર્ગે વિચરે છે, તે મહાઘોર અને દુસ્તર એવા સંસારસાગરને તરી જાય છે. ને મોક્ષ પામે છે તેમ અંતમાં કહ્યું છે.

## (૧૨) સમવસરણ (સમોસરણં) :-

તીર્થંકર ભગવંતને કેવળજ્ઞાન પ્રગટયા પછી દેવો જે સમોસરણની રચના કરે છે તેની અગ્રે વાત નથી, પરંતુ 'મત'ની અગ્રે વાત છે. હવે જે "કુમત" ને તજે તે જ મોક્ષને પામે માટે ચાર સમોસરણ (૧) અજ્ઞાનવાદ. (૨) વિનયવાદ, (૩) અક્રિયાવાદ અને (૪) ક્રિયાવાદ એમ પ્રચલિત એવા ચાર મૂખ્ય અન્ય ધર્મોના સ્વરૂપનું કથન છે. આ ચારેના કુલ ૩૬૩ ભેદ કહ્યા છે, તે બધા એકાંતવાદી હોવાથી તેમનું ખંડન કર્યું છે, અને આ બધા કુમતને જાણીને જે તેને તજે છે અને સંવરધર્મનું યથાર્થ પાલન કરે છે, તે પ્રજ્ઞાવંત સાધુ પાપ કરતો નથી, અને ભવનો અંત કરી મુક્ત થાય છે. તેમ અત્રે પ્રભુએ કહ્યું છે.

## (૧૩) યથાતથ્ય નામકમ્ (આહત્તહિયં) :-

ઉપરોક્ત ચારે મત દોષિત માન્યતાવાળા છે. તેથી હવે યથાર્થ **સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ** આમાં કહે છે. એકલી

ક્રિયા કે એકલા જ્ઞાનથી મુક્તિ કહી નથી, પણ બંનેની સમ્યક્ આરાધનાથી જ મુક્તિ માની છે. તેથી જ્ઞાન–દર્શન ચારિત્રનું યથાતથ્ય કથન છે. સ્વચ્છંદાચારી અવિનીતના લક્ષણ ને શુદ્ધાચારી ધર્મોપદેશકના લક્ષણ કહ્યા છે. ક્રોધાદિના દુષ્પરિણામ જાણી શિષ્યે પાપભીરૂ, સરળ, ને આજ્ઞાંકિત થવાનું કથન છે; અને સર્વ મદરહિત સાધના કરનાર જ અને પૂજા પ્રશંસાની કામનારહિત જ મોક્ષ પામે છે તેમ કહ્યું.

**(૧૪) ગ્રંથાખ્યમ્ (ગંથો) :–**

અત્રે "ગ્રંથ" નો અર્થ "ગાંઠે ગરથ" અર્થાત્ પરિગ્રહ છે. "યથાતથ્ય ધર્મ" એટલે કે વીરપ્રભુએ જે પ્રમાણે ધર્મ ફરમાવ્યો છે, તે જ પ્રમાણે પાળવો તે આંતર બાહ્ય પરિગ્રહ છોડયા વગર પાળવો સંભવિત નથી, તેથી તેનો પરિત્યાગ કરવાનું આમાં કથન છે. પરિગ્રહ સર્વથા છોડીને વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનું અને સમિતિગુપ્તિયુક્ત આચાર ધર્મ પાળવાનું કહ્યું છે.

ધર્મકથા કરવાની રીત બતાવી છે. ધર્મોપદેશક પોતે સૂત્રાર્થમાં જરાપણ શંકા રાખે નહિ અને સ્યાદ્વાદ ધર્મની પ્રરૂપણા કરે, સાવદ્ય (પાપમય) ભાષા બોલે નહિ; આશીર્વાદ આપે નહિ; રાજા કે રંકને સમાન ભાવે ઉપદેશ આપે.

સાધક માટે અપરિગ્રહ, બ્રહ્મચર્ય, આજ્ઞાપાલન, અને અપ્રમાદ એ સાધનાના મૂખ્ય સાધનો છે. તેનું યથાર્થ સેવન કરે તે આત્મસમાધિ પામે; અને જે યથાર્થ સૂત્રાર્થ જાણે છે, તે જ સમાધિ ધર્મ કહેવાને યોગ્ય છે તેમ કહ્યું છે.

**(૧૫) આદાનીયાખ્યમ્ (જમતીતં)**

જે ગ્રંથીરહિત છે, તે જ ચારિત્રધર્મનું યથાર્થ પાલન કરી શકે છે, તેથી આમાં સંયમધર્મના મુખ્ય સાધનો શ્રદ્ધા,

દયા, ધર્મમાં દૃઢતા, વીરત્વ, શુદ્ધભાવના, બ્રહ્મચર્ય, પાંચે ઇંદ્રિયોનું દમન અને કષાયભાવોનું ઉપશમન આદિનું કથન કરી વીરપ્રભુએ કહેલા ધર્મનું શ્રદ્ધા અને દૃઢતાપૂર્વક પાલન કરવા ફરમાવ્યું છે. કારણકે જ્ઞાની ભગવંતો સદા એમ **પ્રરૂપે છે, ઉપદેશે છે કે મનુષ્ય જ સર્વ દુઃખનો અંત કરી મોક્ષ પામી શકે છે. બીજી કોઈ ગતિમાં મોક્ષ નથી. મનુષ્યભવની પ્રાપ્તિ "દુલ્લભેયં સમુસ્સએ" દુર્લભ છે, એમ કહી આ ભવમાં જ વીરતાપૂર્વક ધર્મપાલન કરવા ફરમાવ્યું.**

**(૧૬) ગાહા (ગાથા) :–**

મનુષ્યભવ અત્યંત દુર્લભ છે, તેથી માનવભવ પામી જે દૃઢતાથી ધર્મ પાળે છે. તે જ સાધુ કહેવાય. તે સાધુ શબ્દના આ અધ્યયનમાં (૧) માહણ, (૨) શ્રમણ. (૩) ભિક્ષુ અને (૪) નિર્ગ્રન્થના ભાવાર્થ સ્વરૂપ કહ્યા છે.

**ગાથાનો અર્થ નિર્યુક્તિકારે એવો કર્યો છે કે જેનું મધુરતાથી ગાન થઈ શકે–"ગીયતે ઇતિ ગાથા। તે ગાથા છે કે જેમાં શબ્દ થોડા હોય પણ અર્થ અત્યંત વિશાળ હોય, અને છંદ વડે જેની રચના કરવામાં આવી હોય તે ગાથા છે.**

**સૂયગડાંગ સૂત્ર–બીજો શ્રુતસ્કંધ, અધ્ય. ૧૭થી૨૩.**

**(૧૭) પોંડરીએ=પુંડરીક નામા પહેલું અધ્યયન :–**

આમાં પુષ્કરિણી અર્થાત્ તળાવડીનું રૂપક–બોધરૂપી દૃષ્ટાંત કથા કહીને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે. મનુષ્ય-લોકને પુષ્કરિણી સમાન કહ્યો છે. કર્મોને જળ સમાન કહ્યા છે. સંસારના કામભોગોને તળાવડીના કાદવ સમાન

કહ્યા છે. કાદવ કીચડમાંથી જ જેમ કમળની ઉત્પત્તિ થાય છે. તેમ કામભોગોમાંથી જ ભવભ્રમણ કરાવનાર કર્મોની ઉત્પત્તિ થાય છે. તળાવડીના નાના નાના કમળોને જનપદના સામાન્ય મનુષ્ય કહેલ છે, વચમાં રહેલ સૌથી મોટા શ્વેતકમળને રાજા સમાન કહેલ છે, તે શ્વેત કમળને લેવા ચાર દિશામાંથી ચાર અન્યમતવાદીઓ તળાવડીમાં પ્રવેશ કરતાં કાદવમાં ફસાઈ જાય છે. કારણકે અગાઉ જોયું તેમ અન્યમતવાદીઓ સદ્ધર્મને પામ્યા નથી તેથી સંસારની આસક્તિથી અલિપ્ત નથી. **"ધર્મના નામે પણ આરંભ–સમારંભ કરતા હોય છે તેથી શ્વેતકમળરૂપી મોક્ષ પામતા નથી, પણ સંસાર ચક્ર વધારે છે."** એ ચારે પુરૂષો પોતે જ જ્યારે કાદવમાં–આરંભાદિમાં ફસાઈ જાય છે, અર્થાત્ પોતે જ પોતાની જાતનો અર્થાત્ **પોતાના આત્માનો ઉદ્ધાર કરી શકતા નથી, તો અન્યનો ઉદ્ધાર તો કેવી રીતે કરી શકે?** પછી પાંચમો પુરૂષ એક સાધુ આવે છે. સંસારના સ્વજનો અને વિષયભોગો તજીને તે સાધુ થયો છે. આ સાધુ સમાન સદ્ધર્મ છે. તળાવડીના ચાર કાંઠાને ચાર તીર્થ–(૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક અને (૪) શ્રાવિકા રૂપ તીર્થ કહ્યા છે. તે સાધુ જળથી અલિપ્ત રહી અર્થાત્ સંસારરસથી સર્વથા નિર્લેપ રહી, કાંઠે ઉભો રહી અર્થાત્ જિનાજ્ઞા મુજબ પંચ મહાવ્રતનું ચુસ્ત પાલન કરી, શ્વેતકમળને બોલાવે છે કે "આવ! મારા હાથમાં આવ!" અને શ્વેત કમળ તળાવડીમાંથી બહાર કાંઠે આવીને તેના હાથમાં આવી જાય છે. **એનો પરમાર્થ એ છે કે તીર્થંકર પ્રરૂપિત ધર્મની જે જિનાજ્ઞા મુજબ આરાધના કરે છે તે પુષ્કરિણીરૂપ**

સંસારસાગરને તરી જાય છે અર્થાત્ શ્વેતકમળરૂપી મોક્ષ તેના હાથમાં સામેથી આવે છે. અત્રે શ્રી ભક્તામરસ્તોત્રના છેલ્લા ચરણનું સ્મરણ કરીએ:–

**તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મી ॥**

અર્થાત્ તે ભક્તને–સાધુને મોક્ષરૂપી લક્ષ્મી અવશપણે વરમાળા પહેરાવે છે. આ રૂપકનો સાર એ છે કે કામભોગોમાં આસક્ત પુરૂષ સંસારરૂપી કીચડમાં ફસાઈ મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી; પરંતુ **કામભોગોથી વિરક્ત પુરૂષો જ મોક્ષ આપોઆપ પામે છે એમ જાણી, જિનવચનમાં શ્રધ્ધા કરી આત્માર્થી જીવો કામભોગોને દુઃખને દુર્ગતિના હેતુ સમજી તેનો ત્યાગ કરે અને ધર્મારાધના કરી આત્માનું શ્રેય કરે એ જ માનવભવનું સાચુ કર્તવ્ય છે એમ સમજે.**

**(૧૮) ક્રિયાસ્થાનાખ્યમ્–ક્રિયાસ્થાનક નામનું બીજું અધ્યયન.**

સત્તરમાં અધ્ય.માં અન્ય તીર્થીકોને કમળના દૃષ્ટાંતે કર્મબંધ કરવાવાળા અને રત્નત્રયીના આરાધક સાધુને કર્મથી મુક્ત થવાવાળા કહ્યા, તે કર્મો બાર પ્રકારના **ક્રિયા સ્થાનમાં બંધાય છે અને તેરમા ક્રિયાસ્થાનમાં છૂટે છે તેના ભાવ આમાં કહ્યા છે.**

આ સંસારમાં મુખ્ય બે સ્થાનક છે:– (૧) **ધર્મ (૨) અધર્મ અથવા (૧) ઉપશાંત અને (૨) અનુપશાંત.** કોઈપણ ક્રિયાવંત જીવો આ બે સ્થાનથી રહિત હોતા નથી. જેને પૂર્વકૃત શુભકર્મનો ઉદય હોય છે. તે ધર્મસ્થાનમાં વર્તમાને પ્રવર્તે છે. અને અશુભ અર્થાત્

પાપકર્મના ઉદયવાળો જીવ અધર્મસ્થાનમાં અનુપશાંત પણે રહે છે.

તીર્થંકર ભગવાન પ્રરૂપે છે કે "આ લોક ચારે ગતિના સંસારીજીવોથી ભરેલો છે, અને તે દરેક જીવ શાતા-અશાતારૂપી વેદના અનુભવે છે, તો તે **વેદનારૂપ અનુભવનું કંઈક કારણ તો હોવું જ જોઈએ. તેનું કારણ ભગવાન ૧૩ પ્રકારની ક્રિયા જીવ કરે છે તે છે, એમ કહે છે.** તેર પ્રકારની ક્રિયા આ પ્રમાણે છે:- (૧) **અર્થદંડ**-એટલે કંઈક હેતુ માટે, પાપક્રિયા કરે, (૨) **અનર્થદંડ**-વિના પ્રયોજન પાપક્રિયા કરી પોતાના જ આત્માને દંડે, (૩) **હિંસા દંડ**-પ્રાણીવધ કરવા વગેરે, (૪) **અકસ્માત દંડ**-અપરાધીના બદલે બીજાની આકસ્મિક ઘાત કે પીડા થઈ જાય, (૫) **દૃષ્ટિ વિપર્યાસ દંડ**-દૃષ્ટિ દોષથી નિરાપરાધીની ઘાત થઈ જાય; (૬) **મૃષાવાદ દંડ**-જુઠું બોલીને દંડે, (૭) **અદત્તાદાન દંડ**-વગર દીધે લેવું તે, (૮) **અધ્યાત્મિક દંડ**-મનથી ખરાબ વિચારવું તે, (૯) **માનપ્રત્યયિક દંડ**-માનમાં લેવાઈ જવું તે, (૧૦) **મિત્રદોષ દંડ**-મિત્રનો દ્રોહ કરવો, (૧૧) **માયા પ્રત્યયિક દંડ**-માયાકપટ કરવા, (૧૨) **લોભપ્રત્યયિક દંડ-આ બાર પ્રકારની ક્રિયા અશુભ અર્થાત્ પાપ કર્મ બંધક છે,** અને **(૧૩) ઇર્યાપથિક ક્રિયા** જે કેવળી ભગવંતને હોય તે પહેલા સમયે કર્મબંધ થાય, તેને બીજા સમયે વેદે અને ત્રીજા સમયે તો કેવળી ભગવંત ખપાવી નાખે, તેથી અલ્પબંધક કે અબંધક જેવી ક્રિયા કહી છે. તે શુભ ક્રિયા છે. પ્રથમ બાર ક્રિયા સંસારચક્રને દેનારી હોવાથી **સાંપરાયિક ક્રિયા"** કહી છે. **કષાયમુક્ત બનેલા વીત-**

**રાગ ભગવંતો તેરમી ક્રિયાનું સેવન કરી મોક્ષ પ્રાપ્ત કરે છે.**

તદુપરાંત અન્ય પાપસ્થાનકો પછી નીચે પ્રમાણે કહ્યા છે :– (૧) સ્વપ્ન, લક્ષણ આદિનું ફળ બતાવવું (૨) પાપ શાસ્ત્રોનું અધ્યયન કરવું, (૩) મંત્ર–તંત્રાદિ આસુરી વિદ્યાઓ શીખવી–શીખવવી વગેરે. **આ "અધર્મ પક્ષ" છે.** પછી જુદા જુદા પ્રકારના પાપમય કાર્યો સંસારી લોકો કરે છે તેનું વિસ્તૃત વર્ણન છે. તેવા પાપમય કાર્ય કરનારાઓ નરકાદિ દુર્ગતિને જ પામે; તેથી પછી નરકના દુઃખોનું વર્ણન છે.

અધર્મપક્ષથી મિશ્રિત જે ધર્મપક્ષ છે તે જેમકે તાપસ વગેરે વનવાસી કંદમૂળ ખાઇને તપ કરે તે **"મિશ્રપક્ષ"** તેવી ક્રિયાથી પણ મોક્ષ નથી, પણ હલકી ગતિના દેવ થાય.

**સર્વ કષાયોને ઉપશમાવીને અને સર્વ પાપોને ત્યાગીને જે ધર્મસાધના કરે તે ધર્મપક્ષ છે. તે સ્થાનક આર્યપુરુષોનું કહ્યું છે. તેમાં કેવળજ્ઞાન ઉપજે અને મોક્ષની પ્રાપ્તિ થાય. આ એકાંત જિનકથીત સાધુમાર્ગ છે. તે તેરમું "ઇર્યાપથિક" ક્રિયાસ્થાનક છે.**

## (૧૯) "આહાર–પરિજ્ઞા" નામનું ત્રીજું અધ્યયન

અધર્મ અર્થાત્ પાપમય ક્રિયાથી દુઃખ અને ધર્મથી સુખ પ્રાપ્તિ કહીને "ક્રિયા"નો અધિકાર કહી, ક્રિયાવંત જીવ પણ આહાર વગર રહી શકે નહિ, તેથી આમાં નરકાદિ ચારે ગતિના અને એકેંદ્રિયથી પંચેદ્રિય જાતિના સર્વ જીવોની ઉત્પત્તિ અને તેમના આહારનું કથન છે. વનસ્પતિ આદિ એકેંદ્રિય જીવો પણ કેવી રીતે આહાર લે છે તેનું

વિસ્તારથી અદ્ભૂત વર્ણન છે; જેનું હવે આધુનીક વિજ્ઞાન પણ સમર્થન કરે છે; તે પ્રભુના સર્વજ્ઞપણાની સિદ્ધિ કરે છે.

આહાર બે પ્રકારે હોય છે :– **(૧) આભોગકૃત અને (૨) અનાભોગકૃત.** અનાભોગ આહાર જીવમાત્ર સમયે સમયે લે છે; પરંતુ આભોગ આહાર ગતિ આશ્રી જુદા જુદા સમયે હોય છે; સર્વ ગતિ આશ્રી એકેંદ્રિયાદિમાં જઘન્ય અંતમુહૂર્ત અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો આશ્રી ઉત્કૃષ્ટ ૩૩ હજાર વર્ષે જીવ આહાર ગ્રહણ કરે છે.

નારકીના જીવોનો એકાંત અશુભ પુદ્ગલોનો દુઃખમય આહાર હોય છે, તો દેવોને એકાંત સુખમય આહાર છે. આહાર ત્રણ પ્રકારનો છે **(૧) ઓજ (૨) રોમ અને (૩) કુવલ. ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી જીવો આહાર કરે છે.** ત્વચા (ચામડી)થી આહાર ગ્રહણ કરે તે **"રોમ" આહાર** કહેવાય, પરલોક ઉત્પન્ન થતી વખતે તેજસ્ અને કાર્મણ શરીર દ્વારા જે આહાર લે તે **"ઓજ આહાર"** કહેવાય, અને મુખ વડે કોળિયા ભરીને જે આહાર લે તે **"કુવલ આહાર"** કહેવાય છે. નારકી, દેવો અને એકેંદ્રિય જીવોને ઓજ અને રોમ આહાર હોય છે. મનુષ્ય અને તિર્યંચ પંચેદ્રિયોને ત્રણે પ્રકારના આહાર હોય છે.

સામાન્યરૂપથી જીવો જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં જ તે પ્રકારનો આહાર લે છે, અને સાવદ્ય (પાપમય) આહારનું સેવન કરી વળી અશુભ કર્મ બાંધી સંસારચક્રમાં ભમે છે, એમ જાણી **સાધકે, વિવેકી પુરૂષે સદા શુદ્ધ આહાર લેવાના નિયમો પાળવા જોઈએ. એષણાદિ સર્વ સમિતિઓમાં ઉપયોગવંત રહી જિનાજ્ઞાપૂર્વકના**

**સંયમધર્મનું પાલન કરવું જેથી અનાદિ કાળની આહારસંજ્ઞા તુટે. આહારપાણી પણ તપરૂપ બની જઈ કર્મની નિર્જરા કરાવે અને મોક્ષ પ્રાપ્તિનું સાધન બને.**

**જીવોના ઉત્પત્તિ સ્થાન :–**

પાંચ એકેંદ્રિય તે (૧) પૃથ્વીકાયના જીવો પૃથ્વીકાયમાં, (૨) અપ (પાણી) કાય, અપકાયમાં, (૩) તેઉ (અગ્નિ) કાયના તેઉકાયમાં (૪) વાયુકાય વાયુકાયમાં અને (૫) વનસ્પતિકાયના જીવો વનસ્પતિકાયમાં વારંવાર ઉપજે છે. વળી આ પાંચે મનુષ્ય અને તિર્યંચ પંચેંદ્રિયના સચિત્ત અને અચિત્ત શરીરોમાં પણ ઉત્પન્ન થાય છે.

ત્રસ જીવોની ઉત્પત્તિ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આશ્રયી પણ થાય છે. ગર્ભજ તિર્યંચો અને ગર્ભજ મનુષ્યો માતાની કુંખથી ઉપજે છે, અને સમુર્છિમ તિર્યંચો, પૃથ્વી પાણી આદિ એકેંદ્રિયોને આશ્રયે પણ ઉત્પન્ન થાય છે. સમુર્છિમ મનુષ્યો મનુષ્ય થકી થયેલ અશુચિ સ્થાનોમાં પેદા થાય છે. દેવો દેવશૈય્યામાં, અને નારકીઓ કુંભીમાં ઉત્પન્ન થાય છે.

**(૨૦) "પ્રત્યાખ્યાન ક્રિયા" નામે ચોથું અધ્યયન :–**

ત્રીજામાં આહાર લેવાથી જીવને કર્મબંધ થાય તેમ કહ્યું. તે કર્મબંધ **પ્રત્યાખ્યાન અર્થાત્ પચ્ચક્ખાણ કરવાથી તુટે છે**; તેથી આમાં પ્રત્યાખ્યાન સંબંધી કથન છે.

ભગવંતે છ જીવનિકાય કહેલ છે. એ છકાય જીવોને નહિ હણવાના વ્રત, પચ્ચક્ખાણ કરીને જે જીવ પોતાના આત્માને પાપકર્મોથી નિવૃત કરતો નથી, તેને અઢારે પાપસ્થાનકના પાપ

સમયે સમયે લાગે છે; પછી તે જીવ ચાહે એકેંદ્રિય હોય, વિગલેંદ્રિય કે પંચેંદ્રિય હોય, કારણકે પાપકર્મ બંધાવાના કારણભૂત મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય તથા યોગથી અપ્રત્યાખ્યાન ક્રિયાના દોષનો કર્મબંધ સદા થયા કરે છે. જીવો અવિરતિ (પચ્ચક્ખાણ કર્યા વગરના) આશ્રી, અવિરતિ ભાવથી અદષ્ટપણે પણ સદા પાપકર્મ બાંધે છે તેમ ભગવંતે નિશ્ચયથી કહેલ છે. એકેંદ્રિય અને અસંજ્ઞી જીવો મન–વચન–કાયાના વ્યાપાર રહિત હોય છે, કારણકે મન જ નથી, છતાં તેમને પણ અવ્યક્તપણે જીવહિંસાના પરિણામ હોય છે તેથી વ્રતના અભાવથી અશુભ કર્મોથી બંધાય છે. એકેંદ્રિય જીવોને અવ્યક્તપણે અન્ય જીવોને પીડા આપવારૂપ આહારાદિ આશ્રી તથા બીજા જીવોને દબાવવા આશ્રી ભાવ હોય છે તેથી કર્મબંધ થાય છે. ફળસ્વરૂપે આવા અપ્રત્યાખ્યાની સંસાર પરિભ્રમણ કર્યા કરે છે, અને તેને નહિ હણવાના પ્રત્યાખ્યાન કરનારને મોક્ષનું કારણ કહેલ છે, આમ જાણી કોઈપણ જીવને મારવા નહિ, દુઃખ આપવું નહિ, ખેદ પમાડવો નહિ એ જ ધર્મ સત્ય છે, એમ ભગવાન મહાવીરે કહ્યું છે. તે જાણી સાધુ દાતણ કરે નહિ, આંખ આંજે નહિ, ઔષધ લઈ વમન કરે નહિ, સ્નાન કરે નહિ આદિ સંયમને બાધક સાવદ્ય ક્રિયા કરે નહિ, અને ઉત્કૃષ્ટ ભાવે સંયમનું પાલન કરે, એવા સાધુઓ **સદાચારી** કહેવાય છે. **અપ્રત્યાખ્યાની જીવો અનાચારી** કહેવાય છે.

**સંજ્ઞી મનુષ્ય અને કોઈક સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ સિવાય બીજા કોઈપણ જીવ, દેવો પણ વ્રત પ્રત્યાખ્યાન કરી શકતા નથી. તેથી જ ભગવાને મનુષ્યભવને દુર્લભ કહ્યો છે.**

**(૨૧) અનાચાર શ્રુતાખ્યમ્ નામનું પાંચમું અધ્યયન**

**આને "આચાર શ્રુત" કે "અણગાર શ્રુત" પણ નિર્યુક્તિમાં કહ્યું છે,** કારણ કે આમાં સાધુના અનાચારનું વર્ણન કરીને તેને ન સેવવા એમ કહી કેવો આચારધર્મ પાળવો તે પણ ઉપલક્ષણે કહ્યું છે? આથી બંને નામ પણ સાર્થક છે.

જે પ્રત્યાખ્યાન કરતાં નથી તે અનાચારી છે તેમ કહ્યું, તેથી આમાં અનાચારોનું કથન કર્યું છે; નિષેધ કર્યો છે. એકાંત નિશ્ચયાત્મક વચન (ભાષા) સાવદ્ય હોવાથી તેને **"અનાચાર"** કહેલ છે, અને સાધુએ તેવી ભાષા ન બોલવી તેમ ભગવંતે ફરમાવ્યું છે; તેથી સાધુના આચાર-અનાચારના જ્ઞાનને પ્રાપ્ત કરી, અનાચારને તજે અને આચારને પાળે, જેથી સર્વદુઃખરહિત એવા મોક્ષસ્થાનને સાધક પામે. એકાંત વચન એટલે આત્મા નિત્ય છે એમ નિશ્ચયથી ન બોલવું, પણ દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે એમ અનેકાંત વચન બોલવું.

**(૨૨) "આદ્રકીય" નામનું છઠ્ઠુ અધ્યયન :-**

અનાચાર તજીને શુદ્ધ આચાર તો આદ્રકુમાર જેવા મુની પાળી શકે તેથી દૃષ્ટાંતરૂપે હવે આદ્રકુમાર મુનીનો અધિકાર કહે છે.

આદ્રકુમાર (હાલના અરબસ્તાનના) આદ્રકપુર નામના નગરના આદ્રકરાજાના પુત્ર હતા. એકદા આદ્રક રાજાએ મગધ દેશની રાજગૃહી નગરીના રાજા શ્રેણિકને તેના વેપારીઓ મારફત ઉત્તમ પ્રકારની ભેટ મોકલતાં, આદ્રકુમારે પણ શ્રેણિક રાજાના પુત્ર અભયકુમાર સાથે મૈત્રીસંબંધ બાંધવા

બહુ કિંમતી પદાર્થોની પેટી ભેટરૂપે મોકલી. તેથી વેપારીઓ પાસેથી આદ્રકુમારનો જીવનવૃત્તાંત જાણી, તેના ગુણાનુવાદ સાંભળી, અભયકુમારને લાગ્યું કે આ કોઈ રૂડો જીવ છે, ભલો આત્મા છે, તેથી વળતી ભેટ તરીકે મુહપતી, ગુચ્છો આદિ ધાર્મિક ઉપકરણો એક પેટીમાં વ્યવસ્થિત ગોઠવી, પેટીને સીલ કરી, રાજકુમારને હાથોહાથ આપવાની તથા એકાંત સ્થળે જઈ પોતે એકલા જ તે પેટી ખોલે તેવી ભલામણ સાથે પેટી મોકલાવી. આદ્રકુમાર તે પેટી લઈને એકલા અરિસાભુવનમાં ગયા, પેટી ખોલી અને વિચિત્ર વસ્તુઓ જોઈ પ્રથમ આશ્ચર્ય પામ્યા. પણ અભયકુમાર જેવા મહાબુદ્ધિશાળી હેતુ વગર આવી ભેટો મોકલે નહિ તેવી શ્રદ્ધા કરી. મુહપતિને શરીરના જુદા જુદા ભાગો પર લગાડી જોઈ, પણ ક્યાંય બંધબેસતી ન થતાં છેવટ મુખપર બાંધીને પછી અરિસામાં જોતા તેમને એવો અધ્યવસાય મનમાં ઉપજ્યો કે આવું રૂપ મેં અગાઉ ક્યાંક અનુભવ્યું છે. તેથી તેનો ઉહાપોહ (ચિંતન) કરતાં શુદ્ધ ભાવની શ્રેણીએ (વિચારની ધારાએ) ચડયા; ફળસ્વરૂપે ત્યાંને ત્યાં જ તેમને જાતિસ્મરણજ્ઞાન ઉપજ્યું, અને પોતાનો પૂર્વભવ જાણ્યો કે હું વસંતપુર નગરમાં શ્રેષ્ઠી હતો, અને ધર્મઘોષ અણગાર પાસે બોધ સાંભળી પત્નીસહ દીક્ષા લીધી હતી. પછી ચારિત્ર મોહનીય કર્મના ઉદયે સાધ્વી પત્નીને જોઈ તેના ઉપર મને રાગભાવ ઉપજ્યો. તેની આલોચના ગુરૂ સમક્ષ કર્યા વગર સંથારો કરી કાળધર્મ પામ્યો. સંયમના ફળરૂપે દેવપણે ઉપજ્યો. ત્યાંથી ચ્યવીને ચારિત્રદોષના કારણે આર્યક્ષેત્રરૂપી ભરતદેશમાં જન્મ ન પામતાં અત્રે આદ્રકપુરમાં જન્મ થયો છે, તેથી હવે મારા માટે ભરતદેશ જઈ સંયમ

અંગીકાર કરવો જ યોગ્ય છે એમ નિર્ણય કરી પોતાનો દેશ છોડી આર્યદેશમાં અભયકુમાર પાસે આવે છે. સ્વયં દીક્ષા અંગીકાર કરીને ભગવાન મહાવીર સ્વામીના દર્શને જવા નીકળે છે. માર્ગમાં આજીવક મતના સ્થાપક ગોશાલક, બૌદ્ધમતના ભિક્ષુ, બ્રાહ્મણ, સાંખ્યમતી તથા હસ્તિતાપસ સાથે દાર્શનિક (ધર્મ સંબંધી) ચર્ચા થાય છે, તે બધી ચર્ચાનું સુંદર નિરૂપણ છે. તે બધા મતોની માન્યતા આત્માર્થી માટે કેવી અહિતકારી છે તે સિદ્ધ કરી **જિનમતની સ્થાપના કરી છે. આ રીતે અન્ય મતવાળાઓને પ્રતિબોધ આપી, પ્રભુ મહાવીરસ્વામી સન્મુખ આવી, પ્રભુના દર્શન કરી, તેમની આજ્ઞાના આરાધક થઈ આત્મકલ્યાણ કર્યું. તે પ્રમાણે અન્ય સાધકો પણ રત્નત્રયીની આરાધના કરતાં થકાં અન્ય જીવોને પ્રતિબોધ આપી મોક્ષમાર્ગ પ્રગટ કરે.**

**(૨૩) ઉદક પેઢાલપુત્ર–નાલંદીય નામે સાતમું અધ્યયન.**

૨૨ અધ્યયનો સુધી સાધુના આચારનું કથન હતું. આમાં હવે શ્રાવકના આચારનું કથન નાલંદાપાડામાં વસતા લેપ નામના શ્રમણોપાસકના દૃષ્ટાંતે કરેલ છે, કે (૧) તે શ્રાવક જીવાજીવઆદિ નવતત્ત્વનો જાણકાર હતો. (૨) જિન-પ્રણિત સૂત્ર સિદ્ધાંતમાં તથા નિર્ગ્રંથ પ્રવચનમાં શંકારહિત હતો. (૩) પરમતની વાંછારહિત હતો. (૪) સૂત્રોનો સ્વાધ્યાય કરતાં શંકા થાય તો તે બાબત જ્ઞાનીને પૂછીને અર્થને ધારણ કરનારો હતો. (૫) હાડહાડની મીંજાએ કેવળી પ્રરૂપિત ધર્મથી રંગાયેલ હતો; અને ધર્મનો અનુરાગી હતો. (૬) કોઈ સાથે ચર્ચામાં જિનપ્રવચન જ નિઃશંક અને સત્ય છે, એજ

અર્થ છે, એજ પરમાર્થ છે, અન્ય સર્વ અનર્થ છે, એમ દૃઢપણે કહેનાર હતો. (૭) હૃદય સ્ફટીકરત્ન સમાન નિર્મળ હતું (૮) દાન આપવા માટે ઘરના દ્વાર ખુલ્લા રાખનાર હતો. (૯) રાજાના અંતઃપુરમાં પણ જવાની છૂટ હતી એવો દૃઢ ચારિત્ર્યવંત હતો. (૧૦) ચૌદશ, આઠમ, અમાસ તથા પુર્ણિમા આદિ પર્વ તિથિઓમાં પ્રતિપૂર્ણ પૌષધ ઉપવાસ કરતો હતો. (૧૧) શ્રમણ–બ્રાહ્મણોને શુદ્ધ નિર્દોષ આહારાદિ વહોરાવીને સંતોષ પમાડતો હતો. (૧૨) પાંચ અણુવ્રત, ચાર શિક્ષાવ્રત, ત્રણ ગુણવ્રત મળી બાર વ્રત ધારણ કરી વ્રત, પચ્ચક્ખાણ ઉપવાસાદિ કરતો થકો ધર્મધ્યાનમાં મગ્ન રહી **"અપ્પાણં ભાવેમાણે એવં ચ ણં વિહરઈ"** ॥ ૩ ॥ પોતાના આત્માને ભાવતો થકો વિચરતો હતો.

**લેપ શ્રાવકનું કથન કરીને, શ્રાવકો આવા ગુણધારી અને વ્રતધારી હોય એમ સૂત્રકાર પરમાર્થથી કહેવા માગે છે, તેવા વ્રતધારીને જ શ્રમણોપાસક" કહેવાય.**

આ લેપ ગાથાપતિએ નાલંદાપાડાની ઈશાનદિશામાં એક જલશાળા અને બગીચો બનાવેલ હતા. તે બગીચામાં ભગવાન ગૌતમસ્વામી બીરાજતા હતા. તે સમયે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના ઉદક પેઢાલપુત્ર નામના મુની થોડાક પ્રશ્નો પૂછવા તેમની પાસે આવ્યા. પ્રત્યાખ્યાન કરાવવાની બાબતમાં કહ્યું કે સાધુ તો શ્રાવકને છકાયજીવની દયા પાળવાનો ઉપદેશ આપે છે, પરંતુ શ્રાવક એકેંદ્રિય સ્થાવરની દયા ન પાળી શકે તો પણ જેટલા અંશે ત્રસકાયની દયા પાળે તેટલા અંશે તેને લાભ જ છે અને તેવા પ્રત્યાખ્યાન કરાવવામાં સાધુને દોષ નથી. આરાધક–વિરાધકનું સ્વરૂપ બતાવતાં

પેઢાલપુત્રને કહ્યું કે સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રના ધારણહાર (સાધુ) શ્રમણ પણ કોઈની નિંદા કરે તો તે પરલોકનો અને સંયમનો વિરાધક બને, અને **નિંદા ન કરે તો આરાધક બને, એમ જાણીને નિંદાનો ત્યાગ કરવો ને શુદ્ધ સંયમને પાળવો.** આ સાંભળી પેઢાલપુત્ર જવા લાગ્યો ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું :— "અહો ઉદક ! તથાભૂત સાધુ કે શ્રાવક પાસેથી આર્યધર્મને સાંભળીને, હૈયામાં ધારીને સમજે કે આની પાસેથી મને રૂડા ધર્મની પ્રાપ્તિ થઈ છે, જેનાથી મારો આત્મા મોક્ષગામી બની શકશે, તે પુરૂષને ઉપકારી ગુરૂ સમજી આદર કરવો, હાથ જોડી વંદન કરવા તેમની સેવાભક્તિ કરવી." આ સાંભળી ઉદક મુનિએ ગૌતમસ્વામીને વંદન કર્યા પછી તેમની સાથે પ્રભુ મહાવીર પાસે જઈ પંચમહાવ્રતરૂપી ધર્મ અંગીકાર કરી વિચરવા લાગ્યા અને જિનપ્રણિત ધર્મ પાળવા લાગ્યા.

**ઈતિ સૂયગડાંગ સૂત્ર સમાપ્તમ્**

## (૩) શ્રી ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્ર—ત્રીજું અંગસૂત્ર

એક શ્રુતસ્કંધમાં દશ સ્થાનના દશ અધ્યયન છે; જેના ૨૧ ઉદ્દેશા અને ૨૧ સમુદ્દેશા છે. ૭૨૦૦૦ પદ હતા. હાલ ૩૭૭૦ ગાથા છે. (૧૦૮૯ સૂત્ર છે)

શ્રી સમવાયાંગ સૂત્રમાં આના ભાવ બતાવતાં કહે છેઃ—

**"જીવાદિક પદાર્થોનું અનુક્રમે સ્થાપવું તેને "સ્થાનાંગ" કહે છે.** આમાં સ્વસમય સ્થાપના, પરસમય સ્થાપના, સ્વસમય-પરસમય (ઉભય) સ્થાપના, જીવનું જીવપણે સ્થાપવું, અજીવનું અજીવપણે સ્થાપવું, લોક,

અલોક સ્થાપના ઠાણુંગમાં કહી છે. ઠાણુંગમાં દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાળ, પર્યાય, પદાર્થ, પર્વત, નદી, સમુદ્ર, સુરભવન, વિમાન, સુવર્ણાદિના આગર (નિધિ), નિધિ, પુરૂષ, જાત, ગોત્ર, જ્યોતિષ, વગેરેનું એક ભેદથી માંડીને દશ ભેદ સુધી વર્ણન કર્યું છે. તે ઉપરાંત ઠાણુંગમાં જીવ, પુદગલ અને લોકસ્થાયી (ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્ય)ની પ્રરૂપણા કરી છે. પદાર્થનું દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–પર્યાય (ભાવ)ની દૃષ્ટિએ ચિંતન કરવામાં આવ્યું છે. અને સંખ્યાક્રમ–એકથી દશ સુધીની–દૃષ્ટિએ **એકથી દશ સ્થાનની સ્થાપના કરવામાં આવી છે તેથી આ સૂત્રને ઠાણુંગ અર્થાત્ સ્થાનાંગ કહ્યું છે." "ઠાણા"નો અર્થ "સ્થાન" છે.**

ટુંકમાં આમાં આ લોકમાં કોણ કોણ છે તેની એક–બે–ત્રણ આદિ સ્થાન–પ્રમાણે સુંદર ક્રમબદ્ધ ગોઠવણી છે. જેથી કોઈપણ વિષયમાં જાણવું હોય તો ડીક્ષનેરીની જેમ તે સ્થાનમાંથી તેની વિગત તુરત મળી જાય. દ્વિભંગી, ત્રિભંગી, ચોભંગી, સપ્તભંગી ઉપરાંત સૂક્ષ્મ–બાદર અનેક વિષયોનું જ્ઞાન છે, તથા સાધુ–શ્રાવકના આચાર–વિચારનું કથન છે. આ ઠાણાની ગણતરી કરતાં શાસ્ત્રજ્ઞ વિદ્વાનો જ્યારે ચોભંગીના ભાવ કહે છે, ત્યારે જ્ઞાનરસની અદ્‌ભૂત જમાવટ અને પ્રભાવના થાય છે.

ઠાણુંગ અને સમવાયાંગમાં વિષયને પ્રધાનતા આપવામાં આવી નથી, પરંતુ સંખ્યાને પ્રધાનતા આપવામાં આવી છે. જીવ, અજીવ આદિનું તત્ત્વાર્થથી વિશ્લેષણ નહિ કરતાં સંખ્યાની દૃષ્ટિએ સંકલન કરવામાં આવ્યું છે. આ બંને સૂત્ર શબ્દકોષ–(ડીક્ષનેરી)ની પદ્ધતિએ રચાયા છે, તેથી કંઠસ્થ (યાદ) રાખવાની દૃષ્ટિએ બહુઉપયોગી છે.

જૈનશાસ્ત્રોમાં ત્રણ પ્રકારના સ્થવીર (સાધુ) કહ્યા છે. તેમાં **શ્રુત સ્થવીર માટે "ઠાણસમવાયધરે"** અર્થાત્ ઠાણાંગ અને સમવાયાંગસૂત્રોના જે ધારણહાર હોય તે "શ્રુત સ્થવીર" એટલે કે શ્રુતજ્ઞાનના પારંગત કે વિશારદ કહેવાય. આથી **સૂત્રસિદ્ધાંતમાં ઠાણાંગ અને સમવાયાંગનું કેટલું બધું મહત્વ છે તે સહેજે સમજી શકાશે. કારણકે સમસ્ત શ્રુતજ્ઞાનનો ખજાનો તેમાં સમાવી દેવામાં આવેલ છે.**

ઠાણાંગ અને સમવાયાંગ આ બંને સૂત્રોની શરૂઆત **"એગે આયા"** અર્થાત્ **"આત્મા એક છે"થી** કરી છે, કારણકે સર્વ અધ્યાત્મ શાસ્ત્રોનું મંડાણ જ આ **પદ પર છે.** માત્ર **એક આત્માને જાણવાથી સર્વજ્ઞાનનો આવિર્ભાવ થાય છે, સર્વ પદાર્થસ્વરૂપના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થાય છે. તેનો પૂર્વસંબંધ શ્રી આચારાંગ સૂત્રના "જે એગં જાણઈ તે સવ્વં જાણઈ" સાથે, અને તેથી "ત્રિપદિ" સાથે, સમગ્ર શ્રુતજ્ઞાનના સારરૂપે રહેલો છે. એથી આ બંને સૂત્રની શરૂઆત જ "એગે આયા"થી કરી છે.**

**દશ સ્થાનના સંક્ષિપ્ત ભાવ :-**

**(૧) પ્રથમ સ્થાનમાં** સામાન્ય અપેક્ષાએ જે પદાર્થો "એક" છે, તેનું, અને ગુણ-ધર્મ અને સ્વભાવની સમાનતાના લીધે **અનેક જુદા જુદા ગુણવાળા પદાર્થોને પણ એક કહ્યા છે.** તેમાં **'એગે આયા' અર્થાત્ "આત્મા એક છે"** થી શરૂઆત કરીને આત્મા, (અનાત્મા), દંડ, ક્રિયા, લોક, અલોક, ધર્મ, અધર્મ, બંધ, મોક્ષ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા ઈત્યાદિથી માંડીને ૭૯માં

બોલમાં એક પ્રદેશ અવગાહીને રહેલા પુદ્ગલો ઈત્યાદિ એક રૂક્ષ ગુણવાળા પુદ્ગલો અનંત છે તેમ કહ્યું છે.

**(૨) બીજા સ્થાનમાં લોકમાં જે પદાર્થો છે તે બધા બે પ્રકારે છે તે જેમ કે (૧) જીવ–અજીવ. જીવના (૧) ત્રસ–સ્થાવર, (૨) સંસારી** તે ચારે ગતિના જીવો–**અસંસારી** તે સિદ્ધ પરમાત્મા વગેરે, **ધર્મના–આગાર અને અણગાર ધર્મ,** (૨) શ્રુત અને ચારિત્ર ધર્મ. **બંધના**–રાગ અને દ્વેષ, **વીતરાગના**–ઉપશાંત કષાયી અને ક્ષીણકષાયી, **કાળના**–અવસર્પિણી અને ઉત્સર્પિણી. **ક્રિયાના**–જીવક્રિયા–અજીવક્રિયા ઇત્યાદિ ઘણા ભેદ કહ્યા છે, **દર્શનના**–સમ્યગ્દર્શન ને મિથ્યાદર્શન, ઈત્યાદિ ૮૦ થી ૧૬૨ સુધી સૂત્ર કહ્યા છે.

**(૩) ત્રીજા સ્થાનમાં** પહેલા બે સ્થાનોની અપેક્ષાએ સ્થૂળ દૃષ્ટિએ ચિંતન કરવામાં આવ્યું છે, તે જેમકે યોગ ૩ મનયોગ, વચનયોગને કાયયોગ, ૩ ગુપ્તિ–મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ, ૩ વેદ–સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસક વેદ, ૩ પ્રકારે જીવ લાંબા સમયનું અશુભ આયુષ્ય બાંધે :– (૧) જીવહિંસાથી, (૨) જુઠું બોલવાથી અને (૩) તથા રૂપના સાધુની નિંદા, અપમાન આદિ કરવાથી, અને ૩ પ્રકારે દીર્ઘ શુભ આયુષ્ય બાંધે (૧) હિંસા ન કરવાથી, (૨) જુઠુ ન બોલવાથી અને (૩) સાધુની નિંદા આદિ ન કરીને ભાવપૂર્વક વંદન કરવાથી અને આહાર પાણી ઔષધાદિ આપવાથી. ૩ પ્રકારે લોકમાં પ્રકાશ થાય :— (૧) તીર્થંકરના જન્મ (૨) દીક્ષા અને (૩) કેવળજ્ઞાન પ્રગટતી વખતે. ત્રણ સુગતિ (૧) સિદ્ધ ગતિ, (૨) દેવગતિ અને (૩) મનુષ્યગતિ. ત્રણ દુર્ગતિ (૧) નરકગતિ, (૨) તિર્યંચગતિ અને

મનુષ્યગતિ–૩ આરાધના (૧) જ્ઞાન, (૨) દર્શન અને (૩) ચારિત્ર આરાધના. ૩ પ્રકારે શ્રાવકને મહાનિર્જરા થાય (૧) ક્યારે હું અલ્પ કે સર્વ પ્રકારનો પરિગ્રહ છોડીશ? (૨) ક્યારે હું દીક્ષા લઈ સાધુ બનીશ? અને (૩) ક્યારે હું કાળનો અવસર આવ્યો જાણી સંલેખના સંથારાથી મારા આત્માને ભાવિત કરી, અંત સમયે સંથારો કરીશ—**એ પ્રકારે ૩ મનોરથ ચિંતવવાથી શ્રાવકને મહાનિર્જરા થાય.** સાધુને ૩ મનોરથ ચીંતવવાથી મહાનિર્જરા થાય (૧) ક્યારે હું અલ્પ કે બહુશ્રુત જ્ઞાન ભણીશ? (૨) ક્યારે હું એકલચારીની પડિમા ગ્રહણ કરીને વિચરીશ? અને (૩) ક્યારે હું સંલેખના સંથારા વડે મારા આત્માને ભૂષિત કરીને, આહારપાણી પચ્ચખીને, મૃત્યુ પર્યંત પાદોપગમન સંથારો કરીશ? ઈત્યાદિ ત્રીજા સ્થાનમાં ૧૬૩ થી ૨૯૩ સુધીના સૂત્રો કહ્યા છે.

**(૪) ચોથા સ્થાનમાં** અનેક બોધદાયી ચોભંગીઓ કહી છે. સાધુ–શ્રાવક આદિનું ઉપમાઓ દ્વારા હુબહુ સ્વાભાવિક ચિત્રણ કર્યું છે, તે જેમકે:— **ચાર પ્રકારની અંતક્રિયા અર્થાત્ ભવનો અંત કરી મોક્ષ પામે**

(૧) અલ્પ વેદના–દીર્ઘપર્યાય–ભરત મહારાજા
(૨) અલ્પ વેદના–અલ્પપર્યાય–મરૂદેવી માતા
(૩) મહા વેદના–દીર્ઘપર્યાય–સનતકુમાર ચક્રવર્તી
(૪) મહા વેદના–અલ્પપર્યાય–ગજસુકુમાર મુનિવર

**ચાર પ્રકારના આચાર્ય ભગવંત કે શ્રાવક હોય :—**
**(૧) ખજુર જેવા**–ઉપરથી મૃદુ, અંદરથી (ઠળીયો) કઠણ,
**(૨) બદામ જેવા**–ઉપરથી (કોચલુ) કઠણ, અંદર (બીજ) કોમળ,

(૩) **સોપારી જેવા**–ઉપર અને અંદર બંને પ્રકારે કઠણ. અને

(૪) **દ્રાક્ષ જેવા**–અંદર અને બહાર બંને પ્રકારે કોમળ. આમાં બીજો ભાંગો ઠીક ને ચોથો શ્રેષ્ટ છે,

**ચાર પ્રકારે પુરૂષ કહ્યા છે :–**

(૧) રૂપવંત પણ ગુણહીન, (૨) ગુણવાન પણ રૂપહીન, (૩) રૂપહીન અને ગુણહીન અને (૪) રૂપ અને ગુણ સંપન્ન આમાં પણ બીજો ને ચોથો ભાંગો સારો છે.

આવી ઘણી બોધદાયી ચોભંગીઓ આમાં કહી છે. જિજ્ઞાસુએ ગુરૂગમથી જાણવી.

**૪ પ્રકારના ધ્યાન :–** (૧) આર્ત, (૨) રૌદ્ર, (૩) ધર્મ ને (૪) શુક્લ ધ્યાન. **ધર્મધ્યાનની ૪ પ્રકારની અનુપ્રેક્ષા** (૧) એકત્વ, (૨) અનિત્ય, (૩) અશરણ ને (૪) સંસાર.

**૪ મહાવિગય તજવા જેવા** (૧) મદ્ય, (૨) માંસ, (૩) મદીરા ને (૪) માખણ.

**૪ સંજ્ઞા તોડવા જેવી :–** (૧) આહારસંજ્ઞા, (૨) ભય-સંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા ને (૪) પરિગ્રહસંજ્ઞા.

**૪ ધર્મદ્વાર :–** (૧) ખંત્તી=ક્ષમા, (૨) નિર્લોભતા, (૩) સરળતા, ને (૪) માર્દવતા અનુક્રમે ક્રોધ, લોભ, માયા અને માન કષાયોને દૂર કરે છે. તેથી ધર્મના દ્વાર કહ્યા છે.

૪ કારણે **"નરકનું આયુષ્ય"** બંધાય–(૧) મહા આરંભ, (૨) મહાપરિગ્રહ, (૩) પંચેદ્રિય વધ અને (૪) **માંસાહાર** કરવાથી, ૪ કારણે **તિર્યંચનું આયુષ્ય :–** (૧) માયા કરવાથી (૨) ગાઢીમાયા–અલીકથી (૩) જુઠુ

બોલવાથી અને (૪) ખોટા તોલમાપ રાખી છેતરવાથી, ૪ કારણે **મનુષ્યનું આયુષ્ય** બંધાય (૧) સરળતાથી, (ભદ્રિકતા) (૨) વિનયભાવથી, (૩) અનુકંપા કરવાથી અને (૪) ઈર્ષા ન કરવાથી;અને ૪ કારણે **'દેવનું આયુષ્ય'** બંધાય :– (૧) સરાગ સંયમથી, (૨) સંયમાસંયમ અર્થાત્ શ્રાવક ધર્મથી, (૩) બાળતપથી અને (૪) અકામ નિર્જરાથી અર્થાત્ પરાધીનપણે પણ દુઃખ વેઠી કર્મક્ષય કરવાથી. આ ચોથાસ્થાનના ૪ ઉદ્દેશા છે. સૂત્ર ૨૯૪ થી ૪૮૩ સુધી છે.

**પાંચમુ સ્થાન–૩ ઉદ્દેશા છે** :– સાધુના પાંચ મહાવ્રત, શ્રાવકના પાંચ અણુવ્રત, પાંચ ઈંદ્રિયોના પાંચ કામગુણ તે શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ અનુક્રમે કાન, આંખ, નાક, જીભ અને ચામડીના છે, પાંચ પ્રકારે સાધુ મહાનિર્જરા કરે–આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી અને ગ્લાન (બીમાર) સાધુની સેવા ભાવપૂર્વક કરવાથી. **પાંચ આશ્રવદ્વાર** તે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ જોગ, **પાંચ સંવર દ્વાર** તે સમક્તિ, વિરતિ અર્થાત્ વ્રત લેવા, અપ્રમાદ, અકષાય અને શુભ જોગ. પાંચ પ્રકારે **સમક્તિ ન પામે**– અરિહંત, જિનધર્મ, આચાર્ય, ઉપાધ્યાય અને ચતુર્વિધ સંઘની નિંદા કરવાથી, તેમના ગુણાનુવાદ કરવાથી **સુલભબોધિ બને, પાંચ સમિતિ, સ્વાધ્યાય પાંચ પ્રકારે, પાંચ પ્રતિક્રમણ, પાંચ ભેદે જીવ અને પાંચ ભેદે અજીવ, પાંચ અસ્તિકાય** ઈત્યાદિનું, સૂત્ર ૪૮૪ થી ૫૪૩ સુધી કથન છે.

**છઠ્ઠા સ્થાનમાં** ૭ જીવનિકાય, ૭ આરા, ૭ સંઘયણ, ૭ સંઠાણ, ૭ લેશ્યા ૭ કારણે સાધુ આહારાદિ લે, ૭ પ્રકા-

રનું બાહ્ય અને છ પ્રકારનું અભ્યંતર તપ, છ ભેદે અવધિજ્ઞાન, ઇત્યાદિ ૫૪૪ થી ૬૫૭ સુધી બોલ છે.

**સાતમા સ્થાનમાં** વિભંગજ્ઞાનના સાત ભેદ, જીવને ઉપજવાની ૭ પ્રકારની યોનિ, ૭ નરકના નામ અને ગોત્ર, ૭ભય, ૭ નય, ૭ પ્રકારે આયુષ્ય તુટે, ૭ પ્રકારનો વિનય, નિહ્નવ ૭ પ્રભુ મહાવીરના શાસનમાં થયા, ઈત્યાદિ ૬૫૮ થી ૭૫૪ બોલ સુધી છે.

**આઠમા સ્થાનમાં** ૮ કર્મપ્રકૃતિના નામ, આઠ સમિતિ (૩ ગુપ્તિને પણ અત્રે સમિતિ કહી છે.), ૮ મદ, જાતિ, કુળ, બળ, રૂપ, તપ, સૂત્ર (જ્ઞાન), લાભ અને ઐશ્વર્યનો મદ, ૮ સમયની કેવળી સમુદ્ઘાત, આત્માના ૮ ભેદ ઈત્યાદિ ૭૫૫ થી ૮૬૧ સુધીના બોલ છે.

**નવમા સ્થાનમાં** બ્રહ્મચર્યની ૯ વાડ, નવતત્ત્વના નામ, ૯ પ્રકારના દર્શનાવરણીય કર્મ, ચક્રવર્તીના નવનિધિ, ૯ પ્રકારેનું પુણ્ય અન્ન, પાણી, વસ્ત્ર, લયન, શયન–સુવાના સાધન આપવા, મન, વચન, કાયાથી ભલુ ચિંતવવું, ભલુ બોલવું, ભલુ કરવું; અને નમસ્કાર કરવા એમ ૯ પ્રકારે પુણ્ય બંધાય, આગામી ચોવીસીના મહાપદ્મ તીર્થંકરનું ચરિત્ર છે. નવ નોકષાય, ઈત્યાદિ ૮૬૨ થી ૯૩૦ સુધીના બોલ છે.

**દસમા સ્થાનમાં** દશ પ્રકારનો યતિધર્મ, વૈયાવચ્ચ, જીવપરિણામ, અજીવપરિણામ, દશ પ્રકારનું મિથ્યાત્વ, દશ પ્રકારે સરાગ સમ્યગ્દર્શન અર્થાત્ નિસર્ગાદિ દશ રુચિ, દશ સંજ્ઞા, ઉત્સર્પિણી અને અવસર્પિણીનો કાળ ૧૦ ક્રોડા ક્રોડી સાગરોપમ, દશ અચ્છેરા ઈત્યાદિ ૯૩૧ થી ૧૪૮૯ બોલ સુધીનું કથન છે.

આ પ્રમાણે આ આગમમાં **સ્વસમય, પરસમય અને સ્વ–પરસમય એ ત્રણેની સ્થાપના કરેલી છે.** સંગ્રહનયની દૃષ્ટિએ જીવમાં જ્યાં **"એકપણાનું"** પ્રતિપાદન કર્યું છે, ત્યાં વ્યવહારનયની દૃષ્ટિએ તેનું **"જુદાપણું"** પણ બતાવ્યું છે. સંગ્રહનયની અનુસાર ચૈતન્યગુણની અપેક્ષાએ જીવ **"એક"** છે, તો વ્યવહાર નયની અપેક્ષાએ પ્રત્યેક જીવ **"જુદા જુદા"** છે; તે જેમકે જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ જીવોના બે ભેદ કહી શકાય, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યની દૃષ્ટિએ ત્રણ, ચાર ગતિની અપેક્ષાએ ચાર પ્રકારના, પારિણામિક આદિ પાંચ ભાવોની અપેક્ષાએ પાંચ, સંસાર ચક્રની ગતિ–અગતિની અપેક્ષાએ છ એ દિશામાં ગમન કરતો હોવાથી છ ભેદે, સપ્તભંગીની અપેક્ષાએ સાત ભેદે, આઠે કર્મોની અપેક્ષાએ આઠ ભેદે, નવતત્વમાં પરિણમન કરવાની ક્ષમતાની દૃષ્ટિએ નવ ભેદે, અને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ, અને સાધારણ વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય અને પંચેંદ્રિયની અપેક્ષાએ દશ ભેદે કહી શકાય, અથવા પાંચ એકેંદ્રિય, ત્રણ વિગલેંદ્રિય, અને અસંજ્ઞી ને સંજ્ઞી પંચેંદ્રિય એમ દશ ભેદ પણ જીવના કહી શકાય. આ રીતે **"એક જ જીવ"ની સ્થાપના દશ પ્રકારે કરી શકાય.** એ જ રીતે પુદ્‌ગલ વગેરે અજીવ દ્રવ્યોની પણ એકત્વથી લઈને દશ સુધીની પર્યાયોનું કથન છે. **"પર્યાયોની"** અપેક્ષાએ એક જ પદાર્થ અનંતભાગોમાં વિભક્ત થઈ શકે છે, અને **"દ્રવ્યની અપેક્ષાએ"** અનંત ભાગ એક જ તત્ત્વમાં સમાઈ શકે છે, **એવી અભેદ અને ભેદની આગવી વ્યાખ્યા આ ઠાણુાંગમાં અને ચોથા અંગસૂત્ર સમવાયાંગમાં હુબહુ કહી છે, તેથી જ આ બંને**

આગમોની એક અનોખી આગવી વિશિષ્ટતા છે.

## (૪) સમવાયાંગ સૂત્ર–ચોથું અંગસૂત્ર

આ સૂત્રમાં એક જ અધ્યયન, એક જ ઉદ્દેશન કાળ ને એકજ સમુદ્દેશન કાળ છે.

૪૦૦૦ પદ હતા, હાલ ૧૬૬૭ શ્લોક પ્રમાણ છે,

**વ્યાખ્યા :**– જે શાસ્ત્રમાં સમસ્ત પદાર્થોનું સમ્યક્ પ્રકારનું જ્ઞાન હોય તે **"સમવાય"** કહેવાય છે. આ આગમમાં સર્વ જીવ–અજીવાદિ પદાર્થોનું દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવથી એકથી માંડી કોટાનુકોટી સંખ્યા સુધી ક્રમવાર વિશ્લેષણ કર્યું છે. તેથી આ સૂત્રને **"સમવાયાંગ"** કહ્યું છે, તેમાં સર્વ પદાર્થોનો પરિચ્છેદ, અથવા સમાવતાર છે, આને "સમવાઓ" પણ કહ્યું છે.

**વિષય–સૂચિ :**– સમવાયાંગમાં સમવાયોની સૂચિ આ પ્રમાણે છે :– (૧) સ્વસમય, પરસમય, જીવ–અજીવ યાવત્ લોક–અલોક સુધીનું સમ્યક્ કથન, (૨) **"એગે આયા"** અર્થાત્ "આત્મા એક છે" એમ "એક" સંખ્યા-વાળા પદાર્થથી શરૂ કરી, બે, ત્રણથી સો સુધીની સંખ્યા-વાળા, પછી હજાર, લાખથી ક્રોડાક્રોડ સમવાય (બોલ) સંસારમાં કયાં કયાં લાભે તેનું અનુક્રમે સંખ્યાના ક્રમથી કથન છે, (૩) દ્વાદશાંગી ગણિપિટક–આચારાંગાદિ બારે અંગ સૂત્રના નામ અને તેના ભાવો જે સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ જગતજીવોના હિતાર્થે પ્રરૂપ્યા છે, તેનું સંક્ષિપ્ત કથન છે, (૪) ત્યાર પછી વિધવિધ પ્રકારે જીવ–અજીવનું વિસ્તૃત કથન છે, તદુપરાંત બહુ રીતે વિશેષ પ્રકારે નરકાદિ

ચારે ગતિના જીવોનું સ્વરૂપ, સંસારની ચારે ગતિના ૫૬૩ ભેદ, તેમના આહાર, શ્વાસોચ્છવાસ, લેશ્યા, આવાસ, સ્થિતિ (આયુષ્ય), ઉપપાત, ચ્યવન, શરીર—ઔદારિકાદિ પાંચ—, શરીરની અવગાહના, અવધિજ્ઞાન, વેદના, વિધાન, ઉપયોગ, યોગ, ઈંદ્રિય, કષાય, વિવિધ પ્રકારની જીવાયોનિ, નું કથન છે. અને છેલ્લે ત્રણે કાળના કુલકરના નામ વિ. તીર્થંકર, ગણધર, તીર્થંકરોના માતાજી, ગણધર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, આદિ શલાકા પુરૂષોના નામ સહિત અધિકારો છે, તેમના માતા પિતાના પૂર્વભવના નામ, તીર્થંકરોના પૂર્વ-ભવના નામ, ઈરવતક્ષેત્રની ચોવીસીના નામ કહ્યા છે. અને ૧૫ કર્મભૂમી ૩૦ અકર્મભૂમીનું વર્ણન છે. આમ સમવાયાંગમાં ૧ થી ૧૦૦ સુધી એકોત્તરિકા વૃદ્ધિ (અકેક સંખ્યા વધે તે) અને પછી અનેકોત્તરિકા વૃદ્ધિ અર્થાત્ મોટી સંખ્યા જેમકે સોથી હજાર વિ.વધે તે એમ બંને વૃદ્ધિ છે.

**સમવાયના ભાવો :—**

પહેલા સમવાયમાં જીવ—અજીવ આદિ તત્વોનું કથન કરતાં કહ્યું કે આત્મા, અનાત્મા, લોક, અલોક, ધર્મ, અધર્મ, પુણ્ય, પાપ, બંધ, મોક્ષ, વિ. વિ. અકેક છે. પછી એક લાખ યોજનની લંબાઈ પહોળાઈવાળા જંબુદ્વીપ, સાતમી નરકનું અપ્રતિષ્ઠાન નરકાવાસ, પાલિત વિમાન, અને પાંચ અનુત્તર વિમાનોમાં વચમાં આવેલું "સર્વાર્થ સિદ્ધ" મહાવિમાન, પછી ૧ સાગરોપમ ને ૧ 'પલ્યોપમની સ્થિતિ (આયુ.) વાળા નારકી તથા દેવોનું કથન વિ. છે; ને એક પલ્યોપમની સ્થિતિવાળા તિર્યંચોને મનુષ્યોનું કથન છે.

બીજામાં બે પ્રકારની વસ્તુઓ—બે દંડ, અર્થદંડ—અનર્થ દંડ, બે બંધ—રાગ બંધ—દ્વેષબંધ વિ. છે. ત્રીજામાં

૩ પ્રકારનું – ૩ દંડ–મન, વચન ને કાયા, ૩ શલ્ય, ૩ ગારવ, ૩ વિરાધના આદિનું કથન છે. ચોથામાં ૪ કષાય, ૪ ધ્યાન, ૪ વિકથા, ૪ સંજ્ઞા, ૪ કર્મબંધ, ૪ પલ્યોપમ ને ૪ સાગરોપમની સ્થિતિવાળા નારકી ને દેવો વિ. વિ.નું કથન છે.

પાંચમામાં, ૫ ક્રિયા, ૫ મહાવ્રત, શબ્દાદિ ૫ કામગુણ, ૫ આશ્રવ ને ૫ સંવર દ્વાર, ૫ સમિતિ, ૫ અસ્તિકાય, પાંચ–પાંચ તારા રોહિણી વિ. નક્ષત્રના છે, ૫ પલ્યો. ને ૫ સાગરની સ્થિતિવાળા નારકી દેવો વિ.નું કથન છે.

છઠ્ઠામાં છ લેશ્યા, છ કાયના જીવો, છ,છ બાહ્યને આભ્યંતર તપ, છદ્મસ્થ જીવોની છ સમુદ્‌ઘાત, છ અર્થાવગ્રહ, છ પલ્ય ને સાગરની સ્થિતિવાળા નારકીને દેવ, ઘોષ–સુઘોષાદિ ૨૦ વિમાનોના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ છ સાગરોપમની, વિ. કથન છે.

નોંધ :– જેટલા સાગરોપમની સ્થિતિવાળા દેવો હોય, તે તેટલા માસના અંતરે બાહ્યઅને આભ્યંતર શ્વાસોચ્છવાસ લે અને તેટલા હજાર વર્ષ વીત્યે આહાર લેવાની ઇચ્છા થાય.

સાતમામાં ૭ પ્રકારના ભયસ્થાન, ૭ સમુદ્‌ઘાત, વિ. તથા ભ. મહાવીરનું દેહ પ્રમાણ ૭ હાથનું હતુ, જંબુદ્વીપના ૭ પર્વત ને ૭ ભરતાદિ ક્ષેત્રોનાં નામ, ૭ તારા વિનું કથન છે.

નોંધ :– તારાના નામ ને ૧ પલ્ય ને ૧ સાગરની સમવાયના ક્રમ પ્રમાણેની સ્થિતિવાળા નારકી ને દેવોનું બહુધા દરેક સમવાયમાં કથન છે તેથી દરેક સમવાયમાં હવે જુદુ બતાવ્યું નથી, અને દરેક સમવાયને અંતે સમવાય ક્રમ પ્રમાણે કેટલાક જીવો ૧, ૨, ૩, આદિ ભવે સિદ્ધ, બુદ્ધ ને મુક્ત થાય છે, તેવું સામાન્ય કથન છે.

આઠમામાં ૮ મદસ્થાન, ૮ પ્રવચન માતા, ૮ સમયમાં કેવળી સમુદ્ઘાત થાય, ભ. પારસનાથના ૮ ગણુ ને ૮ ગણુધરના નામ, વિ. છે, નવમામાં ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ, આચારાંગના પહેલા શ્રુતસ્કંધના ૯ અધ્યયનના નામ, ભ. પારસનાથનું દેહ પ્રમાણુ ૯ હાથનું, દર્શનાવરણીય કર્મની ૯ પ્રકૃતિના નામ, વિ. છે, અને દશમામાં ખંતી–મુત્તી વિ. ૧૦ પ્રકારના શ્રમણુધર્મ, ૧૦ ચિત્ત સમાધિસ્થાન, જ્ઞાન વૃદ્ધિ માટેના ૧૦ નક્ષત્રના નામ–મૃગશીર, આર્દ્રા, પુષ્ય, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, મૂળ, આશ્લેષા, હસ્ત અને ચિત્રા, જુગલિયાના દશ કલ્પવૃક્ષના નામ વિ. નું કથન છે.

૧૧ માં ૧૧ ઉપાસક પડિમા, ભ. મહાવીરના ૧૧ ગણુધર, વિ. નું કથન છે, ૧૨ માં ૧૨ ભિક્ષુપડિમા, સિદ્ધશીલાના ૧૨ નામ, વિ. કથન છે. ૧૩માં ૧૩ ક્રિયાસ્થાન ૧૩ પ્રકારના ચિકિત્સાસ્થાન વિ. નું કથન છે. **૧૪માં** ૧૪ પ્રકારના ભૂતગ્રામ અર્થાત્ જીવો, ૧૪ પૂર્વ, ભ. મહાવીરના ૧૪ હજાર સાધુ, ૧૪ પ્રકારના જીવસ્થાન (ગુણુઠાણુા) ચક્રવર્તીના ૧૪ રત્નના નામ, વિ. નું કથન છે. **૧૫માં** ૧૫ પરમાધામીનાનામ, મનુષ્યના ૧૫ પ્રકારના પ્રયોગ વિ.નું કથન છે. **૧૬માં** સુયગડાંગ સૂત્રના ૧૬ અધ્યયન, ૧૬ કષાય, આત્મપ્રવાદ પૂર્વની ૧૬ વસ્તુનું, **૧૭ માં** ૧૭ પ્રકારના અસંયમ, સંયમ, મરણ વિ.નું. **૧૮માં** સાધુના ૧૮ પ્રકારના બ્રહ્મચર્ય સ્થાનોનું, ભ. મહાવીરે સાધુ માટે ફરમાવેલા ૧૮ પ્રકારના ધર્મસ્થાન–છ વ્રતનું પાલન, છકાય જીવોની દયા પાળવી, છ વસ્તુ ન કરવી તે ગૃહસ્થના વાસણુમાં ભોજન, પલંગ વિ. પર બેસવું, ને શય્યા–ગાદી–ગાદલા વિ.

પર સુવું, સ્નાન કરવું ને શરીર શોભા કરવી વિ. **૧૯માં** ૧૯ તીર્થંકરોએ ગૃહવાસ ભોગવીને પછી દીક્ષા લીધાનું વિ. અને **૨૦માં** ૨૦ અસમાધિ સ્થાનોનું ને પ્રત્યાખ્યાન-પૂર્વની ૨૦ વસ્તુ હતી વિ.નું નિરૂપણ છે.

**૨૧માં** ૨૧ સબળ દોષો વિ. નું, **૨૨માં** ૨૨ પરિષહ, ૨૨ પ્રકારના પુદ્ગલ પરિણામ વિ.નું, **૨૩માં**, ભ. અજીત-નાથથી ભ.મહાવીર સુધીના ૨૩ તીર્થંકરો પૂર્વભવમાં ૧૧ અંગધર ને માંડલિક રાજા હતા, ને ભ. ઋષભદેવ પૂર્વભવે ૧૪ પૂર્વીને ચક્રવર્તી હતા વિ. નું, **૨૪માં** ઋષભાદિ ૨૪ તીર્થંકરોને દેવાધિદેવ કહ્યા વિ. નું, **૨૫માં** પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ વિ.નું, **૨૬માં** અભવી જીવોને મોહનીય કર્મની મિશ્ર ને સમકિત દર્શનમોહનીય નામની બે પ્રકૃતિ સિવાય ૨૬ પ્રકૃતિ સત્તામાં હોય વિ. નું. **૨૭માં** સાધુના ૨૭ ગુણોનું, ૨૭ નક્ષત્રો વિ. નું, **૨૮માં** મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ ને મતિજ્ઞાનના ૨૮ ભેદોનું, દેવગતિમાં જનારને નામકર્મની ૨૮ શુભ પ્રકૃતિ ને નરકમાં જનારને ૨૮ અશુભ પ્રકૃતિ વિ.નું કથન છે.

**૨૯માં** ૨૯ પાપશાસ્ત્રો જોષ જોવા–વિ નું, ને અષાઢ, ભાદરવો, કારતક, પોષ, ફાગણ ને વૈશાખ માસમાં ૨૯ દિવસો હોય વિ.નું અને **૩૦માં સમવાયમાં** મહામોહનીય કર્મ બાંધવાના ૩૦ સ્થાનનું, એક દિવસરાત્રીના ૩૦ મુહૂર્તના નામ વિ.નું નિરૂપણ છે.

**૩૧માં** સિદ્ધ ભગવંતના ૩૧ ગુણો વિ.નું, **૩૨માં** ૩૨ યોગસંગ્રહ વિ.નું **૩૩માં** ૩૩ પ્રકારની આશાતના વિ.નું, **૩૪માં** જિનેશ્વરના ૩૪ અતિશયો વિ.નું, **૩૫માં** તીર્થં-કરની સત્યવાણીના ૩૫ ગુણ વિ.નું **૩૬માં** ઉત્તરાધ્યયન

સૂત્રના ૩૬ અધ્યયનો વિ.નું, ભ.મહાવીરની ૩૬ હજાર સાધ્વીઓ હતી. વિ.નું **૩૭માં** ભ. કુંથુનાથના ૩૭ ગણ ને ૩૭ ગણધરોનું, **૩૮માં** ભ.પાર્શ્વનાથની ૩૮ હજાર સાધ્વીઓ હતી વિ.નું, **૩૯માં** ભ.નમિનાથના ૩૯૦૦ અવધિજ્ઞાનીઓ વિ. અને **૪૦માં સમવાયમાં** ભ. અરિષ્ટનેમિની ૪૦ હજાર સાધ્વીજી હતી વિ.નું કથન છે.

**૪૧માં સમવાયમાં** ભ. નમિનાથની ૪૧ હજાર સાધ્વીજી, **૪૨માં** નામકર્મના ૪૨ ભેદ ને ભ. મહાવીરે ૪૨ વર્ષ અધિક સંયમ પાળી નિર્વાણ પામ્યા વિ.નું, **૪૩માં** કર્મવિપાકના ૪૩ અધ્યયનો વિ.નું, **૪૪માં** ઋષિભાષિતના ૪૪ અધ્યયનો વિ.નું, **૪૫માં** ૪૫ યોજન વિસ્તારવાળા ૪ ક્ષેત્ર (૧) અઢીદ્વીપરૂપી મનુષ્યક્ષેત્ર, (૨) સીમંતક નરકાવાસ, (૩) ઉડુ વિમાન. અને (૪) સિદ્ધશીલા વિ.નું **૪૬માં** બ્રાહ્મીલિપિના ૪૬ માતૃકાક્ષર વિ.નું, **૪૭માં** સ્થવિર અગ્નિભૂતિ ૪૭ વર્ષ ગૃહસ્થવાસમાં રહી દીક્ષા લીધી વિ.નું, **૪૮માં** ભ. ધર્મનાથના ૪૮ ગણ ને ૪૮ ગણધર વિ.નું, **૪૯માં** તેઇંદ્રિય જીવોની ૪૯ દિવસની સ્થિતિ વિ. નું ને **૫૦માં** ભ. મુનિસુવ્રતની ૫૦ હજાર સાધ્વીઓ હતી વિ.નું કથન છે.

**૫૧માં સમવાયમાં** ૯ બ્રહ્મચર્ય અધ્યયન (આચારાંગ સૂત્ર)ના ૫૧ ઉદ્દેસણકાળ વિ.નું, **૫૨માં** મોહનીય કર્મના ૫૨ નામો વિ.નું, **૫૩માં** ભ.મહાવીરના ૫૩ સાધુ ૧ વર્ષની દીક્ષા પાળી અનુત્તર વિમાનમાં ઉપજ્યા વિ.નું, **૫૪માં** ભરત ને ઇરવત્ ક્ષેત્રમાં અનુક્રમે ૫૪—૫૪ ઉત્તમ (શલાકા) (પુરૂષો) થયા., ભ.અરિષ્ટનેમિ ૫૪ રાત્રિ સુધી છદ્મસ્થ રહ્યા, પછી કેવળી થયા, તથા ભ.અનંતનાથને ૫૪ ગણ તથા ૫૪

ગણધર હતા, વિ.નું, **૫૫માં** ભગવતી મલ્લીનાથ ૫૫ હજાર વર્ષનું આયુ પૂર્ણ કરી સિદ્ધ થયા, ભ. મહાવીર અંતિમ રાત્રિએ ૫૫–૫૫ અધ્યયનો સુખ ને દુઃખ વિપાકના ફરમાવી સિદ્ધ થયા. વિનું, **૫૬માં** ભ. વિમલનાથના ૫૬ ગણ તથા ગણધરો હતા, **૫૭માં**. ભ. મલ્લીનાથના ૫૭૦૦ મનઃપર્યવજ્ઞાની હતા. વિ.નું, **૫૮માં** જ્ઞાનાવરણીય, વેદનીય, આયુષ્ય, નામ ને અંતરાય, આ પાંચ કર્મની ૫૮ ઉત્તર પ્રકૃતિઓ કહી છે વિ.નું **૫૯માં** ચંદ્રવર્ષની ૧ ઋતુ ૫૯ અહોરાતની હોય છે વિ.નું **અને ૬૦માં સમવાયમાં** સૂર્ય એક મંડળમાં ૬૦ મુહુર્ત રહે છે વિ.નું કથન છે.

**૬૧માં સમવાયમાં,** એક યુગના ૬૧ ઋતુમાસ કહ્યા વિ.નું, **૬૨માં** ભ.વાસુપૂજ્યના ૬૨ ગણ ને ૬૨ ગણધરો વિ.નું, **૬૩માં** ભ.ઋષભદેવે ૬૩ લાખ પૂર્વ રાજ કરી દીક્ષા લીધી વિ.નું, **૬૪માં** ભિક્ષુપડિમા ૬૪ દિવસ–રાત્રિની વિ.નું **૬૫માં** ગણધર મૌર્યપુત્રે ૬૫ વર્ષ ગૃહવાસમાં રહી દીક્ષા લીધી વિ.નું, **૬૬માં** ભ. શ્રેયાંસનાથના ૬૬ ગણને ગણધર હતા, તથા મતિજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ ઝાઝેરી વિ.નુ. **૬૭માં** એક યુગમાં ૬૭ નક્ષત્ર માસ કહ્યા છે વિ.નું **૬૮માં** ધાતકીખંડમાં ઉત્કૃષ્ટા ૬૮ તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવને બળદેવ થાય વિ.નું **૬૯માં** મોહનીય સિવાયના ૭ કર્મોની ૬૯ ઉત્તર પ્રકૃતિઓ છે, વિ.નું **અને ૭૦માં સમવાયમાં** અષાઢી પુર્ણિમાથી ૧ માસને ૨૦ રાત પૂરી થતાં વર્ષાવાસ કર્યો વિ.નું કથન છે.

**૭૧માં સમવાયમાં** ભ.અજીતનાથ અને સાગર ચક્રવર્તીએ ૭૧ લાખ પૂર્વ ગૃહવાસમાં રહી પછી દીક્ષા લીધી વિ. **૭૨માં** ભ. મહાવીર ને ગણધર અચલભ્રાતાનું આયુ.

૭૨ વર્ષનું ને ૭૨ કલા વિ. **૭૩માં** વિજય નામે બલદેવ ૭૩ લાખ પૂર્વનું ને **૭૪માં** ગણધર અગ્નિભૂતિ ૭૪ વર્ષનું આયુ. પૂર્ણ કરી સિદ્ધ થયાનું ને **૭૫માં** ભ.સુવિધિનાથના ૭૫૦૦ કેવળી હતા ને.ભ. શીતલનાથ ને શાંતિનાથ ૭૫ હજાર વર્ષ ગૃહવાસમાં રહી દીક્ષા લીધી, **૭૬માં** વિદ્યુત-કુમાર આદિ ભવનપતિના ૭૬–૭૬ ભવનો છે, **૭૭માં** ભરત ચક્રવતી ૭૭ લાખ પૂર્વ સુધી કુમારપણે રહ્યા પછી રાજ્યાભિષેક થયો, **૭૮માં** ગણધર અકંપિત ૭૮ વર્ષ પૂર્ણ કરી સિદ્ધ થયા, **૭૯માં** છઠ્ઠી નરકના મધ્યભાગથી છઠ્ઠા ઘનોદધિની નીચે સુધીનું અંતર ૭૯ હજાર યોજન છે **અને ૮૦માં સમવાયમાં** ત્રિપૃષ્ઠ વાસુદેવે ૮૦ લાખ વર્ષ રાજ ભોગવ્યું વિ.નું કથન છે.

**૮૧માં સમવાયમાં** ભ.કુંથુનાથના ૮૧૦૦ મનઃ પર્યવજ્ઞાની હતા, **૮૨માં** ૮૨ રાત્રિ વીત્વે ભ.મહાવીરનો ગર્ભ ત્રિશલા માતાની કુક્ષીમાં સ્થાપ્યાનું, **૮૩માં** ભ.શીતલ-નાથના ૮૩ ગણને ૮૩ ગણધરનું, **૮૪માં** ભ.ઋષભદેવનું ૮૪ લાખ પૂર્વનું ને ભ.શ્રેયાંસનાથનું ૮૪ લાખ વર્ષનું આયુ. હોવાનું, ને ભ.ઋષભદેવના ૮૪ ગણ, ૮૪ ગણધરને ૮૪ હજાર સાધુ હોવાનું, **૮૫માં** આચારાંગના ૮૫ ઉદ્દેશા છે. **૮૬માં** ભ.સુવિધિનાથના ૮૬ ગણ ને ૮૬ ગણધરનું, **૮૭માં** જ્ઞાનવરણીય ને અંતરાય કર્મ છોડીને બાકીના છ કર્મની ૮૭ ઉત્તર પ્રકૃતિનું, **૮૮માં** દરેક સૂર્ય–ચંદ્રના ૮૮–૮૮ મહાગ્રહો હોવાનું, **૮૯માં** ત્રીજા આરાના ૮૯ પખવાડીયા બાકી રહેતા ભ.ઋષભદેવ મોક્ષે પધાર્યાનું, ને ભ.શાંતિનાથને ૮૯ હજાર સાધ્વી હોવાનું, અને **૯૦માં-સમવાયમાં** ભ.અજીતનાથને ભ. શાંતિનાથને ૯૦–૯૦ ગણને ૯૦–૯૦ ગણધરો હતા વિ.નું કથન છે.

**૯૧માં સમવાયમાં** ભ.કુંથુંનાથના ૯૧ હજાર અવધિજ્ઞાની સાધુ હોવાનું, **૯૨માં** ગૌતમસ્વામી ૯૨ વર્ષનું આયુ. પૂર્ણ કરી સિદ્ધ થયાનું, **૯૩માં** ભ. ચંદ્રપ્રભના ૯૩ ગણને ૯૩ ગણધર, ને શાંતિનાથના ૯૩૦૦ પૂર્વધર હોવાનું **૯૪માં** ભ.અજીતનાથના ૯૪૦૦ અવધિજ્ઞાની સાધુનું, **૯૫માં** પારસનાથના ૯૫ ગણને ૯૫ ગણધર, ને કુંથુનાથનું ૯૫ હજાર વર્ષ આયુ. હોવાનું, **૯૬માં** દરેક ચક્રવર્તીને ૯૬ કરોડ ગામ હોવાનું , **૯૭માં** ૮ કર્મોની ૯૭ ઉત્તર પ્રકૃતિઓ હોવાનું, **૯૮માં** રેવતીથી જયેષ્ઠા સુધીના ૧૯ નક્ષત્રોના ૯૮ તારાનું, **૯૯માં** મેરૂ પર્વત પૃથ્વીના પટથી ૯૯ હજાર યોજન ઊંચો હોવાનું, અને **૧૦૦માં સમવાયમાં** ગણધર સુધર્મા સ્વામીનું આયુ ૧૦૦ વર્ષ હોવાનું વિ. વિ. કથન છે.

સોમાં સમવાયની સંખ્યા પછી અનુક્રમે ૧૫૦–૨૦૦ એમ ૫૦–૫૦ વધારી હજાર સુધીની સંખ્યાની, પછી ૧૧૦૦થી ૨૦૦૦, પછી ૧૦૦૦૦ થી ૧ લાખ, ૧ લાખથી ૮ લાખ, અને કરોડ સંખ્યાવાળાને ને પછી કોટાકોટીવાળા જુદાજુદા પદાર્થોનું સંખ્યા અનુસારના સમવાયોમાં કથન કહેલું છે; તે જેમકે કોટાકોટી સમવાયમાં ભ.ઋષભદેવથી ભ.મહાવીર સ્વામી વચ્ચેનું અંતર ૧ કોટાકોટી સાગરોપમ બતાવ્યું છે.

સમવાયો પૂરા થયા પછી, દ્વાદશાંગીના ભાવોનું, સમવસરણનું, જંબુદ્વીપના ભરતક્ષેત્રના ઉત્સર્પિણી–અવસર્પિણીના કુલકરોનું, વર્તમાન અવસર્પિણીના કુલકર, તેમની પત્નીઓ, તથા ૨૪ તીર્થંકરોનું, તેમના માતાપિતાનું તેમના પૂર્વભવોના નામ, જન્મસ્થાન, દીક્ષા વિ. નું. તેમજ તેમના પ્રથમ શિષ્ય ને શિષ્યાઓનું, ચક્રવર્તી, બલદેવ,

વાસુદેવોનું સંક્ષિપ્ત કથન છે. પ્રતિ વાસુદેવોના નામ આપ્યા છે. તે પ્રમાણે ઈરવત ક્ષેત્રના તીર્થંકરાદિનું પછી કથન છે, ને સૂત્રના અંતમાં આ સૂત્રની સંક્ષિપ્ત વિષય-સુચિ આપવામાં આવી છે એમ આ સિદ્ધાંત ઇતિહાસની દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે.

**॥ ઇતિ–સમવાયાંગ સૂત્ર સમાપ્તમ્ ॥**

## (૫) વિવાહ પ્રજ્ઞપ્તિ-શ્રી ભગવતી સૂત્ર

પાંચમું અંગસૂત્ર છે. આમાં ૧ શ્રુતસ્કંધ, ૪૧ શતક ૧૦૧ અધ્યયન, ૧૦ હજાર ઉદ્દેશા ૧૦ હજાર સમુદ્દેશા, ૩૬૦૦૦ પ્રશ્નોત્તર, ૨૮૮૦૦૦ પદ અને સંખ્યાત અક્ષર હતા. આના વિવરણમાં અનંત ગમા, અનંત પર્યાય, પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર કાય આવે છે. વર્તમાનમાં આનો ૧ શ્રુતસ્કંધ, ૪૧ શતક ને ૧૦૦૦ ઉદ્દેશક છે. ૪૧ શતકમાં પ્રથમ ૩૨ શતકપૂર્ણ સ્વતંત્ર છે. ૩૩થી ૩૯ સુધીના ૯ શતક ૧૨–૧૨ શતકોના સમૂહ છે, ૪૦મું શતક ૨૧ અવાંતર શતકોનો સમૂહ છે. ૪૧મું શતક સ્વતંત્ર છે. આમ કુલ ૧૩૮ શતક થાય છે, આમાં ૪૧ મુખ્ય ને બાકીના અવાંતર શતક છે. અને માત્ર ૧૫૭૫૨ શ્લોક પ્રમાણ મૂળ પાઠ રહ્યો છે. ૩૬૦૦૦ પ્રશ્નોત્તર છે.

ભગવતીના ભાવ બતાવતાં સમવાયાંગ સૂત્રમાં પ્રભુએ કહ્યું છે: "ભગવતીમાં સ્વસમય, પરસમય, સ્વસમય–પરસમય જીવ–અજીવ, જીવાજીવ, લોક, અલોક, લોકાલોકનું સ્વરૂપ કહ્યું છે. આમાં અનેક પ્રકારે દેવ, નરેંદ્ર, અને રાજર્ષિનું વર્ણન છે. જુદા જુદા પ્રકારના સંશયોના તથા પૂછેલા પ્રશ્નોના વીર

પ્રભુએ આપેલા જવાબો વિસ્તારથી કહ્યા છે. ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્ય, જ્ઞાનદર્શનાદિ ગુણો, સમયાદિ કાળ, સ્વરભેદ તે પર્યવ, પ્રદેશ, પરિણામ, યથાતથ્ય ભાવ, અનુગમ, નિક્ષેપન અને પ્રમાણના વિવિધ પ્રકારના અતિસૂક્ષ્મ પ્રશ્નો પ્રકાશ્યા છે. **તે પ્રશ્ન કેવા છે?** તે પ્રશ્નો લોકાલોકને પ્રકાશ કરવાવાળા, અતિરૂદ્ર ચતુર્ગતિ રૂપ સંસાર સમુદ્રને તારવામાં સમર્થ, ઇંદ્રનાં પૂજ્ય, ભવ્ય જીવોના જીવને આનંદ પમાડનારા, અંધકારરૂપ કર્મરજનો નાશ કરવાવાળા, સમ્યક્ પ્રકારથી નિર્ણય કરવામાં દીપક સમાન પ્રકાશિત કરવાવાળા ૩૬૦૦૦ પ્રશ્નો ખામીરહિત છે, શિષ્યનું બહુપ્રકારે હિત કરવાવાળા છે" આ રીતે આ સૂત્ર બધા સૂત્રોમાં મહાસાગર સમાન અતિ ગહન. ગંભીરને ગુઢાર્થવાળું છે. આમાં વિશ્વવિદ્યાની એવી કોઈ વાત બાકી રહેતી નથી કે જેની પ્રત્યક્ષ કે પરોક્ષરૂપથી ચર્ચા કરવામાં આવી ન હોય.

આનું પ્રાકૃત ભાષાનું નામ **"વિયાહ પણ્ણત્તિ"** છે. તેનો અર્થ વૃત્તિકાર અભયદેવે આ પ્રમાણે કર્યો છે– ગૌતમાદિશિષ્યોને તેમના પ્રશ્નોના ઉત્તરમાં ભ. મહાવીર સ્વામીએ અત્યુત્તમ પદ્ધતિથી વિવિધ વિષયોનું જે વિવરણ કર્યું છે તે સુધર્માસ્વામી દ્વારા પોતાના શિષ્ય જંબુને કહેવામાં આવ્યું હતું. તે વિશદ વિવરણ જે સૂત્રમાં કરવામાં આવ્યું છે તે "વિયાહ પણ્ણત્તિ" (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) છે.

આ આખું આગમ પ્રશ્નોત્તર શૈલીમાં હોવાથી પણ આને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ કહ્યું છે.

**મંગલાચરણ:**–સર્વ પ્રથમ મંગલાચરણરૂપે **"નમસ્કાર મહામંત્રના પંચ પરમેષ્ઠીના પાંચ પદ"**

णमो अरहंताणं " (આમાં પાઠાંતરે अरिह'ताग' પદ પણ મળે છે.) **આદિ છે. પંચ પરમેષ્ઠી મોક્ષ માર્ગના દાતાર, અને આત્મકલ્યાણના રાહબર હોવાથી પરમ ઉપકારી છે. તેથી સૌ પ્રથમ તેમને નમસ્કાર કર્યા છે. આ પદોને "ૐ" જોડેલ નથી.** ત્યાર પછી **ણુમો "બંભીએ લિવિએ"!** અર્થાત્ બ્રાહ્મી લિપિને નમસ્કાર હો! તેમજ **"ણુમો સુયસ્સ"**! અર્થાત્ શ્રુતજ્ઞાનને નમસ્કાર હો! એમ વિનયપૂર્વક નમસ્કાર કરીને મંગલાચરણ કર્યું છે. ત્યારપછી ૧૫, ૧૭, ૨૩ અને ૨૬માં શતકના પ્રારંભમાં પણ **"ણુમો સુયદેવયાએ ભગવઈએ"!** અર્થાત્ શ્રુતદેવતા ભગવતીજીને નમસ્કાર હોજો!—આ પદ દ્વારા મંગલાચરણ કરવામાં આવ્યું છે. આ પ્રમાણે છ સ્થળે મંગલાચરણ છે. જ્યારે બીજા આગમોમાં ક્યાંય મંગલાચરણ નથી. ઉપસંહારમાં અંતિમ મંગલાચરણ કરતાં કહ્યું છે કે આ અંગસૂત્રમાં પ્રધાનભાવ પ્રવર કેવળજ્ઞાન ને કેવળદર્શનના ધારણહારે અર્થાત્ તીર્થંકર ભગવંતે જે અનંતા ભાવાભાવ પોતાના જ્ઞાન દર્શનમાં જોયા છે તે જ પ્રકારે યથાતથ્ય કહ્યા છે. પછી અંત્ય મંગલમાં શ્રી સંઘને સાગરની ઉપમા આપીને સ્તવે છે કે બાર પ્રકારના તપ, અભિગ્રહ પ્રમુખ નિયમ અને ઊઠીને ગુરુને સામા લેવા જવા આદિ પ્રકારનો વિનય, સદૈવ જ્ઞાનરૂપી વિશાળ જળવાળા, અર્થ સાધવાના સેંકડો હેતુરૂપ રૂડા વેગવાળા, અપાર ગુણોવાળા સંઘરૂપ સમુદ્રનો વિજય થાઓ ॥ ગૌતમાદિ ગણધરોને નમસ્કાર હોજો, ભગવતી વિવાહ પ્રજ્ઞપ્તિને નમસ્કાર હોજો, દ્વાદશાંગીના પાઠક ગણિવર આચાર્યજીને નમસ્કાર હોજો.

**પ્રથમ શતકઃ**—ચલન આદિ ૧૦ ઉદ્દેશા છે. ઉદ્દેશામાં

પહેલા નવકાર મહામંત્ર, બ્રાહ્મી લિપિ, તથા શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યા છે. નમોત્થુણં છે. ભગવાન મહાવીર અને ગણધર ગૌતમસ્વામીનો ટુંક પરિચય આપ્યો છે. પછી ૯ પ્રશ્નોત્તર, ૨૪ દંડકના જીવોના આહારના ૬૩ ભાંગા, સ્થિતિ, શ્વાસોચ્છવાસ, કાળનો વિચાર, સંવૃત્ત અને અસંવૃત્ત સાધુ અને અવિરતિના દેવગતીનું કારણ તથા ભવનપતિ, સ્થાવર, વિકલેન્દ્રિય આત્મારંભી પરારંભી–ઉભયારંભી અનારંભી અને વ્યંતર દેવોના સુખનું નિરૂપણ છે.

અનાદિ, અનંતકાળથી સર્વજ્ઞ તીર્થંકરોએ સમસ્ત જીવસૃષ્ટિના છ નિકાય કહ્યા છે. તેમાં કીડીમકોડાથી મનુષ્ય સુધીના ત્રસનિકાયના જીવોના સુખ દુઃખ તો આપણે પ્રત્યક્ષ જોઈ એ છે. વનસ્પતિકાયમાં મનુષ્ય જેવા જ સુખ દુઃખના સંવેદન અને આહારાદિ ૧૦ સંજ્ઞાઓ હોવાનું ભારતિય વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝે સાબિત કરી બતાવી સર્વ-જ્ઞના કથનને સમર્થન આપ્યું. જમીનમાં ચુનાના પત્થર આદિની ખાણો અને સમુદ્રમાં પરવાળાના ખડકો વધતા જતા હોવાનું પણ વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું. તેમાં ચૈતન્ય-રૂપી જીવ હોય તો જ વધે, જડ કદાપિ વધી શકે નહિ, તેથી પૃથ્વીકાયમાં જીવ હોવાનું પણ સિદ્ધ થયું. આ પ્રમાણે પાણી, અગ્નિ ન વાયુકાયમાં જીવ હોવાની વાત વિજ્ઞાન હજી સુધી સિદ્ધ કરી શક્યું નથી, છતાં સર્વજ્ઞ તીર્થંકરોની વાતને શ્રદ્ધાપૂર્વક માની તે બધા જીવોની દયા પાળવી એજ એક માત્ર આત્મકલ્યાણનો અને મોક્ષનો માર્ગ છે, એમ જિનવાણીનો, આગમનો સાર છે.

પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવરમાં માત્ર જીવ જ છે એટલું જ કહ્યું નથી. પણ તે બધાના આહાર, શ્વાસ, વિકાસ,

આયુષ્ય, સંજ્ઞા, વિ. વિ. વિષયો પર વિજ્ઞાનની પણ પકડમાં ન આવે તેવો અદ્દભૂત પ્રકાશ પાડયો છે, જે તેમની સર્વજ્ઞતા પૂરવાર કરવા પૂરતું છે. દા. ત. વનસ્પતિ વિષે ભ. મહાવીરે કહેલું કે વૃક્ષ વિ. વનસ્પતિ મનુષ્ય કરતાંય વિશેષ સ્પષ્ટપણે પોતાની પાસે આવનાર વ્યક્તિના ઈરાદા જાણી જાય છે અને તેનો યોગ્ય પ્રતિભાવ પણ આપે છે; તે જેમકે કોઈ વ્યક્તિ તેની સાથે સ્નેહપૂર્ણ વ્યવહાર કરવાના ઈરાદાથી બગીચામાં પ્રવેશ કરે તો વનસ્પતિનો જીવ હર્ષ પામીને ખીલી ઊઠે છે, અને કોઈ તેને કાપી નાખવાના, અગર ફળફૂલ આદિ તોડવાના ઇરાદાથી જાય તો તે જીવ મુરઝાઈ જાય છે. કરમાવા લાગે છે. વિજ્ઞાને આ વાત ૨૫૦૦ વર્ષ પછી સાબિત કરી બતાવી, ત્યારે જગતે સર્વજ્ઞની વાત સ્વીકારી. પ્રભુએ ટુંકમાં એક જ વાત કહી જે અનંતા તીર્થંકરો અનંત કાળથી કહી ગયાં છે. **"જીવમાત્રને જીવવું ગમે છે. કોઈપણ જીવને મરવું ગમતું નથી."** માટે કોઈ પણ જીવને ભલે પછી તે એકેન્દ્રિયના સૂક્ષ્મ જીવો કેમ ન હોય? નજરે ન દેખાતા જીવો કેમ ન હોય? છતાં કોઈ જીવની પણ હિંસા કરો નહિ, ઘાત કરો નહિ, મારો નહિ, તેમનું છેદન-ભેદન કરો નહિ, અરે મનથી પણ તેમને દુભવવાનો વિચાર સુદ્ધા કરો નહિ. વિ.વિ' તેમાં તે જીવો કરતાંય વધુ તમારા પોતાના આત્માનું જ કલ્યાણ છે. ભગવતી સૂત્રનો, સર્વ આગમનો આ સાર છે. આ પ્રમાણે આ આગમમાં આવા સેંકડો વિષયો કે જેને સામાન્ય કે વિશદ બુદ્ધિ પણ જાણી કે સમજી શકતી નથી, તેના ઉપર સર્વ પાસાથી વિસ્તૃત પ્રકાશ પાડયો છે. જે સિદ્ધાંતોનું પ્રતિપાદન આજનું વિજ્ઞાન

પણ જેમ જેમ વિકસતું જાય છે. તેમ, તેમ કરતું જાય છે. છતાં બુદ્ધિશક્તિની મર્યાદાના કારણે વિજ્ઞાન કોઈપણ કાળે અતીતમાં સર્વજ્ઞના સત્યો સુધી પહોંચી શક્યું નથી, વર્તમાનમાં પણ પહોંચી શકવાનું નથી અને ભવિષ્યમાં પણ કદાપિ પહોંચી શકશે નહિ, તેથી જ સર્વજ્ઞના સિદ્ધાંતોને માનવા તે શ્રદ્ધાનો વિષય છે, બુદ્ધિ કે તર્કનો વિષય નથી. એમ અનુભવ સિદ્ધ જ્ઞાનીઓએ કહ્યું છે. એટલે તેમની વાતને, સિદ્ધાંતને શ્રદ્ધાપૂર્વક માનીને આદરવો તેમાં જ જીવનું સર્વ કલ્યાણ છે.

**બીજા ઉદ્દેશામાં** નારકીની લેશ્યાનો સંચિઠ્ઠન કાળ કહ્યો છે. એક ભવથી બીજા ભવમાં રહેવાનો કાળ તે સંચિઠ્ઠન કાળ છે. બાર પ્રકારના જીવ દેવલોકમાં જાય, તથા અસંજ્ઞીના આયુષ્યનું કથન છે. **ત્રીજા ઉદ્દેશામાં** કાંક્ષામોહનીય કર્મને આરાધકના લક્ષણ બતાવ્યા છે. આયુષ્ય કર્મ મોહનીય કર્મથી બંધાય તેમ કહ્યું છે. ઉદીરણા કયા કર્મની થાય તે કહ્યું છે. **ચોથામાં** કર્મપ્રકૃતિ, અપક્રમણ, કર્યા કર્મ ભોગવ્યા વિના જીવનો મોક્ષ નહિ, પુદ્ગલ, જીવ, છદ્મસ્થ અને કેવળીનું નિરૂપણ છે, પરમાવધિજ્ઞાની અવશ્ય કેવળી બને તેમ કહ્યું છે. **પાંચમામાં** નરક, ભવનપતિ, પૃથ્વી, જ્યોતિષી ને વૈમાનિક દેવોનું કથન છે, તથા કષાયના ભાંગા, અને ૨૪ દંડકોના આવાસ, સ્થિતિ વિ.નું ને નારકીમાં ક્રોધની, તિર્યંચમાં માયાની, મનુષ્યને માનની ને દેવને લોભની પ્રબળતા હોય તેનું કથન છે. **છઠ્ઠામાં** સૂર્યલોક, સૂર્યદૃષ્ટિ, લોકાલોક, ક્રિયા, રોહા અણગારના પ્રશ્નોને પ્રભુના ઉત્તર, મશકનું રૂપક આપી લોકસ્થિતિનું સ્વરૂપ તથા આધાર જીવ અને પુદ્ગલના સંબંધમાં છિદ્રવાળી નૌકાનું રૂપક, અને સૂક્ષ્મ વરસાદ વિ. નું કથન છે. **સાતમામાં** નારકીની

અને દેવની, ઉત્પત્તિ, વિગ્રહગતિ, અવિકાર ગતિ, દેવની દુગંચ્છા, ગર્ભની ઉત્પત્તિ, માતાપિતા દ્વારા થતી અંગ (અવયવો) પ્રાપ્તિ, અને ગર્ભનો જીવ નરક કે સ્વર્ગમાં જાય વિ. નું કથન છે. **આઠમામાં** એકાંત બાલ ને પંડિતનું આયુષ્ય, મૃગનો વધ કરનારને લાગતી ક્રિયા, અગ્નિ સળગાવનારને લાગતી ક્રિયા, જય પરાજયનું કારણ અને સવીર્ય—અવીર્યનું કથન છે. **નવમામાં** જીવાદિના ગુરૂત્વ ને લઘુત્વ વિષે પ્રશ્નોત્તર, સામાયિક આદિ પદોના અર્થ છે. સુસાધુના લક્ષણ, એક સમયમાં આયુબંધ, પ્રાશુક (સુઝતા) આહારને અસ્થિર પદાર્થનું કથન છે. **દશમાં ઉદ્દેશામાં** અન્યતીર્થીઓનું તથા એક સમયમાં બે ક્રિયા ન થઈ શકે તેનું કથન છે.

**બીજા શતકમાં** ૧૦ ઉદ્દેશા છે :– પહેલામાં શ્વાસોચ્છવાસનું, પ્રાશુકભોજી સાધુનું, ખંધક (સ્કંધક)પરિવ્રાજકના લોક અને મૃત્યુ સંબંધી પ્રશ્નો અને પ્રભુ મહાવીર દ્વારા તેમનું સમાધાન અને તેથી પ્રભાવિત બની પ્રભુ પાસે દીક્ષા લેવી, સાંત (અંત પામવા વાળા) અનંત જીવોનું, સિદ્ધ ભગવંતોનું, બાલપંડિત મરણનું સ્વરૂપ, ભિક્ષુની પડિમાનું, તથા ગુણરત્ન સવંત્સર તપનું નિરૂપણ છે, બીજા ઉ.માં સમુદ્દઘાતનું, ત્રીજામાં ૭ પ્રથ્વીનું, ચોથામાં ઈંદ્રિયોનું, પાંચમાંમાં ગર્ભસ્થિતિનું, ઉદકગર્ભનું, તિર્યંકમાનુષી ગર્ભનું મનુષ્યના બીજનું, એક જીવના પિતાપુત્રનું, મૈથુનમાં હિંસાનું, તુંગિયા નગરીના શ્રાવકો દ્વારા ભ. પાર્શ્વનાથના અપત્યો (સાધુ) સાથેના પ્રશ્નોત્તરનું, અને દ્રહના ગરમ પાણી સંબંધી કથન છે, છઠ્ઠામાં ઓહારિણી (નિશ્ચયાત્મક કે અવધારિણી) ભાષાનું કથન છે. સાધુથી આવી ભાષા ન

બોલાય એમ કહ્યું છે. સાતમામાં દેવોનો અધિકાર છે, આઠમામાં અસુરેન્દ્રની સભાનું વર્ણન છે, નવમામાં અઢી-દ્વીપનું અને દશમા ઉદ્દેશામાં આકાશાસ્તિકાય તથા ઉત્થા-નાદિના ગુણનું કથન છે.

**ત્રીજા શતકમાં ૯ ઉદ્દેશા છે.** પહેલામાં ઇંદ્રોની ઋદ્ધિનું, તિષ્યગુપ્ત અણગારનું, કુરૂદત્ત અણગારનું, સનત-કુમારેન્દ્રના પૂર્વભવનું, તામલી તાપસની ઉત્કૃષ્ટ સાધનાનું બીજામાં ચમરેન્દ્રના પૂર્વભવનું,—જેમાં તે પૂરણ નામે તાપસ હતો, તપસ્યાને લીધે ચમરેન્દ્ર થયો, પણ ઉપર નજર કરતાં સૌધર્મેન્દ્રના પગ તેના માથા પર રહેલા ઊંચે જોયા તેથી ગુસ્સે ભરાઈને સૌધર્મ દેવલોક પર ચડાઈ કરી, પણ સૌધર્મેન્દ્રે તેનું વજ્ર છોડતાં ત્યાંથી નાસીને જીવ બચાવવા પ્રભુ મહાવીર સ્વામી જે કાઉસગ્ગ ધ્યાનમાં હતા તેમના પગ નીચે આવી છુપાઈ ગયો. પ્રભુને જોઈ સૌધર્મેન્દ્રે વજ્ર પાછું ખેંચી લઈ તેને જીવતદાન આપ્યું; તથા વજ્રની ગતિનું વર્ણન છે, ત્રીજામાં મંડિપુત્રના પ્રશ્નોત્તર, અંત-ક્રિયાનું અને સમુદ્રની ભરતીનું કથન છે, ચોથામાં; સાધુના અને દેવના જ્ઞાનના ભાંગા, વાયુકાયના વૈક્રિયનું વાદળાના વિચિત્ર રૂપોનું ને પરભવની લેશ્યાનું કથન છે, પાંચમાંમાં સાધુનું વૈક્રિય રૂપ બનાવવાનું, છઠ્ઠામાં વિભંગજ્ઞાનનું, સાતમામાં ચાર લોકપાલનું, આઠમામાં ૧૦ પ્રકારના દેવોનું ને નવમામાં ઇંદ્રોની પરિષદનું કથન છે.

**ચોથા શતકમાં** ઇશાનેન્દ્રના ૪ લોકપાલનું, તેમની રાજધાનીઓનું, નારકીના ઉપપાત વિ.નું, અને પરસ્પર લેશ્યા, પદ, વિ.નું કથન છે. ૭ લેશ્યામાં પહેલી ત્રણ અશુભ છે, છેલ્લી ત્રણ શુભ છે તેમ કહ્યું છે.

**પાંચમા શતકમાં** ૧૦ ઉદ્દેશા છે. પહેલામાં ચારે દિશામાં સૂર્યોદયનું, દિવસ–રાતના પરિમાણુ, ઋતુ પરિણમન અને અઢીદ્વીપમાં સૂર્યોદયનું કથન છે, બીજામાં વાયુકાયનું ધાન્ય–ધાતુ આદિનું, અને લવણ સમુદ્રનું પ્રમાણ છે, ત્રીજામાં આયુષ્યનું કથન છે, ચોથામાં છદ્મસ્થ ને કેવળીનું, હસવાથી તથા નિદ્રાથી થતાં કર્મબંધનું, હરિણગમેષી દેવ અને ગર્ભહરણનું–ઇંદ્રની આજ્ઞાથી હરિણગમેષી દેવ એક માતાની કુખમાંથી ગર્ભને ઉપાડી બીજી માતાની કુક્ષીમાં સ્થાપી શકે દા.ત. પ્રભુ મહાવીરના ગર્ભને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાંથી ૮૩ મી રાત્રે લઈને ત્રિશલા માતાની કુક્ષીમાં સ્થાપેલ, એવંતાકુમારે નાની ઉંમરે પ્રભુ પાસે દીક્ષા લીધેલી. વડા મુનિઓ સાથે સ્થંડિલ ગયા પછી પાણીમાં પાતરૂં તરાવેલું, તેથી વડિલ સાધુએ આ બાળ ચેષ્ટા જોઈ પ્રભુ પાસે આવીને પુછયું કે એવંતા કુમાર કેટલા ભવ કરી સિદ્ધ થશે ? ત્યારે પ્રભુએ કહ્યું કે કેવળીની આશાતના કરો નહિ. આ ભવે જ, મોક્ષ જવાના છે. પાણીમાં પાતરૂં ન તરાવાય એવો બોધ પ્રભુ પાસેથી જાણી ખૂબ ભાવપૂર્વક ઈરિયાવહિનો કાઉસગ્ગ કરી પાણીના જીવોને ખમાવતાં ચારે ઘાતી કર્મ ખપાવી કેવળી ભગવંત બની ગયા. વડિલ સાધુઓએ તેમને ખમાવ્યા વિ. અધિકાર છે, શુક્ર દેવલોકના દેવોનું, દેવ નિયમા અસંયતિ હોય, દેવની ભાષા અર્ધમાગધી હોય, પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણનું, અનુત્તર વિમાનવાસી દેવો ત્યાં રહીને ૯૮ કેવળી પ્રભુને કરતાં પ્રશ્નોત્તરનું, કેવળી નોઇંદ્રિય છે, અને પૂર્વધારી સાધુની શક્તિનું વર્ણન છે. પાંચમામાં છદ્મસ્થ જીવ સિદ્ધ ન થાય તેનું કથન છે, અને ભરત **ક્ષેત્રના ૧૫ કુલકરના** નામ છે, છઠ્ઠા ઉદ્દેશામાં અલ્પાયુ–દીર્ઘાયુંનું

અને શુભ આયુ ને અશુભ આયુ કેમ બંધાય તેનું, ચોરીના માલનું, વસ્તુ લેવા–વેંચવા વાળાની આરંભિકી આદિ ક્રિયાનું, અગ્નિ સળગાવનાર કરતાં બુઝાવનારને ઓછું પાપ લાગે તેનું, ધનુષ્યનું બાણ મારવાથી પાંચે ક્રિયા લાગવાનું, નારકી જીવો ૪૦૦–૫૦૦ યોજન ઊંચા ઉછળે છે તેનું, સદોષ સ્થાનક સેવવાનું, આચાર્યાદિના સન્માનથી મોક્ષ પ્રાપ્તિનું, અને કલંકનો બદલો કલંકથી મળવાનું કથન છે. સાતમામાં પરમાણુ પુદ્‌ગલનું, અને પાંચ હેતુનું કથન છે, આઠમામાં નારદપુત્ર ને નિર્ગ્રંથ (સાધુ)ની ચર્ચા, જીવની ઘટ–વધ ને અવસ્થિતતા ઉપર અને સાવચયા (વૃદ્ધિ)–સોવચયા (હાની), (૩), સાવચયા–સોવચયા (વૃદ્ધિ–હાની) અને (૪) નિરવચયા–નિરવચયા (હાની નહિ કે વૃદ્ધિ નહિ) ઉપર ચોભંગી છે.

નવમામાં રાજગૃહી નગરીનું, ઉદ્યોત (પ્રકાશ) તથા અધંકારનું, અઢીદ્વીપના મનુષ્ય ક્ષેત્રમાં જ અદ્ધાકાળ (દિવસ રાત રૂપી કાળ) હોવાનું, અસંખ્ય લોકનું, અને અનંત અહોરાત્રિનું કથન છે. અને દશમાં ઉદ્દેશામાં ચંદ્રમાના નિવાસસ્થાનનું કથન છે.

**છઠ્ઠા શતકના** ૧૦ ઉદ્દેશા છે. પહેલામાં વેદના ને નિર્જરાની દ્રષ્ટાંતો સહિત ચોભંગી છે, તે આ પ્રમાણે :–

(૧) મહાવેદના ને મહાનિર્જરા **તે પડિમાધારી સાધુ જેમકે ગજસુકુમારાદિ તપસ્વી મુનિ.**

(૨) મહાવેદના ને અલ્પનિર્જરા **તે છઠ્ઠી ને સાતમીના નારકી.**

(૩) અલ્પવેદના ને મહાનિર્જરા **તે ૧૪ માં ગુણઠાણે સ્થિત કેવળી.**

(૪) અલ્પવેદના ને અલ્પનિર્જરા **તે અનુત્તર વિમાનના દેવો.**

મહાવેદનાવંત હોય કે અલ્પ વેદનાવંત, પણ કર્મની નિર્જરા તો ભાવની પ્રશસ્તતા કે અપ્રશસ્તતા પ્રમાણે જ થાય છે. ભાવની પ્રશસ્તતા તપસ્વી કે ધ્યાનસ્થ મુનિવરને ગજસુકુમાર કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ કે સતી મૃગાવતીની જેમ મહાનિર્જરા થઈ ચારે ઘાતીકર્મ નાશ પમાડી કેવળી પ્રભુ બનાવી દે છે, જ્યારે નારકોને મહાવેદના ભોગવતાં થકાંય ક્રોધાદિ અશુભ ભાવ હોય છે તેથી અલ્પનિર્જરા થાય.

પછી કરણવેદના અને કર્મની નિર્જરાનું કથન છે. તપી ગયેલી તવી ઉપર પાણીનું ટીપું જેમ પળવારમાં નાશ પામે છે, તેમ જ્ઞાની, ધ્યાની કે તપસ્વી સંયમી સાધુના કર્મો સંયમની નિરતિચાર ને શુદ્ધ ભાવે કરેલી સાધના વડે, તથા અનાસક્ત ભાવે કરેલા તપરૂપી અગ્નિથી બળીને ભસ્મીભૂત થઈ જાય છે. કરણ ૪ છે :– મનકરણ, વચનકરણ, કાયકરણ, કર્મકરણ.

બીજા ઉદ્દેશામાં આહારનો અધિકાર છે. તે માટે પ્રજ્ઞાપના સૂત્ર જોવાનું કહ્યું છે. ત્રીજામાં કર્મ નિર્જરા માટે કર્દમરાગ ને ખંજનરાગ વસ્ત્રોના દૃષ્ટાંતનું તથા કર્મના ૧૬ દ્વારનું કથન છે. તથા જીવની ચોભંગી નીચે પ્રમાણે છે :–

જીવની ચોભંગી (૧) **સાદિ–સાન્ત** તે સમ્યક્ત્વથી પડિવાઈ આશ્રી, સમક્તિથી પતિત થયો તે "આદિ," અને ફરી સમક્તિ પામી ભવનો અંત કરશે તે "સાન્ત," બીજી રીતે ચારે ગતિના જીવ આશ્રી–જીવ જન્મે તે તેની

"આદિ," અને "મૃત્યુ પામે" તે "અંત" તેમ પણ કહ્યું છે. (૨) **સાદિ–અનંત તે સિદ્ધ આશ્રી**–સિદ્ધપદ પામે તે આદિ, હવે ચવવું (મૃત્યુ) નથી તે "અનંત".

(૩) **અનાદિ–સાન્ત તે ભવસિદ્ધિકની લબ્ધિ આશ્રી**–ભવ્ય જીવને આ લબ્ધિ અનાદિકાળથી સ્વભાવથી જ હોય છે, તેથી "અનાદિ," અને તે ભવ્ય જીવને સિદ્ધપદની પ્રાપ્તિ થતાં જ આ લબ્ધિનો અંત આવે છે તેથી "સાન્ત" અને (૪) **અનાદિ–અનંત તે અભવ સિદ્ધિક આશ્રી** કારણ કે અભવી જીવના સંસારની આદિ કોઈ જાણી શકતા નથી તે "અનાદિ" અને તે કદાપિ સંસારચક્રનો અંત પામનાર નથી તેથી "અનંત."

**ચોથા ઉદ્દેશામાં** પછી એક મુહૂર્તના શ્વાસોચ્છવાસ, તથા આવલિકાથી ઉત્સર્પિણી–અવસર્પિણીનું કાળનું માન બતાવ્યું છે. સપ્રદેશી–અપ્રદેશીનું તથા ૨૪ દંડકમાં પ્રત્યાખ્યાન અને આયુષ્ય બાંધવાનું કથન છે. ચારે ગતિમાં મનુષ્ય જ પ્રત્યાખ્યાન કરી શકે છે. બીજા નહિ. પ્રત્યાખ્યાની શુભ ગતિનું ને અપ્રત્યાખ્યાની બહુધા અશુભ ગતિનું બાંધે છે.

**પાંચમાં ઉદ્દેશામાં** તમસ્કાયનું, કૃષ્ણરાજીનું, તથા લોકાંતિક દેવોનું, **છઠ્ઠામાં** નારકી, ને દેવોના આવાસનું, અને મારણાંતિક સમુદ્ઘાતનું નિરૂપણ છે. **સાતમામાં** ધાન્યની યોનિનું (બી કેટલા સમય સુધી વાવણી યોગ્ય રહે તેનું) કાળ પ્રમાણ છે તથા પહેલા આરાનું વર્ણન છે, "**આઠમામાં**" નરકનું, ગતિ નિબદ્ધ આદિ છ પ્રકારના આયુબંધનું કથન છે અર્થાત્ આગામી ભવનું આયુબંધાતી વખતે છ બોલ તે (૧) ગતિ, (૨) જાતિ, (૩) સ્થિતિ, (૪) અવગાહના (આકૃતિ–દેહમાન) પ્રદેશ (તેટલા આયુષ્યમાં

કેટલા કર્મ ઉદયમાં આવશે તે, ) અને અનુભાગ ( સંસારનો રસ, તેના વળી છ ભેદ છે (૧) સુખ (૨) દુઃખ, (૩) સંપત્તિ (૪) સંતતિ, (૫) સંયોગ ને (૬) વિયોગ) નો બંધ પણ સાથે જ પડે છે. ( નોંધ આ જાણી સુજ્ઞ જને તો એ વિચારવાનું છે કે આ છ એ બોલમાં સંપૂર્ણ જીંદગી આવી જાય છે, અને તે બધાની પ્રાપ્તિ કે દુર્લભતા પૂર્વભવના જ શુભા—શુભ કર્મ આશ્રિત છે, તો પછી આ ભવમાં આ બધું મેં કર્યું. મેં કર્યું વિ. મેં મેં કારો કરવો—અહંકાર કરવો કેટલો બધો અજ્ઞાનજનક છે, નિરર્થક છે. આ અહંભાવ જ જીવને સંસારની ચારે ગતિમાં ભમાવે છે, અને કેવળી પ્રરૂપિત ધર્મ જ જીવાત્માને તેમાંથી છોડાવી શકે છે. માટે ધર્મ સમજો ને આદરો. )પછી લવણ સમુદ્રના પાણીનું સ્વરૂપ કહ્યું છે અને દ્વીપ—સમુદ્રોના નામ છે.

**નવમા ઉદ્દેશામાં** એક કર્મની સાથે અન્ય કર્મો બંધાવાનું, દેવોના વૈક્રિય સ્વરૂપનું, ને શુદ્ધા શુદ્ધ લેશ્યાઓનું, અને **દશમામાં** સુખ—દુઃખના પુદ્ગલનું, જીવ અને ચૈતન્ય એક હોવાનું, જીવ અને પ્રાણ જુદા હોવાનું, ભવ્ય અભવ્યના સ્વરૂપનું, જીવોના સુખ દુઃખોનું, આહારના ક્ષેત્રનું અને કેવળી નોઈંદ્રિયનું નિરૂપણ છે.

**સાતમા શતકના ૧૦ ઉદ્દેશા છે :** પહેલા ઉદ્દેશામાં આહારક-આ અણાહારકનું, લોકના સંસ્થાનનું, શ્રાવકની સામાયિકનું, પૃથ્વી ખોદતાં ત્રસકાયના ઘાતક નહીં હોવાનું, **“ શુદ્ધ ને નિર્દોષ આહારાદિ દેનારા સાધુના સંયમ પાલનમાં સહાયક બની મોક્ષ પ્રાપ્ત કરે તેનું ” કેટલી બધી અલ્પ વસ્તુ દેવાની ને કેવડો મોટો, મહાન લાભ, ભવનો પાર આવી જાય,** કર્મની ગતિનું

સાધુને લાગતા પાપોનું, અને ઇંગાલ, ધૂમ, ક્ષેત્રાતિક્રાંત ( અતિક્રાંત–ઉલ્લંઘન કરવું, બહારનું ) કાલાતિક્રાંત. માર્ગાતિક્રાંત, શાસ્ત્રાતિત ( જિનાજ્ઞા વિરૂધ્ધની ) એષણીય ( સૂઝતી ) ગવેષણી, સામુદાણી આહારના અર્થનું નિરૂપણ છે. બીજામાં સુપ્રત્યાખ્યાન દુષ્પ્રત્યાખ્યાનનું, અને જીવના શાશ્વત અશાશ્વત સ્વરૂપનું કથન છે. **ત્રીજામાં** વનસ્પતિકાયની અનંતકાયનું કથન છે. તે ડુંગળી બટાટા વિ. વિ. કંદમૂળ, સોયની અણી ઉપર રહે તેટલા કંદમૂળમાં અસંખ્યાતી શ્રેણી છે, અકેકી શ્રેણીમાં અસંખ્યાતા પ્રતર છે, અકેકા પ્રતરમાં અસંખ્યાતા ગોળા છે, અકેકા ગોળામાં અસંખ્યાતા શરીર છે, અને અકેકા શરીરમાં અનંતા જીવ છે, એને "સાધારણ વનસ્પતિ" કહેવાય છે. તેના ભેદ જાણી તેની દયા પાળીએ તો આ ભવ અને પરભવ નિરાબાધ પરમ સુખ પામીએ, આને બાદર નિગોદ કહી છે. તેનું જઘન્ય ને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતમુહૂર્તનું કહ્યું છે. એક અંતમુહૂર્તમાં સાધારણ વનસ્પતિ ૬૫૫૩૬ વાર ચવે ને ઉપજે, લેશ્યાનુસાર કર્મ સંચયનું, વેદના નિર્જરાનું અને નારકીની શાતા–અશાતાનું કથન છે. **ચોથામાં** સંસારી જીવનું **પાંચમામાં** ખેચર ( પક્ષી ) ની ૩ યોનિનું, **છઠ્ઠામાં** "અહીં આયુષ્ય બાંધે, ત્યાં ભોગવે, અહીં અલ્પવેદના ત્યાં મહાવેદનાનું, આભોગી અણાભોગીનું, ૧૮ પાપથી બંધાતા કઠોર કર્મબંધનું જીવ દયા રાખવાથી શાતા પ્રાપ્ત કરવાનું, દુઃખ દેવાથી દુઃખ પ્રાપ્ત કરવાનું, અને છઠ્ઠા આરાનું વર્ણન છે. **સાતમામાં** સંવૃત સાધુની ક્રિયાનું, કામભોગોનું, અવધિજ્ઞાન ને પરમાવધિ જ્ઞાનનું, પરમાવધિ જ્ઞાની તે જ ભવે કેવળજ્ઞાન પામી મોક્ષ જાય, અને અસંજ્ઞીની અકામ વેદનાનું કથન છે. **આઠમામાં**

હાથી ને કંથવાના જીવ સરખા હોવાનું, **ઉપલક્ષણે જીવ-માત્રનો આત્મા એક સરખો છે,** ૧૦ પ્રકારની સંજ્ઞા તે આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ સંજ્ઞાનું અને નરકનું વર્ણન છે. **નવમામાં** સાધુના વૈક્રિયનું, કોણિક અને ચેડા રાજા વચ્ચે થયેલા મહાશિલાકંટક અને રથમૂસલ સંગ્રામનું, વરુણનાગના અભિગ્રહનું અને સંગ્રામમાં મરે તેની દેવગતિ આદિનું વર્ણન છે. અને **દશમા ઉદ્દેશામાં** અન્ય તીર્થીનું, પાપ-પુણ્ય બંધાવાનું, અગ્નિ સળગાવનાર કરતાં બુઝાવનાર ઓછા કર્મ બાંધે. અચિત્ત પુદ્ગલ પ્રકાશવાનું અને તેજોલેશ્યાનું કથન છે.

**આઠમા શતકના ૧૦ ઉદ્દેશા છે. પહેલામાં** પ્રયોગસા, મિશ્રસા અને વિસ્રસા પુદ્ગલોનું, "**બીજામાં**" સાપ, વીંછી અને મનુષ્યના વિષનું, છદ્મસ્થ ૧૦ વાત સર્વ ભાવથી ન જાણે 'ન દેખે' તે (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) શરીરથી અબદ્ધ જીવ અર્થાત્ શુદ્ધ સ્વરૂપી આત્મા, (૫) પરમાણુ પુદ્ગલ, (૬) શબ્દ, (૭) ગંધ, (૮) વાયુ, (૯) આ (વ્યક્તિ) જિન થશે કે નહિ, અને (૧૦) આ જીવ સિદ્ધ પરમાત્મા થશે કે નહિ તેનું તથા પાંચ જ્ઞાન ને ૩ અજ્ઞાનનું અને લબ્ધિ ૧૦નું નિરૂપણ છે. **ત્રીજામાં** વૃક્ષોના પ્રકારનું, શરીરના ટુકડામાં પ્રદેશનું, અને પૃથ્વીનાચરમાચરમનું કથન છે. **ચોથામાં** પાંચ ક્રિયા (૧) કાયિકી (૨) અધિકરણી (૩) પાઓસિઆ (૪) પારિતાવણીઆ (૫) પ્રાણાતિપાતિનું કથન છે. પ્રજ્ઞાપના સૂત્રમાં ૨૨મા પદમાં (૧) આરંભિકી, (૨) પારિગ્રાહિકી, (૩)અપ્રત્યાખ્યાની, (૪) માયા પ્રત્યયિકી અને (૫) મિથ્યા-

દર્શનિકી ક્રિયાઓનું તેના માલિકો સાથેનું અલ્પ બહુત્વ સહિતનું કથન છે.

**પાંચમામાં** સામાયિકમાં ચોરી કોની ? તે સામાયિકમાં વગર આજ્ઞાએ કોઈપણ વસ્તુને ગ્રહણ કરવી તે ચોરી કહી છે, પણ સામાયિક કરતાં ઉતારેલા વસ્રાધિ તેના પોતાના જ રહે છે, તે બીજાના બની જતા નથી. ગતકાળના પ્રતિક્રમણાદિનું અને ગોશાલકના આજીવક મતના શ્રાવકોનું ને ભ. મહાવીરના શ્રાવકો સાથે તેની તુલનાનું, કથન છે, **છઠ્ઠામાં** સાધુને શુદ્ધ આહાર આપવાથી એકાંત નિર્જરાનું, અશુદ્ધ આપવાથી અલ્પ પાપ ને બહુ નિર્જરાનું, તથારૂપના અસંયતીને દેવાથી પાપનું, અને જે સાધુને માટે આહાર આણ્યો હોય તેને જ આપવાનું વિધાન છે. ગુર્વાદિ પાસે આલોચના કરતાં કે કરવા જતાં અધવચ્ચે કાળધર્મ પામે તો પણ તે સાધુ આરાધક ગણાય, દીપકનું અને શરીરની કાયિકી આદિ પાંચ ક્રિયાનું વિ. કથન છે. **સાતમામાં** સ્થવિર અને અન્ય તીર્થીના પરસ્પર ત્રિવિધે ત્રિવિધે અસંયમ બતાવી તેની ચર્ચા ચાલી અંતે ભગવંતે સ્થવિરના સંયમને ત્રિવિધે સંયમી કહેલી છે. અન્ય તીર્થીને અસંયમી કહેલ છે. **આઠમામાં** ગુરૂ પુદ્ગલોની ગતિનું, પાંચ વ્યવહારનું. ઈરિયાપથીકને સાંપરાયિક ક્રિયાના ભાંગાનું, કયા, કયા કર્મના ઉદયથી ૨૨ પરિષહ સાધુને પડે, અઢીદ્વીપની અંદર ને બહાર સૂર્યના તાપનું, અને જ્યોતિષી દેવોનું નિરૂપણ છે.

કર્મબંધની ચોભંગી છે. (૧) **સાદિ–સાંત** તે પડિવાઇ થયેલો ઉપશાંત મોહનીય સમકિતી બાંધે તે સાંપરાયિક કર્મ, (૨) **અનાદિ–સાંત** તે ક્ષીણમોહનીય કેવળી ભગવંત હવે નવા સાંપરાયિક કર્મ ન બાંધે તેથી અનાદિ "સાંત"

(૩) **અનાદિ–અનંત** તે અભવ્ય આશ્રી તેના સાંપરાયિક કર્મનો કદાપિ અન્ત ન આવે તેથી અને (૪) **સાદિ–અનંત** આ ભાંગો જીવને કદાપિ હોય નહિ, કારણ કે જીવમાત્ર શરૂથી અનાદિ કાળથી અનાદિ નિગોદના થાળામાં પહેલા ગુણઠાણે મિથ્યાત્વના ઘરમાં જ હોય, અને જેના કર્મબંધનો કદાપિ અંત આવવાનો નથી, "અનંત" કર્મબંધ છે તે અભવી જ હોય. એટલે તે "સાન્ત" કદાપિ સંભવે જ નહિ, માટે આ ભાંગો ન હોય.

**નવમાં ઉદ્દેશામાં કર્મબંધનું ને ૨૨ પરિષહોનું** વિસ્તૃત નિરૂપણ છે, અને **દશમાંમાં** જ્ઞાન–ક્રિયાની ચોભંગી છે, તે આ પ્રમાણે કોઈ શીલવંત છે. પણ જ્ઞાનવંત નથી તે **"દેશ આરાધક"**. કોઈ જ્ઞાનવંત છે, પણ શીલવંત નથી તે **"દેશ વિરાધક"**. કોઇ શીલવંત છે ને જ્ઞાનવંત પણ છે તે **"સર્વ આરાધક"**. કોઈ શીલવંત નથી ને જ્ઞાનવંત પણ નથી તે **"સર્વવિરાધક"**.

જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ ત્રણે આરાધનાનો અધિકાર છે. પુદ્ગલ પરિણામ, કર્મ, જીવ પુદ્ગલ–પુદ્ગલનું સ્વરૂપ બતાવ્યું છે. **નવમા શતકના** ૩૪ ઉદ્દેશા છે. પહેલામાં જંબુદ્વીપનું વર્ણન છે; બીજામાં જ્યોતિષી દેવોની સંખ્યા છે. ત્રીજાથી ત્રીશ ઉદ્દેશા સુધી દક્ષિણ દિશાના ૨૮ અંતરદ્વીપોનું અને ૩૧મામાં અસોચ્ચા કેવળીનું વર્ણન છે. ૩૨માં ગાંગેય અણગારના ભાંગા અને ૩૩માં ઋષભદત્ત બ્રાહ્મણને દેવાનંદા બ્રાહ્મણી ને જમાલિના અધિકાર છે. ૩૪મા ઉદ્દેશામાં ઘોડાની હત્યા, ઋષિનો મારનાર અનંતજીવનો ઘાતક ગણાય એકને મારતાં અનેકથી વૈર બંધાય, અને સ્થાવરના શ્વાસોચ્છવાસનું નિરૂપણ છે.

**દશમા શતકના છ ઉદ્દેશા છે.** પહેલામાં દિશા તથા પાંચ શરીરનું કથન છે. બીજામાં સંવૃત્ત સાધુનું, યોનિનું, વેદનાનું અને આલોચનાથી થતી આરાધનાનું, ત્રીજામાં દેવોની આત્મઋદ્ધિનું, અલ્પઋદ્ધિવંત અને મહર્દ્ધિક દેવોનું, અશ્વના શબ્દનું ને ૧૨ પ્રકારની પ્રજ્ઞાપની ભાષાનું કથન છે, ચોથામાં ત્રાયત્રિંશક દેવનું, પાંચમામાં ઈંદ્રોની અગ્રમહિષી દેવીઓનું, છઠ્ઠામાં સૌધર્મસભાનું તથા ઉત્તરદીશાના ૨૮ અંતરદ્વીપોનું વર્ણન છે.

**૧૧મા શતકના** બાર ઉદ્દેશા છે. પહેલા ઉદ્દેશામાં અનુક્રમે ઉત્પલનાં સાલુનાં પલાસનાં કુંભીનાં નાલિકનાં પદ્મપત્રના, કર્ણિકાના અને નલિનીના જીવોનું ૩૩ દ્વારથી વર્ણન છે. નવમામાં શિવરાજઋષિનું, દશમામાં લોકાલોકનું પ્રમાણ, અગીયારમામાં સુદર્શન શેઠનું અને તેમના પૂર્વભવ મહાબલકુમારનું અને સિદ્ધપદ પામ્યાનું અને બારમાં ઉદ્દેશામાં આલંભિકા નગરીના ઈસીભદ્રપુત્ર નામે શ્રાવકનું અને પુદ્ગલ પરિવ્રાજકનું વર્ણન છે.

**૧૨મા શતકના ૧૦** ઉદ્દેશા છે. પહેલામાં શ્રાવસ્તીના શંખ તથા પોકખલિ આદિ શ્રાવકો સામુહિકરૂપે ભોજનાદિ કરીને પાક્ષિક પોષધ કરતાં. પણ એક વેળા શંખે ઉપવાસ બ્રહ્મચર્યાદિ વ્રતો લઈને પોષધશાળામાં પોષધ કર્યો, જ્યારે પોક્ખલિજી વિ, શ્રાવકોએ ખાઈપીને પૌષધ કર્યા. બીજા દિવસે પ્રભુના દર્શને જતાં પ્રભુએ પોતાના શ્રીમુખે શંખ શ્રાવકના પૌષધને વખાણ્યો અને તેમની નિંદા ન કરવા અન્ય શ્રાવકોને કહ્યું વિ, અધિકાર છે, **ત્રણ જાગરિકા** (૧) બુદ્ધ જાગરિકા તે કેવળી ભગવંતોને હોય, તેમાં

પ્રમાદ અને નિદ્રાનો સર્વથા અભાવ હોય છે, (૨) અબુદ્ધ જાગરિકા તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિયુક્ત છદ્મસ્થ મુનિવરોને હોય, અને (૩) સુદખુ જાગરિકા તે જીવાજીવાદિ તત્ત્વોને જાણનારા સમક્તિ શ્રાવકને હોય, પછી ક્રોધાદિ કષાયો કરવાથી જીવ આયુષ્ય કર્મ સિવાયના બાકીના સાતે કર્મોને ગાઢા કરે છે અને અનંત સંસારી બને છે તેમ કહ્યું છે.

## બીજા ઉદ્દેશામાં જયંતી શ્રવિકાના પ્રશ્નોત્તર છે

(૧) જયંતી શ્રાવિકા :– પ્રભુ! જીવ ભારે શાથી બને છે?
ભ. મહાવીર :– ૧૮ પાપસ્થાનકના સેવનથી,

(૨) જીવને ભવસિદ્ધિકપણું સ્વાભાવિક છે કે પારિણામિક?
પ્રભુ :– મોક્ષની યોગ્યતા સ્વભાવથી હોય છે પરિણામથી નહિ,

(૩) ક્યારે પણ સંસાર જીવોથી ખાલી થઈ જશે?
પ્રભુ :– કદાપિ નહિ, કારણ જીવો અનંતાનંત છે. ત્રણે કાળના સમય કરતાં પણ જીવરાશિ અનંતાનંત ગુણા વધારે હોવાથી સંસાર ક્યારેય ખાલી થવાનો નથી.

(૪) સંસારનો સર્જક કોણ?
પ્રભુ :– સૃષ્ટિનો સર્જક કોઈ નથી કારણકે તે અનાદિ કાળથી છે અને અનંતકાળ સુધી રહેવાની છે.

(૫) જયંતી :– પ્રભો! જીવ સૂતો ભલો કે જાગતો ભલો?
પ્રભુ :– જે અધર્મી ને પાપમય પ્રવૃત્તિવાળા છે તે સૂતાં સારા છે જેથી અન્ય જીવો પીડાથી બચે, અને પોતે પાપથી બચે, **જે ધાર્મિક છે તેમનું જાગવું સારૂં**

છે, **કારણકે ધર્મપ્રવૃત્તિ કરી આત્મકલ્યાણ સાધે** છે, તે પ્રમાણે અધર્મી નિર્બળ સારા ને ધર્મી સબળ સારા.

(૬) જીવો દક્ષ હોય તે સારૂં કે પ્રમાદી હોય તે સારૂં?

પ્રભુ :– ઉપર પ્રમાણે ધર્મી દક્ષ સારા ને અધર્મી આળસુ સારા.

(૭) છેલ્લે પૂછ્યું શ્રોતેન્દ્રિયને વશ પડેલો જીવ કેવા કર્મ બાંધે.

પ્રભુ :– ઇંદ્રિયોને વશ પડેલા જીવ કષાયોની જેમ જ ગાઢા પાપકર્મ બાંધે,

પ્રભુના જવાબ સાંભળી જયંતી શ્રાવિકા રાજી થઈ દેવાનંદા માતાની જેમ દીક્ષા લઈ સર્વકર્મ ખપાવી મોક્ષે પધાર્યા.

**ત્રીજા ઉદ્દેશામાં** સાતે પૃથ્વી (નરક)ના નામ–ગોત્ર કહ્યા છે, **ચોથામાં** પરમાણુપુદ્‌ગલનું ને પુદ્‌ગલ પરાવર્તન કાળનું **પાંચમામાં** ક્રોધાદિ ચારે કષાયોની પર્યાયોનું અને તેમાં રહેલા પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ ને ચાર સ્પર્શનું વિસ્તૃત કથન છે. રૂપી પુદ્‌ગલમાં વર્ણાદિ હોય છે, આત્માદિ અરૂપીમાં વર્ણાદિ હોતા નથી. **છઠ્ઠામાં** ચંદ્ર ને સૂર્યને ગ્રહણ કરનાર રાહુનું કથન છે. **સાતમામાં** જીવે સર્વજીવો સાથે સર્વ પ્રકારના સંબંધ આ લોકમાં જોડયાનું કથન છે. કારણકે આવડા મોટા લોકમાં એકપણ પ્રદેશ એવો નથી કે જ્યાં જીવાત્મા જન્મ્યો ન હોય કે મર્યો ન હોય અને માતા-પિતાદિ સર્વ પ્રકારના સંબંધથી જોડાયો ન હોય. **આઠમામાં** મોક્ષગામી દેવ હવે દેવલોકથી ચ્યવી, નાગ હાથી કે મણિમાં ઉત્પન્ન થઈ લોકોથી પૂજાવાનું, પછી મનુષ્ય જન્મ પામી મોક્ષે જવાનું અને હિંસક પશુ નરકાદિ દુર્ગતિમાં

જવાનું કથન છે. **નવમામાં** બીજી અપેક્ષાએ દેવોના પાંચ ભેદ (૧) ભવ્ય દ્રવ્યદેવ જે આવતા ભવમાં દેવ થવાના છે તે (૨) નરદેવ તે છ ખંડના ધણી એવા ચક્રવર્તી (૩) ધર્મદેવ તે આરાધક મુનિવરો (૪) દેવાધિદેવ તે તીર્થંકર ભગવંતો અને (૫) ભાવદેવ તે વર્તમાનમાં દેવપણે ઉપજ્યા છે તે અને તેમાં કોણ ઉપજે, તેમની સ્થિતિ આદિનું કથન છે ને અલ્પબહુત્વ છે, ને **દશમા ઉદ્દેશામાં** આઠ આત્મા તે (૧) દ્રવ્યાત્મા, (૨) કષાયાત્મા, (૩) યોગાત્મા (૪) ઉપયોગાત્મા (૫) જ્ઞાનાત્મા (૬) દર્શનાત્મા (૭) ચારિત્રાત્મા, અને (૮) વીર્યાત્માના પરસ્પર સંબંધનું વિસ્તૃત કથન છે. અને પછી આત્માનું સ્વરૂપ બતાવ્યું છે. નારકીને સમ્યકત્વની પ્રાપ્તિના ત્રણ કારણો (૧) જાતિ-સ્મરણજ્ઞાન, (૨) ધર્મશ્રવણ—પૂર્વભવના સ્નેહના લીધે મિત્રદેવ નરકમાં આવીને ઉપદેશ આપે તેથી, અને (૩) વેદના અનુભવને લીધે પૂર્વભવોમાં કરેલા પાપોનો પશ્ચાતાપ થાય તેથી સમકિત પામે વિ. કથન છે.

**તેરમા શતકના ૧૦** ઉદ્દેશા છે. પહેલામાં નારકીના નરકાવાસોનું તેમાં નારકીની ઉત્પત્તિનું ઉદ્વર્તનનું (મૃત્યુનું, બહાર નીકળવાનું), લેશ્યાનું કથન છે. કાપોતનીલ અને કૃષ્ણ લેશ્યામાં મૃત્યુ પામનારા નરકમાં જાય છે. તેજો પદ્મ ને શુકલ લેશ્યાવાળા દેવાદિ સદગતિ પામે છે. **બીજામાં** ચાર પ્રકારના દેવો (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષી અને (૪) વૈમાનિકનું, તેમના આવાસો ને ભવનો ને વિમાનોનું ને લેશ્યાનું કથન છે. દેવલોક પુણ્યશાળી જીવો માટે ભોગભૂમિ હોવાથી અહીં પુરૂષવેદ ને સ્ત્રીવેદના સ્વામીઓ જ જન્મે છે. નપુંસક વેદ દેવોમાં હોતો નથી..

અસુરકુમારોથી લઈને બીજા દેવલોક સુધીના દેવો જે મોટાભાગે ભોગોમાં આસક્ત બની પુણ્યથી પરવારી જાય છે, તે ત્યાંથી ચ્યવીને પૃથ્વીકાયાદિમાં ઉત્પન્ન થાય છે, જ્યાંથી તીર્થંકર ભગવંતોની કેટલીયે ચોવીસીઓ પૂર્ણ થવા છતાં પણ બહાર નીકળી શકતા નથી. **ત્રીજામાં** દેવોની પરિચારણાનું, **ચોથામાં** સાતમી નરકમાં પુરુષવેદવાળા મનુષ્ય ને માછલા જ જે મહાભારેકર્મી છે તે તાંદુલીયામચ્છ જેવા શરીર ચોખાના દાણા જેવડું પણ ઘણા ક્રુર અધ્યવસાય-વાળા હોવાથી સાતમીમાં ઉપજે, નીચે નીચેની નરકમાં વધુ દુઃખ ને વધારે વેદના છે ને આયુષ્ય પણ વધુ છે. જે નરકાવાસો છે તેની આસપાસ જે અપકાયિક તેજસકાયિક વાયુકાયિક ને વનસ્પતિકાયિક જીવો છે તે પણ મહાકર્મ, મહાક્રિયા, મહાઆશ્રવ અને મહાવેદનાવાળા હોય છે, તેથી ત્યાં ઉપજીને પણ પાછા પાપકર્મોના બાંધનાર હોય છે. પછી ત્રણે લોકના મધ્યભાગો કયાં આવ્યા છે તેનું, પાંચે અસ્તિકાયનું અને ત્રણે લોકના સંસ્થાનનું નિરૂપણ છે. **પાંચમામાં** નારકો તેમજ અસુરકુમાર કેવળ અચિત્તાહારી છે તેમ કહ્યું છે, **છઠ્ઠામાં** નિરંતર ને સાન્તર ઉત્પત્તિનું-એક સમયે એકજીવ જન્મે ને તે જ સમયે બીજો જીવ પણ જન્મે તે નિરંતર ઉત્પત્તિ અને બેના જન્મ વચ્ચે અન્તર પડે તે સાન્તર કહેવાય, અથવા એક ભવમાંથી બીજા-ભવમાં જતાં જે અંતર પડે તે સાન્તર અને તેથી વિપરિત નિરંતર. નારકોને દેવો બંને પ્રકારે ઉપજે છે, અસુરેન્દ્ર ચમરની ચમરચંચા રાજધાનીનું અને સિંધસૌવીર દેશની રાજધાની વીતભયનગરનાં ઉદાયન રાજર્ષિના અધિકાર છે. તે રાજાએ પોતાના પુત્ર અભિચીકુમારનું આત્મહિત લક્ષ્યમાં

રાખી દીક્ષા લેતી વખતે તેને રાજગાદી ન આપતાં ભાણેજ કેશીકુમારને આપી. તેથી સંતાપ પામી અભિચકુમાર તેના માસીયાઈભાઈ કોણિકરાજાને આશ્રયે ચંપાપુરીમાં વસેલ. ઘણા વર્ષો શ્રાવકધર્મની આરાધના કરી અંત સમયે ૧૫ દિવસનો સંથારો કરી મૃત્યુ પામ્યો છતાં પિતા સાથે બંધાયેલ વેર ન છોડયું. તેની આલોચના પ્રતિક્રમણાદિ અંતસમય સુધી ન કર્યા તેથી અગ્નિકુમારનામે અસુરકુમાર દેવ થયો છે, ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી મોક્ષે જશે. ઉદયન રાજર્ષિ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી તેજ ભવે મોક્ષે સીધાવ્યા. **સાર એ છે શ્રાવકધર્મ જીવનભર પાળવા છતાં વેર-વિરોધની આલોચના ન કરવાથી વૈમાનિક દેવગતી પામવાને બદલે હલકી ગતિના ભવનપતિમાં ઉપજવું પડ્યું. માટે કોઈ સાથે વૈર વિરોધ કરવા જ નહિ અને કદાચિત થઇ જાય તો તેજ ભવે આલોચનાદિ કરી આત્માની વિશુધિ કરી લેવી.**

**સાતમામાં** ભાષાનું, મન અને શરીર અને આત્માના સ્વરૂપનું, પાંચ પ્રકારના મૃત્યુનું, **આઠમામાં** કર્મપ્રકૃતિના સ્વરૂપનું **નવમામાં** સાધુની વૈક્રિય લબ્ધિનું અને **દશમામાં** છદ્મસ્થ જીવોના સમુદ્ઘાતનું કથન છે. તે છ સમુદ્ઘાત (૧) વેદના, (૨) કષાય, (૩) મારણાંતિક, (૪) વૈક્રિય, (૫) આહારક ને (૬) તૈજસ સમુદ્ઘાત કહેવાય છે.

**ચૌદમા શતકમાં ૧૦** ઉદ્દેશા છે. પહેલા ઉદ્દેશામાં, મુત્યુ પછી મુનિના દેવગતિના ઉત્પાત સંબંધી કહ્યું કે અંતસમયે જે દેવ-વિમાનને યોગ્ય લેશ્યા આવી હશે તે વિમાનમાં તેનો ઉત્પાદ થશે, અને જે દ્રવ્ય લેશ્યામાં મૃત્યુ

પામે છે, તે દ્રવ્ય લેશ્યા દેવગતિમાં પણ કાયમ રહેશે, પછી એક ભવમાંથી બીજા ભવમાં જવા માટે સમશ્રેણીમાં ઋજુ-ગતિથી એકજ સમયમાં, અને વિષમ–શ્રેણીમાં વિગ્રહ–ગતિથી બે, કે ત્રણ સમયમાં જીવ આવતા ભવના ઉત્પત્તિ-સ્થાને પહોંચે છે. બે સમયમાં એક વિગ્રહ, ત્રણ સમયમાં બે વિગ્રહ થાય છે. ઋજુગતિથી જવાવાળા અનંતરોપપન્ન કહેવાય છે અને વિગ્રહગતિથી જવાવાળા પરંપરોપન્નક કહેવાય છે. વિગ્રહ નિયમા કાટખુણે થાય છે. **બીજામાં** આત્માનું પતન કરનાર ઉન્માદ બે પ્રકારે થાય છે (૧) યક્ષથી (૨) મોહથી. અને તેના દશ ભેદનું, ઈંદ્ર વરસાદ વરસાવે અને ઈંદ્રની આજ્ઞાથી દેવો રતિક્રીડા કરવા આદિ ૪ કારણે તમસ્કાય (અંધકાર) કરે તેનું કથન છે. **ત્રીજામાં** મિથ્યા દૃષ્ટિ દેવ મુનિને વંદન ન કરે અને સમકિતી દેવ કરે, ૨૪ દંડકના જીવોમાં વિનયનું અને નારકીના પુદ્ગલ–પરિણામ અમનોજ્ઞ હોવાનું કથન છે, **ચોથામાં** પુદ્ગલ પરમાણુનું, જીવોના સુખદુઃખનું, અને ૧૦ પ્રકારના જીવ પરિણામ તે (૧) નરકાદિ ગતિ, (૨) ઇંદ્રિયો, (૩) કષાય, (૪) લેશ્યા, (૫) યોગ (૬) ઉપયોગ (૭) જ્ઞાન, (૮) દર્શન, (૯) ચારિત્ર ને (૧૦) વેદ પ્રમાણે જીવને થાય, અને ૧૦ અજીવ પરિણામ તે બંધ, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ પરિણામ છે. **પાંચમામાં** ૨૪ દંડકના જીવો અગ્નિ વચ્ચેથી નીકળી શકે કે કેમ તેનું, નારકી ૧૦ અનિષ્ટ સ્થાન ભોગવે તે અનિષ્ટ શબ્દો, રૂપો, ગંધ, રસ, ગતિ, સ્પર્શ, સ્થિતિ, લાવણ્ય, અપયશ, ને ઉત્થાન, દેવોને આ દશે સ્થાન સારા હોય વિ. નું કથન છે. **છઠ્ઠામાં** જીવોના આહારાદિનું, અને ઈંદ્રોના ભોગોનું કથન છે. **સાત-**

**મામાં** ગૌતમ સ્વામીના બોધેલા કેવળી બની જતાં. છતાં પોતે કેવળ ન પામતાં થયેલા વિષાદનું, તેથી પ્રભુએ કરેલ સમાધાનનું. ભવાંતરના સંબંધનું–પ્રભુના ૧૮મા ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં ગૌતમસ્વામીનો જીવ પ્રભુનો સારથી હતો, ત્યારથી પ્રભુના દેહ પ્રત્યે તેને ઘણો સ્નેહરાગ હતો, જે હજી આ ભવમાં પણ ચાલુ છે. પણ તે આ ભવમાં જ તુટશે ને તું પણ મારી જેમ કેવળી થઈ આ ભવે જ મોક્ષ પામીશ, વે. કહ્યું. છ પ્રકારની તુલ્યતાનું તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ. ભાવ ને સંસ્થાન તુલ્યતા, લવસસમ દેવોનું કથન છે. સંયમી તપસ્વી સાધુને એક છઠ્ઠ જેટલી તપસ્યા કરવાની બાકી રહી જાય અને જેને સાત લવનું આયુષ્ય ઓછું હોય ને તેથી મોક્ષના બદલે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપજવું પડે તેને લવસપ્તમ દેવ કહ્યા છે. **આઠમામાં** પહેલી રત્નપ્રભા નરકથી વૈમાનિક દેવલોક સુધીના અંતર, સર્વાર્થ સિદ્ધ વિમાનથી સિદ્ધશીલા માત્ર ૧૨ જોજન દૂર છે. ત્યાંથી એક જોજન દૂર લોક પૂરો થઈ અલોક આવે છે, શાલ વૃક્ષનો જીવ ફરી સાલ વૃક્ષ થશે, લોકો વડે પૂજાશે, પછી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ મોક્ષે જશે, અંબડ સંન્યાસીને તેના ૭૦૦ શિષ્યોનો અધિકાર કહી નિયમપાલનનું માહાત્મ્ય કહ્યું છે. દેવોના સુખ અને શક્તિનું ને જૃંભક દેવોની કાર્યવાહીનું કથન છે. **નવમામાં** સાધુ પોતાના કર્મને લેશ્યાના પુદ્ગલો સૂક્ષ્મ હોવાથી જાણી કે દેખી શકતો નથી. પણ તેના લીધે સુખદુઃખાદિ મેળવનાર પોતાના આત્મા ને શરીરને જાણે છે, પછી નારકીને દુઃખદ પુદ્ગલો હોય ને દેવોને સુખપ્રદ હોય તેનું, સૂર્યપ્રભાનું અને સંયમી સાધુને પ્રગટતી તેજો– લેશ્યા દેવોની તેજો લેશ્યા કરતા વધુ શક્તિવાળી હોય તેનું

કોષ્ટક છે, ટુંકમાં વધુ મહિનાના દીક્ષિતને વધુ શક્તિશાળી તેજો લેશ્યા પ્રગટે. ૧૨ માસના દીક્ષિતને અનુત્તર વિમાનના દેવો કરતાં પણ વધુ શક્તિશાળી તેજોલેશ્યા હોય છે અને **દશમા ઉદ્દેશામાં** ભવસ્થ કેવળી સિદ્ધને જાણે ને બધા જીવોને દેખે, અને પ્રશ્ન પૂછયે કે વિના પૂછયે પણ જવાબ આપે, જ્યારે સિદ્ધ ભગવંત અશરીરી હોવાથી અભાષી છે, બોલતા નથી.

**૧૫મા શતકમાં** એક જ ઉદ્દેશો ગોશાલક વિષે છે. પ્રારંભમાં **"નમો સુયદેવયાએ ભગવઈએ"** અર્થાત્ "ભગવતી શ્રુતદેવતાને નમસ્કાર કરૂં છું" એમ કહ્યું છે. ગોશાળો ભ. મહાવીર પાસે બીજા ચાતુર્માસમાં આવે છે અને છ વર્ષ પ્રભુ સાથે વિચરી તેજોલેશ્યા પ્રાપ્ત કરવાની વિધિ પ્રભુ પાસે જાણી તેજોલેશ્યા લબ્ધિ મેળવે છે, પછી પ્રભુથી જુદો પડી પોતાને જિન કહેવરાવી આજીવક મતની સ્થાપના કરે છે. શું તે જિન છે? એવા ગૌતમ-સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે ના, તે જિન નથી. પણ મંખલીપુત્ર છે. આ સાંભળી ગોશાળો ગુસ્સે થયા છે, પ્રભુના સમોસરણમાં જઈ પ્રભુના અવર્ણવાદ બોલે છે. તેને વારનાર સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર અણગારોને તેજોલેશ્યાથી બાળીને ભસ્મ કરી દે છે. પછી ભ. મહાવીર પર તેજોલેશ્યા છોડે છે. પણ તેજોલેશ્યા કદાપિ તીર્થંકરને બાળી શકે નહિ, તેથી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી, ગોશાળાના શરીરમાં પાછી સમાઈ જાય છે, જેના તાપથી તેના શરીરે દાહ બળે છે, ત્યારે પ્રભુ કહે છે :— ગોશાલક! તારી તેજોલેશ્યાથી મારૂં મૃત્યુ થવાનું નથી. હું હજી ૧૬ વર્ષ સુધી વિચરીશ, પણ તું સાત રાત્રિ પૂરી થયે મરીશ." અંત સમયે તેને સાચું

ભાન થાય છે કે હું જિન નથી. તેથી પોતાના અનુયાયીઓને તેમ કહીને કબુલાત કરે છે કે મેં તમને સૌને છેતર્યા છે, ને સાધુઓની હત્યા કરી છે, માટે મૃત્યુ પછી મને ઘસડીને લઈ જજો ને લોકોને આ વાત જણાવજો, આને લીધે તેનો સંસાર અનંતગણો ઘટી જશે. છતાં સાતમી નરકથી માંડીને દરેક યોનિમાં બબ્બેવાર જન્મ પામી છેવટે દૃઢપ્રતિજ્ઞ કેવળી થઈ મોક્ષે જશે. તેજોલેશ્યાથી પ્રભુને લોહીના ઝાડા થયા, જે રેવતી ગાથાપતિએ વોરાવેલા કોળા પાકથી મટી ગયા. પ્રભુ શાતા પામ્યા.

**૧૬ શતકમાં** ૧૪ ઉદ્દેશા છે:- પહેલામાં જીવ અવિરતિના કારણે અધિકરણી ને સ્વયં અધિકરણરૂપ છે. શરીર ને ઇંદ્રિયો આંતર અધિકરણ ને શસ્ત્રાદિ બાહ્ય અધિકરણ છે. જે ભાગ્યશાળીઓ પાપથી વિરમી સંયમી બન્યા છે તેના શરીરાદિ અધિકરણ મટી ધર્મસાધનાના ઉપકરણ બની જાય છે. **બીજામાં** જરા–વૃદ્ધાવસ્થાને શોક તે માનસિક સંકલેશનું, પાંચ અવગ્રહ–દેવેન્દ્રનો, રાજાનો, ગાથાપતિનો, શય્યાતરનો ને સાધર્મિકનો–નું કથન છે. શક્રેન્દ્રે પ્રભુને ને, સાધુઓને અવગ્રહની આજ્ઞા આપી છે. ઈંદ્રો ઉઘાડા મોઢે બોલે તો સાવદ્ય (પાપમય) ભાષા, અને મોઢું ઢાંકીને બોલે તો નિરવદ્ય ભાષા કહેવાય. જીવ પોતે પોતાના કર્મોનો બાંધનારો છે તેમ કહ્યું છે. **ત્રીજામાં** કર્મપ્રકૃતિના બંધ અને કોઈપણ સાધુને વાઢકાપ આદિ ક્રિયા નિસ્પૃહભાવે કરવામાં આવે તો સર્જન આદિને કોઈપણ ક્રિયા લાગતી નથી તેમ કહ્યું છે. **ચોથામાં** સાધુ તપ વડે જેટલી નિર્જરા કરી શકે તેટલી નારકીનો જીવ કોટી વર્ષના દુઃખો ભોગવવા

છતાં ન કરી શકે તેના ઉપર વૃદ્ધ જનનું દૃષ્ટાંત છે, **પાંચમામાં** ગંગદત્ત દેવના પૂર્વભવનું, **છઠ્ઠામાં** સ્વપ્નનું સ્વરૂપ કહ્યું છે. અર્ધજાગૃતને સ્વપ્ના આવે. તીર્થંકરની માતા ૧૪ મહાસ્વપ્નો ચોકખા જુએ, ચક્રવર્તીની માતા તે ૧૪ ઝાંખા જુએ, વાસુદેવની માતા ૭, બલદેવની માતા ૪ અને માંડલિક રાજાની માતા ૧ સ્વપ્ન જુએ. ભ. મહાવીરે જોયેલા ૧૦ સ્વપ્ન અને તેના ભાવ કહ્યા છે; અને મુક્તિદાયક ૧૬ વિશિષ્ટ, સ્વપ્નાઓના ફળ જેમકે પદ્મસરોવર, કે રત્નોના ભવન કે સમુદ્રને જુએ કે તેમાં પ્રવેશ કર્યાનું જુએ તો ભવસાગરથી મુક્ત બને. વિ. નું કથન છે. **સાતમામાં** ઉપયોગના બે ભેદ (૧) સાકાર તે જ્ઞાન ઉપયોગ ને (૨) નિરાકાર તે દર્શન ઉપયોગના ભેદ કહ્યા છે, **આઠમામાં** લોકનું સ્વરૂપ, એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જવાની શક્તિ ધરાવે છે તેનું, અને વરસાદમાં હાથ લંબાવતાં પાપક્રિયા લાગે તેનું કથન છે. **નવમામાં** બલી ઇન્દ્રની સભાનું, **દશમામાં** અવધિજ્ઞાનનું **૧૧મામાં** દ્વીપકુમારનું અને **૧૨, ૧૩ ને ૧૪માં ઉદ્દેશામાં** અનુક્રમે ઉદધિકુમારનું, દિક્કુમાર ને સ્તનિતકુમારનું કથન છે. **સત્તરમા શતકના** ૧૭ ઉદ્દેશા છે. પહેલામાં ઉદાયન અને ભૂતાનંદ હાથી ત્રીજા ભવે મોક્ષે જશે તેનું, જ્યાં રાગ–દ્વેષ છે ત્યાં ક્રિયા લાગે ને કર્મ બંધાય તેનું ને છ પ્રકારના ભાવ (૧) ઔદયિક, (૨) ઔપશમિક, (૩) ક્ષાયિક, (૪) ક્ષાયોપશમિક, (૫) પારિણામિક ને (૬) સાન્નિપાતિકનું કથન છે, **બીજામાં** ધર્મી–અધર્મી, પંડિત–બાલ, ને વ્રતી–અવ્રતીનું (બાલ પંડિત)ને કર્મબંધનું કથન છે, **ત્રીજામાં** શૈલેષી સાધુ કંપે નહિ, સદા સ્થિર રહે, પાંચ શરીરના પાંચ પ્રકારની હલનચલનનું, તથા ૨૮

પ્રકારની સંવેગાદિ ધર્મ આરાધના અને તેના મોક્ષ ફળનું કથન છે, **ચોથામાં** પ્રાણાતિપાતાદિ ૧૮ પાપક્રિયાનું ને જીવમાત્ર સ્વયં કરેલા કર્મના ફળ ભોગવે છે, પરકૃતના નહિ તેનું કથન છે, **પાંચમામાં** ઇશાનેંદ્રની સભાનું, **છઠ્ઠાથી બારમા સુધીમાં** પાંચે સ્થાવરની ત્રણે લોકમાં ઉત્પત્તિનું, **અને ૧૩ થી ૧૭ સુધીમાં** નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, વાયુ ને અગ્નિકુમારોના આહાર, ઋદ્ધિ આદિનું કથન છે. **૧૮મા શતકના** ૧૦ ઉદ્દેશા છે. પહેલામાં પ્રથમ-અપ્રથમનું—સંસારી જીવો સ્વભાવથી અપ્રથમ છે અને સિદ્ધના જીવો પ્રથમ છે, ચરમ—અચરમનું, **બીજામાં** કાર્તિક શેઠનો અધિકાર છે. તે શેઠે પોતાના ૧૦૦૮ મુનિમો સાથે ૨૦મા મુનિસુવ્રત તીર્થંકર પાસે દીક્ષા લીધાનું અને શકેન્દ્ર તરીકે સૌધર્મ વિમાનમાં ઉપજ્યાનું કથન છે. **ત્રીજામાં** માકંદીપુત્ર અણુગારના પ્રશ્નના જવાબમાં પ્રભુએ કહ્યું કે પૃથ્વી, પાણીને વનસ્પતિકાયના જીવો કાપોત કે કૃષ્ણ લેશ્યામાં રહ્યા છતાં ત્યાંથી સીધા મનુષ્ય જન્મ પામી, સમકિત પામી, ચારે ઘાતી કર્મોનો ક્ષય કરી, કેવળી બની મોક્ષ મેળવી શકે છે, "ચરમ" કર્મનું તે કેવળી ભગવંત આયુષ્યના છેલ્લા સમયમાં જે કર્મ વેદીને નિર્જરે તે **ચરમ** કહેવાય. કર્મના દ્રવ્ય ને ભાવબંધનું ને પાપકર્મોના ભેદોનું ને નારકીના આહારનું કથન છે. **ચોથામાં** જીવના પરિભોગમાં શું આવે તેના જવાબમાં પ્રભુએ કહ્યું કે પ્રાણાતિપાત યાવત્ મિથ્યાત્વ શલ્ય વિરમણરૂપી ૧૮ ધર્મસ્થાનો, ધર્માસ્તિકાયાદિથી આકાશાસ્તિકાય સુધી ૩ દ્રવ્યો સર્વથા અરૂપી હોવાથી, તથા શૈલેશિ પ્રાપ્ત અણગાર ને સિદ્ધભગવંત કોઇને ઉપદેશ આપતા ન હોવાથી ને પુદ્ગલ પરમાણુ અતિ સૂક્ષ્મ

હોવાથી જીવના પરિભોગમાં આવતા નથી, જ્યારે ૧૮ પાપ–સ્થાનકોનું જ્યારે જીવ સેવન કરે છે, ત્યારે તે જીવને ચારિત્ર મોહનીય કર્મનો ઉદય વર્તે છે તેથી તેના પરિભોગમાં આવે છે. તથા પાંચે સ્થાવર જીવો કે તેમના કલેવરો પરિભોગમાં આવે છે. પછી ચારે કષાયોની નિર્જરાનું ચાર યુગ્મ (સંખ્યા) કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપર યુગ્મ અને કલ્પોજનું કથન ૨૪ દંડકની અપેક્ષાએ કર્યું છે. **પાંચમાંમાં** અમાયી સમ્યગ્-દૃષ્ટિ, તથા માયી મિથ્યાદૃષ્ટી દેવો તથા નારકો હોય છે. પહેલા શોભનીય ને પુણ્ય બાંધનારા હોય છે ને મિથ્યાદૃષ્ટી દેવો અશોભનીય ને પાપકર્મ બાંધે છે. પહેલા પ્રકારના નારક અલ્પકર્મી ને અલ્પવેદનાવાળા ને બીજા મહાકર્મીને મહાવેદનાવાળા હોય છે. **છઠ્ઠામાં** ગોળ વિ. પદાર્થો અને ભ્રમર વિ. જીવોમાં નિશ્ચયનયથી ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ને ૮ સ્પર્શ હોય, છતાં વ્યવહારનયથી ગોળ મીઠો ને ભમરો કાળો કહેવાય, ને પરમાણુમાં ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ ને ૪ સ્પર્શ હોય તેમ કહ્યું, **સાતમામાં** કેવળી સત્ય જ બોલે, ૩ પ્રકારની ઉપધિ (૧) કર્મોપધિ, (૨) શરીરોપધિ, અને (૩) બાહ્યોપધિ છે. નારકો ને એકેંદ્રિયોને બાહ્ય ઉપધિ હોતી નથી. બાકી બધા જીવોને ત્રણે હોય, પ્રણિધાન (એકા-ગ્રતા)બે પ્રકારનું સુપ્રણિધાનને દુષ્પ્રણિધાન છે.મન-વચન-કાયાના યોગ રૂપે ૩ પ્રકારના પ્રણિધાન છે. સુપ્રણિધાન માત્ર મનુષ્યોને હોય, બીજા જીવો અવિરતિ હોવાથી ન હોય, દુષ્પ્રણિધાન બધા જીવોને હોય. મંડુક શ્રાવકે પવન વિ. દૃષ્ટાંત આપીને કહ્યું કે હવા ન દેખાતી હોવા છતાં પાંદડા હાલવાથી તેના અસ્તિત્વને આપણે માનીએ છીએ. તેમ ધર્માસ્તિકાયાદિ આપણે ન જોઈ શકતા હોવા છતાં, તેના લક્ષણથી સર્વજ્ઞ

તેના અસ્તિત્વને કહે છે તે આપણે માનવું જોઈએ. આમ સમજાવીને અન્ય તીર્થીઓને નિરૂત્તર કર્યાનું ને પ્રભુએ તેમની પ્રશંસા કર્યાનું કથન છે. દેવો વિકુર્વણા કરી હજારો રૂપો ધરી શકે તેનું, દેવાસુર યુદ્ધ કોઈક વખતે થાય પણ ખરૂં તેનું કથન છે અને દેવોની કર્મનિર્જરાનું કથન છે. **આઠમામાં** સમિતિવંત સાધુના પગ તળે કદાચિત કોઈ જીવ કચરાઈ જાય, તોપણ તેમને સાંપરાયિક ક્રિયા ન લાગે પણ ઈર્યાપથિક ક્રિયા લાગે, કારણકે રાગ-દ્વેષ વિનાના જીવને અલ્પકર્મબંધ થાય છે, પાપોના દ્વાર જેમણે મહાવ્રત લઈ બંધ કર્યા છે તેવા જૈન મુનિવરો પંડિત છે, તમે તેવા નથી માટે હજી બાળ છો એમ કહી ગૌતમસ્વામીએ અન્ય તીર્થીઓને નિરૂત્તર કર્યાનું અને છદ્મસ્થ પરમાણુ ન દેખે તેનું કથન છે. **નવમાંમાં** ભવ્ય દ્રવ્ય નારક અર્થાત્ જે જીવ મરીને પછી નરકમાં જવાનો છે--તેનું કથન છે; તે તિર્યંચ અને મનુષ્યો છે **અને દશમા ઉદ્દેશામાં** લબ્ધિસંપન્ન સાધુ શસ્ત્રથી છેદાય નહિ, પરમાણુ પુદ્ગલ અતિ સૂક્ષ્મ હોવાથી વાયુ-કાયથી સ્પૃષ્ટ થાય છે, પણ વાયુકાય મોટો હોવાથી પર-માણુથી વ્યાપ્ત થતો નથી, અને અંતે સૌમિલ બ્રાહ્મણ પ્રભુને પ્રશ્નો પછી સામધાન પામી પ્રભુ પાસે શ્રાવક ધર્મ અંગીકાર કરે છે તેનું વિસ્તૃત કથન છે.

**શતક ૧૯** ના ૧૦ ઉદ્દેશા છે :– પહેલા બે ઉદ્દેશામાં લેશ્યાનું નિરૂપણ છે, **ત્રીજામાં** પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવરના જીવોનું ૧૨ દ્વારો–(૧) સ્યાત્, (૨) લેશ્યા, (૩) દૃષ્ટિ, (૪) જ્ઞાન, (૫) યોગ, (૬) ઉપયોગ, (૭) આહાર, (૮) પ્રાણાતિપાત, (૯) ઉત્પાત, (૧૦) સ્થિતિ (૧૧) સમુદ્ઘાત અને (૧૨) ઉદ્વર્તના–દ્વારા નિરૂપણ છે, પાંચે સ્થાવરોમાં કોણ

કેનાથી સૂક્ષ્મ છે તે કહ્યું છે, સૂક્ષ્મ–બાદરનો અલ્પબહુત્વ, તેની અવગાહના, વેદના સ્પર્શ આદિનું કથન છે.

**ચોથામાં** (૧) આસ્રવ, (૨) ક્રિયા, (૩) વેદના અને (૪) નિર્જરારૂપી ૪ બોલના નારકાદિ જીવોની અપેક્ષાએ "મહા" અને "અલ્પ" ની અપેક્ષાએ ૧૬ ભાંગાનું નિરૂપણ છે. **પાંચમામાં** ચરમ અર્થાત્ અલ્પાયુષી ને પરમ એટલે દીર્ઘાયુષીનું નારકાદિ ૨૪ દંડકના ઉપર ચોથા ઉદ્દેશાના ૪ બોલની અપેક્ષાએ નિરૂપણ છે, **છઠ્ઠામાં** દ્વીપ–સમુદ્રના પરિમાણનું, **સાતમામાં** દેવોના આવાસોનું, **આઠમામાં** એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના પાંચ જાતિના જીવોની નિવૃત્તિનું, જાતિ પ્રમાણે શરીરનું બાંધવું તે "નિવૃત્તિ" કહેવાય છે–દરેક જીવ પોતપોતાના જાતિ નામ કર્મ પ્રમાણે શરીરની નિવૃત્તિ કરે છે. તે પ્રમાણે, કર્મનિવૃત્તિ, શરીર નિવૃત્તિ, ઇંદ્રિય નિવૃત્તિ, ભાષા, કષાય, વર્ણ, સંસ્થાન, સંજ્ઞા, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, યોગ અને ઉપયોગ નિવૃત્તિનું–કુલ ૮૨ પ્રકારથી નિરૂપણ છે. **નવમામાં** કરણના ૫૮ બોલ છે, જેના વડે કાર્ય થાય તે "કરણ" કહેવાય છે, જેમકે કુહાડી વડે લાકડું કપાયું તો કુહાડી દ્રવ્યકરણ છે, જે ક્રિયા ચાલુ છે તે કરણ છે, અને કાર્યની પૂર્ણાહુતિ "નિવૃત્તિ" છે, કરણના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવકરણ એકેક ભેદે છે, શરીરકરણ પાંચ ભેદે, ઇંદ્રિયકરણ પાંચ ભેદે, ભાષાકરણ ૪ ભેદે, પુદ્ગલકરણ વર્ણાદિ ૫ ભેદે, મન કષાય, ને સંજ્ઞાકરણ ચચ્ચાર ભેદે, સમુદ્ઘાતકરણ ૭ ભેદે, લેશ્યાકરણ છ ભેદે, વેદકરણ ૩ ભેદે ને પ્રાણાતિપાત કરણ એકેંદ્રિયાદિ પાંચ જાતિના પાંચ ભેદે, એમ કુલ ૫૮ ભેદ છે અને **દશમામાં** વ્યંતર દેવો સમાહારવાળા, સમાન

શરીરવાળા ને સમાન શ્વાસોચ્છવાસ વાળા નથી તેમ કહ્યું.

**શતક૨૦** ના ૧૦ ઉદ્દેશા છેઃ—પહેલામાં બેઇંદ્રિયાદિ ત્રણ વિગલેંદ્રિય જીવો જુદા જુદા રહી આહાર કરે, પરિણમન કરે અને પોતપોતાના સ્વતંત્ર શરીર બાંધે, કૃષ્ણ, નીલને કાપોત લેશ્યાવાળા હોય, કોઈ સમ્યગ્દૃષ્ટિ ને કોઈ મિથ્યાદૃષ્ટિ હોય, પણ મિશ્ર દૃષ્ટિ ન હોય, મતિ ને શ્રુતજ્ઞાન ને કાયને વચનયોગ હોય, ત્રણેનું જઘન્ય આયુ અંતમુહૂર્તનું ને ઉત્કૃષ્ટ બેઇંદ્રિયનું ૧૨ વર્ષનું, તેઈંદ્રિયનું ૪૯ દિવસનું ને ચૌરેંદ્રિયનું છ માસનું હોય છે, ને પંચેંદ્રિયનું જ. અંતમુહૂર્ત ને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ દેવ ને નારકીની અપેક્ષાએ છે. **બીજામાં** લોકાકાશને અલોકાકાશનું, ધર્માદિ પાંચે દ્રવ્યોના પર્યાય નામોનું, **ત્રીજામાં** આત્મધર્મનું, પ્રાણાતિપાતાદિ ૧૮ સ્થાનકો વિ. ૪૩ ભાવોનું જે માત્ર જીવમાં હોય છે. પણ જડમાં હોતા નથી. "જીવે પૂર્વભવોમાં જે જે શરીરો ધારણ કર્યા હોય, તેને જો વોસરાવી દઈએ નહિ, તો તે શરીરના કલેવર કે સંપત્તિ વડે જે જે પાપકર્મ થાય તેનું પાપ આપણાને સતત લાગ્યા કરે છે, દા. ત. લોઢામાં કોઈ વખતે આપણો જીવ હોય ને પછી તેમાંથી ચવી જાય ને જડ લોઢુ ધાતુરૂપે રહે તેમાંથી જે કાંઈ શસ્ત્રો બને ને તેના વડે જે હિંસક કાર્યો થાય તેના પાપકર્મ તે લોઢાના શરીરને જ્યાં સુધી આપણે વોસીરાવીએ નહિ ત્યાં સુધી આપણને લાગ્યા કરે. તે પ્રમાણે મકાન–બંગલા વિ. બાંધ્યા હોય, કે સ્કુટર–કાર વિ. લીધા હોય, ને આપણે મૃત્યુ પામીએ પછી પણ તેના કારણે જે પાપકર્મ થાય તેના પાપકર્મ આપણે ગમે તે ભવમાં ગયા હોઇએ ત્યાં પણ લાગે. આને **"રાવી" આવે** તેમ કહ્યું છે." પછી

ગર્ભમાં આવેલા જીવને ૫ વર્ણ, ૫ રસ, ૨ ગંધ, ને ૮ સ્પર્શ હોય તેમ કહ્યું છે. **ચોથામાં** પાંચે ઇંદ્રિયોના ઉપચય (વૃદ્ધિ) ૫ પ્રકારનો છે ને ઇંદ્રિય યોગ્ય પુદ્ગલોથી તેની વૃદ્ધિ થાય છે, **પાંચમામાં** પરમાણુના વર્ણાદિનું કથન છે અને તેના ૪ ભેદ—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ પરમાણુના બતાવ્યા છે. **છઠ્ઠામાં** પૃથ્વીકાયાદિ પાંચે એકેંદ્રિય જીવો જે હાલ નરકની પૃથ્વીમાં ઉપજ્યા છે તે ચ્યવીને દેવલોકની ભૂમિમાં પણ એકેંદ્રિયપણે ઉપજે, તથા ઉત્પત્તિ પૂર્વે આહાર ગ્રહણ કરે અને પછી ઉપજે અને કોઈ જીવ પહેલા ઉપજે અને પછી આહાર ગ્રહણ કરે, **સાતમામાં** ૩ પ્રકારના કર્મ-બંધ (૧) જીવપ્રયોગ બંધ—કર્મ દલિકોનો આત્મા સાથે બંધ થાય તે, (૨) અનંતર બંધ—કર્મબંધ થયા પછીના પહેલા સમયે જે બંધ થાય તે, અને (૩) પરંપર બંધ—દ્વિતીયાદિ સમયે જે બંધ થાય તે. આ ત્રણે બંધો ચોવીસે દંડકના જીવોને થાય. વિ. કથન છે.

**આઠમા ઉદ્દેશામાં**—અઢીદ્વીપના માનવક્ષેત્રમાં પાંચ ભરત, ૫ ઐરવત ને ૫ મહાવિદેહ ક્ષેત્રરૂપી ૧૫ કર્મભૂમિ કહી છે. જ્યાં "અસિ (શસ્ત્રાદિ), મસિ (લેખનાદિ) ને કસિ (કૃષી—ખેતીવાડી,) સંબંધી કર્મો થાય તે કર્મભૂમિ કહેવાય છે. આ ક્ષેત્રોમાં જન્મેલા માનવોને રાગ—દ્વેષ થાય છે, તેથી કર્મોને બાંધે છે, અને સંસારથી કંટાળી વૈરાગ્યવાસિત બની સંયમ લઇ કર્મોનો ક્ષય પણ કરી શકે છે ને મોક્ષપ્રાપ્તિ મનુષ્યભવ પામી આ ક્ષેત્રોમાંથી જ થાય છે. તેથી જ તીર્થંકર વિ. ૬૩ શલાકા પુરુષો દરેક અવસર્પિણી ને ઉત્સ-ર્પિણીકાળમાં ભરત ને ઐરવત ક્ષેત્રોમાં નિયમા થાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં સદા ચોથો આરો પ્રવર્તે છે. તેથી સદા

તીર્થંકરો હોય છે. જ્યાં ઉપરોક્ત પ્રકારના ત્રણ કર્મ નથી, તેવા હેમવત, હિરણ્યવત, હરિવર્ષ, રમ્યક, દેવકુરૂ તથા ઉત્તરકુરૂ નામના આ છ ક્ષેત્રો પણ અઢીદ્વીપમાં પાંચ, પાંચની સંખ્યામાં છે. તેને અકર્મભૂમિ કહી છે. તેની કુલ સંખ્યા ૩૦ છે. ત્યાં યુગલિયા જ જન્મે છે. પુણ્યની પ્રચુરતાને લીધે દશ પ્રકારના કલ્પવૃક્ષ તેમની બધી જરૂરીયાતો પૂરી પાડે છે. તેથી કષાયભાવો મંદ હોય છે એટલે નિયમા દેવગતીમાં જાય છે.

મહાવિદેહ ક્ષેત્રમાં સદા અને ભરત અને ઐરવત ક્ષેત્રોમાં વચલા ૨૨ તીર્થંકરો ચતુર્યામ--ચાર મહાવ્રતરૂપી--ધર્મનો ઉપદેશ કરે છે અને દોષ લાગે તો જ ત્યારે પ્રતિક્રમણ કરવાનું હોય છે. અને પહેલા ને છેલ્લા તીર્થંકરના વારામાં પંચયામ અર્થાત્ પાંચ મહાવ્રતરૂપી ધર્મ હોય છે અને સવાર--સાંજ પ્રતિક્રમણ અવશ્ય કરવાનું હોય છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં ઋષભદેવથી મહાવીર સ્વામી સુધી ૨૪ તીર્થંકર થયા છે. તેમાં ૨૩ આંતરા જાણવા. તેઓમાં પ્રથમના આઠ ને અંતિમ આઠ તીર્થંકરોના આંતરામાં કાલિકશ્રુતનો વિચ્છેદ થતો નથી. પરંતુ મધ્યના ૮ તીર્થંકરોના ૭ અંતરકાળમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો અને દૃષ્ટિવાદનો વિચ્છેદ તો બધા જિનાન્તરામાં થયો છે.

મહાવીર સ્વામીનું પૂર્વગત શ્રુત ૧૦૦૦ વર્ષ સુધી રહેશે, અને તેમનું શાસન ૨૧ હજાર વર્ષ સુધી પ્રવર્તશે, આવતી ઉત્સર્પિણીના છેલ્લા તીર્થંકરનું શાસન પહેલા ભ, ઋષભદેવના શાસન માફક હજાર વર્ષ ઉણું (ઓછું) એક

લાખ પૂર્વનું જાણવું, એ પ્રમાણે બાકીના બધા તીર્થંકરોના શાસનકાળ અવસર્પિણીના તીર્થંકરોથી ઉલટા અનુક્રમે જાણવા. તે પહેલા પદ્મનાભ તીર્થંકરનો શાસનકાળ છેલ્લા મહાવીર સ્વામીના ૨૧૦૦૦ વર્ષના શાસનકાળ પ્રમાણે જાણવો.

તીર્થંકર નિયમા તીર્થ નથી પણ તીર્થની સ્થાપના કરનાર છે. સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ શ્રી સંઘને જૈનશાસનમાં તીર્થ કહ્યું છે. તીર્થંકરો નિયમા પ્રવચની (ઉપદેશક) હોય છે, જ્યારે આચારાંગાદિ સૂત્રો પ્રવચન છે.

**નવમામાં** વિદ્યાચારણને જંઘાચારણની શીઘ્ર ગતિનું નિરૂપણ છે. પોતાની લબ્ધિથી આકાશમાર્ગે ગમન કરનાર મુનિવરને **"ચારણ મુનિ"** કહેવાય છે. **નિરંતર છઠ છઠની તપસ્યા વડે લબ્ધિ મેળવે તે "વિદ્યાચારણ"** અને નિરંતર અઠ્ઠમ તપ વડે લબ્ધિ મેળવે તે જંઘાચારણ કહેવાય છે, અને **દશમા ઉદ્દેશામાં** સોપક્રમ અને નિરૂપક્રમ આયુષ્યના પ્રકારો કહ્યા છે, દેવો, નારકો, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા જુગલિયા તિર્યંચો અને મનુષ્યો, ૬૩ શલાકાદિ ઉત્તમ પુરૂષો અને ચરમ શરીરી (મોક્ષગામી) નિયમા નિરૂપક્રમી (આયુષ્ય વચમાં તુટે નહિ તેવા) આયુષ્યવાળા જ હોય છે, જ્યારે બાકીના બધા જીવો બંને પ્રકારના જાણવા. પછી "કતિ સંચિત" અર્થાત્ એક સમયે સંખ્યાતા જીવ ઉત્પન્ન થાય તે, "અકતિ સંચિત" એટલે અસંખ્યાતા ઉત્પન્ન થાય તે અને અવ્યક્ત સંચિત એટલે એક જ જીવ એક સમયે ઉપજે તેનું કથન છે. નારકીઓ ત્રણે પ્રકારે

ઉપજે છે. જ્યારે એકેંદ્રિયો અકતિ સંચિત છે, અને સિદ્ધો અકતિ સંચિત નથી, પણ બાકીના બે પ્રકારે ઉપજે છે, કેમકે એક સમયમાં એકથી લઈ ૧૦૮ સુધી ઉપજે છે.

**૨૧, ૨૨ અને ૨૩ મું શતક :–** દરેકમાં અનુક્રમે ૮, ૬ અને ૫ વર્ગ છે, તે દરેક વર્ગનો વિષય સમાન હોવાથી સાથે લીધા છે, પ્રત્યેક વર્ગના, મૂળ, કંદ, સ્કંધ, ત્વચા (છાલ) શાખા. પ્રવાલ, પાંદડા, ફુલ, ફળ, અને બીજ નામના દશ, દશ, ઉદ્દેશા છે. ૨૧મા શતકમાં ચોખા, ઘઉં, વિ. ધાન્યો સંબંધમાં, ૨૨ માં તાડ, કેળા આદિ વૃક્ષોમાં ને લતાઓમાં અને ૨૩માં બટાટા વિ. સાધારણ વનસ્પતિ અર્થાત્ અનંતકાયી કંદમૂળમાં, ઉપરના મૂળ આદિ ૧૦ દ્વારોમાં જીવની ઉત્પત્તિ, અવગાહના, સ્થિતિ, કર્મબંધ, સંજ્ઞા, લેશ્યા, દષ્ટિ, કષાય, વેદ આદિ ૩૩ પ્રકારે વિચારણા કરવામાં આવી છે. નારકી સિવાયના બધા જીવોની ઉત્પત્તિ આ બધામાં સંભવે છે.

**૨૪માં શતકમાં** ૨૪ દંડકનાં જીવોનો અનુક્રમે ૨૪ ઉદ્દેશામાં નીચેના ૨૦ દ્વારથી નિરૂપણ કર્યું છે, (૧) ઉપપાત (જન્મ), (૨) પરિમાણ (સંખ્યા) (૩), સહનન (સંઘયણ), (૪), ઉંચાઈ, (૫) સંસ્થાન, (૬) લેશ્યા, (૭) દષ્ટિ, (૮) જ્ઞાન, (૯) અજ્ઞાન, (૧૦) યોગ, (૧૧) ઉપયોગ, (૧૨) સંજ્ઞા, (૧૩) કષાય, (૧૪) ઈંદ્રિય, (૧૫) સમુદ્ઘાત, (૧૬) વેદના, (૧૭) વેદ (૧૮) આયુષ્ય, (૧૯) અધ્યવસાય (ભાવ) અને (૨૦) અનુબંધ (પર્યાયોનું સાતત્ય) અને કાયસંબંધ (એક કાયાથી બીજી કાયામાં જઈ પાછું આવવું.)

ચારે ગતિમાં ભમનારા જીવોની ગતિ–આગતિનું સ્વરૂપ એકેક ઉદ્દેશામાં એકેક દંડકનું કર્યું છે. એક જીવને બીજા જીવો સાથે માત્ર રાગાત્મક કે દ્વેષાત્મક સંબંધો હોય છે, જેને ઋણાનુબંધ કે લેણદેણના સંબંધો કહેવામાં આવે છે. તેથી જ રાગ અને દ્વેષને કર્મના બીજ કહ્યા છે. તે સંબંધો પૂરા ન થાય ત્યાં સુધી જીવ સંસારચક્રમાં ભમે છે, પણ ભવ્ય જીવ કોઈ વેળા વૈરાગ્યવાસિત બની જ્ઞાન–દર્શન ચારિત્રની આરાધના માનવભવમાં કરી રાગ–દ્વેષને સર્વથા દૂર કરે છે, ત્યારે તે ભવ્યાત્મા વીતરાગ પરમાત્મા બની મોક્ષ પામે છે.

ઋણાનુબંધ કેમ ભોગવાય છે તેનું એક દ્દષ્ટાંત લઈએ. આંબાના ઝાડના જીવોએ કોઇ સમયે અન્ય જીવો સાથે વેરના બંધ બાંધ્યા હોય, તો તે જીવો તેની બાજુમાં જ બાવળના ઝાડ તરીકે અનાયાસે ઊગે, અને બાવળાના કાંટાની શુળો પવનના હિસાબે આંબાના પાંદડામાં ભોંકાય અને આ રીતે પૂર્વભવના વેરનો બદલો વળે. આ પ્રમાણે સંસારની દરેક ગતિના જીવો ક્યાંય આકસ્મિક જન્મતા નથી. પણ પૂર્વભવોના લેણદેણના સંબંધો પૂરા કરવા એક ભવમાં મળે છે અને લેણદેણ ચૂકવાઈ જતાં પોતપોતાના માર્ગે પડે છે. જેને આપણે મૃત્યુ પામ્યા કહીએ છીએ. મૃત્યુ–કાળના આ પંજામાંથી છુટકારો મેળવવો હોય તો માનવ-ભવ પામી જે કાંઈ શુભાશુભ ઉદયમાં આવે તે સમભાવે ભોગવવાથી જુના વેર પુરા થાય છે અને નવા બંધાતા નથી તેથી જીવ વીતરાગતાને પામે છે. પણ જુના ભોગવતા જે નવા રાગ–દ્વેષ કરે છે તેના ભવભ્રમણ વધી જાય છે. માટે **"સમતાભાવ કેળવવો એ આ શતકનો સાર છે."**

**૨૫ મું શતક:**– ૯ ઉદ્દેશા છે. પહેલામાં ૭ લેશ્યાનું પર્યાપ્ત–અપર્યાપ્ત અપેક્ષાએ જીવોના ૧૪ ભેદ–(૨) સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય (૩/૫) બે. ત્રણ અને ચાર ઇંદ્રિયવાળા અને (૬/૭) અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્ત અને અપર્યાપ્તા મળી કુલ ૧૪ ભેદનું અને તેના અલ્પ બહુત્વનું અને મનોયોગ ૪. વચનયોગ ૪ અને કાયયોગ ૭ પ્રકારે મળી ૧૫ યોગ અને તેના અલ્પ બહુત્વનું કથન છે..

**બીજા ઉદ્દેશામાં** જીવ–અજીવ દ્રવ્યોને તેના ભેદોનું અને અજીવ દ્રવ્યો જીવોના પરિભોગમાં શીઘ્ર આવે તેનું કથન છે. **ત્રીજામાં** ગોળાકાર વિ.૫ પ્રકારના સંસ્થાનનું, ૭ પ્રકારની આકાશ શ્રેણીનું, દ્વાદશાંગીરૂપ ગણિપિટકનું ને જીવોનું અલ્પ બહુત્વ છે. બધા જીવોમાં મનુષ્યો સૌથી ઓછા, નારકી તેનાથી અસંખ્ય ગુણા, દેવો તેનાથી પણ અસંખ્યાત ગુણા, સિદ્ધ ભગવંતો તેનાથી અનંત ગુણા, અને વનસ્પતિઅને નિગોદની અપેક્ષાએ તિર્યંચના જીવો તેમનાથી પણ અનંત ગુણા વધારે છે. **ચોથામાં** ચાર યુગ્મોની અપેક્ષાએ છ દ્રવ્યનું અને તેના અલ્પ બહુત્વનું કથન છે. **પાંચમામાં** જીવ–અજીવની પર્યાયોનું. તે માટે પન્નવણા પદ ૫ જોવાનું કહ્યું છે. પછી ૧ સમયથી શીર્ષપ્રહેલિકા સુધીના કાળના પરિમાણનું કોષ્ટક છે. પછી નિગોદ બે ભેદે (૧) સૂક્ષ્મ, (૨) બાદરનું કથન છે. **છટ્ઠામાં** ૫ પ્રકારના નિગ્રંથો (૧) પુલાક,(૨) બકુશ, (૩)કુશીલ, (૪)નિગ્રંથ અને (૫) સ્નાનતકનું વિસ્તૃત નિરૂપણ છે. સાતમામાં ૫ પ્રકાર ના સંયત (સંયમી સાધુ) નું ૩૬ દ્વારથી સામાયિકાદિ પાંચ પ્રકારના ચારિત્રની અપેક્ષાએ વિસ્તૃત નિરૂપણ છે. પછી ૧૦ પ્રકારની પ્રતિસેવના (સંયમની વિરાધના) તે, દર્પ

(અભિમાન), પ્રમાદ, અનાભોગ (અજ્ઞાન) આતુર (બીમારી કે અશક્તિના લીધે), આપત્તિ આવતાં "આપત્‌ પ્રતિસેવા," સંકીર્ણતા (સંકડાશ કે સંકુચીતતા) આકસ્મિક, ભય, ક્રોધ અને વિમર્શ પ્રતિસેવના શિષ્યની પરીક્ષા કરવા જતાં ગુરૂથી થાય તે, આલોચના વખતે સેવાતા ૧૦ દોષ, આલોચના આપનારની યોગ્યતાના ૮ ગુણ, ૧૦ સમાચારી, ૧૦ પ્રાયશ્ચિત અને ૧૨ પ્રકારના તપનું વિસ્તૃત નિરૂપણ છે, **આઠમામાં** નારકીની ઉત્પત્તિ અને પરભવમાં જવાની ગતિનું કથન છે, એકેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ ૪ સમયની અને બીજા બધા જીવોની ઉત્કૃષ્ટ ૩ સમયની વિગ્રહગતી કહી છે, **નવમા** (કોઈ ૯ થી ૭૨ કહે છે) ઉદ્દેશામાં ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, સમ્યગ્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવોની નરકમાં ઉત્પત્તિ વિનું અનુક્રમે નિરૂપણ છે.

**૨૬મું શતક**–૧૧ ઉદ્દેશા છે. ત્રણે કાળના કર્મબંધનું ૨૪ દંડકની અપેક્ષાએ ૧૧ દ્વારથી જીવો, લેશ્યા, શુક્લ અને કૃષ્ણપાક્ષિક, દૃષ્ટિ, અજ્ઞાન, જ્ઞાન, સંજ્ઞા, વેદ, કષાય, યોગ અને ઉપયોગવડે વિચારણા પહેલા. ઉદ્દેશામાં કરી છે (૧) ત્રણે કાળમાં પાપકર્મ બાંધે તે "અભવ્ય" આશ્રી, (૨) ભૂત-કાળમાં બાંધ્યા છે, વર્તમાનમાં બાંધે છે પણ ભવિષ્યમાં બાંધશે નહિ, તે" ક્ષપક શ્રેણી આશ્રી, (૩) ભૂતમાં બાંધ્યા છે, વર્તમાનમાં બાંધતો નથી, પણ ભવિષ્યમાં બાંધશે તે "ઉપશમ શ્રેણી" આશ્રી અને ભૂતમાં બાંધ્યા છે, પણ વર્તમાનને ભવિષ્યમાં બાંધશે નહિ તે ક્ષીણમોહ અયોગી કેવળી આશ્રી **બીજાથી ૧૧મા ઉદ્દેશામાં** આ ચાર ભાંગા આશ્રી અનુક્રમે, (૨) અનંતરોપન્નક જીવોનું (૩) પરંપરો પન્નક જીવોનું (૪–૫) અનંતરાવગાઢ અને પરંપરાવગાઢ

જીવોનું, (૬) અનંતર આહારકનું (૭) પરંપરઆહારક જીવોનું, (૮) અનંતરપર્યાપ્તક ને (૯) પરંપરપર્યાપ્તકનું, (૧૦) ચરમ અને (૧૧) અચરમ જીવો માટેનું કથન છે.

**૨૭મું શતક**—૨૬મા શતકની જેમ ૧૧ દ્વારના ૧૧ ઉદ્દેશામાં ૪ ભાંગાથી પાપકર્મ કેમ બાંધે છે તેનું કથન છે.

**૨૮મું શતક**—૧૧ ઉદ્દેશામાં ચારેગતિના બધા જીવોએ ભૂતકાળમાં પાપકર્મો બાંધ્યા હતા તેનું કથન છે.

**૨૯મું શતક**—૧૧ ઉદ્દેશામાં પાપકર્મો વેદવા બાબતનું નિરૂપણ છે. જુદા જુદા ક્ષેત્રમાં અને ગતિમાં રહેલા જીવોને કરેલા કર્મોનો ભોગવટો કરવો અનિવાર્ય છે. તેથી કર્મોનો વિપાક શરૂ થયા પછી જ તે કર્મો શુભાશુભ ફળ દેવા સમર્થ બને છે, તેને કર્મનો "ઉદય" કહ્યો છે. અને તે કર્મ ઉદયમાં આવીને વેદાયા (ભોગવ્યા) પછી જ તેનો નાશ થાય છે અર્થાત્ આત્મપ્રદેશોથી નિર્જરી (ખરી) જાય છે. આમ જુના કર્મ ખપે છે, પણ વેદતી વખતે જીવ વળી રાગ–દ્વેષના નવા પરિણામ કર્યા કરે છે, તેથી નવા કર્મ બંધાય છે, આ કારણે કર્મનો પ્રવાહ વીતરાગ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચાલુ રહે છે. તે અપેક્ષાએ કર્મોને અનાદિકાળના કહ્યા છે.

**૩૦મું શતક**—૧૧ ઉ. છે. આ સંપૂર્ણ શતકમાં ચાર સમવસરણ (૧) ક્રિયાવાદી, (૨) અક્રિયાવાદી, (૩) અજ્ઞાનવાદી અને (૪) વિનયવાદીનું વિસ્તૃત નિરૂપણ છે, ક્રિયાવાદી ક્રિયાને જ પ્રધાન માને છે અને જીવાદિ નવતત્ત્વોને માને છે, તેથી નિયમા દેવ કે મનુષ્યગતિમાં જાય છે, અને ભવસિદ્ધિક છે. અર્થાત્ પરંપરાએ મોક્ષ પામે છે. જ્યારે બાકીના

ત્રણે ચારે ગતિમાં જાય છે, અને ભવસિદ્ધિક પણ હોય અને અભવસિદ્ધિક (અભવ્ય) પણ હોય. ચારે એકાંતવાદી છે.

ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭, અને વિનયવાદીના ૩૨ મળી કુલ ૩૬૩ એકાંત મત ભ. મહાવીરના સમયમાં હતા. જીવાદિ તત્ત્વોને નહિ માનનારા એવા અક્રિયાવાદી અને અજ્ઞાનવાદીઓના પ્રચારના લીધે લોકોમાં માંસાહાર, શરાબપાન, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, શિકાર, હિંસકયજ્ઞો, કસાઈખાના આદિ વ્યાપ્યા હતા. આવી પરિસ્થિતિમાં ભ. મહાવીરે અહિંસા, અનેકાંતવાદ, અને અપરિગ્રહનું સ્વરૂપ સમજાવી રાજાઓને પ્રજાને સન્માર્ગે વાળ્યા અને આત્મકલ્યાણના પંથે લાવી મૂકયા, જેથી ઉદ્દાયન આદિ ૧૮ રાજા સહિત કેટલાયે ભવ્ય જીવો મોક્ષ કે સદ્ગતિ પામ્યા. એકાંત માન્યતાઓના દૂષણ બતાવી, આત્મા એકાંતે નિત્ય નથી, કે અનિત્ય પણ નથી, પણ દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે એમ નિત્ય–અનિત્ય સ્વરૂપ સમજાવ્યું. દ્રવ્ય માત્ર સ્વઅપેક્ષાએ સત્ છે અને પર અપેક્ષાએ અસત્ છે, અને ચૈતન્યલક્ષણ હોવાના કારણે આત્મા જડ શરીરથી ભિન્ન છે, અને કર્મબંધના કારણે શરીરથી અભિન્ન (સંયોગ સંબંધથી જોડાયેલો) પણ છે એમ આત્માનું ભિન્ન–અભિન્ન સ્વરૂપ સ્થાપ્યું. આ પ્રમાણે જીવના ઉત્પાદ, વ્યય, અને ધ્રુવપણાની સ્થાપના કરી આત્માનું સત્ય સ્વરૂપ બતાવ્યું. આ પ્રમાણેની સચોટ અને સરળ પ્રરૂપણાને લીધે સમવસરણમાં આવેલા ઘણા માનવોએ ધર્મની યથાર્થતા સમજી, પોતાના એકાંત મિથ્યાત્વ, અજ્ઞાનાદિને તજીને જૈનમત સ્વીકારી ધન્ય બન્યા.

**શતક ૩૧મું** :–૨૮ ઉદ્દેશામાં ચાર ક્ષુદ્રયુગ્મોથી નારકીની ઉત્પત્તિનું કથન છે. અહીં યુગ્મનો અર્થ સંખ્યા-વાચક છે. જે સંખ્યાને ૪થી ભાંગતા શેષ ૪ (ખરેખર તો શેષ ૦ રહે) રહે, તે ૪, ૮, ૧૨ વિ. સંખ્યા તે કૃતયુગ્મ કહેવાય, શેષ ૩ રહે તે ત્ર્યોજ સંખ્યા, શેષ ૨ રહે તે દ્વાપર સંખ્યા, અને શેષ ૧ રહે તે કલ્પો જ સંખ્યા કહેવાય છે અને ક્ષુદ્રથી નાની સંખ્યા સમજવાની છે.

૨૪ દંડકમાં ગર્ભજ તિર્યંચ ને મનુષ્ય જ નરકગતિ પામે છે. બીજા ૨૨ દંડકના જીવો પામતા નથી.

**શતક ૩૨** :–૨૮ ઉદ્દેશામાં ૩૧માં શતક જેવો જ વિષય છે.

**શતક ૩૩** :–તેમાં અવાંતર શતક છે ને પહેલા ૮ શતકના ૧૧–૧૧ ઉ. છે અને છેલ્લા ૪ ના ૯–૯ ઉ. મળી તેમાં કુલ ૧૨૪ ઉદ્દેશા છે, પહેલા ઉ.માં પાંચે એકેન્દ્રિયના ભેદ અને પેટા ભેદ બતાવ્યા છે. તે જીવો પ્રતિસમયે ૧૪ પ્રકારના કર્મોને (૧–૮) જ્ઞાનાવરણીયથી અંતરાય સુધીના ૮ કર્મોને, અને (૯ થી ૧૨) કાન, આંખ, નાક અને જીભ ન હોવાથી તે દરેક ઇંદ્રિયના આવરણરૂપી કર્મ જેમકે શ્રોત્રેન્દ્રિયાવરણીય કર્મ વિગેરે અને (૧૩–૧૪) માત્ર નપુંસક હોવાથી, સ્ત્રીવેદ અને પુરૂષવેદ આવરણીય કર્મોને ભોગવે છે. પછી ૨ થી ૧૧ ઉ. માં ૨૬મા શતકની જેમ અનંતરોપપન્નકથી અચરમ તેમના ઉપપાત, કર્મબંધન, વેદન આદિનું નિરૂપણ કર્યું છે.

અવાંતર શતક ૨ થી ૮માં અનુક્રમે એકેક શતકમાં કૃષ્ણલેશી, નીલલેશી કાપોતલેશી ભવસિદ્ધિક, કૃષ્ણલેશી

ભવસિદ્ધિક, કાપોતલેશી ભવસિદ્ધિક અને નીલલેશી ભવ-સિદ્ધિકનું અને શતક ૯ થી ૧૨માં એકેક શતકમાં અનુક્રમે અભવસિદ્ધિક એકેન્દ્રિય, કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોત-લેશી અભવસિદ્ધિકોનું–પ્રત્યેક શતકના ૧૧–૧૧ ઉ. માં ઉપર પ્રમાણે કથન છે.

**શતક ૩૪** :–૩૩મા શતકની જેમ ૧૨ અ. શતકને તેના ૧૨૪ ઉ. છે અને તેમાં ૩૩મા શતકની જેમ જ એકેન્દ્રિય જીવો ગતિ, આગતિ, કર્મબંધ, કર્મભોગવટો તથા સ્થળાંતર વિ.નું એકેન્દ્રિયનું શ્રેણી સ્વરૂપ કહ્યું છે.

**શતક ૩૫** :–અવાંતર શતક ૧૨ ને ઉ. ૧૨૪ શતક ૩૩ પ્રમાણે છે. ૩૪મા શતકમાં એકેન્દ્રિય જીવોનું શ્રેણીના ક્રમે વર્ણન છે, જ્યારે આમાં કૃતયુગ્માદિ રાશિક્રમથી વર્ણન કરવામાં આવ્યું. પ્રથમ એકેંદ્રિય મહાયુગ્મ અ. શતકના પહેલા ઉ.માં મહાયુગ્મના ૧૬ ભેદ, તેમના હેતુ, કૃતયુગ્મ રાશિરૂપ એકેન્દ્રિયનો ઉત્પાત, એક સમયના ઉપપાત જીવોની સંખ્યા, કૃતયુગ્મ રાશિરૂપ એકેન્દ્રિયોના ૮ કર્મોના બંધ, વેદન, શાતા–અશાતાવેદન, લેશ્યા, શરીરના વર્ણ અનુબંધ કાળ, અને બધા જીવોના આ રાશિમાં ઉત્પાતાદિ ૨૦ સ્થાનનું કથન છે.

**શતક ૩૬** :–૩૩મા શતકની જેમ જ અ. શતક ૧૨ને ઉ. ૧૨૪ છે. આ શતકોમાં બેઇન્દ્રિય મહાયુગ્મના ઉપપાત આદિનું કથન છે. તેથી આ શતકોના નામ બેઇન્દ્રિય મહા-યુગ્મ રાખ્યા છે. ૩૫માં શતકની જેમ કૃતયુગ્મ બેઇન્દ્રિ-યોના ઉત્પાત (જન્મ) કર્મના અનુબંધ, અને લેશ્યાઓનું અનુક્રમે કથન છે.

**શતક ૩૭** :–૧૨ અ. શતક ને ૧૨૫ ઉ. છે. આમાં કૃતયુગ્મ તેઇંદ્રિય જીવોમાં ઉત્પાત આદિનું ૩૫મા શતકની જેમ કથન છે.

બીજા ઉદ્દેશામાં પ્રથમ સમયોત્પન્ન કૃતયુગ્મ-કૃતયુગ્મ એકેન્દ્રિય જીવોના ઉત્પાત તથા અનુબંધનું નિરૂપણ છે. અપ્રથમ સમયોત્પન્ન કૃતયુગ્મ–કૃતયુગ્મ પ્રમાણ એકેન્દ્રિય જીવોના ઉપપાતનો ચરમસમય, અચરમસમય, પ્રથમસમય, અપ્રથમસમય, પ્રથમચરમ સમય,પ્રથમ અચરમસમય, ચરમ અચરમસમય, ચરમ ચરમ સમય, અને કૃતયુગ્મ–કૃતયુગ્મ પ્રમાણે એકેન્દ્રિય જીવોના ઉપપાતનું કથન છે. એ જ પ્રમાણે બીજાથી બારમા અ. શતકમાં અનુક્રમે કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી, ભવસિદ્ધિક, કૃષ્ણલેશી ભવસિદ્ધિક, નીલલેશી ભવસિદ્ધિક, કાપોતલેશી ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, કૃષ્ણ–નીલ અને કાપોતલેશી અભવસિદ્ધિક, અને અભવસિદ્ધિક કૃતયુગ્મ પ્રમાણ એકેન્દ્રિયોના ઉપપાતનું પહેલા અવાન્તર શતકની જેમ વર્ણન કરવામાં આવ્યું છે.

**શતક ૩૮** :–ઉપરની જેમ ૧૨ અ. શતક ને ૧૨૪ ઉ. છે. ૩૩મા શતકની જેમ કૃતયુગ્મ–કૃતયુગ્મ ચૌરેન્દ્રિય જીવોનું ઉત્પાતાદિનું કથન છે.

**શતક ૩૯** :–૧૨ અ. શતકને ૧૨૪ ઉ. છે અને અસંજ્ઞી પંચેન્દ્રિયોના ઉત્પાતાદિનું કથન છે.

**શતક ૪૦** :–૨૧ અ. શતક છે અને દરેકના ૧૧–૧૧ ઉ. છે. સંજ્ઞી પંચેન્દ્રિય મહાયુગ્મોના ઉત્પાદિનું કથન છે.

**શતક ૪૧** :–૧૯૬ ઉદ્દેશા છે. પહેલા ઉદ્દેશામાં કૃતયુગ્મ આદિ રાશિયુગ્મના ૪ ભેદ કહ્યા છે અને દરેક

રાશિયુગ્મ પ્રમાણ ૨૪ દંડકના જીવોના ઉત્પાત, લેશ્યા આશ્રી બતાવ્યા છે. ઉપપાતની પદ્ધતિ, હેતુ, અને આત્માના અસંયમનું કથન છે.

આ પ્રમાણે સાંપ્રતકાળમાં આ સૂત્ર સૌથી મોટું અને જૈન તત્ત્વજ્ઞાનનું વિશદ નિરૂપણ કરનારું અને ઘણા મહાત્માઓના અધિકારવાળું મુમુક્ષુ જીવોને મહાઉપકારી છે.

## (૬) "જ્ઞાતાધર્મકથાંગ"–છઠ્ઠું–અંગસૂત્ર

બે શ્રુતસ્કંધ છે. પહેલામાં ૧૯ અધ્યયનો છે. ધર્મ-કથાના બે ભેદ છે, (૧) ચારિત્રકથારૂપ, અને (૨) રૂપક-અર્થાત્ દૃષ્ટાંતકથા રૂપ છે. બીજા શ્રુતસ્કંધમાં વર્ગ અને અધ્યયનો છે. ૨૯ ઉદ્દેશા ને ૨૯ સમુદ્દેશા છે. મૂળ સૂત્રમાં ૫૫,૫૬,૦૦૦ પદોમાં સાડાત્રણ કરોડ ધર્મકથા હતી. હાલ ૫૫૦૦ ગાથા છે,

પહેલા શ્રુતસ્કંધના ૧૯ અધ્યયનોમાં ૧૯ ધર્મકથા કહીને પછી **તેનો ન્યાય–પરમાર્થ સાધુના આચાર અને વ્યવહાર પર ઉતાર્યો છે.** બીજા શ્રુતસ્કંધનું નામ **"ધર્મકથા"** છે. તેમાં પાર્શ્વનાથ પ્રભુની આ બધી શ્રાવિકાઓ કે જે દીક્ષા લઈને આર્યા (સાધ્વી) થઈ હતી અને દીક્ષા લીધી પછી સંયમમાં શિથિલ બની તેથી દેવીઓ પણે ઉપજી તેનું કથન છે. તે બધી દેવીઓ મહાવીર સ્વામીના દર્શન કરવા આવે છે, ત્યારે પ્રભુને ૩૨ જાતના નાટક બતાવે છે ને પછી પોતાની વૈક્રિય શક્તિ સમેટી લે છે; તેથી દરેક વખતે ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે દેવીઓની આ રિદ્ધિ કયાં ગઇ? પ્રભુ જવાબમાં કહે છે

કે તેમનાજ અંગોમાં સમાઇ ગઈ. આ શક્તિ કેવી રીતે મળી તેમ ફરી પૂછતાં પ્રભુ તે દરેકના પૂર્વભવ કહે છે. તેમાં તેમના નામ, નગરના નામ વગેરે જુદા જુદા છે બાકીનું વર્ણન એકસરખું છે, તે બધી જુદી જુદી સ્થિતિના આયુષ્યપણે હાલ ઉપજી છે, પણ દેવીનું આયુષ્ય પુરૂ થતાં દેવલોકમાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ બુદ્ધ અને મુક્ત થશે. આ બીજા શ્રુતસ્કંધમાં ભગવાન પાર્શ્વનાથના સમયમાં જે સામાજીક રીતરીવાજો હતા, રાજવ્યવસ્થા હતી ધાર્મિક મતમતાંતર હતા વગેરેનું કથન છે.

સમવાયાંગ સમવાંય ૯૪માં આના ભાવ બતાવતાં કહે છે. "**જ્ઞાતા**" એટલે ઉદાહરણ પ્રધાન જે કથા તે "**જ્ઞાતાધર્મકથાંગ**". તેમાં નગર, ઉદ્યાન, રાજા યાવત અંતક્રિયા આદિનું વર્ણન "**ઉપાસકદશાંગ**" જેમ જાણવું. તદુપરાંત દીક્ષિત સાધુનો વિનય કરવામાં, સંયમ પાળવાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં મતિ અને વ્યવહારથી દુર્બળ, કઠીન તપ નિયમ પાળવામાં ભગ્નચિત્ત, પરિષહ ખમવામાં હારેલા એવા જ્ઞાન–દર્શન–ચારિત્રની વિરાધના કરનારના ભાવ આમાં કહ્યા છે. જ્યારે બીજી બાજુએ ધૈર્યવાન, મહાસત્વના ધારક પરિષહ અને કષાયરૂપ સેનાને જીતવાવાળાનો પ્રબંધ પણ આમાં કહ્યો છે, જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધના કરનાર, નિઃશલ્ય, વ્રતી, મિથ્યાત્વ અને અતિચાર રહિત જે છે ને જે મોક્ષમાર્ગની સન્મુખ છે તેવા મુનિઓને દેવભવમાં કેવુ સુખ મળે છે, તે કહી. ત્યાંથી ચ્યવી માનવભવ પામી સિદ્ધગતિ પામશે તે કહ્યું છે. તેવા સાધુની અંતક્રિયા આમાં કહી છે. કોઇ કર્મવશ ભ્રષ્ટ થાય તો તેમને દેવતા મનુષ્ય સંબંધી દ્રષ્ટાંત દઈને સ્થિર કરવાનું પણ બતાવ્યું છે જેમકે

મેઘકુમારને હાથીના ભવનું દૃષ્ટાંત આપી સ્થિર કર્યા. તેવા બીજા દૃષ્ટાંતો પણ આમાં કહ્યા છે. જ્ઞાતામાં ચરણસત્તરી, શ્રમણધર્મ, કરણપીંડવિશુદ્ધિ આદિની પ્રરૂપણા કરી છે.

પહેલા મેઘકુમારના અધિકારમાં ૭૨ સ્વપ્નો કહ્યા છે. તેમાં ૩૦ મહાસ્વપ્ન ઉત્તમ ફળદાયી છે, તેમાંથી ૧૪ સ્વપ્નો તીર્થંકરની માતાને સ્પષ્ટ અને ચક્રવર્તીની માતાને ઝાંખા આવે. તેના નામ (૧) હાથી (૨) વૃષભ (૩) સિંહ (૪) લક્ષ્મી, (૫) બે પુષ્પમાળા, (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધજા (૯) કુંભ (૧૦) પદ્મસરોવર (૧૧) સમુદ્ર, (૧૨) વિમાન, (૧૩) રત્નની રાશી, (૧૪) અગ્નિશીખા. આ ચૌદમાંથી વાસુદેવની માતાને ૭, બળદેવની માતાને ૪ અને માંડલિક રાજાની માતાને એક સ્વપ્ન આવે.

## પહેલા શ્રુતસ્કંધની ૧૯ ધર્મકથાનો પરમાર્થ

**(૧) મેઘકુમાર :**—દીક્ષા લીધા પછી બીજા દિવસે સંયમ છોડી દેવા પ્રભુ પાસે ગયા ત્યારે વીરપ્રભુએ મેઘકુમાર મુનિને કહ્યું કે હાથીના (તિર્યંચ પશુના) ભવમાં પણ ચોથો પગ અઢી દિવસ ઊંચો રાખી સસલાની દયા પાળી, પ્રાણાંતક કષ્ટ સમભાવે સહન કર્યું અને મહાધૈર્ય બતાવ્યું તો આ ભવ રાજકુમારનો મળ્યો અને દયા પાળી હતી તેથી દુર્લભ એવો દયામય સંયમ ધર્મ મળ્યો, તેવો સંયમી સાધુ સંથારા (પથારી)ની આવી મામુલી અડચણથી સંયમ છોડી દેવા તૈયાર થાય ખરો? ક્યાં પશુના ભવની ધીરજ, અને ક્યાં સાધુજીવનનું અધૈર્ય? પ્રભુની આ વાત સાંભળતાં જ જાતિસ્મરણજ્ઞાન થયું. હાથીનો ભવ દીઠો, લજ્જા પામ્યા.

અને સંયમમાં સ્થિર થઈ ગયા. પ્રભુને વંદન નમસ્કાર કરી સ્વસ્થાને પાછા ગયા. ઉત્કૃષ્ટ ભાવે સંયમ પાળી આત્મકલ્યાણ કરી ગયા. (કથા માટે જુઓ લેખકની મોટી સાધુવંદણા).

આ ધર્મકથાનો સાર એ છે કે ચારિત્ર મોહનીય કર્મના ઉદયના કારણે સંયમ લીધા પછી કોઈ સંયમ પાળવામાં નિર્બળતા બતાવે તો, પ્રભુએ મેઘકુમારને જેમ સંયમમાં સ્થિર કર્યા, તેમ તેવા ઢીલાને સમજાવી બુઝાવીને ફરી સંયમમાં સ્થિર કરવા.

## (૨) ધન્ના સાર્થવાહ અને વિજય ચોર :–

ધન્ના સાર્થવાહ નામે રાજગૃહી નગરીનો એક શ્રેષ્ટી છે. તેને એક પુત્ર છે. પુત્રને રમાડવા વિજય નામે એક નોકર રાખ્યો છે. કોઈ તહેવારે માએ પુત્રને ખૂબ અલંકાર પહેરાવીને પુત્રને ફેરવવા વિજયને મોકલ્યો. દાગીના જોઈ વિજયની દાનત બગડી. એક બગીચામાં નિર્જન સ્થળે પુત્રને મારી નાખી દાગીના લઈ નાસી ગયો. કોટવાળે પકડી હેડમાં બાંધ્યો. તે સમયે શેઠ પણ રાજાના કોઈ ગુનામાં પકડાયા, અને જોગાનુજોગ વિજયવાળા હેડના જ બીજા ભાગમાં બંધાયા. શેઠને શેઠાણીએ ભોજન મોકલ્યું. વિજયે માગ્યું પણ પુત્રના ઘાતકને શેઠે ન આપ્યું. હાજત લાગતાં શેઠે જવા કહ્યું. પણ વિજયે સાથે આવવાની ના પાડી. બહુ લાગતા શેઠે ફરી કહ્યું ત્યારે ભોજન ખવરાવવાની શરતે વિજય સાથે ગયો. આમ શરીરની આવશ્યક ક્રિયાના નિવારણ અર્થે અનિચ્છાએ પુત્રના ઘાતકને ભોજન આપવું પડ્યું. તેનો પરમાર્થ એ છે કે "રાજગૃહ નગરી તે મનુષ્ય ક્ષેત્ર છે. ધન્ના શેઠ તે સંયમી સાધુ છે. વિજય ચોર તે આપણું

પોતાનું શરીર છે. ઘરેણાં તે પાંચે ઇંદ્રિયોના શબ્દાદિ વિષયો છે. આ શબ્દાદિ વિષયોમાં શરીરરૂપી ચોરની પ્રવૃત્તિ થાય છે, ત્યારે સાધુના સંયમધર્મની ઘાત થાય છે અને ત્યારે સંયમી સાધુ—આત્મારૂપી શેઠ પણ દંડાય છે; અને જંજીરમાં જકડાઈને શરીરરૂપી ચોરની સાથે કર્મની હેડમાં પુરાય છે. કેમકે રાજા તે કર્મરાજા છે. મળમૂત્ર પરઠવવું તે તે પ્રતિલેખનાદિ સંયમક્રિયાઓ છે. પ્રતિલેખન, પ્રતિક્રમણ, આદિ સંયમક્રિયાઓના નિર્વાહ અર્થે જ સંયમી સાધુ શરીરને આહારપાણી દે, સ્વાદ માટે ન દે. ધન્ના સાર્થવાહે જેમ ન છુટકે શરીરની આવશ્યક ક્રિયાના નિવારણ માટે વિજય ચોરને અન્ન આદિ આપ્યું, તેમજ સંયમી સાધુ સંયમધર્મને નિભાવવા માટે અને મોક્ષની પ્રાપ્તિ અર્થે જ પોતાના શરીરને આહારપાણી આપી નિભાવે. શબ્દાદિ વિષયોના સુખ મેળવવા કે ભોગવવા શરીર નિભાવે નહિ.

### (૩) મયુરીના બે ઈંડા :–

જિનદત્ત અને સાગરદત્ત બે મિત્રો હતા, એકદા ફરવા જતાં તેમને મોરના બે ઈંડા મળ્યા, બંને મિત્રોએ એકેક ઈંડુ લઈ રમવા માટે મોર મળશે એમ સમજી સેવવા મૂકયા. જિનદત્તને શ્રદ્ધા હતી કે ઈંડુ સેવાઈને મોર નીકળશે તેથી ધીરજથી રાહ જોવા લાગ્યો. તેના મિત્રને આવી શ્રદ્ધા ન હતી તેથી રોજ સાંજે ઈંડાને લઈ અધીરાઈથી હલાવવા લાગ્યો. આમ રોજ કરવાથી તેના ઈંડાનો ગર્ભ ગળી ગયો અને મોર રમવા મળ્યો નહિ, જ્યારે જિનદત્તના ઈંડામાંથી સમય થયે મોર પેદા થયો અને તેને મોર રમવા મળ્યો, **આ પ્રમાણે જે જિનવચનમાં શ્રદ્ધા નથી રાખતો,**

**સંદેહ કરે છે, તેને મોક્ષ રૂપી મધુરની પ્રાપ્તિ થતી નથી અને સંસારચક્રમાં ભમ્યા કરે છે, પરંતુ જેને જિનવચનમાં પૂર્ણ શ્રદ્ધા હોય છે, તે શ્રદ્ધાના બળે શ્રેણિક રાજાની જેમ સમ્યગ્દર્શન પામી મોક્ષરૂપી મધુરને અવશ્ય પામે છે.**

જૈનદર્શનમાં શ્રદ્ધાહીનને "મિથ્યાત્વી કે મિથ્યાદૃષ્ટિ" કહ્યો છે, અને શ્રદ્ધાવંતને સમકિતી કે સમ્યગ્દૃષ્ટિ પામેલો કહ્યો છે.

## (૪) બે કાચબા (અને બે પાપી શિયાળ) :–

આ રૂપકનો સાર એ છે કે "જેમ એક કાચબાએ શિયાળને જોઈ પોતાની સર્વ ઈંદ્રિયો અને ચારે પગ ઢાલની અંદર સંતાડી દીધા અને પોતાની જાતને સુરક્ષિત કરી દીધી તો શિયાળ એને મારી શક્યુ નહિ અને થાકીને ચાલ્યું ગયું, તે પ્રમાણે જે સાધુ પોતાની પાંચે ઈંદ્રિયોને સંયમરૂપી ઢાલ નીચે ગોપવી દે છે. અર્થાત્ પાંચે ઈંદ્રિયોના શબ્દાદિ વિષયોને તજીને જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધનામાં લીન રહે છે, તેને મોહરાજા મારી શકતો નથી, પણ થાકીને ભાગી જાય છે અર્થાત્ તેવા સંયમીને હવે રાગ–દ્વેષ સ્પર્શતા પણ નથી, તેથી મોહનીયાદિ કર્મો ખપાવી, સર્વથા રાગ–દ્વેષ રહિત બની અર્થાત્ વીતરાગ બની મોક્ષ પામે છે પણ જે કાચબો મક્કમ ન રહી પોતાના પગ આદિ અંગ–ઉપાંગોને ઢાલ બહાર કાઢે છે, તેના અંગ–ઉપાંગોને એક એક કરીને શિયાળ ખાઈ જાય છે અને કષ્ટ પામતો કરૂણ મૃત્યુંને પામે છે, તેમ જે સાધક જિનાજ્ઞારૂપી ઢાલ નીચે પોતાના સંયમ જીવનને સુરક્ષિત ન રાખતા, જિનવચનમાં

સંદેહ લાવી, આરંભ–પરિગ્રહાદિ કાર્યોમાં પ્રવૃતિ કરે છે, પાંચે ઇંદ્રિયોના શબ્દાદિ વિષયોને પોષે છે, ધર્મપ્રચારના બહાને પાદવિહાર તજીને કાર, ટ્રેન, વિમાનાદિ સાધનોનો ઉપયોગ કરે છે, કે માઇક આદિ વિજળીક સાધનોનો ઉપયોગ કરે છે, તે સંયમભ્રષ્ટ થાય છે, ફળસ્વરૂપે સંયમ ગ્રહણનું જે ધ્યેય કર્મમુક્તિ અને મોક્ષપ્રાપ્તિ તેને જ ગ્રહણ લાગી જાય છે, અને દીર્ઘકાળ પર્યંત સંસારની દુઃખમય દુર્ગતિઓમાં ભમ્યા કરે છે, ઠેઠ કાંઠે આવીને ડુબે છે. કેવી કરૂણ મોહદશા! તેના મોક્ષદાતા સંયમને પાપરૂપી શિયાળ ખાઈ જાય છે.

**(૫) થાવચ્ચા પુત્ર :–**

દ્વારિકા નગરીમાં થાવચ્ચા ગાથાપતિનીનો એકનો એક પુત્ર હતો. ભગવાન નેમનાથની ધર્મદેશના સાંભળી વૈરાગ્ય પામ્યો. દ્વારિકાના રાજા શ્રીકૃષ્ણ વાસુદેવ પાસે માતા મુગટ લેવા જતાં, શ્રીકૃષ્ણે જ તેમનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. એક હજાર પુરૂષો સાથે દીક્ષા લઈ નેમ પ્રભુના સાધુ બન્યા. એકદા શેલગ રાજાએ તેમનો બોધ સાંભળી પંથક મંત્રી પ્રમુખ ૫૦૦ પુરૂષો સાથે શ્રાવકના બારવ્રત અંગીકાર કર્યા. તે સમયે સુદર્શન નામે એક શેઠ હતા, તેણે શુક સંન્યાસી પાસે **"શુચિમુલો" ધર્મ** અર્થાત્ પાણીથી સ્નાન કરીને શરીરને પવિત્ર માનવું–સાંભળીને અંગીકાર કરેલ, તેણે પછી એકદા થાવચ્ચા પુત્ર અણગાર પાસે **"વિનયમૂલો" ધર્મ કે જે પાંચ મહાવ્રત રૂપી અણગાર ધર્મ અને પાંચ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શીક્ષાવ્રત રૂપી આગારધર્મ અર્થાત્ શ્રાવકધર્મ છે,** તે સાંભળી શ્રાવકધર્મ અંગીકાર કર્યો. શુક સંન્યાસીને ખબર પડતાં શેઠને

સમજાવવા આવ્યો, ત્યારે સુદર્શન શેઠે થાવચ્ચા અણગારને સમજાવવા કહ્યું. તેથી સુદર્શન શેઠ સાથે થાવચ્ચા મુની પાસે આવ્યો, ચર્ચા કરીને તેમની પાસે પ્રતિબોધ પામ્યો. પોતાના હજાર પરિવ્રાજકો સાથે તેમની પાસે દીક્ષા લીધી. પછી થાવચ્ચાપુત્ર અણગારે પુંડરીક પર્વત પર સંલેખના સંથારો કર્યો. નિર્વાણ પામી સિદ્ધ, બુદ્ધ ને મુક્ત થયા.

વિચરતાં વિચરતાં શુક અણગાર એકદા શેલગ રાજાના નગરમાં પધાર્યા. ધર્મ સાંભળી શેલગ રાજાએ પંથક મંત્રી પ્રમુખ ૫૦૦ શ્રાવકો સાથે દીક્ષા લીધી, પછી શુક અણગાર પણ પુંડરીક પર્વત પર સંથારો કરી સિદ્ધ થયા.

સંયમધર્મ પાળતાં એકવાર શેલગ રાજર્ષિ બીમાર પડયા. પોતાના નગરમાં પધાર્યા, ત્યાં મંડુક રાજાએ તેમની દવા કરાવી ખૂબ સેવા કરી, સાજા થઇ ગયા, પણ પછી કર્મોદયના કારણે ખાવાપીવામાં ખૂબ આસક્ત થઇ જવાથી કલ્પ પૂરો થવાં છતાં વિહાર ન કર્યો. તેથી ૪૯૯ શિષ્યો તેમને છોડીને વિહાર કરી ગયા. માત્ર પંથક મુની તેમની સેવામાં રહ્યા. ચોમાસી પાખીનું પ્રતિક્રમણ કરી પંથકમુની ગુરૂને વંદન કરવા જતાં પગને અડી જવાથી ગુરૂ જાગી ગયા. ગુસ્સે થઇ ગયા ત્યારે શિષ્યે સવિનય કહ્યું કે આપને વંદણા કરવા જવાથી અડી જવાયું છે; માટે ક્ષમા કરો, જાણી બુઝીને જગાડયા નથી, શિષ્ય પંથકજીના વિનયભર્યા વચનો સાંભળી ગુરૂ શેલગરાજર્ષિ મોહનિદ્રામાંથી પણ જાગી ગયા, પંથકજીને ખમાવ્યા. આલોચના કરી પ્રાયશ્ચિત લઈ બીજા જ દિવસે વિહાર કરી ગયા, તે જાણી ૪૯૯ શિષ્યો પણ ગુરૂ પાસે પાછા ફર્યા; ને બધા સિદ્ધ, બુદ્ધ ને મુક્ત થયા.

**આ ચરિત્રકથાનો પરમાર્થ એ છે કે મોહોદયે**

**કદાચિત્ સંયમમાં ચલિત બની ગયા પછી પણ ફરી સંયમપાલનમાં ઉદ્યમી થાય તો તે સાધક પણ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે,**

**(૬) તુંબડુ (અને માટીનો લેપ) :–**

માટીના ઉપરા ઉપરી આઠ લેપ લગાવેલું તુંબડું જેમ પાણી ઉપર તરવાનો સ્વભાવ હોવા છતાં પણ, પાણીના તળિયે બેસી જાય છે, તે જ ન્યાયે આત્મા (જીવ) સ્વભાવથી તો સિદ્ધસમ હોવા છતાં, આરંભ–પરિગ્રહ આદિ હિંસામય પ્રવૃત્તિઓ કરી વિભાવદશાના કારણે મોહનીયાદિ આઠે કર્મોથી લેપાઈને ભારે બનીને સંસારસાગરમાં ડુબી જાય છે, અર્થાત્ સંસારની ચતુર્ગતિમાં ભમ્યા કરે છે, પરંતુ લેપના પડ સર્વથા ધોવાઈ જવાથી તુંબડુ પાણી ઉપર તરવા લાગે છે, તેમજ, સર્વથા કર્મભારથી મુક્ત થવાથી જીવાત્મા પણ લોકાગ્રે મોક્ષમાં સીધાવે છે. સંસાર સાગરને તરી જાય છે. સિદ્ધ, બુદ્ધ અને મુકતાત્મા બને છે.

**(૭) રોહિણી:–** ધન્ના સાર્થવાહને ચાર પુત્રવધુ (૧) ઉજ્જિઝતા, (૨) ભોગવતી, (૩) રક્ષિતા અને (૪) રોહિણી નામે હતી. તે ચારેને સસરાજીએ પાંચ પાંચ દાણા ડાંગરના આપીને કહ્યું કે જ્યારે પણ હું પાછા માંગુ ત્યારે પાછા આપજો. તે દાણા લઈ પહેલી ઉજ્જિઝતાએ ફેંકી દીધા, બીજી ભોગવતી ખાઈ ગઈ, ત્રીજી રક્ષિતાએ એક ડબીમાં ભરીને સુરક્ષતિ રાખ્યા પણ ચોથી રોહિણીએ તો તે દાણા તેના પીયર મોકલીને વર્ષોવર્ષ ઉગાડતા જઈને ખૂબ વૃદ્ધિ કરી. જેથી સસરાએ થોડા વર્ષ પછી પાછા માગતાં ગાડાની હેલો ભરીને પીયરથી મંગાવી આપ્યા. સસરાએ આ બધું જાણી ઉજ્જિઝતાને ઘરના વાશીદાનું, ભોગવતીને રસોઇનું

રક્ષિતાને કોઠારનું અને રોહિણીને રત્નોની તિજોરી સાચવવાનું કાર્ય વહેંચી દીધું. રોહિણી આ રીતે ઘરની માલિકણ બની ગઈ અને બધે માનપાન, પામી, તેમ જે સાધુ સંયમમાં દીનરાત નિરતિચાર અભિવૃદ્ધિ કરે છે. તે આ લોકમાં વંદનીય બની આચાર્યપદ પામે છે અને ભવ્ય જીવોને બોધ આપી તારે છે અને પરભવમાં પોતાના આત્માનો અર્થાત્ લોકનો માલિક બની શાશ્વતા મોક્ષ સુખને પામે છે. પરંતુ જે દીક્ષા લઈ ઉજ્ઝિતાની જેમ ફેંકી દે છે. અર્થાત્ મહાવ્રતોને ફેંકી દે છે એટલે કે ભાંગે છે તે ઉજ્ઝિતાની જેમ આ ભવમાં ધિક્કાર અને પરભવમાં દુર્ગતિ પામે છે, (૨) જે સાધુ ભોગવતીની જેમ મહાવ્રતો ખાઈ જાય છે. અર્થાત્ આહારાદિ ઈંદ્રિયોના રસમાં લુબ્ધ બનીને ઈંદ્રિયોના વિષયોને ભોગવે છે. તેવા સાધુ વેષના કારણે આ લોકમાં વંદનાદિ પામે પણ પરલોકમાં નિયમા સુખ પામે નહિ, દેવ કે મનુષ્ય થાય તોપણ હલકા કિલ્વષી આદિ દેવ થાય, અને મનુષ્યમાં પણ હલકા કુળમાં ઉપજે અને (૩) મહાવ્રતના રક્ષણ કરનારા રક્ષિતાની જેમ આ લોકમાં જશ પામે અને પરભવમાં સદ્ગતિ અને સુખશાતા પામે અને સુબાહુકુમાર આદિની જેમ થોડા ભવમાં મોક્ષ સુખ પામે.

(૮) **મલ્લીનાથજી** :– ૧૯માં તીર્થંકર ભગવંત મલ્લી ભગવતીજીનું ચરિત્ર પ્રસિદ્ધ છે. તેમણે પૂર્વના મહાબળ રાજાના ભવમાં તપ જેવા મોક્ષદાયી અનુષ્ઠાનોમાં પણ માયા કરી મિત્રોને છેતર્યા, તો તીર્થંકર નામ ગોત્ર બાંધવા સાથે સ્ત્રીવેદ પણ બાંધ્યો, અને મલ્લી ભગવતી તરીકે તીર્થંકર થયા. તેનો **સાર એ છે કે મોક્ષને માટે ઉત્કૃષ્ટ ભાવે સાધના કરનારે પણ ધર્મની આરાધના અનુષ્ઠાનો**

**માં રજમાત્ર–મનથી પણ માયા કપટ ન કરવા** કારણકે માનમાયાદિ કષાયો સાધક માટે ભારે અનર્થકારી છે. આ કથાનકમાં તીર્થંકર નામગોત્રના ૨૦ સ્થાનકનું સ્વ-રૂપ કહ્યું છે. અર્હન્નક શ્રાવકની કથા છે.

**અર્હન્નક શ્રાવકઃ–** મલ્લીનાથ ભગવાનના સમયમાં આ શ્રાવક થઇ ગયો. તે દૃઢ ધર્મી હતો. એકદા તે નાવમાં બેસી નદી પાર કરી રહ્યો હતો, ત્યારે મઝધારમાં આવતા તેની ધર્મશ્રદ્ધાની કસોટી કરવા એક દેવે અંતરીક્ષમાં રહી તેને ધમકી આપી કે તારા ધર્મને છોડી દે નહિતર તારી નાવને ડુબાડી દઈશ. આ સાંભળી અર્હન્નકે જરા પણ ભયભીત થયા વગર કહ્યું કે હે દેવ! ધર્મને હું કેવી રીતે છોડી શકું? તે તો મારો સ્વભાવ છે. મારો પ્રાણ છે. છોડવા ધારું તો પણ છુટી શકે તેમ નથી. શું પાણી તેની શીતળતા છોડી શકે? તેમ ધર્મ પણ સ્વાભાવિક હોવાથી છોડી શકાય તેવો નથી. માટે તારે મને મારવો હોય તો માર, ડુબાડવો હોય તો ડુબાડને જીવાડવો હોય તો જીવાડ. શ્રાવકના આવા નિર્ભિક વચનો સાંભળી, તેની ધર્મ સંબંધી દૃઢતા જોઈ, દેવ પ્રસન્ન થયો તેની સમક્ષ પ્રગટ થયો અને તેને ધન્યવાદ આપી સ્વસ્થાને ગયો. **કસોટી વખતે અડગ રહેવું તે આ કથાનો સાર છે.**

**(૯) જિનરક્ષ–જિનપાલઃ–** બંને ભાઈઓ સાર્થવાહ હતા. બારમી વાર દૂરના બંદરે જતાં તેમનું વહાણ ભાંગ્યું પણ ભાગ્યયોગે એકપાટીયું હાથમાં આવી જતાં રત્નદ્વીપ પહોંચ્યા. ત્યાંની દેવી રત્નાદેવી બહુ દુષ્ટ હતી. તેના દ્વીપમાં જે કોઈ આવતાં તેમની સાથે પહેલા ભોગ ભોગવી પછી શુળીએ ચડાવી દેતી. આ બંને ભાઈને તેની

ખબર પડતાં યક્ષની મદદ લઈ તેના ખભે બેસી ભાગ્યા. યક્ષે ચેતવેલા કે દેવી પાછળ પડશે પણ સામું ન જોતા, છતાં દેવીના મોહિત વચનોમાં જિનરક્ષ લોભાયો તેથી યક્ષે ફેંકી દીધો એટલે દેવીએ અધર ઝીલી લઇ મારી નાખ્યો. જિનપાલે દેવી સામું પણ ન જોયું તો યક્ષે સહિસલામત ઘરે પહોંચાડી દીધો. તે પ્રમાણે **સાર એ છે કે સંયમ લીધા પછી જે સાધુ શબ્દાદિ કામભોગોમાં લુબ્ધ થાય છે, તેનો સંસાર વધી જાય છે અને લુબ્ધ થતા નથી તે નિરતિચાર સંયમ પાળી મોક્ષ પામે છે.**

**(૧૦) ચંદ્રમા** :–કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ જે સાધુ ક્ષમાદિ ગુણોમાં હીનતર બની છેવટ અમાસની સંપૂર્ણ અંધકારમય હીનતમ દશાને અર્થાત્ સર્વથા ગુણહીન દશાને પામી સંયમમાં પ્રમાદી બને છે, તેનું ચારિત્ર નાશ પામે છે અને દુર્ગતિના દુઃખોને પામી અનંત સંસાર વધારી દે છે, પણ જે સાધુ કદાચિત શરૂમાં થોડા ગુણવાળા હોય, પણ સદ્ગુરૂના સંગથી સંયમમાં ઉદ્યમી બને છે. શુકલપક્ષના ચંદ્રની જેમ ગુણ અને સંયમમાં અભિવૃદ્ધિ કરે છે, તે સુગતિ ને પરંપરાએ મોક્ષગતિને પામે છે.

**(૧૧) દાવદ્રવ વૃક્ષ** :– સમુદ્રકાંઠે રહેલા વૃક્ષની જેમ **જે સાધુ સર્વ પ્રકારની ધર્મક્રિયાઓ કરતાં થકા** શબ્દાદિ પ્રતિકુળતાઓને સમભાવથી સહન કરે છે તે **"આરાધક"** છે ને સુગતિ પામે છે, પણ **જે સમભાવી** નથી રહેતા તે **"વિરાધક"** છે, અને દુર્ગતિ પામે છે.

**(૧૨) સુબુદ્ધિ પ્રધાન** :–સુબુદ્ધિ પ્રધાને ખાઇના ગંદા પાણીને પણ પ્રયોગ કરી અતિ સુગંધીત અને સુપાચ્ય

બનાવી જિતશત્રુ રાજાને ધર્મ પમાડી મોક્ષ પમાડયો. તેનો સાર એ છે કે મિથ્યાત્વથી ઘેરાયેલા પાપી લોકો પણ ગુણહીન હોવા છતાં સદ્‌ગુરૂ કે સત્સંગના પ્રભાવથી ખાઈના પાણીની જેમ દુર્ગંધમય મટી ગુણવાળા બને છે, અને ફળસ્વરૂપે સદ્‌ગતિ પામે છે. માટે સંસારની કોઈપણ વ્યક્તિ કે પદાર્થ એકાંતે સારો (શુભ) કે ખરાબ (અશુભ) નથી એમ જાણી રાગ—દ્વેષ ન કરવા.

**(૧૩) નંદ મણીયાર** :—નંદ મણીયારે વીરપ્રભુ પાસે પાંચ અણુવ્રત અને સાત શીક્ષાવ્રત સ્વીકાર્યા પછી સંત-સમાગમ ન રહેતાં મીથ્યાત્વી બની ગયો, તેથી જે વાવ તેણે જનહિતાર્થે બનાવેલી તેમાં તેની આસક્તિ અંતસમયે રહી જવાથી તેજ વાવમાં દેડકાપણે તે ઉપજ્યો, અને દેડકાના ભવમાં પોતાનો પૂર્વભવ યાદ આવતાં ફરી બાર વ્રત મનમાં ધાર્યા ને પ્રભુના દર્શને જતાં ઘોડાનાં પગ નીચે ચગદાઈને મૃત્યુ પામી દર્દુરક દેવ થયો, અને પ્રભુના દર્શને આવ્યો. તે ચરિત્ર કથાનો સાર એ છે કે અંતઃકાળે કોઈ વસ્તુ કે વ્યક્તિમાં આસક્તિ ન રાખવી, નહિતર પ્રીતિ ત્યાં ઉત્પત્તિ એ શાસ્ત્રવચનાનુસાર તે યોનિમાં ઉપજવું પડે. બીજો બોધ એ છે કે સંતસમાગમ પામ્યા પછી કદાપિ છોડવો નહિ, કારણ કે સંતસમાગમ ચાલુ ન રાખવાથી જીવ ગુણહીન બને છે, પામેલા ગુણો પણ નાશ પામે છે; અને ત્રીજો સાર એ છે કે તીર્થંકર પ્રભુને ભાવથી પણ દૂર રહીને પણ વંદન કરવાથી, તેમના ગુણગ્રામ ગાવાથી, દેવગતિ પ્રાપ્ત થાય છે.

**(૧૪) તેતલીપુત્ર** :-તેતલીપુત્ર પ્રધાનની જેમ જ્યાં સુધી જીવને સંસારમાં દુઃખ, અપમાન, પ્રિયનો વિયોગ, અનિષ્ટનો સંયોગ, તીરસ્કાર આદિ પ્રાપ્ત થતા નથી, ત્યાંસુધી જીવ

ધર્મ કરવા તૈયાર થતો નથી, સંસારની આસક્તિ તુટતી નથી, અને બીજો બોધ એ છે કે ભયભીત મનુષ્યને એકમાત્ર ધર્મ જ શરણભૂત છે.

**(૧૫) નંદીફળ વૃક્ષ** :–નંદીફળ જોવામાં સુંદર, ખાવામાં મધુર પણ એક મહાદોષ તે અતિ ઝેરી, જીભને સ્વાદ પમાડે પણ અંતે પ્રાણ હરી લે. તેના વૃક્ષની છાયા પણ તેવી ઝેરી–દેખીતો વિસામો દે પણ જીવ લે. જેમણે ચંપાનગરીમાં આની ઉદ્દઘોષણા સાંભળી નંદીફળ ન ખાધા તે ધન્ના સાર્થવાહના સાથમાં અહિછત્ર નગરીએ સુખશાતાથી પહોંચી ગયા, પણ જેમણે અશ્રદ્ધા રાખી નંદીફળ ખાધા તે બધા અકાળે મૃત્યુ પામ્યા. અહીં ચંપાનગરી તે મનુષ્યગતિ, ધન્ના સાર્થવાહ તે જિનપ્રરૂપિત અનુપમ ધર્મ, અહિછત્ર નગરી તે મોક્ષધામ, નગરમાં ઢંઢેરો તે પ્રભુની દેશના, જેમણે નંદીફળ ન ખાવા તેવી શ્રદ્ધા રાખી તે મોક્ષાભિલાષિ સમકિતી ભવીજીવો, અને શ્રદ્ધા ન રાખી તે સંસારસુખના કામી વિષયાભિલાષિ મિથ્યાત્વી અજ્ઞાન જીવો. **સાર:– જિનવચનમાં જે પૂર્ણ શ્રદ્ધા રાખે છે તે ધર્મના સહારે મોક્ષપુરીને સુખે સુખે પામે છે.**

**(૧૬) દ્રૌપદી** :–પૂર્વના નાગેશ્રીના ભવમાં ધર્મરૂચી અણગારને અશુભભાવથી કડવા તુંબાનું શાક વોરાવેલું તેથી ઘરમાં અનાદર પામી ભીખારણ થઈ. મૃત્યુ પામી છઠ્ઠી નરકે, પછી મત્સ્ય બની સાતમી નરકે એમ સંસાર યોનીઓમાં ભમીને અંતે ભદ્રાશેઠાણીને ત્યાં સુકુમાલિકા પુત્રીપણે જન્મી. બે વાર લગ્ન કરવા છતાં ભિખારી પતી પણ તેને છોડી જતાં અંતે સાધ્વી થઈ. ગુરૂણીની ના છતાં ઉદ્યાનમાં

આતાપના લેવા ગઈ. ત્યાં ગણિકાને પાંચ પુરૂષો સાથે ક્રીડા કરતાં નિયાણું બાંધ્યું કે મને પણ આવા ભોગો મળે. સંયમના પ્રભાવે દેવી થઈને પછી દ્રુપદ રાજાને ત્યાં પુત્રી-પણે જન્મી, અને પાંચ પાંડવોને પતિ તરીકે પામી.

ધર્મરૂચી અણગાર ગુરૂઆજ્ઞાએ શાક પરઠવા જતાં કીડીઓને મરતાં જોઈ, બધુ શાક ખાઈ ગયા, કીડીઓની દયા પાળી તેના પ્રભાવે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપજ્યા છે, અને ત્યાંથી ચ્યવી એક ભવ કરી મોક્ષે સીધાવશે.

આ કથાનો સાર એ છે (૧) અપ્રિય વસ્તુ ભાવરહીત-પણે સાધુને ન વોરાવવી, (૨) સંયમ લઈ માત્ર કર્મની નિર્જરા અર્થે તપ કરવું, તપ કરી કદાપિ નિયાણું (તેનું ફળ) ન બાંધવું. (૩) સંયમી સાધુએ સૂક્ષ્મ જીવોની પણ પ્રાણાંતક કષ્ટે દયા પાળવી.

**(૧૭) કાલિક દ્વીપના અશ્વો** :—જે અશ્વો શબ્દાદિ વિષયોમાં લુબ્ધ થયા, તે બધા પકડાયા અને દોરડાથી બંધાયા અને રાજાની સેવામાં રહેવું પડ્યું ને દુઃખી દુઃખી થઈગયા, પણ જે અશ્વો લુબ્ધ ન થયા તે કાલિક દ્વીપમાં જ સુખે સુખે સ્વતંત્ર રહ્યા. આ ન્યાયે જે સાધુ શબ્દાદિ વિષયોમાં આસક્ત થાય છે, તેને દુર્ગતિમાં જઈ પરાધિનપણે નરકતિર્યંચાદિ ના દુઃખો ભોગવવા પડે છે. પણ જે સાધુ તેમાં અનાસક્ત રહી નિરતિચાર સંયમ પાળે છે તે કર્મ-પાશમાં બંધાતા નથી, અને સુગતિ અને પરંપરાએ મોક્ષ પામે છે.

**(૧૮) સુષમા દારિકા** :—રાજગૃહી નગરીમાં ધન્ના સાર્થવાહને ૫ દીકરા, સુષમા નામે એક પુત્રી અને ચિલાત

નામનો દાસ હતો. ચિલાતની ઘણી રાવ આવતાં શેઠે ઘરમાંથી કાઢી મુકયો. તેથી મોટો ચોર થયો. એકવાર પોતાની ટોળી સાથે શેઠના ઘરે ધાડ પાડીને ધન ને સુષમાને લઈ નાઠો. શેઠ ને પાંચે પુત્રો પાછળ પડયા. સુષમાને ઊંચકીને ભાગવું મુશ્કેલ લાગવાથી સુષમાનું માથું કાપી લઈ ભાગ્યો. નિર્જન જંગલમાં રખડી રઝળી મૃત્યુ પામ્યો. તે ન્યાયે જે જીવો વિષય સુખોમાં આસક્ત બની ચિલાતની જેમ પાપકર્મો કરે છે, તે જીવો બહુ દુઃખવાળી ભવાટવીમાં રખડી રઝળી ભમે છે. માટે સાધકે મનથી પણ પાપકર્મો ન ચિંતવવા.

આ બાજુ ધન્ના સાર્થવાહ અને પાંચે પુત્રો દોડધામથી બહુ ભુખ્યા થયા. જંગલમાં કશું ન મળવાથી અંતે સુષમાના લોહી માંસનો આહાર કરી ધન લઈ ઘરે ગયા. આ કથાનો સાર એ છે કે ધન્ના સાર્થવાહ સમાન ગુરૂ, પાંચ પુત્રો સમાન શિષ્યો, ભવરૂપ અટવી, સુષમાના લોહી માંસ સમાન આહારપાણી અને રાજગૃહી સમાન મોક્ષપુરી સમજવી. જેમ અટવીને પાર કરવા તે લોકોએ સુષમાપુત્રીના લોહી માંસનો આહાર કર્યો, તેમ ભવરૂપી અટવી પસાર કરવા, માત્ર મોક્ષના હેતુથી ગુરૂની આજ્ઞાથી સાધુ માત્ર સંયમના નિર્વાહ માટે જ, જીભના રસ માટે નહિ, સંપૂર્ણ અનાસક્ત-ભાવે આહારપાણી કરે.

**(૧૯) પુંડરીક–કંડરીક** :–મહાપદ્મ રાજાના બંને પુત્રો હતા. પુંડરીકને ગાદીએ બેસાડી રાજાએ દીક્ષા લીધી. મહાપદ્મ મુની એકદા પુંડરકિણી નગરીમાં પધારતાં બોધ પામી કંડરીકે પણ દીક્ષા લીધી. એક હજાર વર્ષ રૂડુ ચારિત્ર પાળ્યું. પછી બીમાર પડતાં પાછા નગરીમાં પધાર્યા. રાજા

પુંડરીકે ઔષધોપચાર કરાવ્યા. સારા થઈ ગયા છતાં વિહાર ન કરતાં રાજાએ તેમની દીક્ષા લીધાની ખૂબ પ્રશંસા કરી કે તમે ખુબ પુણ્યવંત છો જેથી સંયમ લઈ રૂડુ ચારિત્ર પાળો છો. હું પુણ્યહીન છું જેથી સંયમ લઈ શકતો નથી. છતાં મુની ન સમજ્યા ને વિહાર તો કર્યો; પણ પાછા આવ્યા. દાસી મારફત રાજાને જાણ થઈ કે તેમને રાજ-ભોગની ઇચ્છા છે. તેથી તેમને રાજગાદીએ બેસાડી, તેમનો વેશ પોતે ધારણ કરી વિહાર કરતાં પોણા ત્રણ દિવસે ગુરૂ પાસે પહોંચ્યા. ગુરૂદર્શનનો અભિગ્રહ પૂરો થતાં ગુરૂઆજ્ઞાથી આહારપાણી કર્યા, પણ સાધુના લુખાસુકા આહારપાણી ન સદતાં કાળધર્મ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં એકાવતારી દેવ થયા છે ને એકભવ કરી મોક્ષે જશે. કંડરીકને પણ રાજભોગ ન સદતાં ને વિષયથી ક્ષીણ થતાં તેજ રાત્રિએ મૃત્યુ પામીને સાતમી નરકે ગયો. **સાર એ છે કે સંયમ લીધા પછી ભોગોની આસક્તિ ન રાખવી. ને ગુરૂઆજ્ઞામાં વિચરવું.**

## (૭) શ્રી ઉપાસકદશાંગ–સાતમું અંગસૂત્ર

એક શ્રુતસ્કંધ અને ૧૦ અધ્યયનો છે. ૧૧,૭૦,૦૦૦ પદ હતા. હાલ માત્ર ૮૧૨ સૂત્રાદિ છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં આના ભાવ કહ્યા છેઃ–

"ઉપાસક એટલે ધર્મની ઉપાસના કરનાર તે શ્રાવક, તેની ધર્મકરણીના જે દશ અધ્યયનો પ્રભુએ કહ્યા છે તે "ઉપાસકદશાંગ."

આ સૂત્રમાં શ્રાવકના–દેશવિરતિના ઉત્કૃષ્ટ આચારનું કથન છે. આમાં શ્રાવકની ઋદ્ધિ, નગર, ઉદ્યાન, માતાપિતા, રાજા, સમોસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, ધર્મશ્રવણ, બોધિલાભ, અભિગમન, વિશુદ્ધ સમ્યક્ત્વ, ધર્મમાં સ્થિરતા, મૂળગુણ અને ઉત્તર ગુણના અતિચાર આદિનું કથન, શ્રાવકપણાના કાળની મર્યાદા, શ્રાવકની ૧૧ પડિમા, અભિગ્રહ વગેરે બહુ પ્રકારે લેવા, ઉપસર્ગ સહન કરવા, શીલાચાર, વ્રત, અણુવ્રતાદિ વિરતિ, પ્રત્યાખ્યાન, પોષધવ્રત, મરણાંત સંલેખના, શ્રુતશ્રવણ, તપકરવું, સંથારો કરવો, અંતસમયે આત્માને કર્મથી હળવો કરવો, ઉત્તમ દેવલોકમાં ઉત્પન્ન થવું, દેવલોકના ઉત્તમ સુખ ભોગવવા, દેવનું આયુ પુરૂ કરી ફરી સારા મનુષ્યકુળમાં જન્મ લેવો. જૈનધર્મનું સાંભળવું, બોધિબીજની પ્રાપ્તિ થવી, સમકિતી થઈ સંયમ લેવો, ઉત્તમ પ્રકારે ચારિત્ર પાળવું, વળી સંલેખના સંથારા આદિના તપ કરી સર્વ દુઃખોનો ક્ષય કરી સર્વ કર્મોને ખપાવી, આગામીકાળમાં "મોક્ષગતિને પામશે" ઇત્યાદિ ભાવ "ઉપાસક દશાંગ"માં પ્રરૂપ્યા છે."

શ્રી ઠાણાંગ સૂત્રમાં આ દશ શ્રાવકોના નામ આ પ્રમાણે છેઃ–આનંદ, કામદેવ, ચુલણિપિતા, સુરાદેવ ચુલ્લશતક, કુંડકોલિક, સકડાલપુત્ર, મહાશતક, નંદિનીપિતા, સાલતિયાપિયા. આ સૂત્રમાં પાંચમાંનું–નામ ચુલણિશતક અને દશમાંનું નામ સાલિહિપિયા આપ્યું છે, બીજા બધા નામ સરખા છે.

| નં. | નામ | નગર | પત્ની | ઉપસર્ગ દેનાર–પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | આનંદ | વાણિજયગ્રામ | શિવાનંદા | અવધિજ્ઞાનમાં શંકાનો |
| ૨ | કામદેવ | ચંપાનગરી | ભદ્રા | દેવ–પિશાચનું રૂપ લઈને |
| ૩ | ચૂલણીપિતા | વારાણસી | શામા | દેવ–ભદ્રામાતાને મારવાનો |
| ૪ | સુરાદેવ | ,, | ધન્ના | દેવ–૧૬ રોગ પેદા કરવાનો |
| ૫ | ચૂલણીશતક | આલંભિકા | બહુલા | દેવ–પુત્ર ઘાતનો |
| ૬ | કુંડકોલિક | કંપીલપુર | પુંસા | દેવ–જિન ધર્મ છોડી દેવાનો |
| ૭ | સકડાલપુત્ર | પોલાસપુર | અગ્નિમિત્રા | દેવ–સ્ત્રીને મારી નાખવાનો |
| ૮ | મહાશતક | રાજગૃહિ | રેવતી વિ.૧૩ | રેવતીનો પોષધવ્રતમાં ભોગનો |
| ૯ | નંદિનીપિતા | શ્રાવસ્તી | અશ્વિનાં | ઉપસર્ગ નથી |
| ૧૦ | સાલિહીપિતા | શ્રાવસ્તી | ફાલ્ગુની | ઉપસર્ગ નથી |

**નોંધ :–** નં. ૫નું **ક્ષુદ્રશતક** અને નં.૭નું સદાલપુત્ર નામ પણ મળે છે.

તેમના સંક્ષિપ્ત જીવનચરિત્ર નીચે પ્રમાણે છે :–

(૧) **આનંદ શ્રાવક:**– વાણિજ્યગ્રામ નગરમાં આનંદ નામે એક ધનાઢ્ય શ્રાવક તેની પત્ની શિવાનંદા સાથે અપાર સુખો ભોગવતો રહેતો હતો. ભ. મહાવીર એકદા તે નગરમાં પધાર્યાનું જાણી આનંદ ઘણો જ પ્રસન્ન થયો, અને પ્રભુના દર્શને ગયો. પ્રભુનો ઉપદેશ સાંભળી તેણે કહ્યું :–ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનમાં હું શ્રદ્ધા રાખું છું. તેમાં મારી રુચિ છે. આપે જે ફરમાવ્યું તે જ સંપૂર્ણ સત્ય છે. હિતકારી છે. આપની પાસે ઘણા રાજા, શેઠ, સેનાપતિ વિ.એ દીક્ષા લઈ ચારિત્રધર્મ સ્વીકાર્યો છે. પરંતુ સંયમધર્મની કઠોર ચર્યા પાળવા હું હજી સમર્થ નથી. તેથી શ્રાવક ધર્મના ૧૨ વ્રત આપની પાસે લેવા ઇચ્છું છું

પ્રભુએ કહ્યું:– દેવાનુપ્રિય! તમને જેમ સુખ ઉપજે તેમ કરો. **પ્રમાદ નહીં કરો.**

આનંદ શ્રાવકે પ્રભુ પાસે ૧૨ વ્રત ગ્રહણ કર્યા. તેની પ્રેરણાથી તેની ભાર્યા શિવાનંદાએ પણ પ્રભુ પાસે જઈ ૧૨ વ્રત લીધા. આ ૧૨ વ્રતમાં પહેલા પાંચ અણુવ્રત છે, પછીના ૩ ગુણવ્રત છે અને છેલ્લા ૪ શિક્ષાવ્રત છે. તેના નામ :– પહેલું" સ્થૂળ પ્રાણાતિપાત વિરમણવ્રત અર્થાત્ સ્થૂલ અહિંસાવ્રત, (૨) સ્થૂળ મૃષાવાદ વિરમણવ્રત અર્થાત્ મોટું જુઠું ન બોલવું (૩) સ્થૂળ અદત્તાદાન વિરમણવ્રત, અર્થાત્ મોટી ચોરી લૂંટ વિ. ન કરવા, કે પડેલી કિંમતી વસ્તુની માલીકી ન કરવી કે ચૌર્યબુદ્ધિથી ન લેવી, (૪) સ્વદાર સંતોષવ્રત, પરસ્ત્રીગમન આદિ ન કરવા, અને (૫) સ્થૂળ પરિગ્રહ પરિમાણ વ્રત–પરિગ્રહની મર્યાદા બાંધવી આ પાંચ વ્રત સાધુઓએ જીવનપર્યંત સર્વાંશે. પાળવાના

હોય છે તેથી તેને **"સાધુના પાંચ મહાવ્રત"** કહ્યા છે. શ્રાવકે અમુક અંશે મર્યાદા રાખી પાળવાના હોય છે તેથી તેને **"શ્રાવકના પાંચ અણુવ્રત"** કહ્યા છે. (૬) દિશા પરિમાણવ્રત–દીશામાં જવાની અંતરની મર્યાદા બાંધવી તે, (૭) ઉવભોગ–પરિભોગ પરિમાણવ્રત ભોજનાદિ એક વખત ભોગવવાની વસ્તુ ને વસ્ત્રાદિ વારંવાર ભોગવવાની વસ્તુઓની મર્યાદા કરવી. (૮) અનર્થદંડ વિરમણ વ્રત–આજીવિકા મેળવવા માટે અનિવાર્ય પ્રવૃત્તિ સિવાયની બીજી લેવાદેવા વગરની કરાતી પ્રવૃત્તિ જેમકે નિંદા, કુથલી, પટલાઈ વિ. થી બચવું–આ ૩ વ્રત આગલા પાંચ અણુવ્રતને ગુણ કરે છે તેથી **ગુણવ્રત** કહ્યા છે, (૯) સામાયિક વ્રત (૧૦) દેશાવકાશિત વ્રત–છઠ્ઠા દિશીવ્રતમાં દીશાની મર્યાદા જીવનભરની બાંધવાની હોય છે, જ્યારે આમાં ૧ કે થોડા વધુ દિવસો માટે હોય છે. (૧૧) પૌષધવ્રત અને (૧૨) અતિથિસંવિભાગ વ્રત–સાધુને "અતિથિ" અત્રે કહ્યા છે. તેમને આહાર–ઔષધાદિ ૧૪ પ્રકારની સૂઝતી વસ્તુ ભાવપૂર્વક વોરાવી લાભ લેવો તે.

આનંદ શ્રાવકે આ ૧૨ વ્રત ૧૪ાા વર્ષ સુધી ગૃહસ્થ-વાસમાં રહી ભાવપૂર્વક પાળ્યા. પછી મોટા પુત્રને ઘરનો બધો કારભાર સોંપી પૌષધશાળામાં પાા વર્ષ રહી પાળ્યા અને અંતે આ શરીર ધર્મસાધના માટે હવે કામ આપતું નથી તેમ જાણી મૃત્યુપર્યંતનો સંથારો કર્યો. મનના વિશુદ્ધ પરિણામના લીધે અંતસમયે વિશાળ અવધિજ્ઞાન તેમને થયું, ને ઊર્ધ્વદીશામાં સૌધર્મ નામે પ્રથમ દેવલોકના વિમાન અને નીચે નરકના પાથડા જોવા લાગ્યા. ગોચરીએ પધારેલા ગૌતમસ્વામીએ લોકો પાસેથી આ વાત જાણી તેમને દર્શન

દેવા તેમની પોષધશાળાએ ગયા. ત્યારે ગુરૂના દર્શનથી ભાવવિભોર થઇ તપસ્યાથી કૃશ શરીરના કારણે બેઠા હતા ત્યાંજ રહીં વંદણા કરી આવડું મોટું અવધિજ્ઞાન થયાની વાત કરી. તેથી ગૌતમસ્વામીને સંદેહ ઉપજ્યો કે આવડું મોટું અવધિજ્ઞાન શ્રાવકને થાય નહિ, તેથી અંત સમયનો આ મિથ્યા પ્રલાપ છે એમ માની આનંદ શ્રાવકને મિથ્યા વચનની આલોચના લેવા કહ્યું. ત્યારે આનંદ શ્રાવકે દઢતા પૂર્વક કહ્યું કે વીતરાગમાર્ગમાં શું સત્યવાણીનું પણ પ્રાયશ્ચિત કહ્યું છે? આનંદ શ્રાવકની આવી દઢતા જોઈ ગૌતમ સ્વામી સીધા પ્રભુ પાસે ગયા અને પૂછયું કે શું શ્રાવકને આવડું મોટું અવધિજ્ઞાન થાય ખરૂં? પ્રભુએ કહ્યું હા! સંભવે. આનંદને તેટલું મોટું થયું છે, માટે તમે ગૌચરી વાપર્યા વગર તેમની પાસે જઈ આનંદને ખમાવો અને પ્રાયશ્ચિત લો. ગૌતમસ્વામી પટ્ટગણધર અને ગુરૂ હોવા છતાં તુરત આનંદ શ્રાવક પાસે ગયા, તેમને ખમાવ્યા અને પ્રાયશ્ચિત લીધું. પછી જ ગોચરી વાપરી. તે સમયના જીવોની કેવી અદ્દભૂત સરળતા?

આનંદશ્રાવકને આ રીતે અવધિજ્ઞાનમાં શંકા ઉત્પન્ન કરવારૂપ ઉપસર્ગ આવ્યો. પછી કાળના અવસરે સમાધિભાવે દેહ તજી પહેલાં દેવલોકે અરૂણ વિમાનમાં ઉપજ્યા છે. નોંધ :– ૧૨ વ્રતની વિસ્તૃત સમજ માટે જુઓ લેખકનું આચારધર્મ–આનંદ શ્રાવકનો અધિકાર.

**(૨) કામદેવ શ્રાવક** :– પ્રભુ પાસે આનંદ શ્રાવકની જેમ શ્રાવકધર્મ અંગીકાર કરી પૌષધશાળામાં પોતાની ધર્મઆરાધના રૂડા ભાવથી કરતો હતો. પૌષધ લઈ એક રાત્રિએ ધર્મજાગરણ કરી રહ્યો હતો ત્યારે તેની કસોટી કરવા એક માયાવી દેવ પિશાચનું રૂપ ધારણ કરી ખુલ્લી

તરવાર સાથે આવી બોલ્યો હે કામદેવ ! મોક્ષની મૃગતૃષ્ણામાં તું તારા જીવનને નકામું વેડફી રહ્યો છે. માટે કહું છું કે ધર્મને છોડી દે, નહિતર આ તરવાર વડે તારા કટકે કટકા કરી નાખીશ. આ ધમકીનો કામદેવે સ્વીકાર ન કર્યો અને દેવના ક્રુર પ્રહારો છતાં ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો. તેથી દેવે ક્રોધે ભરાઈ હાથી ને સર્પનું રૂપ બનાવી ભયંકર પીડા ઉપજાવી છતાં કામદેવ ડગ્યો નહિ. તેથી દેવે પોતાનું અસલ રૂપ ધારણ કરી તેની પ્રશંસા કરી ને ખમાવીને સ્વસ્થાને જતો રહ્યો. પછી તે કામદેવે પડિમા પારી વિચાર્યું કે પહેલાં પ્રભુના દર્શન કરી પછી પોષધ પારૂં. પૂર્ણભદ્ર ચૈત્યમાં બીરાજતાં પ્રભુ પાસે જઈ વંદણા નમસ્કાર કરતાં પ્રભુએ ભર પર્ષિદમાં રાત્રિએ દેવનો ઉપસર્ગ થયાનું ને તેમાં દૃઢ રહ્યાનું પૂછતાં તેણે હા કહી. તેથી પ્રભુએ અન્ય સાધુ–સાધ્વીઓને બોધ આપવા કહ્યું "હે આર્યો ! ઘરમાં રહેનારા ગૃહસ્થ શ્રાવક દેવ મનુષ્ય અને હિંસક પશુના ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરે છે ને ડગતા નથી, તો તો તમે તો ગણિપિટકના ધારક પંચમહાવ્રતધારી છો. તેથી તમારે બધાએ તેવા ઉપસર્ગોને સહન કરવા સદા તત્પર રહેવું જોઈએ."

અંતિમ સમયે ૬૦ ભક્તનો સંથારો કરી પહેલા દેવલોકે અરુણનાભ વિમાનમાં ઉપજ્યા છે.

**(૩,૪,૫)** : ત્રીજા અધ્યયનમાં ચુલણી પિતાનો, ચોથામાં સુરાદેવનો અને પાંચમાં અધ્યયનમાં ચુલણીશતક શ્રાવકોના અધિકાર છે, ત્રણેને કોઠામાં દર્શાવ્યા પ્રમાણે દેવોના ઉપસર્ગો થવા છતાં શ્રાવકધર્મમાં અડગ રહ્યા છે, અને આનંદ શ્રાવકની જેમ ૨૦ વર્ષ શ્રાવકધર્મ પાળી, અંતિમ સમયે

સંથારો કરી સમાધિમરણે દેહ તજી પહેલા દેવલોકના અરૂણાભ, અરૂણકાન્ત, અને અરૂણસિદ્ધ નામના જુદા જુદા વિમાનોમાં અનુક્રમે ઉપજ્યા છે.

**(૬) કુંડકોલિક શ્રાવક** :– આનંદ શ્રાવકની જેમ તેણે પણ ભ. મહાવીર પાસે શ્રાવકધર્મ અંગીકાર કર્યો હતો.

એક સમયે બપોર વેળાએ તે અશોકવાટિકામાં બેસી ધર્મચિંતન કરતો હતો. ત્યારે એક દેવે તેની નજીક આવી કહ્યું :– હે કુંડકૌલિક ! શ્રમણ ભ. મહાવીર પ્રરૂપિત ધર્મ યથાર્થ નથી કારણ કે તે ઉત્થાન, ને પરાક્રમપર ભાર મૂકે છે, જ્યારે આ જગતમાં બધું નિયતિ (ભાગ્ય)ના આધારેજ ચાલે છે, તેથી ગોશાલકની ધર્મપ્રરૂપણા જ યુક્તિયુક્ત છે, કારણ કે તેમાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, અને પરાક્રમ જેવું કંઇ પણ નથી. જે કંઈ છે તે માત્ર નિયતિ જ છે, માટે મહાવીરનો ધર્મ છોડીને ગોશાલકની ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કર. કુંડકૌલિકે તેને પૂછ્યું :–અરે દેવ ! તારી આ દિવ્ય ઋદ્ધિ તને શું પુરૂષાર્થ વગર મળી છે ? દેવે કહ્યું :– હા. તેથી કુંડકૌલિકે ફરી પૂછ્યું, તો પછી બધા પુરૂષાર્થહીન લોકો પણ તારી જેમ દેવ થવા જોઈતા હતા, પણ તેવું બનતું દેખાતું નથી. તો તેનું કારણ શું તે બતાવ ? આ સાંભળી દેવ નિરૂત્તર થઇ ગયો અને તેને વંદન કરી ક્ષમા માંગી, કેવળી પ્રરૂપિત ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ને અડગતાની પ્રશંસા કરતો સ્વસ્થાને ગયો. પ્રભુના દર્શને જતાં ભ. મહાવીરે ભર પરિષદમાં કામદેવ શ્રાવકની જેમ તેની શ્રદ્ધા ને દઢતાની પ્રશંસા કરી. શ્રાવકધર્મ ૨૦ વર્ષ પાળી અંતે ૬૦ ભક્તનો સંલેખના સંથારો કરી કાળના અવસરે કાળ પામી પહેલા દેવલોકના અરૂણધ્વજ વિમાનમાં ઉપજ્યા છે.

(૭) **સકડાલ પુત્ર**–તે મોટો કુંભાર હતો. મોટી કુંભશાળા ને ૫૦૦ દુકાન હતી. ગોશાલકનો અનુયાયી હતો. એક દિવસે એક દેવે તેની પાસે પ્રગટીને કહ્યું કે આવતીકાલે બધા દોષોથી રહિત એવા મહામાહણ પધારશે. તું તેમનો સત્કાર કરજે ને ઉપકરણો આપજે.

બીજા દિવસે ભ. મહાવીર પધાર્યાનું જાણી, તેમના દર્શને ગયો, ત્યારે ભ. મહાવીરે દેવ પ્રગટયા વિ. બધી વાત કરી પૂછયું "આ બરાબર છે?" સકડાલે કહ્યું: હા ભગવાન! ત્યારે પ્રભુએ પ્રકાશ પાડયો કે દેવે ગોશાલક સંબંધી નહિ પણ મારા માટે કહ્યું હતું. આ જાણી સકડાલને થયું કે આજ સર્વજ્ઞ છે. તેથી તેમને કુંભશાળામાં પધારવા વિનંતિ કરી. તેની પ્રાર્થનાને સ્વીકારી પ્રભુ કુંભશાળામાં પધાર્યા, અને ઘડા બનાવવાની પ્રક્રિયા તેની પાસેથી જાણી પૂછયું કે ઘડા પુરૂષાર્થથી બન્યા કે નિયતીથી? સકડાલે કહ્યું કે નિયતિથી. ત્યારે પ્રભુએ કહ્યું કોઈ તારા ઘડા ફોડી નાખે કે તારી સ્ત્રી સાથે કુચેષ્ટા કરે તો તેને દંડ આપે કે નહિ?

સકડાલ :– આપુ.

પ્રભુ :– તારા મતાનુસાર તો બધું નિયતિઅનુસાર બને છે. તેથી અપરાધનો દંડ આપવો યોગ્ય નથી. અને દંડ આપે તો તારી નિયતિવાદની માન્યતા બરાબર નથી. તમે તેને મારવા માટે તૈયાર થાઓ, તે જ તારો પુરૂષાર્થ છે.

પ્રભુની આ યથાર્થ વાત સાંભળી સકડાલને પ્રતિબોધ થયો ને પ્રભુને વંદણા કરી, તેમની પાસે ધર્મસ્વરૂપ સમજયો અને શ્રાવકધર્મ અંગીકાર કરી, આનંદની જેમ વિચરવા લાગ્યો.

આ વાત જાણી ગોશાલક તેની પાસે આવ્યો, પણ સકડાલે તેનો આદર સત્કાર કર્યો નહિ, તેથી ભ. મહાવીરની વિધવિધ ઉપમાઓથી સ્તુતિ કરવા લાગ્યો અને તેને પોતાના મતમાં ખેંચવા પ્રયાસ કર્યો, પણ તેમાં તેને સફળતા મળી નહિ, તેથી નિરાશ થઈને ચાલ્યો ગયો. પછી એકદા પોષધ-વ્રત કરીને પોષધશાળામાં રહ્યો હતો ત્યારે એક દેવે તેને ઉપસર્ગ કરી તેના પુત્રના તેની નજર સામે ૯ ટુકડા કરી મારી નાખ્યો, છતાં તે ન ડગ્યો, તેથી તેની પત્ની અગ્નિમિત્રાને પકડી લાવીને મારી નાખીશ એવી ધમકી ત્રણ વાર આપતાં તે દેવને પકડી લેવા ઉઠયો પણ દેવ તો અદૃશ્ય થઈ ગયો, પછી પોષધવ્રતમાં દેવને પકડવા ઊઠયો તેનો દોષ લાગ્યો તેથી તેની આલોચના–પ્રતિક્રમણ કર્યાં ને પ્રાયશ્ચિત લીધું. પછી અંતિમ સમયે સંલેખના સંથારો કરી કાળના અવસરે કાળ પામી અરૂણભૂત વિમાનમાં દેવપણે ઉપજ્યા છે. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉપજી સંયમ લઈ સિદ્ધ થશે.

(૮) **મહાશતક :–** આઠમું અધ્યયન છે. આનંદ શ્રાવકની જેમ જ પ્રભુ પાસે શ્રાવકધર્મ અંગીકાર કરી શુદ્ધ ભાવે પાળવા લાગ્યો. ફરક એટલો જ છે કે તેને રેવતી પ્રમુખ ૧૩ પત્ની હતી. રેવતી બહુ જ કામપિપાસુ ને માંસ લોલુપી હતી. તેથી શોકયો તેને કાંટારૂપ લાગતી એટલે છને વિષપ્રયોગથી અને છ ને શસ્ત્રોથી મારી નાખી, પોતે સ્વચ્છંદપણે મહાશતક સાથે કામભોગ ભોગવવા લાગી.

એક વેળા મહાશતક પોષધશાળામાં ધર્મધ્યાનમાં લીન હતા, ત્યારે તેની પાસે જઈ નશામાં ચકચૂર બની નિર્લજ્જ-પણે કામયાચના કરવા લાગી, પણ મહાશતક મૌન રહેતા

તે ચાલી ગઈ. પછી મહાશતક શ્રાવકની પહેલી પડિમા અંગીકાર કરી વિચરવા લાગ્યો, તેથી તે અતિ દુર્બળ થઇ ગયો ને નસેનસ દેખાવા લાગી, એટલે શરીર હવે ધર્મ-સાધના માટે સમર્થ નથી તેમ સમજી સંલેખના સંથારો કરી વિચરવા લાગ્યો. પછી શુભ અધ્યવસાયથી તેને હજાર યોજન ક્ષેત્ર દેખાય તેટલું અવધિજ્ઞાન ઉપજ્યું, ત્યારબાદ ફરી ઉન્મત્ત થઈ રેવતી તેની પાસે આવી કામ ભોગની માગણી કરવા લાગી. તેથી શ્રાવકજીને ક્રોધ આવી ગયો, ને જ્ઞાનનો ઉપયોગ લગાવી રેવતીને કહ્યું કે હે અનિષ્ટને ચાહનારી રેવતી! તું ૭ રાત્રીની અંદર કોલેરાથી મૃત્યુ પામીશ; અને પહેલી નરકમાં ઉપજીશ. આથી રેવતી ભય પામી પોતાને ઘેર આવી ને આર્તધ્યાન કરતી કહ્યા પ્રમાણે મૃત્યુ પામી, પહેલી નરકમાં ઉપજી છે.

એ સમયે પ્રભુ તે રાજગૃહી નગરીમાં પધાર્યા, પ્રભુ તો મનમનની વાત જાણે છે, તેથી શ્રાવકના હિતાર્થે ગૌતમ સ્વામીને મહાશતક પાસે એમ કહેવા મોકલ્યા કે સંલેખના વ્રતમાં અન્યજીવને દુઃખદાયી થાય તેવું વચન બોલવું કલ્પતું નથી; માટે તેની આલોચના કરી પ્રાયશ્ચિત લો. ગૌતમસ્વામીએ પ્રભુની આજ્ઞા સ્વીકારી મહાશતક પાસે જઈ પ્રાયશ્ચિત લેવરાવ્યું. અને અંતે કાળનો અવસર આવતાં સમાધિમરણે કાળ પામી સૌધર્મ કલ્પના અરુણાવતંસક વિમાનમાં દેવપણે ઉપજ્યા છે. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે.

## (૯) નંદિનિપિતા ને (૧૦) સાલિહિપિતા :–

આ બંને શ્રાવકોના અધ્યયનો પૂર્વવત જાણવા, ફરક

એટલો કે તે બંનેને કોઇ ઉપસર્ગ નડ્યા નથી, અનુક્રમે અરૂણગય ને અરૂણકાલ વિમાનમાં ઉપજ્યા છે.

આ પ્રમાણે આનંદાદિ દશે શ્રાવકો પ્રભુ પાસે શ્રાવકધર્મ અંગીકાર કરી ૧૪ાા વર્ષ ગૃહવાસમાં ને ૫ાા વર્ષ પૌષધ-શાળામાં એમ કુલ ૨૦ વર્ષ પાળી અંતિમ સમયે ૬૦ ભક્તની સંલેખના એક માસનો સંથારો કરી કાળના અવસરે કાળધર્મ પામી પહેલા દેવલોકના જુદા જુદા વિમાનોમાં ૪ પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉપજ્યા છે અને ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉપજી, બધા સિદ્ધ, બુદ્ધ ને મુક્ત થશે.

ભ. મહાવીર ઉપાસકોની સાધના પ્રત્યે કેવું રૂડું ધ્યાન રાખતા તેનું ભાવવાહી નિરૂપણ આ આગમમાં જોવા મળે છે, સમય પ્રમાણે તેમને પ્રોત્સાહન ભરપરિષદમાં આપતા અને કંઈ દોષ લગાડે ત્યારે સાવધાન કરી પ્રાયશ્ચિત લેવરાવી દોષની નિવૃત્તિ પણ કરાવતાં, પ્રભુની આ જ વિશેષતા છે; તેવા પ્રભુનું શરણું અંગીકાર કરીને આપણે પણ આપણા માનવભવને સાર્થક કરીએ તો જ આ આગમ-સારનું લેખન સાર્થક નીવડે.

## (૮) અંતગડદસાઓ—અંતગડદસાંગ–૮ મું અંગસૂત્ર

એક શ્રુતસ્કંધ, ૧૦ ઉદ્દેશા અને ૧૦ સમુદ્દેશા છે, મૂળ ૨૩૧૮૦૦૦ પદો હતા, હાલ ૯૦૦ છે, ૮ વર્ગ અને ૯૦ અધ્યયનો છે.

સાતમા ઉપાસકદશાંગમાં ભગવાને શ્રમણોપાસકના ચરિત્રવર્ણન કરીને અગાર-શ્રાવકધર્મનો પ્રતિબોધ કર્યો.

હવે આમાં અણુગાર (સાધુ) ધર્મને સ્વીકારી જે મહાત્માઓ તદ્ભવે જ (તે જ ભવમાં) મોક્ષે જવાના છે, તથા જેમણે અંતકાળે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ધર્મદેશના દીધા વિનાજ મુક્તિ મેળવી એમના ચારિત્રનું વર્ણન છે. **અંતકાળે કેવળ પ્રગટ્યું તેથી અંતગડ કેવળી કહેવાયા.**

સમવાયાંગમાં તેના ભાવ આ પ્રમાણે કહ્યા છે :—

"અંતગડદશાંગમાં સંસારનો તેજ ભવે અંત કરનાર જીવોના નગર, ઉદ્યાન, વ્યંતર, ચૈત્ય, વનખંડ, રાજા, માતા, પિતા, સમોસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોકની રિદ્ધિ સિદ્ધિ, ભોગ–પરિત્યાગ, પ્રવજ્યા (દીક્ષા), શ્રુતજ્ઞાનનું મેળવવું, તપ, ઉપધાન, પડિમા, બહુપ્રકારે ક્ષમા, સરળતા, મૃદુતા, શૌચ, સત્ય, સત્તર પ્રકારના સંયમ, ને ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યનું પાલન, અકિંચનપણું, તપ, ક્રિયા, સમિતિ, ગુપ્તિ, અપ્રમાદ, યોગ, સ્વાધ્યાય, ધ્યાન ઈત્યાદિના લક્ષણ આમાં કહ્યા છે, પછી ઉત્તમ સંયમ પાળવાવાળા, પરિષહો જીતવાવાળા, ચાર ઘનઘાતી કર્મો ક્ષય કરી કેવળ-જ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરનારા, જેટલા વર્ષોની સંયમ પર્યાય હતી તે ઉત્તમ પ્રકારે પાળીને અંતે અંતકાળ જાણી પાદોપગમન સંથારો કરી, ભક્ત પ્રત્યાખ્યાનાદિ કરી જેમણે સંસારને છેદી નાખ્યો તેવા અંતગડ (અંતકૃત) મુનીવરોનું કે જેમણે અંધકારરૂપી કર્મરજથી મુક્ત થઈ અનુત્તર પ્રધાન મોક્ષ સુખને પ્રાપ્ત કર્યા તેમના અધિકાર આમાં કહ્યા છે."

**પ્રથમ વર્ગના દશ અધ્યયન** (૧) ગૌતમ, (૨) સમુદ્ર, (૩) સાગર (૪) ગંભીર, (૫) સ્થિમિત (૬) અચળ, (૭) કંપિત, (૮) અક્ષોભ, (૯) પ્રસેનજીત અને (૧૦) વિષ્ણુકુમારના છે.

**બીજા વર્ગના આઠ અધ્યયન** (૧) અક્ષોભ, (૨) સાગર, (૩) સમુદ્ર, (૪) હિમવાન, (૫) અચળ (૬) ધરણ (૭) પૂરણ અને (૮) અભિચંદ્રના છે.

આ અવસર્પિણી કાળના ચોથા આરામાં ૨૨માં તીર્થંકર ભગવંત નેમનાથના સમયમાં શ્રીકૃષ્ણ વાસુદેવ દ્વારકાનગરીમાં રાજ કરતા હતા, ત્યારે ઉપરોક્ત અઢારે કુમારોએ નેમનાથ ભગવાનની દેશના સાંભળી, વૈરાગ્યવાસિત બની તેમની પાસે દીક્ષા લીધી હતી. તે બધાએ એક માસની ભિક્ષુ પડિમાનું અને ગુણરત્ન તપનું પ્રભુની આજ્ઞા લઇ સમ્યક્ આરાધન કર્યું હતું. પ્રથમ વર્ગના દશે ૧૨ વર્ષ દીક્ષા પર્યાય પાળી અને બીજા વર્ગના આઠે મુનિઓએ ૧૬ વર્ષ દીક્ષા પાળી નેમ પ્રભુની આજ્ઞા લઇ શત્રુંજય પર્વત પર એક માસનો સંલેખના સંથારો કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. પરિનિર્વાણને પામ્યા.

આ અઢારે કુમારો અંધકવિષ્ણુ રાજા અને ધારિણી રાણીના પુત્રો હતા.

**ત્રીજા વર્ગના ૧૩ અધ્યયનો** (૧) અણીયસેન, (૨) અનંતસેન, (૩) અજિતસેન, (૪) અનિહતરિપુ, (૫) દેવસેન અને (૬) શત્રુસેન—આ છએ ભાઇ વસુદેવ રાજા અને દેવકીજીના પુત્રો હતા. મથુરાના રાજા મામા કંસની જેલમાં જન્મ્યા હતા અને ભદ્દિલપુરની સુલસા ગાથાપતિને ત્યાં ઉછર્યા હતા. (૭) સારણ, (૮) ગજસુકુમાલ, (૯) સુમુખ, (૧૦) દુમુખ, (૧૧) કૂપક, (૧૨) દારૂક અને (૧૩) અનાદૃષ્ટિ કુમારના છે.

ગજસુકુમાલ પણ વસુદેવ અને દેવકીજીના પુત્ર હતા. બાકીના છમાં દારૂક અને અનાદષ્ટિ વસુદેવની ધારિણીરાણીના પુત્રો હતા, અને સુમુખ, દુમુખ અને કૂપદારક એ ત્રણ બળદેવ ને ધારિણીરાણીના પુત્રો હતા. આ બધા નેમનાથ ભગવાન પાસે દીક્ષા લઈ, સિદ્ધ બુદ્ધ અને મુક્ત થયા છે.

**વર્ગ ચોથો અધ્યયન ૧૦** (૧) જાલિ, (૨) મયાલિ, (૩) ઉવયાલી, (૪) પુરુષસેન, (૫) વારિસેન, (૬) પ્રદ્યુમ્ન, (૭) સાંબકુમાર, (૮) અનિરૂદ્ધ. (૯) સત્યનેમિ અને (૧૦) દઢનેમી કુમારના છે.

પહેલા પાંચ વસુદેવ અને ધારિણીના, પ્રદ્યુમ્ન શ્રીકૃષ્ણ અને રૂક્મિણીના, સાંબ શ્રીકૃષ્ણ અને જાંબવતીના, અનિરૂદ્ધ પ્રદ્યુમ્ન અને વૈદુભીંના પુત્રો હતા, અને સત્યનેમિ અને દઢનેમિ સમુદ્રવિજય અને શિવાદેવીના પુત્રો એટલે કે નેમનાથ ભગવાનના નાના ભાઈઓ હતા.

આ બધાયે પણ દીક્ષા લઈ ૧૬ વર્ષ પાળી એક માસનો સંથારો કરી શત્રુંજય પર સિદ્ધ થયા.

**વર્ગ પાંચમો ૧૦ અધ્યયનો** (૧) પદ્માવતી (૨) ગોરી, (૩) ગાંધારી, (૪) લક્ષ્મણા (૫) સુસીમા, (૬) જાંબવતી, (૭) સત્યભામા, (૮) રૂક્મિણી—આ આઠે શ્રીકૃષ્ણની પટરાણીઓ હતી, અને (૯) મૂળશ્રી અને (૧૦) મૂળદત્તા – આ બે શ્રીકૃષ્ણના પુત્ર સાંબકુમારની પત્ની હતી.

આ વર્ગમાં શ્રી કૃષ્ણે પ્રશ્નો પૂછતાં પ્રભુએ કહ્યું કે દ્વારિકાનો નાશ, દારૂ, અગ્નિ અને દ્વૈપાયન ઋષિના કોપના કારણે થશે. માત્ર તમે અને બળદેવ અગ્નિકાંડમાંથી બચશો,

પણ પાંડવો પાસે જતાં અધવચાળે વનમાં જરાકુમારના બાણથી તમારૂં મૃત્યુ થશે અને ત્રીજી નરકમાં જશો. ત્યાંથી નીકળી આવતી ચોવીસીમાં બારમા **અમમ તીર્થંકર થશો.** આ સાંભળી શ્રીકૃષ્ણે દ્વારિકામાં ઘોષણા કરાવી કે જેને સંયમ લેવો હોય તે લે. તેથી ઉપરોક્ત આઠ પટરાણી તથા બે પુત્રવધુઓ સંયમ લઈ, સંથારો કરી સિદ્ધપદને પામી.

**વર્ગ છઠ્ઠો ૧૬ અધ્યયનો** (૧) મકાઈ, (૨) કિંકમ (વિક્રમ ગાથાપતિ) (૩) મુદ્દગરપાણી યક્ષ – અર્જુનમાળીનું ચરિત્ર છે, (૪) કાશ્યપ, (૫) ક્ષેમ, (૬) ધૃતિધર, (૭) કૈલાસ, (૮) હરિશ્ચંદ્ર, (૯) વિરક્ત, (૧૦) સુદર્શન, (૧૧) પૂર્ણભદ્ર, (૧૨) સુમનભદ્ર (૧૩) સુપ્રતિષ્ઠ, (૧૪) મેઘ, (૧૫) અતિમુક્તકુમાર, અને (૧૬) અલક્ષ, (અલખરાજા) ના છે. આ બધા ભગવાન મહાવીર સ્વામીનો બોધ સાંભળી, તેમની પાસે સંયમ લઈ, અંતે સંથારો કરી વિપુલગીરી પર્વત પર સિદ્ધ થયા છે.

**વર્ગ સાતમો ૧૩ અધ્યયનો** (૧) નંદા, (૨) નંદવતી, (૩) નંદોત્તરા, (૪) નંદશ્રેણિકા, (૫) મરૂતા, (૬) સુમરૂતા, (૭) મહારૂતા, (૮) મરૂદેવા, (૯) ભદ્રા, (૧૦) સુભદ્રા, (૧૧) સુજાતા, (૧૨) સુમનાતિકા, (સુમતિ), અને (૧૩) ભૂતદીનાના છે. આ બધી શ્રેણિક રાજાની રાણીઓ હતી. મહાવીર પ્રભુની ધર્મકથા સાંભળી દીક્ષા લઈ ૨૦ વર્ષ પાળી બધી સિદ્ધપદ પામી.

**વર્ગ આઠમો ૧૦ અધ્યયનો** (૧) કાલી, (૨) સુકાલી, (૩) મહાકાલી, (૪) કૃષ્ણા, (૫) સુકૃષ્ણા,

(૬) મહાકૃષ્ણા, (૭) વીરકૃષ્ણા, (૮) રામકૃષ્ણા, (૯) પિતૃસેનકૃષ્ણા અને (૧૦) મહાસેન કૃષ્ણા – ના છે.

આ બધી પણ શ્રેણિક રાજાની રાણીઓ છે. તે દશે રાણીના પુત્રો કોણિક રાજા સાથે ચેડારાજા સામે યુદ્ધમાં ગયા છે. તેથી મહાવીરસ્વામી પાસે જઈ તે બધા હેમખેમ પાછા આવશે કે કેમ તે પૂછતાં પાછા નહિ ફરે એમ જાણી વૈરાગ્ય પામી પ્રભુ પાસે દીક્ષા લઈ, દરેકે રત્નાવલી આદિ જુદા જુદા દીર્ઘ કઠીન તપની આરાધના કરી. જિજ્ઞાસુએ ગુરૂગમથી જાણવું. અંતે એકમાસનો સંથારો કરી જે હેતુ માટે સંયમ લીધો હતો તે હેતુ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરી સિધ્ધ બુદ્ધ અને મુકત થઈ છે.

આ સુત્ર તપપ્રધાન છે. અનંતા ભવના પાપકર્મો તપ વિના ખપાવી શકાતા નથી. તે પૂર્વસંચિત કર્મો બળીને ભસ્મીભૂત ન થાય ત્યાં સુધી જીવાત્મા મુક્તાત્મા, સિદ્ધ પરમાત્મા બની શકતો જ નથી. તેથી સંયમ લઈને મોક્ષ-માર્ગની સાધનામાં ચારિત્ર અને તપને ખાસ પ્રધાનતા આપી છે. મોક્ષમાર્ગ ભગવાને જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપરૂપી કહ્યો છે. તેમાં જ્ઞાન-દર્શન મોક્ષસ્વરૂપને જાણવાની અને દેખવા (શ્રદ્ધા કરવા)ની બે આંખ સમાન છે. તો ચારિત્ર અને તપ ત્યાં પહોંચવાની પાંખો કહી છે. ચારેનો સમન્વય સધાય એટલે મુક્તિ પણ સધાય એ પરમાર્થ આ બધા મહાન આત્મા-ઓના ચરિત્રમાંથી આપણને મળે છે. આ સૂત્રના સ્વાધ્યાયથી આપણને પણ મોક્ષમાર્ગ આરાધવાની પ્રેરણા અને શક્તિ મળે એ જ જિનેશ્વર પ્રત્યે અભ્યર્થના.

**આગમોમાં અંતગડ સૂત્રનું ઉચ્ચસ્થાન છે. ઉત્તર ભારતમાં આ સૂત્ર પર્યુષણ પર્વના માંગલિક**

**દિવસોમાં વાંચવામાં આવે છે. તેના ૮ વર્ગ છે, તે પર્યુષણના આઠ દિવસોમાં જ પૂરા કરવામાં આવે છે.**

આ સૂત્રના બધા અધ્યયનોનું વિસ્તૃત કથન લેખકની મોટી સાધુ વંદણા પુસ્તકમાં કરવામાં આવેલ છે. જિજ્ઞાસુએ તેમાંથી જોવું.

## (૯) અણુત્તરોવવાઈયદસાઓ–અનુત્તરો–પપાતિકદસાંગ

એક શ્રુતસ્કંધ, દશ અધ્યયન, ત્રણવર્ગ, દશઉદ્દેશા, દશ સમુદ્દેશા, સમવાયાંગમાં કહ્યા છે.

પહેલા ૯૪,૦૪,૦૦૦ પદો હતા. હાલ ૨૯૨ ગાથા પ્રમાણ છે. ૩ વર્ગમાં ૩૩ અધ્યયન છે.

**વ્યાખ્યા** :–અણુત્તરો અનુત્તર અર્થાત્ જેનાથી ચડિયાતા બીજા કોઈ નથી તેવા, ઉવવાઈય=ઉપપાતિક અર્થાત્ દેવોના જન્મને ઉપપાત જન્મ કહે છે.કારણે કે તે મનુષ્યની જેમ માતાની કુખે જન્મતા નથી, પણ યુવાનપણે દેવશૈય્યામાં ઉપજે છે. તે ઉપપાત જન્મ પણ જેના અનુત્તર વિમાનોમાં થાય છે તે અનુત્તરોપપાતિક. તે દેવલોકો–વિમાનો પાંચ છે. (૧) વિજય. (૨) વૈજયંત. (૩) જયંત. (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ. આ પાંચેય વિમાન દેવલોકના અગ્રભાગે રહેલા છે. સર્વાર્થસિદ્ધ વિમાન તો મુક્તિશીલાથી બાર જ જોજન દૂર છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપજેલા નિયમા એક અવતાર કરી અવશ્ય મોક્ષે જાય છે. તેવા એકાવતારી મહાત્માઓનો આમાં અધિકાર છે, તેથી અનુત્તરોપપાતિક-દસાંગ સૂત્ર કહેવાય છે.

**સમવાયાંગમાં આના ભાવ આ પ્રમાણે કહ્યા છે :-**

"આ અનુત્તર વિમાનોમાં ઉપજેલા જીવોના નગર, ઉદ્યાન, માતાપિતાદિનું વર્ણન." "ઉપાસકદશાંગ"ની જેમ જાણવું. તે ઉપરાંત તીર્થંકરના સમોસરણ, અતિશય, શીષ્યો કે જે જાતિકુળ આદિથી ઉત્તમ, તપસ્વી, વિશિષ્ઠ જ્ઞાનયુક્ત, જિનશાસનના હીતકારી, જિનેશ્વરની જેમ મનુષ્યાદિને ધર્મોપદેશ દેવાવાળા, વિષયોથી વિરકત, સર્વ-વિરતિરૂપ ઉદાર દયાધર્મને અંગીકાર કરવાવાળા, ઘણા વર્ષો ગુર્વાદિની સેવા કરી રત્નત્રયીની આરાધના કરવાવાળા, જિનવચન અનુસાર બોલવાવાળા જિનવચનોને હૃદયમાં ધારણ કરવાવાળા, સમાધિવંત ઉત્તમ ધ્યાનયુક્ત એવા જે પ્રભુના મુનીવર શિષ્યો જે અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થઈ, ત્યાંના કામભોગો ઉત્તમ પ્રકારે ભોગવી, ત્યાંથી ચ્યવીને અનુક્રમથી જે અંતક્રિયા અર્થાત્ ભવનો અંત કરશે, તેમના અધિકાર આમાં કહ્યાં છે,"

પ્રત્યેક તીર્થંકરોના સમયમાં દસ, દસ અનુત્તરોપપાતિક શ્રમણોનું ચરિત્ર કથન થાય છે.

આ સૂત્ર ત્રણ દિવસમાં કહેવાનું છે.

**પ્રથમ વર્ગના દશ અધ્યયન** (૧) જાલી, (૨) મયાલી, (૩) ઉપજાલી, (૪) પુરૂષસેન, (૫) વારિસેન, (૬) દીર્ઘદંત (૭) લષ્ઠદંત, (૮) વિહલ્લ (૯) વિહાંસ (વૈયાહસ) અને (૧૦) અભયકુમાર—આ બધાના પિતા શ્રેણિકરાજા, અને પહેલા સાતની માતા ધારિણી, વિહલ્લ અને વિહાંસ ચેલ્લણા રાણીના અને અભયકુમાર નંદારાણીના પુત્રો હતા.

**બીજા વર્ગના ૧૩ અધ્યયન** (૧) દીર્ઘસેન, (૨) મહાસેન, (૩) લષ્ઠદંત, (૪) ગૂઢદંત, (૫) શુદ્ધદંત (૬) હલ્લ, (૭) દ્રુમ, (૮) દ્રુમસેન, (૯) મહાસેન, (૧૦) સિંહ, (૧૧) સિંહસેન, (૧૨) મહાસિંહસેન અને (૧૩) પુણ્યસેન–આ તેરેય કુમારોના પિતા શ્રેણિકરાજા માતા ધારિણીરાણી, તથા દીક્ષાપર્યાય ૧૬ વર્ષની હતી.

ઉપરોક્ત બંને વર્ગના ત્રેવીશે રાજકુમારોએ ભગવાન મહાવીર પાસે મેઘકુમારની જેમ દીક્ષા ગ્રહણ કરેલ. બહુ વર્ષો ઉત્તમ નિરતિચાર ચારિત્ર પાળ્યું, કઠીન તપસ્યાઓ કરી, અંતસમયે એકેક માસનો સંલેખના સંથારો કરી, પોતાના શરીરનો નિર્મમત્વભાવે ત્યાગ કરી અનુત્તર વિમાનોમાં ઉપજ્યા છે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉપજી, સંયમ લઈ, નિરતિચાર પાળી સર્વ દુઃખોનો અંત કરશે. સિદ્ધ, બુદ્ધ, અને મુક્ત થશે.

**ત્રીજા વર્ગમાં દશ અધ્યયન** (૧) કાકંદીના ધન્નાકુમાર, (૨) સુનક્ષત્ર, (૩) ઋષિદાસ, (૪) પેલ્લકપુત્ર, (૫) રામપુત્ર, (૬) ચંદ્રકુમાર, (૭) પોષ્ટિકપુત્ર, (૮) પેઢાલપુત્ર, (૯) પોટિલ્લ અને (૧૦) વિહલ્લકુમારના છે.

આ વર્ગના બધા સાર્થવાહ (વેપારી)ના પુત્રો છે, અને વિશેષતા એ છે કે બધાની માતા જુદી જુદી હોવા છતાં તે બધી માતાઓનું નામ "ભદ્રા" હતું. અને પ્રથમના નવ કુમારોને તેમની માતાએ દીક્ષા અપાવેલ જ્યારે દશમા વિહલ્લકુમારને તેમના પિતાએ અપાવેલ. 'પ્રભુ મહાવીર પાસે દીક્ષા લઈ ધન્નાકુમારે ધન્ના અણગાર બની દીક્ષા વખતે એવો અભિગ્રહ ધારણ કરેલો કે જાવજીવ છટ્ઠને પારણે છટ્ઠ

કરવો, અને પારણામાં લુખાસુકા આહારવાળું આયંબિલ તપ કરવું. આ રીતે તપ કરતાં ૯ માસમાં તો કાયાને સુકવી નાખી, ચાલતાં હાડકા ખડખડ અવાજ કરવા લાગ્યા. ખુદ ભગવાન મહાવીર સ્વામીએ તેમના સર્વ સાધુઓમાં તેમના તપને શ્રેષ્ઠ કહ્યું. પછી પ્રભુની આજ્ઞા લઈ વિપુલગીરી ઉપર એક માસનો સંથારો કરી સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ઉપજ્યા છે. ત્યાંથી ચ્યવી રાજકુમારોની જેમ નિર્વાણપદને પામશે.

બીજા નવે કુમારોનો અધિકાર ધન્ના અણગાર જેમ જાણવો. આ બધાના અધિકાર પણ મોટી સાધુવંદણામાં આપેલ છે.

## (૧૦) પ્રશ્નવ્યાકરણ-પણ્હાવાગરણ ૧૦ મું અંગસૂત્ર

એક શ્રુતસ્કંધ, દશ અધ્યયન, ૪૫ ઉદ્દેશા અને ૪૫ સમુદ્દેશા છે. પહેલા ૯,૩૧,૧૬૦૦૦ પદ હતા હાલ—૧૨૫૦ છે. પહેલા ૪૫ અધ્યયનો હતા તેમ નન્દી સૂત્રમાં છે.

**વ્યાખ્યા**—વ્યાક્રિયતે પ્રશ્નાન્તરમુત્તરતયાઽભિધીયતે નિર્ણાયકત્વેન યત્તત્તથા વ્યાકરણમ્। સંધી છુટી પાડવાથી "વ્યાક્રિયતે પ્રશ્નાન્તરમ્ ઉત્તરતયા અભિધીયતે નિર્ણાયકત્વેન યદ્ તદ્ તથા વ્યાકરણમ્ ॥ અર્થાત્" પુછાયેલા પ્રશ્નોના નિર્ણાયાત્મકરૂપે જવાબ જેમાં હોય તે "વ્યાકરણ" કહેવાય છે અને તેવા પ્રશ્નોત્તરવાળુ સૂત્ર તે "પ્રશ્નવ્યાકરણ સૂત્ર."

**સમવાયાંગમાં આના ભાવ આ પ્રમાણે કહ્યા છે :—**

"પ્રશ્નનો ઉત્તર કહેવો તે પ્રશ્નવ્યાકરણ. આમાં ૧૦૮

પ્રશ્નો ૧૦૮ અપ્રશ્ન અને ૧૦૮ પ્રશ્નાપ્રશ્ન, સ્તંભિની આદિ વિદ્યાઓ, અને નાગ, સુવર્ણકુમારાદિની સાથેના તાત્ત્વિક સંવાદનું વર્ણન છે. (આ પ્રશ્નો–મંત્રવિદ્યાઓ ગુઢ હતા. હાલ બધુ વિચ્છેદ ગયું છે.)

મૂળ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં "પ્રશ્ન" નો અર્થ "સવાલ" પૂછવો તેવો નથી, પણ મંત્ર, જ્યોતિષ, આદિ ગૂઢ અને ચમત્કારીક વિદ્યાઓ સંબંધિત વિષયચર્ચારૂપે હતો તેમ નંદીસૂત્ર આદિ આગમોથી જાણવા મળે છે. નંદી, સમવાયાંગ, સ્થાનાંગ આદિની વૃત્તિ અનુસાર ચમત્કારીક પ્રશ્નોનું વ્યાકરણ જે સૂત્રમાં કહ્યું હોય તે "પ્રશ્નવ્યાકરણ" છે.

મૂળ સૂત્રમાં જે ચમત્કારીક મંત્ર, તંત્રાદિ વિદ્યાઓ હતી, તેનો દુરૂપયોગ કોઈ ન કરે તે માટે તેનો વિચ્છેદ કરી, ગીતાર્થ સ્થવિર ભગવંતોએ પાંચ આશ્રવના દ્વાર રૂપી અધર્મનું, અને પાંચ સંવરના દ્વાર રૂપી ધર્મનું નિરૂપણ વર્તમાન સૂત્રમાં ૧૦ અધ્યયનમાં નીચે પ્રમાણે કરેલ છે, તેવી ધારણા છે. આ ધારણાને આચાર્ય અભયદેવ અને જ્ઞાનવિમલનું સમર્થન છે.

## પાંચ આસ્રવ યાને અધર્મના પાંચ દ્વાર :—

**(૧) પહેલા અધ્યયનના પહેલા અધર્મદ્વારમાં જીવહિંસાનું કથન છે.** હિંસા મહાપાપ છે. તેનું ફળ નરકાદિ દુર્ગતિ છે. હિંસક કાર્યોથી કદાપિ મોક્ષપ્રાપ્તિ થતી નથી. અર્થ અને કામભોગ માટે કરાતી હિંસા દુર્ગતિદાયક જ છે, પણ ધર્મના નામે કરાતી હિંસા પણ તેવીજ દુર્ગતિના દુઃખો દેનારી છે. કાયાથી કોઇપણ જીવને મારીએ કે પીડા

ઉપજાવીએ તે તો હિંસા છે જ. પણ મન અને વચનથી કોઈને દુભવીએ તે પણ હિંસા છે. તેથીજ અનંતા તીર્થંકરોએ મન, વચન, કાયાથી કોઈપણ જીવની હિંસા ન કરવાનું પ્રથમ અંગસૂત્ર શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં જ ફરમાવ્યું છે. આમાં પ્રાણીવધ આદિ હિંસાના ૩૦ પર્યાયવાચી નામો બતાવ્યા છે.

જીવહિંસા કરનારને તો પાપ લાગે જ છે. પણ તેની અનુમોદના કરનારને પણ પાપકર્મ બંધાય છે. તે પ્રમાણે બાકીના ચારે આસ્રવદ્વારમાં પણ સમજવું.

**(૨) બીજા અધ્યયનમાં મૃષાવાદ અર્થાત્ અસત્યનું નિરૂપણ છે.** તેના પણ ૩૦ નામ કહ્યા છે. અસત્યવાદીનો આ લોકમાં પણ કોઈ વિશ્વાસ કરતું નથી, અને પરલોકમાં તેને તિર્યંચ–નરકાદિ દુર્ગતિના દુઃખો ભોગવવા પડે છે. જે વચન બોલવાથી જીવોને પીડા પહોંચે તે વચન હકીકતે સત્ય હોવા છતાં પરમાર્થથી "અસત્ય" કહ્યું છે અને મોક્ષમાર્ગમાં બાધક કહ્યું છે.

મૃષાવાદિઓની ગણતરીમાં જુગારી, ગીરો રાખનાર વેપારી, ઓછું જોખનાર; નકલી સિક્કા પાડનાર, ચાડી ખાનાર, લોભી, સ્વાર્થી વગેરેના નામો બતાવ્યા છે. ઉપરાંત નાસ્તિક મતવાળા, એકાંતવાદી અને કુદર્શનીઓને પણ મૃષાભાષી કહ્યા છે.

**(૩) ત્રીજા અધ્યયનમાં અદત્તાદાનનું સ્વરૂપ કહ્યું છે** કોઈના દીધા વગર વસ્તુ લેવી તેને તીર્થંકરોએ "અદત્તાદાન" કહ્યું છે. પંચમહાવ્રતધારી સાધુ તો દાંત ખોતરવાની સળી પણ દીધા વગર લઈ શકે નહિ. એટલે "અદત્ત" એ ચોરી કરતાં પણ વિશેષ રહસ્ય ભાવવાળું છે. ચોરીને ચિંતા અને

ભયની જનની કહી છે, બીજાનું ધન કે ચીજ લઈ લેવા તે તો ચોરી છે જ, પણ બીજાના અધિકાર, વિચાર કે ભાવ છીનવી લેવાને પણ ચોરી કહી છે. મહાવીરસ્વામીએ કહ્યું છે :– અતિ તૃષ્ણાવાળા, પર–ધન અને પારકી ભૂમિ, પશુ વગેરેની આસક્તિ રાખનારા, અન્ય દેશો પર આક્રમણ કરનારા, દાણચોર, વગેરેને પણ ચોર કહ્યા છે. ચોર સદા ભયાકુળ રહે છે તેથી ન તો આ લોકમાં તેને શાંતિ મળે છે; ન તો પરલોકની સદ્‌ગતિ. આના ૩૦ નામ કહ્યા છે.

(૪) **ચોથું અધ્યયન અબ્રહ્મ :–** મૈથુન સેવનને અધર્મનું મૂળ, આત્માનું પતન કરનાર, મહાદોષોનું ઉત્પત્તિ સ્થાન અને વૃદ્ધિ કરનાર, મોક્ષમાર્ગનું બાધક કહ્યું છે. જરા–મરણ, રાગ–દ્વેષ, શોક તથા મોહને ઉપજાવી વધારનારું કહ્યું છે, આના "અબ્રહ્મ" આદિ ૩૦ નામો સિદ્ધ કર્યા છે. ઘી સીંચવાથી જેમ અગ્નિ વધુ ને વધુ પ્રજ્વલિત થાય છે. તેજ પ્રમાણે કામભોગો ભોગવવાથી વાસનાની તૃપ્તિ થતી નથી. પણ કામાગ્નિ વધુ ને વધુ ભડકે છે. બ્રહ્મચર્યના વિશુદ્ધ પાલનથી અગર તો તેની મર્યાદા બાંધતા જવાથીજ કામાગ્નિ શાંત થાય છે, અને ક્રમે ક્રમે નિર્મૂળ થાય છે. તે સિવાય બીજો કોઈજ માર્ગ નથી,

અબ્રહ્મની ઈચ્છાને લીધે સીતા, દ્રૌપદી, આદિના દષ્ટાંતે કેવા ભયાનક યુદ્ધો ખેલાયા તેનું કથન કરેલ છે. તેનું ફળ આ ભવમાં અશાંતિ ને પ્રાણાંતક દુઃખો, અને પરભવમાં દુર્ગતિ ને ભારે અશાતાવેદનીય કર્મના ઉદય કહ્યા છે. અબ્રહ્મ સેવનથી મળતા દારૂણ દુઃખોનું નિરૂપણ કરીને પ્રભુએ મન અને ઈંદ્રિયો પર સંયમ રાખવા ફરમાવ્યું છે.

**(૫) પાંચમું આશ્રવદ્વાર "પરિગ્રહ" કહ્યું છે.**

મૈથુન સેવન માટે ખાનપાન, વસ્ત્ર, મકાન, અલંકારાદિની આવશ્યકતા પડે છે તેથી અબ્રહ્મ પછી અનુક્રમે પાંચમું ને છેલ્લું આશ્રવદ્વાર "પરિગ્રહ" કહ્યું છે.

જે ગ્રહણ કરાય અને જેના પ્રત્યે મમત્વભાવ જાગે તેને "પરિગ્રહ" કહેવાય છે. તે દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. દ્રવ્ય કે બાહ્ય પરિગ્રહમાં, મકાન, ખેતર, સોનુંરૂપુ, દાસ, દાસી, ઢોરઢાંખર, પુત્ર પરિવાર ઈત્યાદિ ૯ પ્રકારને છે અને ભાવ કે આભ્યંતર પરિગ્રહ (૧) મિથ્યાત્વ ચાર કષાય અને નવ નોકષાય મળી ૧૪ પ્રકારનો છે.

આ પરિગ્રહ કર્મજન્ય છે અને કર્મજનક પણ છે, અર્થાત્ પૂર્વે કરેલા કર્મના ફળ (વિપાક) રૂપે આ બધું મળે છે અને તેના ભોગવટાથી વળી નવા કર્મો બંધાવનાર પણ છે. પરિગ્રહની મમતા જ જન્મ—મરણરૂપી સંસારચક્રને પેદા કરે છે. તેથી જ તીર્થંકર ભગવંતોએ પરિગ્રહની મૂર્છા (મમતા) તોડવા પર ખૂબ જ ભાર મૂકયો છે.

આના સંચયથી આસક્તિ, અસંતોષ સુધીના ૩૦ પર્યાયવાચી નામ કહ્યા છે. આમાં વૃક્ષના દૃષ્ટાંતે પરિગ્રહનું સ્વરૂપ બતાવ્યું છે.

પરિગ્રહના માલિક તરીકે શરીરની સત્તામાં નિગોદવર્તી જીવોથી લઈ ઈંદ્ર સુધીના જીવો અર્થાત્ સંસારી જીવમાત્ર બતાવ્યા છે, કારણકે દેવ મનુષ્યાદિ પંચેંદ્રિય જીવોનો પરિગ્રહ તો સ્પષ્ટરૂપે દેખાય છે, પણ સૂક્ષ્મ નિગોદવર્તી જીવોને પણ સૂક્ષ્મ નામ કર્મના ઉદયના લીધે સંજ્ઞારૂપે પરિગ્રહ હોય છે. તેથી તેમને પણ આઠે પ્રકારના કર્મો જે બંધાય છે. તે આ આહારાદિ સંજ્ઞાઓના કારણે છે.

પરિગ્રહના કારણે જ પહેલા ચારે આશ્રવ (૧) હિંસા (૨) જૂઠ, (૩) અદત્તગ્રહણ અને (૪) અબ્રહ્મસેવન થાય છે તેથી પરિગ્રહનું પાપ અપેક્ષાએ સૌથી મોટું, બધા પાપોનું જનક કહ્યું છે, અને **આ પરિગ્રહનું મૂળ કારણ લોભ છે, તેથીજ શાસ્ત્રોમાં લોભને પાપનો બાપ કહ્યો છે.** પરિગ્રહી આ ભવમાં પણ દુઃખી અને પરભવમાં પણ દુર્ગતિના દુઃખો ભોગવનારો કહ્યો છે. આમ પરિગ્રહનું ફળ એકાંતે દુઃખમય બતાવ્યું છે.

પરિગ્રહની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે જ માનવીઓ વિવિધ પ્રકારનું શિક્ષણ લે છે, અને વિવિધ પ્રકારના અનેક ધંધા વ્યાપારાદિ કરે છે. તેનું વિસ્તૃત કથન કર્યું છે.

આ પ્રમાણે ઉપરોક્ત પાંચે આશ્રવદ્વાર જેને પાંચ અધર્મદ્વાર કહ્યા છે તે દરેક દુઃખ અને દુર્ગતિના દેનારા છે. તેને નિર્મૂળ કરી ભવસાગર તરવા માટે **પાંચ સંવર દ્વાર અર્થાત્ પાંચ ધર્મ દ્વારો (૧) અહિંસા (પ્રાણાતિપાત વિરમણ) (૨) સત્ય (મૃષાવાદ વિરમણ) (૩) અદત્ત (અદત્તાદાન વિરમણ) (૪) બ્રહ્મચર્ય (અબ્રહ્મ વિરમણ) અને (૫) અપરિગ્રહનું** પછીના પાંચ અધ્યયનમાં નિરૂપણ કર્યું છે:–

**(૧) અહિંસા :**–વનસ્પતિ આદિ પાંચે એકેન્દ્રિય જીવોથી લઈ ને પશુ–પક્ષી કીડી–મકોડા, ઈત્યાદિ મનુષ્ય સુધીના જીવોની હત્યા ન કરવી, પીડા ન ઉપજાવવી મનથી પણ દુભવવા નહિ કે તે પ્રમાણે જે કરતાં હોય તેની અનુમોદના સુદ્ધા કરવી નહિ તેને "અહિંસા" કહી છે.

અહિંસાના નિર્વાણ, નિવૃત્તિ, દયા, અભય, આદિ ૬૦ નામ કહ્યા છે,

છકાય જીવોની દયા પાળવા માટે પંચમહાવ્રતધારી સાધુએ કેવી રીતે આહારપાણી આદિની ગવેષણા કરવી તેની વિધિ આમાં બતાવી છે. જે આહાર પોતાના માટે બનાવેલ ન હોય, પોતાના માટે ખરીદેલો ન હોય, ઉદ્ગમ, ઉત્પાત, તથા એષણા દોષોથી દુષિત ન હોય પરંતુ સૂઝતો અને નિર્દોષ હોય તેવા આહારપાણીજ લેવા કલ્પે તેમ કહ્યું છે, જ્યોતિષ, નિમિત્તાદિ બતાવી લેવામાં આવેલો આહાર લેવો કલ્પતો નથી, તેમ કહ્યું છે.

અહિંસાવ્રતની રક્ષા માટે પાંચ ભાવનાઓ સમિતિ-ગુપ્તિરૂપ કહી છે. પહેલી ભાવનામાં જીવમાત્રની રક્ષા માટે જોઈને ચાલવું તેને "ઇર્યાસમિતિ" કહી છે. બીજી ભાવનામાં **"મનોગુપ્તિ"** છે, તેમાં અશુભ વિચારમાત્ર ન કરવાનું કહ્યું છે. ત્રીજી ભાવના "ભાષાસમિતિ"ની છે. જેમાં સાવદ્ય અર્થાત્ પાપમય ભાષા ન બોલવાનું કહ્યું છે, ચોથી ભાવના "એષણા સમિતિ"ની છે. જેમાં ગોચરી લેવાની ને વાપરવાની વિધિ કહી છે કે અનેક ઘરમાંથી થોડી થોડી સૂઝતી ભિક્ષા લે, લાવીને ગુરૂને બતાવે અને પછી બધા સાધુઓને નિમંત્રણ આપી અનાસક્તભાવે માત્ર સંયમના નિભાવ અર્થે વાપરે, પાંચમી આદાન નિક્ષેપણા સમિતિમાં વસ્ત્ર, પાત્ર, આસનાદિ ઉપકરણો જતનાપૂર્વક લે અને મૂકે. **જે સાધક આ પ્રમાણે જિનાજ્ઞા મુજબ સમિતિ ગુપ્તિનું પાલન કરે તેને આરાધક કહ્યો છે.**

**(૨) સત્ય:** –પદાર્થનું યથાર્થ સ્વરૂપ કહેનાર, પરજીવોનું રક્ષણ કરનાર અથવા કોઈને પણ અશાંતિ કે પીડા ન ઉપજાવે

તેવું વચન તે સત્ય વચન છે. સત્યવાદી જ અહિંસા ધર્મને યથાર્થ પાળી શકે છે, તેથી તેને અહિંસા પછી બીજા ક્રમે મુક્યું છે. સાચું કહેવા જતાં તે વચનથી જો કોઈપણ પ્રાણીને પીડા ઉપજતી હોય, તો તેવું વચન સત્ય નથી માટે તેવા પ્રસંગે મૌન રહેવા ભગવંતે ફરમાવ્યું છે. જેમકે શિકારી શિકાર પછવાડે પડયો હોય ને મુનિ પાસેથી તે પશુ પસાર થાય, ને શિકારી આવીને પૂછે તે વારે મુનિએ દિશા ન બતાવતાં મૌન રહેવું તે સત્ય છે.

સત્યની આરાધનાથી જ તપ, જપ, વ્રતાદિ, ફળે છે, આકાશગામિની આદિ વિદ્યાઓ અને લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, સમયક્ત્વ, કેવળજ્ઞાન અને અવસરે મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

સત્ય ધર્મની રક્ષા માટે નીચેની પાંચ ભાવના કહી છેઃ–

**(૧) અનુવિચિંત્ય સમિતિ** :–સદ્ગુરૂ પાસેથી મૃષાવાદ વિરમણનું યથાર્થજ્ઞાન મેળવી, તેના મર્મને જાણી, સંશયયુક્ત અને કડવા વચન ન બોલે, ઉતાવળો થઈ ન બોલે, ચંચળતાથી ન બોલે પરંતુ ખૂબ સમજી વિચારીને વિવેકપૂર્વક હિત–મિત અને પ્રિય વાણી બોલે.

**(૨) બીજી ક્રોધનિગ્રહ ભાવના શાંતિરૂપ છે** :– સંયમી સાધુએ ક્રોધ કરી બોલવું નહિ. તેથી વૈર–વિરોધ થાય છે, સત્ય–શીલ–સદાચારનો નાશ થાય છે, કારણ કે ક્રોધીની વાણી કઠોર હોય છે, માટે સાધુજને ક્ષમાભાવ રાખી સત્ય વચન બોલવા, તેથી સદા ચિત્ત પ્રસન્નતા રહે છે.

**(૩) લોભવિજયરૂપ નિર્લોભ ભાવના** :–ક્રોધ દ્વેષવૃત્તિથી થાય છે, તો લોભ રાગવૃત્તિથી, તેથી વિવેકબુદ્ધિ

નાશ પામે છે, એટલે મનગમતા આહારાદિ, વસ્ત્ર–પાત્રાદિ, યશ, કીર્તિ વગેરે મેળવવા આતુર બનેલા સાધકને જૂઠું બોલ્યા વગર કેમ ચાલશે ? તેવી રીતે પોતાના પક્ષના સાધુ-સાધ્વીઓ, ભક્તો કે ભક્તાણીઓ પ્રત્યે રાગી બનેલો સાધક જૂઠું બોલશે. આ બધી વાતોનો ખ્યાલ રાખીને જ ભાવદયાળુ તીર્થંકર ભગવંતોએ સત્યવાદી બનવા સાધકો માટે લોભનો ત્યાગ અવશ્ય કહ્યો છે, જેથી સંયમ જીવનમાં નિસ્પૃહતા આવશે અને સંયમના સ્થાનો શુદ્ધ બનશે.

(૪) **ભયત્યાગરૂપ "અભયભાવના"** :–ભયભીત માનવીને જૂઠું બોલતાં વાર લાગતી નથી. માટે સાધકે હંમેશાં ભયરહિત થઈ વિચરવું; અને ભય પેદા થાય તેવા અકાર્યો જેવા કે અબ્રહ્મનું સેવન, પરિગ્રહનો પથારો, જીભના સ્વાદ આદિ કરવા નહિ; પણ સદા એમ ચિંતવવું કે રત્નત્રયિ–જ્ઞાન, દર્શન ને ચારિત્રરૂપ–ત્રણ અમૂલ્ય રત્નો મારી પાસે છે, નિરંતર રક્ષણરૂપ શ્રીનમસ્કાર મહામંત્ર મારી રક્ષા કરી રહ્યો છે, પછી મારે ડર શી વાતનો ? આમ શ્રદ્ધાપૂર્વક ચિંતન–મનન કરવાથી નિર્ભયતાના સંસ્કાર દૃઢ થશે, મનોબળ દૃઢ થશે, ફળસ્વરૂપે ભયની આશંકા કે દુષ્ટ માનવી કે હિંસક પશુનો આવેલો ઉપસર્ગ પણ દૂર થશે; માટે સાચો સાધક "અભયભાવના" દ્વારા પોતાના આત્માને ભાવિત કરી નિર્ભયપણે વિચરે.

(૫) **હાસ્યનિગ્રહ** :–હાસ્ય એ સત્યનો શત્રુ છે, તેથી કહેવત બની છે ને "હસવામાંથી હાણ થાય." હાસ્ય એ પહેલું "નોકષાય" છે. કષાયોને પેદા કરે કે ભડકાવે તેને "નોકષાય" કહ્યા છે, જે વીતરાગતાના બાધક છે, માટે સંયમી સાધક તેને દૂરથી તજે; અને સદા ગંભીર અને સંસ્કારી

વાણી વદે. વળી હાંસી–મશ્કરી કરવાથી સામી વ્યક્તિના હૃદયને ચોટ લાગે છે, મન દુભાય છે. તેથી પહેલા અહિંસા વ્રતનો ભંગ થાય છે, માટે હાસ્યને તજવું એ સાધક માટે કલ્યાણકારી કહ્યું છે.

## (૩) અદત્તાદાન વિરમણરૂપ ત્રીજું સંવરદ્વાર :

આને "દત્તાનુજ્ઞાત" એટલે કે દાતા દ્વારા દીધેલા આહારપાણી વસ્ત્રાદિ તે "દત્ત" અને "અનુજ્ઞાત" એટલે પાટ–પાટલા આદિની આજ્ઞા દેવામાં આવે તે "દત્તાનુજ્ઞાત" નામે ત્રીજું સંવરદ્વાર સુધર્માસ્વામીએ જંબુસ્વામીને ફરમાવ્યું છે, જે લીધેલા બધા વ્રતોની આરાધનામાં ઉપકારી હોવાથી "ગુણવ્રત" પણ કહેવાય છે.

જીવને પરદ્રવ્યાદિની તૃષ્ણા અનાદિકાળથી પડેલી છે. તેને મર્યાદામાં લાવવાનું આ સંવરદ્વાર છે. બાહ્ય તથા આભ્યંતર પરિગ્રહની અનાદિકાળની ગ્રંથિઓને તોડાવી દેનાર આ વ્રતને "નિર્ગ્રન્થ ધર્મ" કહ્યો છે, સર્વ પાપોના દ્વાર બંધ કરાવનાર આ ધર્મ છે, અહિંસા અને સત્યને અદત્તની સાથે ગાઢ સંબંધ છે; તો બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રત પાળવાનું પણ તેનાથી સુગમ બને છે. લોભ કષાય જે દશમાં સૂક્ષ્મસંપરાય ગુણઠાણે નષ્ટ થાય છે, તેનો નાશ કરનારું આ વ્રત છે. લોભકષાય નાશ પામતાં જ સાધક મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરી વીતરાગતા પ્રગટાવે છે; તેથી આ વ્રતનું પાલન ખૂબ પ્રભાવિક છે, આના સંરક્ષણ અને પુષ્ટિ માટે પાંચ ભાવના નીચે પ્રમાણે કહી છે:–

**(૧) વિવિક્તવસતિવાસ ભાવના :-** જે સ્થાન ગૃહસ્થના નિમિત્તે બનેલ હોય, જ્યાં સ્ત્રી, પશુ અને નપુંસકોનો વાસ ન હોય, કોઇને પીડાકારી ન હોય, જ્યાં રહેવાથી સાધુના આચારમાં કોઇ સ્ખલન થવાનો સંભવ ન હોય, એવા પવિત્ર સ્થાનમાં સાધુને રહેવાનું ફરમાન છે,

**(૨) અનુજ્ઞાત સંસ્તારક ગ્રહણરૂપ અવગ્રહ સમિતિ :**

ઉપાશ્રયની આજ્ઞા માગવા સાથે જ પાટ–પાટલા આદિ સેજા (શય્યા) સંથારાનો (સંસ્તારકની) અવગ્રહ (આજ્ઞા) માગી લેવો જોઈએ. સેજા–સંથારો કદાચિત અનુકુળ ન મળે તો મનમાં પણ ખેદ ન કરે, પણ જે મળ્યું તે સારું છે. એમ વિચારી સમાધિ રાખે.

**(૩) શય્યા સંસ્તારક પરિકર્મ વર્જન ભાવના :-**

આ ભાવના પહેલી બે ભાવનાનું સમ્મિલિત રૂપ છે. ઉપાશ્રયનું સ્થાન કે પાટ–પાટલાદિ કદાચિત ભાંગ્યા તુટયા હોય, તો પણ તેની મરામત કરાવવાનો વિચાર સુદ્ધા ન કરે, પણ પોતાના સમાધિભાવમાં સ્થિર રહે, અને જે વસ્તુ જેવી મળી હોય તેનો જ ઉપયોગ કરે.

**(૪) અનુજ્ઞાત ભોજન પાણી ભાવના :-**

આવાસ અને શય્યા પછી ભોજન–આહાર આવે છે, તેને લેવાની ને વાપરવાની વિધિ બતાવી છે. ગરીબ, મધ્યમ ને શ્રીમંતના ઘરે સરખા ભાવથી આહાર–વસ્ત્રાદિની યાચના કરે. જે કંઈ મળે તેને એકલો ભોગવવાની ઈચ્છા ન કરે. પણ સંવિભાગ કરી એટલે કે બીજા સાધુઓને સરખુ આપી પછી પોતે વાપરે, અસંવિભાગી શ્રમણને પાપશ્રમણ કહ્યો છે,

તેને મુક્તિ મળતી નથી. કારણ કે તેથી સંઘ (સંઘાડો) અને આચારની ચોરી થાય છે.

**(૫) વિનય ભાવના :–**

પોતાનાથી દીક્ષાપર્યાયમાં મોટા હોય, તેમનો અહો-ભાવપૂર્વક વિનય કરવો, નાના ને બીમાર (ગ્લાન) સાધુઓને આહારાદિ પહેલાં આપવા, તપસ્વીના પારણાનું ધ્યાન રાખવું, સ્વાધ્યાય કે ગુરૂના આગમન કે જતી વખતે ગુરૂનો વિનય જાળવવો. સૂત્રની વાંચના કે પર્યટણા પ્રવચન વખતે ગુરૂ કે વડિલોનો વંદન–વ્યવહારરૂપ વિનય કરવો તે આ ભાવના છે.

**(૪) બ્રહ્મચર્ય :– "બ્રહ્મણિ ચરતીતિ બ્રહ્મચર્ય !"**

અર્થાત્ બ્રહ્મ એટલે કે પરમાત્મામાં જે વાસ કરાવે છે, તે બ્રહ્મચર્ય છે. તેથી બધા ધર્મોએ તેનો મહિમા ગાયો છે, જૈનધર્મે વિશેષ, તેથી જ બધા તીર્થંકરો તથા તેમના માર્ગે વિચરતાં સાધુ–સાધ્વીજીઓ તેનું શ્રદ્ધાપૂર્વક પાલન કરીને જ મોક્ષમાર્ગની આરાધના કરતાં હોય છે, પાંચે મહાવ્રતોમાં તેનું સ્થાન સર્વશ્રેષ્ઠ કહ્યું છે. કારણ કે તેના નિરતિચાર પાલનથી બધાં મહાવ્રતોનું પાલન સુગમતાથી થાય છે, અને તેના એકના ભંગથી, બધા મહાવ્રતો ભાંગે છે. તેથી તો તેના પાલનમાં બીલકુલ અપવાદ રાખેલ નથી. જ્યારે બાકીના ચારેવ્રતોમાં અપવાદ રાખેલ છે, બ્રહ્મચર્યની સાધના સિવાય મોક્ષની આરાધના થઈ શકતી નથી, તેથી જ ભગવાને "ઉત્તમ બંભ" અર્થાત્ બ્રહ્મચર્ય ઉત્તમ છે, તેમ શાસ્ત્રમાં કહ્યું છે. આ બ્રહ્મચર્ય વ્રત પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ અને બ્રહ્મચર્યની નવ વાડથી સુરક્ષિત છે, તેની સુરક્ષા માટે પાંચ ભાવના કહી છે :–

**(૧) સ્ત્રીસંસક્તાશ્રય વર્જન :–** સ્ત્રીના વસવાટવાળું સ્થાન સાધુ માટે વર્જ્ય કહ્યું છે, કારણ કે તેનું સ્થાન મનમાં ચંચળતા લાવે છે, તેથી તેવા મોહમયસ્થાને સાધકે ન રહેવું.

**(૨) સ્ત્રી કથા વિરતિ–ત્યાગ :–** સાધુએ સ્રી કથા ન કરવી કે ન સાંભળવી.

**(૩) સ્ત્રી રૂપ નિરીક્ષણ વિરતિ :–** સાધક સ્ત્રીના સૌંદર્ય કે અંગોપાંગ પ્રત્યે રાગભાવથી દૃષ્ટિ ન કરે, તે. ચેલ્લણા રાણી ને શ્રેણિક રાજાને જોતાં સાધુ–સાધ્વીઓએ મહાવીર પ્રભુના સમવસરણમાં નિયાણાં કર્યા ને પછી પ્રભુના ઉપદેશથી આલોચના કરી શુદ્ધ થયા તે દૃષ્ટાંતે.

**(૪) પૂર્વરત–પૂર્વક્રીડિત સ્મરણ વિરતિરૂપ ચોથી ભાવના :–**

દીક્ષા લીધા પહેલાં ગૃહસ્થ જીવનમાં કરેલી વિલાસી ક્રીડાઓ કે વાર્તાલાપો, ચેષ્ટાઓ વિગેરેનું સ્મરણ ન કરવું. તેમ કરવાથી સ્મરણો તાજાં થશે ને મનમાં વિકાર પેદા થશે, તેથી પૂર્વે સેવેલા કામભોગોને સર્વથા ભૂલી જઈ, સાધકે આત્માનંદમાં જ લીન રહેવું.

**(૫) પ્રણીત આહાર વિરતિ સમિતિ :–**

ઘી, તેલ, દુધ, દહીંમાંથી બનાવેલા મીઠા ભારે પદાર્થો લેવા તથા સાદુ ભોજન પણ વધુ પ્રમાણમાં કરવું–આ બંને બાબતનો સમાવેશ પ્રણીત આહારમાં થાય છે. આ બંને બાબત બ્રહ્મચર્યના પાલન માટે ઘાતક છે; કારણકે ઘી–દુધ–મસાલાવાળા આહારથી વિકારો પેદા થાય છે, વૃદ્ધિ પામે

છે, અને વધુ પડતાં ભોજનથી પ્રમાદ વધે છે–આ બંને સંસારવૃદ્ધિના હેતુરૂપ છે. માટે સાધક માટે વર્જવા યોગ્ય કહ્યા.

ગોચરી લેતાં કે વાપરવા વખતે સાધકે એમ ચિંતવવું કે "આહાર શરીરની પુષ્ટિ માટે નહિ પણ સંયમના યથાર્થ પાલન માટે જ લેવાનો છે, તેથી સ્વાદની આસક્તિ તુટસે ને સંયમમાં દઢતા આવશે."

ચોથા સંવરદ્વારનો ઉપસંહાર કરતા સુધર્માસ્વામીએ કહ્યું :–"હે જમ્બૂ! જે ભાગ્યશાળી આ વ્રતને મન, વચન, કાયાથી નિરતિચાર પાળશે, તેનું જીવન સ્વસ્થ થશે, તેના પાપોના દ્વાર બંધ થશે, અસમાધિ દૂર થશે: કારણકે તીર્થંકર ભગવંતોએ પોતે પોતાના જીવનમાં આ વ્રતનું નિષ્ઠાપૂર્વક પાલન કર્યા પછી જ, જગતના જીવોના કલ્યાણ અર્થે આની પ્રરૂપણા કરી છે, તેથી જે કોઈ આ વ્રતને સમ્યક્ પ્રકારે આરાધશે, તે તીર્થંકર ભગવંતોની આજ્ઞાના પાળવાવાળા બનશે, આરાધક ગણાશે, એમ પ્રભુ મહાવીરે કહ્યું છે તે હું તને કહું છું.

## (૫) પાંચમું સંવરદ્વાર "અપરિગ્રહ" :-

"પરિગ્રહ" શબ્દમાં પરિ=સમગ્રપણે અને ગ્રહ= ગ્રહણ કરવું, અર્થાત્ કોઈ પણ વસ્તુને સમગ્રતયા મમત્વ-ભાવથી ગ્રહણ કરવી તે "પરિગ્રહ" છે; પરંતુ તેમાં મમત્વ ભાવ ન રાખવો તેને જૈનદર્શને "અપરિગ્રહ" કહેલ છે. તેના સંરક્ષણ માટે પાંચે ઇંદ્રિયોના સંવરરૂપ પાંચ ભાવના નીચે પ્રમાણે કહી છે:–

**(૧) શ્રોત્રેન્દ્રિય સંવરરૂપ શબ્દ ભાવના :–**

પ્રશંસા કે નિંદામાં, મીઠાં કે કડવાં વચનોમાં સાધક રાગ–દ્વેષ ન કરે, સંગીતાદિ મધુર સ્વર સાંભળવાનો મોહ ન રાખે, તેમ કર્કશ શબ્દોની ઘૃણા ન કરે પણ સમભાવમાં રહે.

**(૨) ચક્ષુરિન્દ્રિય સંવર :–** રૂપાળા કે કદરૂપા માણસો પ્રત્યે કે સુંદર કે બેડોળ વસ્તુ નજરે પડે ત્યારે તેમાં માધ્યસ્થ ભાવ રાખે; સુંદરની પ્રશંસા કે બેડોળની ઘૃણા ન કરે, આ ચક્ષુનો સંવર છે.

**(૩) ઘ્રાણેન્દ્રિય સંવર :–** સુગંધ પ્રત્યે રાગ કે દુર્ગંધ પ્રત્યે દ્વેષ ન કરે, પણ પુદ્ગલ પરિવર્તનનો આવો સ્વભાવ છે એમ ચિંતવે તે સુબુદ્ધિ પ્રધાન ને જિતશત્રુ રાજાના દૃષ્ટાંતે.

**(૪) રસનેન્દ્રિય સંવર :–** જેનાથી વસ્તુમાત્રનો આસ્વાદ લેવાય તે રસના કહેતાં જીભ છે, બીજી બધી ઇંદ્રિયોનું એકેક કાર્ય છે, પણ જીભના બે કાર્ય છે–(૧) ચાખવું–સ્વાદ કરવો અને (૨) બોલવું. સરસ કે નીરસ આહારાદિ મળે, પણ અનાસક્તપણે વાપરે; સત્ય બોલે

**(૫) સ્પર્શેન્દ્રિય સંવર :–**ચામડીને સ્પર્શેન્દ્રિય કહેવાય છે. મનોજ્ઞ કે અમનોજ્ઞ સ્પર્શમાં સાધક સમભાવી રહે, સર્વ પ્રકારની વાસનાને નિર્મૂળ કરે તે સ્પર્શેન્દ્રિયનો સંવર છે.

આ પ્રમાણે આ આગમમાં પાંચ સંવરદ્વારમાં ચારિત્રની ૨૫ ભાવનાઓ બતાવી છે. આ ભાવનાઓના ચિંતન અને મનનથી સાધકને ત્યાગ ને તપોમય સંયમજીવન માત્ર મોક્ષના હેતુ માટે જીવવાની શિક્ષાને તાલિમ મળે છે, અને

સંયમના રાજપથ ઉપર સમ્યક્ પ્રકારે ચાલવામાં સરળતા થાય છે.

શ્રી સુધર્માસ્વામી સમાપ્તિ કરતાં કહે છે:—"આ પ્રશ્ન-વ્યાકરણ અતિ ઉત્તમ આગમ હોવાથી ખૂબ જ શ્રદ્ધા, ઉપયોગ અને ભાવપૂર્વક તપશ્ચર્યા સહિત તેની આરાધના (વાંચણી) કરવી, જેથી કલ્યાણમાળા પ્રાપ્ત થાય છે,

## (૧૧) વિવાગસૂયં-વિપાકસૂત્ર-૧૧મું અંગસૂત્ર

બે શ્રુતસ્કંધ, ૨૦ અધ્યયન, ૨૦ ઉદ્દેશા, ૨૦ સમુદ્દેશા, ૧૨૧૬ ગાથા પ્રમાણ હાલ છે. પહેલા ૧૧૦ અધ્યયન, ૧,૨૪,૦૦૦૦૦ પદ હતા.

સંબંધ:— દશમા પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આસ્રવ અને સંવરનું સ્વરૂપ બતાવ્યું. આશ્રવનું ફળ દુઃખ, અને સંવરનું ફળ સુખ હોય છે, તેથી દુઃખ અને સુખના કારણ કહી તેની દૃષ્ટાંત કથાઓ કહી છે.

સમવાયાંગમાં વિપાકના ભાવ બતાવતાં કહે છે:— "શુભાશુભ કર્મના પરિણામનું પ્રતિપાદન કરે તે વિપાકસૂત્ર. આમાં શુભાશુભ કર્મના ફળ વિપાક કહ્યા છે. તેનાં સંક્ષેપથી બે ભેદ કહ્યા છે (૧) **દુઃખ વિપાક અને (૨) સુખ વિપાક**. તેમાં પ્રથમ શ્રુતસ્કંધમાં દશ અધ્યયનમાં દુઃખ વિપાકના ભાવ કહ્યા છે. તેમાં દુઃખી જીવોના નગર યાવત ધર્મકથાનું ઉપાસકદશાંગ જેમ વર્ણન છે. ભગવંત ગૌતમ-સ્વામીનું ભીક્ષાર્થે નગરપ્રવેશનું, સંસાર પ્રબંધનું વિસ્તૃત કથન, દુઃખની શ્રેણી વગેરેના ભાવનું કથન છે. હિંસાદિ પાંચે અવ્રત સેવવાથી તથા મહાતીવ્ર ક્રોધાદિ કષાય, પ્રમાદ,

અશુભ ભાવો વિગેરેથી પાપરૂપ અશુભ કર્મની ઉપાર્જના જીવને કેમ થાય છે તે કહી છે; પછી તેના ફળસ્વરૂપે નરકને તિર્યંચ ગતિના દુઃખોનું વર્ણન છે. તેમાં ક્ષેત્રવેદના, પરમાધામી તરફથી અપાતા દુઃખ ને તિર્યંચગતિના પ્રત્યક્ષ દેખાતાં અને પરવશપણે ભોગવાતાં દુઃખોનું વર્ણન છે, એવા પ્રકારના દુઃખો ત્યાં નિરંતર ભોગવવા પડે છે. તેવા દુઃખદાયી ફળ જીવને ઘણા કાળ સુધી નિરંતર ભોગવવા પડે છે, તો શું તે દુઃખોમાંથી કદાપિ મુક્ત ન થવાય?" સૂત્રકાર કહે છે કે થવાય; અને ઘણા જીવો તપ કરી સમભાવે, ધૈર્યપૂર્વક દુઃખો ભોગવી ચિત્તની સમાધિ રાખી વિચારે છે કે આ તો પૂર્વે કરેલા મારા જ અશુભકર્મનું ફળ છે. **તેથી દુઃખ સમતાભાવે ભોગવી લેવાથી મારું તે અશુભ કર્મ ખપી જશે અને સમભાવને લીધે નવા કર્મ નહિ બંધાય."** આ પ્રમાણે દુઃખ સમભાવે સહે તો કર્મથી મુક્ત થતો જીવ શુભગતિ પામે.

**બીજા શ્રુતસ્કંધમાં સુખવિપાકનું ફળ બતાવ્યું છે.** તેમાં પણ નગર, માતાપિતા યાવત્ અંતકાળે સંથારો કરી મોક્ષગતિ પામે તે અંતગડદશાંગ માફક વર્ણન છે. ઉપરાંત શીલ, સંયમ, નિયમ, તપ, શ્રુત—અધ્યયનના ધારણ કરવાવાળા દયાળુ મુનીવરો અને નિર્દોષ આહારપાણી દેવાની બુદ્ધિવાળા, જેમના અધ્યવસાય (ભાવો) નિત્ય કલ્યાણમય ને શુદ્ધ રહેલા છે તેવા નિશ્ચયવાદીનું કથન છે. આહારપાણી કેવા દેવા તેનું કથન છે. શુદ્ધ, નિર્દોષ અને સંશયરહિત આહારપાણી દેવાનું વિધાન કર્યું છે. જેથી પરંપરાએ જીવને મોક્ષનું કારણ બને; અને સંસારસાગરથી તરે. પછી સંસારની નરકાદિ ચારે ગતિનું વર્ણન છે. આમાં

સંવેગ કારણના અર્થ, સંવેગના હેતુ, ભાવ વગેરેનું વિસ્તૃત વર્ણન શ્રીભગવંતે કર્યું છે. આ વિપાક સૂત્રના ભાવ કહ્યા છે.

**પ્રથમ શ્રુતસ્કંધ દુઃખવિપાકના દશ અધ્યયન–** ૧. મૃગાલોઢીયો, ૨. ઉજ્જિતકુમાર, ૩. અભંગસેન ચોર, ૪. શકટકુમાર, ૫. બૃહસ્પતિદત્ત, ૬. નંદીસેનકુમાર, ૭. ઉમ્બરદત્ત, ૮. શૌર્યદત્ત મચ્છી, ૯. દેવદત્તા રાણી, અને ૧૦. અંજુરાણી.–આ દશે જણે પાપાચરણ કર્યાં, તો ફળ સ્વરૂપે ઘોર દુઃખો અને દુર્ગતિ પામ્યા અને હજી પામશે. આ રીતે અનેક ભવભ્રમણ કરી, અંતે મનુષ્ય થઈ સંયમ લઈ મોક્ષે જશે.

**બીજા શ્રુતસ્કંધ સુખવિપાકના દશ અધ્યયન–** ૧. સુબાહુકુમાર, ૨. ભદ્રનંદી, ૩. સુજાત, ૪. સુબાસબ, ૫. જિનદાસ, ૬. ધનપતિ, ૭. મહાબલ, ૮. ભદ્રનંદી, ૯. મહાચંદ્ર અને ૧૦મા વરકુમારના છે. આ દશેએ તપસ્વી સાધુઓને ભાવપૂર્વક નિર્દોષ દાન આપ્યા તો સુગતિ અને મહાસુખ પામ્યા. વળી આગામી ભવોમાં તપસંયમની આરાધના કરી ૭ ભવ દેવના અને ૮ ભવ મનુષ્યના કરી સુખે સુખે મોક્ષ પ્રાપ્ત કરશે.

## (૧૨) દૃષ્ટિવાદ–બારમું અંગસૂત્ર

એક શ્રુતસ્કંધ, ૧૪ પૂર્વ, સંખ્યાતિ (૨૨૫) વસ્તુ, સંખ્યાતિ (૩૪) ચૂલવસ્તુ, સંખ્યાતા લાખપદ, અનંતાગમા, અનંતા પર્યવ વગેરે આચારાંગ સૂત્ર જેમ કહેવું.

**સમવાયાંગમાં** આ સૂત્રના આ પ્રમાણે ભાવ કહ્યા છે :—"દર્શન"નું કહેવું તે "દૃષ્ટિવાદ." સર્વ ભાવોની સઘળા નયથી પરૂપણા આમાં કરી છે. સંક્ષેપમાં તે પાંચ પ્રકારે છે (૧) પરિક્રમ, (૨) સૂત્ર (૩) પૂર્વગત, (૪) અનુયોગ અને (૫) ચૂલિકા.

**(૧) પરિક્રમ :—** આમાં લિપિ, વિજ્ઞાન અને સંપૂર્ણ ગણિત વિદ્યાનું કથન હતું. તેના ૭ પ્રકાર છે. (૧) સિદ્ધ શ્રેણી, (૨) મનુષ્ય શ્રેણી, (૩) પુષ્ટનિકા, (૪) અવગાહના શ્રેણી, (૫) ઉપસંપદા શ્રેણી, (૬) વિજયહિત શ્રેણી અને (૭) ચ્યુતાચ્યુત શ્રેણી.

**સિદ્ધશ્રેણિ ૧૪ પ્રકારે છે**—(૧) માઉગાપયાઈ, (૨) એગટ્ઠિયપયાઈ. (૩) પાઢોટ્ઠપયાણિ (૪) આગાસપયાણિ, (૫) કેઉભૂયં, (૬) રાસિબધ્ધં, (૭) એગગુણં, (૮) દુગુણં, (૯) તિગુણં, (૧૦) કેઉભૂયં, (૧૧) પડિગ્ગહો, (૧૨) સંસાર પડિગ્ગહો, (૧૩) નંદાવત્તં અને (૧૪) સિદ્ધબદ્ધં.

**મનુષ્ય શ્રેણિ પણ ઉપર પ્રમાણે ૧૪ પ્રકારે છે.** તેમાં ૧૪મો પ્રકાર "મણુસ્સબદ્ધં"—મનુષ્યબદ્ધં લેવો. બાકીની પાંચે શ્રેણિ ૧૧, ૧૧ પ્રકારની છે. તેમાં પ્રથમ દશ પ્રકાર દરેકમાં ચોથા આગસપયાણિથી ૧૩મા નંદાવત્ત સુધી સરખા લેવા અને ૧૧માં પ્રકારમાં તે તે શ્રેણિનું નામ જેમકે પુષ્ટનિકા વગેરે મૂકવું.

**(૨) સૂત્રના ૮૮ પ્રકાર છે**—(૧) ઋજુસૂત્ર, (૨) પરિણતાપ હીન, (૩) બહુભંગી, (૪) વિદ્યાચાર (૫) અનન્તર, (૬) પરંપર, (૭) સામાન્ય, (૮) સંયુક્ત, (૯) સંભિન્ન, (૧૦) યાથાતથ્ય, (૧૧) શ્રાવસ્તીવર્ત (૧૨) નંદા-

વર્ત, (૧૩) બહુત, (૧૪) પુષ્ટાપુષ્ટ, (૧૫) વિયાવત્ત, (૧૬) એવંભૂત, (૧૭) દુયાવત્ત, (૧૮) વર્તમાનપદ, (૧૯) સમભિરૂઢ (૨૦) સર્વતોભદ્ર, (૨૧) પણામ (પન્નાસ-નંદી-સૂત્રમાં), અને (૨૨) દ્વિમતીસાહી.

ઉપરોક્ત ૨૨ પ્રકારના સૂત્રોને (૧) સંગ્રહ, (૨) વ્યવહાર, (૩) ઋજુસૂત્ર અને (૪) શબ્દ, આ ચાર નયથી ગુણીએ ત્યારે ૮૮ સૂત્ર થાય છે.

આ બીજા વિભાગમાં છિન્નછેદનય, અછિન્નછેદનય, ત્રિકનય, ચતુર્નયની પરિપાટીઓનું કથન હતું.

## (૩) પૂર્વગત-૧૪ પૂર્વોનું વિસ્તૃત કથન છે.

(૧) **ઉત્પાદ પૂર્વ**-છએ દ્રવ્યોની પર્યાય પેદા થવાનું કથન છે. ૧૦ વસ્તુ ૪ ચુલવસ્તુ અને ૧ ક્રોડ પદ હતા. (૨) **અગ્રાયણીય પૂર્વ**-દ્રવ્ય-ગુણ-પર્યાયનું વર્ણન હતું. ૧૪ વસ્તુ, ૧૨ ચુલવસ્તુ અને ૯૬ લાખ પદ હતા. (૩) **વીર્યપ્રવાદ પૂર્વ**-સર્વ જીવોના બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ વિષે વર્ણન હતુ. ૮ વસ્તુ, ૮ ચુલવસ્તુ અને ૭૦ લાખ પદ હતા. (૪) **અસ્તિ-નાસ્તિપ્રવાદ પૂર્વ**-દરેક દ્રવ્યનું સ્વ સ્વરૂપથી અસ્તિત્વ અને પરસ્વરૂપથી નાસ્તિત્વનું કથન હતું. ૧૮ વસ્તુ અને ૧૦ ચુલવસ્તુ અને ૬૦ લાખ પદ હતા. (૫) **જ્ઞાનપ્રવાદ પૂર્વ**-પાંચ જ્ઞાનનું વર્ણન હતું. ૧૨ વસ્તુ અને ૧ ક્રોડમાં ૧ પદ ઓછું હતું. (૬) **સત્ય પ્રવાદ પૂર્વ**-દશ પ્રકારના સત્ય વચનનું અને તેના પ્રતિપક્ષનું કથન હતું. ૨ વસ્તુ અને ૧ ક્રોડ પદ હતા. (૭) **આત્મપ્રવાદ પૂર્વ**-૮ પ્રકારના આત્માનું કથન હતુ. ૧૬ વસ્તુ અને ૨૬ ક્રોડ પદ હતા. (૮) **કર્મપ્રવાદ**

**પૂર્વ**–૮ કર્મોનું સંપૂર્ણ કથન હતું. ૩૦ વસ્તુ અને ૧ ક્રોડ ૮૦ હજાર પદ હતા. (૯) **પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ**–૧૦ પચ્ચક્ખાણનાં ભેદોનું વર્ણન હતું. ૨૦ વસ્તુ અને ૮૪ લાખ પદ હતા. (૧૦) **વિદ્યાનુપ્રવાદ પૂર્વ**–ચમત્કારી વિદ્યાઓ, મંત્રો, અને તેની સાધનાનું કથન હતું. ૧૫ વસ્તુ અને ૧ ક્રોડ ૧૦ લાખ પદ હતા. (૧૧) **અવન્ધ્યપ્રવાદ પૂર્વ–કલ્યાણપ્રવાદ પૂર્વ પણ કહે છે**– આત્માનું કલ્યાણ તપ સંયમાદિથી કેમ થાય અને સુકૃત્યોનું ફળ સારૂં જ મળે છે વિગેરેનું કથન હતું. ૧૨ વસ્તુ અને ૨૬ ક્રોડ પદ હતા. (કોઈ ૧૩ વસ્તુ બતાવે છે.) (૧૨) **પ્રાણાયુપ્રવાદ પૂર્વ**–ચારથી દશ પ્રાણવાળા જીવોનું અને તેના આયુષ્યનું કથન હતું. ૧૩ વસ્તુ અને ૧ ક્રોડ ૫૬ લાખ પદ હતા. (૧૩) **ક્રિયાવિશાલ પૂર્વ**–સાધુ અને શ્રાવકના આચારનું, ૨૫ ક્રિયાઓનું, પુરૂષની ૭૨ અને સ્ત્રીની ૬૪ કળાનું અને શિલ્પ વિજ્ઞાન આદિનું કથન હતું. ૩૦ વસ્તુ અને ૯ કરોડ પદ હતા. અને (૧૪) **લોકબિંદુસાર પૂર્વ**–સર્વ અક્ષરોના ઉત્પત્તિ, સંયોગનું, ત્રણે લોકના સર્વ સારભૂત પદાર્થો તથા વિદ્યાઓનું વર્ણન હતુ તેથી આ પૂર્વને **ત્રિલોકબિંદુસાર** પણ કહ્યું છે. ૨૫ વસ્તુ અને સાડાબાર ક્રોડ પદ હતા.

(૪) **ચોથો વિભાગ "અનુયોગ"**–બે ભેદ (૧) મૂળ પ્રથમાનુયોગ અને (૨) ગંડિકાનુયોગ, પહેલામાં અરિહંત ભગવંતોના પૂર્વભવ, પંચકલ્યાણક, તીર્થની સ્થાપના, શિષ્યો, ગણો, ગણધરો, આર્યા, કેવળી, મનપર્યવ-જ્ઞાની અવધિજ્ઞાની, વાદી, અંતગડકેવળી, ઉત્તમ મુનીવરો જે સંથારો કરી મોક્ષને પામ્યા, વગેરેનું ચરિત્રકથન હતું.

બીજા ગંડિકાનુયોગમાં ચક્રવર્તી, વાસુદેવ, ગણધરો, તપસ્વી મુનીવરો આદિનું કથન હતું.

**(૫) પાંચમો વિભાગ "ચૂલિકા"**–ચાર પૂર્વોમાં ચુલિકા હતી. બાકીના ૧૦ પૂર્વો ચુલિકા વગરના હતા.

આ પાંચે વિભાગમાં કરોડો પદ હતા. જે બધુ જ્ઞાન વિચ્છેદ જતાં સિદ્ધાંતજ્ઞાન અલ્પ રહ્યું; તેમ છતાં વર્તમાન જગતના અન્ય જ્ઞાનોની અપેક્ષાએ મહાસાગર સમાન વિશાળ છે.

આ સૂત્રની વાંચણી ૨૦ વર્ષના દીક્ષા પર્યાયવાળાને જ આપવાનું શાસ્ત્રમાં કહ્યું છે. છેલ્લા ચૌદપૂર્વી પહેલા ભદ્રબાહુ-સ્વામી હતા.

આ પ્રમાણે દ્વાદશાંગીના ભાવ સમવાયાંગ અને નંદી-સૂત્રમાં કહ્યા છે. આ દ્વાદશાંગી ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત કહી છે. તેની આરાધના કરીને ભૂતકાળમાં અનંતા જીવો મોક્ષે ગયા છે. વર્તમાનકાળે સંખ્યાતા જીવો જાય છે, અને ભવિષ્યકાળમાં અનંતા જીવો જશે, એવી મહાઉપકારી, મહાકલ્યાણકારી, મોક્ષદાતા આ દ્વાદશાંગી છે.

## બાર ઉપાંગસુત્ર

**(૧) ઉવવાઈ સૂત્ર**–પહેલું ઉપાંગ છે આને આચારાંગનું ઉપાંગ કહ્યું છે. આની વિશેષતા એ છે કે આમાં નગર, ઉદ્યાન, રાજા, આદિના વર્ણન શરૂઆતમાં બહુ વિસ્તૃત અને વાસ્તવિક આપવામાં આવ્યા છે. જેથી અન્ય સૂત્રોમાં જ્યાં જ્યાં આવા વર્ણન કરવાની જરૂરીયાત સૂત્રકારને લાગી છે,

ત્યાં ત્યાં તેનું સંપૂર્ણ વર્ણન ન કરતાં "જહાઉવવાઈએ" અર્થાત્ ઉવવાઈ સૂત્ર પ્રમાણે વર્ણન સમજવું એમ કહીને આ સૂત્રનો આધાર આપવામાં આવ્યો છે, તે બાબત આ સૂત્ર આગમશાસ્ત્રમાં બહુ પ્રમાણિત છે, એમ સિદ્ધ કરે છે.

**વ્યાખ્યા:**—"ઉવવાઈ"નો અર્થ છે "ઉપપાત" અર્થાત્ જન્મ. દેવો અને નારકીના જન્મને ઉપપાત જન્મ કહેવામાં આવે છે. દેવો યૌવનપણે દેવશય્યામાં અને નારકી કુંભીમાં ઉપજે છે. આના ઉત્તરાર્ધમાં કેવી કેવી કરણીથી જીવો દેવપણે કે નરકમાં ઉપજે છે તેનું કથન છે. તેથી આનું "ઉવવાઈ" નામ સાર્થક છે. આમાં ત્રણ અધિકાર છે:— (૧) સમવસરણ, (૨) ઔપપાતિક અને (૩) સિદ્ધ.

**(૧) સમવસરણ** :—આમાં ચંપાનગરી, પૂર્ણભદ્ર યક્ષ અને ઉદ્યાન, કોણિક રાજા અને તેની ધારિણી આદિ રાણીઓની પ્રભુ મહાવીર સ્વામીને વાંદવા જવાની ભાવના ને ઉલ્લાસ, વંદન કરવાની વિધિ, પ્રભુના ગુણ, શરીર, ૩૪ અતિશય, વાણીના ૩૫ ગુણ, ધર્મોપદેશ, ૧૨ પ્રકારના તપના ૩૫૪ ભેદ, સાધુજીના ૨૭ ગુણ, સમવસરણની રચના ઈત્યાદિ અધિકાર છે.

પ્રભુ કેવા નિર્મમત્વભાવે વિચરતાં તે ૧૯માં સૂત્રમાં કહ્યું છે:—**નત્થી તેસિણં ભગવંતાણં કત્થય પડિબંધે, સેય પડિબંધે ચઉવિહે પણ્ણતે તં જહા—દવ્વઓ, ખેતઓ, કાલઓ, ભાવઓ ॥૧૯॥** અર્થાત્ તે ભગવાન મહાવીર સ્વામીને કોઈ પણ પ્રકારનો **પ્રતિબંધ** અર્થાત્ "મમત્વભાવ" હતો નહિ. તે પ્રતિબંધ ચાર પ્રકારનો કહ્યો છે : (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી અને (૪) ભાવથી. (૧) દ્રવ્ય પ્રતિબંધ ત્રણ પ્રકારે છે (૧)

"સચેત" તે શિષ્યાદિનો, (૨) "અચેત" તે વસ્ત્રપાત્રાદિનો, અને (૩) "મિશ્ર" તે વસ્ત્રાદિયુક્ત શિષ્યાદિનો, (૨) ક્ષેત્રથી તે ગામ, નગર, સ્મશાન, ઉદ્યાન, જંગલ, ખંડેર, વૃક્ષ આદિ. જે સ્થળે સૂર્યાસ્ત થતો ત્યાં સૂર્યોદય સુધી પ્રભુ ધ્યાનાવસ્થામાં રહેતા, (૩) કાળ તે સમય, આવલિકારૂપ, (રાત–દિવસરૂપ) અલ્પ કે દીર્ઘકાળ, કે ઠંડી–ગરમીરૂપ ઋતુ,–સખત ઠંડીમાં ખુલ્લા મેદાનમાં બંને હાથ પહોળા રાખી ધ્યાન ધરતા અને પ્રખર તાપમાં સૂર્યની આતાપના લેતા અને (૪) ભાવથી તે ક્રોધાદિ ચારે કષાયો અને હાસ્ય રતિ, અરતિ આદિ નોકષાયો સર્વથા તજીને પ્રભુ વીચરતા. આ પ્રમાણે ચારે પ્રકારનો પ્રતિબંધ પ્રભુ મહાવીરસ્વામીને હતો નહિ અને સંપૂર્ણ અપ્રતિબંધપણે અર્થાત્ અનાસક્તભાવે વિચરતા.

દરેક તીર્થંકર ભગવંત આ ચારે પ્રતિબંધરહિતપણે અનાદિકાળથી વીચરતા હોય છે. તેથી તેમને "અપ્રતિબદ્ધ વિહારી" અર્થાત્ પવનની જેમ કયાંય પણ બંધાયા વગર વિચરનાર કહ્યા છે.

વળી પ્રભુને કોઈ ચંદનનો લેપ કરે, કે વાંસલાથી શરીરને છેદે, તે બંને પર પ્રભુ સરખો સમભાવ રાખતા, કંચન અને કાંકરાને, સુખ ને દુઃખને સમાન માની ભવસાગરને તરી જવામાં ઉદ્યમી પ્રભુ અપ્રમાદપણે વિચરતા.

પછી પટ્ટ ગણધર ગૌતમસ્વામીનો શારિરીક તેમ જ આધ્યાત્મિક પરિચય આપ્યો છે. અંબડ પરિવ્રાજક અને તેના ૭૦૦ શિષ્યોને કોઈની આજ્ઞા વગર કશું ન લેવાની પ્રતિજ્ઞા હતી, તેથી ભરપૂર વહેતી નદીના કાંઠે હોવા છતાં

આજ્ઞા આપનાર કોઈ ન મળવાથી બધા સંથારો કરી કાળ પામી. દેવલોક ગયા છે, અને પરંપરાએ સિદ્ધ થશે, તે અધિકાર છે.

**આ પહેલા અધિકારનો સાર સંયમ લઇ નિર્મમત્વભાવે વિચરવું અને પ્રાણાંતક કષ્ટ પડે તો પણ પ્રતિજ્ઞાપાલનમાં અડગ રહેવું તે જ આત્મહિતકારી છે તેમ માનવું તે છે.**

**(૨) ઔપપાતિક આધિકાર :**—આમાં જીવ શુભાશુભ કરણીના શુભાશુભ ફળ-શુભ ફળ તે દેવગતિ અને અશુભફળ તે નરકગતિ અવશ્ય પામે છે, તેમ પ્રભુએ ગૌતમસ્વામીને કહ્યું છે. માટે જિનવચનમાં સંદેહ ન કરવો, પણ તેમાં શ્રદ્ધા રાખી અશુભ નરકગતિ મળે તેવું મન, વચન, કાયાથી ન કરવું, તે સાર છે, કરણીના ફળ ૧૬ પ્રકારે જીવને કેવા મળે છે તેનું વિસ્તૃત કથન લેખકના "સમ્યગદર્શન" પુસ્તકના "વિચિકિત્સા બોલ"માં આપેલ છે. તે ટુંકમાં (૧) પરાધીનપણે જીવ દુઃખ વેઠે, દા.ત. અન્ન-જળ ન મળવાથી ભુખ-તરસ વેઠે, સ્ત્રી ન મળવાથી બ્રહ્મચર્ય મનવગરનું પાળે, વિધવા કે પતિવિયોગે સ્ત્રી વિષય ન સેવે, છાપરું ન હોય ને ઠંડી—ગરમી, મચ્છરના ડંખ આદિ સહન કરે, કેદી, અજ્ઞાન તપ કરનારા જેમકે પર્વતની શીલા પરથી પડીને મૃત્યુ પામે, જે સ્ત્રી પોતાના પતિ સિવાય બીજાને ન સેવે, જમવામાં બે થી ૧૧ દ્રવ્ય સુધી વાપરવાની મર્યાદા બાંધનારા, જમીન પર સુનારા, માત્ર ફળફળાદિ ખાનારા કે એક જ વસ્ત્ર ધારણ કરનારા, સદા ઉભા રહેનારા, સદા રામ—રામ કે કૃષ્ણ—કૃષ્ણાદિ પોતાનો ઇષ્ટમંત્ર જપનારા, વાયુભક્ષી, સેવાળ-ભક્ષી, ધુણી ધખનારા, તિર્યંચ પશુ-પક્ષી જાતિસ્મરણ જ્ઞાન

વડે પૂર્વભવ જાણી પશ્ચાતાપ કરનારા, આ બધા વાણવ્યંતરથી માંડી જ્યોતિષી દેવ સુધી થાય. તાપસ, સંન્યાસી વગેરે, જૈન દીક્ષા લઈ બીજા સાધુની નિંદા કરનારા પ્રત્યનીક સાધુ, તિર્યંચ શ્રાવક , ગોશાલકના મતવાળા, પાંચમાંથી બારમા દેવલોક સુધી જાય, **જમાલિ જેવા નિહ્નવ, ઉત્કૃષ્ટા નવ ગ્રૈવેયક સુધી જાય,** અને જિનઆજ્ઞાના આરાધક શ્રાવક ઉત્કૃષ્ટા ૧૨મા દેવલોકે અને સાધુ નિરતિચાર સંયમ પામી ઉત્કૃષ્ટા તે જ ભવે અનુત્તર વિમાનમાં ઉપજે કે ભવનો અંત કરી મોક્ષની પ્રાપ્તિ પણ કરે અને હિંસાદિ, પરિગ્રહાદિ અશુભ પરિણામો સેવી કે કાર્યો કરી જીવ નરકમાં ઉપજે તેનો આ અધિકાર છે. ચારે ગતિમાં જવાના કારણો કહ્યા છે.

(૩) **સિદ્ધ અધિકાર :**—આમાં "કેવળી સમુદ્દઘાતનો અધિકાર છે.

કેવળી ભગવંતને પણ ૪ અઘાતી કર્મ, વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર વેદવાના બાકી રહે છે. આ ચારે કર્મની સ્થિતિ જો એકસરખી હોય તો આયુષ્યકર્મની સાથે જ બીજા ત્રણે કર્મની સ્થિતિ પણ પૂરી થઈ જતાં કેવળી ભગવંત એક જ સમયમાં સર્વથા કર્મમુક્ત બની સિદ્ધ પરમાત્મા બની જાય છે; પણ જો કોઈ એક—બહુધા વેદનીયકર્મની સ્થિતિ આયુષ્યકર્મ કરતાં લાંબી હોય તો તેની સ્થિતિ આયુકર્મ જેટલી કરવા તે કેવળી ભગવંત આઠ સમયની કેવળી સમુદ્દઘાત કરે છે તેનું સ્વરૂપ આમાં બતાવ્યું છે. આ ઉદયમાં ન આવેલા કર્મોને ઉદયમાં લાવીને આત્માના પ્રદેશોથી ખંખેરી નાખી કર્મમુકત થવાની પ્રક્રિયા

છે. આ પ્રક્રિયા કેવળી થયા પછી છ માસથી ઓછા આયુષ્યવાળા કેવળી ભગવંત કે જેમના અઘાતી કર્મની સ્થિતિ વિષમ હોય તે જ કરે છે. બીજાને હોતી નથી. કેવળ સમુદ્ઘાત કરનારા કે ન કરનારા, સર્વ કેવળી ભગવંત, પ્રથમ "આયોજીકરણ" કરે છે, તેનું સ્વરૂપ કહ્યું છે. પછી સમુદ્ઘાત કરનારા, કરીને, ને ન કરનારા એમજ, મન, વચન, કાયાને રૂંધીને સિદ્ધપદ પામે છે.

## (૨) રાયપસેણિય સુત્ર—બીજા સુયગડાંગનું ઉપાંગ છે.

૨૦૭૮ ગાથા છે. સૂયગડાંગ સૂત્રમાં ૩૬૩ અન્યમતોના એકાંતવાદનું ખંડન કરીને જૈનમતના અનેકાંતવાદનું સ્થાપન કર્યું છે. તે ૩૬૩ મત પૈકી "અક્રિયાવાદી નાસ્તિકમતવાળો પ્રદેશી રાજા શ્વેતાંબિકા નગરીનો રાજા હતો. તેના નાસ્તિક મતનું ભગવાન પ્રાર્શ્વનાથના સંતાનિયા (શિષ્યના શિષ્ય) શ્રી કેશીસ્વામી કેવી કેવી રૂડી યુક્તિઓ વડે સમ્યક્ પ્રકારે ખંડન કરી, તેને દૃઢ સમતાભાવી જૈનધર્મી બનાવી સૂર્ય સમાન તેજસ્વી એવી સૂર્યાભદેવની વૈમાનિકદેવની દેવગતીએ પહોંચાડયો અને એક ભવ કરી તે અધર્મી કુર રાજા ભવ-ભ્રમણનો અંત કરી સિદ્ધપદને પામશે તેનો અધિકાર આમાં છે. જૈનધર્મી બનતાં પહેલા કેશીશ્રમણ સાથે કરેલ વિસ્તૃત સંવાદનું આમાં કથન છે, (લેખકના 'સમ્યગ્-દર્શન'માં પાના–૨૩૩ પર આ કથા આપી છે.) તેથી આ સૂત્રનું નામ **રાયપસેણિય** અર્થાત્ રાજપ્રશ્નીય–રાજાના પ્રશ્નો ને ઉત્તરો–એમ યથાર્થ આપવામાં આવ્યું છે.

આમાં ત્રણ અધિકાર છે :– (૧) સૂર્યાભદેવનો, (૨) પ્રદેશીરાજાનો, (૩) દઢપ્રતિજ્ઞ કેવળીનો. આ ત્રણે અધિકાર એક જ જીવ (આત્મા)ના છે, તેનો "સાર" એ નીકળે છે કે ગમે તેવો અત્યંત ક્રુર અને ઘાતકી જીવાત્મા–અત્રે પ્રદેશી નામે રાજા–પણ જો સાચા ભાવથી સંતસમાગમ કરી જિન-પ્રરૂપિત સદ્ધર્મને પામે છે, તો તેવો નિશ્ચયથી નરકગતિમાં જવાના કર્મદલિકો બાંધનારો અધર્મી જીવ પણ અંતસમયે પોતાનીજ રાણીએ આપેલા કાતિલ વિષના પ્રાણાંતક ઉપસર્ગ (કષ્ટ)માં પણ છતી શક્તિએ ધર્મના પ્રભાવે સમભાવમાં ટકી રહી સંથારો કરી પ્રાણીમાત્રની સાથે રાણીને પણ ખમાવી દેહની મમતા તજી સમાધિભાવે મૃત્યુને સ્વીકાર્યું, તો નરકગામી એવો એ ઘાતકી રાજા સૂર્ય જેવા તેજસ્વી એવા સૂર્યાભદેવ તરીકે સૂર્યાભ નામના દેવ વિમાનમાં ઉપજ્યો. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉપજી, સંયમ લઈ ઉત્કૃષ્ટભાવે પાળી ચારે ઘનઘાતી કર્મો ખપાવી દઢપ્રતિજ્ઞ કેવળી ભગવંત થશે, અને આયુષ્ય પુરૂ થતાં સર્વથા કર્મમુક્તિ બની સંસારસાગરને પાર કરી સિદ્ધ બુદ્ધ અને મુક્ત થશે,

સંતસમાગમનો આ કેવો મહાન ઉપકાર, અનંત સંસારનો નિસ્તાર કરી દેવલોકના સુખો અપાવી, એક જ ભવમાં પરમાત્મપદ પ્રાપ્ત કરાવી દીધું.

## (૩) જીવાભિગમ સુત્ર–ત્રીજા ઠાણાંગસૂત્રનું ઉપાંગ

ઠાણાંગ સૂત્રની કેટલીક ગહન બાબતોના ખુલાસા આમાં કરવામાં આવ્યા છે, તેથી ઠાણાંગસૂત્રના ઉપાંગ તરીકે એની સાર્થકતા છે.

આમાં એક અધ્યયન, ૧૮ ઉદ્દેશા, ૪૭૫૦ ગાથા પ્રમાણ હાલ પાઠ છે. ૨૭૨ ગદ્યસૂત્ર અને ૮૧ પદ્ય અર્થાત્ ગાથા છે. મંગલાચરણમાં શ્રી નવકારમંત્ર છે.

ભગવાન મહાવીરસ્વામીને ગોતમ સ્વામીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરરૂપે જીવ અને અજીવના ભેદ-પ્રભેદનું અને રૂપી-અરૂપી જીવનું આમાં કથન છે. તેમા સંસારી જીવોની ૯ પ્રતિપત્તિ અર્થાત્ પ્રકરણ નીચે પ્રમાણે છે:-

**(૧) પહેલી પ્રતિપત્તિ :-જીવાજીવાભિગમ પ્રતિપ્રતિ** છે. આમાં સંસારી જીવના બે ભેદ (૧) સ્થાવર અને (૨) ત્રસ કહ્યા છે. **સ્થાવરના** ત્રણ ભેદ છે (૧) પૃથ્વીકાય, (૨) અપકાય અને (૩) વનસ્પતિકાય અને ત્રસના ત્રણ ભેદ છે (૧) તેઉકાય, (૨) વાઉકાય અને (૩) ઉદાર ત્રસકાય અર્થાત્ ઔદારિક શરીરવાળા ત્રસ કાય. તેના વળી ૪ ભેદ છે (૧) બેઈંદ્રિય, (૨) તેઈંદ્રિય, (૩) ચોરેંદ્રિય અને (૪) પંચેંદ્રિય.

પંચેદ્રિયના અસંજ્ઞી (મનરહિત) અને સંજ્ઞી (મનસહિત) એમ બે ભેદ, ગતિની અપેક્ષાએ ચાર ભેદ છે (૧) નારકી, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય, અને (૪) દેવ. નારકીના રત્નપ્રભાદિ સાતે નરકની અપેક્ષાએ ૭ ભેદ, તિર્યંચ પંચેંદ્રિયના (૧) જળચર, (૨) સ્થળચર અને (૩) ખેચર એમ ૩ ભેદ અને પછી તેના પેટાભેદ કહ્યા છે, મનુષ્યના સંમૂર્છિમ અને ગર્ભજ એમ બે ભેદ કહ્યા છે, અને દેવના ચાર ભેદ (૧) ભવનપતિ, (૨) વાણવ્યંતર, (૩) જ્યોતિષી અને (૪) વૈમાનિક કહ્યા છે.

અસંજ્ઞી જ્યારે નારકીપણે ઉપજે ત્યારે પ્રથમ અપર્યાપ્ત દશામાં બે અજ્ઞાન-મતિ અને શ્રુતઅજ્ઞાન હોય, પર્યાપ્ત થયા પછી ત્રીજુ વિભંગજ્ઞાન થાય.

(૨) **બીજી પ્રતિપત્તિ**માં ૩ વેદની અપેક્ષાએ ૩ ભેદે જીવ કહ્યા છે. તેમાં, સ્રીવેદ, પુરૂષવેદ અને નપુંસક વેદની સ્થિતિ, અંતર, અલ્પ-બહુત્વ અને વિષયના ભેદ છે.

પુરૂષનો પુરૂષપણે રહેવાનો કાળ જઘન્ય અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટો પ્રત્યેક સો એટલે કે બસોથી નવસો સાગરોપમ સુધીનો છે. ત્યારબાદ વેદનો પલટો અવશ્ય થાય.

પુરૂષવેદ ફરી મળવાનું "અંતર" જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિઆશ્રી અનંતોકાળ, સ્રીવેદનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિ આશ્રી અનંતોકાળ.

સ્રીવેદ કર્મબંધની સ્થિતિ જઘન્ય બે સાગરોપમ અને એક સાગરોપમના સાતમા ભાગમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉણો (ઓછો) અને ઉત્કૃષ્ટ ૧૫ કોડાકોડ સાગરોપમ, અબાધાકાળ પંદરહજાર વર્ષનો.

દેવ ચ્યવીને દેવ થવાનું અંતર ભવનપતિથી, બીજા ઈશાનદેવલોક સુધી જઘન્ય અંતમુહૂર્ત, ત્રીજા સનત્કુમારથી સહસ્રાર (આઠમા) દેવલોક સુધી ૯ દિવસનું, નવમા આણુતથી બારમા અચ્યુત દેવલોક સુધી ૯ મહિનાનું અને ૯ ગ્રૈવેયકથી સર્વાર્થસિદ્ધ સિવાયના ૪ અનુત્તર વિમાન સુધીનું ૯ વર્ષનું પુરૂષવેદનું કહ્યું. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો નિયમા એકાવતારી છે. તેથી અંતર કહ્યું નથી. દરેકનું ઉત્કૃષ્ટ અંતર જુદું જુદું છે.

કર્મભૂમિના મનુષ્ય ગર્ભાવાસના ૯ માસ પૂર્ણ કરીને જ ૯માથી ૧૨મા દેવલોક સુધી ફરી ઉપજવાના અધ્યવસાય કરી શકે તે આશ્રી અને જઘન્ય ૯ વર્ષની ઉંમરે દીક્ષા લઈ ને અનુત્તર વિમાનમાં ઉપજવા જેવી કરણી કરી શકે તે આશ્રી ૯ વર્ષ કહ્યા છે. પુરૂષવેદ કર્મબંધની સ્થિતિ જઘન્ય ૮ વર્ષ અને ઉત્કૃષ્ટ ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ ઓછા. ૧ હજાર વર્ષ અબાધાકાળના—છે.

નપુંસકવેદનો જઘન્ય અંતરકાળ ૧ સમય, અને ઉત્કૃષ્ટ અનંતકાલ વનસ્પતિ આશ્રી. વનસ્પતિ આશ્રી. નપુંસકવેદનેમહાનગરીબળતી હોય તેના જેવો ઉગ્ર દાહકારી કહ્યો છે.

સ્ત્રી ૩ ભેદે છે, તિર્યંચીણી, મનષ્યીણી, અને દેવી.

પુરૂષ ૩ ભેદે છેઃ તિર્યંચ, મનુષ્ય, અને દેવ.

નપુંસક ૩ ભેદે છેઃ— નારક, તિર્યંચ, અને મનુષ્ય.

નારકી બધા નપુંસક હોય, દેવ નપુંસક ન હોય.

**ત્રીજી પ્રતિપત્તિ** :— ચાર પ્રકારે જીવનું કથન છે, તે સંસારની ૪ ગતિ, નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ આશ્રી કહ્યું છે.

પહેલા ત્રણ ઉદ્દેશામાં સાતે નરકનું, નારકીઓનું—જાડાઇ, નરકાવાસા, ક્ષેત્રવેદના વગેરેનું વર્ણન છે. કયા જીવ કઈ નરકમાં ઉપજી શકે તેનું અન્ય કોઈ ધર્મમાં ન બતાવેલું કથન છે, તે આ રીતે—અસંજ્ઞી પંચેંદ્રિય વધુમાં વધુ પહેલી નરકમાં, સરિસર્પથી ગોધા, નોળિયા આદિ બીજી નરક સુધી. પક્ષી ત્રીજી નરક સુધી, સિંહ—વાઘ આદિ હિંસક ચારપગ વાળા ચોથી નરક સુધી, ઉરપરિસર્પ—પેટે ચાલનારા સર્પ, અજગર વગેરે પાંચમી નરક સુધી, સ્ત્રી છઠ્ઠી નરક સુધી—

ચક્રવર્તીનું સ્રીરત્ન અતિભોગવિલાસના કારણે ૧થી છઠ્ઠી નરકે જાય, અને માત્ર પુરૂષ કે મત્સ્ય સાતમી નરક સુધી જઈ શકે. આનો અર્થ એ છે કે અસંજ્ઞીથી સ્રી સુધીના ધારે તોપણ કહી છે તેનાથી ઉપરની નરકમાં જઈ શકે નહિ. કારણકે તેથી ઉપલી નરકમાં ઉપજવા જેવા ભારે અશુભ કર્મ તે તે જીવો બાંધી શકે નહિ.

બધી નરકમાં એક હુંડ સંસ્થાન હોય છે. સંઘયણ નથી હોતું કારણકે વૈક્રીય શરીર છે તેથી હાડચામ આદિ નથી, પરમકૃષ્ણ વર્ણ, પરમદુર્ગંધમય શરીર, સ્પર્શ વગેરે, ૩ દ્રષ્ટિ, ૩ જ્ઞાન, ૩ યોગ, ૨ ઉપયોગ ૪ સમુદ્‌ઘાત તે વેદના, મારણાંતિક, કષાય ને વૈક્રિય, ને અતિભૂખ ને તરસ હોય છે. નારકીનો આહાર અશુભ પુદ્ગલનો ને વિકુર્વણા પણ અશુભહોય છે. કુંભીમાં અશાતાથી ઉપજે છે, અને આયુષ્ય પૂર્ણ થતાં અશાતાથી ચ્યવે છે. ટુંકમાં પ્રત્યેક પળ અતિ દુઃખમય હોય છે.

**સાત નરકેનું કથન છે :-**

| | | આયુષ્ય સાગરોપમમાં | | પદાર્થથી |
|---|---|---|---|---|
| નામ | ગોત્ર | જઘન્ય | ઉત્કૃષ્ટ | વ્યાપ્ત |
| (૧) ઘમા | રત્નપ્રભા | ૧૦૦૦૦ વર્ષ | ૧ | રત્નો |
| (૨) વંસા | શર્કરાપ્રભા | ૧ | ૩ | તીક્ષ્ણ કાંકરા |
| (૩) સીલા | વાલુપ્રભા | ૩ | ૭ | રેતી |
| (૪) અંજના | પંકપ્રભા | ૭ | ૧૦ | કાદવ |
| (૫) રિટ્ઠા | ધૂમ્રપ્રભા | ૧૦ | ૧૭ | ધુમાડો |
| (૬) મઘા | તમપ્રભા | ૧૭ | ૨૨ | અંધકાર |
| (૭) માઘવતી | તમતમાપ્રભા | ૨૨ | ૩૩ | ઘોરઅંધકાર |

પહેલી નરકનું દેહમાન ૭ાા ધનુષ્ય અને ૬ આંગળ છે, પછી ઉત્તરોત્તર બમણું થતાં સાતમીનું દેહમાન ૫૦૦ ધનુષ્યનું છે.

**વેદના :–** સાતે નરકમાં ૧૦ પ્રકારની **ક્ષેત્રવેદના :–** (૧) અનંતક્ષુધા, (૨) અનંતતૃષા, (૩) અનંત ટાઢ, (૪) અનંત તાપ, (૫) અનંત મહાજ્વર, (૬) અનંત ખુજલી, (૭) અનંત રોગ, (૮) અનંત આશ્રયહીનતા, (૯) અનંત શોક અને (૧૦) અનંતભય. આ ઉપરાંત પહેલી ૩ નરક સુધી પરમાધર્મી દેવો જીવ જેવા પાપકર્મો કરીને આવ્યો હોય, તે પ્રમાણે ભયંકર પીડા પમાડતા હોય છે, અને ચોથીથી સાતમી નરક સુધી "**અન્યોન્ય કૃત**" અર્થાત્ નારકો એકબીજાને કુતરાની જેમ વેદના પહોંચાડતા હોય છે,

"**સમ્યગદૃષ્ટિ** નારકો વેદના સમભાવે સહન કરે છે અને અન્યને પીડા ઉપજાવતા નથી, તેથી પોતાના અશુભકર્મ ખપાવી મનુષ્યગતિમાં જઈ પરંપરાએ મોક્ષ પામે છે, જ્યારે મિથ્યાદૃષ્ટિ નારકો હાયવોય કરી વેદના ભોગવે છે અને પરસ્પર ક્લેશ કરે છે. તેથી વળી નવા અશુભકર્મ બાંધી હિંસક પશુ પક્ષી, ઇત્યાદિ દુર્ગતિમાં જાય છે ને સંસારચક્ર ખૂબ વધારી દે છે,

બે ઉદ્દેશામાં "**તિર્યંચ**" નું કથન છે.

તિર્યંચમાં એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના જીવ કહ્યા છે.

આમાં પહેલા ચાર એકેંદ્રિય (૧) પૃથ્વી, (૨) પાણી, (૩) તેઉ (અગ્નિ) અને (૪) વાયુકાયના દરેકના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે, અને તે આઠે ભેદના પર્યાપ્તા

અને અપર્યાપ્તા મળી ૧૬ ભેદ છે. વનસ્પતિકાયના (૧) સૂક્ષ્મ, (૨) પ્રત્યેક અને (૩) સાધારણ એમ ૩ ભેદ છે. તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી કુલ છ ભેદ છે. અને આમ પાંચે એકેંદ્રિયના કુલ ૨૨ ભેદ છે. સૂક્ષ્મ એકેંદ્રિય તો આખા લોકમાં ઠાંસીઠાંસીને ભર્યા છે. બાદર જીવો લોકના અંશભાગમાં છે. તિર્યંચયોનિના જીવોનું લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, યોગ, ઉપયોગ, ઉત્પત્તિ, સ્થિતિ (આયુષ્ય), મરણ, સમુદ્‌ઘાત્, ઉદ્‌વર્તન, કુલકોટી એમ ૧૧ દ્વારો વડે વિસ્તૃત કથન છે.

**સંસારી જીવના છ ભેદ** પાંચ સ્થાવર ને છઠા ત્રસ કહ્યા છે.

### જીવ જીવપણે કેટલો કાળ રહે ?

જીવજીવપણે સદાકાળ રહે છે. તે જ પ્રમાણે પૃથ્વીકાય પૃથ્વીકાયપણેથી લઇને ત્રસજીવ ત્રસકાય પણે—એમ છએ કાયના જીવો લોકમાં સદૈવ રહે. એક સમયમાં એક જીવ એક જ ક્રિયા કરે. સમ્યક્ કે મિથ્યાક્રિયા એક જ કરે.

દેવોના વિમાન ને નરકની કુંભીઓ પૃથ્વીકાયની હોય છે. પછી મનુષ્યક્ષેત્ર અને મનુષ્યોના વેદનું કથન છે.

**મનુષ્ય ક્ષેત્ર:**— લોકના મધ્યભાગમાં તીરછીલોક કે મધ્યલોક આવેલો છે. તે અસંખ્યાત દ્વીપ—સમુદ્રોનો બનેલો છે. તેમાં કેન્દ્રસ્થાને જંબુદ્વીપ છે. તેના ફરતો લવણસમુદ્ર છે. પછી ધાતકી ખંડ છે. તેના ફરતો કાલોદધિ સમુદ્ર છે. પછી પુષ્કરખંડ છે. તેની અધવચ્ચે માનુષોત્તર પર્વત છે. તે પર્વત સુધી મનુષ્યક્ષેત્ર છે. આમ જંબુદ્વીપ,

ધાતકીખંડ અને પુષ્કરાર્ધ (અર્ધો પુષ્કર) ખંડ મળી અઢી દ્વીપમાં મનુષ્યક્ષેત્ર છે. ત્યારપછીના તિરછો લોકમાં મત્સ્યાદિ જળચર છે પણ મનુષ્ય નથી.

**મનુષ્યના ભેદ:**– મનુષ્યના સંમૂર્છિમ અને ગર્ભજ એમ બે ભેદ કહ્યા છે. સંમૂર્છિમ એટલે માતાપિતાના સંયોગ વિના જે ઉપજે તે. તે ગર્ભજ મનુષ્યના મળ, મૂત્ર, શ્લેષ્મ, બળખા આદિ ૧૪ પ્રકારના અશુચિસ્થાનોમાં ઉપજે છે. તેનું આયુષ્ય એક અંતરમુહૂર્તનું હોય છે. મનુષ્યની દૃષ્ટિથી દેખાતા નથી. ગર્ભજ એટલે માતાની કુખે જન્મે તે, તેના ૩ ભેદ કહ્યા છે (૧) કર્મભૂમિના, (૨)અકર્મભૂમિના અને (૩) અન્તરદ્વીપના છે. કર્મભૂમિના ૧૫ પ્રકારે, અકર્મભૂમિના ૩૦ પ્રકારે અને અન્તરદ્વીપના ૫૬ પ્રકારના મળી કુલ ૧૦૧ ભેદ મનુષ્યના કહ્યા છે. અકર્મભૂમિ અને અન્તરદ્વીપના મનુષ્યો જુગલિયા કે જુગલિક (જોડા) કહેવાય છે. કારણ કે જુગલિકની સ્રીને નિયમા એક પુત્ર અને એક પુત્રીનું જોડું જ જન્મે છે, જે નિયમા પતી-પત્ની તરીકે સંસાર માંડે છે. તે અકર્મભૂમિના તેમજ અંતરદ્વીપોના સ્થાન આયામ, વિષ્કંભ, પરિધિ આદિનું, અનેક પ્રકારના વૃક્ષો, લતાઓ આદિનું અને ૧૦ પ્રકારના કલ્પવૃક્ષોનું વિસ્તૃત વર્ણન છે, તેમજ ત્યાંના મનુષ્યોનું સર્વાંગીણ વર્ણન કરતાં તેમની ઊંચાઈ, પાંસળીઓ, આહાર લેવાનો કાળ, આયુષ્ય તેમના ઉપભોગમાં આવતા પદાર્થોનું, જોડીયા બાળકોના ઉછેરનું, ત્યાંની પૃથ્વી તેમજ તેમાં નીપજતાં ફળોના સ્વાદ વગેરેનું વિસ્તૃત વર્ણન છે, તેની સાથેસાથ, ગ્રામ, નગર, ઘર, અસિ (શસ્રાદિ), મસિ (વેપાર-વણજ), અને કૃષિ (ખેતીવાડી,

પશુપાલન વગેરે) આદિ વ્યવસાયો, સોનુ, ચાંદી, લોઢું વિ. ધાતુઓ, રાજા આદિ સામાજીક વ્યવસ્થા, દાસ-દાસીની પ્રથા, શત્રુ-મિત્રાદિ ભાવ, ગીત-નૃત્યાદિ, વાહન, ડાંસ, મચ્છરાદિ જીવો, યુદ્ધ, રોગ, અતિવૃષ્ટિ, ખરીદ-વેચાણાદિ ક્રય-વિક્રયની પ્રથા વગેરે જે કર્મભૂમિમાં જ હોય છે, તે બધું જુગલિક ક્ષેત્રોમાં નથી હોતું, કારણકે તેમની બધી જરૂરીયાત દસ પ્રકારના કલ્પવૃક્ષો પૂરી પાડતા હોય છે, આ બધાનું વિસ્તારથી વર્ણન છે.

## દેવના પ્રકાર ને ભેદો :-

ચાર નિકાયના દેવ કહ્યા છે :- (૧) ભવનપતિ તેમાં ૧૫ પ્રકારના પરમાધામી અને ૧૦ પ્રકારના અસુરકુમારાદિ દેવો મળી કુલ ૨૫ પ્રકારના અધોલોકમાં છે, (૨) પિશાચ, ભૂત, યક્ષ આદિ ૧૬ પ્રકારના વ્યંતર દેવ અને ૧૦ જાતિના જાંભિકા મળી ૨૬ પ્રકારના વાણવ્યંતર દેવો, તિર્છાલોકમાં વસે છે, (૩) જ્યોતિષી દેવો તે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, અને તારા એ પાંચ અઢીદ્વીપના મનુષ્યક્ષેત્રમાં ચર (ફરતાં) અને અઢીદ્વીપ બહાર સ્થિર છે, તે કુલ ૧૦ પ્રકારના તિર્છાલોકમાં છે, અને (૪) વૈમાનિક અર્થાત્ ઉર્ધ્વલોકમાં જે વિમાનો છે તેમાં વસે છે. તે ૩ કિલ્વિષી, ૧૨ દેવલોકના ૧૨, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, અને પાંચ અનુત્તર વિમાનના મળી કુલ ૩૮ પ્રકારના છે. તે ચારે નિકાયના મળી ૨૫+ ૨૬+૧૦+૩૮ કુલ ૯૯ પ્રકારના દેવો કહ્યા છે.

ઉપરોક્ત દેવોના ભવનોના સ્થાનનું વર્ણન, ૩ પરિષદ, અને તેની ભિન્નતાના કારણ, તેમાં દેવ-દેવીની સંખ્યા, સ્થિતિ (આયુષ્ય), તેમના ઇન્દ્રો આદિનું વર્ણન છે.

ત્યાર પછી દ્વીપ-સમુદ્રોના સ્થાન, સંખ્યા, સંસ્થાન આદિનું વર્ણન છે,

પછી જંબુદ્વીપના ગોળાકારની અને સંસ્થાનની ઉપમાઓ, આયામ, વિષ્કંભ, પરિધિ આદિનું, તેની જગતિનું વનખંડોનું, વિજયદ્વાર અને વિજયા રાજધાનીનું, તેના પ્રાસાદોનું, સુધર્માસભાનું, ઉત્પાત સભાનું, દ્વારોનું, ઉત્તર કુરૂનું, યમક પર્વતો ને યમક દેવનું, નિલવંત દ્રહનું, કંચનગ પર્વતો અને કંચનગ દેવનું, જંબુવૃક્ષ કે જેના પરથી જંબુદ્વીપનું નામ પડ્યું છે, અને તેમાં ફરતાં ચંદ્ર સૂર્યાદિ પાંચે ચર દેવોનું, વિસ્તારથી વર્ણન છે.

પછી લવણ સમુદ્રનું, સંસ્થાન આદિનું, તેના લવણાધિપ દેવનું, તેના મચ્છ-કચ્છ આદિનું વર્ણન છે.

પછી ધાતકી ખંડના, કાલોદધિ સમુદ્રના, ને પુષ્કરવર દ્વીપના, સંસ્થાન, વિષ્કંભ, પરિધિ આદિના અને તે દરેકના ચંદ્રસૂર્યાદિના વર્ણન છે. અંતમાં સ્વયંભૂરમણ દ્વીપને સમુદ્રનું, અને સમુદ્રોના મત્સ્યોની કુલકોટી, અવગાહના આદિનું વર્ણન છે.

પછી દેવોની દિવ્ય ગતિ, બાહ્ય પુદ્ગલોના ગ્રહણથી જ થતી વિકુર્વણા, તેમના વૈક્રિય શરીરને છદ્મસ્થ મનુષ્ય જોઇ શકે નહિ, તેમના સામર્થ્ય વગેરેનું વર્ણન છે, ચંદ્ર સૂર્યાદિ જ્યોતિષી દેવોના અંતર, વિષ્કંભ, પરિધિ, ગતિ, વિકુર્વણા અને તેમની અગ્રમહિષીઓનું વર્ણન છે, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવો બધા અહમેન્દ્ર કહેવાય છે, તેમનામાં વિક્રિયા કરવાની શક્તિ હોવા છતાં વિક્રિયા કરતા નથી. બધા દેવોને સંઘયણ નથી, તેમને

પુદ્ગલોનું માત્ર શુભ પરિણમન હોય છે; સમચતુરસ્ર સંસ્થાન હોય છે.

અંતમાં નારકી, તિર્યંચ, મનુષ્યને દેવોની જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિ, અંતરકાળ, જઘન્ય સંસ્થિતિકાળ અને તેમના અલ્પ બહુત્વનું વર્ણન છે, આ વર્ણન ત્રીજી પ્રતિપત્તિથી નવમી પ્રતિપ્રતિ સુધી દરેકમાં કરવામાં આવ્યું છે.

પહેલાથી આઠમા સહસ્રાર દેવલોક સુધી ગર્ભજ તિર્યંચ કે મનુષ્ય જ દેવપણે ઉપજે અને નવમે દેવલોકે ને તેની ઉપરના દેવલોકમાં માત્ર મનુષ્ય જ દેવપણે ઉપજે. આઠમા દેવલોક સુધીના દેવોની ગતિ મનુષ્ય ને તિર્યંચની કહી છે, તેથી ઉપરના દેવોની ગતિ માત્ર મનુષ્યની જ કહી છે,

અંતર :– નારકી, મનુષ્યને દેવોનું જઘન્ય અંતર એક અંતમુહૂર્તનું, ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાળ અર્થાત્ અનંતકાળ, તિર્યંચનું જઘન્ય અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટ સો સાગરોપમથી થોડુ અધિક.

ચારે પ્રકારના સંસારી જીવોમાં સર્વથી થોડા મનુષ્ય, તેનાથી નારકી અસંખ્યાત ગણા, તેથી દેવ અસંખ્યાત ગણા, અને તેથી તિર્યંચ અનંતગણા, કારણકે તિર્યંચમાં વનસ્પતિને નિગોદના જીવોનો સમાવેશ થાય છે જે અનંતા છે.

નિગોદના જીવો એક સાથે ઉપજે છે, એક સાથે શ્વાસોચ્છવાસ લે છે ને એક સાથે મરે છે :–

**ચોથી પંચવિધ જીવ પ્રતિપત્તિમાં** એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના પાંચ પ્રકારના જીવોનું કથન છે. જીવ બે પ્રકારના છે (૧) સૂક્ષ્મ ને (૨) બાદર. તેમની જઘન્યને ઉત્કૃષ્ટ સ્થિતિ, સંસ્થિતિકાળ તથા અલ્પબહુત્વનું વર્ણન છે.

**પાંચમી ષડ્‌વિધ જીવ પ્રતિપ્રત્તિમાં** સંસારી જીવોના છ ભેદ—પાંચ એકેંદ્રિય ને છઠ્ઠા ત્રસ કહ્યા છે. નિગોદના જીવોનું કથન છે. દ્રવ્ય આશ્રી નિગોદ અસંખ્યાત કહી છે ને જીવ આશ્રી અનંત કહી છે. તે બધા જીવોના સૂક્ષ્મ ને બાદર એમ બે ભેદ કહીને, તે બંને ભેદના (૧) પર્યાપ્ત અને (૨) અપર્યાપ્ત એમ બે ભેદ બતાવ્યા છે.

**છઠ્ઠી સપ્તવિધ જીવ પ્રતિપત્તિમાં** (૧) નારકી, (૨) તિર્યંચ, (૩) તિર્યંચિણી, (૪) મનુષ્ય, (૫) મનુષ્યણી, (૬) દેવ ને (૭) દેવી એમ સાત પ્રકારે સંસારી જીવ કહ્યા છે.

**સાતમી અષ્ટવિધ જીવ પ્રતિપત્તિમાં** નરકાદિ ચારે ગતિના જીવોના (૧) પ્રથમ સમયના ને (૨) અપ્રથમ સમયના મળી કુલ ૮ ભેદ કહ્યા છે,

જીવોમાં સૌથી નાનો ક્ષુલ્લક ભવ ૨૫૬ આવલિકાનો કહ્યો છે.

**આઠમી નવવિધ જીવ પ્રતિપત્તિમાં** સંસારી-જીવના ૯ ભેદ કહ્યા તે પાંચ એકેંદ્રિય (સ્થાવર), બે, ત્રણ ને ચાર ઇંદ્રિયવાળા ૩ વિગલેંદ્રિય ને પંચેંદ્રિય મળી કુલ નવ ભેદ છે.

**નવમી દશવિધ જીવપ્રતિપત્તિમાં** સંસારી જીવોના દશ પ્રકાર તે એકેંદ્રિયથી લઈ પંચેદ્રિય સુધીના જીવોના (૧) પ્રથમ સમયના ને (૨) અપ્રથમ સમયના મળી દશ ભેદ કહ્યા છે.

ત્રીજી પ્રતિપત્તિથી નવમી પ્રતિપત્તિ સુધીની દરેક જીવ પ્રતિપત્તિમાં જીવોની જઘન્યને ઉત્કૃષ્ટ સ્થિતિ, સંસ્થિતિકાળ, અંતરકાળ તથા અલ્પબહુત્વનું કથન કરેલ છે.

વળી નવમીમાં જીવોના સિદ્ધ, અસિદ્ધ, સેન્દ્રિય, અનિન્દ્રિય, જ્ઞાની, અજ્ઞાની, આહારક, અનાહારક, ભાષક, અભાષક, સમ્યગદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, પરિત્ત, અપરિપ્ત, પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ—બાદર, સંજ્ઞી—અસંજ્ઞી, ભવસિદ્ધિક અને અભવસિદ્ધિકના ભેદો કહ્યા છે, તથા યોગ, વેદ, દર્શન, સંયત, અસંયત, કષાય, જ્ઞાન, શરીર, કાય, લેશ્યા, યોનિ, ઈન્દ્રિય વિગેરે દ્વારો વડે વર્ણન કરવામાં આવ્યું છે.

અંતમાં સમુચ્ચય જીવોનું બેથી દશ પ્રકારના ભેદરૂપે વર્ણન છે. પર્યવસિત ને અપર્યવસિત્તના ભેદ કહ્યા છે. પર્યવસિત એટલે જેનો અંત હોય તેવા **"સાન્ત"** અપર્યવસિત એટલે અંતરહિત "અનંત" એના ૩ ભેદ છે:— (૧) અનાદિ અપર્યવસિત તે "અભવ્ય" આશ્રી કે જેના સંસારચક્રનો કદાપિ અંત થવાનો નથી, (૨) અનાદિ સપર્યવસિત તે "ભવ્ય" આશ્રી જે અનાદિના છે, પણ ભવભ્રમણનો અંત કરવાવાળા છે; અને (૩) સાદિ સપર્યવસિત તે "પડિવાઈ" અર્થાત્ સમક્તિ પામીને જે ફરી મિથ્યાત્વ પામ્યા છે તે આશ્રી, તેની સ્થિતિ જઘન્ય અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ, અર્થાત્ અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ.

આમ આ સૂત્રમાં બે વિભાગ છે:—(૧) પ્રથમ વિભાગમાં અજીવ અને સંસારી જીવોના ભેદોનું નિરૂપણ છે અને (૨) બીજામાં સમુચ્ચય જીવોનું એટલે કે સંસારી ને સિદ્ધના જીવોનું નિરૂપણ છે. આ સૂત્ર અંગબાહ્ય છે.

## (૪) પન્નવણા (પ્રજ્ઞાપના) સૂત્ર સમવાયાંગ સૂત્રનું ઉપાંગ છે.

આ સૂત્રમાં એક અધ્યયન છે અને ૩૬ પદ છે. મૂળ

પાઠ ૭૭૮૭ ગાથા પ્રમાણ છે. આમાં ૨૩૨ ગાથા છે. શેષ પદ્યમાં છે. આ સૂત્રની રચના પ્રશ્નોત્તરરૂપે થઈ છે. આના પ્રત્યેક પદના અંતે **"પણ્ણવણાએ ભગવઈએ"** પાઠ આવે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે અંગસૂત્રોમાં જે સ્થાન શ્રી ભગવતી સૂત્રનું છે. તેવું જ વિશિષ્ઠ સ્થાન ઉપાંગ સૂત્રોમાં શ્રી પન્નવણા સૂત્રનું છે. આ સૂત્રમાંથી ઘણા થોકડા નીકળે છે. તેથી આ આગમ જ્ઞાનનો ગહન ભંડાર છે. તેથી આને પણ "ભગવતી" કહ્યું છે.

**વ્યાખ્યા :**–પન્નવણાનું સંસ્કૃત ભાષામાં **"પ્રજ્ઞાપના"** થાય છે. જેનો અર્થ પ્ર=પ્રકર્ષથી, જ્ઞા=જાણવું, પના=પદાર્થો, અર્થાત્ જેના વડે પદાર્થોનું પ્રકર્ષથી અર્થાત્ વિશિષ્ઠ રીતે જ્ઞાન થાય તે "પ્રજ્ઞાપના" સૂત્ર. જીવ ને અજીવ સંબંધી જે વિશિષ્ઠ નિરૂપણ છે તે "પ્રજ્ઞાપના" છે. આ નામમાં "પ્રજ્ઞાપયતિ' કે "પ્રરૂપયતિ" એમ ક્રિયાપદો છે; તેથી એમ સ્પષ્ટ થાય છે કે તીર્થંકર ભગવંતોનો ઉપદેશ એ પ્રજ્ઞાપના અથવા પ્રરૂપણા છે. તે ઉપદેશનો આધાર લઈ પ્રસ્તુત સુત્રની રચના શ્યામાચાર્યે કરેલી છે. તેથી પણ "પ્રજ્ઞાપના" નામ સાર્થક રીતે શ્યામાચાર્યે આપ્યું જણાય છે.

"પદ"ની વ્યાખ્યા કરતાં આચાર્ય મલયગીરી લખે છે કે **"પદં પ્રકરણમર્થાધિકાર : ઇતિ પર્યાયા :"** અર્થાત્ પદના પર્યાયવાચી શબ્દો પ્રકરણ કે અર્થાધિકાર છે. તેથી પદ એટલે પ્રકરણ એમ આ આગમમાં અર્થ કરવાનો છે.

પ્રજ્ઞાપના સૂત્રના ૧, ૨, ૫, ૬, ૧૧, ૧૫, ૧૭, ને ૨૪ થી ૨૭ સુધીના પદોનો હવાલો શ્રી ભગવતી સૂત્રમાં આપવામાં આવ્યો છે. પણ પ્રજ્ઞાપના સૂત્રમાં કોઈપણ સૂત્રનો હવાલો આપવામાં આવ્યો નથી, કારણ કે તેમાં જે જે

વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેમાં તે વિષયોનું સંપૂર્ણ કથન છે.

**મંગલાચરણ :–** "નમો સિદ્ધાણં" પદથી કરેલ છે. અને પછી શાસનપતિ ભગવંત મહાવીરને નમસ્કાર છે.

જીવાજીવાદિ તત્ત્વ નિરૂપણનો સંબંધ આચાર્ય મલયગિરીએ આના પદો સાથે નીચે પ્રમાણે જોડ્યો છે:–

| તત્ત્વ | પ્રજ્ઞાપનાના પદો |
|---|---|
| ૧–૨ જીવ અને અજીવ, | પદ–૧,૩, ૫,૧૦ ને ૧૩ |
| ૩ આસ્રવ | " ૧૬, ૨૨, |
| ૪ બન્ધ | " ૨૩ |
| ૫ થી ૭ સંવર, નિર્જરા, મોક્ષ | " ૩૬ |

બધા તત્ત્વોનો સમાવેશ સર્વજ્ઞોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં કરેલ છે; તેથી મલયગિરીએ પણ દ્રવ્ય અર્થાત્ જીવ તત્ત્વનો સમાવેશ પ્રથમ પદમાં, ક્ષેત્ર અર્થાત્ જીવોના નિવાસસ્થાનનો બીજા પદમાં, કાળનો અર્થાત્ જીવોના આયુષ્યનો (સ્થિતિનો) ચોથા પદમાં, અને ભાવનો સમાવેશ બધા પદોમાં કર્યો છે.

## ૩૬ પદોના વિષયોનું નિરૂપણ :–

(૧) પહેલા પ્રજ્ઞા પદમાં જીવના બે ભેદ–"સંસારી ને સિદ્ધ" બતાવ્યા છે. સંસારી જીવોના ૫૬૩ ભેદ અને સિદ્ધના ૧૫ ભેદનું કથન છે. સંસારી જીવોના ભેદ ઈંદ્રિયોના અનુક્રમે –પાંચ સ્થાવર (એકેન્દ્રિય), ૩ વિકલેન્દ્રિય (બે, ત્રણ ને ચાર ઇન્દ્રિયોવાળા), પંચેન્દ્રિય તીર્યંચ, મનુષ્યના ભેદો

તથા ૧૯૮ પ્રકારના દેવોનું વર્ણન છે. અશાલીયાની ઉત્પત્તિ, કુલકોડીની સંખ્યા, અનાર્ય ને ૨૫ાા આર્ય દેશોના નામ, આર્યોની નીતિ, કર્મ, ભાષા તથા લિપિ, અને જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ બતાવ્યા છે, પછી અજીવના ભેદો કહ્યા છે.

**(૨) સંસ્થાન પદ** :–આમાં એકેંદ્રિય થી પંચેંદ્રિય સુધીના ૨૪ દંડકના જીવોના નિવાસસ્થાનોનું વિસ્તૃત વર્ણન છે. સિદ્ધશિલા અને સિદ્ધભગવાનનું કથન છે.

**(૩) બહુ વક્તવ્ય પદ** :–આ ત્રીજા પદથી માંડીને ૧૩, ૧૮ ને ૨૧મા પદ સિવાયના બાકીના બધા પદોમાં જીવોનું વિભાજન (૧) ગતિ, (૨) ઇન્દ્રિય (૩) કાયા, (૪) જોગ, યોગ–મન, વચન, કાયાને યોગ કહ્યા છે. (૫) ૩ વેદ (૬) ૪ કષાય, (૭) ૬ લેશ્યા, (૮) દૃષ્ટિ, (૯) જ્ઞાન; (૧૦) દર્શન, (૧૧) સંયતિ, (૧૨) ઉપયોગ, (૧૩) આહારક, (૧૪) ભાષક, (૧૫) પરિત્ત, (૧૬) પર્યાપ્ત, (૧૭) સૂક્ષ્મ, (૧૮) સંજ્ઞી, (૧૯) ભવ્ય, (૨૦) અસ્તિકાય, (૨૧) ચરમ, (૨૨) ક્ષેત્ર, (૨૩) બંધ અને (૨૪) પુદ્ગલ આ ૨૪ દ્વારો ઉપર જીવના ૧૪ ભેદ, ૧૪ ગુણસ્થાન, ૧૫ યોગ, ૧૨ ઉપયોગ, ૬ લેશ્યા, અને અલ્પબહુત્વ એમ ૬૨ બોલ ઉતાર્યા છે. જીવના ૨૫૬ ઢગલા અને ૯૮ બોલનો અલ્પબહુત્વ દ્વાર અંતે આપ્યો છે. અભવિ કરતાં ભવી જીવો વધુ છે તેમ કહ્યું છે.

**(૪) સ્થિતિપદ** :–૨૪ દંડકના જીવોના અપર્યાપ્ત અને પર્યાપ્તની, તથા તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, જુગલિયા વગેરેની સ્થિતિ (આયુષ્ય) બતાવેલ છે. સિદ્ધ ભગવંતો મોક્ષના શાશ્વતા સુખ ભોગવતા હોવાથી તેમનો વિચાર અત્રે કરેલ નથી.

**(૫) પર્યાય પદ :**–આમાં જીવ અને અજીવ દ્રવ્યોની પર્યાયો (અવસ્થાઓ)નું કથન છે. પ્રથમ પ્રજ્ઞાપદમાં જીવ ને અજીવના ભેદોનું નિરૂપણ તો હતું જ, પરંતુ આમાં પ્રત્યેક ભેદની અનંત પર્યાયો હોય છે, તે બતાવી છે. આમાં નારકી આદિ ૨૪ દંડકના જીવો અને ૨૫મા સિદ્ધ ભગવંતોની સંખ્યા અને પર્યાયોનું કથન છે. દા.ત. મનુષ્યની પર્યાયોના ભેદ બતાવતાં કહ્યું છે કે "દ્રવ્ય દૃષ્ટિ" એ મનુષ્ય **સંખ્યાતા** છે, "પ્રદેશદૃષ્ટિ" એ પ્રત્યેક જીવના અસંખ્યાત પ્રદેશ હોવાથી અસંખ્યાતા છે, અને વર્ણગંધરસાદિ, તથા જ્ઞાનદર્શન; અવગાહના, સ્થિતિ આદિ દૃષ્ટિથી તેમની પર્યાયો અનંત છે, આ રીતે બીજા દંડકો ને સિદ્ધની પર્યાયો કહી છે. દ્રવ્યદૃષ્ટિએ વનસ્પતિ સિવાયના ૨૩ દંડકના જીવો અસંખ્ય છે, વનસ્પતિના અનંત છે, પર્યાયની દૃષ્ટિએ બધા ચોવીસે દંડકના જીવો અનંત છે. સિદ્ધ ભગવંતો તો દ્રવ્યદૃષ્ટિએ પણ અનંત છે.

આચાર્ય મલયગિરિએ ઉપરોક્ત દૃષ્ટિઓનો સમાવેશ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવમાં આ રીતે કરેલ છે, દ્રવ્યમાં દ્રવ્યાર્થતા અને પ્રદેશાર્થતાનો, ક્ષેત્રમાં અવગાહનાનો, કાળમાં સ્થિતિનો અને ભાવમાં વર્ણાદિ જ્ઞાનાદિનો, સમાવેશ કરેલ છે.

પુદ્ગલના અહીં પરમાણુ ને સ્કંધ એમ બે ભેદ કર્યા છે. તે બંનેની પર્યાયો અનંત છે; સ્થિતિની અપેક્ષાએ એક સમયથી માંડી અસંખ્યાતકાળની સ્થિતિવાળા છે; એક પરમાણુ બીજા પરમાણુની સ્થિતિની અપેક્ષાએ હીન, તુલ્ય કે અધિક હોઈ શકે છે. અવગાહનાની દૃષ્ટિએ બે પ્રદેશથી માંડીને અનંત પ્રદેશી (પરમાણુઓ)નો સ્કંધ આકાશના એક પ્રદેશથી લઈને અસંખ્યાત પ્રદેશ સુધીના ક્ષેત્રને અવગાહી શકે છે,

પરંતુ અનંત પ્રદેશના ક્ષેત્રને રોકતો નથી, કારણકે પુદ્ગલ-દ્રવ્ય લોકાકાશમાં જ છે અને લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા જ છે, અલોકાકાશ અનંતપ્રદેશી છે, પણ ત્યાં આકાશ સિવાય બીજા કોઈ દ્રવ્ય હોતા નથી.

પરમાણુવાદી ન્યાયવૈશેષિક પરમાણુને નિત્ય માને છે, પરંતુ તેમના પરિણમનને અર્થાત્ પર્યાયને માનતા નથી. જ્યારે સર્વજ્ઞ તીર્થંકરોએ પરમાણુને પણ પરિણામી નિત્ય કહ્યો છે, કારણ કે પરમાણુ સ્કંધરૂપે અને સ્કંધ પરમાણુરૂપે પરિણમે છે. પરમાણુ સ્વતંત્ર હોવા છતાં તેની પર્યાયો પલટાયા કરે છે.

**(૬) વિરહ (અંતર) પદ** :—નરકાદિ ચારે ગતિમાં એક જીવ આવીને ઉપજે, તે પછી બીજો જીવ ત્યાં આવીને ઉપજે તે બંને વચ્ચે કાળનું જે અંતર પડે તેને "વિરહ" કહે છે. તે રીતે ચવવામાં જાણવું.

ચારે ગતિઓમાં ઉપજવા (ઉપપાત)નું તથા ચ્યવવા (ઉદ્વર્તના)નું અંતર પડે તો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનું પડે. સિદ્ધગતિમાં અંતર પડે તો જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ માસનું પડે. શાશ્વતા છે તેથી ચ્યવવાનું નથી. પછી દરેક ગતિ આશ્રી વિરહકાળ બતાવેલ છે.

પછી જીવોની ગતિ—આગતિનું, તથા પરભવના આયુષ્ય-બંધનું કથન છે, જીવે જેવા પ્રકારનું આયુષ્ય બાંધ્યું હોય, તેવી ગતિમાં જ નવો જન્મ પામે છે.

આયુષ્યના સોપક્રમ (તુટી શકે તેવું) અને નિરૂપક્રમ એમ બે ભેદ છે. દેવો, નારકી, અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્ય (બંનેના જુગલિયા) ને

નિયમા નિરૂપક્રમીક આયુષ્ય જ હોય છે, કારણ કે તેમનું આકસ્મિક મૃત્યુ કદાપિ થતું નથી; અને આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે જ આગામી ભવનું આયુષ્ય બાંધે છે. એકેંદ્રિયથી ચૌરેંદ્રિય સુધીના જીવોમાં બંને પ્રકારનું આયુષ્ય હોય છે. નિરૂપક્રમી હોય તો આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહેતાં પરભવનું આયુષ્ય બાંધે છે; અને સોપક્રમી હોય તો આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહેતાં બાંધે, અને ત્યારે ન બાંધે તો તેના ત્રીજા ભાગે, વળી તેના ત્રીજા ભાગે એમ કરતાં છેવટ અંતમુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે તો અવશ્ય બાંધે. સોપક્રમી તિર્યંચને મનુષ્યનું એકેન્દ્રિય પ્રમાણે જાણવું.

પરભવનું આયુષ્ય બાંધતી વખતે જીવ નિયમા નીચેના છ બોલ પણ નિદ્ધત કરે (બાંધે) છેઃ—(૧) જાતિ—એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીની જાતિ કહેવાય છે, (૨) ગતિ તે નરકાદિ ૪ ગતિમાંથી કંઈ ગતિમાં જાશે તે, (૩) સ્થિતિ, (૪) અવગાહના (આકૃતિ), (૫) પ્રદેશ—તે આયુષ્યકાળમાં જેટલા કર્મ ઉદયમાં આવવાના છે તે, અને (૬) અનુભાગ. આમાં વળી ૬ પેટાભેદ છે. (૧) સુખ, (૨) દુઃખ, (૩) સંયોગ, (૪) વિયોગ, (૫) સંપત્તિ અને (૬) સંતતિ. આમાં એક ભવની જીંદગીમાં જે બનવાનું છે તે સંપૂર્ણપણે આવી જાય છે. જે કાંઇ બનવાનું છે, મળવાનું છે તે પૂર્વકૃત શુભાશુભ કર્મ પ્રમાણે જ નિયમા થવાનું છે. છતાં અજ્ઞાની જીવ પોતાને તેને કર્તા માની રાગદ્વેષના નવા નવા પરિણામો કરી વળી નવા કર્મો બાંધીને માત્ર પોતાનું જ ભવભ્રમણ વધારે છે.

**(૭) શ્વાસોચ્છ્વાસ પદ** :—૨૪ દંડકના જીવોના શ્વાસોચ્છવાસનું માન બતાવ્યું છે. દેવોમાં જેટલા સાગરોપમનું આયુષ્ય તેટલા પખવાડીએ શ્વાસ લે છે.

(૮) **સંજ્ઞાપદ** :– સંજ્ઞા ૧૦ પ્રકારની છે – આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ, ચોવીસે દંડકમાં આ દશે સંજ્ઞાઓ કેટલી લાભે અને કયા કર્મથી થાય છે તે કહ્યું છે. સંજ્ઞાવાળા જીવોનો અલ્પ-બહુત્વ છે. નારકીમાં ભય સંજ્ઞા, તિર્યંચમાં આહાર સંજ્ઞા, મનુષ્યમાં મૈથુન સંજ્ઞા અને દેવોમાં પરિગ્રહ સંજ્ઞા વધુ હોય છે.

(૯) **યોનિપદ** :– યોનિ એટલે જીવનું નવા જન્મનું ઉત્પત્તિ સ્થાન, બાર પ્રકારના શીત, ઉષ્ણ, શીતોષ્ણ, સચિત્ત, અચિત્ત, મિશ્ર, સંવૃત્ત ( ઢાંકેલી ), વિવૃત્ત ( ઉઘાડી ), સંવૃત વિવૃત, સંખા, કચ્છા અને વંશપતા યોનિ સ્થાનનું વિસ્તૃત વર્ણન છે. અને તેનો અલ્પ બહુત્વ છે.

(૧૦) **ચરમ પદ** :– ચરમ એટલે છેલ્લા જેમ કે મહાવીર સ્વામી આ યુગના ચરમ તીર્થંકર છે. અચરમ એટલે તેથી પહેલાના, ચરમ અને અચરમ બીજા કોઈની અપેક્ષા એ જ કહી શકાય, આ પદમાં સાતે નરકનું લોકાલોકનું, પરમાણુથી માંડીને અનંત પ્રદેશી સ્કંધ સુધીનું, તથા સ્થિતિ, ભાવ, ભાષાદિના ચરમાચરમનું ને અલ્પ બહુત્વનું કથન છે.

(૧૧)**ભાષાપદ** :– ભાષા સંબંધી વિચારણા છે. ભાષાનું આદિ કારણ જીવ છે, ઉપાદાન કારણ પુદ્ગલ છે. સ્થિર રહેલા ભાષાના પુદ્ગલોને જીવો કાયયોગ વડે ગ્રહણ કરી ભાષારૂપે પરિણમાવી વચન યોગ રૂપે બહાર કાઢે ( બોલે ) છે, ત્યારે આ પુદ્ગલો સંપૂર્ણ લોકમાં ફેલાઈ જઈ, તેનો અંત લોકાન્તમાં થાય છે. તેનો કાળ બે સમયનો છે. પ્રથમ સમયે ગ્રહણ કરે છે, બીજા સમયે બહાર કાઢે છે. લોક વજાકાર હોવાથી ભાષાનો આકાર પણ વજાકાર કહ્યો છે. દ્રવ્યથી અનંત

પ્રદેશી સ્કંધ જ ભાષાના ગ્રહણ માટે ઉપયોગી થાય છે; ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશીના અવગાઢનું, કાળથી એક સમયથી લઈને અસંખ્યાત સમયની સ્થિતિવાળા સ્કંધનું, અને ભાવથી પાંચ વર્ણાદિ અનંત પ્રદેશી ચાર સ્પર્શવાળા પુદ્દગલનું જ ગ્રહણ થાય છે. આકાશના જેટલા પ્રદેશોનું અવગાહન કરીને આત્મા રહે છે. તેટલા જ પ્રદેશોમાં રહેલા ભાષાના પુદ્દગલોને તે ગ્રહણ કરે છે.

ભાષાના બે ભેદ છે :– (૧) પર્યાપ્ત અર્થાત્ સાંભળવાને સમજવા માટે જે ભાષા પૂર્ણ હોય તે બે પ્રકારે (૧) સત્ય અને (૨) અસત્ય ભાષા છે. (૨) અપર્યાપ્ત અર્થાત્ અપૂર્ણ ભાષા તે (૧) મિશ્ર અને (૨) વ્યવહાર ભાષા છે. આમ કુલ ૪ પ્રકારની ભાષા છે. આ ચાર પ્રકારની ભાષા શુભ આશયથી બોલનાર આરાધક થઈ શકે છે. આ ચાર ભાષાના વળી ૪૨ પ્રભેદ કહ્યા છે. તેના અલ્પબહુત્વ કહ્યા છે.

ભાષક–અભાષકનું કથન છે. સિદ્ધ ભગવંત તથા ૫ એકેંદ્રિય અભાષક છે.

**(૧૨) શરીર પદ :–** શરીર પાંચ પ્રકારના છે. (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તેજસ અને (૫) કાર્મણ. ૨૪ દંડકમાં કોને કેટલા શરીર લાભે તે કહ્યું છે. નારકી ને દેવોને વૈક્રિય, તેજસ અને કાર્મણ એમ ત્રણ શરીર, ૩ વિકલેંદ્રિય અને વાયુકાય સિવાયના ચાર એકેંદ્રિયને ઔદારીક, તેજસ ને કાર્મણ શરીર હોય, વાયુકાય અને ગર્ભજ તિર્યંચને આહારક સિવાયના ૪ શરીર ને મનુષ્યને પાંચે શરીર લાભે. સિદ્ધ ભગવંત અશરીરી છે.

દરેક શરીર ઉત્તરોત્તર વધુ ને વધુ સૂક્ષ્મ છે.

બંધે લગા અને મુકકે લગા શરીરનું કથન છે.

અઢીદ્વીપના મનુષ્યોની સંખ્યા ૨૯ અંક સુધીની કહીને તેની ગણતરીની રીત બતાવી છે.

**(૧૩) પરિણામ પદ** :- પરિણામ એટલે ભાવોનું પરિણમન. તે બે પ્રકારે છે (૧) જીવ પરિણામ અને (૨) અજીવ પરિણામ. પહેલા જીવ પરિણામના ૧૦ ભેદના ૫૦ બોલ ૨૪ દંડક પર ઉતાર્યા છે. અજીવ પરિણામના ૧૦ ભેદ છે. (૧) બંધન. (૨) ગતિ, (૩) સંસ્થાન, (૪) ભેદ, (૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) અગુરૂ-લઘુ અને (૧૦) શબ્દ આશ્રી ૩૬ પેટા ભેદ કહ્યા છે. જીવ પરિણામના ૧૦ ભેદના ૫૦ બોલ—૧. ગતિ ચાર. ૨. ઇંદ્રિય પાંચ, ૩. કષાય ચાર, ૪. લેશ્યા છ, ૫. યોગ ત્રણ ૬. ઉપયોગ બે, ૭. જ્ઞાન આઠ, ૮. દર્શનના ત્રણ, ૯. ચારિત્રના સાત, ૧૦. વેદના ત્રણ મળી ૪૫ છે. એમાં સિદ્ધના અનેન્દ્રિય, અકષાયી, અલેશી, અયોગી, ને અવેદી મળી કુલ ૫૦ બોલ છે.

**(૧૪) કષાયપદ** :- ક્રોધ, માન, માયા ને લોભ આ ચારે કષાય ૨૪ દંડકમાં બતાવ્યા છે. સંસારી જીવોમાં કષાયની ઉત્પત્તિ ક્ષેત્ર, વસ્તુ, શરીર, અને ઉપધિને લીધે થાય છે. કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખાની અને સંજવલનના એમ ચાર ભેદ બતાવી આભોગ નિવર્તિત, અનાભોગ નિવર્તિત, ઉપશાંત અને અનુપશાંત એમ ભેદો કહ્યા છે. ગમે તે કારણે પેદા થાય તે આભોગ નિવર્તિત અને વિના કારણે થાય તે અનાભોગ નિવર્તિત કષાય કહેવાય છે, ઉદય નહિ પામેલો તે ઉપશાંત, અને ઉદય અવસ્થાને પ્રાપ્ત થયેલ તે અનુપશાંત કષાય છે.

કષાયનો અર્થ છે કષ કહેતાં સંસાર અને આય કહેતા લાભ, અર્થાત્ જેના વડે સંસારનો લાભ થાય અર્થાત્ ભવ-ભ્રમણ વધે તે કષાય. કારણ કે કર્મબંધનનું મુખ્ય કારણ જ કષાય રૂપી મોહનીય કર્મ છે. તેના લીધે જ આઠે કર્મ-પ્રકૃતિઓ બંધાય છે. તદુપરાંત ચયન ઉપચયન, બંધ, ઉદીરણા વેદના અને નિર્જરામાં ચારેકષાય એ જ મુખ્યતાએ કારણરૂપ છે એમ બતાવ્યું છે.

ચારે કષાયના કુલ ૫૨૦૦ ભાંગા બતાવ્યા છે. તે ક્રોધાદિ દરેક કષાયના સમુચ્ચય જીવ અને ૨૪ દંડક મળી ૨૫×૧૬=૪૦૦ ને ચયન આદિ ૬ × ૩ કાળ × ૨ ( એક જીવ આશ્રી ને બહુ જીવ આશ્રી) × ૨૫ (સમુચ્ચય જીવને ૨૪ દંડકના ) = ૯૦૦ મળી કુલ ૧૩૦૦ × ૪ કષાય=૫૨૦૦ થાય.

**(૧૫) ઈંદ્રિયપદ** :– તેના બે ઉદ્દેશા છે, પહેલામાં પાંચે ઈંદ્રિયોના ૨૪ દ્વારો ૨૪ દંડક પર ઉતાર્યા છે, જીવોનાં ઈંદ્રિયો વડે અવગ્રહણ, (પરિચ્છેદ), અવાય, ઈહા, અને અવગ્રહ–અર્થ અને વ્યંજન બંને પ્રકારે ૨૪ દંડકમાં નિરૂપણ કરેલ છે, ચક્ષુ સિવાય ચારે ઈંદ્રિયોનો વ્યંજનાવ-ગ્રહ થાય છે, અર્થાવગ્રહ છ પ્રકારનો છે, કારણકે તે પાંચે ઈન્દ્રિયો તેમજ છઠ્ઠા મનથી પણ થાય છે.

ઈંદ્રિયોના બે ભેદ કર્યા છે. (૧) દ્રવ્યેન્દ્રિય અને (૨) ભાવેન્દ્રિય. ઈંદ્રિયોપચય, ઈંદ્રિય નિવર્તન, ઈંદ્રિયલબ્ધિ આદિ દ્વારો વડે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયની ૨૪ દંડક સંબંધી વિચારણા કરવામાં આવી છે.

અરીસાના પ્રશ્નોત્તર છે, આકાશ પ્રદેશ અને અવગાહ-નાનું કથન છે, ૪૦ દ્વીપ–સમુદ્રના નામ છે, અલોકના આકાશ-નું કથન છે,

બીજા ઉદ્દેશામાં પાંચે ઇંદ્રિયોના ૧૩ દ્વારો ૨૪ દંડક પર ઉતાર્યા છે, એક જીવને અનેક જીવની જુદી જુદી અને પરસ્પર ભાવેંદ્રિય કેટલી હોય તે બતાવી છે,

(૧૬) **પ્રયોગપદ :–** મન, વચન, કાયાના વ્યાપારને જૈનદર્શનમાં "યોગ" કહેલ છે. તે યોગનું કથન અત્રે "પ્રયોગ" શબ્દથી કરેલ છે. યોગ ૧૫ છે, તેમાંના કેટલા સામાન્ય જીવને અને વિશેષરૂપથી ૨૪ દંડકમાં હોય તે ઘટાવ્યું છે, આ આયોજનમાં અમુક પ્રયોગ વખતે તેની સાથે બીજા કેટલા પ્રયોગ સંભવે તેનું વિસ્તૃત કથન છે. જે ક્રિયાથી બીજા જોડે સંબંધ બંધાય તેને પ્રયોગ કહ્યા છે.

પછી ૫ શરીરના ભાંગા તથા ૫ પ્રકારની ગતિ કહી છે,

(૧૭) **લેશ્યાપદ :–** આના છ ઉદ્દેશા છે. પ્રથમ ઉદ્દેશામાં લેશ્યાના ૯ દ્વાર (૧) આહાર, (૨) શરીર, (૩) શ્વાસોચ્છ્વાસ, (૪) કર્મ, (૫) વર્ણ, (૬) લેશ્યા, (૭) વેદના, (૮) ક્રિયા ને (૯) આયુષ્ય–૨૪ દંડકના જીવ પર ઉતાર્યા છે. બીજા ઉદ્દેશામાં છ લેશ્યાના નામ (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) તેજોલેશ્યા, (૫) પદ્મ અને (૬) શુક્લ લેશ્યા, કહી ૨૪ દંડકમાં કોને કેટલી લેશ્યા લાભે તેનું કથન છે. આ છ અલગ લેશ્યા ઉપરાંત, છએ લેશ્યાવાળા તે સલેશી અને એકપણ લેશ્યા ન હોય તે "અલેશી" તે સિદ્ધ ભગવંત એમ આઠ બોલનું અલ્પ બહુત્વ કહ્યું છે; અને ૨૪ દંડકના જીવોનું લેશ્યાની અપેક્ષાએ અલ્પ બહુત્વ કહ્યું છે, ત્રીજા ઉદ્દેશામાં જન્મ–મરણ વખતે જે લેશ્યા હોય તેનું કથન છે. મૃત્યુ સમયે આગામી ભવની લેશ્યા મૃત્યુ સમય પહેલાના અંતમુહૂર્તમાં અવશ્ય આવે છે, અને તે જ

લેશ્યા આવતા ભવના જન્મ સમયે એક અંતર્મુહૂર્ત હોય છે, અર્થાત્ જીવ જે લેશ્યામાં મરણ પામે છે, તે જ લેશ્યામાં આવતા ભવે જન્મે છે, લેશ્યાવાળા જીવોને કેટલું જ્ઞાન હોય છે. અને અવધિજ્ઞાનની મર્યાદા વિ.નું કથન છે. ચોથા ઉદ્દેશામાં એક લેશ્યાનું બીજી લેશ્યામાં પરિણમન થતાં તેના તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનું વિવેચન છે, પાંચમાં ઉદ્દેશામાં છ લેશ્યાના પરસ્પર પરિણામ છે. દેવ અને નારકીમાં એક લેશ્યાનું બીજી લેશ્યામાં પરિણમન થતું નથી. તે બંને જે લેશ્યામાં ઉપજે છે, તે જ લેશ્યામાં જીંદગીભર રહે છે અને તેમાંજ ચ્યવે છે. (મરે છે.) છઠા ઉદ્દેશામાં મનુષ્ય સંબંધી લેશ્યા પરિણામ કહ્યા છે. મનુષ્યને તિર્યંચના છએ લેશ્યાના પરિણામ એક બીજામાં મનના ભાવ પ્રમાણે પલટાયા કરે છે. પહેલી છ નરકના નારકીઓની દ્રવ્ય અને ભાવ લેશ્યા પલટાતી નથી, પરંતુ સાતમી નારકીમાં મિથ્યા-દૃષ્ટિ જીવ જાય અને ત્યાં ગયા પછી સમકિતી બને તો ભાવ લેશ્યા પલટાણી ગણાય પણ દ્રવ્યથી લેશ્યા પલટાતી નથી.

કષાયવાળી ચોગપ્રવૃત્તિને લેશ્યા કહી છે, આ વ્યાખ્યા છદ્મસ્થ જીવો સંબંધી છે, શુકલ લેશ્યા કેવળી ભગવંતને પણ હોય છે ને કેવળી ભગવંત તો કષાય મુક્ત છે. છતાં યોગ પ્રવૃતિ હોય છે, તેથી તેમની યોગ પ્રવૃત્તિ એ જાણે લેશ્યા એમ કહ્યું છે, વિગલેંદ્રિય, નારકીને તેઉને વાયુકાયને પહેલી ૩, પૃથ્વી, પાણી, વનસ્પતિ ને દેવીને પહેલી ૪, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યને દેવોને છ, સંમૂર્છિમને ત્રણ લેશ્યા ને સિદ્ધ ભગવંતો અલેશી હોય.

**(૧૮) કાયસ્થિતિ :–** સ્થિતિ બે પ્રકારની છે. (૧) ભવસ્થિતિ અર્થાત્ એક જ ભવનું આયુષ્ય, અને (૨)

કાયસ્થિતિ અર્થાત્ એક જ કાયામાં જીવ વારંવાર જન્મ મરણ કરતો રહે અને બીજી કાયામાં જ્યાં સુધી ન ઉપજે ત્યાં સુધીનો કાળ તે કાયસ્થિતિ. ચોથું સ્થિતિપદ ભવ-સ્થિતિનું છે, જ્યારે આ પદમાં જીવ, ગતિ, ઈંદ્રિય, યોગ, વેદ, કષાય, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, પરિત્ત, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવસિદ્ધિક, અસ્તિકાય અને ચરમની અપેક્ષાએ કાયસ્થિતિ બતાવી છે.

વનસ્પતિના વ્યવહાર રાશિ અને અવ્યવહાર રાશિ એમ બે ભેદ બતાવ્યા છે, તેમજ નિગોદના જીવોનું સ્વરૂપ કહ્યું છે. માતા મરૂદેવીનો જીવ અનાદિકાળથી વનસ્પતિમાં હતો તેવો ઉલ્લેખ પ્રજ્ઞાપનાની ટીકામાં કરેલ છે.

**(૧૯) દૃષ્ટિપદ :–** દૃષ્ટિ ૩ છે. (૧) સમ્યગ્ દૃષ્ટિ, (૨) મિથ્યાદૃષ્ટિ, અને (૩) મિશ્ર અર્થાત્ સમમિથ્યાદૃષ્ટિ. નારકી, દેવના ૧૩ દંડક તથા ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોમાં ત્રણે દૃષ્ટિ હોય, પાંચે એકેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ છે, ૩ વિકલેન્દ્રિયને સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એમ બે દૃષ્ટિ હોય, પાંચ અનુત્તર વિમાનના દેવો નિયમા સમ્યગ્દૃષ્ટિ જ હોય. અસંજ્ઞી પંચેન્દ્રિય (સંમૂર્છિમ તિર્યંચ અને મનુષ્ય) મિથ્યાદૃષ્ટિ છે.

**(૨૦) અન્તક્રિયા પદઃ–** ભવનો અંત કરનારી ક્રિયા "અન્તક્રિયા" કહેવાય છે. આ ક્રિયા અત્રે બે અર્થમાં યોજી છે : (૧) નવો ભવ અર્થાત્ મરણ અને (૨) મોક્ષ. અન્તક્રિયાનો વિચાર નારકાદિ ૨૪ દંડકમાં કરેલ છે, મોક્ષ રૂપી અન્તક્રિયા માત્ર મનુષ્ય જ કરી શકે છે. મનુષ્ય સિવાય બીજા જીવોમાં અન્તક્રિયા મૃત્યુના અર્થવાળી છે.

નવ ઉત્તમ પદવી (૧) તીર્થંકર, (૨) ચક્રવર્તી (૩)

(૩) વાસુદેવ, (૪) બળદેવ, (૫) માંડલિક રાજા (૬) કેવળી, (૭) સાધુ, (૮) શ્રાવક અને (૯) સમકિતીની પદવી કહી છે.

ચક્રવર્તીના ૭ એકેન્દ્રિય અને ૭ પંચેંદ્રિય રત્નના નામ, તેમના કાર્ય, કયાં જન્મે કે ઉપજે તે સ્થળના નામ અને અવગાહનાનું કથન છે. આમ કુલ ૨૩ પદવી બતાવી છે.

કઈ ગતિમાંથી નીકળી જીવ કઈને કેટલી પદવી પામે તેના ૧૫ બોલ કહ્યા છે અને કઈ કઈ પદવીવાળો નરકાદિ કઈ ગતિમાં જાય તેનું ૯ દ્વાર–દ્વારા કથન છે અને તેનું અલ્પબહુત્વ કહ્યું છે.

સિદ્ધદ્વારમાં ગતિ, લીંગ, વેદ, ક્ષેત્ર, અવગાહના, આરા અને કાળની અપેક્ષાએ એક સમયમાં કેટલા સિદ્ધ થાય તે બતાવ્યું છે.

**(૨૧) શરીર કે "અવગાહના સંસ્થાન" પદ** શરીર પાંચ ભેદે છે (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) આહારક (૪) તેજસ અને (૫) કાર્મણ. તેનો (૧) નામ, (૨) અર્થ (૩) સંસ્થાન (૪) સ્વામી, (૫) અવગાહના (૬) પુદ્‌ગલ ચયન (આહાર કેટલી દિશાનો લે તે), (૭) સંયોજન (૮) દ્રવ્યાર્થક (૯) પ્રદેશાર્થક (૧૦) દ્રવ્યાર્થક પ્રદેશાર્થક (૧૧) સૂક્ષ્મ (૧૨) અવગાહના અલ્પબહુત્વ, (૧૩) પ્રયોજન, ૧૪ વિષય (શકિત) (૧૫) સ્થિતિ અને (૧૬) અંતર એમ ૧૬ દ્વારોથી વિચાર કર્યો છે.

મારણાંતિક સમુદ્‌ઘાત નારકી અને દેવ કરે તો કયાં સુધીની કરે તેનું વર્ણન છે. ઔદારિક શરીરનું પ્રયોજન મોક્ષની સાધના કરવાનું કહ્યું છે.

(૨૨) **ક્રિયાપદઃ**–ક્રિયા પાંચ પ્રકારની છે (૧) કાયિકી (૨) આધિકરણીકી–શસ્ત્રાદિથી થાય તે (૩) પ્રાદ્વેષિકી–દ્વેષ કરવાથી લાગે તે (૪) પારિતાપનિકી–પરિતાપ–પીડા ઉપજાવવાથી લાગે તે અને (૫) પ્રાણિતિપાતિકી–હિંસાથી લાગે તે. અહિંસા અને હિંસાને કેન્દ્રસ્થાને રાખી ૧૮ પાપ સ્થાનકની અપેક્ષાએ પાંચે ક્રિયાનો ૧૪ દ્વારથી વિચાર કર્યો છે.

**સંબંધ** :–જે જીવને કાયિકી ક્રિયા થાય છે, તેને નિયમા-આધિકરણિકી ક્રિયા થાય છે. તેમ અરસપરસ સમજવું કારણ કે બંને વચ્ચે નૈમિત્તિક કે ભાવ સંબંધ છે. આજ પ્રમાણે કાયિકી ને પ્રાદ્વેષિકી ક્રિયા માટે સમજવું. એ પ્રમાણે પહેલી ૩ ક્રિયાઓનો અવિનાભાવી સંબંધ છે. કારણ કે કાયા પોતે પણ અધિકરણ છે; તેથી કાયિકી ક્રિયા થતાં જ અધિકરણિકી પણ થાય અને વિશિષ્ઠ પ્રકારની કાયિકી ક્રિયા પ્રદ્વેષના અભાવમાં અસંભવિત છે.

હવે શરૂની કાયિકી આદિ ૩ ક્રિયાઓ લાગતાં છેલ્લી બે ક્રિયા પારિતાપનીકી અને પ્રાણાતિપાતિકી લાગે પણ ખરી અને ન પણ લાગે, પણ જેને આ બે છેલ્લી ક્રિયા થાય છે તેને શરૂની ૩ ક્રિયાઓ અવશ્ય થાય છે. તે જેમ કે હરણા ને મારવા બાણ છોડયું તો શરૂની ૩ ક્રિયા લાગી, પણ બાણ નિષ્ફળ જાય તો અંતની બે ક્રિયા ન થઈ ને બાણ લાગે તો અંતની બે ક્રિયા પણ થાય એ રીતે બધા ભેદ વિચારવા.

કાયિકી આદિ ક્રિયાઓ ૭ કે ૮ કર્મબંધનું કારણ થાય છે અને સંસાર વધવાનું કારણ બને છે, તેથી જ સાધકને આ ક્રિયાઓ ન કરવાનું પ્રભુએ ફરમાવ્યું છે અને તે માટે પાંચ મહાવ્રત ગ્રહણ કરવા કહ્યું છે.

કોઈપણ ક્રિયા ધર્મબુદ્ધિથી નિસ્વાર્થપણે કરૂણાભાવથી કરવામાં આવે તો તેને એકેય ક્રિયા લાગતી નથી તેમ પ્રભુએ ભગવતી શતક ૧૬ ઉ. ત્રીજામાં કહ્યું તે દા. ત. સર્જન સાધુનું ઓપરેશન કરે છતાં ક્રિયા ન લાગે પણ સાધુને ધર્માન્તરાય ક્રિયા લાગે.

લોચ જેવી કઠણ ક્રિયા કરવા છતાં કરનારને કરનારને કશી ક્રિયા લાગતી નથી, કારણકે બંનેના ભાવ અહિસંક અને ધર્મ બુદ્ધિવાળા છે.

બીજા પ્રકારે ગુણસ્થાનની અપેક્ષાએ પાંચ ક્રિયા કહી છે (૧) આરંભિયા (૨) પરિગ્ગહિયા, (૩) માયાવત્તિયા, (૪) અપચ્ચક્ખાણવત્તિયા અને (૫) મિથ્યાદર્શન પ્રત્યયા. (૧) આરંભિયા—છઠ્ઠા ગુણઠાણાવાળા પ્રમત સંયતિને લાગે કારણ હજી પ્રમાદ છે, (૨) પરિગ્ગહિયા—પાંચમા ગુણઠાણા વાળા શ્રાવકને લાગે કારણ કે પરિગ્રહનો હજી ધારક છે (૩) માયાવત્તિયા—સાતમા અપ્રમત્ત ગુણઠાણાવાળા સંયતિને લાગે કેમકે હજી સંજવલનના કષાયો છે. (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા કોઈપણ વ્રત પચ્ચક્ખાણ ન કરનારને લાગે—તેવો અવિરત (અવ્રતિ) સમ્યગદૃષ્ટિ ચોથા ગુણઠાણે હોય અને (૫) મિથ્યાદૃષ્ટિ ક્રિયા જે પહેલા ગુણઠાણે હોય તેને લાગે છે. ઉપરાંત ત્રીજા મિશ્ર ગુણઠાણાવાળાને પણ લાગે.

આ બધી ક્રિયામાં જે ગુણઠાણું આપ્યું છે, તેના નીચેના બધા ગુણઠાણાવાળાને પણ તે તે ક્રિયા લાગે તેમ સમજવું. મનુષ્ય સંબંધમાં ઉપરોકત ક્રિયાઓનું જે કથન કર્યું. તે સર્વ જીવ આશ્રી તેમજ સમજવું.

૨૪ દંડકના જીવોમાં કોને કેટલી ક્રિયા લાગે, તેમાંથી

કેમ નિવર્તી શકાય તથા તેના અલ્પબહુત્વ વગેરે ૧૪ દ્વારથી કહેલ છે.

**(૨૩ થી ૨૭) :–આ પાંચે પદોમાં** અનુક્રમે કર્મ પ્રકૃતિના ભેદ, ૨૪માં કર્મબંધ ૨૫માં કર્મબંધવેદ અર્થાત્ કર્મબાંધતી વખતે કેટલા વેદે, ૨૬માં કર્મવેદબંધ અર્થાત્ કર્મ વેદતી વખતે કેટલા બાંધે અને ૨૭માં કર્મવેદ વેદક અર્થાત્ કર્મવેદતી વખતે કેટલા વેદે તેના ભાગાં ૨૪ દંડક પર ઉતારીને આપ્યા છે.

**૨૩માં પદમાં કર્મપ્રકૃતિના મૂળ ૮ ભેદના નામ.**

(૧) જ્ઞાનાવરણીય. (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય,

**૮ કર્મના લક્ષણ અને આત્માના કયા ગુણને આવરે ?**

(૧) જ્ઞાનાવરણીય કર્મ સૂર્યપ્રકાશને ઢાંકતાં વાદળ સમાન છે, આત્માના અનંતજ્ઞાન ગુણને એટલે કેવળજ્ઞાનને આવરે છે.

(૨) દર્શનાવરણીય કર્મ રાજા પાસે જતાં રોકતાં દ્વારપાળ (પટાવાળા) સમાન છે. રાજાના દર્શન થવા ન દે તેમ આત્માના અનંતદર્શન ગુણને આવરે છે.

(૩) વેદનીય કર્મ બે પ્રકારે છે. (૧) શાતાવેદની મધથી ખરડેલી તરવારની ધાર સમાન છે. તે ચાટે તો ગળી લાગે. પણ જીભ કપાય, તેમ શાતાવેદની આસક્તિથી ભોગવે તો તેના સુખ મીઠા તો લાગે પણ નવા અશુભ કર્મ બંધાય. (૨) અશાતાવેદની અફીણ ખરડેલી તરવાર સમાન છે, અફીણ ચાટવાથી જીભ જેમ કડવી થાય, તેમ

અશાતા ભોગવતી વખતે જીવ દુઃખ પામે. તે આત્માના અવ્યાબાધ અનંત સુખને રોકે છે.

(૪) મોહનીય કર્મ દારૂના કેફ સમાન છે. દારૂનો નશો જેમ ખાનદાની ભૂલાવી મતિને મૂઢ બનાવી દે છે, તેમ આ કર્મ આત્માને તેના ક્ષમાદિ સ્વભાવને ભૂલાવી, ક્રોધાદિ કષાયો અને પાંચે ઇંદ્રિયોના વિષયોમાં મર્યાદાને વિવેક રહિત પ્રવૃત્તિ કરાવી સંસારમાં ભમાવે છે. જીવને મોહમાયાથી મુંઝવીને આઠે કર્મને બંધાવનારૂં છે તેથી આને રાજાકર્મ કહ્યું છે. આત્માના ક્ષાયિક સમ્યક્ત્વને પ્રગટતા રોકે છે.

(૫) આયુષ્ય કર્મ તે રાજાની જેલનીસજાની બેડી સમાન છે, જેટલા સમયની જેલ મળી હોય તે પૂરી થયા સિવાય કેદી છુટી શકે નહિ, તેમ જેટલું આયુષ્ય હોય, તેટલું ભોગવ્યા સિવાય જીવ શરીરથી છુટે નહિ, શરીર એ આત્મા માટે કારાગૃહ સમાન છે. અક્ષય સ્થિતિને રોકે છે.

(૬) નામકર્મ ચિતારા સમાન છે. ચિતારો જેમ વિવિધ રૂપના ચિત્રો દોરે છે, તેમ આ કર્મ અરૂપી એવા આત્માને જુદા જુદા રૂપ (દેહ) ધારણ કરાવે છે. અમૂર્ત-ગુણને રોકે છે.

(૭) ગોત્રકર્મ, કુંભારનો ચાક જેમ માટીના પિંડને ફેરવે છે, તેમ જીવાત્માને સંસારની ચાર ગતિ ને ૮૪ લાખ યોનિમાં ઉંચા ને નીચા ગોત્રમાં ભમાવે છે. આત્માના અગુરૂલઘુ ગુણને રોકે છે.

(૮) અંતરાય કર્મ :— જેમ રાજભંડારી રાજલક્ષ્મીનો

યથેચ્છ ઉપયોગ કરવામાં વિઘ્ન નાખે છે, તેમ આત્માની અનંતવીર્ય શક્તિને પ્રગટતાં આ કર્મ રોકે છે. આ અંતરાય પાંચ પ્રકારની છે (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય. (૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય અને (૫) વીર્યાંતરાય.

**કર્મની પ્રકૃતિ, કેટલા પ્રકારે બાંધે, ભોગવે ને સ્થિતિ**

આઠે કર્મને મૂળ પ્રકૃતિ ને તેના ભેદને ઉત્તર પ્રકૃતિ કહી છે.

**(૧) જ્ઞાનાવરણીય કર્મની ૫ પ્રકૃતિ :–** (૧) મતિજ્ઞાનાવરણીય, (૨) શ્રુતજ્ઞાના. (૩) અવધિજ્ઞાના. (૪) મનઃપર્યવજ્ઞાના. અને (૫) કેવળ જ્ઞાનાવરણીય.

છ પ્રકારે બાંધે તે (૧) જ્ઞાન ને જ્ઞાનીના અવર્ણવાદ-(વાંકા) બોલવાથી (૨) જ્ઞાન દેનારનો ઉપકાર ઓળવવાથી. (૩) જ્ઞાનની અંતરાય પાડવાથી (૪) જ્ઞાન ને જ્ઞાની પર દ્વેષ કરવાથી–(૫) આશાતના કરવાથી અને (૬) જ્ઞાની સાથે ખોટો વિવાદ કરવાથી, બંધાય; અને દસ પ્રકારે ભોગવે તે કાન, આંખ, નાક, જીભ કે ચામડી (સ્પર્શેન્દ્રિય) એમ પાંચે ઈંદ્રિયોમાંથી એક કે વધુ કે બધી ન મળે અર્થાત્ પંચેંદ્રિય સંજ્ઞી મનુષ્યમાંથી ચૌરેન્દ્રિયથી માંડી નિગોદના ઘર સુધી તે જીવ પહોંચી જાય, અગર તો તે તે ઈંદ્રિય મળે, છતાં તેનું વિજ્ઞાન અર્થાત્ શક્તિ ન મળે જેમકે કાન મળે પણ સાંભળી ન શકે બહેરો થાય. તે પ્રમાણે બધી ઈંદ્રિયનું સમજવું.

**(૨) દર્શનાવરણીય કર્મની ૯ પ્રકૃતિઃ** (૧) નિદ્રા તે સુખે ઊંઘે સુખે જાગે, (૨) નિદ્રા નિદ્રા તે દુઃખે ઊંઘે દુઃખે જાગે, (૩) પ્રચલા તે બેઠાં બેઠાં ઉંઘે, (૪) પ્રચલાપ્રચલા તે બોલતાં બોલતાં ખાતાં ખાતાં ઊંઘે અને (૫) થીણદ્ધિ

(સ્તેન્યાર્ધિ–સ્તેનચોર–ચોર જેવી) ઊંઘમાં અર્ધ વાસુદેવનું બળ આવે ને અતિભારે મહેનતનું કામ કરી આવે તે જેમકે ઘરનો પટારો ઉઘાડી ઘરેણાનો દાબડો લઈ પાદરમાં હજારમણની શીલા ઊંચે કરી દાટી આવે વિ. છતાં સવારે ઊઠે ત્યારે ખબર ન હોય. આવી નિદ્રા ફરી છ મહિને આવે ને ત્યારે દાટેલો દાબડો પાછો લઈ આવે ને પટારામાં મૂકી દે ને ઊંઘી જાય, તોપણ ઊઠે ત્યારે ખબર ન હોય. ત્યાર પછી કાળ કરે. આવી નિદ્રાવાળો નિયમા નરકે જાય. (૬) ચક્ષુ દર્શનાવરણીય, (૭) અચક્ષુ દર્શનાવરણીય, (૮) અવધિદર્શનાવરણીય ને (૯) કેવળ દર્શનાવરણીય,

જ્ઞાન અને દર્શન સહચારી ગુણો છે. તેથી જ્ઞાનાવરણીય કર્મની જેમ આ કર્મ પણ દર્શન ને દર્શનીનું વાંકુ બોલવાથી, ઉપકાર ઓળવવાથી, અંતરાય પાડવાથી, દ્વેષ કરવાથી, આશાતના કે ખોટા વિવાદ કરવાથી છ પ્રકારે બંધાય અને ઉપર કહી તે પ્રમાણે નવ પ્રકારની પ્રકૃતિના ઉદય વડે ભોગવાય.

જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય-તે બંને કર્મની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

## (૩) વેદનીયના બે ભેદ (૧) શાતાવેદની (૨) અશાતાવેદની

શાતાવેદની ૧૦ પ્રકારે બંધાય તે પ્રાણી (કીડી વિ.૩ વિગલેંદ્રિય) ભૂત (વનસ્પતી), જીવ (પશુ–મનુષ્યાદિ પંચેંદ્રિય) ને સત્ત્વ (પૃથ્વી, પાણી, અગ્નિ ને વાયુ કાયના જીવો) ની દયા પાળવાથી (૫) તે બધા જીવોને દુઃખ ન આપવાથી

(૬ થી ૧૦) શોક, ઝુરણા, આંસુ પાડવા, પીટવું ને પરિતાપના નહિ કરવાથી.

અશાતાવેદની ૧૨ પ્રકારે બાંધે તે બીજાને (૧) દુઃખ આપવું, (૨) શોક કરાવવો, (૩) ઝુરાવવા, (૪) રડાવવા, (૫) મારવા, (૬) પીડા આપવી, (૭) બધા પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોને દુઃખ આપવા, અને (૮ થી ૧૨) જાતે શોક, ઝુરણા, રડવું, પીટવુંને પરિતાપના કરવાથી.

શાતાવેદની ૮ પ્રકારે ભોગવે તે (૧થી૫) શબ્દ, રૂપ, ગંધ, રસ ને સ્પર્શ મનગમતા પામે અને (૬ થી ૮) મન, વચન ને કાયાનું સુખ પામે. **સ્થિતિ** જઘન્ય બે સમય, ઉત્કૃષ્ટ ૧૫ કોડાકોડી સાગરોપમ.

અશાતાવેદની ૮ પ્રકારે ભોગવે તે (૧થી૫) શબ્દાદિ અણગમતા પામે અને (૬/૮) મન, વચન, કાયાનું દુઃખ પામે. સ્થિતિ જઘન્ય એક સાગરોપમના ૭ ભાગ કરીએ તે માંહેના ૩ ભાગ ને ૧ પલ્યને અસંખ્યાતમેં ભાગ ઊણી (ઓછી) ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમની.

**(૪) મોહનીય કર્મના બે ભેદ દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય.**

દર્શન મોહનીયની ૩ પ્રકૃતિ (૧) સમ્યક્ત્વ મોહનીય (૨) મિથ્યાત્વ મોહનીય ને (૩) સમમિથ્યાત્વ કે મિશ્ર–મોહનીય.

ચારિત્ર મોહનીયના બે ભેદ (૧) કષાય ચારિત્ર મોહનીય તે ક્રોધાદિ ચારે કષાય તેના વળી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, ને સંજ્વલનના એમ ચચ્ચાર ભેદ મળી

કુલ ૧૬ પ્રકૃતિ, અને (૨) નોકષાય ચારિત્ર મોહનીયની હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, સ્ત્રીવેદ, પુરૂષવેદ ને નપુંસક વેદ મળી ૯ પ્રકૃતિ, કુલ ૨૫ પ્રકૃતિ આમ મોહનીય કર્મની ૩ + ૨૫ મળી કુલ ૨૮ પ્રકૃતિ છે.

છ પ્રકારે બંધાય તે તીવ્ર ક્રોધ, તીવ્ર માન, તીવ્ર માયા તીવ્ર લોભ, તીવ્ર દર્શન મોહનીય ને તીવ્ર ચારિત્ર મોહનીય કરવાથી; અને પાંચ પ્રકારે ભોગવાય તે સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, કષાયચારિત્ર મોહનીય ને નોકષાય ચારિત્ર મોહનીયનો ઉદય થાય.

**સ્થિતિ** જ. અંતમુહૂર્તની, ઉ. ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ.

ગતિ :–આયુષ્યનો બંધ જો અનંતાનુબંધી કષાયમાં પડે તો નરકની, અપ્રત્યાખ્યાની માં પડે તો તિર્યંચની, પ્રત્યાખ્યાનીમાં પડે તો મનુષ્યની ને સંજ્વલનમાં પડે તો દેવની થાય.

**(૫) આયુષ્ય કર્મની ૪ પ્રકૃતિ** તે નારકીનું આયુષ્ય, તિર્યંચનું આયું, મનુષ્યનું આયું, અને દેવનું આયુષ્ય.

આયુષ્ય કર્મ ૧૬ પ્રકારે બંધાય તે **(૧) નારકીનું** આયુષ્ય ચાર કારણે. મહા આરંભ, મહાપરિગ્રહ, માંસાહાર ને પંચેન્દ્રિય વધ કરવાથી બંધાય, (૨) તિર્યંચનું ૪ કારણે માયાસહિત જુઠું (અલિક) બોલવાથી, ગાઢા માયા અલિક, જુઠું બોલવાથી, ને ખોટા તોલ માપ રાખવાથી બંધાય, (૩) મનુષ્યનું ૪ કારણે ભદ્ર પ્રકૃતિથી, વિનયપ્રકૃતિથી. શુભ અધ્યવસાયથી ને અમત્સર અર્થાત્ દ્વેષ ન કરવાથી બંધાય અને (૪) દેવનું આયું. ૪ કારણે–સરાગ સંયમથી, સંયમાસંયમથી, બાળતપ ને અકામ નિર્જરાથી બંધાય.

ચાર પ્રકારે ભોગવે તે નારકી, નારકીનું, તિર્યંચ, તિર્યંચનું, મનુષ્ય, મનુષ્યનું અને દેવ, દેવનું ભોગવે.

**સ્થિતિ** :– નારકી તથા દેવની જઘન્ય દશ હજાર વર્ષ ને અંતર્મુહૂર્ત અધિકી, અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ ને પૂર્વ કોડીનો ત્રીજો ભાગ ઝાઝેરી, મનુષ્ય ને તિર્યંચની જ. અંતર્મુહૂર્ત, ઉ. ત્રણ પલ્ય ને પૂર્વ કોડીનો ત્રીજો ભાગ અધિક.

**(૬) નામ કર્મ બે ભેદ (૧) શુભ નામ, (૨) અશુભ નામ.**

નામ કર્મની ૯૩ પ્રકૃતિ છે. તેના ૪૨ થોક (સંગ્રહ) :–

૧. ગતિ નામ ચાર, ૨ જાતિનામ પાંચ, ૩ શરીરનામ પાંચ, ૪ શરીર અંગોપાંગ નામ ત્રણ, ૫ શરીરબંધનનામ પાંચ, ૬ શરીરસંઘાતકરણ નામ પાંચ, ૭ સંહનન (સંઘયણ) નામ છ, ૮ સંસ્થાન નામ છ, ૯ વર્ણનામ ૫, ૧૦ ગંધનામ બે, ૧૧ રસ–પાંચ, ૧૨ સ્પર્શ આઠ, ૧૩ અગુરૂલઘુનામ ૧૪ ઉપઘાત નામ, ૧૫ પરાઘાત નામ, ૧૬ આનુપૂર્વીનામ ચાર, ૧૭ ઉચ્છવાસ નામ ૧૮ ઉદ્યોત નામ, ૧૯ આતાપ નામ, ૨૦ વિહાયગતિ નામ બે, ૨૧ ત્રસ નામ, ૨૨ સ્થાવર નામ, ૨૩ સૂક્ષ્મ નામ, ૨૪ બાદર નામ, ૨૫ પર્યાપ્ત નામ, ૨૬ અપર્યાપ્ત નામ, ૨૭ પ્રત્યેક નામ, ૨૮ સાધારણ નામ, ૨૯ સ્થિર નામ, ૩૦ અસ્થિર નામ, ૩૧ શુભનામ, ૩૨ અશુભ નામ, ૩૩ સૌભાગ્ય નામ, ૩૪ દુર્ભાગ્ય નામ, ૩૫ સુસ્વરનામ, ૩૬ દુઃસ્વર નામ, ૩૭ આદેય નામ, ૩૮ અના-દેય નામ, ૩૯ યશોકીર્તિ નામ, ૪૦ અયશોકીર્તિ નામ ૪૧ તીર્થંકર નામ અને ૪૨ નિર્માણ નામ. એ ૪૨ થોકની કુલ ૯૩ પ્રકૃતિ.

શુભ નામ ૪ પ્રકારે બાંધે તે કાયાની, ભાષાની, ભાવની સરળતા રાખવાથી અને તન, વચન, ને મનના યોગ સારા પ્રવર્તાવવાથી, અને અશુભ નામ ૪ પ્રકારે બાંધે તે કાયા, ભાષા, ને ભાવની વક્રતાથી અને ક્લેશકારી પ્રવર્તનથી.

શુભ નામ ચૌદ પ્રકારે ભોગવે તે શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, ગતિ, સ્થિતિ, લાવણ્ય, યશોકીર્તિ ને ઉત્થાન કર્મ બલવીર્ય પુરૂષાકાર પરાક્રમ એ દશ ઇષ્ટ મળે અને (૧૧) ઇષ્ટ સ્વર, (૧૨) કાંત સ્વર, (૧૩) પ્રિયસ્વર ને (૧૪) મનોજ્ઞ સ્વર મળે.

અશુભનામ ચૌદ પ્રકારે ભોગવે તે શબ્દાદિ દશ અનિષ્ટ પ્રકારના મળે અને (૧૧) હીન સ્વર, (૧૨) દીન સ્વર, (૧૩) અનિષ્ટ સ્વર અને (૧૪) અકાન્ત સ્વર મળે.

સ્થિતિ જઘન્ય ૮ મુહૂર્તની, ઉ. ૨૦ ક્રોડાક્રોડી સાગરની

(૭) ગોત્રકર્મના બે ભેદ (૧) ઉંચ ગોત્ર, (૨) નીચ ગોત્ર.

ગોત્રનો બંધ મદ સાથે સંકળાયેલો છે. મદ ૮ પ્રકારના કહ્યા છે તે ૧ જાતિમદ, ૨ કુળમદ, ૩ બળમદ, ૪ રૂપમદ, ૫ તપમદ, ૬ સૂત્ર (જ્ઞાન) મદ, ૭ લાભમદ, ને ૮ ઐશ્વર્યમદ, આ મદ ન કરવાથી ઉંચ ગોત્ર બંધાય ને ભોગવે; ને મદ કરવાથી જેવા પ્રકારનો મદ કર્યો હોય તેવા પ્રકારનું નીચ ગોત્ર બંધાય ને ભોગવે.

**સ્થિતિ** જઘન્ય ૮ મુહૂર્તની, ઉ.૨૦ ક્રોડાક્રાડી સાગરની.

**(૮) અંતરાય કર્મની ૫ પ્રકૃતિ** (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય અને

(૫) વીર્યાંતરાય, દાનાદિમાં જે પ્રકારની અંતરાય આપી હોય તે પ્રકારનું અંતરાય કર્મ બંધાય, અને ભોગવાય પણ તે જ પ્રમાણે.

**સ્થિતિ જઘન્ય** અંતર્મુહૂર્તની, ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરની.

આ પ્રમાણે આઠે કર્મની કુલ ઉત્તર પ્રકૃતિ ૫+૯+૨+૨૮+૪+૯૩+૨+૫=૧૪૮ છે.

## ૨૩મું પદ ઉદ્દેશો બીજો–"અબાધકાળ"

અબાધાકાળનો સંબંધ કર્મની સ્થિતિ સાથે છે. અબાધાકાળ એટલે કર્મ બંધાયા પછીનો તે સમય કે જેમાં કર્મના ઉદય દ્વારા તે કર્મ જીવાત્માને કોઈપણ જાતની "બાધા" પહોંચાડી શકતું નથી. કારણકે તેના કર્મદલિકોનો નિષેક (ઉદયાવલિમાં પ્રવેશ) જ હજી નથી થતો. ત્યાર પછીના અમુક કાળ પછી જ તે તે કર્મના દળિયા (દલિકો) ઉદયાવલિમાં પ્રવેશી તે તે પ્રકારનું ફળ આપવા શક્તિશાળી થાય છે. તેથી આ કાળ દરમ્યાન જીવાત્મા જાગૃત થઈને જો પોતાની ભૂલ કબૂલે પ્રતિક્રમણ કરે, ગુર્વાદિ પાસે કે સિદ્ધ-ભગવંતની સાક્ષીએ આલોચના, પશ્ચાતાપાદિ કરે, તો તે બંધાયેલા કર્મને પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ સંપૂર્ણપણે દૂર કરી શકે છે. પણ તે કાળ વીતી ગયા પછી કર્મના દલિકો અનુભાગ (ફળ) દેવાની શક્તિવાળા અવશ્ય થાય છે અને જેટલી સ્થિતિનું કર્મ બંધાયું હોય તે પૂર્ણ થયે અવશ્ય ઉદયમાં આવીને તેનું ફળ દે છે જે જીવાત્માને ભોગવવું પડે છે, અને ભોગવ્યા પછી જ તે કર્મ નાશ પામે છે. આ કાળને અબાધાકાળ કહેવાય છે, અને તે જેટલા કોડાકોડી

વર્ષ પ્રમાણનું કર્મ બંધાયું હોય, તેના દર કોડાકોડી સ્થિતિના સો વર્ષ પ્રમાણ છે. દા.ત. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની કહી છે, તો અબાધાકાળ ૭૦×૧૦૦=૭૦૦૦ વર્ષનો થાય. તે પ્રમાણે દરેક કર્મનો અબાધાકાળ ગણીને સમજવો. માત્ર આયુષ્ય કર્મ એક ભવ પૂરતું જ બંધાય છે. તેનો અબાધાકાળ જેટલા વર્ષનું આયુષ્ય બંધાયું હોય તેના ૨/૩ ભાગ સમજવો. આયુષ્યના ૨/૩ ભાગ પૂરા થયા સિવાય, આવતા ભવના આયુષ્યનો બંધ પડતો નથી તેથી તેટલો અબાધાકાળ કહ્યો છે.

**નિષેક કાળ** :– કર્મની સંપૂર્ણ સ્થિતિમાંથી અબાધાકાળ બાદ કરવાથી જે બાકીનો સમય રહે તે તેની અનુભવ યોગ્ય કર્મસ્થિતિનો સમય છે. તેને કર્મનો **નિષેક કાળ** કહેવાય છે. આ કાળ દરમ્યાન પણ શુભ ભાવ, જપ તપાદિથી મંદ રસ ને ઓછી સ્થિતિના કરી શકાય છે.

## ૨૪મું પદ કર્મબંધ :–

સર્વ સંસારી જીવો રાગ–દ્વેષની પરિણતીના કારણે કર્મ બાંધે છે. જીવના પરિણામો (અધ્યવસાયો કે ભાવો)ના કારણે આકાશશ્રેણીમાં રહેલી કર્મવર્ગણાના પુદ્ગલ કર્મરૂપમાં પરિણત થઈ આત્મપ્રદેશોને ચોંટે છે. તેને કર્મબંધ કહે છે. તે ચાર પ્રકારનો છે. **(૧) પ્રકૃત્તિ બંધ** તે કર્મનો સ્વભાવ. આત્માના સ્વાભાવિક ગુણને ઢાંકે તે પ્રકૃતિબંધ. **(૨) સ્થિતિ-બંધ** તે કાળનું માન. કર્મ બંધાયા પછી કેટલા કાળે ઉદય થશે તે સ્થિતિ. **(૩) અનુભાગ બંધ** તે શુભાશુભ રસ (ફળ)નું તીવ્ર કે મંદપણું. કેવા પ્રકારે ભોગવવું પડશે તે, અને **(૪) પ્રદેશ બંધ** તે કર્મના દલિકોનું માન (સંખ્યા).

કેટલા જથ્થામાં આત્મા સાથે બંધાયા તે સુંઠના લાડુના દૃષ્ટાંતે–વાયુ હરે તે તેનો સ્વભાવ, (૨) મહિનો બગડે નહિ તે તેની સ્થિતિ, (૩) જરા તીખો હોય તે તેનો રસ કે અનુભાગ ને (૪) નાનો કે મોટો દળમાં હોય તે તેના પ્રદેશ.

**આઠે કર્મનો ઉપન્યાસક્રમ :–**

આત્માનો મુખ્ય ગુણ "જ્ઞાનગુણ" છે. તે ગુણ અવરાય એટલે જીવાત્મા પોતાના સાચા સ્વરૂપને ભૂલે યથાર્થ ન જાણે. આ મુખ્ય ગુણ કે સ્વભાવને આવરે તે જ્ઞાનાવરણીય કર્મ. આત્માનો સ્વભાવ જ જ્ઞાન હોવાથી તેને પ્રથમ સ્થાન આપ્યું છે. જ્ઞાન અને દર્શન સહચારી છે તેથી બીજું સ્થાન "દર્શનાવરણીયને" આપ્યું. એ બે આવરણીય કર્મો પોતપોતાનો વિપાક દેખાડતાં શુભાશુભ કર્મબંધથી જીવને સુખદુઃખ ભોગવવાનું થાય. તે શાતા–અશાતા રૂપે વેદાય તેથી ત્રીજું "વેદનીય કર્મ" કહ્યું. શાતા–અશાતારૂપ વેદનીયના ઉદયે જીવને અવશ્ય રાગ–દ્વેષને કષાયો ઉપજે. તેથી તે પછી મોહનીય કર્મ કહ્યું. મોહનીય કર્મના ઉદયે મુંઝાયેલો જીવ બહુ આરંભ–પરિગ્રહાદિ કરીને નરક તિર્યંચાદિ ગતિનું આયુષ્ય બાંધે તેથી તે પછી આયુષ્ય કર્મ કહ્યું. આયુના ઉદયે ગતિ જાત્યાદિ નામ કર્મનો ઉદય થાય તેથી પછી નામકર્મ કહ્યું. નામ કર્મના ઉદયે ઊંચ-નીચ ગોત્રનો ઉદય અવશ્ય હોય તેથી પછી ગોત્રકર્મ કહ્યું અને ઊંચનીચ ગોત્રકર્મના ઉદયે અનુક્રમે દાન, લાભાદિકનો યોગ કે વિયોગ થાય તેથી છેલ્લું અંતરાય કર્મ મૂક્યું. સંસારી જીવ માત્ર આ રીતે કર્મ બાંધે છે.

**કર્મનો બંધ ચાર પ્રકારે થાય છે:**– (૧) સ્પૃષ્ટ, (૨) બદ્ધ, (૩) નિદ્ધત અને (૪) નિકાચિત.

(૧) **સ્પૃષ્ટ કર્મ** એટલે કર્મના દલિકો આત્મપ્રદેશને સ્પર્શીને તુરત ખરી જાય તે સોયના દૃષ્ટાંતે. એક લોખંડના ટુકડા પર સોયને ઉભી રાખો ને છોડી દો તો સોય તરત જ પડી જશે. એવું સ્પૃષ્ટ કર્મ છે. આત્માને એક સમયે કર્મદલિકો સ્પર્શે, બીજા સમયે વેદાય ને ત્રીજા સમયે તો ખરી પડે ને નાશ પામે, તે કેવળી ભગવંતના કર્મ.

(૨) **બદ્ધ કર્મ** તે સોયને દોરાથી લોઢાના ટુકડા સાથે બાંધી દીધા જેવું છે. જ્યાં સુધી દોરો બાંધેલો છે. ત્યાં સુધી સોય બંધાયેલી રહે છે. પણ દોરો છોડતાં જ સોય જુદી થઈ પડી જાય છે, એમ કર્મ પણ આસક્તિ કે મમતાની દોરી વડે બંધાયેલ છે, ત્યાં સુધી જ આત્મા સાથે રહે છે, પણ સંતસમાગમે મમતા દૂર થવાથી, કર્મ પણ દૂર થઈ જાય છે. તે બદ્ધકર્મ.

(૩) **નિદ્ધત કર્મ**–લોખંડને સોયને અગ્નિમાં તપાવીને લાલચોળ કરીએ તો એકબીજા સાથે વધુ ગાઢપણે જોડાશે, પછી સહેલાઇથી છુટા નહિ પડે, તેમ છતાં તે બંનેને ઠંડા પાડીને બીજા સાધન વડે જુદા પાડી શકાય છે, તેમ ક્રોધાદિ કષાયના અગ્નિથી તપીને ગાઢ કર્મ બંધાય છે, છતાં વિશેષ પ્રકારે તપ, જપ આદિ કરીને તેવા ગાઢ કર્મને પણ ઉદયમાં આવ્યા પહેલાં ખપાવી શકાય છે, કે તેના સ્થિતિ ને રસ મંદ કરી શકાય છે તેને નિદ્ધત કર્મ કહ્યા છે.

(૪) **નિકાચિત કર્મ** તે લોખંડને સોયને તપાવીને એકરસ કરી દીધા; પછી સોય કોઈ હિસાબે જુદા પાડી શકાતી નથી. તે પ્રમાણે જે કર્મ અત્યંત તીવ્ર કષાય પરીણામે બંધાઈને આત્મપ્રદેશો સાથે એકરસ થઈ ગયા છે, તેથી હવે ભોગવ્યા વગર દૂર થઇ શકતા નથી તેને નિકાચિત

કર્મ કહ્યા છે. તે જેમકે સ્કંધક મુનિના જીવે પૂર્વ કોઇ ભવમાં કોઠીંબાની છાલ એકધારી ઉતારીને પોતાની આવડતની તીવ્રરસે અનુમોદના કરી તો મુનિના ભવમાં આખા શરીરની ચામડી જીવતી ઉતરાવવી પડી. આવી એક ધારણા છે. બીજી ધારણા એવી છે કે આવા નિકાચિત કર્મ પણ જો કે જપતપાદિથી સંપૂર્ણપણે ખપાવી શકાતા નથી તોપણ, તેને મંદરસના કરી શકાય છે. તે પ્રભુ મહાવીરના અઢારમા ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસુ રેડાવી મૃત્યુ પમાડયો, છતાં ૨૭માં મહાવીરસ્વામીના ભવમાં તેવું ગાઢ કર્મ પણ શૂળની વેદના કાનમાં સહન કરીને ખપી ગયું. કારણકે ૨૫માં નંદનમુનિના ભવમાં ખૂબ તપસ્યા કરવાથી તેવું નિકાચિત બંધાયેલું કર્મ પણ મંદ રસનું બની ગયું. આમ નિકાચિત કર્મ બાબત બે માન્યતા પ્રવર્તે છે. તત્ત્વ કેવળીગમ્ય સમજવું. કારણકે કોઇ આચાર્ય આને નિદ્ધતના ભાંગામાં મૂકે છે.

કેશી સ્વામી કહે છે કે જીવના જેવા મન પરિણામ તેવા શુભાશુભ કર્મનો બંધ પડે, અને તે કર્મ પ્રમાણે ૮૪ લાખ જીવાયોનીમાં તે જીવ ભમે. કર્મ રાગ-દ્વેષના પરિણામથી બંધાય છે ને તેના સાધન, મન, વચન ને કાયા (તન) છે, એકેંદ્રિય પાસે માત્ર કાયા છે, બીજા બે સાધન નથી તો માત્ર એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિનું જ કર્મ બાંધી શકે છે. બેઇંદ્રિય ૨૫ સાગરનું, તેઇંદ્રિ ૫૦ ને ચૌરેંદ્રિ સો સાગરનું, અસંજ્ઞી પંચેંદ્રિ ૧ હજાર સાગરનું ઉત્કૃષ્ટ બાંધી શકે છે, પરંતુ સંજ્ઞી (મનવાળા) પંચેંદ્રિય તો ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમનું કર્મ બાંધે છે, તેથી સિદ્ધ થાય છે, કે પુણ્યાઈ યોગે જેને કાયા ઉપરાંત વચન ને મનના સાધનો મળ્યા

છે. તે જો અવળા પ્રવર્તાવે તો વધુ ગાઢા ને લાંબી સ્થિતિ વાળા કર્મો બાંધે, પણ જો સવળા પ્રવર્તાવે તો તેજ સાધનો વડે ભવકટી કરી દેવાદિ સદ્‌ગતિ કે મોક્ષ પણ પામે, તેથી જ મનુષ્યના મનને જ બંધ કે મોક્ષનું કારણ જ્ઞાનીઓએ યથાર્થ કહ્યું છે.

જ્ઞાનાવરણીયાદિ પહેલા ચાર કર્મ કે જે આત્માના જ્ઞાનદર્શનાદિ ગુણોની ઘાત કરે છે, તેને ઘાતિ કર્મ કહ્યા છે અને પછીના આયુષ્યાદિ ચાર જે શરીર સંબંધી છે, તેને અઘાતિ કર્મ કહ્યા છે.

પછી ૨૪મા પદમાં કર્મબંધના, ૨૫મા પદમાં કર્મ બાંધતી વખતે કેટલા વેદે, ૨૬મા પદમાં કર્મવેદતા નવા કેટલા બાંધે ને ૨૭મા પદમાં કર્મવેદતી વખતે કેટલા વેદે તેના ભાંગા ૨૪ દંડક પર ઉતારીને આપ્યા છે.

**(૨૮) આહારપદ** :–બે ઉદ્દેશામાં જીવોના આહારની વિચારણા છે. આહાર ૩ પ્રકારના છે (૧) સચેત, (૨) અચેત ને (૩) મિશ્ર.

પહેલા ઉદ્દેશામાં (૧) કોણ કેવો આહાર લે ? (૨) આહારની ઇચ્છાવાળા કોણ ? (૩) કેટલા કાળે કોને આહારની ઇચ્છા થાય ? (૪) કયા પુદ્‌ગલોનો આહાર કરે, (૫) કેટલા આત્મપ્રદેશથી આહાર કરે, (૬) કેટલા ભાગ આહાર ગ્રહણ કરે ? (૭) બધા પુદ્‌ગલોનો આહાર કરે કે નહિ ? (૮) આહાર કેવા રૂપે પરિણમે ? (૯) એકેન્દ્રિય જીવ પંચેન્દ્રિય શરીરનો આહાર લ્યે ? (૧૦) રોમ આહારી છે કે કવળ આહારી ? (૧૧) ઓજ આહારી છે કે મનોભક્ષી ?–એમ ૧૧ પ્રશ્નો દ્વારા આહારની વિચારણા છે.

બીજા ઉદ્દેશામાં ૧૩ દ્વાર (૧) આહાર, (૨) ભવ્ય,

(૩) સંજ્ઞી, (૪) લેશ્યા, (૫) દૃષ્ટિ, (૬) સંયત, (૭) કષાય, (૮) જ્ઞાન, (૯) યોગ, (૧૦) ઉપયોગ, (૧૧) વેદ, (૧૨) શરીર, અને (૧૩) પર્યાપ્તિ આશ્રી આહારક—અનાહારકની વિચારણા છે. એ જ પ્રમાણે રોમ (લોમ) આહાર, (૨) પ્રક્ષેપ (કવળ—કોળિયા) આહાર, અને (૩) ઓજ આહાર કયા કયા જીવોને હોય તેનું વિસ્તૃત કથન છે.

આહાર બે પ્રકારનો છે :—(૧) આભોગ નિવર્તિત અર્થાત્ ઇચ્છા થાય ત્યારે આહાર લેવો, અને (૨) અનાભોગ નિવર્તિત અર્થાત્ ઇચ્છા વિના આહાર લેવો તે આહાર લેવાની ઈચ્છાની જુદી જુદી કાળ મર્યાદા બતાવી છે. ઇચ્છા વિનાનો આહાર તો નિરંતર ગ્રહણ થાય છે.

વર્ણ, રસ, ગંધ, આદિથી યુક્ત અનંતપ્રદેશી સ્કંધવાળો અને અસંખ્યાત પ્રદેશી ક્ષેત્રાવગાઢ અને આત્મપ્રદેશો વડે સ્પર્શાયેલા પુદ્ગલો જ આહાર માટે ઉપયોગી થાય છે.

મોઢેથી જે કોળિયા લે તે પ્રક્ષેપ કે કવળાહારી, રૂંવાડાથી લે તે રોમ કે લોમ આહારી, જન્મ સમયે સર્વ આત્મપ્રદેશથી આહાર લે તે ઓજાહારી, અને મનની ઈચ્છાથી જે તૃપ્ત થઈ જાય તે મનોભક્ષી કહેવાય છે. એકેંદ્રિય જીવોને મુખ નથી તેથી કવલાહારનો અભાવ છે. પણ રોમાહારી છે. તેવી રીતે વૈક્રિય શરીરવાળા નારકી ને દેવો પણ રોમાહારી, ઓજાહારી, છે. વળી દેવો મનોભક્ષી પણ છે. ૩ વિકલેંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ ને મનુષ્યને ઓજ, રોમ અને કવલાહાર છે. નારકી ને દેવો અપર્યાપ્ત અવસ્થામાં ઓજાહારીજ હોય છે.

**૨૯ ને ૩૦, પદ 'ઉપયોગ' ને 'પશ્યતા' પદ છે :—**

ઉપયોગ એ જીવ—આત્માનો ગુણ કે લક્ષણ છે. આત્મા

જ પદાર્થનો જ્ઞાતાને દ્રષ્ટા છે. જે બોધમાં માત્ર વર્તમાનકાળાને બોધ થાય છે તે "ઉપયોગ" છે અને જેમાં ત્રણે કાળનો બોધ થાય છે તે "પશ્યતા" છે. આ બંને પદમાં અનુક્રમે ઉપયોગ ને પશ્યતાના બબ્બે ભેદ કર્યા છે :–(૧) સાકાર ઉપયોગ તે જ્ઞાન અને (૨) અનાકાર ઉપયોગ તે "દર્શન" તે રીતે સાકાર ને અનાકાર પશ્યતા. ઉપયોગ ને પશ્યતાની પ્રરૂપણા ૨૪ દંડકમાં કરવામાં આવી છે. (૧) સાકાર ઉપયોગ ૮ પ્રકારનો છે તે મતિ આદિ ૫ જ્ઞાન ને ૩ અજ્ઞાન. (૨) નિરાકાર ઉપયોગ ૪ પ્રકારનો છે તે ચક્ષુ–અચક્ષુ–અવધિ ને કેવળદર્શન કુલ ૧૨ ઉપયોગ છે.

આકાર પશ્યતા છ પ્રકારની તે શ્રુત, અવધિ, મન-પર્યવ ને કેવળજ્ઞાન એમ ૪ જ્ઞાનની અને શ્રુતઅજ્ઞાન ને વિભંગજ્ઞાન મળી બે અજ્ઞાનની છે. અનાકાર પશ્યતા ત્રણ દર્શન–ચક્ષુદર્શન, અવધિદર્શન ને કેવળદર્શનની છે. પશ્ય-તામાં મતિજ્ઞાન, મતિઅજ્ઞાન, ને અચક્ષુદર્શનને ઉપયોગની જેમ લીધા નથી તેટલો ફરક છે.

૨૪ દંડકના જીવોમાં કોને કેટલા ઉપયોગ ને પશ્યતા હોય તે કહ્યું છે.

સામાન્ય પ્રકારે જોવું તે દર્શન, ને પછી વિશેષ પ્રકારે જાણવું તેને જ્ઞાન કહ્યું છે. જેમકે કોઈ સ્ત્રીને આવતાં જોવી તે દર્શન અને નજીક આવતાં જાણવી કે આ તો તારા કાકી છે તે જ્ઞાન.

જીવના જ્ઞાન કે બોધરૂપી ચેતના વ્યાપારને ઉપયોગ કહ્યો છે.

૨૪ દંડકના જીવોને ૧૨ ઉપયોગમાં કેટલા લાભે તે નીચે પમાણે છે :–

| દંડક ક્રમાંક | નામ | સાકાર | અનાકાર | કુલ |
|---|---|---|---|---|
| ૨૪ | સમુચ્ચય જીવમાં | ૮ | ૪ | ૧૨ |
| ૧ | નારકી | ૬ | ૩ | ૯ |
| ૧૩ | દેવ | ૬ | ૩ | ૯ |
| ૫ | એકેંદ્રિય | ૨ | ૧ | ૩ |
| ૧ | બેઇંદ્રિય | ૪ | ૧ | ૫ |
| ૧ | તેઇંદ્રિય | ૪ | ૧ | ૫ |
| ૧ | ચૌરેન્દ્રિય | ૪ | ૨ | ૬ |
| ૧ | તિર્યંચ પંચેંદ્રિય | ૬ | ૩ | ૯ |
| ૧ | મનુષ્ય | ૮ | ૪ | ૧૨ |
| ૨૪ | | | | |

કાળની અપેક્ષાએ છદ્મસ્થ જીવોનો ઉપયોગ અંતર્મુહૂર્ત સુધી રહે છે અને સર્વજ્ઞ કેવળી ભગવંતનો એક સમય સુધી જ રહે છે.

(૩૧) **સંજ્ઞીપદ** :– જેમને મન હોય તે સંજ્ઞી કહેવાય છે. મન વગરનાને અસંજ્ઞી અને મન હોવા છતાં જે મનથી વિષય ગ્રહણ કરતા નથી તે કેવળી ભગવંતો ને સિદ્ધ ભગવંતો નો સંજ્ઞી–નો અસંજ્ઞી કહેવાય છે. કેવળી સિવાયના અન્ય મનુષ્યો, નારકી, ભવનપતિ, ને વાણવ્યંતર દેવોને પંચેંદ્રિય તિર્યંચ સંજ્ઞી ને અસંજ્ઞી બંને પ્રકારના હોય છે, જ્યોતિષી અને વૈમાનિક દેવો માત્ર સંજ્ઞી જ હોય છે, પાંચ એકેંદ્રિય ને ૩ વિકલેંદ્રિય ને સંમૂર્છિમ મનુષ્યો ને તિર્યંચ અસંજ્ઞી જ હોય છે. ગર્ભજ તિર્યંચ ને

મનુષ્ય સંજ્ઞી હોય છે. **સિદ્ધ ભગવંતોને અશરીરી હોવાથી દ્રવ્ય મન હોતું નથી તેથી નોસંજ્ઞી છે, અને સર્વજ્ઞ હોવાથી નોઅસંજ્ઞી છે.** કેવળી ભગવંતોને દ્રવ્ય મન હોવા છતાં હવે મનનો વ્યાપાર નથી. કેવળજ્ઞાનથી બધુ જાણે છે અને કેવળદર્શનથી દેખે છે તેથી નોસંજ્ઞી નોઅસંજ્ઞી કહ્યા છે.

(૩૨) **સંયતપદ** :– આ પદમાં (૧) સંયત તે સર્વવિરતિ પંચમહાવ્રતધારી સાધુ, (૨) અસંયત તે અવ્રતિ (૩) સંયતાસંયત તે દેશવિરતિ શ્રાવક અને (૪) નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત તે સિદ્ધ ભગવંત એમ સંયતના ૪ પ્રકારે જીવો વિષે પ્રરૂપણા છે.

નારકી, એકેન્દ્રિયથી લઈને ચૌરેન્દ્રિય સુધીના જીવો, સંમૂર્છિમ તિર્યંચ ને મનુષ્ય, જુગલિયા, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એમ બધા દેવો અસંયત હોય છે. પંચેંદ્રિય તિર્યંચ અસંયત અને સંયતાસંયત હોય છે, અને મનુષ્યમાં પ્રથમના ત્રણે પ્રકાર હોય છે.

(૩૩) **અવધિ પદ** :– પાંચે ઈંદ્રિય અને મનની સહાયતા વિના રૂપી પદાર્થોનું જે જ્ઞાન થાય છે તેને **"અવધિજ્ઞાન"** કહે છે. તેના બે ભેદ છે (૧) ભવ પ્રત્યયિક કે ઔપપાતિક જે દેવો ને નારકીને ઉપપાત (જન્મ) થતાં જ નિયમા હોય છે, અને (૨) ક્ષાયોપશમિક જે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ વડે પંચેંદ્રિય ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને લબ્ધિરૂપે થાય છે. તેનું ૧૦ દ્વાર (૧) ભેદ, (૨) વિષય, (૩) સંઠાણ (સંસ્થાન) (૪) આભ્યંતર અને

બાહ્ય (૫) દેશ થકી અને સર્વ થકી (૬) અનુગામી, (૭) હાયમાન ( ઘટવું ) ને વર્ધમાન ( વધવું ), (૮) અવસ્થિત, (૯) પ્રતિપાતી ને (૧૦) અપ્રતિપાતિ આવ્યા પછી ન જાય તે. એમ દશ પ્રકારે વિસ્તૃત નિરૂપણ છે–

તીર્થંકરોને નિયમા જન્મથી જ અવધિજ્ઞાન હોય છે.

થયા પછી જીવનપર્યંત રહે તે અવસ્થિત ( સ્થિર ) ને અપ્રતિપાતિ તે દેવને નારકીને હોય, ને થોડો કાળ રહે તે અનવસ્થિત ને આવ્યા પછી ચાલ્યું જાય તે પ્રતિપાતિ, મનુષ્ય ને તિર્યંચને અવસ્થિત–અનવસ્થિત. પ્રતિપાતિ ને અપ્રતિપાતિ એમ દરેક પ્રકારનું હોય.

**(૩૪) પ્રવિચારણા ( પરિચારણા ) પદ :–** આનો અર્થ કામભોગો છે. તેનો દ્વારથી (૧) અનંતર આહાર દ્વાર, (૨) આભોગ–અનાભોગ આહાર, (૩) આહારના પુદ્દગલોને જાણતા–દેખતાં, ન જાણતા–ન દેખતા ગ્રહણ કરવાનો દ્વાર, (૪) અધ્યવસાય દ્વાર, (૫) સમ્યક્ત્વ અભિગમ દ્વાર, (૬) પરિચારણા દ્વાર અને (૭) પરિચારણાનો અલ્પ બહુત્વ એમ ૨૪ દંડક આશ્રી વિચાર કરવામાં આવ્યો છે. મુખ્યત્વે પરિચારણા કોને, કયારે, કેવા પ્રકારે હોય તેનો ૨૪ દંડક આશ્રી વિચાર છે.

આહાર બે પ્રકારના (૧) આભોગ નિવર્તિત અને (૨) અનાભોગ નિવર્તિત. પાંચ એકેન્દ્રિયમાં અનાભોગ નિવર્તિત અને બાકીના ૧૯ દંડકમાં બંને પ્રકારનો હોય.

અધ્યવસાય બે પ્રકારના (૧) પ્રશસ્ત ને (૨) અપ્રશસ્ત – બધા સંસારી જીવોમાં બંને પ્રકારના હોય. પાંચ સ્થાવર

મિથ્યાત્વી ને ત્રણ વિકલેન્દ્રિય સમકિતિ અને મિથ્યાત્વી હોય અને બાકીના ૧૬ દંડકના જીવોનાં સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને મિશ્ર એમ ત્રણે પ્રકાર હોય, પછી દેવોની પરિચારણાનું કથન ને અલ્પબહુત્વ છે.

**(૩૫) વેદના પદ :–** ૨૪ દંડકના જીવો અનેક પ્રકારની વેદના ભોગવે છે. તેના છ પ્રકાર કહ્યા છે :– (૧) ઠંડી, ગરમી, ને શીતોષ્ણ કહેતા ઠંડીગરમી, કે ટાઢતડકો, (૨) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી, (૩) શારીરીક, માનસિક, ને ઉભયથી, (૪) શાતા, અશાતા, અને શાતા અશાતાથી ભોગવે, (૫) સુખ, દુઃખ, અને સુખદુઃખ ભોગવે, અને (૬) ઉદીરણાજન્ય (આભ્યુપગમિકી) તે લોચ, તપ, પાદવિહાર આદિ સ્વેચ્છાએ કરીને, સ્વાધીનપણે ભોગવે, અને (૨) ઉદયજન્ય (ઔપક્રમિકી) તે બીમારી આવવાથી કર્મના ઉદયના લીધે ભોગવતી પડે તે પરાધીનતાથી ભોગવે, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં આ બંને પ્રકારની વેદના હોય અને બાકીના દેવ નારકાદિ ૨૨ દંડકમાં એક માત્ર ઉદયજન્ય વેદના જ હોય. કારણ કે તે જીવો સ્વાધીનપણે જપતપાદિ કે વ્રત પચ્ચકખાણ કરી શકતા નથી. (૭) વેદના બે પ્રકારે (૧) નિદા ને (૨) અનિદા, સંજ્ઞી નિદા વેદે, અને અસંજ્ઞી અનિદા વેદના વેદે, વળી અમાયી સમ્યક્દૃષ્ટિ નિદા વેદના વેદે છે અર્થાત્ વિવેકપૂર્વક સમભાવે વેદે, અને માયી મિથ્યાદૃષ્ટિ અનિદા વેદના વેદે અર્થાત્ વિવેકહીન પણે વેદે. સંજ્ઞી પૂર્વે કરેલા કર્મોનો પશ્ચાતાપ કરે ને તેના લીધે આ વેદના આવી છે તેમ સમજે એટલે વિવેકી, અને અસંજ્ઞી માયી મિથ્યાદૃષ્ટિ હોવાથી તેવો પશ્ચાતાપ ન કરે એટલે વિવેકહીન.

નારકીઓને નિરંતર ક્ષેત્રાદિ ૧૦ પ્રકારની વેદના છે, પણ તીર્થંકરના પાંચે કલ્યાણક વખતે સાતા ભોગવે છે, ઉપરાંત પૂર્વ ભવના સંબંધી દેવ મળવા આવે ત્યારે તેના વચનોથી તેમજ તેના સ્પર્શથી શાતા અનુભવે છે. દેવોને સામાન્યપણે શાતા હોય છે, પણ ચ્યવન કાળે અશાતા વેદે છે, અને પોતાની ઋદ્ધિનું સુખ ભોગવતાં અન્યની ઋદ્ધિ જોઈ બળે છે તેથી અશાતા વેદે, એટલે શાતા–અશાતા સાથે ભોગવે.

**(૩૬) સમુદ્‌ઘાત પદ** :– આ શબ્દ સમ્ + ઉદ્ + ઘાત એમ ૩ શબ્દોનો બનેલ છે. સમ= એકસાથે, ઉદ્ = પ્રબળતાથી, અને ઘાત = હણવું અર્થાત્ કર્મપુદ્ગળોને ખેરવી નાખવા, એટલે કે નિર્જરા કરવી, તે "સમુદ્‌ઘાત" છે. જ્યારે આત્માનો ઐકયભાવ બીજા ભાવોને છોડીને એકમાત્ર વેદનીયમાંજ તીવ્રપણે એકાગ્ર થાય છે, ત્યારે કર્મપુદ્ગલોની પ્રબળપણે ઘાત – નિર્જરા થાય તે વેદનાદિ સમુદ્‌ઘાતોમાં પરિણમે છે, તે બહુ વેદનીયાદિ કર્મો જે કાળાંતરે ઉદયમાં આવવા યોગ્ય હતા, અર્થાત્ જેની સ્થિતિ હજી પાકી નથી, તેવા કર્મોની ઉદીરણા કરીને, આકર્ષીને ઉદયમાં લાવી, આત્મપ્રદેશે વળગાડી, ભોગવી લઈ નિર્જરા કરી નાખે – એકસાથે ખંખેરી નાખે તેને "સમુદ્‌ઘાત" કહી છે. તે ક્રિયા સાત પ્રકારની છે :– (૧) વેદના, (૨) કષાય, (૩) મરણ અથવા મારણાન્તિક, (૪) વૈક્રિય, (૫) તૈજસ, (૬) આહારક અને (૭) કેવલિ સમુદ્‌ઘાત. તેની ગાથા :–

**" વેયણ[૧] કસાય[૨] મરણે[૩], વેઉવ્વિય[૪] તેયએ[૫] ય આહારે[૬] ।**
**કેવલિએ[૭] ચેવ ભવે, જીવ મણુસ્સાણ સત્તે વ ॥૯॥**

પૂર્વસંચિત કર્મોનું આત્મપ્રદેશોથી ખરી જવું તેને "નિર્જરા" કહી છે, કઈ સમુદ્‌ઘાતથી કયા કર્મની નિર્જરા થાય છે તે કહ્યું છે:– (૧) વેદના સમુદ્‌ઘાતથી વેદનીય કર્મની, (૨) કષાય સમુદ્‌ઘાતથી કષાય ચારિત્ર મોહનીય કર્મની, (૩) મારણાંતિક સમુદ્‌ઘાતથી, અંતમુહૂર્ત માત્ર શેષ આયુષ્ય કર્મની, (૪) વૈક્રિય સમુદ્‌ઘાત વૈક્રિય નામકર્મની, (૫) તેજસ સમુદ્‌ઘાત્ તેજસ શરીર નામ કર્મની, (૬) આહારક સમુદ્‌ઘાત આહારક શરીર નામકર્મની અને કેવલિ સમુદ્‌ઘાત શાતા–અશાતા વેદનીયકર્મની, શુભાશુભ નામ કર્મની, અને ઉચ્ચ–નીચ ગોત્રકર્મની નિર્જરા કરે છે, આ ત્રણે અઘાતિ કર્મોની સ્થિતિ આયુષ્ય કર્મની સ્થિતિ કરતાં વધુ હોય, ત્યારે આયુષ્યકર્મની સ્થિતિની બરાબર કરવા કેવલિભગવંત આ સમુદ્‌ઘાત કરે છે. જેથી આયુષ્ય પૂર્ણ થતાં સર્વથા કર્મમુક્ત બની સિદ્ધ, બુદ્ધ અને મુક્ત પરમાત્મા થઈ શકે. આનો સમય માત્ર આઠ સમયનો કહ્યો છે અને એક જ વાર થશે. જે કેવલિ-ભગવંતોના આયુષ્ય કર્મ સિવાયના બાકીના ૩ ઘાતિકર્મોની સ્થિતિ આયુષ્યકર્મ બરાબર હોય છે, તેમને આ સમુદ્‌ઘાત કરવી પડતી નથી.

નારકીમાં પ્રથમની ૪, તિર્યંચ પંચેન્દ્રિય અને દેવોમાં પહેલી ૫, વાયુકાય સિવાયના ૪ એકેંદ્રિયથી ચૌરેન્દ્રિય જીવોમાં પહેલી ૩, વાયુકાયમાં પહેલી ૪ અને મનુષ્યમાં સાતે સમુદ્‌ઘાત હોય છે.

કઈ સમુદ્‌ઘાત કયા જીવો કેટલીવાર કરશે અને તેનો અલ્પબહુત્વ કહ્યો છે.

## (૫) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ-પાંચમુ ઉપાંગસૂત્ર

પાંચમા અંગસૂત્ર શ્રી ભગવતી સૂત્રનું આ ઉપાંગ છે. આમાં એક અધ્યયન, ૭ વક્ષસ્કાર તથા ૪૧૪૬ મૂળપાઠનું ગાથાપ્રમાણ હાલ છે, ૧૭૮ ગદ્યસૂત્ર અને ૫૨ પદ્યસૂત્ર છે. શ્રી ભગવતી સૂત્રમાં દ્વીપ સમુદ્રાદિનું સંક્ષેપ કથન છે. તેની યથાર્થ સમજ પડે તે માટે આ ઉપાંગની રચના કરવામાં આવી છે. વક્ષસ્કાર એટલે પ્રકરણ સમજવું.

**પ્રથમ વક્ષસ્કાર** :– મંગલાચરણમાં શ્રી નમસ્કાર મહામંત્ર છે. પછી જંબુદ્વીપનું અને જંબુદ્વીપમાં આવેલા ભરતાદિ ક્ષેત્રો વૈતાઢયાદિ પર્વતો, પદ્મવરવેદિકાઓનું, તમિસ્ર ગુફાનું, વિદ્યાધર શ્રેણિયોનું, ભરતકુટ અને ઋષભકુટ આદિનું વર્ણન છે,

**બીજો વક્ષસ્કાર** :– કાળનું નિરૂપણ છે, કાળચક્રના અવસર્પિણી અને ઉત્સર્પિણી એમ બે ભેદ કહ્યા છે, અવ-સર્પિણીના છ આરા (૧) સુષમાસુષમા જેમાં એકાંતે અતિ સુખ હોય તે ૪ ક્રોડાકોઢી સાગરોપમનો છે, (૨) સુષમા જેમાં સુખ હોય તે ૩ ક્રોડાક્રોડી સાગરોપમનો છે. (૩) સુષમા દુષમા જેમાં સુખ ઘણું ને દુઃખ અલ્પ તે ૨ ક્રોડા-કોડી સાગરોપમનો છે, (૪) દુષમા સુષમા જેમાં દુઃખ વધુ ને સુખ થોડું તે ૧ કોડાકોડી સાગરોપમ ઉણા (ઓછા) ૪૨૦૦૦ વર્ષનો છે, (૫) દુષમા જેમાં દુઃખ હોય અને (૬) દુષમા દુષમા જેમાં અતિ દુઃખ હોય તે દરેક ૨૧, ૨૧ હજાર વર્ષના છે, આમ કુલ ૧૦ કોડાકોડી સાગરોપમનું અર્ધ-કાળચક્ર થાય છે, ઉત્સર્પિણીના પણ છ આરા તેથી ઉલટા સમજવા, કાળના માપ નીચે પ્રમાણે બતાવ્યા છે :–

૧ સમય=કાળનો અવિભાજ્ય અંશ
જઘ. અસંખ્યાત સમય=૧ આવલિકા
૨૫૬ આવલિકા=૧ ક્ષુલ્લક ભવ
૧૭ાા ક્ષુ. ભવ=૧ શ્વાસોચ્છવાસ.
૧ શ્વાસોચ્છવાસ=૭ પ્રાણ
૭ પ્રાણ =૧ સ્તોક
૭ સ્તોક =૧ લવ
૩૮ાા લવ =૧ ઘડી
૨ ઘડી =૩૭૭૩ પ્રાણ
=૬૫૫૩૬ ક્ષુ. ભવ
=૧૬૭,૭૭૨૧૬ આવલિકા
૨ ઘડી=૧ મુહૂર્ત=૪૮ મિનિટ,
૩૦ મુહૂર્ત=૧ અહોરાત્રી
૧૫ અહોરાત્રી=૧ પક્ષ (પખવાડીઉ)
૩૦ ,, =૧ માસ
૨ માસ =૧ ઋતુ
૩ ઋતુ =૧ અયન
૨ અયન =૧ વર્ષ=૧૨ માસ
૮૪ લાખ વર્ષ=૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ=૧ પૂર્વ
૮૪ લાખ પૂર્વ=૧ ત્રુટિતાંગ
૮૪ લાખ ત્રુટિતાંગ=૧ ત્રુટિત

આ પ્રમાણે અડ્ડાંગ, અડ્ડ, અવવાંગ, અવવ, હુહૂકાંગ, હુહૂક, ઉત્પલાંગ, ઉત્પલથી લઈને શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષ પ્રહેલિકા જે છેલ્લી ૧૯૪ અંકની સંખ્યા છે, ત્યાં સુધી ઉત્તરોત્તર ૮૪ લાખ ગણું સમજવું: આ ૧૯૪ અંક સુધીની સંખ્યાને 'સંખ્યાત' કાળ કહેલ છે. તેનાથી એક વધે એટલે અસંખ્યાત કાળ કહેવાય જેની ગણુના પલ્યોપમને સાગરોપમ ના માપથી થાય છે. પછી જે અંતરહિત કાળરાશી છે તેને "અનંત કાળ" કહેવાય છે,

કાળચક્ર રથના પૈડા સમાન અને હાલના ઘડીયાળના ડાયલ સમાન છે. તેમાં ૧૨ થી ૬ વાગ્યા સુધીનો જે ઉતરતો ભાગ છે, તેને અવસર્પિણી કાળ અને ૬ થી ૧૨ સુધીનો ચડતો ભાગ ઉત્સર્પિણી કાળ કહ્યો છે. અવસર્પિણી કાળમાં દરેક આરે પર્યાયો આયુષ્ય, દેહમાન, આદિ ઘટતા જાય તે પહેલા આરામાં આયુષ્ય ૩ પલ્પોપમનું, દેહમાન ૩ ગાઉનું, બીજા આરામાં ૨ પલ્ય, ને ૨ ગાઉના, ત્રીજા આરામાં ૧ પલ્ય ને ૧ ગાઉ અને ઉતરતાં ત્રીજા આરે આયુષ્ય કોડપૂર્વ પૂર્વનું ને દેહમાન ૫૦૦ ધનુષ્યનું. ચોથા આરામાં ક્રોડ પૂર્વનું ને ઉતરતા આરે બસો વર્ષમાં ઉણુ ને દેહમાન સાત હાથનું. પાંચમાં આરામાં ઉત્કૃષ્ટ સો વર્ષથી અધિકને જઘન્ય ૧ અંતમુહૂર્તનું આયુષ્ય અને દેહમાન ૭ હાથનું ને છઠ્ઠા આરામાં આયુષ્ય ૨૦ વર્ષનું ને ઉતરતા આરે ૧૬ વર્ષનું અને દેહમાન ૨ હાથનું અને ઉતરતા આરે મૂઢા હાથનું કહ્યું છે. ભાવોમાં પણ હીનતા વધતી જાય. તેથી ઉલટુ ઉત્સર્પિણીમાં સમજવું. અવ. ના પહેલા ૩ આરા. ને ઉ. ના છેલ્લા ૩ આરામાં જુગલિયા જ હોય. તેની બધી જરૂરીયાત દશ પ્રકારના કલ્પવૃક્ષ પુરી પાડે.

તે સમયના જુગલિક પુરૂષો, સ્ત્રીઓ, તેમના આહાર, જીવન આદિનું કથન છે. ત્રીજા આરાના અંતભાગમાં ૧૫ કુલકર થયા, તેમના નામ, નીતિ, આદિનું કથન છે. છેલ્લા નાભિ કુલકરની પત્ની મરૂદેવીના કુખે ભગવાન ઋષભદેવ-પ્રથમ તીર્થંકરનો જન્મ થયો તેમનું ચરિત્ર છે. તેમજ ભરત ચક્રવર્તી થયા. ચોથા આરામાં બીજા ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી ૯ બળદેવ અને ૯ વાસુદેવ થયા તેમના નામ આદિનું કથન છે.

જુગલિયા નિયમા આયુષ્યના અંતભાગે એક પુત્ર ને પુત્રીના જોડાને જન્મ દે છે ને પછી થોડા દિવસે મૃત્યુ પામે છે, તે જોડી વળી જુગલિક તરીકે પતી-પત્ની રૂપે રહે છે, તે કેટલામે દિવસે પ્રસવ પછી મૃત્યુ પામે, કેવી રીતે મૃત્યુ પામે—મૃત્યુ વખતે એકને બગાસુ આવે ને બીજાને છીંક આવે ને તરત મૃત્યુ પામે – નિયમા તેમનું જેટલું આયુષ્ય હોય તેટલું અથવા તેનાથી થોડા આયુષ્યવાળા દેવ થાય વિ. કથન છે.

આ સૂત્રમાં પ્રભુ ઋષભદેવના દૃષ્ટાંતે ને ઉવવાઈ સૂત્રમાં ચરમ તીર્થંકર મહાવીર સ્વામીના દૃષ્ટાંતે કહ્યું છે કે તીર્થંકર ભગવંતોને દ્રવ્ય—ક્ષેત્ર—કાળને ભાવથી કોઈપણ પ્રકારનો પ્રતિબંધ (મમત્વ કે રાગભાવ) હોતો નથી, તેથી જ તીર્થંકરો **"વીતરાગ"** કહેવાય છે. આ વિશિષ્ઠ બીરૂદ સર્વ ધર્મસંસ્થાપકોમાં માત્ર તીર્થંકરોને જ આપવામાં આવ્યું છે. વીતરાગ ભગવાન એટલે જૈન તીર્થંકર ભગવંત એમ લોક વ્યવહાર તેથી થઈ ગયો છે.

**ત્રીજા વક્ષસ્કારમાં** ભરત ચક્રવર્તીનું વિસ્તૃત ચરિત્ર છે. તેમના ચક્રરત્નની આયુધશાળામાં ઉત્પત્તિનું, ૭ ખંડ

કેવી રીતે જીત્યા તેનું, તમિસ્ત્ર ગુફાના દ્વારોનું, તેના અંધકારનું ને તેને કેવી રીતે પાર કરી તેનું, ઋષભકુટ પર્વતની ભીંત પર ચક્રવર્તીના અનેક નામોનું, ને અગાઉના-ચક્રવર્તીનું નામ ભૂંસીને પોતાનું નામ લખવું પડ્યું તેથી ભરતનું આ યુગના પહેલા ચક્રવર્તી થવાનું અભિમાન ગળી જવાનું, છ ખંડ સાધીને વિનીતા રાજધાનીમાં પાછા ફર્યાનું, રાજ્યાભિષેકનું, અરિસાભુવનમાં અલંકારોથી વિભુષિત થતી વખતે હાથની આંગળીમાંથી વીંટી સરી પડતા, આંગળી અડવી લાગી. તેથી શણગારની ને શરીર શોભાની અનિત્યતા સમજાતાં "અનિત્ય ભાવના ભાવતાં થયેલા કેવળજ્ઞાનનું, તેજ વખતે સર્વ અલંકારો તજી પંચમુષ્ટિ લોચનું, અને અંતે અષ્ટાપદ પર્વત ઉપર નિર્વાણ પામ્યા તેનું કથન છે.

**ચોથા વક્ષસ્કારમાં** :–ચુલ્લ હિમવંત, વૈતાઢય આદિ પર્વતોનું, પદ્મસરોવરનું, ગંગા, સિંધુ આદિ નદીઓનું, હેમવંત યાવત્ ઐરાવત આદિ ક્ષેત્રોનું, જંબુવૃક્ષનું મહાપદ્માદિ સરોવરનું, વિસ્તૃત કથન છે.

જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨, ધાતકીખંડ ને પુષ્કરાર્ધના બબ્બે મહાવિદેહ ક્ષેત્રોના ૬૪, ૬૪, મળી કુલ ૧૬૦ વિજય છે, ને પાંચ ભરત ને પાંચ ઈરવત ક્ષેત્ર મળી કુલ ૧૭૦ ક્ષેત્ર થાય છે. આ દરેક ક્ષેત્રમાં તીર્થંકર ભગવાન જન્મ ધારણ કરે છે. ૫ મહાવિદેહ, ૫ ભરત ને ૫ ઈરવત મળી કુલ ૧૫ કર્મભૂમિ છે, તેના આ ૧૭૦ ક્ષેત્રો છે. તે અપેક્ષાએ એકીસમયે જો દરેક ક્ષેત્રમાં તીર્થંકર થાય તો ઉત્કૃષ્ટા ૧૭૦ થાય જે બીજા તીર્થંકર અજીતનાથ ભગવાનના સમયમાં થયા હતા. મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ ચોથા

આરાના ભાવ છે; તેથી સદાકાળ તીર્થંકર હોય, પણ ભરત ને ઈરવત ક્ષેત્રોમાં છ આરા છે ને અવસર્પિણીના ત્રીજા ચોથા આરા સિવાય તીર્થંકર ન થાય તે અપેક્ષાએ ઉત્કૃષ્ટા ૧૬૦ તીર્થંકર થાય. ને જઘન્ય ૨૦ તીર્થંકર તો સદાકાળ મહાવિદેહ ક્ષેત્રમાં હોય જ. જંબુદ્વીપમાં એક સમયે ઉત્કૃષ્ટા ૩૪ – મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજય ને ૧ ભરત ને ૧ ઈરવત ક્ષેત્રમાં મળી ૩૪ તીર્થંકર હોય વગેરે કથન છે.

**પાંચમા વક્ષસ્કારમાં** :–જિનેશ્વરના જન્માભિષેકનું વર્ણન છે. તીર્થંકરનો જન્મોત્સવ–જન્મકલ્યાણક મનાવવા દિશા–વિદિશામાંથી ૫૬ દિક્ (દિશા) કુમારીકાઓ આવે છે, અને પ્રસુતિ સમયે નાભિનાળ કાપે છે, તેલચોળી સ્નાન કરાવે છે, રક્ષાપોટલી બાંધીને ઢોલ વગાડે છે, પછી આશિર્વચન આપી મધુરા ગીતો ગાઈ નૃત્ય કરે છે. પછી શકેન્દ્ર સપરિવાર આવે છે, અને બાળ પ્રભુને અભિષેક માટે મેરૂ-પર્વતના પાંડુક વનમાં આવેલી અભિષેક શીલા પર લઈ જાય છે, પછી ઇશાનેન્દ્રાદિ બધા કુલ ૬૪–ઇંદ્રો આવે છે ને તીર્થોદકથી અભિષેક કરીને પછી તીર્થંકરની માતા પાસે પાછા મુકી જાય છે ત્યારે દિવ્ય વસ્ત્રની જોડી અને કુંડલ જોડી આપીને હિરણ્ય (ચાંદી) સુવર્ણ રત્નાદિથી શકેન્દ્રના આદેશથી વૈશ્રમણ દેવ તેમના નિવાસસ્થાનને ભરી દે છે. જન્મ સમયે શકેન્દ્ર "નમોત્થુણ"નો પાઠ ભણી પ્રભુની સ્તુતિ કરે છે, નમસ્કાર કરે છે. પહેલા ને બીજા નમોત્થુણંનો આખો પાઠ સૂત્રમાં આપ્યો છે. તેથી નમોત્થુણંના પાઠને "શક્રસ્તવ" કહે છે.

**છઠ્ઠા વક્ષસ્કારમાં** :– જંબુદ્વીપના પ્રદેશોના લવણ સમુદ્ર સાથેના સ્પર્શનું, જીવોના જન્મનું, ભરત, ઇરવત,

હેમવત, હિરણ્યવત, હરિવાસ, રમ્યકવાસ અને મહાવિદેહ ક્ષેત્રોનું, તેમના પ્રમાણનું, વર્ષધર, વક્ષસ્કાર, વૈતાઢયાદિ પર્વતોનું, માગધ, વરદામ ને પ્રભાસ તીર્થોનું, વિદ્યાધરની શ્રેણિઓનું, ચક્રવર્તીના વિજય, રાજધાનીઓ, તમિસ્રગુફા, ખંડપ્રપાત ગુફા ને નદી–મહાનદીઓનું વિસ્તારથી વર્ણન છે.

**સાતમા વક્ષસ્કારમાં** :–જ્યોતિષી દેવોનું વર્ણન છે. બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ મહાગ્રહો, જંબુદ્વીપમાં પ્રકાશ કરે છે. ચંદ્ર ને સૂર્યના મંડલોની સંખ્યાનું, ગતિનું, દિવસ અને રાત્રિના માનનું, પૃથ્વીથી દૂરપણાનું, સૂર્યના આતાપના ક્ષેત્રનું, નક્ષત્રમંડલનું, વૈક્રિય શક્તિનું, સ્થિતિનું, તેમના વિમાનને વહન કરનાર દેવોનું, પાંચ પ્રકારના સંવત્સરો તે નક્ષત્ર, યુગ, પ્રમાણ, લક્ષણ તથા શનૈશ્ચરનું, તેના ભેદોનું વર્ણન છે. પ્રત્યેક સંવત્સર (વર્ષ)ના ૧૨ મહિના હોય છે. તેના લૌકિક ને લોકોત્તર નામ આપ્યા છે. એક મહિનાના બે પક્ષ (પખવાડીઉ), એક પક્ષના ૧૫ દિવસ, તથા ૧૫ રાત્રિ, તથા આ પંદર તિથિયોના નામ, માસ, પક્ષ, કરણ, યોગ, નક્ષત્ર, પોરસી પ્રમાણ આદિનું કથન છે. વિસ્તાર માટે સૂર્ય ને ચંદ્ર પ્રજ્ઞપ્તિ ને ભગવતીસૂત્ર જોવાનું કહ્યું છે.

જંબૂદ્વીપમાં જઘન્ય–ઉત્કૃષ્ટ તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, તેમના નિધિ, નિધિઓનો પરિભોગ, પંચેંદ્રિયરત્નો, તેનો પરિભોગ, એકેંદ્રિય ૭ રત્નો, જંબુદ્વીપના આયામ, વિષ્કંભ, પરિધિ, ઊંચાઈ, પૂર્ણ પરિમાણ, શાશ્વત–અશાશ્વત કથનની અપેક્ષાએ જંબુદ્વીપમાં પાંચ એકેંદ્રિયમાં અનંતવાર ઉપજવું, જંબુદ્વીપના નામનું કારણ વિ.નું વિસ્તૃત નિરૂપણ છે.

જંબુદ્રીપ એક લાખ યોજનનો લાંબો પહોળો થાળી જેમ ગોળાકારમાં છે. ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ ને ૧૩ાા આંગળ પરિધિ (વ્યાસ)વાળો છે. અધોગામિની સલીલાવતી વિજય આશ્રી **૧૦૦૦ યોજન** ઊંડો છે, ને મેરૂ-પર્વત પણ ૧૦૦૦ યોજન જમીનમાં ઊંડો છે તે આશ્રી, ને ૯૯ હજાર ને થોડા (૪૦) વધુ યોજન ઊંચો છે તે મેરૂપર્વતની ઊંચાઈ આશ્રી, ને તેની ઉપર ૪૦ યોજનની ચુલિકા છે તે આશ્રી; દ્રવ્ય અપેક્ષાએ શાશ્વતો છે. વર્ણાદિ અપેક્ષાએ અશાશ્વતો છે ને પૃથ્વીમય છે, પાણીમય છે, જીવમય છે અને પુદ્ગલમય પણ છે. તેમાં જમ્બુ (જાંબુડા)ના વૃક્ષો ઘણાં છે ને જમ્બુસુદર્શન નામના રત્નોના વૃક્ષો છે. તેથી તેને જંબુદ્રીપ કહ્યો છે. તેનો માલિક અનાધૃત નામે મહાઋદ્ધિવંત દેવ છે, એમ પ્રભુ મહાવીરસ્વામીએ મિથિલા નગરીની સાધુ-સાધ્વી, શ્રાવક–શ્રાવિકાની પરિષદમાં પોતાના શ્રીમુખે ફરમાવ્યું છે.

સર્વાર્થસિદ્ધ વિમાન તથા સાતમી નરકની પાંચે કુંભીમાં વચમાં આવેલી "પરમાવતંસક" કુંભી, તે બંનેનું ક્ષેત્રફળ પણ એક લાખ યોજન લાંબુ પહોળું જંબુદ્રીપની જેમ છે. તેથી એમ સિદ્ધ થયું કે પાંચ અનુત્તર વિમાનોમાં જે વચમાં છે તે ઊર્ધ્વ (દેવ)લોકનું સર્વાર્થસિદ્ધ વિમાન, તિર્છાલોકની મધ્યમાં રહેલો જંબુદ્રીપ ને અધોલોકની સાતમી નરકની પાંચ કુંભીમાં વચમાં રહેલી પરમાવતંસક કુંભી એકસરખા ક્ષેત્રવાળા છે.

## (૬–૭) સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ :

સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ અનુક્રમે ૬ઠ્ઠું અને ૭મું ઉપાંગ છે, તે બંને જ્ઞાતાસૂત્રના ઉપાંગ છે. તે બંનેમાં અકેક અધ્યયન, ૨૦, ૨૦ પ્રાભૃત અને પ્રાપ્ત મૂળ પાઠ ૨૨૦૦ ગાથા પ્રમાણ છે. ગદ્યસૂત્ર ૧૦૮ અને પદ્યગાથા ૧૦૩ છે. ચંદ્રપ્રજ્ઞપ્તિમાં જ્યોતિષ્ક ચક્રનું વર્ણન અને મંગલાચરણરૂપે જે ૧૮ ગાથા આપી છે તે વધુ છે, બાકી બંને પ્રાયઃ સમાન છે.

જર્મન વિદ્વાનો અને બીજા પાશ્ચાત્ય વિચારકો આ બંને સૂત્રોને તેમાં આપેલા ગણિત, જ્યોતિષ્ક વિજ્ઞાન, ભૂગોળ તથા ખગોળને બહુ મહત્વપૂર્ણ માને છે. ડૉ. શુબ્રિગે જર્મનીની હેમબર્ગ યુનિવર્સિટીમાં ભાષણ કરતાં કહ્યું છે કે "He who has a thourough Knowledge of the structure of the world cannot but admire the inward logic and harmony of jain ideas. Hand in hand with the refined cosmographical ideas goes a high standard of astronomy and mathematics. A history of Indian astronomy is inconcevable without the famous " Surya Pragnapti " અર્થાત્ જૈન વિચારકોએ જે તર્કયુક્ત સુસમ્મત સિધ્ધાંતોને રજુ કર્યા છે તે અર્વાચીન વૈજ્ઞાનિકોની દૃષ્ટિથી પણ અમૂલ્ય અને મહત્વપૂર્ણ પૂરવાર થયા છે. વિશ્વરચનાના સિધ્ધાંતની સાથે સાથે તેમાં ઉચ્ચકોટીનું ગણિત અને જ્યોતિષ્ક વિજ્ઞાન પણ છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં આ બંને વિષયો પર ખૂબ ઊંડાણથી વિચાર્યું છે, તેથી ભારતીય જ્યોતિષ શાસ્ત્રનો ઈતિહાસ સૂર્યપ્રજ્ઞપ્તિનો ઉલ્લેખ કર્યા વિના અધૂરો ગણાશે."

વેબરે ઈ. સ. ૧૮૬૮માં સૂર્યપ્રજ્ઞપ્તિ પર નિબંધ લખેલ છે અને ડૉ. વિન્ટરજ઼ અને ડૉ. થિબોને પણ આ શાસ્ત્રોને બહુ મહત્વના માન્યા છે.

**પહેલો પ્રાભૃત :** આના ૮ પ્રતિપ્રાભૃત છે. તેમાં પહેલાને આઠમામાં મંડલના પ્રમાણ બતાવ્યા છે, બીજા અને સાતમા માં મંડલના સંસ્થાન, ત્રીજામાં મંડલના ક્ષેત્ર, ચોથામાં સૂર્યચંદ્રાદિ જ્યોતિષીના અંતર, પાંચમામાં દ્વીપાદિમાં જ્યોતિષીની ગતિ ને અંતર, છઠ્ઠામાં રાતદિવસનો ક્ષેત્રસ્પર્શ કહ્યો છે.

ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછતાં પ્રભુ મહાવીરે કહ્યું કે "દિવસ અને રાત્રિના થઈને કુલ ૩૦ મુહૂર્ત હોય છે. મુહૂર્ત બે ઘડી અર્થાત્ ૪૮ મીનિટનો થાય છે. નક્ષત્રમાસ, સૂર્ય-માસ, ચંદ્રમાસ અને ઋતુમાસના મુહૂર્તોમાં વધઘટ થવાનું કારણ બતાવ્યું છે. પહેલાથી છેલ્લા અને છેલ્લાથી પહેલા મંડલ સુધીની સૂર્યની ગતિનો સમય બતાવતાં સિદ્ધ કર્યું કે અંતિમ મંડલમાં સૂર્યની એકવાર અને બાકીના મંડલોમાં બે વાર ગતિ થાય છે.

**બીજા પ્રાભૃતના ૩ પ્રતિપ્રાભૃત છે.** તેમાં પહેલામાં તિર્છી ગતિનું પ્રમાણ છે, બીજામાં સૂર્યનું મંડલ સંક્રમણ કેવી રીતે થાય છે તે કહ્યું છે, અને ત્રીજામાં ૧ મુહૂર્તમાં ગતિનું પ્રમાણ છે.

સૂર્યના ઉદય અને અસ્તનું વર્ણન છે. અન્ય લોકો પૃથ્વીને દડા જેવી ગોળ માને છે, તેવી માન્યતા જૈનોની નથી. જૈનમતાનુસાર પૃથ્વી થાળી જેવી ગોળ છે. આમ આ પ્રાભૃતમાં અન્ય મતોનો ઉલ્લેખ કરીને સ્વમતનું પ્રતિપાદન કર્યું છે.

**ત્રીજા પ્રાભૃતમાં** ક્ષેત્ર પ્રમાણ છે. ચંદ્ર સૂર્ય દ્વારા પ્રકાશિત થતા દ્વીપ સમુદ્રોનું વર્ણન છે.

**ચોથા પ્રાભૃતમાં** તાપક્ષેત્રનું પ્રમાણ છે. અંધકારના ક્ષેત્રનું નિરૂપણ છે. ચંદ્ર–સૂર્યના સંસ્થાન બે પ્રકારે (૧) વિમાન સંસ્થાન ને (૨) પ્રકાશિત ક્ષેત્રનું સંસ્થાન બતાવ્યા છે. સંસ્થાન સંબંધમાં અન્ય ૧૬ મતાન્તરોનો ઉલ્લેખ કર્યો છે.

**પાંચમા પ્રાભૃતમાં સૂર્યની** લેશ્યાઓનું, **છઠ્ઠામાં** સૂર્યના પ્રકાશ (ઓજ)નું પ્રમાણ કહ્યા છે. જંબુદ્વીપમાં પ્રતિવર્ષ કેવળ ૩૦ મુહૂર્ત સુધી સૂર્યનો પ્રકાશ જૈનમતે અવસ્થિત રહે છે. બાકીના સમયમાં અનવસ્થિત રહે છે, કારણકે પ્રત્યેક મંડળ પર એક સૂર્ય ૩૦ મુહૂર્ત સુધી રહે છે. આમાં જે જે મંડલ પર રહે છે તે દૃષ્ટિએ તે અવસ્થિત છે, અને બીજા મંડલની અપેક્ષાએ અનવસ્થિત છે.

**સાતમા પ્રાભૃતમાં** સૂર્ય પોતાના પ્રકાશથી મેરૂ પર્વત ને બીજા પ્રદેશોને પ્રકાશિત કરે છે તે કહ્યું.

**આઠમામાં** ઉદય–અસ્તનું પ્રમાણ છે. જંબુદ્વીપના મેરૂ પર્વતથી પૂર્વ–પશ્ચિમમાં જે વખતે દિવસ હોય છે. તે સમયે દક્ષિણ–ઉત્તરમાં રાત્રિ હોય છે. લવણ સમુદ્રની ઉત્તર–દક્ષિણમાં જે વખતે દિવસ હોય છે, તે સમયે પૂર્વ–પશ્ચિમમાં રાત હોય છે, પછી જુદા જુદા ક્ષેત્રોની અપેક્ષાએ ઉત્સર્પિણી ને અવસર્પિણી કાળનું કથન કર્યું છે.

**નવમા પ્રાભૃતમાં** પુરૂષ છાયાનું પ્રમાણ છે. સૂર્યના ઉદય ને અસ્ત વખતે ૫૯ પુરૂષ પ્રમાણ છાયા હોય છે.

**દશમા પ્રાભૃતમાં** ૨૧ પ્રતિપ્રાભૃત છે. પહેલા પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રનો ચંદ્ર સાથેનો યોગ છે. બીજામાં નક્ષત્રની મુહૂર્ત ગતિનું પ્રમાણ, ત્રીજામાં નક્ષત્રની દીશા, ચોથામાં યુગની આદિના નક્ષત્રો, પાંચમામાં કુલ, ઉપકુલ અને કુલોપકુલ નક્ષત્રો; છઠામાં પુનમ–અમાસે નક્ષત્રનો યોગ, તથા પર્વતિથિ, ને નક્ષત્ર ગણવાની વિધિ બતાવ્યા છે. સાતમામાં નક્ષત્રના સન્નિપાત, આઠમામાં નક્ષત્રનાં સંસ્થાન, નવમામાં નક્ષત્રના તારાની સંખ્યા, દશમામાં અહોરાત્રી પૂરી કરવાવાળા નક્ષત્રો કહ્યા છે. ૧૧માં ચંદ્ર સાથે નક્ષત્ર ના માર્ગ, ૧૨માં નક્ષત્રના અધિષ્ઠિત દેવોના નામ, ૧૩માં, ૩૦ મુહૂર્તના નામ, ૧૪માં તિથિના નામ, ૧૫માં તિથિ શોધવાની વિધિ, ૧૬માં નક્ષત્રના ક્ષેત્રો, ૧૭માં ૨૭ નક્ષત્રના સુખપ્રદ ભોજન, ૧૮માં ચંદ્ર સૂર્યની ગતિનું પ્રમાણ, ૧૯માં ૧૨ માસના નામ, ૨૦માં પાંચ સંવત્સરનું વર્ણન, ૨૧માં ચારે દિશાના નામ તથા બાવીસમાં પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રોના યોગ બતાવ્યા છે.

**૧૧મા પ્રાભૃતમાં** સંવત્સરના આદિ–અંતનું સ્વરૂપ છે.

**૧૨મા પ્રાભૃતમાં** પાંચ સંવત્સર (૧) નક્ષત્ર, (૨) ચંદ્ર, (૩) ઋતુ, (૪) આદિત્ય (સૂર્ય) અને (૫) અભિવર્ધિતનું વર્ણન છે, છ ઋતુઓનું પ્રમાણ, છ ક્ષયતિથિઓ, છ અધિકતિથિઓ, એક યુગમાં ચંદ્રને સૂર્યની આવૃત્તિઓ અને તે સમયે નક્ષત્રોનો યોગ, અને યોગકાળ આદિનું નિરૂપણ છે.

**૧૩મા પ્રાભૃતમાં** કૃષ્ણ અને શુક્લપક્ષમાં ચંદ્રની હાનીવૃદ્ધિ બતાવી છે. ૬૨ પુર્ણિમા અને ૬૨ અમાસમાં ચંદ્રને સૂર્યની સાથે રાહુના યોગનું ને દરેક અયનમાં ચંદ્ર-ગતિનું કથન છે.

**૧૪મા પ્રાભૃતમાં** કૃષ્ણ ને શુકલ પક્ષનું કારણ ને પ્રમાણ છે.

**૧૫મા પ્રાભૃતમાં** ચંદ્રાદિ જ્યોતિષીની શીઘ્ર ને મંદગતિ, ૧૬માં ચંદ્રિકા, આતપ (તડકો) અને અંધકારાદિ લક્ષણો કહ્યા છે અને ૧૭માં ચંદ્ર–સૂર્યના ચ્યવન ઉપપાત આદિના સંબંધમાં બીજા ૨૫ મતાન્તરોનો ઉલ્લેખ કરી સ્વમતની સ્થાપના કરી છે.

**૧૮મા પ્રાભૃતમાં જ્યોતિષીની** ઉંચાઇ કહી છે. તારાના વિમાન ચંદ્ર–સૂર્યના વિમાનની ઉપર–નીચે અને સમવિભાગમાં છે, ૧ ચંદ્રના ગ્રહ, નક્ષત્રને તારાનો પરિવાર, મેરૂપર્વતથી જ્યોતિષ્ક ચક્રનું અંતર, જંબુદ્રીપમાં સર્વ બાહ્ય અભ્યંતર, ઉપર–નીચે ચાલનારા નક્ષત્રો, જ્યોતિષીના સંસ્થાન, આયામ, વિષ્કંભ અને પરિધિ, તેમને વહન કરનારા દેવોની સંખ્યા, રૂપ, શીઘ્રને મંદગતિ, અલ્પબહુત્વ આદિનું નિરૂપણ છે, ચંદ્ર–સૂર્યની અગ્ર મહિષીઓ પરિવાર વિકુર્વણા, શક્તિ, દેવ–દેવીઓની જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિ આદિનું નિરૂપણ છે.

**૧૯માં પ્રાભૃતમાં** ચંદ્ર–સૂર્યની સંખ્યા અને લોકના કેટલામાં ભાગમાં પ્રકાશ કરે છે, તેનું કથન છે. લવણ સમુદ્ર અને કાળોદધિ સમુદ્રના આયામ, વિષ્કંભ, ચંદ્ર–સૂર્ય–તારા–નક્ષત્ર આદિનું, અને પુષ્કરાર્ધક્ષેત્ર અને મનુષ્ય-ક્ષેત્ર આદિનું નિરૂપણ છે, ઈન્દ્રના અભાવમાં દેવલોકના

વિમાનની વ્યવસ્થા, ઈંદ્રનો જઘન્ય ને ઉત્કૃષ્ટ વિરહકાળ, મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્રની ઉત્પત્તિ અને ગતિ, અને અંતમાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના દ્વીપ સમુદ્રોના આયામ વિ.નું કથન છે.

**૨૦મા પ્રાભૃતમાં** ચંદ્ર–સૂર્યના અનુભવ, જ્યોતિષીના ભોગોની શ્રેષ્ઠતાના દૃષ્ટાંત, અને ૮૮ ગ્રહોના નામ છે. રાહુનું વર્ણન છે. ચંદ્રને શશી ને સૂર્યને આદિત્ય કહેવાનું કારણ એ છે કે જ્યોતિષી દેવોના ઇન્દ્ર ચંદ્રને મૃગ–શશી (સસલા) ના ચિહ્નવાળું મૃગાંક નામનું વિમાન છે, તેથી તેને "શશી" કહે છે. અને સૂર્ય સમય, આવલિકાથી લઈને અવસર્પિણી ઉત્સર્પિણી કાળનો આદિ કરનાર હોવાથી તેને "આદિત્ય" કહે છે. ચંદ્ર ને સૂર્યની અગ્રમહિષીઓ તથા તેમના કામભોગોની માનવીય કામભોગો સાથે તુલના કરી છે.

સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિમાં મૂળ પાઠ પ્રાયઃ સમાન હોવા છતાં ચંદ્રપ્રજ્ઞપ્તિની કેટલીક વિશેષતાઓ નીચે પ્રમાણે છે :– (૧) ચંદ્રની રોજની ગતિનું કથન છે, (૨) ઉત્તરાયણ અને દક્ષિણાયનની તિથિયોનો જુદો જુદો વિસ્તાર બતાવી સૂર્ય ને ચંદ્રની ગતિનો નિર્ણય કર્યો છે, (૩) તિથિયોમાં ચંદ્રમાના સમચતુરસ્ર વિ. વિભિન્ન આકારોનું ખંડન કરી, સમચતુરસ્ર ગોળાકારનું પ્રતિપાદન કર્યું છે. (૪) જંબુદ્વીપનો પ્રથમસૂર્ય શ્રાવણવદી એકમના દિવસે પૂર્વ–દક્ષિણ દીશાના આગ્નેય ખુણામાંથી, અને બીજો સૂર્ય વાયવ્ય ખુણામાંથી આવ્યો. એજ પ્રમાણે પ્રથમ ચંદ્રમા ઈશાન ખુણામાંથી, અને બીજો ચંદ્રમા નૈરૃત્ય ખુણામાંથી આવ્યો તેનું કથન છે. (૫) છાયા સાધન અને છાયા પ્રમાણ ઉપરથી દિનમાનનું મહત્ત્વપૂર્ણ વર્ણન છે. આ સાધન

પ્રક્રિયા પ્રતિભાગણિતનું મૂળ છે, જેથી તેનો વિકાસ થયો છે. (૬) છાયાસાધનમાં ખીલછાયાનું વર્ણન છે. આ જ ખીલછાયાથી શંકુછાયાનો વિકાસ થયો છે. અને શંકુ-ગણિતનો પણ તેથી વિકાસ થયો છે તેવી માન્યતા વિદ્વાનોની છે. (૭) પુરૂષછાયાનું વિસ્તૃત વિવેચન છે. (૮) ગોળ, ત્રિકોણ, ચતુષ્કોણ વસ્તુઓની છાયાનું વર્ણન છે. આથી પછી જ્યોતિષ સંબંધી ગણિતનો વિકાસ થયો છે. (૯) ચંદ્રમાને સ્વતઃ પ્રકાશમાન બતાવ્યો છે. તેના ઘટ–વધનું કારણ રાહુ છે. તેવું કથન છે.

આ રીતે આ બંને આગમ જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ ઘણા મહત્વના છે.

## ઉપાંગ ૮ થી ૧૨

(૮ થી ૧૨)નિરયાવલિયા યાને નિરયાવલિકા શ્રુતસ્કંધમાં પાંચ ઉપાંગને સમાવી લેવામાં આવ્યા છે :– (૧) નિરયા-વલિકા અથવા કપ્પિયા (કલ્પિકા), (૨) કપ્પવડંસિયા (કલ્પાવતંસિકા) (૩) શ્રી પુષ્ફિયા (પુષ્પિતા) (૪) શ્રી પુપ્ફચુલિકા (પુષ્પચુલિકા) અને (૫) વહ્નિદશા (વૃષ્ણિદશા) આમ ૫ વર્ગના કુલ ૫૨ અધ્યયન છે, એક શ્રુતસ્કંધ છે. મૂળપાઠ ૧૧૦૯ ગાથા પ્રમાણ છે.

(૮) **નિરયાવલિકા** :–શ્રી ઉપાસકદશાંગ સૂત્રનું ઉપાંગ છે. આ વર્ગના ૧૦ અધ્યયન છે. જેમાં શ્રેણિક રાજાના પુત્રો (૧) કાલ, (૨) સુકાલ, (૩) મહાકાલ, (૪) કૃષ્ણ, (૫) સુકૃષ્ણ. (૬) મહાકૃષ્ણ (૭) વીરકૃષ્ણ (૮) રામકૃષ્ણ (૯) પ્રિયસેનકૃષ્ણ, અને (૧૦) મહાસેનકૃષ્ણના અધિકાર છે. જેમાં નરકગતિમાં જનારા જીવોનું ક્રમબદ્ધ

વર્ણન કરવામાં આવ્યું છે તે આગમ "નિરયાવલિકા" કહેવાય છે.

ઉપરોક્ત દસેકુમારો શ્રેણિકરાજાની કાલી, સુકાલી, આદી જુદી જુદી રાણીઓના લાડકવાયા પુત્રો હતા. શ્રેણિકની ચેલ્લણા રાણીનો પુત્ર કોણિક આ ભાઈઓની મદદથી શ્રેણિકને જેલમાં પુરી ગાદીએ બેસે છે. પછી કોણિકને પિતૃહત્યાથી બચાવવા શ્રેણિક આત્મહત્યા કરી લે છે. કોણિક તેના સગા નાના ભાઈ વેહલ્લકુમાર પાસેથી તેના-પિતાએ આવેલા દિવ્ય હાર અને સેચનક હાથીની માગણી કરે છે. તેથી ભય પામી હલ્લ અને વેહલ્લ પોતાના નાના ચેડારાજાના શરણે જઈ વૈશાલી નગરમાં રહે છે. કોણિક તેમને સોંપી દેવા દુત મારફત કહેવરાવે છે. પણ હાર–હાથીના બદલે નાના ભાઈઓને તેના ભાગનો રાજ્ય-નો હિસ્સો આપે તો જ હાર–હાથી આપી શકાય તેમ જવાબ વાળે છે. આથી ક્રોધે ભરાઈ કોણિક પોતાના ઉપરોક્ત દસે ભાઈઓ અને સેના સાથે ચડાઈ કરે છે ઘોર યુદ્ધ થાય છે. ચેડારાજા પ્રભુ મહાવીરના પરમ ઉપાસક હતા. તેમણે શ્રાવકના ૧૨ વ્રત લીધા હતા. ઉપરાંત એક નિયમ કરેલો કે એક દિવસમાં એકથી વધુ બાણ ન મારવું. તે પોતે અમોઘ બાણાવળી હતા તેથી તેમનું બાણ કદાપિ નિષ્ફળ ન જતું. કોણિકે ઉપરોક્ત દશે ભાઈઓને અનુક્રમે રોજ સેનાપતિ બનાવ્યા. પણ ચેડા રાજાના અમોઘ બાણથી દશે કુમાર માર્યા ગયા અને નરકમાં ઉત્પન્ન થયા. આમ ક્રમવાર ૧૦ અધ્યયનમાં ૧૦ કુમારનું વર્ણન છે.

પ્રભુ મહાવીર ત્યારે કોણિકની રાજધાની ચંપાનગરીમાં બીરાજે છે. દશેની માતાઓ ચિંતાતુર બની પ્રભુ મહાવીરના

દર્શને જઈ તેમના ભાવી માટે પુછે છે. પ્રભુ કહે છે કે તે બધા પાછા નહિ આવે, યુદ્ધમાં મૃત્યુ પામી નરકમાં ઉપજશે. પરંતુ ત્યાંથી નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યજન્મ પામી વૈરાગ્યવાસિત બની, દીક્ષા લઈ ઉત્કૃષ્ટ ચારિત્રધર્મ પાળશે અને નિર્વાણ પામી સિદ્ધ, બુદ્ધ, અને મુકત થશે.

કોણિક ગર્ભમાં આવતાં ચેલ્લણા રાણીને રાજાના કાળજાનું માંસ ખાવાનો દોહદ થયો તેથી જન્મતાંજ કોણિકને ઉકરડામાં ફેંકી દીધો, રાજાને ખબર પડતાં પાછો લઈ આવી રાણીને સોંપવો વિ. પૂર્વવૃતાંત કોણિકને તેના પુત્ર નિમિત્તે કહી પિતા પ્રત્યે કેવો પ્રેમ જગાડયો તેનું કથન છે.

**(૯) કપ્પવડિંસિયા :**— શ્રી અંતગડદશાંગ સૂત્રનું ઉપાંગ છે. ૧૦ અધ્યયન છે, એના નામ:—પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનીગુલ્મ, આનંદ અને નંદન છે. આ દશે અનુક્રમે શ્રેણિકરાજાના કાલ, સુકાલ આદિ જે પુત્રો નિરયાવલિકા સૂત્રમાં છે, તેમના જ પુત્રો છે, એટલે કે શ્રેણિક રાજાના પૌત્રો છે. આ બધાએ પ્રભુમહાવીરનો ઉપદેશ સાંભળી વૈરાગ્યવાસિત બની, દીક્ષા લઈ ૧૧ અંગસૂત્રોનું અધ્યયન કરી ઉત્કૃષ્ટ તપ-સંયમ પાળી અંતે અનસન સંથારો કરી, સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉપજ્યા છે. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તેમના પિતાની જેમ જન્મ પામી, સંયમ લઈ મોક્ષે જશે.

આ પ્રમાણે આ વર્ગમાં તપ—સંયમની આરાધનાનું રૂડુ ફળ બતાવ્યું છે. પહેલા વર્ગમાં કાલકુમાર આદિ દશે પિતાઓ કષાયને વશ થઈ, નરકમાં જાય છે, ત્યારે દરેકના પુત્રો કષાયોને જીતી સદ્દગતિ પામે છે, તેથી સિદ્ધ થાય છે

કે આત્માની ઉન્નતિ ને પતનની બધી જવાબદારી માનવીના પોતાના જ કાર્યો પર અવલંબે છે. માનવી આરાધના દ્વારા પરમાત્મા બની શકે છે, અને જિનાજ્ઞાની વિરાધના દ્વારા દુર્ગતિ પણ પામે છે.

કપ્પ એટલે કલ્પ અને વડિંસિયા અર્થાત્ વસવું તે એટલે કે જે જીવો તપ-સંયમની આરાધના કે સુકૃત કરી કલ્પ દેવલોકમાં ઉપજે છે તેમના અધિકાર જે આગમમાં છે તે "કપ્પવડિંસિયા" સૂત્ર, પહેલા દેવલોકથી બારમા દેવલોક સુધીના કલ્પ દેવલોક કહેવાય છે, જ્યાં દેવોને પણ દેવલોકના અમુક કલ્પ કહેતાં આચાર કે નિયમો પાળવાનું બંધન છે, અને તેનાથી ઉપરના જે નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનો છે, તેને કલ્પાતીત દેવલોક કહ્યા છે. ત્યાંના દેવો વચ્ચે કોઈ ભેદ હોતા નથી, નિયમા રૂપી કોઈ બંધન નથી ને બધા સરખા અહમેન્દ્ર છે.

(૧૦) **શ્રી પુપ્ફિયા** :-શ્રી અનુત્તરોવવાઈ સૂત્રનું ઉપાંગ છે. ચંદ્ર, સૂર્ય, શુક્ર બહુપુત્રિકા, પૂર્ણ, માનભદ્ર, દત્ત, શિવ, વલેપક અને અનાદૃત્ નામે ૧૦ અધ્યયનો છે. આમાં બહુપુત્રિકા દેવી છે. બાકીના નવે દેવ છે તે બધા મહાવીર-સ્વામીના સમવસરણમાં પ્રભુના દર્શને આવે છે. નાટયવિધિ આદિ કરી પોતાનો ભક્તિભાવ બતાવે છે, તે વારે ગૌતમ-સ્વામી પ્રભુને જિજ્ઞાસાથી તેમને આવી ઋદ્ધિ કેમ પ્રાપ્ત થઈ વગેરે પ્રશ્ન પૂછે છે. ત્યારે પ્રભુ તેમના પૂર્વ ભવોનું કથન કરે છે, આમ દરેક અધ્યયનમાં ભગવાનના સમોસરણમાં દેવવિમાન સહિત દરેક દેવ દેવીનું આગમન, નાટયવિધિ, અને પૂર્વભવ વગેરેનું રૂડું નિરૂપણ છે. આ બધા દેવલોકમાંથી ચ્યવી, મહાવિદેહ ક્ષેત્રમાં માનવભવમાં ઉપજી, દીક્ષા લઈ,

પદ્માદિકુમારોની જેમ સિદ્ધ, બુદ્ધ, અને મુક્ત થશે. પરમાર્થથી આમાં સંસારની મોહ મમતાનું તાદ્દશ ચિત્રણ છે અને પુનર્જન્મ અને કર્મસિધ્ધાંતનું સચોટ નિરૂપણ છે.

આમાંના એક અધ્યયનના ભાવ જોઈએ.

ચોથા અધ્યયનમાં બહુપુત્રિકા દેવીનું કથન છે. ભ. મહાવીર રાજગૃહનગરના ઉદ્યાનમાં પધાર્યા છે. તે સમયે બહુપુત્રિકા નામની દેવી સમવસરણમાં પ્રભુના દર્શને આવે છે. દેશના સાંભળ્યા પછી પોતાના જમણા હાથમાંથી ૧૦૮ દેવકુમાર અને ડાબા હાથમાંથી ૧૦૮ દેવકુમારિકાઓને, અને બીજા ઘણા બાળક—બાલિકાઓને પોતાની વૈક્રિય શક્તિથી વિકુર્વી ભક્તિભાવથી પ્રભુ પાસે નાટક ભજવી, પુરૂ થતાં તે બધાને પોતાના શરીરમાં સમાવી દે છે, અને પ્રભુને વંદણા—નમસ્કાર કરી સ્વસ્થાને જાય છે.

દેવીના પ્રયાણ પછી ગૌતમસ્વામી પ્રભુને જિજ્ઞાસાપૂર્વક પૂછે છે :— પ્રભુ ! કુમાર-કુમારિકાઓની દિવ્ય ઋદ્ધિ કયાંથી નીકળી અને પાછી કયાં સમાઈ ગઈ ?

પ્રભુએ કહ્યું :— એક ભવ્ય ભવનમાંથી જેમ હજારો વ્યક્તિ બહાર નીકળે છે, અને ફરી પાછા તે મહાલયમાં ચાલ્યા જાય છે, તે જ પ્રમાણે બહુપુત્રિકા દેવીએ પોતાની વૈક્રિય શક્તિથી આ બધી રચના કરીને પોતાના શરીરમાં જ સમાવી દીધી.

ગૌતમસ્વામીએ ફરી પૂછયું કે પૂર્વભવમાં તે કોણ હતી ?

પ્રભુએ કહ્યું :— ગૌતમ ! પૂર્વે ભદ્ર નામે સાર્થવાહ વારાણશી ( કાશી ) નગરીમાં રહેતો હતો. તેને સુભદ્રા નામે પત્ની હતી. તેને બાળક ન થવાથી સદા દુઃખી રહેતી અને

વિચારતી કે તે માતાઓ ધન્ય છે, જેમણે પુત્રોને જન્મ આપી ધવરાવી, નવરાવી, પોતાની ગોદમાં બેસાડી રમાડયા છે, ઉછેરીને મોટા કર્યા છે, અને તેમની કાલીઘેલી નિર્દોષ વાણી સાંભળી ખૂબ રાજી થઈ છે. પણ મારા ભાગ્યમાં તેવું સુખ નથી. તે સમયે સુવ્રતા નામના આર્યાજી જે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત હતા, તે પોતાની શિષ્યાઓ સાથે તે નગરીમાં પધાર્યા. તેમની શિષ્યાઓ જોગાનુજોગ ભદ્ર સાર્થવાહને ઘરે ભિક્ષાચરી માટે ગઈ. સુભદ્રાએ તેમને ઘણી ચીજો વોરાવીને પછી સાધ્વીજીઓ પાસે સંતાનો થાય તેવા મંત્ર, ઔષધાદિની યાચના કરી. આ સાંભળી સાધ્વીઓએ કહ્યું કે અમે તો નિર્ગ્રન્થ પ્રવચનનો જ ઉપદેશ આપીએ. આવી વાતો સાંભળવી પણ અમને કલ્પે નહિ, તો મંત્રાદિ બતાવવાની વાત જ કયાં રહી. તેથી દોષ લાગે. આવો સદુપદેશ સાંભળી સુભદ્રા સાચી સમજણ પામી, શ્રાવિકા થઈ, અને થોડા દિવસો પછી સુવ્રતા આર્યા પાસે દીક્ષા ગ્રહણ કરી સંયમ પાળવા લાગી. પરંતુ બાળકો પ્રત્યેના અતિરાગના લીધે સાધ્વી જીવનમાં પણ બાળકોને રમાડતી, પીઠી ચોળતી, માલિશ કરતી, શણગાર સજાવતી અને ભોજનાદિ કરાવતી. ગુરૂણી સુવ્રત આર્યાજી આવું બધું આપણને કલ્પે નહિ તેમ સદ્બોધ આપી વારતા. તેથી તેમની આજ્ઞાની ઉપેક્ષા કરીને જુદા ઉપાશ્રયે એકલી રહેવા લાગી અને બાળકો સાથે પૂર્વવત આચરણ હવે વિના રોકટોકે કરવા લાગી. આ પ્રમાણે ઘણા વર્ષો દોષિત સંયમ પાળી. અંતે અર્ધમાસિક સંલેખના કરી, જે દોષો લાગ્યા હતા, તેની આલોચના–પ્રતિક્રમણ કર્યા વગર કાળધર્મ પામી સૌધર્મ દેવલોકમાં બહુપુત્રિકા નામે દેવી થઈ છે. તે દેવી થયા છતાં ઇંદ્રની પાસે જ્યારે

ઈંદ્રસભામાં જાય છે, ત્યારે પણ ઘણા બાળક—બાલિકાઓને વિકુર્વી સભાનું મનોરંજન કરે છે. તેથી તેને બહુપુત્રી દેવી બધા કહે છે. – પૂર્વભવની વાસના જો સમજણપૂર્વક જીવાત્મા દૂર ન કરે, તો આગામી ભવમાં તે કેવો પ્રભાવ બતાવે છે તેનું આ સચોટ દૃષ્ટાંત છે.

આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકથી ચ્યવી તે દેવી બિભેલ સન્નિવેશમાં એક બ્રાહ્મણને ઘરે પુત્રીપણે જન્મ પામશે. તે સમયે તેનું નામ સોમા પાડવામાં આવશે. યુવાન થતાં તેના લગ્ન તેની ફોઈના પુત્ર વેરે થશે. તેને ઘણા પુત્ર–પુત્રીઓ થશે. તે બધાની સાર સંભાળ રાખવાથી ખૂબ કંટાળી જશે. તે વખતે સુવ્રતા આર્યા ત્યાં પધારશે. આહાર પાણી વોરાવી પોતાની વ્યથા કહેશે કે ધન્ય છે તે માતા જેને બાળક નથી, વાંઝણી છે, હું તો આ બધાથી ખૂબ થાકી જઈ દુઃખી દુઃખી થઈ ગઈ છું. એક ધુળમાં રમતુ હોય તો, બીજુ અશુચિમાં આળોટતું હોય, એક ખાવા માટે રોતું હોય તો, બીજા મારામારી કરતા હોય. બધાને કેવી રીતે સંભાળવા? એક મીનીટની શાંતિ મળતી નથી. આ સાંભળી આર્યાજી નિગ્રંથ પ્રવચનનો સદુપદેશ આપશે. પછી તે શ્રાવિકા બનશે. બીજી વખત આર્યાજીઓ પધારતાં ધર્મ સાંભળી, પતિની આજ્ઞા લઈ દીક્ષા અંગીકાર કરશે. ૧૧ અંગસૂત્રો ભણશે. ઉત્કૃષ્ટ ભાવે તપ–સંયમ ઘણા વર્ષો પાળશે. પછી અંત સમય આવ્યો જાણી એક માસની સંલેખણા સંથારો કરી બધા પાપોની આલોચના પ્રતિક્રમણ કરી સમાધિભાવે કાળધર્મ પામી દેવ થશે. દેવભવનું આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચ્યવી પદ્માદિકુમારની જેમ મનુષ્યપણે મહાવિદેહ ક્ષેત્રમાં ઉપજી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

આ દૃષ્ટાંતથી માનવીના મનની ચંચળતા બતાવી છે. એક સમયે જેની ખૂબ ઇચ્છા કરી હોય, તે પૂરી થતાં બીજા સમયે તે જ અકારા થઈ પડે છે, તેમ બતાવી, કોઇપણ પ્રકારની ઇચ્છા ન કરવી તેવો પરમાર્થ કહ્યો છે. ઈચ્છા જ સંસાર વધવાનું કારણ છે, અને ઇચ્છાનો નિરોધ ભવકટીનું કારણ છે. તેથી આચાર્ય ઉમાસ્વાતિએ તત્ત્વાર્થ સૂત્રમાં "ઈચ્છા નિરોધઃ તપઃ" અર્થાત્ ઇચ્છાનિરોધને તપ કહ્યું છે.

**(૧૧) શ્રી પુપ્ફચુલીઆ** :–શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રનું ઉપાંગ છે. તેના પણ ૧૦ અધ્યયનો છે. તેના નામ, શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઈલાદેવી, સુરાદેવી, રસદેવી ને ગંધદેવી. આ દશે દેવી પૂર્વભવમાં ૨૩માં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની સાધ્વીઓ હતી. પણ દીક્ષા લીધા પછી વારંવાર હાથ, પગ, મોઢું ધોયા કરતી, રાતદિવસ શરીરની સંભાળ બહુ રાખતી. ગુરૂણીએ તેમને આ ન કલ્પે તેવું કહેવા છતાં તેમની અવગણના કરી, તેમની આજ્ઞા લીધા વગર જુદા સ્થળે રહેવા લાગી અને આલોચના કર્યા વગર કાળધર્મ પામી આ દેવીઓ થઈ છે, ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી મોક્ષ પામશે. વિ. બહુપુત્રિકા જેમ સમજવું.

**(૧૨) શ્રી વહ્નિદશા નામે પાંચમો વર્ગ છે.** શ્રી વિપાકસુત્રનું ઉપાંગ છે. તેના ૧૨ અધ્યયનો છે. તેના નામ–નિષધ, માયની, વહ, વેધ, પ્રગતિ, જ્યોતિ, દશરથ, દઢરથ, મહાધનુ, સપ્તધનુ, દશધનું અને શતધનુ છે. આ બારે કુમાર બળદેવ બળભદ્રજીના પુત્રો છે. એક સમયે ૨૨માં તીર્થંકર ભગવંત અરિષ્ટનેમિ (નેમનાથ) દ્વારકામાં પધાર્યા છે. તેમનું આગમન સાંભળી દ્વારકાધીશ શ્રીકૃષ્ણ વાસુદેવે

નગરમાં ઢંઢેરા પીટાવી પ્રભુના આગમનની ઘોષણા કરાવી. સપરિવાર અને સેના સહિત પ્રભુના દર્શને ગયા. નિષધ-કુમારાદિ બધા કુમારો પણ પ્રભુના દર્શને ગયા. ધર્મદેશના સાંભળી વૈરાગ્ય પામ્યા. પ્રભુ પાસે સંયમ અંગીકાર કરી, ઉત્કૃષ્ટ ભાવે પાળી, કાળના અવસરે સંલેખના સંથારો કરી કાળધર્મ પાધી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપજશે. ત્યાંથી ચ્યવી પદ્માદિકુમારોની જેમ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

આ કુમારો આવું રૂપ અને આવી ઋદ્ધિ કેમ પામ્યા તેવા પ્રશ્નના જવાબમાં નેમનાથ પ્રભુએ તે દરેકના પૂર્વ-ભવનું કથન કર્યું છે. યદુવંશી રાજાઓનો ઈતિહાસ કહ્યો છે. આ આગમમાં ભગવાન અરિષ્ટનેમિનો મહિમા વિવિધ પ્રકારે સિદ્ધ કર્યો છે.

ઈતિ નિરિયાવલિકા સૂત્રના પાંચે વર્ગ સમાપ્ત્ ।
બારે ઉપાંગસૂત્રોના સારનું વિવરણ સમાપ્ત્ ॥

## ચાર મૂળસૂત્ર

દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, નંદીસૂત્ર ને અનુયોગ દ્વાર એ ચાર મૂળસૂત્રો છે. આના સ્વાધ્યાયથી સમ્યક્ત્વનું મૂળ દૃઢ થાય છે. તેથી 'મૂળસૂત્ર' કહ્યા છે.

**(૧) દશવૈકાલિક સૂત્ર** :–૧૦ અધ્યયન અને ૨ ચૂલિકા છે. **કુલ ગાથા ૪૮૪** અને બે ચૂલિકાની ૩૪ છે. ગદ્ય સૂત્ર ચોથા અધ્યયનમાં ૧૭ ને નવમા અધ્યયનમાં ૫ છે અને પ્રથમ ચૂલિકામાં ૧ સૂત્ર છે. પરંપરાથી ૭૦૦ ગાથા પ્રમાણ પણ બધુ થઈને કહેવાય છે.

આ સૂત્રનો મહિમા ઘણો છે. કારણ કે ચારે અનુયોગોમાં તે સાધુઓના ચરણકરણાનુયોગ પ્રધાન સૂત્ર છે. નંદીસૂત્રમાં આવશ્યક વ્યતિરેક (સિવાયના) સૂત્રોના બે ભેદ પાડયા છે. (૧) કાલિક અને (૨) ઉત્કાલિક. તેમાં ઉત્કાલિકમાં આ સૂત્ર પ્રથમ છે. અસજઝાય કાળ સિવાયના બધા પ્રહરમાં જે ભણી શકાય તેને "ઉત્કાલિક" સૂત્ર કહ્યા છે. આમાં સાધુ–સાધ્વીજીના આચાર અને ગોચરની વિધિનું નિરૂપણ છે. તેથી આની રચના પહેલા સાધુપણાના આચારધર્મ માટે આચારાંગનું જ્ઞાન સર્વપ્રથમ અપાતું. પરંતુ આની રચના પછી સૌપ્રથમ દશવૈકાલિક સૂત્રનું અધ્યયન કરાવવાનું શરૂ થયું, જે હજી ચાલુ છે. તદુપરાંત પહેલા આચારાંગ સૂત્રના શસ્ત્રપરિજ્ઞા નામે અધ્યયનના અર્થ શીખ્યા વગર નવદીક્ષિત સાધુસાધ્વીને વડીદીક્ષા અપાતી ન હતી. પરંતુ આની રચના પછી દશવૈકાલિકના ચોથા ષડ્જીવનિકાય નામના અધ્યયનને ગુરૂના શ્રીમુખે સાંભળી દીક્ષાર્થી પાસે પાઠ બોલાવીને વડીદીક્ષા આપવાનું શરૂ થયું. આ સૂત્ર પ્રવર્તમાન પાંચમાં આરાના અંતભાગ સુધી ટકવાનું છે. જેનો આધાર લઈ ચાર જીવો આરો પૂરો થવાના સમયે પણ એકાવતારી થવાના છે. આમ આ સૂત્રનો પૂર્વાચાર્યોએ ઘણો મહિમા બતાવ્યો છે. તેથી પ્રાયઃ બધા સાધુ–સાધ્વીજીઓને આ કંઠસ્થ હોય છે, એટલું જ નહિ પણ ઘણા વૈરાગી ભાઈ–બેનો દીક્ષા લેતાં પહેલાં પણ આ સૂત્ર કંઠસ્થ કરી લે છે. કારણ કે આ સૂત્ર અહિંસા-સંયમ તપોમય ઉત્કૃષ્ટ અહિંસા ધર્મને યથાર્થ પાળવાની વિધિ બતાવનારૂં છે; જેના રૂડાં પાલનથી સાધક ભવકટી કરી પરમપદ પામે છે.

પ્રભુ મહાવીરસ્વામીની ચોથી પાટે બીરાજતા શય્યંભ-

વાચાર્યે આ સૂત્રની રચના પોતાના સંસારી પુત્ર અને શિષ્ય બાળમુનિ મનક ઋષિનું દીક્ષા પછી માત્ર છ માસનું આયુષ્ય જાણતાં તેના આત્મશ્રેયાર્થે ચૌદપૂર્વમાંથી ૧૦ અધ્યયનો ઉધ્ધરી વિકાલ (સમી સાંજ) સમયે રચના કરી તેથી આનું નામ દશવૈકાલિક સૂત્ર એમ રાખવામાં આવ્યું.

(આની વિસ્તૃત રચના કથા માટે જુઓ લેખકનું "સવાસો ગાથા વિવરણ").

**"દુમ પુપ્ફિયા" નામે પહેલા અધ્યયનમાં** પહેલી જ ગાથામાં અહિંસા, સંયમ ને તપોમય ધર્મ જ પરમ હિતકારી ધર્મ છે, એમ કહી, એ દયામય અહિંસા ધર્મના રૂડા પાલન માટે સાધુએ કેવી રીતે આહારાદિ લેવા તેની વિધિ મધુકર (ભમરા) ના દૃષ્ટાંતે બતાવી છે. ભમરો જેમ દરેક ફુલમાંથી થોડો થોડો રસ તે ફુલને પીડા પહોંચાડયા વિના લે છે, તે જ પ્રમાણે સાધુએ પણ જુદા જુદા ગૃહસ્થોના ઘરેથી તેમને બાધા પહોંચાડયા વગર સૂઝતા નિર્દોષ આહાર–પાણી થોડા થોડા લેવા જેથી ગૃહસ્થને પછી ખેંચ ન પડે, અને ગૃહસ્થની દાનવૃત્તિ નાશ ન પામે. આથી જ આવી ભીક્ષાવૃત્તિને ભ્રમરભીક્ષા કહી છે. જે આ પ્રમાણે નિર્મમત્વભાવે સંયમના નિભાવ અર્થે જ ગોચરી ગ્રહણ કરે છે અને પાંચે ઇંદ્રિયો અને મનને દમનારા છે, તેને જ સાચા સાધુ કહેવાય, અને તેવા સાધુ તદ્‌ભવે કે ભવપરંપરાએ મોક્ષ જ પામે તેથી જ મોક્ષ પમાડનારા તેવા અહિંસા ધર્મને ઉત્કૃષ્ટ મંગલમય ધર્મ કહ્યો.

**બીજા અધ્યયનમાં** દીક્ષા લીધા પછી વિષયવાસના અને કામનાઓને જડમૂળથી નિવારી સતી રાજેમતી અને રહનેમીના દૃષ્ટાંતે ઉત્કૃષ્ટ ભાવે ચારિત્રધર્મ અને બ્રહ્મચર્યનું

પાલન કરવા ફરમાવ્યું, અને તેવા દઢ સંયમી સાધુ–સાધ્વી પરમાત્મપદને અવશ્ય પ્રાપ્ત કરશે તેમ તેનું રૂડું ફળ બતાવ્યું છે. ભય અને મૈથુનસંજ્ઞા તોડવાનો પરમાર્થ છે.

**ત્રીજા અધ્યયનમાં ચારિત્રધર્મની દઢતા તો જ જળવાય, જો સાધુ ૫૨ પ્રકારના અનાચીર્ણ ન સેવે.** જે વ્યવહાર જિનાજ્ઞા મુજબ અને શાસ્ત્રસંમત હોય, અને જેમાં દયાધર્મની પ્રમુખતા હોય, તેને જ જૈનધર્મમાં સર્વજ્ઞોએ આચાર કહ્યો છે. બાકી બધો અનાચાર છે, જેનાથી સંયમ લુંટાઈ જાય છે, અને દુર્ગતિ મળે છે; તેથી બાવન અનાચાર બતાવ્યા છે. અને તેનું કદાપિ સેવન ન કરવા ફરમાવ્યું છે. (આના વિસ્તૃત વર્ણન માટે જુઓ લેખકનું "આચાર એજ પરમ ધર્મ.")

આ અનાચારોમાં મુખ્યત્વે, સાધુ–સાધ્વીને ઉદ્દેશીને બનાવેલું, ખરીદેલું, આમંત્રણ આપીને ઘરે બોલાવીને આપેલું, ઉપાશ્રયે જઈને કે સામેથી જઈને આપેલા આહારાદિ લેવા તે અનાચાર છે. રાત્રિભોજન, સ્નાન, વિલેપન, પંખાથી હવા ખાવી, રાજપીંડ, ગૃહસ્થના વાસણમાં ભોજન લેવું કે કરવું, દેહવિભૂષા, દાતણ કરવું વગેરે છે. પરમાર્થથી પરિગ્રહસંજ્ઞા તોડવાનું કથન છે.

**ચોથા અધ્યયનમાં જતના ધર્મનું**, છ કાયના જીવોની રક્ષા કરવાનું, તેમની વિરાધના ન કરવાનું, દરેક ક્રિયા–ચાલવું, બેસવું, ઊભું થવું, સુવું, ખાવું, પીવું, અને બોલવું–જતનાપૂર્વક કરવાનું ફરમાવ્યું છે, તે માટે પ્રથમ જીવ–અજીવાદિનું જ્ઞાન ખૂબ જરૂરી છે. કારણકે જીવાદિ તત્વોનું જ્ઞાન હોય તો જ તેની દયા યથાર્થ પળાય, તેથી **"પઢમં નાણં તઓ દયા"**–પ્રથમ જીવાદિનું જ્ઞાનને પછી તેની દયા

તેમ ફરમાવ્યું. જે જીવોને પણ જાણતા નથી અને અજીવોને પણ જાણતા નથી તે સંયમને કેવી રીતે જાણશે ને કેવી રીતે પાળશે ? એમ કહી સાધુ–સાધ્વીજીએ સતત જાગૃત રહી છકાયના જીવોની વિરાધનાથી બચવા ફરમાવ્યું છે. પછીની ગાથાઓમાં જીવથી મોક્ષતત્ત્વ સુધીના નવે તત્ત્વોનું રૂડુ નિરૂપણ છે.

**પાંચમા "પિણ્ડેષણા" અધ્યયનમાં** આહાર–પાણી આદિ ચારે પ્રકારના આહારાદિના ગવેષણાની વિધિ બતાવી છે. ગોચરી માટે જતાં જતના રાખી ચાલવું, જેથી લીલી વનસ્પતિ, બીયાં, કીડીમકોડાદિ જીવજંતુઓ કચરાય નહિ, સચેત રજથી ખરડાયેલા પગ કોલસા, રાખ કે છાણાદિના ઢગલા પર પડી ન જાય; વરસાદ આવતો હોય, ઝાકળ પડતી હોય, પવન ફુંકાતા હોય, અને રસ્તામાં તીડ વગેરે જીવો છવાયેલા હોય, વેશ્યાના ઘરે; કુતરા, વીંયાએલી ગાય, મદમાતો બળદ, હાથી, ઘોડા હોય, બાળકોને રમવાના સ્થળ હોય, કજીયા, કંકાસ કે યુદ્ધ થતું હોય, તેવા માર્ગે ભીક્ષા માટે ન જવું. ઉતાવળે પગલે, વાતો કરતાં, કે હસતાં હસતાં ન જવું, ઘેટા, કુતરાં, વાછડા, ભીખારી વગેરેને ઓળંગીને ગૃહસ્થના ઘરે પ્રવેશ ન કરવો, (તેથી તે જીવોને અંતરાય પડે), કસાઇ વગેરે નિષિદ્ધ કુળમાં અને અપ્રીતિકારી કુળોમાં ગોચરી માટે ન જવું, બેજીવા કે બાળકને ધવરાવતી સ્ત્રીના હાથે ગોચરી ન લે; સચેત પાણી કે વસ્તુથી ખરડાયેલા હાથ હોય ને ભીક્ષા આપે તો ન લે, સૂઝતા હોવાની શંકા પડે તો ન લે; આ પ્રમાણે ૧૦૦ ગાથામાં વિસ્તૃત વર્ણન કરીને નિર્દોષ પ્રાસુક આહારપાણી જ લેવા કલ્પે તેમ પહેલા ઉદ્દેશામાં ફરમાવ્યું છે.

બીજા ઉદ્દેશામાં ગામ, નગર આદિમાં ગોચરીના સમયે જ ગોચરી માટે જાય, અને સમય પર પાછા સ્થાનકે આવી જાય, જેથી ગામલોકોની નિંદા ન થાય ને પોતાને નિર્દોષ આહાર પાણી મળી રહે, ગૃહસ્થના ઘરે બેસે નહિ કે ઊભા ઊભા કથા ન કરે, સચેત વસ્તુના સ્પર્શવાળા આહારાદિ ન લે, શ્રીમંત કે ગરીબ લોકોના ઘરે સરખા ભાવથી ભીક્ષા માટે જાય, ગોચરીએ જતાં રસ્તામાં ઊભા ઊભા વાત ન કરે, આહારાદિ ન મળે કે નિરસ મળે તો ખેદ કે નિંદા ન કરે. ગોચરી લાવીને ગુરૂને બતાવીને સંવિભાગ કરી વાપરે, સરસ આહાર ગોપવે નહિ કે એકલો ખાઈ જાય નહિ, વગેરે ૫૦ ગાથામાં વિસ્તારથી કહ્યું છે. આચાર-શુદ્ધિ આહારશુદ્ધિ વિના આવતી જ નથી, તેથી જ આ અધ્યયનમાં સાધુને શું કલ્પે અને શું ન કલ્પે તેનું એટલું બધું વિશદ વર્ણન ભગવાને કર્યું છે કે આખા સૂત્રની ત્રીજા ભાગથી વધુ ગાથા માત્ર આ એક અધ્યયનમાં જ છે. જેનું યથાર્થ પાલન કરવાથી સાધક મોક્ષ સન્મુખ શીઘ્ર થાય છે તે ઢંઢણ મુનિવરના દૃષ્ટાંતે.

**છઠ્ઠા "મહાચાર કથા" અધ્યયનમાં** સાધુઓના ૧૮ સ્થાનકરૂપ (૧ થી ૬) પંચમહાવ્રત ને છઠ્ઠા રાત્રિભોજન વ્રતનું યથાર્થ પાલન, (૭ થી ૧૨) છકાયના જીવોની સંપૂર્ણ રક્ષા (૧૩) અકલ્પ્ય વસ્તુનો ત્યાગ, (૧૪) ગૃહસ્થના વાસણનો ઉપયોગ ન કરવો, (૧૫–૧૬) ગૃહસ્થના પલંગ કે આસન પર ન બેસવું, (૧૭) સ્નાનનો ત્યાગ, અને (૧૮) શરીરની શોભાનો ત્યાગ – આચારધર્મ કહ્યો છે. તેમાં સૌથી પ્રથમ સ્થાન જીવદયામય અહિંસાધર્મનું નીચે પ્રમાણે ફરમાવ્યું છે :–

"તત્થિમં પઢમં ઠાણું, મહાવીરેણ દેસિયં ।
અહિંસા નિઉણા દિટ્ઠા, સવ્વભૂએસુ સંજમો ॥ ૯ ॥

અર્થ :—આ ૧૮ સ્થાનકમાં સૌથી પ્રથમ સ્થાન ભગવાન મહાવીર સ્વામીએ દયામય અહિંસાનું ફરમાવ્યું છે. આ અહિંસા આધાકર્માદિ દોષોના ત્યાગે કરી સૂક્ષ્મ રીતે ધર્મના સાધનરૂપે પોતે દીઠી છે, તેથી સંયમાર્થી સાધુએ સર્વ જીવો પર દયા કરવી. (કારણકે)

"સવ્વે જીવાવિ ઇચ્છંતિ, જીવિઉં ન મરિજ્જિઉં ।
તમ્હા પાણવહં ઘોરં, નિગ્ગંથા વજ્જયંતિ ણં ॥ ૧૧ ॥

અર્થ :— કારણકે સર્વે જીવો જીવવાની ઇચ્છા કરે છે, મરવાનું કોઇપણ જીવને ગમતું નથી, આ કારણથી નિર્ગ્રંથો (સાધુ – સાધ્વીઓ) ઘોર પ્રાણીવધનો ત્યાગ કરે છે.

આ પ્રમાણે અઢારે સ્થાનકનું સ્વરૂપ બતાવી જે સાધક તેનું યથાર્થ પાલન કરે છે, તે તદ્ભવે મોક્ષે જાય છે, અને હજી ભવ બાકી હોય તો વૈમાનિક દેવલોકને પામે છે એમ અંતમાં કહ્યું. તેથી આને "મહાચાર" એવું સાર્થક નામ આપ્યું છે.

આમાં સંયમના નિભાવ અર્થે વસ્ત્ર, પાત્રાદિ, રાખવા પડે તેને પરિગ્રહ નથી કહ્યો, પણ તેની મૂર્છા અર્થાત્ આસક્તિભાવને ભગવાને પરિગ્રહ કહ્યો છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી તે મમત્વભાવને છોડી અપ્રતિબંધપણે વિચરવાનું ફરમાવ્યું છે. કારણ કે "અહંતા" ને "મમતા" જ જીવાત્માને સંસારચક્રમાં ભમાવે છે.

**સાતમા "વાક્યશુદ્ધિ" નામે અધ્યયનમાં** અસત્ય અને સત્યાસત્ય ભાષા ન બોલવાનું ફરમાવ્યું છે.

કારણકે ભાષાના આ બંને પ્રકાર સાવદ્ય કહેતાં પાપમય છે. પરંતુ અસત્યામૃષા અર્થાત્ વ્યવહાર ભાષા બોલવાનું સાધુને કહ્યું છે વળી ઓહારિણી અર્થાત્ નિશ્ચયાત્મક ભાષા ન બોલવાનું કહ્યું છે. કારણકે તે પ્રમાણે કદાચિત કાર્ય ન કરી શકાય તો બીજા મહાવ્રતના ભંગનો દોષ લાગે. કઠોર ભાષા જેમ કે કાણાને કાણો એમ સત્ય હોવા છતાં ન કહે, ગૃહસ્થને આવો, જાઓ બેસો વગેરે ન કહે. પણ દયા પાળો એમ કહે. ટુંકમાં જે ભાષાથી પાપ લાગવાનો સંભવ હોય, સત્ય છતાં બીજાને દુભવે તેવી હોય, પીડાકારી થાય તેવી હોય, તેવી ભાષા સાધુએ કદાપિ બોલવી નહિ તેમ કહ્યું છે.

**આઠમા "આચારપ્રણિધિ" અધ્યયનમાં :–** આચારપાલન એ સાધુ માટે ઉત્કૃષ્ટ નિધિ અર્થાત્ ખજાના સમાન છે, જેનું ભાવપૂર્વક પાલન કરવાથી સાધક ભવના ફેરા ટાળી પરમાત્મપદ પામે છે. છકાયના જીવોની રક્ષા માટે, સચિત્ત ભૂમિ કે આસન પર બેસવું નહિ, અચેત ભૂમિમાં પણ તેના ધણીની આજ્ઞા લઈ પ્રમાર્જીને બેસવું, સચેત પાણીનો સ્પર્શ ન કરવો, અગ્નિ જલાવવો કે બુઝાવવો નહિ, પંખો નાખવો નહિ લીલી વનસ્પતિ છેદવી ભેદવી નહિ, સેવાળ લીલફુગ વિ. પર ઊભા રહેવું નહિ, કીડી–મકોડાદિ ત્રસ જીવોને મન, વચન, કાયાથી હણવા કે દુભવવા નહિ, કથ, કુંથવા, ફૂલ વિ. સૂક્ષ્મ જીવોની રક્ષા કરવી, વસ્ત્રાદિ, ભૂમિ, આસનાદિનું યથાર્થ પડિલેહણ કરવું, ભૂમિને પડિલેહીને પછી ઝાડો, પેશાબ આદિ પરઠવા, સાંભળેલું કે જોયેલું હોવા છતાં અહિતકારી વચન સત્ય હોય છતાં ન બોલવું, ભૂખ–તરસ, ટાઢ–તાપ આદિ પરિષહો

અદીનપણે સમભાવે સહેવા, કારણકે ભગવાને "દેહદુક્ખં મહાફલં" કહ્યું છે. કોઈનો તિરસ્કાર ન કરવો, પોતાના રૂપ, તપ, જ્ઞાનાદિનો મદ ન કરવો, આચાર્ય કે ગુર્વાદિનું વચન ઉથાપવું નહિ, દોષ થઈ ગયો હોય તો છુપાવવો નહિ પણ ગુરૂ પાસે પ્રગટ કરી, આલોચના લઈ શુદ્ધ થવું, જ્યાં સુધી ઘડપણ કે બીમારી આવ્યા નથી અને શક્તિ છે ત્યાં સુધી ધર્મારાધના જરાપણ પ્રમાદ કર્યા વગર કરી લેવી, ક્રોધાદિ કષાયોને તજવા, ગીતાર્થની સેવા કરી જ્ઞાનાદિ પ્રાપ્ત કરવા, ગુરૂનો યથાવિધિ વિનય જાળવવો, જ્યોતિષ, ઔષધાદિ ગૃહસ્થોને ન કહેવા, વિભુષા કે સ્ત્રીનો પરિચય ન કરવા, સારી કે ખરાબ વસ્તુ પ્રત્યે રાગ--દ્વેષ ન કરવા, તપ અને સ્વાધ્યાયમાં મગ્ન રહેવું, આ આચારનિધિના પાલનથી પૂર્વસંચિત પાપો બળી જાય છે અને કેવળજ્ઞાન-રૂપી જ્યોત પ્રગટે છે.

**નવમા "વિનય સમાધિ" અધ્યયનના ૪ ઉદ્દેશા છે.** પહેલા ઉદ્દેશામાં ગુરૂનો નિરંતર વિનય કરવા ફરમાવ્યું છે. ગુરૂ કદાચિત્ પોતાથી નાની ઉંમરના અને અલ્પજ્ઞાન-વાળા હોય તોપણ તેમની હીલના ઘૃણા ન કરવા, તેમ કરવાથી તેમની મહાઆશાતના થાય છે. ફળસ્વરૂપે બેઇંદ્રિ-યાદિ દુર્ગતિ મળે છે. પણ ગુરૂ કે આચાર્ય પ્રસન્ન થાય તેમ વર્તવું, અને અપ્રમત્તપણે તેમની સેવા કરવી. તેમ કરવાથી જ્ઞાનાદિ ગુણોની આરાધના થાય છે અને અનુક્રમે મોક્ષગતિને પામે છે.

બીજા ઉદ્દેશામાં અવિનય અને વિનયનું સ્વરૂપ કહ્યું છે. ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે, તેનાથી જ મોક્ષ કે સદ્ગતિ મળે છે, અને અવિનયનું ફળ ચતુર્ગતિરૂપ

સંસારનું પરિભ્રમણ બતાવ્યું છે, કારણ કે અવિનીતના જ્ઞાનાદિ ગુણો નાશ પામે છે અને વિનીતને જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.

ત્રીજા ઉદ્દેશામાં કોણ "પૂજ્ય" બને છે તેનું કથન છે. જે ગુરૂના ઇશારાને સમજી વર્તન કરે છે, આજ્ઞાનું પાલન કરે છે, ઉંમરમાં નાના હોય છતાં શ્રુતજ્ઞાનથી કે દીક્ષાપર્યાયથી મોટા હોય તેમનો મૃગાવતીજી જેમ વિનય કરે છે, જે આહારાદિ કે ઉપકરણોમાં મમત્વભાવ નથી રાખતો, કઠોર વચનાદિને સમભાવે સહન કરે છે, કોઈપણની નિંદા કે હીલના કરતો નથી, ગુરૂને આવતા દેખી ઊભા થઈ સામે જાય છે, તે "પૂજ્ય" બને છે, અને સર્વ કર્મ ખપાવી ઉત્તમ સિદ્ધગતિને પામે છે,

ચોથા ઉદ્દેશામાં (૧) વિનય (૨) શ્રુત, (૩) તપ અને (૪) આચારસમાધિનું સ્વરૂપ કહ્યું છે. આ દરેકના ચાર-ચાર ભેદ બતાવ્યા છે, જે સાધક આ ચારેમાં પોતાના આત્માને નિરંતર જોડે છે, તે જિતેંદ્રિય બને છે અને મોક્ષ કે દેવગતિ પામે છે.

**દશમા 'સભિક્ષુ' અધ્યયનમાં સાચા સાધુના લક્ષણ કહ્યા છે.** તેમાં આગળના નવે અધ્યયનોમાં ફરમાવ્યા પ્રમાણે જે આચારધર્મને ઉત્કૃષ્ટ ભાવે પાળીને, આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓને સર્વથા તોડે છે, તે અણાહારી એવું સિદ્ધપદ" શીઘ્ર પામે છે, એમ સમાપન કરતાં કહ્યું છે. આ સૂત્રના પ્રથમ ૪ અધ્યયનો અનુક્રમે આ સંજ્ઞાઓને તોડવાના જ છે. તેની મહત્તાને સ્વીકારી સૂત્રકારે ફરી તેનો અત્રે ઉપસંહાર કર્યો છે. આ

ચાર સંજ્ઞાજ જીવને અનાદિ કાળથી સંસારચક્રમાં ભમાવે છે, તેને તોડતાંની સાથે જ જીવાત્મા પરમાત્મા બની જાય છે.

પહેલી "રતિવાક્યા" ચુલિકામાં સંયમ છોડવાની ઇચ્છાવાળા સાધુને સંયમમાં સ્થિર થવા ૧૮ સ્થાનકો જોવા કે પાંચમાં દુઃખમય આરામાં ગૃહસ્થાશ્રમ દુર્ગતિના હેતુરૂપ છે, કામભોગો અસાર અને દુર્ગતિને દેનારા છે, આ કાળમાં માયાની પ્રબળતા છે, સ્ત્રીપુત્રાદિના મોહના લીધે ઘરે જઈ ધર્મની આરાધના કરવી કઠણ છે, ગૃહસ્થાશ્રમ મહાકલેશવાળો છે, ડગલે પગલે પાપકર્મ બંધાય તેવો છે. ચોર વિ. ના ભયવાળો છે, પરિવાર માટે કરેલા પાપોના ફળ પોતાને એકલાનેજ ભોગવવા પડશે, આયુષ્ય ક્ષણભંગુર છે, તપથી કર્મ ખપાવવાથી જ મોક્ષ છે વિ. વિ.નું ચિંતન કરી ફરી સંયમમાં સ્થિર થવા ફરમાવ્યું છે.

બીજી "વિવિક્તચર્યા" ચૂલિકામાં સાધુના નવકલ્પી વિહારનું ફરમાન છે, શેષકાળમાં સાધુએ એક સ્થળે માસકલ્પ અને સાધ્વીએ બે માસકલ્પથી વધુ ન રહેવું, ઉપધિ થોડી રાખવી, કલેશનો ત્યાગ કરવો, કાઉસગ્ગ અને સ્વાધ્યાયમાં લીન રહેવું, ટુંકમાં વિષયકષાયાદિથી આત્માની રક્ષા કરવી, જેથી સર્વ દુઃખોથી મુક્ત બની સિદ્ધપદ પામશો. સમગ્ર દશવૈકાલિક સૂત્રનો આજ સાર છે.

**ઉત્તરાધ્યયન સૂત્ર** :– બીજું મૂળસૂત્ર છે. ૩૬ અધ્યયનો છે. મોક્ષ પધારતી વખતે ભગવાન મહાવીરસ્વામીએ છઠ્ઠ તપ કરી ૧૮ દેશના રાજા સહિતની પરિષદને પાવાપુરીમાં આ સૂત્ર પોતાના શ્રીમુખે સંભળાવ્યું છે. ઉપલબ્ધ મૂળ પાઠ ૨૧૦૦ શ્લોકપ્રમાણ છે. ૧૬૫૬ પદ્યસૂત્ર અને ૮૯ ગદ્યસૂગ છે.

**(૧) વિનય અધ્યયન :–** સર્વજ્ઞોએ ધર્મનું મૂળ વિનય કહેલ છે. તેથી સૌથી પ્રથમ સ્થાન "વિનય"ને આપ્યું છે. જે ગુરૂની આજ્ઞાનું પાલન કરતો હોય, ગુરૂના સમિપે અર્થાત અંતરમાં વસતો હોય, ગુરૂના મનોભાવ અને ઈશારાને સમજીને તેમના કાર્ય કરતો હોય, તેને વિનીત શિષ્ય કહ્યો છે. તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે. ગુરૂ કદાચિત ક્રોધે ભરાય, તો બે હાથ જોડી વંદી તેમના કોપને શાંત પાડવો અને ફરીથી આ પ્રમાણે નહિ કરૂં એમ કહી એમને પ્રસન્ન કરી લેવા જોઈએ. આથી શિષ્યને ગુરૂનો જ્ઞાનભંડાર પ્રાપ્ત થાય છે, ચારિત્ર વિકાસ પામે છે, તેથી મોક્ષ કે દેવગતિ મળે છે. ઊઠવા, બેસવા, બોલવા, ચાલવામાં ગુરૂ પ્રત્યે કેવો વિનય રાખવો તેના પ્રકાર કહ્યા છે.

**(૨) પરિસહ અધ્યયનમાં** ૨૨ પ્રકારના પરિસહ– ક્ષુધા, પિપાસા (તરસ), શીત, ઉષ્ણ, દંશમશક, અચેલ (વસ્ત્રરહિતપણું), અરતિ, સ્ત્રી, ચર્યા (વિહાર), નિષદ્યા (બેસવું), શય્યા, આક્રોશ, (કઠોર વચન), વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, જલ્લ (મેલ), સત્કાર–સન્માન, પ્રજ્ઞા, અજ્ઞાન અને દર્શન પરિષહો આવે તો સાધુ સમભાવે સહન કરે.

સંયમજીવનમાં જે અણધાર્યા કષ્ટ આવે છે તેને પરિષહ કહ્યા છે. તેવા પ્રસંગે સમભાવ રાખી સહન કરી લેવાથી કર્મ નાશ પામે છે, અને ચારિત્ર દૃઢ થાય છે. કારણકે ૮૪ લાખ જીવાયોનિમાં માનવી સર્વ શ્રેષ્ઠ છે, અને માનવીના ગુણોમાં ચારિત્ર સૌથી શ્રેષ્ઠ છે. તે દુર્લભ ચારિત્ર દૃઢ થવાથી સાધક મોક્ષ સન્મુખ થાય છે.

આ ૨૨માં સ્ત્રી અને સત્કાર પરિષહ સાનુકુળ છે, બીજા બધા પ્રતિકુળ છે.

**(૩) ચતુરંગીય અધ્યયનમાં** સંસારના અનંત કાળના પરિભ્રમણ પછી ભવ્ય જીવાત્માને પ્રાપ્ત થતાં ચાર દુર્લભ અંગોનું (૧) મનુષ્યત્વ (માનવતા સાથેનો માનવભવ) (૨) ધર્મશ્રવણ, (૩) કેવળી પ્રરૂપિત ધર્મમાર્ગની શ્રદ્ધા અને (૪) સંયમમાં વીર્ય ફોરવવું અર્થાત્ સંયમ (દીક્ષા) લેવામાં અને પછી તપ કરવામાં પુરૂષાર્થ કરવો તેનું નિરૂપણ છે. ભવસાગર તરવાને આ ચાર અંગ સર્વોત્તમ સાધનો છે. કારણકે ચારે ગતિના જીવોમાં મનુષ્ય ભવમાં જ મોક્ષની સાધના માનવી સંયમ લઈને નવા કર્મબંધ રોકીને અને તપ વડે પૂર્વસંચિત સર્વ કર્મો ખપાવીને કરી શકે છે, અને સર્વ કર્મમુક્ત બની મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. **આ ચારે બોલમાં શ્રદ્ધાને વળી પરમ દુર્લભ કહી છે.**

મનુષ્યત્વના ચાર લક્ષણ છે :– (૧) સરળતા, (૨) કોમળતા, (૩) નમ્રતા અને (૪) અનુકંપા.

**(૪) "અસંખય" અધ્યયનમાં** પ્રભુ ફરમાવે છે. "જીવનદોર તુટયા પછી કદાપિ સંધાતો નથી. માટે ધર્મારાધના કરવામાં પ્રમાદ ન કર."

ત્રીજા અધ્યયનમાં મનુષ્યભવની દુર્લભતા કહી. તેવો અમૂલ્ય ભવ પણ ક્ષણભંગુર છે, માટે ઘડપણની રાહ ન જોતાં વહેલામાં વહેલી ધર્મારાધના કરી આત્મકલ્યાણ કરી લેવું તેમ સંબંધ છે. સ્ત્રીપુત્રાદિ અન્ય જનો માટે જે પાપના પોટલા બાંધે છે, તેને એકલાને જ તે કર્મોના વિપાકોદયના દુઃખો વેઠવા પડે છે. માટે કર્મ બાંધતી વખતે ચેતો તેમ પ્રભુએ કહ્યું છે.

**(૫) અકામ મરણીય અધ્યયન**–આયુષ્ય ક્ષણ-

ભંગુર છે એમ કહી ધૈર્યવંત વિવેકી જને સકામ મરણે અર્થાત્ સમાધિ કે પંડિતમરણે મૃત્યુ પામવું, એજ ઉત્તમ છે, મરણ બે પ્રકારના છે (૨) **અકામ મરણ** જે સંસાર વધારે છે. તે અજ્ઞાની જીવોને હોય છે, અને (૨) સકામ મરણ જે સમકિતી સાધકોને હોય છે અને જેના લીધે સાધક મોક્ષ પામે છે.

અંતઃકાળ એ સમગ્ર જીંદગીનો સરવાળો છે. **જેવું જીવશો તેવું જ મૃત્યુ પામશો.** ત્યારે જીવનભર કરેલા શુભાશુભ કાર્યાદિ ટી. વી.ના દૃશ્યોની જેમ નજરે દેખાય છે. પાપકાર્યો કરેલો જીવ ભયભીત થઇ અસમાધિ ભોગવે છે, દુર્ગતિમાં જવાના ડરના કારણે શરીરને વળગી રહે છે, જ્યારે ધર્માત્મા સહજ સમાધિભાવે શરીરને તજી દે છે.

ત્યાગ અને તપ એજ મોક્ષના સાધન છે, બે ઘડીનું સામાયિક શુદ્ધ ભાવે કરવાથી સમ્યગ્દર્શન અપાવી, મોક્ષ પ્રાપ્ત કરાવે તેવી ઉત્તમ ક્રિયા છે એમ આમાં પરમાર્થથી કહ્યું છે.

(૬) **ક્ષુલ્લક નિગ્રન્થીય** :– સમાધિ મૃત્યુ સંયમ-માર્ગ યથાર્થ પાળનારને જ મળે, તે માટે પૂર્વ પરિચિત માતાપિતાદિ સ્વજનો મને શરણભૂત નથી એમ વિચારી સાધુ એમના સ્નેહભાવને તોડે, એમનો સંસર્ગ સંસારભાવે ન કરે, આમ બાહ્ય અને રાગ–દ્વેષરૂપી અભ્યંતર ગ્રંથીઓ (ગાંઠો) ને છેદી નિર્દોષ સૂઝતા આહારાદિ ગ્રહણ કરી જિનાજ્ઞાનુસાર સંયમ પાળે અને સાધુના ગુણ પામે, એમ કહ્યું છે. ટુંકમાં દીક્ષા લીધા પછી સંસારભાવને નિર્મૂળ કરવા, માથું મુંડાવ્યા પછી, મનને સંપૂર્ણ મુંડવા પરમા-

ર્થથી કહ્યું છે, કારણ કે અવિદ્યા (અજ્ઞાન)ને આસક્તિ એ જ સંસાર દુઃખના મૂળ છે.

(૭) **એલય (બકરો)** :– ગુણ પામેલો સાધક રસનો ગૃદ્ધિ થઈ માત્ર શરીર ન વધારે તેમ કરવાથી બકરાની જેમ અતિ દુઃખ અંતે પામે, પણ રત્નત્રયીની ઉત્કૃષ્ટ ભાવે આરાધના કરે. પછી કોડી (કામભોગો) માટે, સોનામહોરોની થેલી (મોક્ષસુખ) ગુમાવે, વૈદે (જ્ઞાની સંતોએ) કહેલું પથ્ય ન પાળી, રાજા જીભના સ્વાદે મૃત્યુ પામી રાજસુખ ગુમાવે તેમ સાધુ રસનો ગૃદ્ધિ બની સંસાર વધારી મોક્ષસુખ ગુમાવે, વિ. દ્દષ્ટાંતો કહી ચારિત્રની મહત્તા કહી છે.

(૮) **કાપિલિય** :– આહારની આસક્તિ નિર્લોભી હોય તે જ છોડી શકે, તેથી આમાં કપિલકેવળીના દ્દષ્ટાંતે સાધકને નિર્લોભી થવા ફરમાવ્યું છે. લોભપ્રકૃતિ જતાં જ સાધક મોહનીય કર્મની સર્વ –૨૮– પ્રકૃતિઓ ખપાવી એક જ ક્ષણમાં કેવળી ભગવંત બને તે કપિલ મુનીવરના દ્દષ્ટાંતે. લાભથી લોભ વધે છે. તે બે માસા સોના માટે ગયેલ કપિલને રાજાએ ઈચ્છા પ્રમાણે માગી લેવાનું કહ્યું ત્યારે તેનું રાજપાટ માગી લેવાની ઈચ્છા પહેલા થઈ, પણ ઉપકારીનું બધુ લઈ લેવાય? તેમ લોભથી પાછા વળતાં બે માસા સોનુંય શા માટે? સ્ત્રીનો સંગ કર્યો તો આ યાચના કરવી પડી ને? માટે સ્ત્રીસંગ જ ભુંડો છે, એમ ચીંતવી કંચન અને કામિની બંને છોડવાનું ચિંતવતા જ કેવળી ભગવંત બગીચામાં જ બની ગયા.

આ સૂત્રના અધ્યયન ૮–કપિલ કેવળી, ૯–નમિ રાજર્ષિ, ૧૨–હરિકેશી મુનિવર, ૧૩–ચિત્ત-સંભુતિ, ૧૪–ઈષુકાર

રાજાદિ છ જીવો, ૧૮–સંયતિ રાજર્ષિ, ભરતાદિ ૧૦ ચક્રવર્તી, અચલ વગેરે ૯ બળદેવ, બળભદ્ર મુનિવર, દશાર્ણભદ્ર રાજા, ચાર પ્રત્યેક બુદ્ધ, (૧) નમિ રાજર્ષિ, (૨) કરકંડુ, (૩) દુમુખ અને (૪) નિગ્ગઇ, ૧૯–મૃગાપુત્ર, ૨૦ અનાથી મુનિવર ૨૧–સમુદ્રપાલ મુનિ, ૨૨–રાજેમતી–રહનેમી, ૨૩–કેશી–ગૌતમ, ૨૫–જયઘોષ–વિજયઘોષ અને ૨૭–શ્રીગર્ગાચાર્યના અધિકાર મોટી સાધુ વંદણામાં આપ્યા છે, તો જિજ્ઞાસુએ લેખકના તે પુસ્તકમાંથી જોવા. અધ્ય, ૩ ને ૪ અર્થ સાથે લેખકના "સવાસો ગાથા વિવરણ"માં આપેલા છે.

(૯) **નમિપ્રવજ્યા :–** જે નિર્લોભી હોય તે દેવોના પણ પૂજ્ય બને છે પ્રત્યેક બુદ્ધ નમિરાજર્ષિના દૃષ્ટાંતે. બ્રાહ્મણના વેશમાં આવેલ ઇંદ્ર સાથેનો તેમનો વાર્તાલાપ મનનીય છે. "જ્યાં બે છે, ત્યાં જ ઘોંઘાટ (સંસાર) છે," પણ જે એક (આત્મા)માં જ છે, ત્યાં શાશ્વતી શાંતિ અને સુખ (મોક્ષ) છે, એવી "એકત્વ ભાવના" ભાવી નમિ રાજર્ષિ મોક્ષે પધાર્યા.

મિથિલા બળવાથી મારૂં કશું બળતું નથી, એમ કહી સાધકને માત્ર પોતાના જ આત્મામાં રમણતા કરવાનું કહ્યું છે, બધી પર વસ્તુ–શરીર પણ પર વસ્તુ છે–ને પરભાવો છોડવા કહ્યું છે. જેને મોક્ષની અભિલાષા હોય, તેવો સાધક સંસારના ઘરબારના બંધન શા માટે સ્વયં ઊભા કરે ? હજારો સંગ્રામ જીતવા કરતાં, એક માત્ર પોતાના આત્માને જીતનારો શ્રેષ્ઠ છે, દર મહિને લાખો ગાયોનું દાન દેનારા કરતાં, કશું ન દેનારો પંચમહાવ્રતધારી સાધુ શ્રેષ્ઠ છે, આમ કહી દાન કરતાં સંયમની શ્રેષ્ઠતા બતાવી છે. આવા ઘણા ચિંતનીય સૂત્રો આમાં છે; તે વિચારવા.

જેને "બોધિ" અર્થાત્ "સમ્યગ્દૃષ્ટિ" પ્રાપ્ત થઇ હોય,

તેવા મુનિવરો ૩ પ્રકારના છે :– (૧) જે સ્વયં બોધિ પ્રાપ્ત કરે છે, તે "સ્વયં બુદ્ધ," (૨) કોઇ ઘટના કે નિમિત્તથી બોધ પામી સંયમ લે છે. તે "પ્રત્યેક બુદ્ધ" અને (૩) જે અન્યના બોધથી બોધ પામી દીક્ષા લે છે તેને "બુદ્ધબોધિત" કહ્યા છે, તે સંયતિ રાજર્ષિ (અ.૧૮) કપિલાદિ સ્વયં બુદ્ધ છે. (અ.૮), અને નમિ રાજર્ષિ દાહજ્વરના નિમિત્તે બોધ પામ્યા તેથી પ્રત્યેક બુદ્ધ કહેવાયા.

**(૧૦) દ્રુમપત્રક (દુમ–પત્તયં)** :–નવમા અધ્યયનને વિષે એકત્વ ભાવના ભાવનાનું કહ્યું. હવે જે એકત્વ ભાવનાને ભાવે, તે પાંચે પ્રમાદને અવશ્ય છાંડે, તેથી આમાં ગૌતમસ્વામીને ઉદ્દેશીને–ઉપલક્ષણે આપણને બધાને પણ જીંદગી, પાકી ગયેલા પીળા પાંદડા જેવી, કે ઝાકળના બીંદુ જેવી ક્ષણભંગુર હોવાથી, ધર્મારાધના કરવામાં એક પળનો પણ પ્રમાદ ન કરવા કહ્યું છે.

**કાયસ્થિતિ** :– પૃથ્વી, પાણી, અગ્નિ ને વાયુકાયની અસંખ્યાતા કાળની, વનસ્પતિ કાયની અનંત કાળની, ૩ વિકલેન્દ્રિયની સંખ્યાતા કાળની, ગર્ભજ મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયની ૭ કે ૮ ભવની, અને દેવ અને નારકીની એકજ ભવની હોય છે. તેમાં મનુષ્યભવ પામવો બહુદુર્લભ છે. એમ કહીને સમય માત્રનો પ્રમાદ ન કરવા કહ્યું.

**(૧૧) બહુસ્સુયં (બહુશ્રુત) પુજ્જં** :– જે અપ્રમાદિ ને વિનયી હોય તે બહુસુત્રજ્ઞાન મેળવે, અને પૂજ્ય થાય. ઘણા સૂત્રો જાણતા હોય, પરંતુ વિનીત ન હોય, તો તેને બહુશ્રુત અત્રે નથી કહ્યો. વિનય જ શ્રુતને સાર્થક અર્થાત્ મોક્ષદાયી બનાવે છે. શ્રુતજ્ઞાન મેળવવામાં પાંચ–(૧) અહંકાર, (૨) ક્રોધ, (૩) પ્રમાદ, (૪) રોગ અને (૫)

આળસ–વિઘ્નકર્તા છે. પછી અવિનીતના ૧૪ અને વિનીતના ૧૫ લક્ષણ બતાવ્યા છે અને બહુસૂત્રીની ૧૬ ઉપમા આપી છે.

(૧૨) **હરિકેશી મુની** :– બહુશ્રુત હોય તે હરિકેશી મુનિની જેમ દેવોનો પણ પૂજ્ય બને. જાતિ અને કુળથી નહિ પણ તપ અને ગુણથી મહાન થવાય અને વંદનીય બનાય, એ આ અધ્યયનનો સાર છે. બ્રહ્મચારી અને અપરિગ્રહી જે છે, તે ભીક્ષા મેળવવાનો અધિકારી છે એમ પ્રતિપાદન કર્યું છે. ત્યાગ અને તપનો મહિમા બતાવ્યો છે.

(૧૩) **ચિત્ત–સંભૂત** :–તપનો મહિમા બતાવીને તપસ્વીએ કદાપિ તપનું નિયાણું (ફળ માગવું તે) નહિ કરવું જોઇએ એમ બે સગાભાઈ ચિત્ત અને સંભૂતિ મુનિના દ્દષ્ટાંતે અત્રે કહ્યું છે. તેમના છ ભવોનું વર્ણન છે. સંભૂતિ મુનિએ સનતકુમાર ચક્રવર્તીની સ્રીરત્ન જોઇને તેવું સ્રીરત્ન ભોગવવાનું નિયાણું કર્યું તેથી બ્રહ્મદત્ત ચક્રવતી તો થયા. પણ ભોગો ભોગવીને સાતમી નરકે ગયા, જ્યારે ચિત્ત મુનિએ નિર્દોષ ચારિત્ર પાળ્યું તો અંતે મોક્ષે ગયા.

નિયાણું કરીને જન્મેલા જીવો ઊચ્ચ પદવી ને અતિ સુખો તો પામે પણ વ્રતપચ્ચકખાણ કદાપિ કરી શકે નહિ, અને કામભોગો અતિ આસકિતથી ભોગવે, જેથી નરકાદિ દુર્ગતિમાં અંતે જાય.

(૧૪) **ઇષુકારિય** :–છ મોક્ષગામી જીવો–ભૃગુપુરોહિત, તેની સ્રી, તેમના બે પુત્રો, તથા ઇષુકાર રાજા અને કમલાવતી રાણી, એકબીજાના નિમિત્તે કેવી રીતે વૈરાગ્ય પામ્યા, સંયમ અંગીકાર કર્યો અને ઉત્કૃષ્ટ ભાવે સંયમ પાળી, છએ ધર્મા–

રમા મોક્ષે સીધાવ્યા તેનું હૃદયસ્પર્શી ભાવવાહી વર્ણન છે. એક એક ગાથા મનનીય છે. તેમાંય કમલાવતી રાણીનો રાજાને બોધ તો અતિ અદ્‌ભૂત છે. સાચી ધર્મપત્ની કેવી હોય તેનું અનુપમ દૃષ્ટાંત છે.જુઓ સમ્યગ્‌દર્શન.

નિયાણું નિયમા છેવટે દુર્ગતિ પમાડનારૂં છે, પરંતુ સત્સંગ નિયાણાના ભાવને રોકનાર છે, અને કદાચિત થઈ ગયું હોય તો પણ સંતસમાગમથી તે ભૂલ સમજાય છે અને પછી આલોચના કરીને તેને દૂર કરી શકાય છે. તે ભ. મહાવીર ને તેમના સાધુ – સાધ્વીઓ જેમણે શ્રેણિક રાજા અને ચેલ્લણા રાણીના લાવણ્ય અને સૌંદર્ય જોઈ તેવા થવાનું નિયાણું કરેલ અને પ્રભુના સમાગમે આલોચના કરી દૂર કરેલ, તે સંતસમાગમનો અપાર મહિમા આમાં પરમાર્થથી બતાવેલ છે.

**(૧૫) સભિક્ષુ :–** સત્સંગથી સંસારનો મોહ દૂર થઈ જીવાત્મા સંયમી સાધુ બને છે. તેવા સાધુના સુલક્ષણોનું આમાં નિરૂપણ કરેલ છે. તેવો સાધુ સર્વ જીવોને પોતાના આત્મા સમાન ગણી દુભવતો નથી, કોઈપણ પર-પદાર્થમાં આસક્ત થતો નથી, સત્કાર, પૂજા, વંદનને પણ ઈચ્છતો નથી, લુખાસુકા આહારનો લેનાર છે, પરિષહાદિ સહન કરે છે, પ્રતિકુળ સંજોગોમાં પણ સમતા રાખે છે, સિદ્ધાંતનો જાણકાર છે, જિતેન્દ્રિય છે, વિ. તે ભિક્ષુ છે.

**(૧૬) બ્રહ્મચર્ય સમાધિસ્થાન :–** ભિક્ષુ – સાધુના ગુણ બતાવીને, તેવા ગુણો તો બ્રહ્મચારીને જ હોય, તેથી આમાં બ્રહ્મચર્યના ૧૦ રૂડા સમાધિસ્થાનોનું નિરૂપણ છે, તે આ પ્રમાણે છે :– (૧) સ્ત્રીપશુ નપુંસકરહિત સ્થાન ભોગવે, (૨) સ્ત્રીકથા ન કરે, ન સાંભળે, (૩), સ્ત્રી સાથે એક

આસને ન બેસે, (૪), સ્ત્રીના અંગોપાંગ વિકારી દૃષ્ટિથી ન નીરખે, (૫) પડદા કે ભીંતની આડશથી સ્ત્રીના શબ્દ, રુદન, ગીત, હાસ્ય, પ્રેમાલાપ, વિલાપાદિ ન સાંભળે, (૬). પૂર્વક્રિડા યાદ ન કરે, (૭) પ્રણીત આહાર ન કરે, (૮) અતિ-માત્રામાં આહાર ન કરે, (૯) વિભૂષા ન કરે અને (૧૦) મનગમતા શબ્દ રૂપ, રસ, ગંધ કે સ્પર્શનું સેવન ન કરે, તેથી બ્રહ્મચર્યની રક્ષા થાય છે.

**(૧૭) પાપશ્રમણીય :**– સાધુ થયા પછી સાધકે રત્ન-ત્રયીની સાધનામાં જ સંયમજીવન ગાળવું જોઈએ, જે તેમ નથી કરતો તેને પાપશ્રમણ કહ્યો છે. તેના લક્ષણો (૧) સૂત્ર ન ભણતો હોય, (૨) ઊંઘણસી હોય, (૩) આચાર્ય, ગુર્વાદિની નિંદા કરનારો હોય, સેવા ન કરનારો હોય. (૪) સચેત વસ્તુને પગે કચરતો હોય, (૫) પાટ, સંથારાદિ પ્રમાર્જન કર્યા વિના વાપરતો હોય, (૬) ઈર્યાદિ પાંચે સમિતિના પાલનમાં જતના ન રાખતો હોય, (૭) પ્રમાદી હોય, (૮) એકાગ્રચિત્તે પડિલેહણ ન કરતો હોય, (૯) દૂધ, દહીં આદિ વિગયોનું વિનાકારણ કે વારંવાર સેવન કરતો હોય, (૧૦) તપની અપ્રીતિ હોય, (૧૧) વારંવાર ખાતો હોય. (૧૨) ગુર્વાદિનો અનાદર કરતો હોય, રસ લોલુપી હોય. (૧૩) સામુદાનિકી ભીક્ષાચરી ન કરતાં પૂર્વના સગાસંબંધીના ઘરેથી ભીક્ષા લેતો હોય, (૧૪) ગૃહસ્થના શય્યા, પલંગ આદિ પર બેસતો હોય વિ. વિ.ને પાપશ્રમણ કહ્યો છે.

**(૧૮) સંયતીય :**–સંયતિ (સંજય) રાજર્ષિનો અધિકાર છે. વનમાં શિકારે જતાં એક હરણને તીરથી વીંધ્યું. હરણ દોડીને ગર્દભાલી મુનિ પાસે પડ્યું. મૃગનો પીછો કરતાં રાજાએ ધ્યાનસ્થ મુનિને જોયા, મૃગલો મુનિનો હશે

એમ ધારી મુનિના શ્રાપથી રાજા ડરી ગયો અને મુનિ પાસે ક્ષમાયાચના વારંવાર કરવા લાગ્યો. મુનિએ ધ્યાન પાળીને બધી બીના જાણી કહ્યું :– “હે રાજન્ ! મારા તરફથી તને અભય છે, પરંતુ તું પણ બીજાને અભયદાન દેનારો થા.” મુનિના ઉપદેશથી રાજા તેમના શિષ્ય થયા. એકદા વિહાર કરતાં ક્ષત્રિય રાજર્ષિનો સમાગમ થયો. બંને વચ્ચે સંવાદ થયો. જિનશાસનમાં રહી સંયમધર્મનું યથાર્થ પાલન કરવાથી બુદ્ધ ( કેવળી ભગવંત ) બની શકાય છે. તેવો જવાબ આપી ક્ષત્રિય રાજર્ષિએ તેના સમર્થનમાં ભરતાદિ ૧૦ ચક્રવર્તી, નમિ રાજર્ષિ પ્રમુખ ચાર પ્રત્યેક બુદ્ધ, તથા દશાર્ણભદ્ર, ઉદાયન, આદિ રાજાઓ સંયમની સાધના કરી મોક્ષે સીધાવ્યા તેનું વર્ણન કર્યું છે.

**(૧૯) મૃગાપુત્રીય** :–મહેલના ગોખમાં બેઠેલા મૃગાપુત્રે એક સંતને જોઈ પોતે પણ આવું સાધુપણું પાળ્યું છે, તેવું જાતિસ્મરણજ્ઞાનથી જાણી, તે અધુરી સાધના પૂરી કરવા દીક્ષા લેવા માતાપિતાની આજ્ઞા માગી. સંયમજીવનની દુષ્કરતા બતાવી ના પાડતા મૃગાપુત્રે નરકાદિ ગતિઓમાં પોતે ભોગવેલા દુઃખોનું વર્ણન કરી, તેવા દુઃખો ફરી ભોગવવા નથી એમ દૃઢતાપૂર્વક સમજાવી આજ્ઞા મેળવી સંયમ લઈ, ઉત્કૃષ્ટભાવે પાળી સિદ્ધગતિ પ્રાપ્ત કરી, એમ કહી તપપ્રધાન ચારિત્રધર્મ જ ત્રણે લોકમાં પ્રસિદ્ધ એવી મોક્ષગતિના હેતુભૂત છે માટે માનવભવ પામી સંસારનું મમત્વ તજી, જ્ઞાનદર્શનાદિ રત્નત્રયીનું ઉત્કૃષ્ટભાવે પાલન કરી ધર્મનો પુરૂષાર્થ કરી લેવો જોઈએ તેમ સમાપન કરતાં કહ્યું છે.

**(૨૦) મહાનિગ્રંથીય** :–આમાં અનાથી મુનિવરે શ્રેણિક રાજાને અનાથ–સનાથનો ભેદ સમજાવી સદ્ધર્મના માર્ગે વાળ્યો છે. ધર્મ સાંભળી શ્રેણિક મહારાજા પોતાના

સમગ્ર પરિવાર સહિત ધર્મનો રાગી બની ગયો તેનું રોચક વર્ણન છે.

દીક્ષા લીધા પછી જે સંયમી છકાયના જીવોની સંપૂર્ણ દયા નથી પાળતો તેને પણ આમાં "અનાથ" કહ્યો છે. ધર્મ નથી કરતાં તે બધાને પરમાર્થથી "અનાથ" કહ્યા છે.

**(૨૧) સમુદ્રપાલીય** :–સમુદ્રની સફર કરતાં વહાણમાં પુત્ર–જન્મ થવાથી પાલિત વણિકે તેનું નામ સમુદ્રપાલ પાડ્યું. એકદા હવેલીના ગોખમાં બેસી જોતાં એક અપરાધીને ફાંસીએ ચડાવવા લઈ જવાતો જોઈ, કર્મફળની ગહનતા વિચારવા લાગ્યા કે ખરાબ કાર્યોનું ફળ અવશ્ય ખરાબ મળે છે અને સારાનું સારૂ ફળ મળે છે; મારે આના જેવું દુઃખ કદાપિ ભોગવવું નથી તેમ વિચારી વૈરાગ્યવાસિત બની દીક્ષા લઈ સંયમ પાળી સિદ્ધ પદ પામ્યા.

સાધુના નિમિત્તે તો જીવ વૈરાગ્ય પામે, પણ ચોરના નિમિત્તે વૈરાગ્ય પામવો એ આ અધ્યયનની વિશેષતા છે. પરિષહોને સમભાવે સહે એમ અંતમાં કહ્યું છે.

**(૨૨) રહ (થ)નેમિય** :–પોતાના લગ્ન નિમિત્તે પશુઓનો વધ થશે એમ જાણી ભ. નેમનાથે રથ પાછો વાળી રાજેમતીને સંયમમાર્ગે–મોક્ષમાર્ગે વાળી નવ, નવ ભવની પ્રીત અદ કરી તેનું, સાધ્વી સતી રાજેમતીએ સાધુ રહનેમિને અસંયમી જીવન કરતાં તો મૃત્યુ શ્રેષ્ઠ તેવા કડક શબ્દો કહી ફરી સંયમમાં સ્થિર કર્યાનું, હૃદયસ્પર્શી વર્ણન છે. આમાં ચારિત્રના પ્રભાવનું અનન્ય અસરકારક માહાત્મ્ય બતાવ્યું છે. ત્રણે મોક્ષે પધાર્યા છે. ભવોભવના ઋણાનુબંધ

તીર્થંકર સહિત ભલભલાને વેદવા પડે છે, પણ ચારિત્ર ધર્મમાં દૃઢ રહેવાથી ઉદય આવેલાં કર્મો નાશ પામે છે અને જીવાત્મા પરમાત્મા બની જાય છે તે પરમાર્થ છે.

**(૨૩) કેશી ગૌતમીય** :–આમાં ભ. પાર્શ્વનાથની પરંપરાના કેશીસ્વામી, અને ભ. મહાવીરના પટ્ટ ગણધર ગૌતમસ્વામી વચ્ચે ચાર મહાવ્રત ને પાંચમહાવ્રત, રંગીન-વસ્ત્ર, સફેદ વસ્ત્ર આદિ જે ભેદ પરંપરા જોવામાં આવે છે તેની મનનીય ચર્ચા છે. જવાબ આપતાં ગૌતમસ્વામીએ કહ્યું કે બધી પરંપરાનું મૂળ લક્ષ્ય તો મોક્ષસાધનાનું જ છે, તેથી રત્નત્રયીની આરાધનારૂપ સાધુના મૂળ ગુણો સદા-સર્વદા એકસરખા જ હોય છે. ઉત્તરગુણોમાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવ આશ્રિત ભેદ થાય છે. પણ તેથી મૂળ ગુણોની સાધનાનું લક્ષ્ય ચુકાતું નથી. આથી સંતોષ પામી કેશીસ્વામી શિષ્યો સહિત પંચયામ ધર્મ અંગીકાર કરી પંચમહાવ્રત વિશુદ્ધભાવે પાળી આત્મકલ્યાણ કરે છે.

ગૌતમસ્વામી જ્ઞાન અને પદવીમાં ચડિયાતા હોવા છતાં કેશીસ્વામીને વડિલ કુળના માની સામેથી મળવા ગયા. આમ વિનયધર્મની મહત્તા સ્થાપી છે.

**(૨૪)સમિતીય:**–પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિનું સ્વરૂપ બતાવ્યું છે. જેમ માતા બાળકનું ક્ષેમકુશળ કરનારી છે. તેમ સાધુના સંયમનો રૂડો નિર્વાહ આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તરૂપ આઠ આચારના પાલનથી થાય છે અને આયુષ્ય-પૂર્ણ થતાં મોક્ષના શાશ્વતા નિરાબાધ સુખો અપાવે છે, તેથી જ સર્વજ્ઞ તીર્થંકરોએ આ આઠ આચારને સાધુની **"આઠ પ્રવચનમાતા"** કહી છે. આ અષ્ટ પ્રવચન માતા ચારિત્રરૂપ છે અને ચારિત્ર, જ્ઞાન–દર્શન વિના ન હોય,

અને ચારિત્રથી વેગળા દ્વાદશાંગીરૂપ શાસ્ત્રો ન હોય, તેથી દ્વાદશાંગીરૂપ સઘળા શાસ્ત્રો અષ્ટપ્રવચન માતા વિષે સમાયા એમ તીર્થંકર ભગવંતો કહે છે. પરઠવાના ૧૦ બોલ કહ્યા છે.

સમિતિ પ્રવૃત્તિને નિર્દોષ બનાવવારૂપ છે અને ગુપ્તિ સર્વ પ્રકારના મન–વચન–કાયાના અશુભ વ્યાપારોથી નિવૃત્તિ કરાવવારૂપ છે. જે આ અષ્ટપ્રવચનમાતાનું શુદ્ધ ભાવથી પાલન કરે છે તે શીઘ્ર મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

**(૨૫) યજ્ઞીય :–** જયઘોષ મુનિ તેમના સંસારી ભાઈ વિજયઘોષ જે યજ્ઞ કરી રહ્યો છે, તેને સાચા યજ્ઞનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે તમે જે કરી રહ્યા છો તે સાચો યજ્ઞ નથી, પણ વિષય–કષાય અને વાસનાઓને જ્ઞાનાગ્નિથી બાળી નાખવા તે જ સાચો કલ્યાણકારી યજ્ઞ છે. સમતા ભાવ ધારણ કરવાથી જ સાચો શ્રમણ (જૈન સાધુ) કહેવાય અને બ્રહ્મચર્ય પાળવાથી જ સાચો બ્રાહ્મણ બને, જ્ઞાનની આરા–ધના કરે તે જ મુનિ કહેવાય ને તપ જે કરે તે તાપસ કહેવાય. અહિંસાદિ વ્રતો પાળવાથી જ મનુષ્ય ક્રમશ: સર્વ ઘાતી કર્મ ખપાવી કેવળી ભગવંત બની સર્વથા કર્મમુક્ત બની જાય છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. આમ બ્રાહ્મ-ણની બહુ સુંદર વ્યાખ્યાઓ વિજયઘોષને સમજાવી છે. આથી બોધપામી વિજયઘોષ પણ સંયમ લે છે ને પછી બંને મુનિવરો ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી મોક્ષે સિધાવે છે.

**(૨૬) સમાચારી :**–સાધુની ૧૦ સમાચારી–સમ્યક્ પ્રકારે આચાર પાળવાની વિધિ–કહી છે. તે (૧) આવશ્યકી, (૨) નૈષેધિકી, (૩) આપુચ્છણા, (૪) પડિપુચ્છણા, (૫) છંદણા, (૬) ઈચ્છાકાર, (૭) મિથ્યાકાર, (૮) તહકાર, (તથાકાર) (૯) અભ્યુત્થાન અને (૧૦) ઉવસંપદા નામની છે. પછી

દિવસ અને રાત્રિના ચચ્ચાર પ્રહરની સાધુની કાળચર્યા કેવી હોય તેનું વિધાન છે. દિવસ અને રાત્રિના પહેલા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન અને ત્રીજામાં દિવસમાં ભીક્ષાચરી કરે, અને રાત્રિના નિદ્રા લે. પોરિષીનું માપ અને પ્રતિક્રમણની વિધિ આપ્યા છે. પાડલેહણનો સમય અને વિધિ બતાવ્યા છે. સમાચારીનું પાલન કરીને ઘણા જીવો તર્યા છે. તરે છે અને તરશે.

**(૨૭) ખલુંકિય :–** ખલુંકિયનો અર્થ છે મારકણો દુષ્ટ બળદ. ખલુંકિય જેવા અવિનીત, દુષ્ટ, અને કષ્ટ આપનારા શિષ્યો ભાગ્યયોગે મળ્યા હોય તો, આચાર્યે તેમને તજી દેવા અને પોતે તેનો જરાપણ રંજ ન કરવો, અને સંયમસાધના અને સ્વાધ્યાયાદિમાં મગ્ન રહેવું તેવો બોધ પ્રભુએ ગર્ગાચાર્ય અને ગળિયા બળદ જેવા તેમના શિષ્યોના દષ્ટાંતે આમાં આપેલ છે.

**(૨૮) મોક્ખમગ્ગગઈ :–**શિષ્યાદિનો મોહ છોડી જે સ્વાધ્યાયાદિ સંયમ સાધનામાં લીન બને છે, તે અવશ્ય અવસર આવ્યે મોક્ષ પામે છે. મોક્ષમાર્ગની તે સાધના ચાર કારણ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપવાળી છે, અને તેની શુદ્ધભાવે યથાર્થ સાધના કરવાથી જેમાં જ્ઞાન અને દર્શન એ બે જ લક્ષણ છે, તેવી પંચમ ગતિ–મોક્ષગતિ તે સાધક નિશ્ચયથી પામે છે એમ ભગવાને આમાં ફરમાવ્યું છે. જીવાદિ નવ તત્ત્વોનું યથાર્થ જાણપણું તે જ્ઞાન છે, તેની પ્રતિતી કરવી, શ્રદ્ધા કરવી તે દર્શન છે, રાગ–દ્વેષાદિ અને ક્રોધાદિ કષાયોને નિર્મૂળ કરવા કે નિગ્રહ કરવારૂપ ચારિત્ર છે, અને પૂર્વસંચિત કર્મોની નિર્જરા કરવારૂપ ૧૨ પ્રકારનું તપ છે. જ્ઞાનના ૫, દર્શનના ૧૦, ચારિત્રના ૫ અને તપના

૧૨ ભેદ, અને દર્શનના ૮ આચાર કહ્યા છે. અનંતકાળના સંસારચક્રના પરિભ્રમણમાં જીવાત્માને પ્રથમ દર્શન અથવા શ્રદ્ધા આવે, જેના પ્રભાવથી અનાદિકાળનું સ્વરૂપનું અજ્ઞાન ટળીને સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ થાય, સમકિતી જ્ઞાની પછી ચારિત્ર (સંયમ) લે, અને પછી તપ કરી પૂર્વસંચિત સર્વકર્મની નિર્જરા કરી, સર્વથા કર્મમુક્ત બની મોક્ષ પામે આમ ક્રમ સર્વજ્ઞે બતાવ્યો છે. સમાપન કરતાં કહ્યું કે જ્ઞાનથી જીવાદિ સર્વદ્રવ્યોના સ્વરૂપને યથાર્થ જાણે, નિશ્ચયથી પોતાના જ આત્મસ્વરૂપને યથાર્થ જાણે, દર્શનથી તે સ્વરૂપ તે જ પ્રમાણે છે તેવી શ્રદ્ધા કરે, વ્યવહારથી દેવ–ગુરૂ–ધર્મની શ્રદ્ધા કરે, ચારિત્રથી પાંચે ઇંદ્રિયો તથા કષાયભાવોનો નિગ્રહ કરી આવતા કર્મોને રોકે અર્થાત્ સંવર તત્ત્વની આરાધના કરે, અને તપથી પૂર્વકૃત કર્મોનો સર્વથા ક્ષય કરી, પોતાના આત્માને વિશુદ્ધ કરે ફળ સ્વરૂપે સાધક સર્વ કર્મ ખપાવી મોક્ષ પામે, અર્થાત્ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને.

(આના વિશદ ભાવ લેખકના "સમ્યગ્‌દર્શન યાને મોક્ષનું દ્વાર" નામના પુસ્તકમાં દષ્ટાંતો સહિત ખૂબ વિસ્તારથી આપ્યા છે, ત. જોવું.)

(૨૯) **સમ્યક્‌ત્વ-પરાક્રમ** :–મોક્ષનો પુરૂષાર્થ કરવો તે સમ્યક્‌ત્વીનું પરાક્રમ છે. આ પરાક્રમ સમકિતી ભવ્ય જીવ જ કરી શકે, અભવી કે મિથ્યાત્વી કરી શકતા નથી. તેથી જ આને સમ્યક્‌ત્વ પરાક્રમ કહ્યું છે, ને ૭૩ બોલોમાં "સંવેગ," ને પ્રથમ સ્થાન આપ્યું છે, ને પછી તરત જ "નિર્વેદ" અને "ધર્મશ્રદ્ધા" ને લીધા છે. "સંવેગ અને નિર્વેદ" એ સમકિતના લક્ષણ છે. સંવેગ એટલે મોક્ષાભિલાષ, સંવેગ વગર કદાપિ કાળે મોક્ષની પ્રાપ્તિ નથી. પછીના

બધા બોલ પણ સંવેગીને જ થાય. તે દરેક બોલનું ફળ જીવને શું મળે તેનું સચોટ નિરૂપણ પ્રભુએ કર્યું છે. દરેક બોલની આરાધનાનું ફળ તદ્દભવે કે પરંપરાએ મોક્ષ કે સદગતિરૂપ વૈમાનિક દેવાદિ ગતિ બતાવી છે.

આના પહેલાં જ સૂત્રમાં "પવેઇએ" થી ૨૮ના જ્ઞાન સાથે, (૨) સદ્દહિતાથી દર્શન સાથે, આણાએ અણુપાલઈત્તાથી ચારિત્ર સાથે અને પરિનિવ્વાયન્તિથી તપ સાથે સંબંધ ક્રમસર જોડેલ છે, અને જ્ઞાનાદિચાર કારણયુક્ત મોક્ષમાર્ગની આરાધના સંવેગીજ કરી શકે, તેથી સંવેગને પ્રથમ સ્થાન ૭૩ બોલમાં યથાર્થરીતે આપ્યું છે.

**(૩૦) તપોમાર્ગ** :–સમ્યકૃત્વ પરાક્રમી સંચિત કર્મો બાળવા તપ અવશ્ય કરે જ, તેથી હવે તપનું સ્વરૂપ કહ્યું છે. તપના બે ભેદ છે: (૧) બાહ્ય, (૨) આભ્યંતર, તે દરેક છ પ્રકારે છે. બાહ્ય :– (૧) અનશન, (૨) ઉણોદરી, (૩) ભિક્ષાચર્યા, (૪) રસપરિત્યાગ, (૫) કાયક્લેશ અને (૬) પ્રતિસંલીનતા. આભ્યંતર :– (૧) પ્રાયશ્ચિત, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (સેવા કરવી), (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) કાઉસગ્ગ તે દરેકના પ્રકાર બતાવ્યા છે.

અનંતકાળથી પરિભ્રમણ કરતાં જીવાત્માને આઠે કર્મોના અનંત દળિયા વળગેલા હોય છે. તે તપ કર્યા સિવાય નાશ પામતા નથી. શરીરને તપાવ્યા સિવાય સુવર્ણની જેમ આત્માની પણ વિશુદ્ધિ થતી નથી કે શરીરની મમતા તુટતી નથી. તેથી કાયા ને આત્માનું જે તાદાત્મ્યપણું ભ્રાંતિથી સ્થપાયું છે. તે તપથી જ તુટે છે, ને આત્મા વિશુદ્ધ બની કર્મમુક્ત પરમાત્મા બને છે.

**(૩૧) ચરણવિધિ:**—તપ તો ચારિત્રવંત હોય તે કરે તેથી હવે ચારિત્રવંત સંયમી માટે વિધિનિષેધરૂપ ચરણવિધિના ૩૧ બોલ બતાવ્યા છે. તેમાંના કેટલાંક આદરવા યોગ્ય છે અને કેટલાય છોડવા યોગ્ય છે. ટુંકમાં અસંયમમાં નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ કરવાનું ફરમાવ્યું છે, જેથી રાગ-દ્વેષ જે કર્મબંધ અને સંસારચક્રનું મૂખ્ય કારણ છે. તે દૂર થાય અને સાધક ભવસાગર તરી જાય. સ્રી આદિની ૪ વિકથા, ક્રોધાદિ ૪ કષાય, આહારાદિ ૪ સંજ્ઞા ને આર્ત અને રૌદ્રધ્યાન, ૩ દંડ, ૩ ગારવ અને ૩ શલ્ય જે તજે તે સંસારમાં ન ભમે, અને જે છકાય જીવોની રક્ષા કરવારૂપ દયામય અહિંસાધર્મનું વિશુદ્ધ પાલન કરે તે પણ સંસારમાં ન ભમે, આ પ્રમાણે ૩૧ સ્થાનોનું નિરૂપણ છે.

**(૩૨) પમાયટ્ઠાણં-પ્રમાદના સ્થાનો** :—અપ્રમાદિ જ ચરણવિધિનું યથાર્થ પાલન કરે. તેથી હવે પ્રમાદના સ્થાનો જે મોક્ષસાધનામાં બાધારૂપ છે તેનું સ્વરૂપ બતાવી તે તજી દેવાનું આમાં ફરમાવ્યું છે. કર્મબંધના મૂખ્ય કારણ રાગ અને દ્વેષ છે, જે મોહથી પેદા થાય છે. આ મોહનીય કર્મ જ જન્મ—મરણરૂપી સંસારચક્રનું મૂળ છે, કારણ કે આ મોહજ પોતાને અર્થાત્ મોહનીયકર્મને અને બીજા સાતે કર્મોને બંધાવનારું છે. માટે મોહને દૂર કરવાનું ખાસ કહ્યું છે. પાંચે ઈંદ્રિયો ના વિષયોનું વિસ્તૃત વર્ણન કરી તેને જીતી જીતેન્દ્રિય બનવાનું ફરમાવ્યું છે, જેથી ભવરોગ મટે.

ધર્મારાધના સિવાયની બધી પ્રવૃતિને સર્વજ્ઞ તીર્થંકરે પ્રમાદ કહેલ છે.

**(૩૩) કમ્મપયડી-કર્મપ્રકૃતિ** :—પ્રમાદિ હોય તેજ

અશુભ કર્મો બાંધે અને ફળ સ્વરૂપે સંસારમાં ભમે, તેથી આમાં મૂખ્ય ૮ કર્મ (૧)જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય. (૬) નામ (૭) ગોત્ર અને (૮) અંતરાય કર્મ અને તે દરેકના પેટાભેદ, અર્થાત્ ઉત્તર પ્રકૃતિઓ કુલ ૧૪૮ બતાવી છે. તે કર્મોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સ્વરૂપ કહ્યું છે. જેને જાણીને જે સાધક સંવર વડે નવા બંધાતા કર્મને રોકે, અને તપ વડે સંચિત કર્મ બાળે તે મોક્ષે જાય.

આત્મસ્વરૂપની દૃષ્ટિએ સર્વ જીવો એક સરખા છે તેમ જૈનદર્શન કહે છે. પરંતુ કર્મબંધના લીધે તેમાં અનેક ભેદ થાય છે. સ્વભાવને છોડી જ્યારે આત્મા રાગ-દ્વેષાદિ વિભાવ પરિણતિમાં જાય છે, ત્યારે જીવાત્માને તેવા પ્રકારના કર્મના બંધ પડે છે, જેનું મૂળ કારણ સ્વરૂપ દશાનું અજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ છે. આત્માના સાચા સ્વરૂપને જે ઓળખવા ન દે તેને જ્ઞાનવરણીય કર્મ કહ્યું છે. (૧) પદાર્થના સામાન્ય બોધને ન થવા દે તેને "દર્શનાવરણીય કર્મ" કહ્યું છે. (૨) શાતા--અશાતાનો જે હેતુભૂત છે તે "વેદનીય કર્મ" છે. (૩) મદીરાના કેફની જેમ જે કર્મ મતિને મૂઢ બનાવી દે છે તે "મોહનીય" કર્મ છે. (૪) એક ભવનું આયુષ્ય જે નક્કી કરે છે તે આયુષ્ય કર્મ છે. (૫) જીવને ગતિ, જાતિ, શરીર, આકૃતિ, રૂપ આદિ આપનાર જે કર્મ છે તે "નામકર્મ" છે. (૬) ઊંચ અને નીચ ગોત્રના કારણભુત જે કર્મ છે તે "ગોત્રકર્મ" કહેવાય છે. (૭) અને આત્માના વીર્ય (શક્તિ)ને રોકનારૂં જે કર્મ છે તે "અંતરાય કર્મ" છે. (૮) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વેદનીય અને અંતરાય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની, મોહ-

નીચની ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની અને આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે. આ છએ કર્મની જઘન્ય સ્થિતિ એક અંતમુહૂર્તની છે. નામ અને ગોત્ર-કર્મની જઘન્ય ૮ મુહૂર્તની ને ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. (વિસ્તૃત વિવેચન માટે જુઓ પન્નવણાસૂત્ર પદ ૨૩ થી ૨૭).

(૩૪) **લેશ્યા** :– સામાન્યપણે જીવાત્માના અધ્યવસાય કે મનપરિણામોને અને વિશેષરૂપે કષાય અનુરંજિત મનપરિણામોને "લેશ્યા" કહી છે, તે છ છે :– કૃષ્ણ, નીલ, કાપોત, તેજોલેશ્યા, પદ્મ અને શુકલ લેશ્યા, તેમાં પહેલી ત્રણ અપ્રશસ્ત છે ને છેલ્લી ત્રણ પ્રશસ્ત છે. તેનું ૧૧ દ્વાર: નામ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાન સ્થિતિ, ગતિ અને આયુષ્ય દ્વારા આમાં વર્ણન કર્યું છે. આને કર્મલેશ્યા એટલા માટે કહી છે કે તે કર્મની સ્થિતિ ઉત્પન્ન કરે છે. જેવા રસે જીવે કર્મ બાંધ્યા હોય, તેવી લેશ્યા આયુષ્ય બે ઘડીનું બાકી રહે ત્યારે આવે છે. આને 'ચ્યવન' કહે છે. તેનાથી જીવ કઈ ગતિમાં જવાનો છે તેની ખબર પડે છે. જેવી લેશ્યા તેવા પ્રકારના કર્મ બંધાય છે. લેશ્યાના સ્વરૂપને જાણી અપ્રશસ્ત લેશ્યા છોડી પ્રશસ્ત લેશ્યાને ધારણ કરવાનું સમાપન કરતાં પ્રભુએ ફરમાવ્યું છે.

(૩૫) **અણગાર (સાધુ)** :– સાધુના લક્ષણ કહ્યા છે. અહિંસાદિ પંચમહાવ્રત યથાર્થ પાળે, સુઝતા નિર્દોષ આહારાદિ લે અને વિધિપૂર્વક વાપરે, બાવન અનાચારમાં એકપણ ન સેવે, કાયાની મમતા છોડી આત્મધ્યાનમાં લીન રહે, સોનુ અને માટીને એકસરખા માને, ક્રય–વિક્રયથી વિરમે ઇત્યાદિ ફરમાવ્યું છે.

(૩૬) **જીવાજીવવિભત્તી :** અણુગારનો માર્ગ ૩૫ માં કહીને સાચું સાધુપણું તો જીવાજીવના ભેદના જાણપણાથી જ આવે તેથી આમાં જીવા–જીવના ભેદ વિસ્તારથી બતાવ્યા છે. જીવાજીવના ભેદવિજ્ઞાનને જાણી જીવાદિ તત્ત્વોની પરમ શ્રદ્ધા તે જ "સમ્યગ્દર્શન" છે; અને સમ્યગ્દર્શન જ મોક્ષનું દ્વાર છે.

ટુંકમાં 'અજીવ'ના બે ભેદ રૂપી અને અરૂપી છે. રૂપી પુદ્‌ગલ (અજીવ)ના, સ્કંધ, દેશ. પ્રદેશ ને પરમાણુ એમ ૪ ભેદ છે, અને અરૂપીના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ ત્રણેના સ્કંધ, દેશ અને પ્રદેશ મળી કુલ ૯ ભેદ અને કાળ (અધ્ધા સમય)નો એક ભેદ ભેળવતા કુલ ૧૦ ભેદ છે. તે બધા મળી અજીવના કુલ ૧૪ ભેદનું વર્ણન છે.

જીવના સંસારી અને સિદ્ધ એમ બે ભેદ કહ્યા છે. સંસારી જીવના બે ભેદ (૧) ત્રસ ને (૨) સ્થાવર છે, સ્થાવરનાં (૧) પૃથ્વીકાય (૨) અપકાય ને (૩) વનસ્પતિકાય અને ત્રસના (૧) અગ્નિકાય, (૨) વાયુકાય ને (૩) ત્રસકાય એમ ત્રણ, ત્રણ ભેદ કહ્યા છે. તે બધાના અવાંતર ભેદો બતાવ્યા છે. પંચેન્દ્રિય જીવોના ૪ ભેદ (૧) નારકી (૨) તિર્યંચ પશુ–પક્ષી વિ. (૩) મનુષ્ય અને (૪) દેવ કહ્યા છે. અને તે દરેકના અવાંતર ભેદ બતાવ્યા છે. તે બધા ભેદો જાણી જે સાધક બધા જીવોની યથાર્થ દયા પાળે છે તે સમાધિમરણ પામે છે તેમ અંતભાગમાં કહ્યું છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં મુખ્યત્વે વિનયમૂલા સાધુધર્મનું નિરૂપણ કરીને સંસારની અસારતા, ઘણા મોક્ષગામી ભવ્યાત્માઓના ચરિત્ર દૃષ્ટાંતરૂપે આપીને બતાવેલ

છે. આ અસારતા જાણી, જિનવચનમાં શ્રદ્ધા રાખી જે દયામય અહિંસાધર્મનું પાલન કરશે તે અવશ્ય આત્મ-કલ્યાણ કરશે તેવો પરમાર્થને સાર આ અણમોલ સૂત્રનો છે.

॥ ઇતિ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર સમાપ્ત ॥

**(૩) નંદીસૂત્ર:–** ત્રીજું મૂળસૂત્ર છે. આખું સૂત્ર સળંગ છે. અધ્યયનો નથી. ૭૦૦ શ્લોક પ્રમાણ મૂળપાઠ છે.

મંગલાચરણરૂપે ભ. મહાવીર સ્વામીની સ્તુતિ કરીને નમસ્કાર કર્યા છે. પછી સંઘ, ૨૪ તીર્થંકર ભગવંતો, ૧૧ ગણધર, જિનપ્રવચન, તથા સુધર્મા સ્વામીથી દુષ્યગણી સુધીના ૩૧ સ્થવિરોની સ્તુતિ કરીને નમસ્કાર કર્યા છે. પછી ૧૪ પ્રકારના શ્રોતાઓ અને ત્રણ પ્રકારની પરિષદનું વર્ણન છે.

નંદીસૂત્ર ઉત્કાલિક અંગબાહ્ય આગમ છે. તેમાં મુખ્યત્વે (૧) આભિનિબોધિક કે મતિ (૨) શ્રુત, (૩) અવધિ (૪) મન:પર્યવ અને (૫) કેવળજ્ઞાન એમ પાંચ જ્ઞાનનું સ્વરૂપ વિસ્તારથી બતાવ્યું છે. આ પાંચ જ્ઞાનમાં પહેલા બે–મતિ ને શ્રુતજ્ઞાન "**પરોક્ષ જ્ઞાન**" અર્થાત્ ઈંદ્રિયોની સહાયતાથી થાય તેવા જ્ઞાન છે, અને પછીના ત્રણ '**પ્રત્યક્ષ જ્ઞાન**" અર્થાત્ ઇંદ્રિયોની સહાયતા વગર થાય તેવા લબ્ધિવાળા જ્ઞાન છે. આથી આ ભેદોને "ઇંદ્રિય પ્રત્યક્ષ" અને "નોઇંદ્રિય પ્રત્યક્ષ" પણ કહ્યા છે. ઇંદ્રિયપ્રત્યક્ષના (૧) શ્રોત્રેંદ્રિય, (૨) ચક્ષુઇંદ્રિય, (૩) ઘ્રાણેંદ્રિય (૪) રસનેંદ્રિય અને (૫) સ્પર્શેન્દ્રિય પ્રત્યક્ષ એમ પાંચ ભેદ કર્યા છે અને "નોઇંદ્રિય પ્રત્યક્ષ" ના (૧) અવધિ (૨) મનપર્યવ અને (૩) કેવળજ્ઞાન એમ ત્રણ ભેદ કહ્યા છે.

પછી ત્રણ પ્રત્યક્ષ જ્ઞાનનું સ્વરૂપ પહેલા કહ્યું છે.

**(૧) અવધિજ્ઞાન** –: જે જ્ઞાનની સીમા હોય અને માત્ર રૂપી પદાર્થોને જ જાણે છે તે અવધિજ્ઞાન છે. તેનો વિષય રૂપ, રસ, ગંધ અને સ્પર્શયુક્ત પદાર્થો જ છે. અરૂપી પદાર્થો જેવા કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ ને જીવ (આત્મા)ને જાણી શકતું નથી. માત્ર પુદ્ગલ દ્રવ્યને જ છ દ્રવ્યોમાં જાણે છે.

તે બે પ્રકારનું છે (૧) **ભવ પ્રત્યયિક** જે જન્મથી જ હોય છે. તે દેવો ને નારકીનું અને (૨) ક્ષાયોપશમિક એટલે કે અવધિજ્ઞાનને રોકનાર કર્મોમાંથી જેનો ઉદય થયો હોય, તેમનો ક્ષય થાય છે અને જે હજી ઉદયમાં નથી આવ્યા, તે ઉપશમ પામે છે તે ક્ષાયોપશમિક કહેવાય છે. જે ગર્ભ જ મનુષ્ય અને તિર્યંચોને તપસમંયમાદિની આરાધનાથી પ્રગટે છે, જો કે તીર્થંકર ભગવંતોને જન્મથી જ નિયમા ત્રણ જ્ઞાન મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હોય છે. તેને ગુણપ્રત્યય પણ કહે છે.

ક્ષાયોપશમિક અવધિજ્ઞાનના છ પ્રકાર છેઃ–

(૧) અનુગામીઃ–જે સ્થળે જીવને અવધિજ્ઞાન ઉપજે છે, ત્યાંથી બીજા સ્થળે જાય તો પણ સાથે જાય તે.

(૨) અનનુગામીઃ– ઉત્પત્તિક્ષેત્ર સિવાય બીજે જતાં જતું રહે તે.

(૩) વર્ધમાનઃ– ઉપજયા પછી અનુક્રમે વધતું જાય.

(૪) હીયમાન–ઉપજયા પછી અનુક્રમે ઘટતું જાય.

(૫) પ્રતિપાતીઃ–ઉપજ્યા પછી વળી ચાલ્યું જાય, નાશ પામે.

(૬) અપ્રતિપાતીઃ—ઉપજ્યા પછી સદા ટકી રહે.

આ છએ પ્રકારના ભેદાનુંભેદ કહ્યા છે.

ટુંકમાં અવધિજ્ઞાની નીચે પ્રમાણે જાણે દેખે છે.

(૧) દ્રવ્યથી-જઘન્ય અનંત રૂપી દ્રવ્યોને અને ઉત્કૃષ્ટા બધા રૂપી દ્રવ્યોને જાણે છે ને દેખે છે.

(૨) ક્ષેત્રથી— જઘન્ય આંગળના અસંખ્યાતમાં ભાગને અને ઉત્કૃષ્ટા અલોકમાં લોકપ્રમાણ અસંખ્યાત ખંડોને જાણે છે અને દેખે છે.

(૩) કાળથી—જઘન્ય આવલિકાના અસંખ્યાતા ભાગને અને ઉત્કૃષ્ટા ઉત્સર્પિણી અને અવસર્પિણીના અતીત અને અનાગત (ભવિષ્ય) કાળને જાણે ને જુએ છે.

(૪) ભાવથી— જઘન્યથી જઘન્ય અનંત પર્યાયો ને તથા ઉત્કૃષ્ટા પણ ઉત્કૃષ્ટ અનંત પર્યાયોને જાણે તથા દેખે છે. ("અનંત" અનંત પ્રકારનો હોય છે. તેથી જઘન્યને ઉત્કૃષ્ટ અનંતમાં કોઈ વિરોધાભાસ નથી. શાસ્ત્રમાં ૯ પ્રકારના અનંત કહ્યા છે.) અને સર્વભાવોના અનંતમાં ભાગને જાણે છે અને દેખે છે.

**(૨) મનઃપર્યવજ્ઞાનઃ**—માત્ર અપ્રમત્ત, સમ્યગ્દૃષ્ટિ, પર્યાપ્તા, સંખ્યાતા વર્ષના આયુવાળા કર્મભૂમિના સંયમી સાધુને જ થાય છે. તેનાથી સામી વ્યક્તિના મનોભાવને જાણી શકાય છે.

માનવીનું મન એક પૌદ્ગલિક જડ દ્રવ્ય છે. માનવી જ્યારે વિચાર કરે છે ત્યારે તેના મનની પર્યાયો (અવસ્થા ધારા) વિચાર પ્રમાણે પલટાયા કરે છે. મનપર્યવજ્ઞાની મનની તે વિવિધ જડ પર્યાયોનો પોતાના આત્મા દ્વારા સાક્ષાત્કાર કરી પ્રત્યક્ષ કરીને તેના મનોભાવને જાણી લે છે. તે મનઃ-

પર્યવ જ્ઞાન છે. આમાં જ્ઞાતા સાક્ષાત આત્મા છે અને જાણવાનો વિષય મન છે.

તે બે પ્રકારનું છે (૧) ઋજુમતિ (૨) વિપુલમતિ

ઋજુમતિ કરતાં વિપુલમતિ વધુ વિશુદ્ધ હોય છે, અને મનના સૂક્ષ્મ પરિણામોને પણ જાણી શકે છે. ઋજુમતિ પ્રતિપાતી અર્થાત્ થયા પછી નાશ પણ પામે છે. પરંતુ વિપુલમતિ અપ્રતિપાતી છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી ટકી રહે છે.

બંને પ્રકારનું ચાર પ્રકારે સ્વરૂપ કહ્યું છે :–

(૧) દ્રવ્યથી–ઋજુમતિ અનંતપ્રદેશી અનંત સ્કંધોને જાણે અને દેખે છે. જ્યારે વિપુલમતિ તેનાથી વધુ વધારે સ્પષ્ટ, વિશુદ્ધ; અને વિપુલ જાણે–દેખે છે.

(૨) ક્ષેત્રથી–ઋજુમતિ ઓછામાં ઓછા આંગળના અસંખ્યાતમાં ભાગને, અને વધુમાં વધુ નીચે રત્નપ્રભા પૃથ્વી (નરક)ના છેલ્લા પ્રતર સુધી અને ઉપર જ્યોતિષી વિમાનના ઉપરિતલ પર્યંત અને તીરછીલોકમાં અઢીદ્વીપના સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોના મનોગત ભાવોને જાણે–દેખે અને વિપુલમતિ તેજ ક્ષેત્રને અઢી આંગળ અધિક, વિપુલ વિશુદ્ધ તથા સ્પષ્ટ જાણે–દેખે છે.

(૩) કાળથી–ઋજુમતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ભૂત તથા ભવિષ્યને જાણે–દેખે, વિપુલમતિ તેથી કંઈક વધારે અને, વિશુદ્ધ, અને સ્પષ્ટ જાણે–દેખે.

(૪) ભાવથી–ઋજુમતિ અનંત ભાવોને, અને સર્વભાવોના અનંતમા ભાગને જાણે–દેખે, વિપુલમતિ કંઈક વધુ, વધારે વિશુદ્ધ ને સ્પષ્ટ જાણે–દેખે.

(૩) **કેવળજ્ઞાન** :– જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતી કર્મો નાશ પામવાથી, જે એક અખંડ, અપ્રતિઘાતી, આત્મ-જ્ઞાન અંતરમાં પ્રગટે છે, તેને "કેવળજ્ઞાન" કહ્યું છે. તેના વડે કેવળી ભગવંત દ્રવ્યથી સર્વ પદાર્થો અને તેની પર્યાયોને, ક્ષેત્રથી, સર્વક્ષેત્ર અર્થાત્ લોકાલોકને, કાળથી, ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ સર્વ કાળને, અને ભાવથી સર્વ ભાવોને જાણે છે ને દેખે છે. તે પ્રત્યક્ષ જ્ઞાન છે. મન અને ઇંદ્રિયોની સહાયતાની પછી જરૂર પડતી નથી. તેમાં બધા જ્ઞાન સમાય છે.

અપેક્ષા દૃષ્ટિએ તેના અવાંતર ભેદો બતાવ્યા છે.

**પરોક્ષજ્ઞાન : (૧) આભિનિબોધિક કે મતિજ્ઞાન ને (૨) શ્રુતજ્ઞાન :–**

(૧) **મતિજ્ઞાન** :– મતિ વડે જાણે તે મતિજ્ઞાન.

(૨) **શ્રુતજ્ઞાન** :– સાંભળવાથી થયેલું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. તે બંનેના બબ્બે ભેદ છે (૧) સામાન્ય, (૨) વિશેષ. સામાન્ય પ્રકારે થાય તે "મતિ" ને "શ્રુત" કહીએ. વિશેષ પ્રકારે થાય તે (૧) મતિજ્ઞાન ને (૨) મતિ અજ્ઞાન અને (૧) શ્રુતજ્ઞાન અને (૨) શ્રુતઅજ્ઞાન કહેવાય. સમ્યગ્દૃષ્ટિના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કહેવાય. મિથ્યાદૃષ્ટિના મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન કહેવાય.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન સહચારી છે. બંને સાથે હોય ત્યારે મતિજ્ઞાન પહેલા હોય અને શ્રુતજ્ઞાન પછી હોય છે, પહેલા મતિ વડે શ્રુત ગ્રહણ કરે અને પછી ફરી કહી સંભળાવે ત્યારે કહેનારનું મતિને સાંભળનારનું શ્રુતજ્ઞાન કહેવાય. આમ મતિજ્ઞાન પહેલું હોય અને શ્રુત પછી થાય.

મતિજ્ઞાનને સિદ્ધાંતમાં **"આભિનિબોધિક જ્ઞાન"** કહ્યું છે, ઈંદ્રિયો અને મન વડે જે બોધ (જ્ઞાન) થાય છે તે "આભિનિબોધિક જ્ઞાન" છે.

મતિજ્ઞાનના બે ભેદ :–(૧) શ્રુત નિશ્રીત (૨) અશ્રુત નિશ્રીત.

(૧) શ્રુત નિશ્રીત :– તે સાંભળ્યા વચનને અનુસારે મતિ વિસ્તારે.

(૨) અશ્રુત નિશ્રીત :–તે નહિ સાંભળ્યું, નહિ જોયું હોય તો પણ તેમાં મતિ વિસ્તરે, તેના ચાર ભેદ છે :–(૧) ઉત્પાતિકા, (૨) વૈનયિકા, (૩) કાર્મિકા અને (૪) પારિણામિકા. આ ચારે" બુદ્ધિ" કહેવાય છે.

(૧) ઔત્પાતિકી બુદ્ધિ :– પૂર્વે નહિ જોયેલું કે નહિ સાંભળેલું હોય છતાં બુદ્ધિ ઉપજે તે.

(૨) વૈનયિકી બુદ્ધિ :– ગુર્વાદિની વિનય ભક્તિ કરવાથી બુદ્ધિ ઉપજે અને શાસ્ત્રોના અર્થ રહસ્યાદિ સમજાય તે કે કુશળતા.

(૩) કાર્મિકા બુદ્ધિ :–અભ્યાસ વડે જે બુદ્ધિ કે કુશળતા આવે તે.

(૪) પારિણામિકા બુદ્ધિ :– જે અનુમાન, હેતુ અને દષ્ટાંતથી વિષયને સિદ્ધ કરે તે બુદ્ધિ. વય વધવાની સાથે પરિપકવ થાય અને આ લોકમાં ઉન્નતિ અને પરલોકમાં જે મોક્ષ અપાવનારી છે.

આ ચારે બુદ્ધિના દષ્ટાંતો આપ્યા છે.

શ્રી અભયકુમાર આ ચારે બુદ્ધિના ધણી હતા.

શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૪ ભેદ (૧) અવગ્રહ, (૨) ઈહા, (૩) અવાય અને (૪) ધારણા છે.

અવગ્રહના ૨ ભેદ (૧) અર્થાવગ્રહ અને (૨) વ્યંજનાવગ્રહ છે. વ્યંજનાવગ્રહ એટલે શબ્દાદિ જે પુદ્દગલો શ્રોત્રાદિ ઇંદ્રિયોને વિષે સામા આવીને તેમાં પડે અને ઇંદ્રિયો તે પુદ્દગલોને ગ્રહે તેને "વ્યંજનાવગ્રહ" કહેવાય. ચક્ષુ ઇંદ્રિય અને મન એ બેને વ્યંજનાવગ્રહ નથી કારણકે તે બંને પુદ્દગલોની સામા જઈને તેમને ગ્રહણ કરે છે. રૂપના પુદ્દગલો સામા આવીને તેમાં પડતા નથી, તેથી બાકીની ચાર ઇંદ્રિયોને વ્યંજનાવગ્રહ છે. તે આ રીતે શ્રોત્રેંદ્રિય કાને કરી શબ્દના પુદ્દગલોને, ઘ્રાણેંદ્રિય નાક વડે ગંધના, રસેંદ્રિય જીભ વડે રસના, અને સ્પર્શેંદ્રિય ચામડી વડે સ્પર્શના પુદ્દગલોને ગ્રહણ કરે છે.

અર્થાવગ્રહના છ ભેદ છે:-(૧) શ્રોતેંદ્રિય અર્થાવગ્રહ તે કાને કરી શબ્દના અર્થને, (૨) ચક્ષુઇંદ્રિય અર્થાવગ્રહ તે આંખે કરી રૂપના અર્થને, (૩) ઘ્રાણેંદ્રિય અર્થાવગ્રહ તે નાકે કરી ગંધના અર્થને, (૪) રસેંદ્રિય અર્થાવગ્રહ તે જીભ વડે રસના અર્થ (સ્વાદ) ને (૫) સ્પર્શેંદ્રિય અર્થાવગ્રહ તે શરીર (ચામડી) વડે સ્પર્શના અર્થને અને નોઇંદ્રિય અર્થાવગ્રહ તે મન વડે દરેક પદાર્થના અર્થને ગહણ કરે છે.

આમ અવગ્રહના કુલ ૧૦ ભેદ છે. અર્થાવગ્રહ પ્રમાણે ઈહા, અવાય, ને ધારણાના પણ છ, છ ભેદો થાય છે. આ પ્રમાણે મતિજ્ઞાનના કુલ ૨૮ ભેદ થાય છે.

અવગ્રહનો કાળ એક સમય પૂરતો છે, તે અસંખ્યાતા સમયથી પ્રવેશતા પુદ્દગલોને છેલ્લા સમયે જાણે, જે મને કોઈક બોલાવે છે, પછી "ઈહા" મતિજ્ઞાનમાં પ્રવેશ કરે તેનો કાળ અંતઃમુહૂર્તનો છે, તે સમય દરમ્યાન વિચાર ચાલ્યા

કરે કે જે મને બોલાવે છે, તે આ હશે કે બીજા, પણ હજી નિશ્ચય થાય નહિં, પછી "અવાય" આવે ને નિશ્ચય થાય કે મને ફલાણા જ બોલાવે છે. તેનો કાળ પણ અંતમુંહૂર્તનો જ છે. પછી "ધારણા" થાય કે આ અમુક ભાઈ નો જ શબ્દ છે, કે અમુક ગંધાદિ છે. તેનો કાળ સંખ્યાતા કે અસંખ્યાતા વર્ષ સુધીનો છે, કે અમુક વેળાએ અમુક ભાઈના શબ્દો સાંભળ્યા હતા. આમ ધારી યાદ રાખવું તે "ધારણા" છે.

મતિજ્ઞાન સમુચ્ચયરૂપે ૪ પ્રકારનું છે :–(૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી અને (૪) ભાવથી. દ્રવ્યથી મતીજ્ઞાની સર્વ પદાર્થોને સામાન્યથી ઉપદેશે કરી જાણે પણ દેખે નહિ, ક્ષેત્રથી સર્વક્ષેત્રનીવાત, કાળથી સર્વકાળની વાત, ભાવથી સર્વભાવની વાત, સામાન્યપણે ઉપદેશે કરી જાણે પણ દેખે નહિ. ઇતિ મતિજ્ઞાન સંપૂર્ણ.

**શ્રુત (સૂત્ર) જ્ઞાન** :–૧૪ ભેદ છે:–(૧) અક્ષરશ્રુત, (૨) અનક્ષર, (૩) સંજ્ઞી, (૪) અસંજ્ઞી, (૫) સમ્યક્, (૬) મિથ્યા, (૭) સાદિક, (૮) અનાદિક (૯) સપર્યવસિત, (૧૦) અપર્યવસિત, (૧૧) ગમિક, (૧૨) અગમિક, (૧૩) અંગપ્રવિષ્ટ અને (૧૪) અનંગપ્રવિષ્ટ કે અંગ બાહ્ય શ્રુત.

અક્ષરશ્રુતના (૧) સંજ્ઞાક્ષર, (૨) વ્યંજનાક્ષર અને (૩) લબ્ધિ અક્ષર આમ ૩ ભેદ છે.

સંજ્ઞાક્ષર તે ક, ખ, આદિકક્કા જ્ઞાન, વ્યંજન અક્ષરશ્રુત તે કાનો, માત્રાદિની સંયોજનાએ કરી બોલવું. અર્થાત્ બારાખડી વડે શબ્દ કે વાક્યો બોલવા તે, અને લબ્ધિ અક્ષરશ્રુત તે શ્રોત્રેદ્રિંય આદિ પાંચ ઈંદ્રિયો અને મનની લબ્ધિથી અક્ષરજ્ઞાન થાય તે છ ભેદે છે.

અનક્ષર શ્રુત અનેક પ્રકારે છે. તે અક્ષરના ઉચ્ચારણ કર્યા વિના છીંક, ખાંસી, બગાસા, ઢોલ, નગારા, આદિનો શબ્દ (અવાજ). અનક્ષરીવાણી છે, માટે અનક્ષરશ્રુત કહેવાય.

સંજ્ઞી શ્રુતના ૩ ભેદ (૧) સંજ્ઞી કાલિકોપદેશ, (૨) સંજ્ઞી હેતુપ્રદેશ ને (૩) સંજ્ઞી દષ્ટિવાદોપદેશ. કાલિકોપદેશ એટલે શ્રુત સાંભળીને વિચારે, નિર્ણય કરે, અર્થને ગવેષે, પરમાર્થને ગવેષે, ચિંતન કરે અને નિશ્ચય કરી ફરી વિચારે તે છ ભેદે સંજ્ઞી જીવને હોય તે. (૨) હેતુપદેશ અર્થાત્ તેને સંજ્ઞી ધારી રાખે, અને (૩) દષ્ટિવાદોપદેશ એટલે ક્ષયોપશમભાવે સાંભળે, હેતુ કે અર્થ સહિત ભણે, ભણાવે, તે. આનાથી વિપરીત (ઉલટા) ભેદવાળું અસંજ્ઞીશ્રુત છે. તે સાંભળે પણ વિચારે નહિ, (૨) ધારી રાખે નહિ, (૩) ક્ષયોપશમભાવે ભણે ભણાવે નહિ કારણ કે જીવ અસંજ્ઞી (મન વગરનો) છે, એટલે અસંજ્ઞી શ્રુત.

(૫) સમ્યક્ શ્રુત :–તે સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર પ્રણીત તથા ગણધર ગુંથીત તે દ્વાદશાંગીરૂપ આગમ. સમ્યક્દષ્ટિ માટે સ્વશ્રુત અને પરશ્રુત પણ સમ્યગ્શ્રુત છે. કારણ કે પરશ્રુતમાંથી પણ જિનવચનથી વિપરિત ન હોય તેવો બોધ લે છે ને આપે છે જ્યારે મિથ્યાદષ્ટિને સ્વશ્રુત પણ મિથ્યારૂપે પરિણમે છે, કારણ કે માન્યતા જ જિનવચનથી વિપરીત છે, સમ્યક્ શ્રુત સિવાયના જે શાસ્ત્રો કે ગ્રન્થો છે તે મિથ્યાશ્રુત છે તે જ્યોતિષ વિ. વિ. (૭–૧૦) આ ચારેનો ભાવાર્થ સાથે છે. પૂર્વોક્ત દ્વાદશાંગી જ્યારે આંતરામાં ભરતાદિ ક્ષેત્રોમાં વિચ્છેદ જાય તે અપેક્ષાએ આદિ–સપર્યવસિત (સાંત) છે, અને મહાવિદેહાદિ ક્ષેત્રોમાં સદાકાળ છે તે અપેક્ષાએ અનાદિ અપર્યવસિત, અગર પર્યાયાર્થિક

નયની અપેક્ષાએ સાદિ- સાંત, અને દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અનાદિ-અપર્યવસિત (અનંત) છે. (૧૧-૧૨) જે સૂત્રમાં ઘણા સરખા પાઠો હોય તે "ગમિકશ્રુત" કહેવાય જેમકે દૃષ્ટિવાદ, તેથી ઉલટા જેમાં વિવિધ પાઠ હોય તે આગમિક શ્રુત જેમકે આચારાંગાદિ ૧૧ અંગસૂત્રો. (૧૩-૧૪) અંગપ્રવિષ્ટ તે દ્વાદશાંગીરૂપ બાર અંગસૂત્રો, અને અંગબાહ્ય તે ઉપાંગાદિ બાકીના સૂત્રો જેનું વિસ્તૃત વર્ણન આગળ આપ્યું છે.

શ્રુતજ્ઞાન સમુચ્ચય ૪ પ્રકારે છે. (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી, અને (૪) ભાવથી, તે દ્રવ્યથી ઉપયોગે કરી સર્વ દ્રવ્યને, ક્ષેત્રથી સર્વ ક્ષેત્રને, કાળથી સર્વકાળની વાતને અને ભાવથી સર્વભાવ જાણે અને દેખે.

**જ્ઞાન મેળવવાની વિધિ** :-પ્રથમ ભણતી વખતે ગુરૂ કહે તે એકાગ્ર ચિત્તે સાંભળવું, પછી સંશય થાય કે ન સમજાય તે ગુરૂને પૂછી સમજવું, પછી તેના પર ચિંતન કરવું. આ વિધિથી સૂત્રાર્થના પારગામી બનીને ઉત્તર ગુણોની પ્રાપ્તિ કરે. પછી શ્રોતાઓને સૂત્રાર્થ આદિ પ્રકાશે.

## (૪) અનુયોગદ્વાર સૂત્ર ચોથું મૂળસૂત્ર છે.

એક શ્રુતસ્કંધ છે. ૪ દ્વાર છે. ૧૮૯૯ શ્લોકપ્રમાણ મૂળ પાઠ છે. ૧૫૨ ગદ્યસૂત્ર અને ૧૪૩ પદ્યસૂત્ર છે.

**વ્યાખ્યા** :-અનુયોગ અનુ+યોગ એમ બે શબ્દનો સમાસ છે. અનુ=સૂત્રની કે શબ્દની સાથે, "યોગ"=અર્થનો સંબંધ કરવો અર્થાત્ શબ્દનો અર્થની સાથે સંબંધ જોડવો એટલે કે સૂત્રનો અર્થ જેનાથી સમજાય તે **"અનુયોગ"** **તે ચાર પ્રકારે છે. (૧) દ્રવ્યાનુયોગ,** (૨) ગણિતા-

નુયોગ, (૩) ચરણકરણાનુયોગ, અને (૪) ધર્મકથાનુયોગ.

અથવા તીર્થંકર પ્રથમ "અર્થ"રૂપી ત્રિપદીરૂપ વચન બોલે જે સાંભળી ગણધર ભગવંતો દ્વાદશાંગીરૂપ સૂત્રોની રચના કરે, તેથી "સૂત્ર" શબ્દ "અર્થ"ની પછી આવે છે. તેથી સૂત્ર "અનુ" કહેવાય છે. આ "અનુ" શબ્દનો "અર્થ"ની સાથે યોગ કરવો તે "અનુયોગ" છે, ટુંકમાં શબ્દોની વ્યાખ્યા કે વિવરણ કરવું તે "અનુયોગ" છે.

અનુયોગ એટલે જીવાદિ તત્ત્વોનું તત્ત્વજ્ઞાન, અને તત્ત્વજ્ઞાન એ સર્વાંગી સંપૂર્ણ જ્ઞાન છે, જ્યારે વિજ્ઞાન એ તત્ત્વજ્ઞાનને પામવાનો પાયો છે, જીવ અને અજીવ, એટલે કે ચેતન અને જડનું વિજ્ઞાન જૈનદર્શનમાં તત્ત્વજ્ઞાનરૂપ છે. જીવનું સ્વરૂપ અને તેને થતાં અજીવ પુદ્ગલોરૂપી કર્મ-બંધને અનુલક્ષી અજીવરૂપ અન્ય દ્રવ્યોનું જે જ્ઞાન-વિજ્ઞાન તે દ્રવ્યાનુયોગમાં રહેલું છે, તે છ દ્રવ્યો (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) કાળ, (૫) પુદ્ગલાસ્તિકાય, અને (૬) જીવાસ્તિકાય—જે ત્રણે કાળ જેમાં વિદ્યમાન છે તેને લોક કહેવાય છે. છએ દ્રવ્ય અને લોકની પરિમાણયુક્ત ગણના જેમાં કરી છે તે "ગણિતાનુયોગ" છે. તે છ દ્રવ્યોના સ્વરૂપને યથાર્થ જાણી આત્મા (જીવ)નું શુદ્ધ સ્વરૂપ પામવાની જે વિધિ કહી છે તે "ચરણકરણાનુયોગ" છે, અને તે પામનારાના દૃષ્ટાંતો જેમાં કહ્યા છે તે "ધર્મ-કથાનુયોગ" છે.

આ ચાર અનુયોગમાં સમગ્ર જૈનસૂત્રોનું વિભાજન થયું છે.

આગમસૂત્રોમાં નંદીસૂત્ર પછી અનુયોગદ્વાર આવે છે. તેનું કારણ એ છે કે જેમ પાંચ જ્ઞાનરૂપી "નંદી" મંગળસ્વરૂપ છે, તેવી જ રીતે અનુયોગદ્વાર સૂત્ર પણ બધા આગમોને અને એની વ્યાખ્યાઓને સમજવાં માટે ચાવીરૂપ છે, આમ આ બંને સૂત્ર એક બીજાના પૂરક છે. સૂત્રોના વર્ગીકરણમાં આ બંને સૂત્રોનું સ્થાન "ચુલિકા વર્ગમાં" રાખવામાં આવેલ છે. જેવી રીતે મંદીર ધજાથી શોભે છે તેવી રીતે આગમ મંદીર પણ નંદી ને અનુયોગ દ્વારરૂપ ચુલિકાથી દીપે છે

મંગલાચરણ મતિ આદિ પાંચ જ્ઞાનના નામ આપીને કરેલ છે. (૧) "આભિનિબોધિક કે મતિજ્ઞાન" સન્મુખ આવેલા પદાર્થને મર્યાદાપૂર્વક જાણે કે વિષયને સાંભળે(૨) સાંભળીને પદાર્થનું સ્વરૂપ જાણે તે "શ્રુતજ્ઞાન". આ બંને જ્ઞાન ઇંદ્રિયો અને મનની સહાયતાથી જ થાય તેથી "પરોક્ષ" કહ્યા છે. (૩)અવધિજ્ઞાન ક્ષેત્ર ને કાળની મર્યાદાપૂર્વક રૂપી પદાર્થોને જાણે–દેખે (૪) મનઃ પર્યવ કે મનઃપર્યાય જ્ઞાન મનમાં ચિંતવેલા પદાર્થ (વિચાર)ને જાણે અને(૫) સંપૂર્ણ લોકાલોકના સર્વ પદાર્થોને સર્વ પર્યાયોને ભાવોથી જાણે–દેખે તે કેવળજ્ઞાન.

પાંચ જ્ઞાનના નામ આપીને પરમ ઉપકારી શ્રુતજ્ઞાનનું વિસ્તારથી નિરૂપણ કર્યું છે. કારણ કે શ્રુતજ્ઞાનનો જ "ઉદ્દેશ" (ભણવાની આજ્ઞા) "સમુદ્દેશ" (શિષ્યાદિના ભણતરનું સ્થિરીકરણ કરવું) "અનુજ્ઞા" (બીજાને ભણાવવાની આજ્ઞા કરવી) અને "અનુયોગ" (વિસ્તારથી સૂત્રાર્થની વ્યાખ્યા કરવી) થાય છે. જ્યારે બાકીના ચારે જ્ઞાનના આ ઉદ્દેશાદિ થતાં નથી. તેથી સ્વહિતકારી હોવા છતાં પરને ઉપકારી

નીવડતા નથી. કેવળજ્ઞાની પણ શ્રુતજ્ઞાન વડે જ અન્યને બોધ આપી શકે છે.

પછી આવશ્યક સૂત્રનું દૃષ્ટાંત આપી વ્યાખ્યા પદ્ધતિ કેવી હોવી જોઈએ તે કહ્યું છે. તેમાં આવશ્યક સૂત્ર એક શ્રુતસ્કંધ છે. તેના છ અધ્યયન છે. તેના નામ અને આવશ્યક શબ્દની વ્યાખ્યા આપી છે. પણ આવશ્યક સૂત્રના પદ કે અર્થ આપ્યા નથી. આથી સ્પષ્ટ થાય છે કે અનુયોગદ્વાર સૂત્ર મુખ્યતાએ અનુયોગની વ્યાખ્યાઓના દ્વારોનું નિરૂપણ કરનાર સૂત્ર છે. પણ અન્ય સૂત્રોના પદ ને અર્થ આપનાર શાસ્ત્ર નથી. આજ પદ્ધતિ બધા આગમોની વ્યાખ્યા કરવામાં પણ અપનાવેલી છે.

પછી "આવશ્યક" ને (૧) નામ, (૨) સ્થાપના (૩) દ્રવ્ય અને (૪) ભાવ નિક્ષેપા પર ઉતારી તેનું સ્વરૂપ બતાવ્યું છે. આ પ્રમાણે શ્રુતજ્ઞાનનો મહિમા અને દ્રવ્ય અને ભાવ આવશ્યકનું સ્વરૂપ બતાવીને પછી ઉપક્રમ અર્થાત્ સૂત્રમાં આવેલ વિષયોને ક્રમરૂપથી અનુક્રમથી નિક્ષેપ કરવા તે છ ભેદે (૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર (૫) કાળ ને (૬) ભાવોપક્રમથી બતાવેલ છે. આનુપૂર્વી દશ ભેદે કહી છે. પછી સમાવતાર અનુગમ એટલે કે આનુપૂર્વી વિ. જે દ્વારો છે તેના વડે વિચારણા કરી સામાયિક વગેરે છ અધ્યયનોની યોજના કરવી, પછી નામાનુપૂર્વીમાં નામના એક બે, યાવત્ દશ નામ બતાવ્યા છે. પછી ઔદયિક આદિ છ ભાવ, ૭ સ્વર, ૮ વિભક્તિ, ૯ રત્ન પ્રમાણ, ૩ પ્રકારના અંગુલ, પલ્યોપમ અને સાગરોપમનું માપ ઔદારિક આદિ ૫ શરીર, ગર્ભજ મનુષ્યની સંખ્યા, પ્રમાણ, નય, સંખ્યાત, અસંખ્યાત અનંત, સાધુની ૮૪ ઉપમા,

સામાયિકના દ્રવ્ય ને ભાવ સામાયિકના ભેદ, સામાયિકના પ્રશ્નોતર, સાધુના લક્ષણુ ઇત્યાદિનું કથન છે.

સામાયિક :– પછી દ્રવ્ય અને ભાવ સામાયિકનું સ્વરૂપ કહ્યું છે. ઉપયોગ રહિત અને ચંચળચિત્તે સામાયિકના પાઠ બોલી જઈ કરે તે "દ્રવ્ય સામાયિક" કહેવાય (પ્રતિક્રમણનું પણ તેમજ સમજવું). ભાવ સામાયિક બે પ્રકારે (૧) આગમ ભાવ સામાયિક ને (૨) નોઆગમ ભાવ સામાયિક છે. સામાયિકના સૂત્રાર્થનો જાણકાર ઉપયોગ સહિત વિધિપૂર્વક સામાયિક કરે તે આગમથી ભાવ સામાયિક છે અને (૨) જે સામાયિકને વિધિપૂર્વક કરીને કે સામાયિક બાંધ્યા વગર પણ પોતાના આત્માને સંયમ, નિયમ ને તપમાં સર્વ સાવદ્ય યોગ ભાવથી તજીને, સ્થાપે તેને કેવળી ભગવંતે સામાયિક કહી છે અને તેવી સામાયિકને શાસ્ત્રમાં "નોઆગમ ભાવ સામાયિક" કહી છે. (૨) જે જીવાત્મા ત્રસ સ્થાવર આદિ સર્વ જીવો પ્રત્યે સમભાવ ધારણ કરે છે, તેને "સામાયિક" જ છે. તેમ કેવળી ભગવંત કહે છે.

અનુયોગના ચાર દ્વાર (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ અને (૪) નય છે. આ ચારમાં ઉપક્રમની ચર્ચા વિસ્તારથી કરવામાં આવી છે. બાકીના ત્રણ દ્વારનું કથન સંક્ષેપમાં કર્યું છે. આ પ્રમાણે આ સૂત્રમાં મહત્વના જૈન પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરવામાં આવી છે. તેથી જિનાગમના રહસ્યને પામવા માટે આ શાસ્ત્ર ઘણું ઉપયોગી છે.

" ઈતિ અનુયોગદ્વાર સૂત્ર સમાપ્ત "

ચાર છેદસૂત્ર

**નામ:- (૧) નિશીથ (૨) વ્યવહાર (૩) બૃહતકલ્પ ને (૪) દશાશ્રુતસ્કંધ**

**વ્યાખ્યા:-નિશીથભાષ્યમાં છેદસૂત્રોને ઉત્તમ કહ્યા છે** કારણકે તેમાં પ્રાયશ્ચિત વિધિનું નિરૂપણ છે, તેનાથી ચારિત્રની-આચારધર્મની વિશુદ્ધિ થાય છે. જિનાજ્ઞાની વિરાધનાથી બચી જવાય છે. સાધુ સંયમનો સાચો આરાધક બને છે, જે વડે સાધુ યથાર્થ આરાધના કરી, ઉત્કૃષ્ટ ભાવે સંયમ ચારિત્ર પાળી મોક્ષ સન્મુખ બને છે, તેથી ટૂંકમાં છેદસૂત્રો સાધુ-સાધ્વીજી માટે જૈન આચારધર્મની ચાવી સમાન છે, દિવાદાંડી સમાન મોક્ષમાર્ગપ્રદર્શક છે, અને જૈન વિચારનો એટલે કે જિનાજ્ઞાનો અનુપમ ભંડાર છે.

જૈન સંસ્કૃતિનો સાર શ્રમણ (સાધુ) ધર્મ છે. સાધુધર્મની સિદ્ધિ માટે આચારધર્મની નિરતિચાર વિશુદ્ધ સાધના અનિવાર્ય છે. આચારધર્મની વિશુદ્ધ આરાધના માટે છેદસૂત્રોનું અધ્યયન (જ્ઞાન) અને જિનાજ્ઞાનું ઉત્કૃષ્ટ ભાવે પાલન અતિ આવશ્યક છે. કારણકે તેના વડેજ સાધક પરમપદને પામી શકે છે. તેથીજ સામાયિક ચારિત્ર અંગીકાર કર્યા પછી "છેદોપસ્થાપનીય" ચારિત્રનવદીક્ષિતને આપવામાં આવે છે જે જીવનપર્યંતનું હોય છે, જ્યારે સામાયિક ચારિત્ર ઈત્વરીક અર્થાત્ થોડા કાળનું હોય છે.

**(૧) નિશીથ સૂત્ર :-**

આના ૨૦ ઉદ્દેશા છે. તેમાં પ્રથમ ૧૯ ઉદ્દેશામાં કેવા કેવા અકાર્યો કરવાથી કયા કયા પ્રાયશ્ચિત આવે તેની

૧૫૯૦ કલમો (કાનુનો) બતાવી છે અને ૨૦ માં ઉદ્દેશામાં પ્રાયશ્ચિત આવવાની વિધિ બતાવી છે. મૂળ ૮૧૫ ગાથા છે.

**વ્યાખ્યા :–** નિશીથભાષ્ય ગાથા ૬૯ માં "નિશીથ" નો અર્થ "અપ્રકાશ" કરેલ છે. "અપ્રકાશ" એટલે "કાળથી" રાત્રિનો સમય, અને "ક્ષેત્રથી" જનસમુદાયથી અલિપ્ત એવું "એકાંત નિર્જન સ્થાન." સાધકના વિશુદ્ધ આચાર-પાલનમાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરવાથી જે પ્રાયશ્ચિત આવે તેનું વિધાન આ સૂત્રમાં કરેલ હોવાથી, આનું અધ્યયન અનધિકારીને કે જાહેરસભામાં કરાવવામાં આવતું નહિ, પણ ૩ વર્ષના દીક્ષિત અને ગાંભીર્ય આદિ ગુણોવાળા ૧૬ વર્ષથી વધુ વયવાળા સુપાત્ર અધિકારી સાધુને જ રાત્રિના સમયે, એકાંતમાં કરાવવામાં આવતું તેથી "નિશીથ" સૂત્ર એવું સાર્થક નામ આપેલ છે. જે અનધિકારી છે તેને જે સૂત્ર ભણાવવાનો નિષેધ છે, તેમજ જનસમુદાયવાળા સ્થાનમાં પણ ભણવાનો નિષેધ છે, અને ફકત સ્વાધ્યાય ભૂમિમાં જ જે પઠનીય છે તેને **"નિશીથ" સૂત્ર** સાર્થક રીતે કહેલ છે.

**પર્યાયવાચી નામો :–**નિશીથના પર્યાયવાચી નામો "આચાર" "અગ્ર" "ચુલિકા" "પ્રકલ્પ" વિગેરે કહ્યા છે. પ્રાયશ્ચિતનો સંબંધ આચારધર્મ સાથે છે. તેથી આનું નામ "આચાર" કહ્યું છે, આચારાંગ સૂત્રના પાંચ અગ્ર છે–ચાર આચારચૂલાઓ અને પાંચમું "નિશીથ" તેથી આને "અગ્ર" કે "ચુલિકા" કહ્યું છે, નિશીથની રચના નવમાપૂર્વ આચાર પ્રાભૃતમાંથી કરવામાં આવી છે. તેથી આનુ નામ "પ્રકલ્પ" છે, અગ્ર અને ચૂલા કે ચૂલિકાનો અર્થ "અગ્રભાગ" અર્થાત્ "શીખર" છે. જે બંનેમાં સમાન છે.

**પ્રાયશ્ચિતો** :–આમાં ચાર પ્રકારના પ્રાયશ્ચિતોનું કથન છે. પ્રથમ ઉદ્દેશકમાં (૧) ગુરૂમાસિક પ્રાયશ્ચિતનું, બીજાથી પાંચમાં ઉદ્દેશામાં (૨) લઘુમાસિક પ્રાયશ્ચિતનું, ૬ થી ૧૧માં ઉદ્દેશા સુધીમાં ગુરૂચૌમાસિક પ્રાયશ્ચિતનું અને ૧૨ થી ૧૯માં ઉદ્દેશા સુધીમાં લઘુચૌમાસિક પ્રાયશ્ચિતનું કથન છે, અને ૨૦માં ઉદ્દેશામાં આલોચનાઓ અને પ્રાયશ્ચિત કરતી વખતે વળી જે દોષો લાગે છે તેનું કથન કરી પ્રાયશ્ચિત આપવાની વિધિ કહી છે.

પ્રાયશ્ચિત મુખ્યત્વે બે પ્રકારનું છે :–(૧) માસિક અને (૨) ચૌમાસિક. દ્વિમાસિક, પંચમાસિક, છમાસિક પ્રાયશ્ચિતો આરોપણાથી અપાય છે. ૨૦માં ઉદ્દેશકનો મુખ્ય વિષય "આરોપણા" છે. શ્રી ઠાણુાંગ સૂત્ર ૪૩૩માં આરોપણાના ૫ પ્રકાર કહ્યા છે અને શ્રી સમવાયાંગ સૂત્રના સમવાય ૨૮માં ૨૮ પ્રકાર બતાવ્યા છે. જે જે તીર્થંકરના વારામાં, જેટલા જેટલા સમયની ઉત્કૃષ્ટ તપસ્યા કહી છે, તેટલો તેટલો સમય પ્રાયશ્ચિતનો શ્રી નિશીથ ચૂર્ણિ ભા. ૪ પૃષ્ટ–૩૦૭માં બતાવ્યો છે. આપણા શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં છ માસથી વધારે તપસ્યાનું વિધાન નથી, તેથી આરોપણા દ્વારા જે પ્રાયશ્ચિતનું વિધાન કરવામાં આવ્યું છે, તે પણ છ માસથી વધારેનું નથી.

આ સૂત્ર અત્યંત ગોપનીય અને અપવાદ બહૂલ છે, અને અનધિકારીને જણાવવા યોગ્ય નથી. તેથી તેના વિસ્તૃતભાવ અત્રે બતાવ્યા નથી. તેમાં સંક્ષેપથી ચારિત્રની વિશુદ્ધિનું નિરૂપણ છે, જેથી સાધક નિરતિચાર વિશુદ્ધ સંયમ પાળી પોતાના સંયમજીવનને સાર્થક કરી આ ભવે કે પરભવે પરમપદને પામે, તેથી તેમાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ

ને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટપ્રવચનમાતામાં તથા બીજા જે દોષો લાગવાની સંયમી જીવનમાં સંભાવના છે, તેના શુદ્ધિકરણના ઉપાય ને વિધિ તેમાં કહ્યા છે, આમ છેદ-સૂત્રોમાં આ સૂત્રની પ્રધાનતા છે. આ સૂત્રના યથાર્થ જ્ઞાતા બન્યા વગર (૧) કોઇપણ સાધુ–સાધ્વીજી પોતાના સંસારી સગાસંબંધીને ત્યાં ભિક્ષા માટે જઇ શકતા નથી, (૨) ઉપાધ્યાય વગેરે પદવીઓ માટે યોગ્ય ગણવામાં આવતા નથી, (૩) પોતાના સમુદાયનો અગ્રેસર થઈને વિહાર કરી શકતા નથી, કારણકે તેના જાણપણા વિના કોઈ પણ સાધુ પ્રાયશ્ચિત આપવાનો અધિકારી બની શકતો નથી એમ વ્યવહાર સૂત્રમાં ફરમાવવામાં આવ્યું છે. (૧–વ્યવહાર સૂત્ર ઉ. ૬. સૂત્ર ૨/૩, (૨) ઉ. ૩, સૂત્ર ૩ અને (૩) ઉ. ૩ સૂત્ર ૧.).

**દોષોના પ્રકાર :–** દોષોમાં મુખ્યત્વે સચેત આહાર-પાણીના, આહારાદિ વાપરવાના, ઉપયોગ રહિત પરઠવાના, પરઠવાના સ્થાનોના, પગ વિ. દબાવવાના, શરીર સુશ્રુષાના, રોગોમાં ઉપચાર કરાવવાના, વાળ, નખ, આદિ કાપવા કે કપાવવાના, ચોમાસાના સ્થાનક યાચવાના, પાટપાટલા આદિ યાચવાના, કુશીલ સાધુ પાસેથી વસ્ત્રપાત્રાદિ ગ્રહણ કરવાના, રોજ એક જ ઘરે ગોચરીએ જવાના, દાંત સાફ કરાવવાના, આંખ, કાન વિ.ના મેલ કાઢવાના, વસ્ત્રાદિને તડકે નાખવાના, બી કે ઠળીયાવાળા ફળ ખાવાના, શેરડી આદિ જેમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું ઝાઝુ તેવા પદાર્થો ખાવાના, અકાળે સજઝાય કરવાના, ચાર મહાપ્રતિપદા તે ચૈત્ર, અષાડ, ભાદરવો ને કારતક વદ ૧ના સ્વાધ્યાય કરવાના, સ્વાધ્યાયના કાળે સ્વાધ્યાય ન કરવાના વિ. વિ. દોષ ૧ થી ૧૯ ઉદ્દેશામાં કહ્યા છે.

**પ્રાયશ્ચિતની તપસ્યા** :–ગુરૂમાસિક પ્રાયશ્ચિત જઘન્ય ૪, મધ્યમ ૧૫ ને ઉત્કૃષ્ટા ૩૦ ઉપવાસ કહ્યા છે. લઘુમાસિક પ્રાયશ્ચિત તેટલા એકાસણા કરવાનું છે.

લઘુ ચૌમાસિક પ્રાયશ્ચિત :– ચોમાસુ કરવા અંગે કોઇ દોષ પરવશપણે થાય તો જઘન્ય ૪ આયંબિલ, મધ્યમ ૬૦ નિવી, અને આતુરતાથી ઉપયોગ સહિત (જાણીબુઝીને) દોષ લગાડયો હોય તો જઘન્ય ૪ ઉપવાસ ને મધ્યમ ૬ છઠ્ઠ ને મૂર્છાભાવથી (મોહવશ) દોષ લગાડયો હોય તો જઘન્ય ૪ છઠ્ઠ, મધ્યમ ૪ અઠ્ઠમ ને દરેકમાં ઉત્કૃષ્ટ ૧૦૮ ઉપવાસ કહ્યા છે.

**ગુરૂચોમાસિક પ્રાયશ્ચિત** :– પરવશપણે દોષ થયો હોય તો જઘન્ય ૪ ઉપવાસ, મધ્યમ ૪ છઠ્ઠ, સ્વેચ્છાએ દોષ લગાડયો હોય તો જઘન્ય ૪ છઠ્ઠ તથા ૪ દિવસના ચારિત્રનો છેદ, મધ્યમ ૪ અઠ્ઠમ ને ૭ દિવસના ચારિત્રનો છેદ, અને મૂર્છાભાવે દોષ લગાડયો હોય તો જઘન્ય ૪ અઠ્ઠમ તથા ૭ દિવસનો છેદ, મધ્યમ ૧૫ અઠ્ઠમ તથા ૬૦ દિવસનો છેદ ને દરેકમાં ઉત્કૃષ્ટ ૧૨૦ દિવસના ઉપવાસ તથા પરવશપણેમાં છેદ નહિ, સ્વેચ્છાએ ઉપયોગ સહિતમાં ૧૦૮ દિવસનો છેદ, અને મૂર્છાભાવમાં ૧૨૦ દિવસનો છેદ કહ્યો છે.

**(૨) વ્યવહાર સૂત્ર** :– બીજું છેદ સૂત્ર છે. ૧૦ ઉદ્દેશા છે. ૬૦૦ શ્લોક પ્રમાણ મૂળ પાઠ છે.

**પ્રથમઉદ્દેશો** :– આમાં કહ્યું છે કે માસિક પ્રાયશ્ચિત આવે તેવા દોષો લગાડે પણ તેની આચાર્ય-ગુર્વાદિક પાસે જો નિષ્કપટ ભાવે સરળતાથી આલોચના (કબુલાત) કરે તો તેને એક માસનું પ્રાયશ્ચિત આવે, જ્યારે કપટભાવે આલોચના

કરનારને બે માસનું આવે, તે જ પ્રમાણે બે, ત્રણ, ચાર, પાંચ ને છ માસના પ્રાયશ્ચિતનું ફરમાન છે. જેણે અનેક દોષોનું સેવન કર્યું હોય, તેણે અનુક્રમે આલોચના કરવી જોઈએ, અને પછી બધા દોષોનું એક સાથે જ પ્રાયશ્ચિત લેવું તેમ કહ્યું છે. પ્રાયશ્ચિત કરવા છતાં ફરીવાર દોષ લાગી જાય તો તેનું ફરી ફરી પ્રાયશ્ચિત લેવું જોઈએ.

પ્રાયશ્ચિત લેનાર સાધુએ આચાર્યાદિની આજ્ઞા લઇને જ બીજા સાધુઓ સાથે ઉઠવું બેસવું જોઈએ. આજ્ઞા વગર કે તેની અવગણના કરીને જો ઉઠે–બેસે તો તેટલા દિવસોની તેની દીક્ષાપર્યાયમાં કાપ મુકાય છે જેને "છેદ" કહેવામાં આવેલ છે.

પરિહારકલ્પમાં રહેલો (પ્રાયશ્ચિત કરનારો) સાધુ પોતાના આચાર્યની આજ્ઞા લઇને પરિહાર કલ્પનો વચમાં જ ત્યાગ કરી બીજા સાધુની સેવા માટે અન્ય સ્થળે જઈ શકે છે.

કોઈ સાધુ સંઘાડાને તજી એકલો વિચરતો હોય અને તેથી શુદ્ધ આચાર ન પાળી શકતો હોય. તો તેને આલોચના કરાવી છેદ આપવો જોઇએ, અગર તો સંપૂર્ણ છેદ આપી નવી દીક્ષા આપવી જોઇએ. જે નિયમ સામાન્યપણે એકલ–વિહારી સાધુ માટે છે, તે જ નિયમ એકલવિહારી ગણા-વચ્છેદક આચાર્ય તથા શિથિલાચારી સાધુ માટે પણ છે.

**આલોચના :–** આચાર્ય, ઉપાધ્યાય, ગુર્વાદિ પાસે આલોચના કરી પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થવું જોઈએ. જો તેમની હાજરી ન હોય તો પોતાના સંભોગી, સાધર્મિક, બહુશ્રુત વિગેરેની પાસે આલોચનાદિ કરવા. તે કોઈ પણ જો પાસે ન હોય તો અન્ય સમુદાયના સંભોગી, બહુશ્રુતાદિ હોય તેમની

પાસે જઈ આલોચનાદિ કરવા, અને તે પણ ન હોય તો અદોષી પણ બહુશ્રુત સાધુ પાસે જઈને, તે પણ ન હોય તો બહુશ્રુત શ્રમણોપાસક ( શ્રાવક ) પાસે, અને તે પણ ન હોય તો સમકિતી ગૃહસ્થ પાસે જઈ આલોચના કરી પ્રાયશ્ચિત લેવું જોઈએ. આ બધાનો પણ કદાચિત અભાવ હોય તો ગામ કે નગરની બહાર જઈ પૂર્વ તથા ઉત્તર દિશાની સન્મુખ ઉભા રહી બંને હાથ જોડી સિદ્ધ ભગવંતની સાક્ષીએ પોતાના દોષની આલોચનાદિ કરે.

**નોંધ :– ચારિત્રની વિશુદ્ધિ જ સાધુજીવનનો પ્રાણ છે. તેથી કદાચિત દોષ લાગી જાય તો તેની આલોચનાદિ કરી વિશુદ્ધિ વિના વિલંબે પ્રાપ્ત કરવાનો પહેલા ઉદ્દેશાનો અને છેદસૂત્રોનો હેતુ છે. જે જૈનધર્મની વિશિષ્ઠતા છે.**

**બીજો ઉદ્દેશો :** એકસરખી સમાચારીવાળા બે સાધર્મિક સાથે હોય અને એકે દોષ લગાડયો હોય તો તેણે બીજા પાસે પ્રાયશ્ચિત લેવું, ત્યારે પ્રાયશ્ચિત કરનારની સેવા વિ. કરવાની જવાબદારી બીજા સાધુ પર રહે છે. જો બંનેએ દોષ લગાડયા હોય તો અરસપરસ આલોચનાદિ કરી પ્રાયશ્ચિત લઈ સેવા કરવી જોઈએ. ઘણા સાધુમાં કોઈ એકે દોષ સેવ્યો હોય, તો તેનેજ પ્રાયશ્ચિત આપવું અને બધાએ દોષ સેવ્યો હોય તો એક સિવાય બીજા બધાએ તેની પાસે પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થઈ જવું અને પછી તેને પ્રાયશ્ચિત આપી શુદ્ધ કરવો જોઈએ.

કોઈપણ પ્રકારનું પ્રાયશ્ચિત કરનાર સાધુ કદાચિત બીમાર થઈ જાય. તો તેને ગચ્છ (સંઘાડો)થી બહાર મુકવો કલ્પતું

નથી, પણ તે સાજો થઈ જાય ત્યાં સુધી તેની વૈયાવચ્ચ કરાવવાનું આચાર્યાદિનું કર્તવ્ય છે. સાજો થયા પછી તેણે સદોષ અવસ્થામાં સેવા કરાવી, તેથી વળી તેનું પ્રાયશ્ચિત લેવું જોઈએ. તે પ્રમાણે જેનું મગજ ફરી ગયું હોય, તેનું ચિત્ત સ્થિર ન થાય ત્યાં સુધી, તેને સંઘાડા બહાર મુકવો કલ્પતું નથી, અને ચિત્ત સ્થિર થતાં નામમાત્રનું પ્રાયશ્ચિત આપવું જોઈએ. એજ પ્રમાણે દપ્તચિત્ત, (અભિમાનથી જેનું ચિત્ત અસ્વસ્થ થયું હોય), ઉન્માદ પ્રાપ્ત (ગાંડો), અને ઉપસર્ગ પ્રાપ્તવાળાનું પણ સમજવું.

નવમા અનવસ્થાપ્ય અને દશમાં પારંચિત પ્રાયશ્ચિતવાળા સાધુને ગૃહસ્થનો વેષ પહેરાવ્યા પછી જ ફરી સંઘાડામાં લેવા જોઈએ. જોકે પ્રાયશ્ચિત દેનારની પાસે એવો અધિકાર હોય છે કે ગૃહસ્થના કપડા નહિ પહેરાવતાં બીજો વેષ પણ પહેરાવી શકે.

મૈથુન સેવ્યાનું આળ દેનાર સાધુ માટે પ્રાયશ્ચિત કહ્યું છે. ગચ્છવર્તી સાધુઓ આચાર્ય કે ઉપાધ્યાય કાળધર્મ પામે તો યોગ્ય પુરૂષ ન મળે ત્યાં સુધી થોડા કાળ માટે કોઈપણ સાધુને તે પદે સ્થાપવો કલ્પે અને પછી ગુણવંત મળે તેને જાવજીવ સ્થાપવો કલ્પે, પ્રાયશ્ચિત ન કરનાર સાધુઓ સાથે પ્રાયશ્ચિત કરનાર સાધુઓએ આહારાદિ કરવા કલ્પતા નથી તેમ કહ્યું છે.

**ત્રીજો ઉદ્દેશો :–** કોઈ સાધુ પોતાનો સ્વતંત્ર ગચ્છ બનાવી વિચરવાની ઈચ્છાવાળો થાય, પણ જો તે આચારાંગાદિ શાસ્ત્રોનો જાણકાર નથી, તો શિષ્યાદિ પરિવારવાળો હોવા છતાંપણ જુદું વિચરવું યોગ્ય નથી. વિચરનારને સ્વછંદી

કહ્યો છે. પણ જો આચારાંગાદિનો જ્ઞાતા હોય, તો સ્થવિરાદિની આજ્ઞા લઈને વિચરી શકે છે. પણ આજ્ઞા વગર જેટલા દિવસો વિચર્યો હોય, તેટલા દિવસનો છેદ કે પારિહારિક પ્રાયશ્ચિતનો તે ભાગી બને છે.

**ઉપાધ્યાયની યોગ્યતા** :– ઓછામાં ઓછી ૩ વર્ષની દીક્ષા પર્યાયવાળો, નિગ્રંથ પ્રવચનમાં કુશળ, નિરતિચાર સંયમનો પાળનાર, આચારાંગાદિ શાસ્ત્રોનો પારગામી, પ્રાયશ્ચિત આપવામાં સમર્થ તથા સંઘાડા માટે ક્ષેત્રાદિનો નિર્ણય કરવામાં પટુ હોય તેને જ ઉપાધ્યાય બનાવી શકાય.

**આચાર્યની યોગ્યતા** :– ઓછામાં ઓછો ૫ વર્ષનો દીક્ષિત હોય, સાધુના આચાર પાળવા ને પળાવવામાં કુશળ ને સમર્થ હોય, નિગ્રંથ પ્રવચનમાં પટુ, દશાશ્રુતસ્કંધ, બૃહતકલ્પ તથા વ્યવહાર સૂત્રનો જે જ્ઞાતા હોય તેને આચાર્યની પદવી આપી શકાય.

અપવાદમાર્ગમાં એક દિવસની દીક્ષાવાળાને પણ ઉપાધ્યાય, આચાર્યાદિ પદવી આપી શકાય છે. પણ તે માટે ઉપરોક્ત ગુણો આવશ્યક કહ્યા છે.

અબ્રહ્મનું સેવન કરનારને, માયાસહિત અસત્ય બોલનારને, ઉત્સૂત્ર ભાખનારને ઉપરોક્ત પદવીઓ માટે અયોગ્ય ગણેલ છે. પદવી આપ્યા પછી જો અબ્રહ્મનું સેવન કરે તો તેની પદવી પાછી લઈ શકાય છે.

પદવી છ કહી છે. તેમાંની કોઈપણ પદવી ઉપરોક્ત ગુણવાળા ૮ વર્ષની દીક્ષા પર્યાયવાળાને આપવી કલ્પે.

નવદિક્ષિત અને તરૂણ સાધુએ આચાર્ય ઉપાધ્યાય વિના રહેવું કલ્પે નહિ.

**ચોથો ઉદ્દેશો :–** શિયાળા અને ઉનાળામાં આચાર્ય –ઉપાધ્યાયની સાથે ઓછામાં ઓછો એક અને ગણાવચ્છેદકની સાથે બે સાધુ હોવા જોઈએ. ચાતુર્માસમાં બે તથા ત્રણ હોવા આવશ્યક છે. ગણાવચ્છેદક એટલે ગણના અધિપતિ.

આચાર્ય, ઉપાધ્યાય જો વધારે બીમાર હોય અને વધુ નહિ જીવે તેવું લાગતું હોય તો બીજા બધા સાધુઓને બોલાવી, મારૂં આયુષ્ય પુરૂ થયા પછી અમુક સાધુને અમુક પદવી આપવાની ભલામણ કરી શકે છે, અને તે પ્રમાણે પદવી આપવી જોઈએ. પણ જો તે સાધુ તે પદને યોગ્ય ન હોય તો બીજાને પણ તે પદ આપી શકાય છે. કદાચિત સંઘાડામાં કોઇ પણ સાધુ આચારાંગાદિ શાસ્ત્રોનો જ્ઞાતા ન હોય, તો આચાર્યાદિની સંમતિથી કોઈપણ સાધુને કોઈપણ પદ આપી શકાય છે. પણ પછી કોઈ સાધુ આરાંગાદિમાં પારંગત બને તો તે પદવીધારીએ પોતાનું પદ છોડી દઈ તેને પદ પર સ્થાપિત કરવો જોઇએ. જો તેમ ન કરે તો પ્રાયશ્ચિતનો ભાગી બને છે. પછી નવદીક્ષિતને વડી દીક્ષા આપવાના સમયનું કથન છે.

બે સાધુ સાથે વિચરતા હોય, તો તેમણે યોગ્યતાનુસાર નાનામોટા થઈને રહેવું અને એકબીજાનો વંદનાદિ વિનય કરવો જોઈએ. આચાર્યને ઉપાધ્યાયે પણ તેમજ કરવું. ઘણા સાધુ આચાર્યાદિ સાથે રહેતા હોય ત્યારે તેમાંના એકને ગુરૂ-પદે સ્થાપીને વંદનાદિ વ્યવહાર કર્યા વિના સાથે રહેવું કલ્પે નહિ. જ્ઞાન પ્રાપ્તિ માટે સ્થવિરની આજ્ઞા વિના બીજા ગચ્છમાં જવું ન કલ્પે. તેમ કરે તો પ્રાયશ્ચિત આવે. શિષ્યે ગુરૂની સેવા વૈયાવચ્ચ વિનયપૂર્વક કરવાનું કથન છે.

**પાંચમો ઉદ્દેશો :–** પ્રવર્તિની (ગુરૂણી)એ ઓછામાં

ઓછી બીજી બે સાધ્વીઓ સાથે શીતોષ્ણ કાળમાં વિચરવું જોઈએ, અને ગણાવચ્છેદિકા (ગુરૂણી સિવાયની અન્ય વડી સાધ્વી) સાથે બીજી ત્રણ સાધ્વી હોવી જોઈએ. ચોમાસામાં પ્રવર્તિની સાથે ત્રણ અને ગણાવિચ્છેદિકાની સાથે બીજી ચાર સાધ્વીઓ હોવી જોઈએ. ગુરૂણીના કાળધર્મ સમયે પદાધિકારીની નિયુક્તિ સંબંધમાં સાધુ માટે જે ફરમાવ્યું તે પ્રમાણે જ સમજવું. વૈયાવચ્ચ માટે સામાન્ય વિધાન એવું છે કે સાધુ સાધ્વી પાસે, અને સાધ્વી સાધુ પાસે વૈયાવચ્ચ ન કરાવે, પણ અપવાદરૂપે પરસ્પર સેવાશુશ્રુષા કરી શકે છે. સર્પદંશ વિ. **વિષમ પરિસ્થિતિમાં** સાધુ–સાધ્વી પાસે ન હોય ત્યારે ગૃહસ્થ પાસે પણ સેવા કરાવી શકાય છે. આ વિધાન સ્થવિરકલ્પીઓ માટે છે. જિનકલ્પી માટે સેવા લેવાનું વિધાન નથી. જો તેઓ સેવા કરાવે તો પારિહારિક તપરૂપ પ્રાયશ્ચિત કરવું પડે છે.

પ્રમાદના કારણે આચારાંગાદિ સૂત્ર ભૂલી જાય તો પદવી દેવી કે ધારવી કલ્પે નહિ. પણ રોગાદિના કારણે ભૂલી જવાય ને ફરી સંભારે તો કલ્પે. પછી બાર પ્રકારના સંભોગ (આહારપાણી) આશ્રી દોષ લાગે તો આલોવવાની વિધિ કહી છે.

**છઠ્ઠો ઉદ્દેશો :–** પોતાના સંસારી સ્વજનોને ત્યાં સ્થવિરોની રજા વગર જવું નહીં. જે સાધુ–સાધ્વી હજી અલ્પશ્રુતવાળા કે અલ્પારંભી પણ હોય, તેમણે પોતાના સંબંધીને ત્યાં એકલા ન જવું. જો જવું પડે તો બહુશ્રુત સાધુ–સાધ્વી સાથે જવું જોઈએ. સાધુ–સાધ્વી ગોચરી માટે પહોંચે તે પહેલાં જે વસ્તુ બની ગઈ હોય તે લેવી કલ્પે છે. પણ જે હજી બની નથી તે લેવી કલ્પતી નથી.

આચાર્ય ઉપાધ્યાય જો બહારથી ઉપાશ્રયે આવે તો તેમના પગ લૂંછીને સાફ કરવા જોઈએ. તેમના લઘુનીત વિ. ને ભૂમિ ઉપર જનતાપૂર્વક પરઠવા જોઇએ, યથાશકિત તેમની સેવા કરવી જોઇએ. ઉપાશ્રયમાં તેમની સાથે, અને બહાર જાય ત્યારે સાથે જવું જોઈએ. તે પ્રમાણે ગણાવચ્છેદક માટે પણ સમજવું.

સાધુ–સાધ્વીએ આચારાંગ ઠાણુંગ સમવાયાંગ આદિ સૂત્રોના જાણકાર સાધુ સાધ્વી સાથે રહેવું જોઇએ. એકલા રહેવું ન કલ્પે અને જાણકાર વગરનાની સાથે રહે તો પણ પ્રાયશ્ચિતના ભાગી બને છે. કોઈ ખાસ કારણે અન્ય સંઘાડામાંથી છુટા પડેલા સાધુ સાધ્વીજી જો નિર્દોષ હોય, આચારનિષ્ઠ હોય, સબળ દોષ રહિત હોય, ક્રોધાદિ કષાયોથી રહિત હોય, પોતાના દોષોની આલોચનાદિ કરી લેતા હોય, તો તેમની સાથે સમાનતાનો વ્યવહાર કલ્પે છે. અન્યથા વ્યવહાર કરવો કલ્પતો નથી. કેવા ગામમાં રહેવું તે કહ્યું છે.

સબળા દોષ સેવનાર સાથે આલોચના કરી શુદ્ધ ન બને ત્યાં સુધી આહારાદિ કોઈ વ્યવહાર કરવો કલ્પતો નથી.

**સાતમો ઉદ્દેશો :**– સાધુએ સ્ત્રીને અને સાધ્વીએ પુરૂષને દીક્ષા ન આપવાનું વિધાન છે. પરંતુ એવા સ્થળે કદાચિત સાધ્વીનો યોગ ન હોય તો તે સાધુ એવી શરતે દીક્ષા આપે કે સાધ્વીનો યોગ થતાં જ તેને સોંપી દેશે. એવી જ રીતે સાધ્વી પણ પુરૂષને દીક્ષા આપી શકે છે. સંઘાડામાં કોઈ સાધુ ન રહ્યા હોય તો પણ ઉપર પ્રમાણે દીક્ષા આપી શકે. સાધ્વીને વિકટ દિશામાં વિહાર કરવો કલ્પે નહિ. પણ સાધુને કલ્પે.

કોઈ સાધુ સાથે વેરવિરોધ થઈ ગયા હોય તો સાધુ પોતાના સ્થાને રહીને ક્ષમાયાચના ન કરી, શકે પણ તેની પાસે જઈને ક્ષમા માગવી જોઈએ, જ્યારે સાધ્વી સ્વસ્થાને રહીને કરી શકે. સાધુ સાધ્વીને અકાળે સજ્ઝાય કરવાનો ઉપદેશ કરવો નહિ અને પોતે પણ સજ્ઝાય કરવી નહિ.

સાધુ સાધ્વીએ આચાર્યાદિની આજ્ઞા વિના સ્વચ્છંદે વિચરવું કલ્પતું નથી. સાધુ–સાધ્વીના શબને પરઠવાની વિધિ કહી છે. શૈયાંતરના ઘરનો આહાર લેવો ન કલ્પે તેમ કહ્યું છે. સ્થાનકમાં ઉતરવા માટે આજ્ઞા માગવાની વિધિ વિગેરે કહ્યા છે.

**આઠમો ઉદ્દેશો :** ચોમાસા માટે પાટ, પાટલા, શય્યા, આદિ યાચવાની વિધિ બતાવી છે. સાધુ વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણો રાખી શકે તેમ કહ્યું છે.

કોઈ સાધુ કોઇ ગૃહસ્થને ત્યાં કોઈ ઉપકરણ ભૂલી જાય ને બીજો સાધુ તેને ત્યાં જાય અને ઉપકરણને જુએ ત્યારે ગૃહસ્થ આપે તે. તે સાધુ ઉપકરણ લઈ સ્વસ્થાને આવી જેનું હોય તેને આપી દે; પણ જો તે ઉપકરણ કોઈ સાધુનું ન હોય, તો પોતે તેનો ઉપયોગ ન કરે, તેમજ બીજાને તેનો ઉપયોગ કરવા ન દે પણ નિર્દોષ સ્થાને પરઠવી દે. જો સાધુ વિહાર કરી ગયો હોય તો તેની શોધ કરી તેની પાસે જઈ આપી દે, પણ જો ન મળે તો પરઠવી દે, તે જ પ્રમાણે સ્થંડીલ ભૂમિના કે વિહારભૂમિના ઉપકરણ માટે કરે.

આહાર બાબતમાં ૩૨ ગ્રાસ ( કોળિયા ) આહાર સાધુ માટે પ્રમાણસર આહાર ગણ્યો છે. તેનાથી જેટલા કોળિયા ઓછો આહાર લે, તેટલા પ્રમાણમાં તેને ઉણોદરી તપ કર્યાનું

કહ્યું છે. ઓછામાં ઓછા ૮ ગ્રાસ લેનારને અલ્પાહારી તપસ્વી કહ્યો છે. શ્રાવકને માટે પણ આમ સમજવું.

**નવમો ઉદ્દેશો**:–શય્યાતર અર્થાત્ જેના મકાનમાં સાધુ સાધ્વીજી તેની આજ્ઞા લઈને ઉતર્યા હોય તેના ઘરનો આહાર લેવો તેમને કલ્પતો નથી, તથા ભિક્ષુ પડિમાનું વર્ણન છે, જેનું વિસ્તૃત વર્ણન દશાશ્રુતસ્કંધમાં છે. પછી ત્રણ પ્રકારના અભિગ્રહ કહ્યા છે.

**દશમો ઉદ્દેશો** :– આમાં જવમધ્ય ને વજ્રમધ્ય પડિમાની વિધિ કહી છે. પછી વ્યવહારના પાંચ પ્રકાર (૧) આગમ, (૨) શ્રુત, (૩) આજ્ઞા, (૪) ધારણા, અને (૫) જીત વ્યવહારનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે. આમાં આ પંચમ આરા (કાળ) માં કેવળજ્ઞાની અને પૂર્વધરો આદિ જ્ઞાનીઓનો અભાવ હોવાથી આગમ વ્યવહારનો આધાર આપણને રહ્યો નથી, તેથી ભગવાને પ્રરૂપેલો શ્રુત વ્યવહાર જ એકમાત્ર આધાર રહ્યો છે, તેમ સમજી શ્રુતવ્યવહારનું યથાર્થ પાલન કરવું તે સાધક જીવોનું કર્તવ્ય છે. તે માટે શ્રુતજ્ઞાન સંપૂર્ણ મેળવવું તે આવશ્યક છે. પછી ચાર જાતના પુરૂષની, આચાર્યની અને શિષ્યની અને ધર્માચાર્યની ચોભંગીઓ કહી છે.

સ્થવિરના જાતિ સ્થવિર, સૂત્રસ્થવિર અને પ્રવજ્યા સ્થવિર આમ ૩ ભેદ છે. (૧) ૬૦ વર્ષની ઉમરવાળો સાધુ જાતિસ્થવિર કે વયસ્થવિર, (૨)ઠાણાંગ ને સમવાયાંગ સૂત્રોનો જ્ઞાતા સૂત્રસ્થવિર, અને (૩) ૨૦ વર્ષ કે તેથી વધુ દીક્ષા પર્યાયવાળાને પ્રવજ્યાસ્થવિર કહ્યા છે.

**દીક્ષા અને સ્વાધ્યાય વય** :– આઠ વર્ષથી ઓછી ઉમરવાળાને દીક્ષા દેવી કલ્પતી નથી. કારણ કે નાની ઉંમર

વાળા આચારાંગ. સૂત્ર ભણવાના અધિકારી નથી. ઓછામાં ઓછી ૩ વર્ષની દીક્ષા પર્યાયવાળાને આચારાંગ ભણાવવું કલ્પે છે, ૪ વર્ષની દીક્ષાવાળાને સૂયગડાંગ, ૫ વર્ષવાળાને દશાશ્રુત સ્કંધ, બૃહતકલ્પ અને વ્યવહાર સૂત્ર, ૮ વર્ષવાળાને ઠાણાંગ ને સમવાયાંગ, ૧૦ વર્ષવાળાને ભગવતી સૂત્ર, ૧૧ વર્ષવાળાને લઘુવિમાન પ્રવિભક્તિ, મહાવિમાન પ્રવિભક્તિ, અંગચૂલિકા, વંગચૂલિકા, અને વિવાહ ચૂલિકા, ૧૨ વર્ષવાળાને અરૂણોવવાઈ, ગરૂલોવવાઈ, ધરણોવવાઇ, વૈશ્રમણોવવાઈ અને વેલંધરોવવાઈ, ૧૩ વર્ષવાળાને ઉપસ્થાનશ્રુત, દેવેન્દ્રોવવાઇ, અને નાગપરિયાપનિકા. ૧૪ વર્ષ વાળાને સ્વપ્નભાવના, ૧૫ વર્ષવાળાને ચારણ ભાવના, ૧૬ વર્ષવાળાને વેદની શતક, ૧૭ વર્ષવાળાને આશીવિષભાવના, ૧૮ વર્ષવાળાને દ્રષ્ટિ-વિષભાવના, ૧૯ વર્ષવાળાને દ્દષ્ટિવાદ, અને ૨૦ વર્ષની દીક્ષા પર્યાયવાળાને બધા પ્રકારના શાસ્ત્રો ભણાવવા કલ્પે છે.

**વૈયાવચ્ચ (સેવા)** :– ૧૦ પ્રકારની કહી છે (૧) આચાર્યની, (૨) ઉપાધ્યાયની, (૩) સ્થવિરની, (૪) તપસ્વીની, (૫) શૈક્ષ–નવદીક્ષિતની, (૬) ગ્લાન–બીમારની, (૭) સાધર્મિક સાધુની, (૮) કુલની, (૯) ગણની અને (૧૦) સંઘની વૈયાવચ્ચ. આ સેવા કરવાથી કર્મની મહાનિર્જરા થાય છે.

**વડીદીક્ષા (શૈક્ષભૂમી) આપવાનો સમય** ૩ પ્રકારનો કહ્યો છે (૧) જઘન્ય ૭ રાત્રિ દિવસ (૨) મધ્યમ ૪ માસ ને (૩) ઉત્કૃષ્ટ છ માસ. ૩ વરસની પર્યાય અને આચારાંગ નીશીથના ભણેલાને ઉપાધ્યાય પદવી, પાંચ વરસની પર્યાય અને દશાશ્રુત સ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારના ભણેલાને આચાર્ય પદવી આપવી કલ્પે છે.

ચારિત્રધર્મ રૂડી રીતે પાળવા માટે આચારાંગ ને નિશીથ સૂત્રનું જ્ઞાન આવશ્યક કહ્યું છે. જે આચારાંગ, સુયગડાંગ, નિશીથ, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર, ઠાણાંગ ને સમવાયાંગ– આ ૮ સૂત્રોના સંપૂર્ણ જ્ઞાતા હોય તેને તેમજ આઠ વરસની જેમની પર્યાય હોય તેને આચાર્ય કે ઉપાધ્યાયની તેમજ ગણાવચ્છેદકની પદવી દેવી કલ્પે છે.

દોષ લાગ્યા પછી જે સાધુ આલોચના ન કરે કે ન કરી શકે ને કાળધર્મ પામી જાય તો તે આરાધક મટી વિરાધક ગણાય, તે જ. જ. ભવનપતિ ઉ. પ્રથમ દેવલોક સુધી જાય.

વ્યવહારની શુદ્ધ સાધનાથી જ સાધક નિશ્ચયને અર્થાત્ આત્માના પરમપદને સિધ્ધપદને પામી શકે છે. તેથી આ સૂત્રની ઘણી મહત્તા છે. જે કોઈ સાધક પોતાના આચાર ધર્મનું જિનાજ્ઞાનુસાર વિશુદ્ધ પાલન કરી આત્મકલ્યાણ કરવા ઇચ્છતો હોય તેણે આ સૂત્રના યથાર્થ જ્ઞાતા બનવું આવશ્યક છે.

(૩) **બૃહત્કલ્પ**–ત્રીજું છેદ સૂત્ર છે, છ ઉદ્દેશા છે. ૪૭૩ શ્લોક પ્રમાણ છે. આમાં સાધુધર્મનો આચારકલ્પ કહ્યો છે. આ કલ્પ જિનેશ્વરપ્રણીત છે, તેથી જિન–આજ્ઞાના આરાધક મુનિઓએ આ કલ્પાનુસાર ચારિત્ર પાળવું જોઇએ.

**પહેલો ઉદ્દેશો :–** સાધુ–સાધ્વીજીને શું ન કલ્પે તે કહ્યું છે (૧) શસ્ત્રપરિણત હોય તેવા ટુકડા કર્યા વગરના કેળા આદિ આખા ફળ લેવા કલ્પતા નથી. (૨) ચોમાસા સિવાયના ૮ માસમાં એક જ સ્થળે સાધુ માટે એક માસથી વધુ ને સાધ્વી માટે બે માસથી વધુ રહેવું કલ્પે નહિ (૩) જે ઉપાશ્રયની ચારે બાજુ અનેક દુકાન અને અનેક બારણા

હોય ત્યાં સાધ્વીને રહેવું ન કલ્પે, સાધુ જતના રાખી રહી શકે. જે સ્થાન ચારે બાજુ ખુલ્લુ હોય અને એકપણ દ્વાર ન હોય ત્યાં સાધ્વીને રહેવું કલ્પે નહિ. કદાચિત્ સ્થાન ન મળે તો અપવાદરૂપે પડદા લગાવી રહી શકાય. સાધુને ખુલ્લા સ્થળે પણ રહેવું કલ્પે છે. વિકારોત્પાદક ચિત્રો દોરેલા સ્થાનક, ગૃહસ્થો રહેતા હોય તે સ્થાનક, અને આજ્ઞા લીધા વગરના સ્થાનક ન કલ્પે. (૪) જળાશયની પાસે ઉભા રહેવું, બેસવું, ખાવું. પીવું, સ્વાધ્યાય વિ. ન કલ્પે. (૫) ચોમાસામાં વિહાર કરવો ન કલ્પે, (૬) બી કે ઠળીયાવાળા ફળ અને કુચ્ચાવાળા કોરડી આદિ લેવા ન કલ્પે, (૭) ગુરૂની આજ્ઞા લઈને જે વસ્તુ લેવા નીકળેલ હોય તે જ વસ્તુ લેવી કલ્પે, બીજી કોઈ વસ્તુ લેવી ન કલ્પે, જેમ કે આહારપાણી લેવા નીકળેલને, કે શૌચાદિ માટે બહાર ગયા હોય ને કોઈ વસ્ત્ર-પાત્રાદિ લેવા વિનંતિ કરે તોપણ લેવા ન કલ્પે પણ ગુરૂની આજ્ઞા લઈ બીજી વાર જઈ લેવા કલ્પે (૮) રાત્રિના સમયે આહારાદિ લેવા કે વાપરવા ન કલ્પે, વસ્ત્ર પાત્રાદિ લેવા ન કલ્પે, વિહાર કરવો કે સ્થાનકની બહાર જવું ન કલ્પે. કદાચિત શૌચાદિ માટે અપવાદ રૂપે જવું પડે તો એકલા ન જાય પણ બીજા સાધુને લઈને જવાનું કલ્પે, સાધ્વીને બે સાધ્વી સાથે જવું કલ્પે.

**બીજો ઉદ્દેશો** :– જે સ્થાનકમાં દાણા વેરાયેલા હોય ત્યાં રહેવું ન કલ્પે, પણ એક ખુણામાં ઢગલારૂપે પડયા હોય તો ચોમાસા સિવાયના આઠ માસમાં રહેવું કલ્પે.(૨) દારૂ, કાંજી વિ. મિષ્ટાન્ન રાખેલા હોય તેવું સ્થળ ન કલ્પે, એવી રીતે દીવાબત્તીવાળા ઉપાશ્રય પણ ન કલ્પે. (૩) શય્યાતરના ઘરના આહારપાણી લેવા ન કલ્પે.

**ત્રીજો ઉદ્દેશો** :–(૧) સાધુના ઉપાશ્રયમાં સાધ્વીજીને

ને સાધ્વીજીના ઉપાશ્રયમાં સાધુને રહેવું ન કલ્પે. (૨) રંગીન વસ્ત્રો ન કલ્પે, સફેદ કલ્પે, અખંડ વસ્ત્ર (તાકો) લેવું ન કલ્પે, તાકામાંથી ફાડેલું કલ્પે, પણ નવદીક્ષિત સાધુને દીક્ષા લેતી વખતે (૧) રજોહરણ, (૨) ત્રણ પાત્રા, ને (૩) ૨૪ હાથનો 'એક' તાકો એવા ત્રણ અખંડ કાપડના તાકા (થાન) લેવા કલ્પે, અને સાધ્વીજીને ચાર અખંડ તાકા લેવા કલ્પે, પછી પહેલા ચોમાસામાં કશું લેવું કલ્પે નહિ. (૩) સાધુને લંગોટ, જાંગિયા આદિ પહેરવા ન કલ્પે, સાધ્વીજીને કલ્પે, (૪) ગૃહસ્થના ઘરમાં બેસવું, સુવું, પ્રતિક્રમણ કરવું કે પ્રશ્નોત્તરી કરવી આદિ ન કલ્પે, જરૂર પડચે એક જ પ્રશ્નનો ઉત્તર કે અર્ધી ગાથાનો અર્થ કહેવો કલ્પે, અને તે પણ ઊભા ઊભા જ કહેવો કલ્પે, બેસીને નહિ. (૫) પાટપાટલા વાસણ આદિ જે વસ્તુ ગૃહસ્થના ઘરેથી લાવ્યા હોય, તે બધી તેને પાછી આપ્યા વગર વિહાર કરવો ન કલ્પે. (૬) સેનાનો પડાવ હોય ત્યાં રહેવું ન કલ્પે. (૭) આજ્ઞા પાછી આપ્યા વગર વિહાર કરવો ન કલ્પે.

**ચોથા ઉદ્દેશામાં** :–(૧) અબ્રહ્મસેવન તથા રાત્રિભોજન વિ. મહાવ્રતોના સંબંધમાં દોષ લાગ્યા હોય તો પ્રાયશ્ચિતનું વિધાન છે, કારણકે આમ કરવું ન કલ્પે, (૨) પંડક નપુંસક તથા વાતિક (વાથી પીડાતા) દીક્ષા માટે અયોગ્ય ગણ્યા છે, કારણકે તેમની સાથે આહારપાણી કરવાનો નિષેધ કર્યો છે. (૩) અવિનીત, રસલોલુપી તથા ક્રોધીને શાસ્ત્ર, ભણાવવા ન કલ્પે, (૪) પહેલી પોરિસી (પહોર)નો લાવેલ આહાર ચોથા પ્રહર સુધી રાખવો કલ્પતો નથી. કદાચ ભૂલથી રહી જાય તો પરઠવી દેવો; પણ જો ઉપયોગ કરે તો પ્રાયશ્ચિત લેવું પડે. જો ભૂલથી ચ.સૂ.૭ તા

આહાર આવી જાય, તો ગુરૂની આજ્ઞા લઈ પરઠવી દેવાનું વિધાન છે. આહારપાણી બે ગાઉ ઉપરાંત લઈ જઈને વાપરવા ન કલ્પે. (૫) સુત્રજ્ઞાન મેળવવા કે વૈયાવચ્ચ કરવા અન્ય સંપ્રદાયના સાધુ પાસે જવાનું પોતાના ગુર્વાદિની આજ્ઞા વગર ન કલ્પે, તે જ પ્રમાણે અન્ય સંપ્રદાયના સાધુને આહારપાણી આદિના નિમંત્રણ દેવાનું પણ ગુરૂની આજ્ઞા વગર ન કલ્પે. (૬) સાધુ કે સાધ્વીજીને કોઈ સાથે ક્લેશ થઈ ગયો હોય તો તેને ખમાવ્યા વિના આહારપાણી લેવા કે શૌચાદિ માટે જવાનું પણ ન કલ્પે, કારણ કે **શ્રમણ-ધર્મનો સાર જ "ઉપશમ" છે, કહ્યું છે ને "ઉપસમસારં સામણ્ણં"** ॥

કોઈ સાધુ–સાધ્વી સંધ્યા સમયે કે રાત્રિના કાળધર્મ પામી જાય, તો બીજા સાધુ–સાધ્વીઓએ તે મૃત શરીરની આખી રાત સાવધાનીપૂર્વક સંભાળ રાખવી જોઈએ અને સવાર થતાં શ્રાવકોને મૃતશરીર સોંપી દેવું જોઇએ. પછી પરિહારવિશુદ્ધ ચારિત્ર ગ્રહણ કરવાની ઇચ્છાવાળા સાધુને તેની વિધિ સમજાવવા માટે પારણાના દિવસે આચાર્ય કે ઉપાધ્યાય જાતે તેમની પાસે જઈને આહારાદિ અપાવે અને સ્વસ્થાનકે આવી પરિહારવિશુદ્ધ ચારિત્રનું પાલન કેમ કરવું તેની વિધિ બતાવવાનું કહ્યું છે, પછી ગંગા, યમુના, સરયું, કોશી, ને મહી નામની પાંચ મહાનદીઓમાંથી મહિનામાં એકથી વધુ વખત નાવ મારફત પાર ન કરવી ને નાની છીછરી નદી બે **ત્રણ વખત પાર કરી** શકાય. ને ઘાસની ઝુંપડીમાં રહેવાની વિધિ અંતમાં કહી છે.

**પાંચમો ઉદ્દેશો :–** જો કોઇ દેવ સ્ત્રીનું વૈક્રિય રૂપ બનાવી સાધુનો હાથ પકડે અને તે સાધુ તેના કોમળ સ્પર્શને

સુખરૂપ માને તો તેને ચોથા મહાવ્રતના ભંગ જેટલો દોષ લાગે અને ગુરૂચૌમાસીક (૧૨૦ ઉપવાસ) પ્રાયશ્ચિત આવે. તે પ્રમાણે સાધ્વી પુરૂષના સ્પર્શને સુખદ માને તો તે પ્રાયશ્ચિત આવે.

કોઈ સાધુ પોતાના સમુદાયમાં કલેશ કરીને, ખમાવ્યા વગર અન્ય સંઘાડામાં જઈ ને મળી જાય અને તે સંઘાડાના આચાર્યને પછી ખબર પડે કે આ સાધુ તો કલેશ શમાવ્યા વગર આવેલ છે તો તેને પાંચ રાત્રિ-દિવસનો ચારિત્રનો છેદ આપવો જોઈએ અને તેને સમજાવી તેના પોતાના સંઘાડામાં પાછો મોકલવો જોઈએ.

કોઈ સાધુ સૂર્યોદય થઈ ગયો છે કે સૂર્યાસ્ત હજી થયો નથી તેમ માની આહારાદિ કરે ને પછી એમ ખબર પડે કે હજી સૂર્યોદય થયો નથી કે અસ્ત થઈ ગયો છે તો તેણે તત્ક્ષણ આહારાદિ તજી દેવા જોઈએ. આમ કરે તો રાત્રિભોજનનો દોષ લાગતો નથી, પણ સૂર્યોદય કે સૂર્યાસ્ત પ્રત્યે શંકાશીલ હોય છતાં આહારાદિ કરે તો રાત્રિભોજનનો દોષ લાગે છે. રાત્રે ઓડકાર ઘચરકા વિ. ને કારણે મોઢામાં અન્ન વિ. આવી જાય, તો તરત જ થુંકી નાખવું જોઈએ.

જો આહારદિમાં બેઈંદ્રિયાદિ જીવ પડી જાય તો જતનાપૂર્વક કાઢીને આહારાદિ વાપરવા જોઈએ. અને જો નીકળી શકે તેમ ન હોય તો નિર્દોષ સ્થાનમાં પરઠવી દેવું જોઈએ. આહારાદિ લેતી વખતે કદાચ સચેત પાણીના ટીપાં તેમાં પડી જાય અને જો આહારાદિ ગરમ હોય તો જરાપણ દોષ તે ખાવામાં લાગતો નથી. કારણકે સચેત ટીપાં ગરમીના લીધે અચેત થઈ જાય છે, પણ જો આહા-

રાદિ ઠંડા થઈ ગયા હોય તો, નિર્દોષ સ્થાને પરઠવી દેવો જોઈએ. ખાવા કે ખવરાવવાથી દોષ લાગે.

સાધ્વીએ એકલા રહેવું, અચેલ રહેવું, પાત્રારહિત રહેવું, ગ્રામાદિની બહાર એકલા આતાપના લેવી, ઉત્કટાસન દંડાસન આદિ આસને બેસી કાઉસગ્ગ કરવો, વિ. કલ્પતા નથી

સાધુ–સાધ્વીજીએ એકબીજાના મોક (પેશાબ)નું પીવું અકલ્પ્ય છે, પણ રોગાદી કારણે લઈ શકાય છે. સુગંધી દ્રવ્યો શરીરે લગાવવા કલ્પતા નથી અને રસપ્રણીત આહાર કરીને તરત તપ કરવાનું કહ્યું છે.

પરિહારકલ્પમાં રહેલા સાધુએ સ્થવિર વિ. ના આદેશથી બીજે જવું પડે તો તરતજ જવું જોઈએ અને ચીંધેલું કાર્ય પુરૂ કરીને તુરત સ્થાનકે પાછા આવી જવું જોઈએ, અને જો ચારિત્રમાં કંઈ દોષ લાગી જાય તો પ્રાયશ્ચિત લઈને શુદ્ધિ કરી લેવી જોઈએ.

**છઠ્ઠો ઉદ્દેશો** :– સાધુ સાધ્વીને છ પ્રકારના વચનો (૧) જુઠા, (૨) નિંદાના, (૩) તિરસ્કારના, (૪) કઠોર, (૫) ગૃહસ્થના વચન, અને (૬) શાંત પડેલા કલેશ ને ફરી જગાવે તેવા વચન બોલવા કલ્પતા નથી. સંસારી માતા-પિતા પુત્રાદિને તે તે નામથી બોલાવવા તે ગૃહસ્થવચન છે.

છ પ્રકારના આળ ચડાવવાથી. (૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) અદત્તાદાન, (૪) અવિરતિ–અબ્રહ્મ (૫) નપુંસક, અને (૬) દાસ વિ. આળ ચડાવનારને પ્રાયશ્ચિત આવે છે.

સાધુને કાંટો વાગ્યો હોય અને પોતે કાઢી શકે તેમ ન હોય તો અપવાદરૂપે સાધ્વી કાઢી શકે. તે પ્રમાણે નદી

વિ. માં ડુબવા, પડી જવા. લપસી જવા, આદિ પ્રસંગે પણ સાધુ સાધ્વીનો હાથ પકડીને બચાવી શકે. તે જ પ્રમાણે ગાંડપણમાં પણ સાધુ–સાધ્વી એકબીજાનો હાથ પકડીને ઉપાશ્રયે પહોંચાડી શકે. આ બધા કાર્યોમાં દોષ લાગતો નથી.

સંયમના છ કલ્પ કહ્યા છે :–(૧) સામાયિક સંયત-કલ્પસ્થિતિ, (૨) છેદોપસ્થાનીય સંયતકલ્પસ્થિતિ, (૩) નિર્વિશમાન કલ્પસ્થિતિ, (૪) નિર્વિષ્ટકાયિક કલ્પસ્થિતિ, (૫) જિનકલ્પસ્થિતિ, અને (૬) સ્થવિર કલ્પસ્થિતિ. સાધુના આચારધર્મને કલ્પ કહ્યો છે.

વ્યવહાર સૂત્ર અને બૃહત્કલ્પમાં સાધુ સાધ્વીના આચારધર્મનું સૂક્ષ્મ નિરૂપણ કર્યું છે, જેથી નિરતિચાર વિશુદ્ધ ચારિત્ર પાળી શકાય. આ રીતે બંને એકબીજાના પૂરક છે.

સંયમના છ પલિમંથુ (ઘાતક) કહ્યા છે :– (૧) કૌત્કુચ્ય–કુતુહલ-સંયમનું ઘાતક છે, (૨) મૌખર્ય (વાચાળતા) સત્ય વચનનું ઘાતક છે, (૩) તિંતિનક –એષણા સમિતિનું ઘાતક છે, (૪) ચક્ષુની લોલુપતા ઈર્યાસમિતિનું ઘાતક છે; (૫) ઈચ્છાની લાલસા મુક્તિમાર્ગ (અપરિગ્રહ) નું ઘાતક છે અને (૬) મિથ્યાનિદાનકરણ મોક્ષમાર્ગ–સમ્યગદર્શનનું ઘાતક છે.

### (૪) દશાશ્રુતસ્કંધ :–

ચોથું છેદસૂત્ર છે, ઠાણાંગ સૂત્રમાં તેનું બીજુ નામ **"આચારદશા"** કહ્યું છે. દશ દશા અધ્યયનો છે, તેથી તેનું નામ "દશાશ્રુતસ્કંધ" છે. ૧૮૩૦ શ્લોકપ્રમાણ છે.

**પ્રથમ દશામાં સાધક માટે ૨૦ અસમાધિસ્થાન**

**કહ્યા છે.** ચિત્તમાં સંકલેશ પેદા કરે કે અશાંતિ ઉપજાવે કે જેથી જ્ઞાન–દર્શન–ચારિત્રની યથાર્થ આરાધના ન થઈ શકે તેને "અસમાધિ સ્થાન" કહ્યા છે. તે આ પ્રમાણે છે. (૧) ઉતાવળો--ઉતાવળો ચાલે આથી ઈર્યાસમિતિ ન જળવાય. આ પ્રમાણે ભાષા આદિ પાંચે સમિતિનું સમજવું. (૨) પ્રમાર્જન ન કરે, (૩) આમતેમ જોતાં જોતાં ઉપયોગ રહિત પ્રમાર્જન કરે તે દુષ્પ્રમાર્જિત ચારી, (૪) માપ અને સંખ્યાથી વધુ પડતા શય્યા અને આસન રાખે. પડિલેહણ બરાબર ન થાય તેથી, (૫) રત્નાધિક (દીક્ષાપર્યાય કે જ્ઞાનમાં મોટા) ની સામે બોલે, અપમાન કે અવગણના કરે વિ. (૬) સ્થવિરની ઘાત (હત્યા) કરે કે કરવાનો વિચાર કરે. (૭) પૃથ્વીકાયાદિ જીવોની ઘાત કરે (૮) બળ્યા કરે (૯) ક્રોધ કરે, (૧૦) પીઠ પાછળ નિંદા કરે, (૧૧) વારંવાર ઓહા-રીણી (નિશ્ચયાત્મક) ભાષા બોલે (૧૨) નવા નવા ઝઘડા સંઘમાં પેદા કરે, (૧૩) શાંત પડેલા કલેશને ફરી જગાડે, (૧૪) અકાળમાં સ્વાધ્યાય કરે (૧૫) સચેત રજથી ખરડાયેલા હાથ–પગવાળા પાસે ભીક્ષા લે, (૧૬) જરૂર વગર બોલે, (૧૭) સંઘમાં ભેદ થાય તેવા વચન બોલે, (૧૮) ઝગડા કરે, (૧૯) આખો દિવસ ખા, ખા કરે અને (૨૦) અસુઝતા આહારપાણી કરે. આ સ્થાનો વર્જવા.

**બીજી દશામાં ૨૧ સબળ દોષ કહ્યા છે.** તે આ પ્રમાણે છે :- (૧) હસ્તદોષ સેવવો, (૨) મૈથુન સેવવું, (૩) રાત્રિભોજન કરવું, (૪) આધાકર્મી આહાર લેવો, (૫) રાજપીંડ ખાવું (૬) સાધુને ઉદ્દેશીને બનાવેલું તે ઔદ્દેશિક, સાધુ માટે પૈસા આપીને ખરીદેલું, ઉધાર લાવેલું, કે કોઈ પાસેથી ઝુંટવી લીધેલું કે આજ્ઞા લીધા વગર લાવેલું

કે સાધુના સ્થાન પર સામે જઈને આપેલા આહારાદિ વાપરવા તે સબળ દોષ છે, (૭) વારંવાર પચ્ચક્ખાણ (બાધા) કરેલી વસ્તુ ખાવી (૮) છ માસની અંદર એક સંઘાડો છોડી બીજા ગણમાં જવું, (૯) ૧ મહિનામાં ૩ વાર નદી ઉતરવી, (૧૦) ૧ માસમાં ૩ વાર માયાસ્થાન સેવવા અર્થાત્ છાળકપટ કરવું (૧૧) શય્યાતરના આહારાદિ ખાવા, જાણીબુઝીને (૧૨) જીવહિંસા કરવી, (૧૩) જુઠું બોલવું (૧૪) અદત્ત લેવું (૧૫) સચેત પૃથ્વી પર કાયોત્સર્ગ, સંથારો, સ્વાધ્યાયાદિ કરવા. (૧૬) ૧૫ પ્રમાણે કાદવકીચડ કે ધુળવાળી ભુમિ પર સ્વાધ્યાયાદિ કરવા (૧૭) તે પ્રમાણે સચેત શિલા પર પત્થરના ઢગલાપર, જીવાત વાળા લાકડાપર, બેઇંદ્રિયાદિ જીવવાળી, બીજવાળી, લીલાઘાસવાળી, ઝાકળવાળી, ભીની, કીડી વિ. ના દરવાળી, શેવાળવાળીમાટી પર, કરોળીયાના જાળાવાળી—ટુંકમાં જ્યાં પણ જીવવિરાધના થવાની સંભાવના હોય તેવા સ્થાનપર કાઉસગ્ગ, આસન, શયન કે સ્વાધ્યાય કરવા તે (૧૮) જાણીબુઝીને કંદમૂળ, વૃક્ષની, શાખા, છાલ, કુંણા પાન, નાગરવેલના પાન સચેત ચણા વિ.ધાન્ય તથા લીલી ધ્રો આદિનું ભોજન કરવું. (૧૯) એક વર્ષમાં ૧૦ વાર પાણીનો લેપ કરવો (૨૦) એક વર્ષમાં ૧૦ વાર માયાસ્થાન સેવે અને (૨૧) જાણીબુઝીને ઠંડા પાણીથી ભીંજાયેલા હાથ, પાત્ર, કડછી વડે કે વાસણમાંથી ચારે પ્રકારના આહાર પાણી આદિ ગ્રહણ કરે—તે બધાને શબલ દોષ કહ્યા છે. સાધુ આ શબલ દોષ ન સેવે.

**ત્રીજી દશામાં આચાર્યાદિ રત્નાધિકની થતી ૩૩ પ્રકારની આશાતના કહી છે શિષ્ય તે કોઈપણ આશાતના ન સેવે** તે આ પ્રમાણે છે :– (૧થી૯)

શિષ્ય રત્નાધિકથી આગળ ચાલે, બરોબર સાથે ચાલે, અતિ નજીક ચાલે, પહેલા ઉભો થાય, સાથે ઉભો થાય, સાવ પાસે ઉભો રહે, આગળ બેસે, બરાબર પાસે બેસે, કે સાવ પાસે બેસે, (૧૦) શૌચ વખતે સાથે ગયા હોય તો પહેલા શુદ્ધિ કરી લે (૧૧) શૌચભૂમિ કે સ્વાધ્યાય સ્થાને પહેલા આલોચના કરે (૧૨) ગુરૂ પાસે કોઈ આવેલ હોય ને પોતે પહેલા વાતચીત કરે (૧૩) રાત્રે જાગતો હોય છતાં પૂછે તેનો જવાબ ન દે, (૧૪ થી ૧૮) ગોચરી લાવીને સૌ પહેલા રત્નાધિક પાસે આલોચના ન કરે, ન દેખાડે, આમંત્રિત ન કરે, રત્નાધિકને પૂછયા વિના બીજાને પહેલા આપે. બધા સાથે આહાર કરતી વખતે મીષ્ટાન વિ. રસપ્રચુર કે ભાવતો આહાર પોતે વધુ ખાઈ લે (૧૯–૨૧) બોલાવવા છતાં જવાબ ન દે પોતાના સ્થાને બેઠો બેઠો જવાબ દે કે શું કહો છો તેમ પૂછે (૨૨) તુંકારે બોલાવે, (૨૩) ઘણો પ્રલાપ કરે, (૨૪) સામું બોલે (૨૫થી૩૦) રત્નાધિક કથા કરતાં હોય ત્યારે (૧) "આમ કહો", (૨) આપ ભૂલો છો તેમ કહે, (૩) દુર્ભાવ રાખે, (૪) પરિષદ વિખેરી નાખવાનો આગ્રહ કરે. (૫) કથામાં બાધા નાખે, અગર (૬) તે કથા પોતે ફરીથી કરે તો આશાતના થાય, (૩૧) રત્નાધિકના શય્યા સંથારાદિનો સ્પર્શ થઈ જાય ને ખમાવ્યા વિના ચાલ્યો જાય, (૩૨) તેમના શય્યાદિ પર ઉભો રહે, બેસે, કે સૂવે અગર તો (૩૩) તેમનાથી ઊંચા આસન પર ઉભો રહે કે સુવે તો આશાતના લાગે.

**ચોથી દશામાં ૮ પ્રકારની ગણિસંપદા કહી છે :–**

**(૧) આચાર સંપદા ૪ પ્રકારે :–**(૧) સંયમની

આરાધનામાં સદા લીન રહેવું, (૨) અહંકાર રહિત રહેવું, (૩) એક સ્થળે સ્થિર રહેવું ને (૪) વૃદ્ધોની જેમ ગંભીર સ્વભાવવાળા થવું.

**(૨) શ્રુત સંપદા :**–(૧) બહુશ્રુત થવું (૨) સૂત્રાર્થ જાણવા, (૩) પોતાના અને અન્યના શાસ્ત્રો જાણવા અને (૪) ઉચ્ચારશુદ્ધિ તે **શ્રુત સંપદા છે.**

**(૩) શરીર સંપદા :**–૪ પ્રકારની (૧) યોગ્ય લંબાઈ પહોળાઈ, (૨) સુડોળ શરીર, (૩) દૃઢ બાંધો અને (૪) પાંચે ઇંદ્રિય પરીપૂર્ણ.

**(૪) વચન સંપદા :**–(૧) આદેય વચન, (૨) મધુર, (૩) રાગ–દ્વેષ રહિત ને (૪) અસંદિગ્ધ વચન.

**(૫) વાચના સંપદા :**–(૧) શિષ્યની યોગ્યતા પ્રમાણે વિષય લેવા, (૨) વિચારીને સ્વાધ્યાય કરાવવો. (૩) ઉપયોગી વિષયનું જ વિવેચન કરવું અને (૪) અર્થનું યથાર્થ નિરૂપણ કરવું.

**(૬) મતિ સંપદા :**–૪ પ્રકારે (૧) અવગ્રહ, (૨) ઈહા, (૩) અવાય અને (૪) ધારણા. આ ચારે હોય.

**(૭) પ્રયોગમતિ સંપદા :**–૪ પ્રકારે (૧) પોતાની શક્તિ પ્રમાણે વાદવિવાદ કરવો, (૨) પરિષદને જોઈ, (૩) કાળને જોઈ, અને (૪) ક્ષેત્રને જોઈ વાદવિવાદ કરવો.

**(૮) સંગ્રહપરિજ્ઞા સંપદા :**–૪ પ્રકારે (૧) ચોમાસા માટે બધા સાધુને યોગ્ય સ્થાનનો નિર્ણય કરવો. (૨) પાટ, પાટલા, શય્યા વિ.ની વ્યવસ્થા કરવી, (૩) યથાકાળે યથોચિત કાર્ય કરવા અને કરાવવા અને (૪) ગુર્વાદિ વડિલ સાધુઓનો યથાર્થ સત્કાર–સન્માન કરવા.

પછી શિષ્યોને ૪ પ્રકારના વિનય (૧) આચાર વિનય, (૨) શ્રુતવિનય, (૩) નિક્ષેપણા વિનય અને (૪) દોષ નિર્ઘાત વિનય શીખવી ઋણમુક્ત થવા કહ્યું છે.

**પાંચમી દશામાં ૧૦ પ્રકારની ચિત્તસમાધિ કહી છે.** તે દશ પ્રકારે પૂર્વે કદી ન થઈ/થયા હોય એવી (૧) ધર્મ ભાવના થવાથી, (૨) એવા રૂડા સ્વપ્ન દર્શનથી, (૩) એવા જાતિસ્મરણ જ્ઞાનથી, (૪) એવા ઋદ્ધિવંત દેવના દર્શનથી, (૫) એવા અવધિજ્ઞાનથી, (૬) એવા અવધિ દર્શનથી, (૭) એવા મનઃપર્યવજ્ઞાનથી, (૮) એવા કેવળ-જ્ઞાન ને (૯) કેવળદર્શન પ્રગટવાથી, અને (૧૦) કેવળ મરણ અર્થાત્ નિર્વાણ પામવાથી ચિત્તસમાધિ થાય છે. આ બધી સમાધિ **મોહનીય કર્મના ક્ષયોપશમ કે** સર્વથા ક્ષયથી થાય છે. કારણકે મોહનીય કર્મનો ક્ષય થતાં જ બાકીના બધા કર્મ નાશ પામે છે, અને સાધક આત્મા ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈ મોક્ષ પામે છે.

**છઠ્ઠી દશામાં ૧૧ પ્રકારની ઉપાસક પડિમાઓ કહી છે.**

જ્યાં સુધી જીવને સમકિતરૂપ બોધિની પ્રાપ્તિ થતી નથી, ત્યાંસુધી અનાદિ અનંત કાળપર્યંત જીવ પહેલા ગુણ-ઠાણે મિથ્યાદષ્ટિમાં જ હોય છે, ત્યારે તેને જીવ–અજીવ, પુણ્ય–પાપ, આલોક–પરલોક વિ. વિ.ની શ્રદ્ધા હોતી નથી. આવા અજ્ઞાની જીવને મિથ્યાદષ્ટિ, નાસ્તિક કે અક્રિયાવાદી વિ. નામો શાસ્ત્રમાં આપ્યા છે. તેના દુષ્ટ સ્વભાવ જેવા કે અન્યાયી દંડ કરે, સંપત્તિ લુંટી લે, બંધનમાં બાંધે, દાવાનલ સળગાવે, હાથપગાદિ અવયવોનું છેદન ભેદન કરે, અન્નપાણી આપવા ન દે વિ. વિ. વિસ્તારથી બતાવીને પછી સમ્યગ્દૃષ્ટિ

ઉપાસક જે ૧૧ પડિમાની સાધના કરે છે. તેનું વિસ્તૃત નિરૂપણ છે. તે સંક્ષેપમાં નીચે પ્રમાણે છે; દરેક પડિમા [પ્રતિમા] ધારવાનો સમય ૧ માસનો અનુક્રમે છે :–

(૧) દર્શન પડિમા :–પહેલે મહિને શુદ્ધ સમક્તિ પાળે.

(૨) વ્રત પડિમા :–સમક્તિ પામ્યા પછી (શ્રાવક) ઉપાસક વ્રતની આરાધના કરતો થાય છે. પાંચ અણુવ્રત વિ. વ્રતોને નિષ્ટાપૂર્વક પાળે છે. પણ હજી સામાયિક વ્રતનું યથાસમય સમ્યક્ પાલન કરી શકતો નથી. આ પડિમા ૨ માસની હોય છે.

(૩) સામાયિક પડિમા :–રોજ સવાર–સાંજ નિરતિચાર શુદ્ધ સામાયિકવ્રતની આરાધના કરે છે જેથી સાધકનો સમતા ભાવ દઢ બને છે. પરંતુ હજી પર્વતીથિયોમાં પૌષધવ્રતનું સમ્યક્ પાલન કરી શકતો નથી. આ પડિમા ૩ માસની છે.

(૪) પૌષધ પડિમા :–પર્વતીથિયોમાં, આહાર, શરીર સુશ્રુષા, અબ્રહ્મ અને વ્યાપારાદિ તજી પરીપૂર્ણ પૌષધવ્રત કરે છે. આ પડિમા ૪ માસની હોય છે.

(૫) નિયમ પડિમા :–ઉપરોક્ત બધા વ્રતોના સમ્યક્ પાલન સાથે આ પડિમામાં નીચેના નિયમો ધારવાના હોય છે :–(૧) સ્નાન ન કરવું, (૨) રાત્રિમાં આહારપાણીનો ત્યાગ (૩) દિવસે સૂર્યાસ્ત પહેલાં જમી લેવું. (૪) ધોતિયાની કાછડી ન વાળવી, (૫) દિવસે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે અને રાત્રીના મર્યાદા કરે, (૬) પૌષધમાં રાત્રે મૈથુનનો ત્યાગ કરે ને કાઉસગ્ગ કરે. આ પડિમા જઘન્ય ૧ દિવસની ને ઉત્કૃષ્ટ ૫ મહિનાની હોય છે.

(૬) બ્રહ્મચર્ય પડિમા :–વિશુદ્ધ બ્રહ્મચર્યવ્રતનું પાલન

કરે. આનો સમય જઘન્ય એક રાત્રીનો અને ઉત્કૃષ્ટ ૭ માસનો છે.

(૭) સચિત્તત્યાગ પડિમા :—સચેત આહારાદિનો સર્વથા ત્યાગ કરવો, જઘન્ય ૧ રાત્રી ને ઉત્કૃષ્ટા ૭ માસનો સમય છે.

(૮) આરંભ ત્યાગ પડિમા :—પોતે આરંભ કરે નહિ, છકાય જીવોની દયા પાળે. કાળ મર્યાદા જઘન્ય. ૧, ૨ કે ૩ દિવસની ને ઉત્કૃષ્ટ ૮ માસની છે.

(૯) પ્રેષ્યત્યાગ પડિમા :— આમાં પોતે આરંભ કરે નહિ ને બીજા પાસે પણ કરાવે નહિ, પણ અનુમોદનાનો હજી ત્યાગ હોતો નથી. જઘન્ય ૧,૨,૩ દિવસ, ઉત્કૃષ્ટ ૯ માસનો કાળ છે.

(૧૦) ઉદ્દિષ્ટ ભક્ત (ભોજન) ત્યાગ પડિમા :—પોતાના માટે બનાવેલા આહારપાણીનો આમાં ત્યાગ છે. માથે સાવ મુંડન કરાવવનું કે માત્ર ૧ ચોટલી રાખવાની હોય છે. ઘર સંબંધી કોઈ વાત પૂછે તો જાણતો હોય તો જાણું છું ને ન જાણતો હોય તો નથી જાણતો એટલું માત્ર કહે. સમય જઘન્ય ૧ રાત્રીનો અને ઉત્કૃષ્ટ ૧૦ માસનો છે.

(૧૧) શ્રમણભૂત (જેવી) પડિમા :—આમાં ઉપાસક સાધુ ન હોવા છતાં સાધુ જેવો બને છે. સાધુનો વેશ ધારણ કરીને ભિક્ષા માટે પાત્રા લઈ જાય છે અને નિર્દોષ ગોચરી લાવી પડિમાની આરાધના કરે છે. શક્તિ હોય તો લોચ કરે છે, નહિતર અસ્તરાથી માથું મુંડે છે. સમય જઘન્ય ૧ રાત્રિદિવસ, અને ઉત્કૃષ્ટ ૧૧ માસ હોય છે.

કાર્તિક શેઠ આવા પડિમાધારી શ્રાવક હતા એમ શાસ્ત્રમાં છે.

**સાતમી દશામાં સાધુની ૧૨ પડિમાનું વિસ્તૃત કથન છે, જે જિજ્ઞાસુએ ગુરૂગમથી જાણવું.**

**આઠમી દશામાં પર્યુષણા કલ્પનું નિરૂપણ છે.**

પર્યુષણ શબ્દ 'પરિ' ઉપસર્ગપૂર્વક "વસ" ધાતુને "અન" પ્રત્યય લગાડવાથી બનેલ છે. આનો અર્થ થાય છે "આત્માની સમિપે વસવું", પરભાવથી ખસી સ્વભાવમાં આત્મરમણતા કરવી. બીજો અર્થ છે એક જ સ્થાન પર નિવાસ કરવો.

વર્તમાનકાળે જે કલ્પસૂત્ર છે તે મૂળ તો આ આઠમી દશા છે. પાછળથી તેમાં પૂર્વાચાર્યોએ વધારો કરેલ જણાય છે, જે કેવળીગમ્ય છે.

આમાં સાધુની ૨૬ પ્રકારની–ચોમાસાના સ્થળ, ભિક્ષાચરી, લોચ વિ.વિ. સંબંધી–સમાચારીનું વિસ્તૃત નિરૂપણ કરી ૨૮મી સમાચારીમાં તેનું ફળ બતાવ્યું છે કે આ સમાચારીનું ઉત્કૃષ્ટ ભાવથી પાલન કરનાર જઘન્ય તદ્ભવે અને ઉત્કૃષ્ટ ૭/૮ ભવે અવશ્ય મોક્ષે જાય.

**નવમી દશામાં મહામોહનીયના ૩૦ સ્થાનો કહ્યા છે.**

પ્રભુ મહાવીર સ્વામી કોણિક રાજાની ચંપાનગરીમાં સમોસર્યા છે. ત્યારે પ્રભુએ સાધુ–સાધ્વીઓને આ પ્રકારે કહ્યું :– "જે સ્ત્રી કે પુરૂષો આ ૩૦ મોહનીય સ્થાનોનું કલુષિત ભાવોથી વારંવાર આચરણ કરે છે, તે મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ કાળનો કર્મબંધ બાંધે છે."

જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોને બંધાવનારૂં મોહનીય કર્મ જ છે. તેના લીધે જ સંસારની નરકાદિ ચારે ગતિનું પરિભ્રમણ જીવ અનાદિ અનંત કાળથી કર્યા કરે છે. તેની

ઉત્કૃષ્ટ સ્થિતિ (ઉદયમાં આવવાની કાળમર્યાદા) ૭૦ ક્રોડા-ક્રોડી સાગરોપમની કહી છે, જે નીચેના કોઈપણ મહામોહ-નીયના સ્થાનનું સેવન કરવાથી બંધાય છે :–

(૧) જે ત્રસ જીવોને પાણીમાં ડુબાડી મારે છે, (૨) જીવોને મોઢું નાક વિ. રૂંધીને જે મારે છે, (૩) અનેક પ્રાણીઓને એક સ્થળે પૂરી અગ્નિના ધુમાડા (હાલમાં ગેસ વિ.) થી મારે છે, (૪) માથું કાપીને મારે છે, (૫) તીવ્ર અશુભ પરિણામો કરી માથે ભીના ચામડાનો બંધનો બાંધે છે. (૬) દગાબાજીથી કોઈ પ્રાણીને ભાલા વિ.થી મારીને હસે છે. (૭) જે પોતાનો માયાચાર છુપાવે છે, અસત્ય બોલે છે, (૮) મિથ્યા આળ ચડાવેછે, (૯) જાણીબુઝીને ભરીસભામાં જે મિશ્ર – સાચી વાતમાં જુઠી વાત ભેળવી – ભાષા બોલે છે, (૧૦) જે મંત્રી રાજાને રાજબહાર મોકલી તેની રાજ-લક્ષ્મી, રાણીઓ ભોગવે છે ને વિરોધ કરનારની ઘૃણા કરે છે, (૧૧) જે બાળબ્રહ્મચારી ન હોવા છતાં તેવા કહેવરાવે છે (૧૨) જે બ્રહ્મચારી ન હોવા છતાં બ્રહ્મચારી કહેવરાવે છે, (૧૩) જેના આશ્રયે પોતાની આજીવિકા ચલાવે છે કે જેના યશ કે સેવાને લીધે પોતે સમુદ્ધ થયો છે, તેની જ સર્વ સંપત્તિ લુંટી લે છે, (૧૪) જેના લીધે પોતે સમુદ્ધ થયો હોય, તેની જ ઇર્ષા કરી પછી અંતરાય નાખે છે. (૧૫) નાગણી પોતાના જ બચ્ચાને ખાઈ જાય છે તેમ જે સ્રી પોતાના પતિને, મંત્રી–રાજાને, સૈન્ય–સેનાપતિને, મારી નાખે છે, (૧૬) જે રાષ્ટ્રના નાયકને, ગામ વિ. ના નેતાને, તથા લોકપ્રિય શ્રેષ્ઠીને મારે છે, (૧૭) લોકનેતા કે લોકોના રક્ષકને મારે છે. (૧૮) દીક્ષાર્થી કે સંયમી સાધુને ધર્મથી ભ્રષ્ટ કરે છે (૧૯) સર્વજ્ઞ કેવળી ભગવંતના અવર્ણવાદ

(નિંદા વિ.) બોલે છે, (૨૦) જિનેશ્વર પ્રણીત ન્યાયમાર્ગથી ભ્રષ્ટ કરે છે કે દ્વેષથી ન્યાયમાર્ગને નિંદે છે, (૨૧) જે આચાર્યાદિ પાસેથી વ્રત અને વિનયધર્મની પ્રાપ્તિ થઈ છે, તેમની જ અવહેલના કરે છે, (૨૨) જે અહંકારી આચાર્ય-ઉપાધ્યાયની સમ્યક્ પ્રકારે સેવા કે આદર સત્કાર નથી કરતો, (૨૩) જે બહુશ્રુત ન હોવા છતાં પોતાને બહુશ્રુત કે શાસ્ત્રોનો જ્ઞાતા કહેવરાવે છે, (૨૪) તપસ્વી ન હોવા છતાં તપસ્વી કહેવરાવે છે, તેને જગતનો સૌથી મોટો ચોર અત્રે કહ્યો છે, (૨૫) જે શરીરે સમર્થ હોવા છતાં બીમારની સેવાનું મહાન કાર્ય નથી કરતો, (૨૬) ચતુર્વિધ સંઘમાં કલેશ કે મતભેદ પેદા થાય તેવા અનેક પ્રસંગ ઉભા કરે છે, (૨૭) વશીકરણ પ્રયોગ, દોરા ધાગા વિ. કરે છે, (૨૮) મનુષ્ય કે દેવોના ભોગોની વારંવાર ઈચ્છા કરે છે, (૨૯) જે ઋદ્ધિવંત દેવોના અવર્ણવાદ બોલે છે; અને (૩૦) જે પૂજાવા માટે દેવ-યક્ષ વિ.ને દેખતો ન હોવા છતાં દેખું છું એવું ખોટું બોલે – તે બધા મહામોહનીય કર્મનો બંધ કરે છે.

મહામોહનીયના આ ત્રીસે સ્થાન સૌથી વધુ ગાઢ અશુભ કર્મફળ દેનારા, ને ચિત્તને મેલુ કરનારા કહ્યા છે માટે ભિક્ષુ (સાધુ) તેને વર્જે અને આત્મરમણતામાં જ વિચરે.

જે સાધુ પંચાચારનું વિશુદ્ધ પાલન કરે છે, સંયમ પાળવામાં દૃઢ પરાક્રમી છે, તે આ સર્વ મોહસ્થાનોનો જ્ઞાતા બની તેને સર્વથા તજે છે. તે પોતાના જન્મમરણના ફેરા ટાળી દે છે અર્થાત્ સિદ્ધ બુદ્ધ અને મુક્ત બની જાય છે, એમ અંતે કહ્યું.

**દશમી આયતિસ્થાન દશા** :–તપસ્વી સાધક કોઈ-પણ નિમિત્તે પોતાની મોક્ષદાયક તપસ્યાનું દઢ સંકલ્પ કરીને ભૌતિક ઇચ્છા માટે ફળ માગી લે છે તેને જૈનદર્શનમાં નિદાન અથવા નિયાણું કર્યું કહેવાય છે. તેનાથી આવતા ભવોમાં તેની ઇચ્છાપૂર્તિ તો થાય છે, પણ તેનાથી મોક્ષ કે જે સાવ સમિપ આવેલો તે દૂર થઈ જઈ ભવભ્રમણ અતિ વધી જાય છે, તેથી તેને "આયતિસ્થાન" અત્રે કહેલ છે. "આયતિ" શબ્દ "આય=લાભ અને "તિ"નો બનેલો છે. "તિ"નો કશો અર્થ નથી. જેનાથી સંસારની ચતુર્ગતિરૂપ જન્મમરણનો લાભ થાય તેને "આયતિ" કહ્યું છે. નિયાણું એ પુનર્જન્મનું કારણ છે તેથી તેને "આયતિ-સ્થાન" જૈન પરિભાષામાં કહ્યું છે. તપસ્વી સાધક જે મોક્ષ સન્મુખ થયો છે, તેના માટે નિયાણાના ફળ છેવટે દુર્ગતિરૂપ દુઃખોના દેનારા બની રહે છે તેથી પ્રભુ મહાવીરસ્વામીએ તેના કડવા ફળ પોતાના શ્રીમુખે સાધુ-સાધ્વીઓને કહેલા છે, જેની શ્રદ્ધા કરી સાધક માત્ર નિયાણાથી દૂર રહે.

તે સમયે મગધદેશ (હાલનું બિહાર)માં મહાપરાક્રમી શ્રેણિક નામે મહારાજા રાજ કરી રહ્યો હતો. તેને ચેલ્લણા નામે પટરાણી હતી. તેની રાજધાની રાજગૃહી નામે નગરી હતી. એકદા પ્રભુ મહાવીર વિચરતાં વિચરતાં સમુદાય સહિત ત્યાં પધાર્યા અને નગર બહાર ગુણશીલ નામના ઉદ્યાનમાં બીરાજ્યા. રાજા-રાણી પ્રભુના દઢ ભક્ત હોવાથી પરિવાર સહિત પ્રભુના દર્શને ગયા. રાજાના અનુપમ લાવણ્ય ને સમૃદ્ધિને જોઈ પર્ષદમાં બીરાજેલા સાધુઓએ નિયાણું કર્યું કે અમારા તપ–સંયમનું કાંઈ ફળ હોય અમે આવતા ભવમાં આના જેવા સુખ સમૃદ્ધિના ભોગવનારા

થઈએ, તેજ પ્રમાણે મહારાણી ચેલ્લણાના અનુપમ સૌંદર્યને ઐશ્વર્યને જોઈ સાધ્વીઓએ નિયાણા કર્યા. મન, મનની અને ઘટ-ઘટની વાત જાણનાર સર્વજ્ઞ પ્રભુ મહાવીરે આ સંકલ્પો મનથી જાણી તે બધાના આત્મહિતની રક્ષા કાજે તેમને બધાને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું કે શું તમારા મનમાં આવા પ્રકારના સંકલ્પ થયા છે? તે બધાએ કબુલાત કરી કે "હા, પ્રભુ! આપની વાત સાવ સાચી છે. આ સાંભળી પ્રભુએ ધર્મબોધ આપ્યો કે "હે નિગ્રન્થ–નિગ્રન્થ-ણીઓ! નિગ્રન્થ પ્રવચન જ સર્વોત્તમ છે, પરિપૂર્ણ છે, સાધકના સર્વ કર્મોનો ક્ષય કરનારૂં છે, મોક્ષદાતા છે, તેમ છતાં જે શ્રમણ-શ્રમણી (સાધુ-સાધ્વી) કોઈ રાજા, મહા-રાજાદિના અનુપમ દેવતુલ્ય કામભોગો જોઈ, તેની કામના કરે અને તપ–સંયમના ફળરૂપે માંગી લે, અને પછી તેના આલોચના–પ્રતિક્રમણ કર્યા વગર કાળધર્મ પામી જાય, તો તપના ફળસ્વરૂપે કોઈ ઊંચા દેવલોકમાં અત્યંત ઋદ્ધિવંત અને લાંબી આયુષ્યવાળા દેવ તરીકે ઉપજે, અને ત્યાંથી ચ્યવી સમૃદ્ધિવંત ઊચ્ચ કુળમાં માનવ તરીકે ઉપજે અને નિયાણામાં કરેલી ઇચ્છાની પૂર્તિ પણ કરે, પરંતુ નિયાણાના કારણે તેમને કેવળિ પ્રરૂપિત ધર્મની પ્રાપ્તિ થતી નથી; અને કામભોગોના અતિ ભોગવટા અને લાલસાના કારણે મૃત્યુ પછી નરકની દુર્ગતિમાં જાય છે, અને ભવિષ્યમાં તેને "બોધિ" અર્થાત્ "સમ્યક્ત્વ"ની પ્રાપ્તિ થતી નથી. દુર્લભ-બોધિ બની જાય છે."

નિયાણાના સ્વરૂપ અને ફળ વિષે પ્રભુનો બોધ સાંભળી જેમણે નિયાણા કર્યા હતા તે સર્વ સાધુ-સાધ્વીએ પ્રભુ પાસે આલોચના પ્રતિક્રમણ કરી પોતાના આત્માને વિશુદ્ધ અને

દોષમુક્ત બનાવ્યો, અને ફરી પ્રભુને વંદણા નમસ્કાર કરી સ્વસ્થાને ગયા.

"સર્વજ્ઞ તીર્થંકર ભગવંત મહાવીર સ્વામીના ધર્મ-બોધનો સાર એ છે કે કોઈ પણ સાધકે કોઈ પણ પ્રકારનું નિયાણું નહિ કરવું જોઈએ, કારણ કે નિગ્રન્થ પ્રવચન જ અર્થાત્ જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધના જ સર્વ કર્મોથી મુક્તિ અપાવનારૂં એક માત્ર સાધન છે, તેમ છતાં નિર્મળતાવશ કદાચિત થઈ ગયું હોય તો આલોચના-પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત કરીને નિયાણાને નિષ્ફળ બનાવવું જોઈએ, જેથી સાધક પોતાના પરમપદ સિદ્ધપદને અવશ્ય પામે." આજ ભાવ શ્રી માનતુંગાચાર્યે પરમપ્રભાવિક શ્રી ભક્તામરસ્તોત્રની ૨૩મી ગાથામાં આ પ્રમાણે કહ્યા છેઃ—

**"ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યુમ્**
**નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર પન્થાઃ ॥૨૩॥**

અર્થ :—"હે નાથ ! આદિનાથ ભગવાન ! આપને જ સમ્યક્ પ્રકારે પામીને અર્થાત્ આપના નિગ્રન્થ પ્રવચનની રૂડી આરાધના કરીને જ મૃત્યુને જીતી શકાય છે. એટલે કે જન્મમરણના ફેરા ટાળી શાશ્વતા એવા મોક્ષસુખને પામી શકાય છે, હે મુનિન્દ્ર ! (જગતમાં અથવા સર્વ ધર્મોમાં) શિવપદ અર્થાત્ મુક્તિને પામવાનો અન્ય કોઈ કલ્યાણકારી માર્ગ વિદ્યમાન નથી." જિનેન્દ્રપ્રણીત ધર્મની જ આ વિશેષતા છે.

ત્યાર બાદ પ્રભુએ નવ પ્રકારના નિયાણાનું નિરૂપણ કરીને, અંતમાં જે સાધક નિયાણા રહિત તપસ્યા કરે છે, અર્થાત્ નિષ્કામ કે નિસ્પૃહભાવે તપસ્યા કરે છે. એટલે કે

સાધના કરતી વખતે કામ, રાગભાવ, સંગ કે સ્નેહથી સર્વથા વિરક્ત બની જાય છે અને જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપરૂપ મોક્ષમાર્ગની ઉત્કૃષ્ટ આરાધના કરે છે, તેને અનંત, સર્વથી પ્રધાન, બાધા અને આવરણ વિનાનું, સંપૂર્ણ પરિપૂર્ણ કેવળજ્ઞાન–કેવળદર્શન સમ્યક્ પ્રકારે ઉપજે છે. તે સમયે તે અરિહંત ભગવંત જિન, કેવલિ, સર્વજ્ઞ, સવદર્શી બની જાય છે, અને અનેક વર્ષો કેવલિ–પર્યાય પાળી આયુષ્યના અંત સમયે ભક્ત–પ્રત્યાખ્યાન (આહારાદિ ન લેવાના પચ્ચક્ખાણ) કરી અંતિમ શ્વાસોશ્વાસ લેતા થકી સિદ્ધપદને પામે છે.

આ પ્રમાણે છેદસૂત્રના ને ઉપલક્ષણે સિદ્ધાંતતત્ત્વના આ અંતિમ આગમની–અંતિમ દશામાં પ્રભુએ પરમાર્થથી ઉત્કૃષ્ટ મંગલમય ધર્મનો સાર કહી દીધો છે. જેની રૂડી આરાધના કરી ભવ્ય જીવ વીતરાગ માર્ગે ચાલી પોતાનું શુદ્ધ સ્વરૂપે પામે એ જ અભ્યર્થના.

ઇતિ છેદસૂત્ર સમાપ્તમ્ ॥

## ૩૨ મું આવયશ્ક સૂત્ર

આના છ અધ્યયન છે; જેને છ આવશ્યક અર્થાત્ રોજ ઉભયકાળ–સવારે સૂર્યોદય પહેલા અને સાંજે સૂર્યાસ્ત પછી તરત જ પોતાના આત્માને રાત્રિ ને દિવસના ભાગમાં જાણે કે અજાણે લાગેલા કર્મોને–દોષોને દૂર કરવા માટે એટલે કે **આત્મશુદ્ધિ કરવા માટે જે ક્રિયા "અવશ્ય કરવાની છે તેને આવશ્યક કહ્યું છે."** મૂળ પાઠ ૧૦૦ શ્લોક પ્રમાણ છે.

જેને વ્રતધર્મની હજી પ્રાપ્તિ થઈ નથી, તેને વ્રતધર્મ પ્રાપ્ત કરવા માટે અને જેને વ્રતધર્મની પ્રાપ્તિ થઈ છે

તેવા સંયમીને ચારિત્રધર્મની વિશુદ્ધિ અને રક્ષણ માટે રોજ સવારે ને સંધ્યાકાળે જે કરણી અવશ્ય કરવાની સર્વજ્ઞોએ ફરમાવી છે, તેનું નામ **"આવશ્યક સૂત્ર"** કહ્યું છે. વ્યવહારભાષામાં તેને **"પ્રતિક્રમણ" કે "પડિકમણું"** કહેવાય છે.

સાધના વગર ધર્મની આરાધના થતી નથી, અને સાધનાનો હેતુ જ આત્માની વિશુદ્ધિ અને ઉન્નતિ છે; જે વિશુદ્ધિ જીવને સતત લાગતા દોષોની નિવૃત્તિ વગર સાધક સાધી શકતો નથી. આવશ્યક કરણી એ દોષ નિવૃત્તિની ક્રિયા છે જેનો આશ્રય લઈ અનેક જીવો સદ્‌ગતિ ને મોક્ષને પામ્યા છે, અને આ આરાના અંતભાગમાં પણ ચાર જીવો આવશ્યક તેમજ અન્ય પણ સૂત્રોના આધારે એકાવતારી થવાના છે; એવી એક માન્યતા છે, તેથી **"આવશ્યક"ને જ્ઞાનીઓએ જીવનવિશુદ્ધિ, સંયમ વિશુદ્ધિની ક્રિયા કહી સાધનાનો પ્રાણ ગણેલ છે. આ રીતે બત્રીસે આગમની આધારશીલા એક અપેક્ષાએ "આવશ્યક સૂત્ર" છે.** નિજાત્માને કર્મમળથી સતત દૂર રાખવા માટે આવશ્યક જેવી અનન્ય બીજી કોઈ ક્રિયા નથી. એ તેનું વિશિષ્ઠ માહાત્મ્ય છે, જે પૂર્વાચાર્યોએ નીચેની ગાથામાં બતાવ્યું છે :-

"આવસ્સયમુભયકાલં, ઓસહમિહ જે કુણંતિ ઉજ્જુત્તા ।
જિણવિજ્જ દેહિય વિહિણા, અકમ્મ રોગાય તે હુંતિ ॥

અર્થ :— જિનેશ્વરે ફરમાવેલી વિધિ પ્રમાણે શુદ્ધ ભાવે જે કોઈ બંને કાળનું આવશ્યક કરે છે, તે ઔષધ જેમ રોગ ને મટાડે છે, તેમ જીવનો ભવરોગ મટાડી જીવાત્માને

સર્વકર્મમુક્ત કરી મોક્ષ પમાડે છે, પરમાત્મા બનાવી દે છે, સિદ્ધ, બુદ્ધ ને મુક્ત બનાવે છે.

જૈનધર્મના દરેક ક્રિયા અનુષ્ઠાન બે પ્રકારે થતાં દેખાય છે :– (૧) દ્રવ્યથી ને (૨) ભાવથી. બાહ્યદૃષ્ટિવાળા દ્રવ્ય પ્રધાન હોય છે, જ્યારે અંતર્દૃષ્ટિવાળા ભાવપ્રધાન હોય છે. દ્રવ્યક્રિયા પણ અંતે તો ભાવક્રિયાએ પહોંચવા માટે જ હોય છે, અને તો જ તે સાર્થક બને છે, નહિતર તે નિરર્થક થાય છે. આવશ્યકના પણ બે પ્રકાર છે (૧) દ્રવ્ય અને (૨) ભાવ. **દ્રવ્ય આવશ્યક** તેને કહ્યું છે કે જેમાં અંતરના ભાવ. વગર માત્ર મુખપાઠ બોલીને ક્રિયા કરવામાં આવે છે, આમાં મન ભટકતું હોય છે તેથી એકાગ્રતા સધાતી નથી. જ્યારે **ભાવ આવશ્યકમાં** મન–વચન–કાયાના યોગોને સ્થિર રાખીને હૈયાના ભાવપૂર્વક ક્રિયા કરવામાં આવે છે જેથી લાગેલા દોષોનું નિવારણ થાય છે, અને કોઈપણ દોષ ન લાગ્યો હોય તો પણ આત્માની દિનપ્રતિદિન વધુ ને વધુ વિશુદ્ધિ થતી જાય છે.

આવશ્યક છ કહ્યા છે :– (૧) સામાયિક, (૨) ચઉવિસંથો (ચતુર્વિંશતિ સ્તવ), (૪) ગુરૂવંદણા, (૪) પ્રતિક્રમણ, (૫) કાઉસગ્ગ અને (૬) પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ). આ છ ભેદ એ જ છ અધ્યયન છે.

**(૧) સામાયિક :– આ પ્રતિજ્ઞા સૂત્ર છે. પ્રતિક્રમણનો પાયો છે, સામાયિકનો અર્થ "સમતા" કે "સમભાવ" છે.** આત્માને સમતાભાવમાં સ્થાપિત કર્યા વગર એટલે કે કલુષિત વિષમ ભાવોથી નિવૃત્ત થઈ મનને એકાગ્રપણે ક્રિયા–અનુષ્ઠાનમાં જોડયા વગર કોઈપણ ક્રિયા–અનુષ્ઠાન, જપ–તપ આદિ સાર્થક નીવડતાં નથી,

કર્મ-નિર્જરા જે કોઈપણ સાધના કરવાનો મુખ્ય હેતુ છે, તે સધાતી નથી. તેથી જ આવશ્યક સૂત્રમાં સામાયિકને પ્રથમ સ્થાન હેતુપૂર્વક આપવામાં આવ્યું છે; અને જેટલા પણ તીર્થંકર ભગવંતો થઈ ગયા છે, વર્તમાનમાં વિહરે છે, અને હવે પછી થવાના છે, તે સર્વપ્રથમ આ મંગળ પાઠને ઉચ્ચરીને સિદ્ધ ભગવંતોને વંદના-નમસ્કાર કરીને સર્વ પ્રથમ સામાયિકચારિત્રને ગ્રહણ કરીને સંયમની સાધનાની શરૂઆત કરીને પછી તપ-સંયમ વડે મોહની વાદિ ચારે ઘાતિકર્મ ખપાવીને યથાખ્યાતચારિત્ર પામી વીતરાગ કેવળી ભગવંત બને છે, અને પછી ચતુર્વિધ સંઘરૂપી તીર્થની સ્થાપના કરે છે. **આ પ્રમાણે સર્વ ધર્મસાધનાનો આધાર સામાયિક છે, તેથી જિન-ભદ્રગણી ક્ષમાશ્રમણે સામાયિકને ૧૪ પૂર્વનો સાર કહેલ છે.**

સામાયિકની સાધના એ મહા આત્મસાધના છે. તેથી સામાયિકમાં સાવદ્યયોગનો (પાપમય વિચારોનો) ત્યાગ કરી સ્વરૂપમાં રમણતા કરવી જોઈએ, જ્ઞાન અને ધ્યાનમાં જ મગ્ન રહેવું જોઈએ, પણ નિંદા, કુથલી કે વિકથા ન કરવા જોઈએ. તેથી જ હિન્દુ ધર્મમાં પણ ગીતામાં શ્રીકૃષ્ણે "સમત્વં યોગમુચ્યતે" અર્થાત્ સમતાને યોગ (સાધના) કહ્યો છે.

(સામાયિકના વિસ્તૃત સ્વરૂપ માટે જુઓ લેખકનું "સામાયિક ચિંતનિકા".)

**(૨) ચઉવિસંથો :–** આ આવશ્યક વર્તમાન ચોવીસીના તીર્થંકરોના નામકીર્તન રૂપ છે, સ્તુતિ છે. તીર્થંકરોની

ભાવપૂર્વક સ્તુતિ કરવાથી તેમનામાં જે ગુણો પ્રગટયા છે, તે આપણામાં પણ આવે છે. નામકીર્તન કર્યા પછી બે યાચના કરવામાં આવી છે :– (૧) ભાવ આરોગ્ય, બોધિલાભ અર્થાત્ સમકિત, અને ઉત્તમ પ્રકારની ચિત્ત સમાધિ મને આપો, અને (૨) **"સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ"**। અર્થાત્ હે સિદ્ધ ભગવંતો! (સર્વ તીર્થંકરોએ સિદ્ધપદ પ્રાપ્ત કર્યું છે) મને સિદ્ધપદ આપો. સાધક (ભક્ત) જ્યારે હૃદયના ખરા ભાવથી ભક્તિ કરીને ભગવાન પાસે જેની નિષ્કામ ભાવથી પ્રાર્થના કરે છે, તેને તેની અવશ્ય પ્રાપ્તિ થાય છે. અત્રે તીર્થંકર ભગવંતોનું નામકીર્તન કરીને સાધક તેમની સ્તુતિ કરતાં યાચે છે કે, "હે તીર્થંકરો! મારા નામસ્મરણથી આપ પ્રસન્ન થાઓ, અને મારા ઉપર કૃપા કરીને મને બોધિલાભ અને સિદ્ધપદ આપો."

હવે યાચક યાચના કોની પાસે કરે?

જે વસ્તુ જોઈએ છે તે તેમની પાસે છે અને વળી દાતા ઉદાર છે એવી શ્રદ્ધા જેનામાં હોય તેમની પાસે જ લોકો વ્યવહારથી યાચના કરવા જાય છે. વસ્તુ ન હોય કે કંજુસ હોય તેમની પાસે કોઈ જતું નથી. તીર્થંકર ભગવંતોએ સર્વ કર્મરજ અને મળ ખપાવી જન્મમરણના ફેરા ટાળી સિદ્ધપદની પ્રાપ્તિ કરી છે, તેથી તે બંને વસ્તુ "બોધિ" અને "સિદ્ધપદ"ના માલિક છે અને જે વિશુદ્ધ ભાવે માગે તેમને આપવા જેટલા ઉદાર પણ છે, આવી શ્રદ્ધા જિનેશ્વરોમાં સાધકને હોય, ત્યારે જ આવી પ્રકૃષ્ટ માગણી તેમની પાસે કરે. જિનેશ્વરમાં આ અનુપમ શ્રદ્ધા એ જ "સમ્યક્ત્વ કે બોધિ" છે, અને "બોધિ"માં જ સિદ્ધપદ સમાયેલું છે, કારણ કે એક વખત પણ જેને

સમ્યક્ત્વ માત્ર સ્પર્શી જાય છે, તે જીવ ભવભવાંતરે પણ અવશ્ય મોક્ષે જાય છે એમ સર્વજ્ઞ ભગવંતોએ કહ્યું છે. ટુંકમાં શુદ્ધભાવથી કરેલ તીર્થંકર ભગવંતોની સ્તુતિ, એ જ સમકિત છે, અને સમકિતી અવશ્ય સિદ્ધપદ પામે એમ સિદ્ધ થયું. તદુપરાંત આ સ્તુતિપાઠથી સાધકનું લક્ષ્ય પરમાર્થથી સિદ્ધપદ પર કેન્દ્રિત કર્યું છે. પ્રતિક્રમણ કરવાનો એક માત્ર હેતુ સિદ્ધપદની પ્રાપ્તિ માટે છે એમ પરમાર્થથી અત્રે સાધકના મનમાં ઠસાવવા માંગે છે. આથી છ આવશ્યકમાં બીજા ક્રમે ચૌવિસંથોને યથાર્થ રીતે મૂક્યું છે.

(૩) **ગુરૂવંદણા** :– બીજા આવશ્યકમાં તીર્થંકરોનું–અરિહંતોનું ઉત્કીર્તન છે, તો તેમને ઓળખાવનાર, તેમના માર્ગે વીચરી તેમની વીતરાગવાણીનું રસપાન કરાવી, આત્માનું પરમ કલ્યાણ કરાવનારા ગુરૂ ભગવંતો છે. ગુરૂભગવંતો ન હોત તો પરમહિતકારી, ભવતારિણી જિનવાણીનો સદુપદેશ કોણ આપત? દરેક ધર્મમાં ગુરૂનું અત્યંત માહાત્મ્ય બતાવ્યું છે. સંત કબીરે કહ્યું છે:–

**"ગુરૂ–ગોવિંદ દોનુ ખડે, કિસકુ લાગુ પાય?**
**બલિહરી ગુરૂ દેવકી, જિસને ગોવિંદ દીયો બતાય.॥**

**ભાવાર્થ** :– સાધનાથી પ્રસન્ન થઈ ગુરૂ અને ગોવિંદ અર્થાત્ પરમાત્મા બંને એક સાથે સાધક પાસે આવીને ઊભા રહ્યા, ત્યારે સાધકને મુંઝવણ થઈ પહેલા કોને વંદન કરૂં? એની મુંઝવણ પારખી ગોવિંદે કહ્યું :– અરે ભોળિયા! પહેલા ગુરૂને પગે પડ. ગુરૂનું માર્ગદર્શન ન હોત તો તું મને પામત જ કઈ રીતે! તેથી અત્રે ગુરૂવંદનાને યથાર્થ રીતે ત્રીજા ક્રમે રાખી છે.

જૈનદર્શનમાં દેવ–ગુરૂ–ધર્મની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહ્યું છે. અરિહંતને દેવ માન્યા છે, તેથી પહેલા સામાયિક આવશ્યકમાં આત્માને સમભાવમાં સ્થાપ્યા પછી બીજા ચૌવિસંથા આવશ્યકમાં અરિહંતદેવોનું ઉદ્કીર્તન કર્યું અને પછી ત્રીજા ગુરૂવંદના આવશ્યકમાં ગુરૂને ઉત્કૃષ્ટ ભાવે વંદના કરવાની છે. વળી જૈનધર્મે ગુરૂનો મહિમા અધિકો એ રીતે બતાવ્યો છે કે આ ગુરૂવંદનાને ઉત્કૃષ્ટી વંદના કહી છે અને તે આ પાઠ બે વાર બોલીને બે વાર કરવાનું ફરમાવ્યું છે. ચૌવિસંથો અર્થાત્ દેવની સ્તુતિ એક જ વાર અને ગુરૂવંદના–ગુરૂભક્તિનો પાઠ બે વાર– આ જૈન ધર્મની આગવી વિશેષતા છે. આમ કરવાથી જીવને સંસાર-ચક્રમાં ભમાવનાર "અહંભાવ" માનકષાય દૂર થાય છે અને વિનયધર્મની સાધના થાય છે. ત્રણ આવશ્યક કરીને પછી જ ચોથા "પ્રતિક્રમણ" અર્થાત્ પાપદોષ નિવૃતિરૂપ આવશ્યક, પાંચમાં "કાઉસગ્ગ" અર્થાત્ કાયાની મમતા તજી આત્મ-ચિંતનમાં એકાગ્ર થવા રૂપ આવશ્યક, અને છઠ્ઠા 'પ્રત્યાખ્યાન" અર્થાત્ પદાર્થોની મમતાને દ્રવ્ય અને ભાવથી તજી ગુણ-ધારણ કરવા રૂપ આવશ્યક કરવાના છે, જે ત્રણે "ધર્મરૂપ" છે. તેથી છ એ આવશ્યકમાં દેવ–ગુરૂ–ધર્મને યથાર્થ ક્રમે સમાવેશ થાય છે એમ પ્રતિપાદન થયું; અને સમકિત એ જ એકમાત્ર દ્વાર મોક્ષનું છે. તેથી આ છ આવશ્યક ભાવપૂર્વક કરવાથી જીવાત્માના ભવભ્રમણના ફેરા અવશ્ય ટળી જાય એવું પરમ ઉપકારી આ અંતિમ સૂત્ર છે, જે વળી પ્રભુ મહાવીરના શાસનનાં અંતસમય સુધી – બીજું ઘણું જ્ઞાન વિચ્છેદ જવા છતાં ટકવાનું છે.

(૪) **પ્રતિક્રમણ** :–"પાપથી પાછા વળવું" તે પ્રતિ-

ક્રમણનો અર્થ છે. ભૂતકાળ ( અતીત ) માં લાગેલા અતિચારો (દોષો)થી નિવૃત્ત થવા પ્રતિક્રમણ કરવાનું છે. પાપદોષ લાગવાના પાંચ કારણ (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) પ્રમાદ, (૪) કષાય અને (૫) અશુભયોગ એટલે કે મન–વચન–કાયાની અશુભ પ્રવૃતિ – સર્વજ્ઞે કહ્યા છે. અધ્યાત્મ સાધનામાં આ પાંચને આત્મવિશુદ્ધિના ઘાતક ને બાધક કહ્યા છે. તેથી સાધકે પાંચે પ્રકારના આ દોષોનું પ્રતિદિન ઉભયકાળ પ્રતિક્રમણ કરવુ જોઈએ; અને આ પાંચે પ્રકારના દોષો ન લાગે તે માટે જાગૃત રહેવું જોઈએ.

કાળની અપેક્ષાએ પણ પ્રતિક્રમણ પાંચ કાળે કરવાનું કહ્યું છે :–(૧) દેવસિય–દિવસ સંબંધીના લાગેલા દોષોનું સાંજે કરવાનું (૨) રાઈસિ–રાત્રિના દોષોનું સવારે કરવાનું (૩) પકખી કે પાક્ષિક – દર પાખીએ સાંજે (પુનમ કે અમાસના) કરવાનું, (૪) ચોમાસિક પાખીએ – દર ચાર માસે – **કારતક સુદી પુનમ, ફાગણ સુદી પુનમ, અષાઢસુદી ૧૫** સાંજે કરવાનું, અને સૌથી મહત્વનું (૫) સાંવત્સરિક પ્રતિક્રમણ – દર વર્ષે ભાદરવા શુદ ૫ ની સાંજે કરવાનું કહ્યું છે. સંવત્સરી પ્રતિક્રમણ પર્યુષણ પર્વના આઠમા દિવસે સાંજે સમુહમાં કરાય છે. દરેક કાળના પ્રતિક્રમણ વખતે લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરવા ઉપરાંત સર્વ જીવો સાથે વેરવિરોધ મટાડી ખમતખામણા કરવામાં આવે છે. જેથી સર્વ જીવો સાથે "મૈત્રીભાવ સધાય છે"

**(૫) કાઉસગ્ગ [કાયોત્સર્ગ]** કાયોત્સર્ગ બે શબ્દોનો "કાય"=કાયા અને ઉત્સર્ગ=મમતા તજવી–બનેલ છે. તેથી તેનો અર્થ થયો શરીરની મમતાનો ત્યાગ કરી આત્મા નિરી-

ક્ષણ કરવું. આત્મસાધનામાં કાયાની મમતા એ સૌથી મોટું વિઘ્ન છે. નડતર છે. તેથી તેની મમતા દૂર કરવા ઉપશાંત કાયા તે "હું" નથી, હું તો અજર અમર, અવિનાશી ચૈતન્ય સ્વરૂપ આત્મા છું, એ આત્મભાવ દૃઢ કરવા માટે કાયોત્સર્ગ કરવાનો છે. તેનાથી આત્મભાવના દૃઢ થાય છે. "અને આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે" —અર્થાત્ આત્મભાવના ભાવતાં સાધક જીવાત્મા કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી પહોંચી શકે છે, તેમ પરમાર્થથી કહ્યું. પ્રતિક્રમણથી વિશુદ્ધ થયેલો જીવ જ યથાર્થ કાઉસગ્ગ કરી શકે છે. તેથી કાઉસગ્ગને પાંચમાં સ્થાને યથાર્થ રીતે મૂકેલ છે.

**(૬) પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ):**— પ્રત્યાખ્યાન કરવા એટલે પદાર્થ, ભોગો, કે અશુભ ભાવોનો ત્યાગ કરવાના નિયમ કે વ્રત પચ્ચક્ખાણ કરવા. જગતમાં અનેક પદાર્થો છે. જે સઘળાને જીવ ધારે તો પણ ભોગવી શકતો નથી, અને વ્રત નિયમ લઈ જ્યાં સુધી તેનો ત્યાગ કે મર્યાદા કરતો નથી, ત્યાં સુધી અશાંતિની આગમાં સતત બળ્યા કરે છે. અને વળી ઇચ્છા ખુલ્લી રહેવાથી દર સમયે અશુભકર્મની રાવી આવ્યા કરે છે. પરંતુ વ્રત નિયમ લેવાથી આ રાવી આવતી અટકે છે એટલે અશુભ કર્મના ગંજથી આત્મા બચે છે, અને તેના ગુણોમાં વૃદ્ધિ થાય છે. આથી અનુયોગદ્વાર સૂત્રમાં પ્રત્યાખ્યાનનું બીજુ નામ "ગુણધારણ" સાર્થકપણે કહ્યું છે. તેનો અર્થ છે "વ્રતરૂપી ગુણોને ધારણ કરવા" કારણકે પ્રત્યાખ્યાન કરીને જીવાત્મા મન વચન, કાયાની અશુભ પ્રવૃત્તિઓને રોકીને શુભ પ્રવૃત્તિઓમાં જોડાય છે અને ઇચ્છા નિરોધ ને તૃષ્ણા ત્યાગ દ્વારા સદ્ગુણોની પ્રાપ્તિ કરે છે.

**પ્રત્યાખ્યાનનો મુખ્ય હેતુ "ત્યાગ" છે. અને ત્યાગ વગર જીવાત્માની ઉન્નતિ કે મુક્તિ કદાપિ થતી નથી.**

પ્રત્યાખ્યાનના બે ભેદ છે (૧) દ્રવ્ય પ્રત્યાખ્યાન તે કોઈપણ પદાર્થનો ત્યાગ કે મર્યાદા કરવી અને (૨) ભાવ પ્રત્યાખ્યાન તે ક્રોધમાનાદિ કષાય ભાવોનો ત્યાગ કરવો. દ્રવ્ય પ્રત્યાખ્યાન કરનારે છેવટે ભાવ પ્રત્યાખ્યાને પહોંચવાનું છે.

પ્રત્યાખ્યાનના ગુણની અપેક્ષાએ પણ બે ભેદ છે (૧) મૂળગુણ પ્રત્યાખ્યાન તે જીવનપર્યંતના હોય છે અને (૨) ઉત્તરગુણ પ્રત્યાખ્યાન જે થોડા સમયના હોય છે. તે બંનેના સર્વથી અને દેશ (અંશ)થી એમ વળી બે ભેદ છે. સાધુના પાંચ મહાવ્રત સર્વથી મૂળગુણ પ્રત્યાખ્યાન છે. અને શ્રાવકના ૫ અણુવ્રત દેશથી મૂળગુણ પ્રત્યાખ્યાન છે અને ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત એ દેશથી ઉત્તરગુણ પ્રત્યાખ્યાન છે.

પ્રત્યાખ્યાન કરવાથી ગૃહસ્થી માટે ત્યાગની ભૂમિકા રચાય છે, અને ત્યાગી સાધુ માટે તેના વૈરાગ્યભાવની દૃઢતા થાય છે. તેથી જ તીર્થંકર ભગવંતો જન્મથી જ ત્રણ જ્ઞાન સાથે જન્મ્યા હોય છે અને તે જ ભવે નિશ્ચયથી મોક્ષે સીધાવવાના છે. છતાં સિદ્ધ ભગવંતોને વંદણા કરી, તેમની સાક્ષીએ જ પ્રથમ પ્રત્યાખ્યાન રૂપી પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિભોજન નિષેધ વ્રત અંગીકાર કરીને મોક્ષ સાધનાની કેડી કંડારે છે અને મુક્તિ પામવાનો તે જ એકમાત્ર સાચો માર્ગ છે એવી અનુભવસિદ્ધ પ્રેરણા અન્ય ભવ્ય જીવોને આપે છે, જેને શ્રદ્ધી, આચરી, અનેક ભવ્ય જીવો તેમના શાસનમાં ભવસાગરને તરી જાય છે.

આ પ્રમાણે દરેક આવશ્યકનું આત્મ હિતકારી આગવું માહાત્મ્ય છે, જે બધા ભાવપૂર્વક કરવાથી ભવ્યજીવ તીર્થંકર નામગોત્ર સુદ્ધાં બાંધી શકે છે એમ શ્રી જ્ઞાતાજી સૂત્રમાં કહ્યું છે.

વ્રતોમાં લાગેલા અતિચારો (દોષો)ની આલોચના કરવા ઉપરાંત નીચેના ચાર કારણો માટે પ્રતિક્રમણ કરવાનુ કહ્યું છે–: (૧) નહિ કરવા યોગ્ય દોષિત કાર્ય કર્યું હોય (૨) કરવા યોગ્ય કાર્ય ન કર્યું હોય (૩) વીતરાગ વચન પર શ્રદ્ધા ન રાખી હોય, અને (૪) સૂત્રથી વિપરિત પ્રરૂપણા કરી હોય તો પ્રતિક્રમણ કરી આત્મવિશુદ્ધિ કરવી જોઈએ. આના ઉપર હરિભદ્રાચાર્યે હરિભદ્રીયાવશ્યકમાં પ્રતિક્રમણ અધ્યયનમાં એક વૈદનું દષ્ટાંત આપ્યું છે.

"એક હતો રાજા. તેને એક જ કુંવર હતો, જે રાજાને બહુ વહાલો હતો. તેથી પુત્રને કોઈ જાતનો રોગ ન થાય તેવા પ્રબંધ કરવાનું રાજાએ વિચાર્યું. પ્રસિદ્ધ વૈદોને બોલાવી ઉપાય પૂછયા. એક વૈદે કહ્યું મારી દવા એવી ગુણકારી છે શરીરમાં કયાંય પણ રોગ હશે તો મટાડી દેશે. પણ જો રોગ નહિ હોય તો શરીરને જીર્ણશીર્ણ કરી મૃત્યુ પમાડશે. બીજા વૈદે કહ્યું કે મારી દવા રોગ હશે તો મટાડશે, અને રોગ નહિ હોય તો કશું નુકશાન નહિ કરે. ત્રીજા વૈદે કહ્યું કે મારી ઔષધિથી રોગ હશે તે તો મટી જ જશે. અને નહિ હોય તો પણ શરીરની કાંતિ, તંદુરસ્તી વિ. વધારશે અને ભવિષ્યમાં કોઈ જાતનો રોગ થવા દેશે નહિ."

હવે તમે જ વિચારો રાજા કયા વૈદની દવા રાજકુમાર માટે લેશે? સહુ કહેશે કે ત્રીજા જ વૈદની. બસ ! આ ત્રીજા વૈદની ઔષધિરૂપ જ આત્માનો ભવરોગ મટાડનારૂં મહા

મંગલમય આવશ્યક (પ્રતિક્રમણ) સૂત્ર છે. આત્માને જો દોષ લાગ્યો હશે. તો પ્રતિક્રમણ દ્વારા વિશુદ્ધિ થશે અને કદાચ પણ દોષ લાગ્યો નહિ હોય તો પણ શુદ્ધ ભાવે પ્રતિક્રમણાદિ કરવાથી ચારિત્રની ઉત્તરોત્તર વિશુદ્ધિ એવી તો થતી જશે કે જે સાધકને સામાયિક ચારિત્રથી યથાખ્યાત ચારિત્રે પહોંચાડી સર્વજ્ઞ સર્વદર્શી કેવળી ભગવંત બનાવી દેશે માટે ભાવપૂર્વક પ્રતિક્રમણ કરવું.

ઈતિ આવશ્યક સૂત્ર સમાપ્તમ્ ।
ઇતિ આગમસાર સમાપ્તમ્ ॥

## શ્રી તત્ત્વાર્થ સૂત્ર

આ સૂત્ર આચાર્યકૃત અને સંસ્કૃત ભાષામાં છે.

દશ અધ્યયન છે. ને ગદ્ય સૂત્ર કુલ ૩૪૪ છે, ગાથા નથી.

જીવાજીવાદિ સાત (નવ) તત્ત્વનું નિરૂપણ કર્યું છે તેથી "તત્વાર્થ સૂત્ર" નામ સાર્થક થાય છે. તેના રચયિતા આચાર્યશ્રી ઉમાસ્વામી (બીજું નામ ઉમાસ્વાતિ) છે. વિક્રમસંવતના પહેલા સૈકામાં આની રચના થઈ છે. આથી વિશેષ માહિતિ મળતી નથી.

**વિશેષતા** :–જૈન તત્વજ્ઞાનની એક પણ વાત રહી ન જાય અને દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ ને ચરણકરણાનુયોગના ભાવો સંક્ષેપથી–અતિસંક્ષેપથી છતાં પણ સંપૂર્ણપણે આવી જાય તેવી રૂડી રચના આચાર્યશ્રીએ લગભગ બે હજાર વર્ષ પહેલાં કરી છે, તેથી આ સૂત્ર શ્વેતાંબર, દિગંબર આદિ સર્વ ફીરકાઓને આજ સુધી માન્ય રહેલ છે. તેની પ્રશસ્તિ કરતાં શ્રી. ઉમાસ્વાતિ મહારાજે પોતે જ તત્વાર્થાધિગમ

સૂત્રના અંતે કહ્યું છેઃ–"ઉમાસ્વાતિ વાચકે ગુરૂપરંપરાથી પ્રાપ્ત થયેલ શ્રેષ્ટ આર્હંત ઉપદેશને (જિનાગમને) બરાબર ધારણ કરી દુઃખિત લોકોને જોઈને જીવોની અનુકંપાથી પ્રેરાઈને આ સ્પષ્ટતાવાળું "તત્ત્વાર્થાધિગમ" નામનું શાસ્ત્ર વિહાર કરતાં કરતાં કુસુમપુર–પાટલીપુત્ર–નામના મહાનગરમાં રચ્યું. જે આ શાસ્ત્રને ભણશે અને તેમાં "જે કંઈ કહેલ છે તેને આચરણમાં મુકશે તે વીતરાગભાવની પારમાર્થિક ભૂમિકાને શીઘ્ર પામશે." તેથી અન્ય સંતો અને વિદ્વાનોએ પણ પરમાર્થથી કહ્યું છે કે જૈનમતનો–જિનવાણીનો સમગ્ર બોધ જે જિજ્ઞાસુએ મેળવવો હોય, તેણે આ એકજ શાસ્ત્ર ભણવું, વાંચવું, સમજવું, અને પછી જો આચરણમાં મૂકે તો નિશ્ચયથી આત્મકલ્યાણ સાધે તેવું અનન્ય હિતકારી આ સૂત્ર છે. કારણ કે તેમાં જીવાત્માની પોતાની બહિરાત્મ-દશાથી લઈને પરમાત્મદશા સુધીની વાત અંતરાત્મદશાથી શરૂઆત કરીને છેલ્લા મોક્ષ અધ્યયન સુધીમાં અતિ સંક્ષે-પથી બતાવી દીધી છે. આમ મોક્ષમાર્ગના પથપ્રદર્શક બની દીવાદાંડીનો દીવડો પ્રગટાવી સંસારસાગરને તરવાનો માર્ગ સરળ અને સુગમ રીતે આચાર્યશ્રીએ આપણા હિતાર્થે બતાવી તો દીધો છે, પછી તે શાશ્વતા સુખના માર્ગે આપણી જીવનનૌકાને દીવાદાંડીના તેજે ચલાવવી કે કેમ તે આપણી પોતાની મુન્સફીની વાત છે. સૌ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત બનો એજ અભ્યર્થના તેથી જ આગમસારના સારરૂપ આ સૂત્રને ૩૨ આગમમાં ન હોવા છતાં પરિશિષ્ટરૂપે મુકેલ છે."

## શ્રી તત્ત્વાર્થ સૂત્રના સંક્ષિપ્ત ભાવ

આ સૂત્રમાં વિષયરૂપથી આચાર્યશ્રીએ **"જ્ઞાન, જ્ઞેય**

**અને ચારિત્ર''**–આ ત્રણ મીમાંસાનું જૈનદૃષ્ટિએ નિરૂપણ કર્યું છે. તેના દશ અધ્યયનોમાં પહેલા અધ્યયનમાં **''જ્ઞાનની,''** બીજાથી પાંચમાં અધ્યયનમાં ''જ્ઞેયની'' અને છઠ્ઠાથી દસમાં અધ્યયનમાં ''ચારિત્રની'' મીમાંસા કરી છે. તત્ત્વ પ્રમાણે પહેલા ચારમાં જીવતત્ત્વની, પાંચમામાં અજીવતત્ત્વની, છઠ્ઠામાં આસ્રવની, સાતમામાં ૧૨ અણુવ્રત ને ૫ મહાવ્રતરૂપી ધર્મની, આઠમામાં બન્ધતત્ત્વની, નવમામાં સંવર ને નિર્જરાતત્ત્વની ને દશમામાં મોક્ષતત્ત્વની વાત છે. જે નીચે પ્રમાણે છેઃ–

**પહેલું અધ્યયન** :–તત્ત્વાર્થ સૂત્રનો મૂખ્ય પ્રતિપાદ્ય વિષય મોક્ષ છે; અને ચારે ગતિના જીવોમાં મનુષ્ય જ મોક્ષની આરાધના અને પ્રાપ્તિ કરી શકે છે, તેમ પરમાર્થથી બતાવવા પ્રથમ અધ્યયનના પ્રથમ સૂત્રમાં જ ''સમ્યગ્‌દર્શનજ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'' ॥૧॥ અર્થાત્ સમ્યગદર્શન જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે તેમ કહ્યું. આ ત્રણેમાં ''સમ્યગ્‌દર્શનને પ્રાધાન્ય–પ્રથમ સ્થાન આપવાનું પરમાર્થ કારણ એ છે કે સમ્યગ્‌દર્શનની અર્થાત્ વ્યવહારથી દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા થયા પછી જ જીવાત્માનું અજ્ઞાન ટળી સમ્યક્‌જ્ઞાન થાય છે, અને ચારિત્ર સમ્યક્‌ચારિત્ર બને છે. જે બંનેની–જ્ઞાન ને ચારિત્રની પછી આરાધના કરી જીવાત્મા સિદ્ધ પરમાત્મા બને છે અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે. પછી સમ્યગ્‌દર્શનની વ્યાખ્યા કરતાં કહ્યું કે જીવાદિ સાતતત્ત્વોની કે જેનું વિવરણ આ સૂત્રમાં કરવામાં આવ્યું છે તેની શ્રદ્ધા કરવી, એટલે કે શ્રી જિનેશ્વરદેવે જીવાદિ તત્ત્વોનું જે નિરૂપણ પરમાર્થ હેતુએ કર્યું છે, તે જ યથાર્થ છે તેમ માનવું તેને સમ્યગ્‌દર્શન બીજા સૂત્રથી કહ્યું, તે શ્રદ્ધા

નૈસર્ગિક રીતે અર્થાત્ પૂર્વના પુણ્યોદયે જીવના પોતાના મનપરિણામથી અથવા તીર્થંકર, ગણધરાદિના ઉપદેશથી એમ બે પ્રકારે થાય છે તેમ ત્રીજા સૂત્રમાં કહીને સાત તત્ત્વના નામ (૧) જીવ, (૨) અજીવ, (૩) આસ્રવ (પુણ્ય ને પાપ તત્ત્વોનો આમાં સમાવેશ કરી દીધો છે તેથી નવ–તત્ત્વના બદલે સાત કહ્યા છે), (૪) બન્ધ, (૫) સંવર, (૬) નિર્જરા અને (૭) મોક્ષ, કહ્યા છે.

**પછી જ્ઞાન સંબંધી મૂખ્ય આઠ વાત કહી છે:**

(૧) પ્રમાણો અને નયોથી જ્ઞાન થાય છે; ને તેના ૧૪ દ્વાર.

(૨) પાંચ જ્ઞાનના નામ ૧. મતિ, ૨. શ્રુત, ૩. અવધિ, ૪. મનઃપર્યાય અને કેળવજ્ઞાન, અને પહેલા બેને પરોક્ષ અને પછીના ત્રણને પ્રત્યક્ષ જ્ઞાન કહ્યા છે.

(૩) મતિજ્ઞાનની ઉત્પત્તિ, તેના ૪ ભેદ ૧. અવગ્રહ, ૨. ઇહા, ૩. અવાય ને ૪. ધારણા તેના પેટાભેદ, તેના સાધન, પાંચે ઇંદ્રિયો ને છઠ્ઠું મન, અને તેના ઉત્પત્તિક્રમ.

(૪) શ્રુતજ્ઞાન મતિપૂર્વક થાય છે, તેના પ્રભેદ કહ્યા છે.

(૫) અવધિ વિ. ૩ પ્રત્યક્ષ જ્ઞાનના ભેદ પ્રભેદને તફાવત.

(૬) આ પાંચે જ્ઞાનના તારતમ્ય બતાવતા વિષયોનો નિર્દેશ અને તેની એકસાથ હોવાની સંભવિતતા અને તેની પ્રવૃત્તિ કયા દ્રવ્યોમાં હોય તે કહ્યું છે.

(૭) મતિ, શ્રુતને અવધિ એ ત્રણ અજ્ઞાનરૂપ પણ છે.

(૮) નય પાંચ નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ કહ્યા છે. નય સાત છે. પણ અત્રે શબ્દ નયમાં; સમભિરૂઢ અને એવંભૂત નયોનો સમાવેશ કર્યો છે.

**જ્ઞેય મીમાંસામાં** જગતના મૂળભૂત જીવ તથા અજીવ એ બે તત્ત્વનું નિરૂપણ છે. જીવની બીજાથી ચોથા અધ્યયનમાં ને અજીવની પાંચમાં અધ્યયનમાં ચર્ચા કરી છે.

(૨) **બીજું અધ્યયન** જીવના પાંચ ભાવોનું તેના ભેદોનું, જીવનું લક્ષણ ઉપયોગ ને તેના ભેદોનું. જીવના બે ભેદ (૧) સંસારી અને (૨) મુક્તાત્મા સિદ્ધનું, બીજી રીતે (૧) ત્રસ અને (૨) સ્થાવર ભેદનું, પાંચ ઈંદ્રિયો અને તેના શબ્દાદિ વિષયોનું, સંજ્ઞી (મન)નું, સંમુર્છિમ, ગર્ભજ અને ઉપપાતરૂપી ૩ પ્રકારના જન્મનું, ૯ પ્રકારની જીવને ઉપજવાની યોનિઓનું, પાંચ શરીરનું, નારક અને સંમૂર્છિમ જીવો નપુંસક જ હોય અને દેવ નપુસંક ન હોય અને અનપવર્તનીય આયુવાળા નારક દેવાદિ હોય વિ. કથન ૫૨ સૂત્રોમાં છે.

(૩) **ત્રીજું અધ્યયન**–નારકો અને સાત નરકભૂમિનું તેમની લેશ્યા, વેદના (દુઃખ), સ્થિતિનું વર્ણન છે. પછી મનુષ્યક્ષેત્ર, ૧૫ કર્મભૂમિનું, તેમાં વસતાં મનુષ્યો અને ગર્ભજ તિર્યંચો (પશુ–પક્ષી)નું અને તેમની સ્થિતિ–આયુષ્યનું કથન ૧૮ સૂત્રોમાં છે.

(૪) **ચોથું અધ્યયન** ૫૩ સૂત્રોમાં દેવલોકોનું, દેવોનું, તેમની ૪ નિકાયોનું, તેમના ભેદોનું, દેવોના નિવાસ સ્થાનોનું વિમાનોનું, લેશ્યા, પ્રભાવ, સમૃદ્ધિ સુખ સ્થિતિ આદિનું કથન છે.

(૫) **પાંચમું અધ્યયનઃ**– ૪૪ સૂત્રોમાં જીવ ઉપરાંતના જે ચાર અજીવ દ્રવ્યો (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય અને (૪) પુદ્ગલાસ્તિકાયનું વિસ્તૃત કથન છે. પ્રત્યેક દ્રવ્યના ગુણધર્મ કહીને તેના

સાધર્મ્ય ને વૈધર્મ્ય સ્વરૂપની ચર્ચા કરી છે. પછી કાળ દ્રવ્યનું કથન છે. આ પ્રમાણે લોકમાં જીવ અને પાંચ અજીવ મળી કુલ છ દ્રવ્યો શાશ્વતા છે.

**ટુંકમાં જ્ઞેય મીમાંસામાં મુખ્ય ૧૬ બોલ નીચે પ્રમાણે છે.**

(૧) જીવતત્ત્વનું સ્વરૂપ (૨) સંસારી જીવના ભેદ, (૩) પાંચે ઈંદ્રિયોના નામ, તેના ભેદ–પ્રભેદ, વિષય. અને ઈંદ્રિય પ્રમાણે જીવરાશિમાં જીવોનું વિભાજન, (૪) મૃત્યુ અને જન્મના વચગાળાની સ્થિતિ, (૫) જન્મના ૩ પ્રકાર અને ઉપજવાની યોનિના ૯ પ્રકાર અને તેના નામ અને વ્યાખ્યા (૬)શરીરના પાંચ પ્રકાર તેનું તારતમ્ય, તેના સ્વામી, અને એક સાથેની સંભવિતતા (૭) પાંચ જાતિના લીંગ, વિભાગ અને નિરૂપક્રમી (વચમાં તુટે નહિ તેવું) આયુષ્યવાળાના નામ બીજા અધ્યયનમાં કહ્યા છે. ત્રીજા અને ચોથા અધ્યયનમાં (૮) અધોલોકના વિભાગ, તેની સાત નરકભૂમિમાં રહેતા નારકોની દશા, વેદના, સ્થિતિ વિગેરેનું કથન છે. (૯) દ્વીપ સમુદ્ર પર્વત, ક્ષેત્રાદિ આશ્રી તિર્છા-લોકનું કથન તથા તેમાં વસતા મનુષ્ય પશુ પક્ષી વિગેરેની સ્થિતિ (૧૦) દેવોના પ્રકાર, તેના પરિવાર, ભોગ, નિવાસ સ્થાન, સૌધર્માદિ દેવલોકોના નામ, રિદ્ધિ–સિદ્ધિ, સ્થિતિ જ્યોતિષ મંડલ દ્વારા ખગોળનું જયોતિષી દેવોનું વર્ણન (૧૧) દ્રવ્યના ભેદ, તેના પરસ્પર સાધર્મ્ય–વૈધર્મ્ય સ્વરૂપ, તેની સ્થિતિ, ક્ષેત્ર તથા દરેકનું કાર્ય (૧૨) પુદ્ગલનું સ્વરૂપ, તેના ભેદ અને તેની ઉત્પત્તિનું કારણ (૧૩) સત્ અથવા નિત્યનું સહેતુક સ્વરૂપ, (૧૪) પૌદ્ગલિક બંધની યોગ્યતા અયોગ્યતા (૧૫) દ્રવ્યના લક્ષણ, કાળને દ્રવ્ય માનવાવાળાનું

મતાંતર અને તેમની દૃષ્ટિએ કાળનું સ્વરૂપ અને (૧૬) ગુણ અને પરિણામના લક્ષણ અને પરિણામના ભેદનું વિવરણ જ્ઞેય મીમાંસામાં આપ્યું છે.

**૬થી ૧૦ અધ્ય.માં ચારિત્ર મીમાંસામાં ૧૧ બોલ છે.**

(૬) **છઠ્ઠું અધ્યયન** (૧) આસ્રવનું સ્વરૂપ હેતુ શુભ યોગ-પુણ્યનું અને અશુભયોગ પાપનું કારણ છે, ૫ ઈંદ્રિય, ૪ કષાય, ૫ અવ્રત અને ૨૫ ક્રિયા તે સાંપરાયિક આશ્રવના ભેદ છે. જીવ અને અજીવ બંને તેના અધિકરણ છે, જીવ અધિકરણના ૧૦૮ ભેદ અને અજીવ અધિ.ના ૪ ભેદ કહ્યા છે. તથા કયા કયા પ્રકારના આશ્રવ સેવનથી, કયા કયા કર્મ બંધાય છે, તેનું વિસ્તૃત કથન છે. ૨૬ સૂત્ર છે.

(૭) **સાતમું અધ્યયન** (૨) પાંચ અણુવ્રત ને પાંચમહાવ્રતનું સ્વરૂપ, તે દરેક વ્રત દૃઢ કરવા, તેની પાંચ પાંચ ભાવનાઓનું સ્વરૂપ, તેના અધિકારી તે અણુવ્રતના ગૃહસ્થી, અને મહાવ્રતના મુનિ કહ્યા. શ્રાવકના ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત, ગૃહસ્થનો સંલેખના સંથારો અને શ્રાવકના બારે વ્રતના પાંચ પાંચ અતિચારો (૩) હિંસા આદિ દોષોનું સ્વરૂપ (૪) વ્રતમાં સંભવિત દોષો, (૫) અને દાનનું સ્વરૂપ તે સ્વ-પર કલ્યાણ અર્થે જે દ્રવ્ય દેવાય છે તેને દાન કહે છે, અને દાનની વિશેષતા, તેની દેવાની વિધિ-નમ્રતાથી, દાનની વસ્તુ નિર્દોષ, દાતા-ખૂબ ઉલ્લાસપૂર્વક અને વિલંબ વગર અને દાન લેવાવાળા નિરતિચાર સંયમ પાળવાવાળા કે તપસ્વી મુનિ, અગર તો સુપાત્ર ગૃહસ્થ-બતાવી છે, આમ ૩૪ સૂત્રોમાં વ્રતધર્મનું સ્વરૂપ કહ્યું છે. ધર્મ જ નિશ્ચયથી મોક્ષદાતા છે તેમ બતાવ્યું છે.

**(૮) આઠમું અધ્યયન** (૬) કર્મબંધના હેતુ અને તેના ભેદ કહ્યા છે. હેતુ પાંચ છે (૧) મિથ્યાત્વ (૨) અવ્રત (૩) પ્રમાદ (૪) કષાયઅને (૫) યોગ. બંધની વ્યાખ્યા કહી કે "જીવ કષાયયુકત થવાના કારણે કર્મોને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરે છે. જે તેના આત્મપ્રદેશે ચોંટે છે. તેના ૪ ભેદ (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ (૩) અનુભાગ બંધ અને (૪) પ્રદેશ બંધ. ૮ કર્મના નામ, તેની ઉત્તર પ્રકૃતિઓરૂપી ભેદ, સ્થિતિ, વિપાક અને નિર્જરાનું કથન છે.

પરમાર્થ એ છે કે મન વચન, કાયાની શુભાશુભ પ્રવૃત્તિ વડે શુભાશુભ કર્મના બંધ પડે છે, તે તે યોગોમાં જેટલી આસક્તિ– તીવ્રતા કે મંદતા–તે પ્રમાણે કર્મ બંધાય, પણ જો કેવળી ભગવંત જેમ સાવ અનાસક્તપણે યોગ પ્રવર્તે તો સાવ અલ્પ બંધ પડે તેમજ આ ત્રણે યોગમાં વચન અને તન (કાયા) કરતાં મનની પ્રવૃત્તિ (પરિણામ) પર કર્મબંધનો આધાર કે કર્મનિર્જરા વિશેષ રહે છે તે રાજર્ષિ પ્રસન્નચંદ્ર અને તાંદુલીય મચ્છના દૃષ્ટાંતે, માટે જ જ્ઞાનીઓએ મનને શુદ્ધ અને પવિત્ર રાખવા કહ્યું છે. જેથી જીવાત્મા પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ અવશ્ય મોક્ષગતિને પામે.

**(૯) નવમું અધ્યયન** (૭) સંવર અને (૮) નિર્જરાનું સ્વરૂપ તેના ભેદ પ્રભેદ કહ્યા છે, સંવર--૩ ગુપ્તિ, ૫ સમિતિ, ૧૦ પ્રકારના ધર્મ, ૧૨ અનુપ્રેક્ષા (ભાવના) ભાવવી પરીષહજય ને ચારિત્ર સંયમ પાલનથી થાય છે. તપથી સંવર અને નિર્જરા બંને થાય છે. તે બધના ભેદ અને લક્ષણ કહ્યા છે. (૯) જુદા જુદા અધિકારવાળા સાધક અને તેની મર્યાદાનું તારતમ્ય કહ્યું છે.

**(૧૦) દસમું અધ્યયન :–** (૧૦) કેવળજ્ઞાનના

હેતુ તે મોહનીયાદિ ૪ ઘાતિકર્મોનો ક્ષય અને મોક્ષનું સ્વરૂપ કહ્યું છે. અને (૧૧) મુક્તિ પ્રાપ્ત કરવાવાળા મહાત્માની કઈ રીતે – ઋજુગતિ વડે એક સમયમાં લોકાગ્રે રહેલી સિદ્ધશીલાએ પહોંચે છે – ને ક્યાં ગતિ થાય છે તે કહ્યું છે. આમ ૧૧ મુખ્ય બોલ છે.

શુદ્ધ આત્માનો સ્વભાવ ઉર્ધ્વગતિનો જ છે તે ચાર દૃષ્ટાંત આપી સિદ્ધ કર્યું છે (૧) **પૂર્વ પ્રયોગના કારણે** તે કુંભારનો ચક્ર, હાથથી ચાકડો ઘુમાવવાનું બંધ કરી દીધા પછી પણ ઘુમ્યા કરે છે, તેમ કર્મબંધથી મુક્ત થયેલો આત્મા પૂર્વના સંસ્કારના લીધે ઊંચે ગતિ કરે છે, (૨) **"અસંગત્વાત્"** – તે તુંબડાના દૃષ્ટાંતે, તુંબડા પર માટીના ૮ થર ( ૮ કર્મ આત્મા પર ચોટયા છે તેમ ) લગાવવાથી તે તુંબડુ પાણીમાં ડુબી જાય છે. પણ જેમ જેમ થર ઉખડતા જાય છે, તેમ તેમ પાણી ઉપર આવે છે તે પ્રમાણે. (૩) **બન્ધછેદાત્** તે એરંડના બીજના દૃષ્ટાંતે, એરંડનું બી તેની ફળીમાં બંધાયેલું છે ત્યાં સુધી ફળીમાં રહે છે. પણ જેવી ફળી સુકાય છે ને ફાટે છે કે બી ઉછળીને બંધન-મુક્ત બની બહાર આવે છે, તેમ સંસારની આસક્તિ (રસ)થી બંધાયેલો આત્મા સંસારના બંધનમાં રહે છે, પણ સંસારરસ જેવો સુકાઈ જાય છે કે તરતજ સંસારથી છુટીને સિદ્ધશી-લાએ – મુક્તિધામે પહોંચી જાય છે અને (૪) **તથાગતિ-પરિણામથી**– અર્થાત્ તેના ઉર્ધ્વગમનના સહજ સ્વભાવના કારણે – દીવાની જ્યોતના દૃષ્ટાંતે – ઉપર જાય છે. મીણબત્તીને ઊંધી રાખો તો પણ તેની જ્યોતિ તો ઉપર જ જશે તે રીતે. પરમાત્મા લોકાગ્રે સ્થિર રહેવાનું કારણ ગતિસહાયક એવું ધર્માસ્તિકાય અલોકમાં નથી તેથી આગળ જતો નથી તેમ બતાવ્યું છે.

પછી બાર દ્વાર દ્વારા સિદ્ધ પરમાત્માના ૧૨ ભેદ કહ્યા છે.

## નવતત્ત્વોમાં જ્ઞેય, હેય ને ઉપાદેય

નવતત્ત્વોમાં આમ તો નવે નવતત્ત્વ જાણવા જેવા એટલે જ્ઞેય છે. પરંતુ જેના સ્વરૂપને માત્ર જાણી શકાય પણ તેને છોડવા કે આદરવાનું સંભવે નહિ તેને જ અત્રે "જ્ઞેય" કહ્યા છે. આ દૃષ્ટિએ જીવ અને અજીવ એ બે જ્ઞેય તત્ત્વો છે, પાપ, અશુભ આશ્રવ ને બંધ એ ત્રણ તત્ત્વો આત્મગુણોનું આચ્છાદન કરનાર હોવાથી એકાંતે "હેય" છે, પુણ્ય તત્ત્વને એકાંતે હેય ગણ્યું નથી. તેથી પ્રાપ્ત થતી સામગ્રીઓનો ઉપયોગ જો ધર્મારાધના, દાનાદિધર્મ, બીમારોની સારવાર આદિમાં થતી હોય તો ઉપાદેય છે, પણ જો પાંચે ઇંદ્રિયોના ભોગવટામાં થતો હોય તો હેય છે, અને સંવર, નિર્જરાને મોક્ષ – એ ત્રણ તત્ત્વો આત્મગુણોને પ્રગટ કરનારા હોવાથી એકાંતે ઉપાદેય અર્થાત્ આદરવા યોગ્ય કહ્યા છે.

ઇતિ તત્ત્વાર્થ સૂત્ર સમાપ્તમ્ ।।

ઇતિ આગમસાર સમાપ્તમ્ ।।

સમાપ્ત